
શ્રી સમંતભદ્રસ્વામી વિરચિત

શ્રી

# રત્નકરંડક શ્રાવકાચાર



: પ્રકાશક :

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ

સોનગઢ ૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

ભગવાનશ્રી કુંદકુંદકહાનજૈનશાસ્ત્રમાળા, પુષ્પ–૧૩૩

ૐ

श्री वीतरागाय नमः

શ્રી સમંતભદ્રસ્વામી વિરચિત

# શ્રી
# રત્નકરંડક શ્રાવકાચાર

મૂળ શ્લોકો અને શ્રી પ્રભાચંદ્ર આચાર્ય વિરચિત સંસ્કૃત ટીકાના
ગુજરાતી અનુવાદ સહિત

卐

: અનુવાદક :

છોટાલાલ ગુલાબચંદ ગાંધી (સોનાસણ)
બી. એ. (ઓનર્સ), એસ. ટી. સી.

卐

: પ્રકાશક :

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
સોનગઢ ૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

| | | |
|---|---|---|
| પ્રથમ આવૃત્તિ | પ્રત : ૨૧૦૦ | વિ સં. ૨૦૩૨ |
| દ્વિતીય આવૃત્તિ | પ્રત : ૧૦૦૦ | વિ સં. ૨૦૪૭ |
| તૃતીય આવૃત્તિ | પ્રત : ૨૦૦૦ | વિ સં. ૨૦૬૭ |



શ્રી રત્નકરંડક શ્રાવકાચાર (ગુજરાતી)ના
❀ સ્થાયી પ્રકાશન પુરસ્કર્તા ❀
સ્વ. તારાબેન કપુરચંદભાઈ સુખલાલ કોઠારી
નંદરબારવાળા, હાલ—સોનગઢ

આ શાસ્ત્રની પડતર કિંમત રૂા. ૭૪=૦૦ થાય છે. અનેક મુમુક્ષુઓની આર્થિક સહાયથી આ આવૃત્તિની કિંમત રૂા. ૬૦=૦૦ થાય છે. તેમાંથી ૫૦% શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુમંડળ ટ્રસ્ટ, પાર્લા-સાંતાક્રુઝ (મુંબઈ) તરફથી કિંમત ઘટાડવામાં આવતા આ શાસ્ત્રની કિંમત રૂા. ૩૦=૦૦ રાખવામાં આવી છે.

સહજ ચિદાનંદ.

કિંમત રૂા. ૩૦=૦૦

મુદ્રક
કહાન મુદ્રણાલય
સોનગઢ ૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)
✆ (02846) 244081



પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

ૐ

શ્રી સર્વજ્ઞાય નમઃ

# પ્રકાશકીય નિવેદન

આ ગ્રંથનું નામ 'રત્નકરંડક ઉપાસકાધ્યયન' છે. સામાન્ય રીતે તે 'રત્નકરંડક શ્રાવકાચાર' એ નામથી પ્રસિદ્ધ છે. સમાજમાં તે ઘણો પ્રસિદ્ધ ગ્રંથ છે. ઉપલબ્ધ શ્રાવકાચારોમાં તે અતિ પ્રાચીન અને સુસંબદ્ધ શ્રાવકાચાર છે. તેના રચયિતા શ્રી સમન્તભદ્રાચાર્ય છે. તેમણે આ ગ્રંથમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર—એ ત્રણેને ધર્મ કહીને તેનું વર્ણન કરતાં સમ્યક્ચારિત્રમાં સમાવિષ્ટ શ્રાવકાચારનું નિરૂપણ કર્યું છે, જે મુમુક્ષુઓ માટે અત્યંત ઉપયોગી અને આચરણીય છે.

તેના ઉપર શ્રી પ્રભાચન્દ્રાચાર્યે સંસ્કૃત ટીકા કરી છે જે આ ગ્રંથમાં પ્રકાશિત કરવામાં આવી છે. અને તે ઉપરથી તેનો ગુજરાતી અનુવાદ કરવામાં આવ્યો છે, જે પ્રથમવાર જ આ સંસ્થા તરફથી પ્રકાશિત કરતાં અત્યાનંદ અનુભવાય છે.

શ્રાવકનું અંતર તથા બાહ્ય ચારિત્ર કેવા પ્રકારનું હોવું જોઈએ તેના ઉપર સારગર્ભિત પ્રવચન આત્મજ્ઞ સંત પૂજ્ય શ્રી કાનજીસ્વામી દ્વારા અનેક વાર કરવામાં આવે છે તેથી જૈનસમાજ ઉપર તેઓશ્રીનો મહાન ઉપકાર છે. તેમનાં પ્રવચનમાંથી પ્રેરણા પામીને તેમજ તેઓશ્રીના સાન્નિધ્યમાં રહીને સદ્ધર્મપ્રેમી ભાઈશ્રી છોટાલાલ ગુલાબચંદ ગાંધી (સોનાસણવાળા)એ આ અનુવાદ તૈયાર કરી આપ્યો હતો, તેનું પ્રકાશન થાય તે પહેલાં તેમનું દેહાવસાન થઈ ગયું. તેની નોંધ લેતાં અતિ ખેદ થાય છે અને તેમના પ્રત્યે સાભાર શ્રદ્ધાંજલિ વ્યક્ત કરીએ છીએ.

શ્રીયુત છોટાલાલભાઈ બી.એ. (ઓનર્સ) એસ. ટી. સી. હતા. તેઓ સરકારી હાઈસ્કૂલના નિવૃત્ત આચાર્ય હતા. વળી તેઓ સાબરકાંઠા બેતાલીસ દ.હુ.દિ.જૈન કેળવણી મંડળના પ્રમુખ તથા શેઠ જી. ઉ.દિ. જૈન છાત્રાલય, ઇડરના ટ્રસ્ટી અને માનદ્ મંત્રી હતા. તેઓ મુખ્યતયા જૈન તત્ત્વજ્ઞાનના અભ્યાસમાં, આધ્યાત્મિક શાસ્ત્રોનાં વાંચન-મનનમાં તેમજ જૈન સાહિત્યની સેવા અને સત્સમાગમાદિ ધાર્મિક પ્રવૃત્તિમાં પોતાનું જીવન વ્યતીત કરી રહ્યા હતા. અવકાશ પ્રાપ્ત કરીને સોનગઢ આવતા અને પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો તથા તત્ત્વચર્ચાનો અલભ્ય લાભ લેતા હતા. તેઓ શાંત, સરળસ્વભાવી, વૈરાગ્યભાવનાવંત, અધ્યાત્મરસિક સજ્જન હતા. તેમણે આ શ્રાવકાચાર ગ્રંથનો ગુજરાતી અનુવાદ અત્યંત ખંત અને ચીવટપૂર્વક તદ્દન નિઃસ્પૃહભાવે કરી આપ્યો હતો. તદુપરાંત તેમણે 'સમાધિતંત્ર'નો તથા 'ઇષ્ટોપદેશ'નો ગુજરાતી અનુવાદ પણ કરી આપ્યો હતો કે જે અગાઉ પ્રસિદ્ધ થઈ ગયેલ છે. તે સર્વ કાર્ય માટે

આ સંસ્થા તેમની અત્યંત ઋણી છે અને તેઓ જ્યાં હોય ત્યાં આત્મસાધનામાં વિશેષ પ્રગતિ કરીને ધ્યેયની પ્રાપ્તિ શીઘ્ર કરી લ્યે એવી અંતરથી ભાવના ભાવે છે.

આ અનુવાદ આદ્યંત તપાસીને જેમણે પોતાના વિશાળ શાસ્ત્રજ્ઞાન વડે યોગ્ય સંશોધન કરી આપ્યું છે અને માર્ગદર્શન આપ્યું છે, તે સહાયતા માટે આ સંસ્થાના માનનીય ભૂતપૂર્વ પ્રમુખ ભાઈશ્રી રામજીભાઈ દોશીનો અમો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

અજિત મુદ્રણાલયના સંચાલક શ્રી મગનલાલજી જૈને કુશળતાપૂર્વક આ ગ્રંથની સુંદર છપાઈ આદિ કાર્ય કરી આપ્યું છે તે બદલ તેમનો આભાર માનવામાં આવે છે.

આ ગ્રંથમાં પ્રરૂપિત શ્રાવકાચારને યથાર્થ સમજી, જીવનમાં પરિણમાવી જગતના સર્વ જીવો આત્મહિત સાધો અને વીતરાગના પંથને સદાય અનુસરો એવી ભાવના ભાવીએ છીએ.

સોનગઢ<br>
દીપાવલી<br>
વિ.સં. ૨૦૩૨

સાહિત્યપ્રકાશનસમિતિ<br>
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**<br>
સોનગઢ (સૌરાષ્ટ્ર)

## પ્રકાશકીય નિવેદન (ત્રીજી આવૃત્તિ)

આ ગ્રંથની પહેલાની આવૃત્તિ પૂર્ણ થઈ જવાથી આ સુધારા-વધારા સાથેની નવીન ત્રીજી આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવે છે.

આ શાસ્ત્રનો સમ્યક્પ્રકારે અભ્યાસ કરી મુમુક્ષુઓ નિજાત્મકલ્યાણને સાધે એ જ ભાવના....

ફાગણ વદ દશમ<br>
પૂજ્ય બહેનશ્રીનો ૭૯મો<br>
સમ્યક્જયંતી મહોત્સવ<br>
વિ.સં. ૨૦૬૭

સાહિત્યપ્રકાશનસમિતિ<br>
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**<br>
સોનગઢ (સૌરાષ્ટ્ર)

# પ્રસ્તાવના

જંબૂદ્વીપના ભરતક્ષેત્રની વર્તમાન ચોવીસીના ચરમતીર્થંકર, શાસનનાયક, પરમવીતરાગ સર્વજ્ઞ, દેવાધિદેવ શ્રી મહાવીર ભગવાને દિવ્યધ્વની દ્વારા ભવ્યજીવોને નિજાત્મકલ્યાણકારી બોધ આપ્યો. આ મંગલકારી દિવ્યદેશનાને શ્રી ગૌતમ ગણધરદેવ દ્વારા બાર અંગની રચના દ્રવ્યશ્રુતના સ્વરૂપમાં ગુંથવામાં આવી. તે ચાર અનુયોગમય દેશનાને તેમના પછીના મહાન સંત આચાર્ય ભગવંતોએ લિપિબદ્ધ કરી, તે સત્શાસ્ત્રો મહાન પુણ્યોદયે આપણને વર્તમાનમાં જિનવાણીરૂપે સંપ્રાપ્ત થયેલ છે. તે મહાન રચનાઓ પૈકી આ શ્રી રત્નકરંડ શ્રાવકાચાર અપરનામ રત્નકરણ્ડક શ્રાવકાચાર ચરણાનુયોગની શૈલીમાં રચાયેલી એક ઉત્તમ શાસ્ત્રરચના છે.

આ ગ્રંથના રચનાકાર પરમ પૂજ્ય ભાવલિંગી દિગંબર આચાર્ય શ્રી સમન્તભદ્રદેવ વિક્રમની લગભગ બીજી શતાબ્દીમાં થયેલ મહાન આચાર્ય છે. તેઓશ્રી જૈનદર્શનના ઉત્કૃષ્ટ જ્ઞાતા, અધ્યાત્મ અને ન્યાયશાસ્ત્રના મર્મજ્ઞ, ઉત્તમ ભક્તિરચનાઓના રચયિતા જિનેન્દ્ર ભક્ત તથા અન્ય મતાવલંબીઓની કુયુક્તિઓને ખંડન કરી વીતરાગભાવે જિનશાસનને સ્થાપનારા વાદનિપૂણ પણ હતા. તેઓશ્રીએ ઘણા ગ્રંથોની રચના કરી છે. જેવાં કે આપ્તમિમાંસા, જિનસ્તુતિ શતક, સ્વયંભૂ સ્તોત્ર, યુક્ત્યાનુશાસન, ગંધહસ્તિમહાભાષ્ય (તત્ત્વાર્થસૂત્રની ટીકા) જીવસિદ્ધિ તથા રત્નકરંણ્ડક શ્રાવકાચાર. તેમાંથી કેટલાક ગ્રંથો વર્તમાનમાં ઉપલબ્ધ છે. આ રત્નકરંડક શ્રાવકાચાર ગ્રંથ તેઓશ્રીની ઉત્તમ રચનાઓ પૈકીની એક રચના છે.

વર્તમાનમાં પરમોપકારી અધ્યાત્મયુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ પોતાના કલ્યાણકારી પ્રવચનોમાં વારંવાર આ શાસ્ત્રના સંદર્ભો આપી આ શાસ્ત્રમાં છુપાયેલા આત્મકલ્યાણકારી મર્મને આ યુગના ભવ્ય જીવો માટે ખોલી આપણા પર મહાન ઉપકાર કર્યો છે. તેઓશ્રીના પ્રતાપે જ આપણે સૌ આ મહાન શાસ્ત્રના ગૂઢ ભાવોને કાંઈક અંશે સમજવા શક્તિમાન થયા છીએ.

આ મહાન ગ્રંથ ચરણાનુયોગની શૈલીનો છે. તેમાં મોક્ષમાર્ગના પ્રથમ સોપાન એવા સમ્યકદર્શનને પ્રાપ્ત પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવકની અંતરંગ બે (અનંતાનુબંધી તથા અપ્રત્યાખ્યાનાવરણ) ચોકડી કષાયના અભાવરૂપ આત્મસાધનાનું વર્ણન તેની બાહ્ય વૈરાગ્યમય પ્રવૃત્તિની મુખ્યતાથી કરવામાં આવેલ છે. તે કથન જો કે ઉપદેશપ્રધાન શબ્દોથી કરવામાં આવ્યું હોવા છતાં તેટલી અશુદ્ધિરૂપ વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે પરંતુ આદરવા(મહત્ત્વ આપવા) માટે પ્રયોજનવાન નથી. આ વાત પૂજ્ય ગુરુદેવશ્રીના પુરુષાર્થસિદ્ધ્યુપાય નામક ચરણાનુયોગના ગ્રંથના પ્રવચનોમાં તેઓશ્રીએ આગમ અને સ્વાનુભવ દ્વારા અત્યંત સ્પષ્ટ કરેલ છે. આ ગ્રંથનો મર્મ સમજવા માટે તે પ્રવચનો સાંભળવા અત્યંત જરૂરી છે તેનાથી આ ગ્રંથનો મર્મ હૃદયંગમ થશે. આ ગ્રંથમાં આચાર્યદેવે સંસ્કૃત ભાષામાં ૧૫૦ શ્લોકો રચ્યા છે. જે સાત અધિકારમાં વિભાજિત કરવામાં આવ્યા છે.

પ્રથમ અધિકારમાં આચાર્યદેવે તીર્થંકર ભગવાન મહાવીરને ભાવ નમસ્કાર કરી મંગલાચરણ કરીને સમ્યક્ધર્મ એટલે કે મોક્ષમાર્ગનો ઉપદેશ કરવાની પ્રતિજ્ઞા કરી છે. તે મોક્ષમાર્ગ સમ્યકદર્શનજ્ઞાનચારિત્રમય છે, એમ જણાવી તેઓશ્રી આ મોક્ષમાર્ગના પ્રથમ સોપાનરૂપ સમ્યગ્દર્શનનું સ્વરૂપ ઘણા જ વિસ્તારથી સમજાવે છે.

જે આત્માને પોતાના જ્ઞાનાનંદ સ્વભાવી આત્માની દૃષ્ટિપૂર્વક સ્વાનુભવયુક્ત સમ્યક્દર્શન પ્રાપ્ત થયું હોય તેવા જ્ઞાની ધર્માત્માને કેવા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા-ભક્તિ-અર્પણતા પોતાની વર્તમાન શ્રદ્ધા પર્યાયમાં વર્તે છે તે દ્વારા આચાર્યદેવે સમ્યક્દર્શનનું સ્વરૂપ સમજાવ્યું છે. તે માટે તેઓશ્રીએ દેવ-શાસ્ત્ર-ગુરુ માટે 'પરમાર્થાનામ' એ વિશેષણ દ્વારા જ્ઞાની ધર્માત્મા સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને જ શ્રદ્ધે છે, એવો જ કચાશરૂપ રાગનો પ્રકાર તેમને વર્તે છે તે વાતને અત્યંત સ્પષ્ટ કરી છે. ત્યારબાદ તેઓએ આગળ આ સાચા દેવ-શાસ્ત્ર અને ગુરુ કેવા હોય તેનું સ્વરૂપ સમજાવ્યું છે. ત્યારબાદ આ સમ્યગ્દૃષ્ટિને આઠ અંગ કેવા હોય છે તેનું વર્ણન કરી સમ્યગ્દૃષ્ટિના સ્વરૂપને વિશેષરૂપે સમજાવવા માટે સમ્યગ્દૃષ્ટિને ત્રણ મૂઢતા, આઠ મદ, વગેરેનો અભાવ હોય છે તે પણ દર્શાવ્યું છે. એ સમ્યક્ત્વની ભૂમિકાનું ઉત્કૃષ્ટ સ્વરૂપ છે. આ પ્રમાણે સમ્યક્દર્શનનું સ્વરૂપ સમજાવી તેઓશ્રી સમ્યક્દર્શનનું મહત્ત્વ અને મહિમા પણ ઘણા જ વિસ્તારથી ચર્ચી આ અધિકાર પૂરો કરે છે.

બીજા અધિકારમાં તેઓશ્રી ભાવશ્રુતજ્ઞાનના ધારક સમ્યગ્દૃષ્ટિને ચાર અનુયોગમય દ્રવ્યશ્રુતના મર્મનું પણ યથાર્થજ્ઞાન હોય છે, એ પ્રમાણે સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ પણ બતાવે છે.

હવેથી આગળના અધિકારોમાં આચાર્યદેવ પંચમગુણસ્થાનવર્તી શ્રાવકના નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન પૂર્વકના અપૂર્ણ ચારિત્રનું વર્ણન વ્યવહારનયે બાહ્ય આચરણની મુખ્યતાથી કરે છે. આ ગ્રંથનો અભ્યાસ કરનારાઓએ એ વાત અવશ્ય લક્ષમાં લેવા જેવી છે કે આ ગ્રંથમાં સમ્યક્દર્શન-જ્ઞાન પ્રાપ્ત પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવકના બાહ્યજીવન દ્વારા તેની અંતરંગ આત્મસાધનાને સમજાવવાનો જ પ્રયત્ન કર્યો છે. એટલે કે વ્યવહાર દ્વારા પરમાર્થ સાધનાનું જ પ્રતિપાદન કર્યું છે. આના પરથી એમ ન માનવું જોઈએ કે આવું બાહ્ય આચરણ કરનાર તે શ્રાવક છે અને એમ પણ ન માનવું જોઈએ કે આવું બાહ્ય આચરણ કરવાથી અંતરંગમાં પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવકપણું પ્રાપ્ત થઈ જશે. અહીં તો માત્ર પંચમ ગુણસ્થાનવર્તી સાધક શ્રાવકની હઠ વિનાની બાહ્ય સાધના આવી જ સહજ હોય તે દર્શાવી અંતરંગ અને બહિરંગ સાધના એટલે કે નિશ્ચય-વ્યવહારનો સુમેળ સાધકજીવને કેવો હોય છે તેનું જ દિગ્દર્શન કરાવ્યું છે.

આચાર્યદેવ ત્રીજા અધિકારમાં સ્વરૂપ રમણતામય વીતરાગચારિત્રની અનિવાર્યતા સમજાવી ટુંકમાં સકલ ચારિત્રનું સ્વરૂપ બતાવી તે ધારણ કરવા જે જીવ અસમર્થ હોય તેને આગાર અને અનગાર બે પ્રકારનું ચારિત્ર સમજાવી મંદ પુરુષાર્થી શ્રાવકોને વિકલ ચારિત્ર—દેશચારિત્ર—ગૃહસ્થનો ધર્મ સમજાવવાની શરૂઆત કરે છે. આમાં તેઓ પાંચ અણુવ્રત અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, પરિગ્રહ—પરિમાણનું સ્વરૂપ તથા તેના પાલનમાં લાગતા પાંચ પાંચ અતિચારોનું સ્વરૂપ સમજાવી તે અતિચારો રહિત પાંચ અણુવ્રતના પાલનનો ઉપદેશ આપે છે.

આચાર્યદેવ ચોથા અધ્યાયમાં શ્રાવકના ત્રણ ગુણવ્રતો, દિગ્વ્રત, અનર્થદંડવ્રત તથા ભોગોપભોગ પરિમાણવ્રતનું વિસ્તારથી વર્ણન કરે છે. આ અધિકારની ૭૧ ગાથામાં આ વ્રતનું પાલન કરનાર શ્રાવકને ઉપચારથી મહાવ્રતની પરિભાષા આપી તે વ્રત કોને હોય છે તે પણ દર્શાવ્યું છે. ત્યાર પછી દરેક વ્રતની ચર્ચા કરી દરેક વ્રતના પાંચ પાંચ અતિચાર દર્શાવ્યા છે. ત્યારબાદ વ્રતના લક્ષણ, યમ-નિયમરૂપ વ્રતનું સ્વરૂપ, નિયમ કરવાની વિધિ વગેરે પણ દર્શાવ્યા છે.

આચાર્યદેવે પાંચમા અધિકારમાં દેશાવકાશિક સામાયિક, પ્રોષધોપવાસ અને વૈયાવૃત્ય એ ચાર શિક્ષાવ્રતોનું વિસ્તારથી સ્વરૂપ તથા દરેક વ્રતના પાંચ અતિચારનું વર્ણન કર્યું છે. આ અધિકારમાં દાનનું સ્વરૂપ, ભેદ અને તેના ફળનું પણ ટૂંકમાં વર્ણન કરેલ છે.

આચાર્યદેવે છટ્ઠા અધિકારમાં સલ્લેખના-સમાધિમરણના સ્વરૂપની તેની આવશ્યકતાની તથા તેની વિધિની વિસ્તૃત ચર્ચા કરી, સંલેખનાના પાંચ અતિચારનું સ્વરૂપ બતાવી સંલેખનાનું ફળ પણ બતાવ્યું છે. અંતમાં આ અધિકારમાં મોક્ષનું તથા મુક્તજીવોનું સ્વરૂપ પણ વર્ણવ્યું છે.

આચાર્યદેવે છેલ્લા સાતમા અધિકારમાં શ્રાવકદશામાં સાધનાની ક્રમશઃ વૃદ્ધિ દર્શાવતી, શ્રાવકની અગિયાર પ્રતિમાઓ, દર્શન, વ્રત, સામાયિક, પ્રોષધોપવાસ, સચિત્તત્યાગ, રાત્રિભૂક્તિ-ત્યાગ, બ્રહ્મચર્ય, આરંભત્યાગ, પરિગ્રહત્યાગ, અનુમતિત્યાગ તથા અગિયારમી ઉદ્દિષ્ટ ત્યાગ પ્રતિમાનું સ્વરૂપ બતાવ્યું છે. આચાર્યદેવે ૧૧મી પ્રતિમાધારી શ્રાવકને ઉત્કૃષ્ટ શ્રાવક તરીકે વર્ણવ્યો છે. અંતમાં પણ આચાર્યદેવે ૧૫૦મી ગાથામાં સમ્યક્‌દર્શનને લક્ષ્મીની ઉપમા આપી તેનો મહિમા કર્યો છે.

આ પ્રમાણે આ ગ્રંથમાં પંચમગુણસ્થાનવર્તી શ્રાવકને હઠ વિના ભૂમિકા અનુસાર કેવા પ્રકારના બાહ્યત્યાગ તથા મંદકષાયરૂપ શુભભાવો હોય છે તેનું વર્ણન કર્યું છે. આ પ્રકારના બાહ્યત્યાગ અને મંદકષાયને વ્યવહારથી એટલે કે ઉપચારથી મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે, કારણ કે નિશ્ચયથી બાહ્ય અન્ય પદાર્થોનું ગ્રહણ કે ત્યાગ આત્મા કરી શકતો જ નથી. તથા તે પ્રકારના જ વિકલ્પો તેને જે તે ભૂમિકામાં હોય છે. તે વિકલ્પો આત્માના પરિણામમાં જ થાય છે પણ તે વિકલ્પો તેની કચાશના દ્યોતક છે અને તે મંદકષાયરૂપ શુભભાવો હોવાથી ખરેખર બંધનું કારણ છે. તે ભાવોનો જ્ઞાની ધર્માત્મા ખરેખર જ્ઞાતા છે. પરંતુ કર્તા નથી. તે ભાવો જ્ઞાનીને હેયબુદ્ધિએ આવે છે. પણ જે તે ભૂમિકામાં નિમિત્ત અને સહચર હોવાથી તેમને વ્યવહારનયથી મોક્ષમાર્ગ પણ કહેવામાં આવે છે.

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી અને પૂજ્ય બહેનશ્રી ચંપાબેને આ કાળે આપણને મોક્ષમાર્ગનું ઉપર પ્રમાણે યથાર્થ સ્વરૂપ સમજાવી આ શાસ્ત્રના ભાવો યથાર્થપણે સમજવાની વિધિ બતાવી આપણા પર અનુપમ ઉપકાર કર્યો છે.

જેમ આ શાસ્ત્રના રચયિતા આચાર્યદેવ મહાન છે તેમ આ ગ્રંથના ટીકાકાર આચાર્ય પ્રભાચંદ્ર પણ વિક્રમની દસમી સદીમાં થયેલ મહા આચાર્ય છે. ટીકાકાર આચાર્યદેવે પણ ગ્રંથકર્તા મહાન આચાર્યદેવના ભાવોને સંક્ષેપથી ખોલીને આપણા પર વિશેષ ઉપકાર કર્યો છે. તેમના રચેલ અન્યગ્રંથો પ્રમેયકમલમાર્તંડ (પરીક્ષામુખ વ્યાખ્યા), તત્ત્વાર્થવૃત્તિ પદ વિવરણ(લઘીયસ્ત્રય વ્યાખ્યા), તત્ત્વાર્થવૃત્તિ પદ વિવરણ (સર્વાર્થસિદ્ધિ વ્યાખ્યા), જૈનેન્દ્ર વ્યાકરણ વ્યાખ્યા, પ્રવચનસાર વ્યાખ્યા, સમાધિતંત્ર ટીકા, આત્માનુશાસન ટીકા વગેરે છે. આ ઉપરથી ફલિત થાય છે કે તેઓ મહા વિદ્વાન આચાર્ય હતા.

અંતે આ ગ્રંથના ભાવો પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીએ જે પ્રકારે ખોલ્યા છે તે પ્રકારે યથાર્થપણે સમજીને આપણે સૌ નિજાત્મકલ્યાણમાં લાગીએ એ જ અભ્યર્થના...

ફાગણ વદ દશમ
પૂજ્ય બહેનશ્રીનો ૭૯મો
સમ્યક્‌જયંતી મહોત્સવ
વિ.સં. ૨૦૬૭

સાહિત્યપ્રકાશનસમિતિ
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
સોનગઢ (સૌરાષ્ટ્ર)

# અનુક્રમણિકા


| વિષય | શ્લોક | પૃષ્ઠ |
|---|---|---|
| **પહેલો અધિકાર** | | |
| મંગલાચરણ | ૧ | ૨ |
| પ્રતિજ્ઞા | ૨ | ૫ |
| ધર્મનું લક્ષણ | ૩ | ૭ |
| સમ્યગ્દર્શનનું લક્ષણ | ૪ | ૧૦ |
| આપ્તનું લક્ષણ | ૫ | ૧૩ |
| વીતરાગ લક્ષણ | ૬ | ૧૫ |
| આપ્તવાચક નામો યા હિતોપદેશીનું સ્વરૂપ | ૭ | ૨૪ |
| વીતરાગી દેવને ઉપદેશ દેવાની ઈચ્છા કેમ થાય? | ૮ | ૨૬ |
| સત્યાર્થ આગમનું લક્ષણ | ૯ | ૨૮ |
| સત્યાર્થ ગુરુનું લક્ષણ | ૧૦ | ૩૦ |
| નિઃશંકિતત્વ અંગ (ગુણ)નું લક્ષણ | ૧૧ | ૩૨ |
| નિઃકાંક્ષિત ગુણનું લક્ષણ | ૧૨ | ૩૭ |
| નિર્વિચિકિત્સતા ગુણનું લક્ષણ | ૧૩ | ૪૦ |
| અમૂઢદ્રષ્ટિત્વ ગુણનું લક્ષણ | ૧૪ | ૪૨ |
| ઉપગૂહન ગુણનું લક્ષણ | ૧૫ | ૪૪ |
| સ્થિતિકરણ ગુણનું લક્ષણ | ૧૬ | ૪૬ |
| વાત્સલ્ય ગુણનું લક્ષણ | ૧૭ | ૪૭ |
| પ્રભાવના ગુણનું લક્ષણ | ૧૮ | ૪૮ |
| આઠ ગુણોમાં પ્રસિદ્ધ વ્યકિતઓનાં નામ | ૧૯-૨૦ | ૫૦ |
| કથા ૧ : અંજનચોર | | ૫૩ |
| કથા ૨ : અનંતમતી | | ૫૫ |
| કથા ૩ : ઉદ્દાયન | | ૫૯ |
| કથા ૪ : રેવતીરાણી | | ૬૦ |
| કથા ૫ : જિનેન્દ્રભકત | | ૬૨ |
| કથા ૬ : વારિષેણ | | ૬૪ |
| કથા ૭ : વિષ્ણુકુમાર | | ૬૭ |
| કથા ૮ : વજ્રકુમાર | | ૭૨ |
| અંગસહિત સમ્યગ્દર્શનનું સામર્થ્ય | ૨૧ | ૭૭ |
| લોકમૂઢતા | ૨૨ | ૭૮ |
| દેવમૂઢતા | ૨૩ | ૭૯ |
| પાખંડીમૂઢતા (ગુરુમૂઢતા) | ૨૪ | ૮૨ |
| આઠ મદ | ૨૫ | ૮૪ |
| મદ કરનારનો દોષ | ૨૬ | ૮૬ |
| ધાર્મિક પુરુષોનો તિરસ્કાર ઉચિત નથી. | ૨૭-૨૮ | ૮૭ |
| ધર્મ-અધર્મનું ફળ | ૨૯ | ૮૯ |
| કુદેવાદિ સમ્યગ્દ્રષ્ટિથી કોઈ રીતે વંદનીય નથી | ૩૦ | ૯૧ |
| મોક્ષમાર્ગમાં સમ્યગ્દર્શનની મુખ્યતા | ૩૧ | ૯૩ |
| મોક્ષમાર્ગમાં સમ્યગ્દર્શનના ઉત્કૃષ્ટપણાનું કારણ | ૩૨ | ૯૬ |
| સમ્યગ્દર્શનની ઉત્કૃષ્ટતાનું ઉદાહરણ સહિત બીજું કારણ. | ૩૩ | ૧૦૦ |
| સમ્યગ્દર્શનની ઉત્કૃષ્ટતાનું અન્ય કારણ | ૩૪ | ૧૦૨ |
| સમ્યગ્દ્રષ્ટિ જીવ ક્યાં ક્યાં ઊપજતો નથી? | ૩૫ | ૧૦૩ |
| સમ્યગ્દ્રષ્ટિ બીજા ભવમાં મહાપુરુષ બને છે | ૩૬ | ૧૦૭ |
| શુદ્ધ સમ્યગ્દ્રષ્ટિની ઈન્દ્રપદની પ્રાપ્તિ | ૩૭ | ૧૦૯ |
| સમ્યગ્દ્રષ્ટિ જ ચક્રવર્તીપદને પણ પ્રાપ્ત કરે છે | ૩૮ | ૧૧૦ |

| વિષય | શ્લોક | પૃષ્ઠ |
|---|---|---|
| સમ્યગ્દૃષ્ટિ તીર્થંકર પણ થાય છે ...... | ૩૯ | ૧૧૨ |
| સમ્યગ્દર્શનથી મોક્ષની પ્રાપ્તિ .......... | ૪૦ | ૧૧૩ |
| સમ્યક્ત્વના મહિમાનો ઉપસંહાર ..... | ૪૧ | ૧૧૫ |
| **જ્ઞાનાધિકાર** | | |
| સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ (લક્ષણ).......... | ૪૨ | ૧૧૮ |
| પ્રથમાનુયોગનું સ્વરૂપ .................. | ૪૩ | ૧૨૨ |
| પ્રથમાનુયોગનું પ્રયોજન .................. | | ૧૨૪ |
| કરણાનુયોગનું સ્વરૂપ .................. | ૪૪ | ૧૨૫ |
| કરણાનુયોગનું પ્રયોજન.................. | | ૧૨૭ |
| ચરણાનુયોગનું સ્વરૂપ.................. | ૪૫ | ૧૨૮ |
| ચરણાનુયોગનું પ્રયોજન .................. | | ૧૨૯ |
| દ્રવ્યાનુયોગનું સ્વરૂપ .................... | ૪૬ | ૧૩૦ |
| દ્રવ્યાનુયોગનું પ્રયોજન .......................... | | ૧૩૧ |
| **ચારિત્રાધિકાર** | | |
| ચારિત્ર કોણ ધારણ કરે છે? .......... | ૪૭ | ૧૩૩ |
| રાગ-દ્વેષની નિવૃત્તિથી ચારિત્રની ઉત્પત્તિ .............. | ૪૮ | ૧૩૬ |
| ચારિત્રનું લક્ષણ .......................... | ૪૯ | ૧૩૮ |
| ચારિત્રના ભેદ .......................... | ૫૦ | ૧૪૦ |
| વિકલચારિત્રના ભેદ ................... | ૫૧ | ૧૪૧ |
| અણુવ્રતનું સ્વરૂપ ....................... | ૫૨ | ૧૪૨ |
| અહિંસાણુવ્રતનું લક્ષણ ................. | ૫૩ | ૧૪૫ |
| હિંસાદિના ત્યાગનું વિધાન.............. | | ૧૪૮ |
| અહિંસાણુવ્રતના અતિચાર............. | ૫૪ | ૧૫૨ |
| સત્યાણુવ્રતનું લક્ષણ .................... | ૫૫ | ૧૫૪ |
| સત્યાણુવ્રતના અતિચારો............... | ૫૬ | ૧૫૬ |
| અચૌર્યાણુવ્રતનું લક્ષણ ................. | ૫૭ | ૧૫૮ |
| અચૌર્યાણુવ્રતના અતિચાર ............. | ૫૮ | ૧૬૦ |
| બ્રહ્મચર્યાણુવ્રતનું લક્ષણ ................ | ૫૯ | ૧૬૨ |
| બ્રહ્મચર્યાણુવ્રતના અતિચાર............ | ૬૦ | ૧૬૩ |
| પરિગ્રહપરિમાણ અણુવ્રતનું લક્ષણ.... | ૬૧ | ૧૬૪ |
| પરિગ્રહપરિણામ અણુવ્રતના અતિચાર ......................... | ૬૨ | ૧૬૭ |
| પંચાણુવ્રત ધારણ કરવાનું ફળ ......... | ૬૩ | ૧૬૮ |
| પાંચ અણુવ્રતધારીઓમાં પ્રસિદ્ધ થયેલાંનાં નામ ................... | ૬૪ | ૧૭૦ |
| ૧. માતંગ (ચાંડાલ)ની કથા ........... | | ૧૭૦ |
| ૨. ધનદેવ શેઠની કથા.................. | | ૧૭૩ |
| ૪. નીલી કથા ............................ | | ૧૭૪ |
| ૫. જયકુમારની કથા .................... | | ૧૭૭ |
| હિંસાદિ પાંચ અવ્રતોમાં (પાપોમાં) પ્રસિદ્ધ થયેલાનાં નામ .......... | ૬૫ | ૧૭૯ |
| ૧. ધનશ્રીની કથા....................... | | ૧૮૦ |
| ૨. સત્યઘોષની કથા..................... | | ૧૮૧ |
| ૩. તાપસની કથા........................ | | ૧૮૫ |
| ૪. યમદંડની કથા ....................... | | ૧૯૦ |
| ૫. શ્મશ્રુનવનીતની કથા ................. | | ૧૯૧ |
| શ્રાવકનાં આઠ મૂલગુણ ................ | ૬૬ | ૧૯૩ |
| ગુણવ્રતોનાં નામ ........................ | ૬૭ | ૧૯૫ |
| દિગ્વ્રતનું સ્વરૂપ ........................ | ૬૮ | ૧૯૬ |
| દિગ્વ્રતની મર્યાદાઓ .................... | ૬૯ | ૧૯૭ |
| મર્યાદા બહાર અણુવ્રતને મહાવ્રતનો ભાવ ................ | ૭૦ | ૧૯૯ |
| મર્યાદા બહાર અણુવ્રત ઉપચરિત મહાવ્રત છે........................ | ૭૧ | ૨૦૦ |
| મહાવ્રતનું લક્ષણ........................ | ૭૨ | ૨૦૧ |
| દિગ્વિરતિ વ્રતના અતિચાર ............ | ૭૩ | ૨૦૩ |
| અનર્થદંડવ્રતનું સ્વરૂપ ................... | ૭૪ | ૨૦૪ |
| અનર્થદંડના ભેદ ........................ | ૭૫ | ૨૦૬ |

| વિષય | શ્લોક | પૃષ્ઠ |
|---|---|---|
| પાપોપદેશ અનર્થદંડનું સ્વરૂપ | ૭૬ | ૨૦૭ |
| હિંસાદાન અનર્થદંડનું સ્વરૂપ | ૭૭ | ૨૦૮ |
| અપધ્યાન અનર્થદંડનું સ્વરૂપ | ૭૮ | ૨૦૯ |
| દુઃશ્રુતિ અનર્થદંડનું સ્વરૂપ | ૭૯ | ૨૧૦ |
| પ્રમાદચર્યા અનર્થદંડનું સ્વરૂપ | ૮૦ | ૨૧૨ |
| અનર્થદંડવ્રતના અતિચાર | ૮૧ | ૨૧૩ |
| ભોગોપભોગપરિમાણ વ્રતનું સ્વરૂપ | ૮૨ | ૨૧૪ |
| ભોગ અને ઉપભોગનું લક્ષણ | ૮૩ | ૨૧૫ |
| જીવનપર્યન્ત ત્યાગ કરવા યોગ્ય ભોગ વસ્તુઓ | ૮૪ | ૨૧૬ |
| ભોગોપભોગ વ્રતધારીને સર્વથા ત્યાગવા યોગ્ય અન્ય વસ્તુઓ | ૮૫ | ૨૧૭ |
| અનિષ્ટ અને અનુપસેવ્ય વસ્તુઓનો ત્યાગ અને વ્રતનું સ્વરૂપ | ૮૬ | ૨૧૯ |
| શ્લોક ૮૪-૮૫-૮૬નો સારાંશ | | ૨૨૧ |
| નિયમ અને યમનું લક્ષણ | ૮૭ | ૨૨૩ |
| ભોગોપભોગ પરિમાણ વ્રતમાં નિયમની વિધિ | ૮૮-૮૯ | ૨૨૪ |
| ભોગોપભોગપરિમાણવ્રતના અતિચાર | ૯૦ | ૨૨૭ |

## શિક્ષાવ્રતાધિકાર

| વિષય | શ્લોક | પૃષ્ઠ |
|---|---|---|
| શિક્ષાવ્રતના પ્રકાર | ૯૧ | ૨૩૦ |
| દેશાવકાશિક શિક્ષાવ્રતનું લક્ષણ | ૯૨ | ૨૩૧ |
| દેશાવકાશિક વ્રતમાં ક્ષેત્રની મર્યાદા | ૯૩ | ૨૩૨ |
| દેશાવકાશિકવ્રતની કાળમર્યાદા | ૯૪ | ૨૩૩ |
| દેશવ્રતીને મર્યાદા બહાર ઉપચારથી મહાવ્રત | ૯૫ | ૨૩૪ |
| દેશાવકાશિક વ્રતના પાંચ અતિચારો | ૯૬ | ૨૩૬ |
| સામાયિક શિક્ષાવ્રતનું લક્ષણ | ૯૭ | ૨૩૭ |
| સમય શબ્દનો અર્થ | ૯૮ | ૨૩૯ |
| સામાયિકની વૃદ્ધિયોગ્ય સ્થાન | ૯૯ | ૨૪૦ |
| સામાયિકની વૃદ્ધિ કરવાની રીત | ૧૦૦ | ૨૪૧ |
| પ્રતિદિન સામાયિક કરવાનો ઉપદેશ | ૧૦૧ | ૨૪૨ |
| સામાયિક કરવાની સ્થૂળ વિધિ | | ૨૪૩ |
| સામાયિક વ્રતધારી મુનિ તુલ્ય છે | ૧૦૨ | ૨૪૪ |
| સામાયિકમાં પરિષહ અને ઉપસર્ગ સહન કરવાનો ઉપદેશ | ૧૦૩ | ૨૪૫ |
| સામાયિક વખતે સંસાર-મોક્ષના સ્વરૂપનું ચિંતવન | ૧૦૪ | ૨૪૭ |
| સામાયિક શિક્ષાવ્રતના અતિચાર | ૧૦૫ | ૨૪૮ |
| પ્રોષધોપવાસ શિક્ષાવ્રતનું લક્ષણ | ૧૦૬ | ૨૪૯ |
| ઉપવાસના દિને શું કરવું જોઈએ? | ૧૦૭ | ૨૫૧ |
| ઉપવાસના દિવસે કર્તવ્ય | ૧૦૮ | ૨૫૩ |
| પ્રોષધોપવાસનું લક્ષણ | ૧૦૯ | ૨૫૫ |
| પ્રોષધોપવાસ શિક્ષાવ્રતના અતિચાર | ૧૧૦ | ૨૫૬ |
| વૈયાવૃત્ય (અતિથિસંવિભાગ) શિક્ષાવ્રતનું લક્ષણ | ૧૧૧ | ૨૫૮ |
| વૈયાવૃત્યનું અન્ય સ્વરૂપ | ૧૧૨ | ૨૬૦ |
| દાનનું લક્ષણ | ૧૧૩ | ૨૬૧ |
| પાંચ સૂના | | ૨૬૧ |
| દાતારના સાત ગુણ | | ૨૬૨ |
| નવધાભકિત | | ૨૬૨ |
| દાનનું ફળ | ૧૧૪ | ૨૬૪ |
| નવધા ભકિતનું ફળ | ૧૧૫ | ૨૬૫ |
| અલ્પદાનથી મહાફળની પ્રાપ્તિ | ૧૧૬ | ૨૬૭ |
| દાનમાં વિશેષતા | | ૨૬૮ |
| દાનના ચાર ભેદ | ૧૧૭ | ૨૬૮ |
| દાન દેવામાં પ્રસિદ્ધ થયેલાનાં નામ | ૧૧૮ | ૨૬૯ |
| શ્રીષેણ રાજાની કથા-૧ | | ૨૭૦ |

વિષય — શ્લોક પૃષ્ઠ


વૃષભસેનાની કથા-૨ .................... ૨૭૨
કૌંડેશની કથા-૩.......................... ૨૭૬
સૂકરની કથા-૪ .......................... ૨૭૭
અર્હત્પૂજાનું વિધાન .................... ૧૧૯ - ૨૭૯
પૂજાનું માહાત્મ્ય........................ ૧૨૦ - ૨૮૦
મેડક (દેડકા)ની કથા.................... ૨૮૦
વૈયાવૃત્યના અતિચાર .................. ૧૨૧ - ૨૮૨

**સંલ્લેખના પ્રતિમાધિકાર**

સંલ્લેખનાનું લક્ષણ ..................... ૧૨૨ - ૨૮૪
૧. અવિચાર સમાધિમરણ ................ ૨૮૫
૨. સવિચાર સમાધિમરણ................. ૨૮૬
સંલ્લેખનાની આવશ્યકતા ............. ૧૨૩ - ૨૮૬
સંલ્લેખનાની વિધિ ૧૨૪-૧૨૫ ---- ૨૮૭
સંલ્લેખના ધારણ કર્યા પછી શું કરવું? ........................ ૧૨૬ - ૨૮૯
સંલ્લેખનાધારીને આહારત્યાગનો ક્રમ ૧૨૭-૧૨૮------ ૨૯૧
સમાધિમરણની આવશ્યકતા............ ૨૯૩
સંલ્લેખનાના અતિચારો................ ૧૨૯ - ૨૯૫
સંલ્લેખનાનું ફળ ........................ ૧૩૦ - ૨૯૬
મોક્ષનું લક્ષણ ........................... ૧૩૧ - ૨૯૭
મુકત જીવોનું વર્ણન .................... ૧૩૨ - ૨૯૮

વિષય — શ્લોક પૃષ્ઠ

મુકત જીવોના ગુણોમાં વિકારનો અભાવ ........................... ૧૩૩ - ૨૯૯
મુકત જીવો શું કરે છે? ............... ૧૩૪ - ૩૦૦
સંલ્લેખનાધારીઓનું અભ્યુદયરૂપ ફળ................ ૧૩૫ - ૩૦૧
શ્રાવકની અગિયાર પ્રતિમા (પદ-સ્થાન) ..................... ૧૩૬ - ૩૦૨
દર્શન પ્રતિમાધારીનું લક્ષણ............ ૧૩૭ - ૩૦૪
વ્રત પ્રતિમાધારીનું લક્ષણ .............. ૧૩૮ - ૩૦૬
સામાયિક પ્રતિમાધારીનું લક્ષણ........ ૧૩૯ - ૩૦૭
પ્રોષધ પ્રતિમાધારીનું લક્ષણ........... ૧૪૦ - ૩૦૯
સચિત્તત્યાગ પ્રતિમાધારીનું લક્ષણ..... ૧૪૧-૩૧૦
રાત્રિભુકિતત્યાગ પ્રતિમાધારીનું લક્ષણ............................ ૧૪૨ - ૩૧૧
બ્રહ્મચર્ય પ્રતિમાધારીનું લક્ષણ ......... ૧૪૩ - ૩૧૨
આરંભત્યાગ પ્રતિમાધારીનું લક્ષણ .... ૧૪૪ - ૩૧૩
પરિગ્રહત્યાગ પ્રતિમાધારીનું લક્ષણ ... ૧૪૫ - ૩૧૫
અનુમતિત્યાગ પ્રતિમાધારીનું લક્ષણ .. ૧૪૬ - ૩૧૬
ઉદ્દિશ્યત્યાગ પ્રતિમાધારીનું લક્ષણ .... ૧૪૭ - ૩૧૭
શ્રેષ્ઠ જ્ઞાતાનું સ્વરૂપ..................... ૧૪૮ - ૩૧૮
રત્નત્રયધર્મના સેવનનું ફળ............ ૧૪૯ - ૩૨૦
શ્રાવકની ઈષ્ટપ્રાર્થના ................... ૧૫૦ - ૩૨૧
ટીકાકારની મંગળકામના ....................... ૩૨૩

ॐ

❀ नमः श्रीसर्वज्ञवीतरागाय। ❀

# शास्त्र-स्वाध्यायका प्रारंभिक मंगलाचरण

*

ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः ॥१॥

अविरलशब्दघनौघप्रक्षालितसकलभूतलकलङ्का।
मुनिभिरुपासिततीर्था सरस्वती हरतु नो दुरितान् ॥२॥

अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ॥३॥

॥ श्रीपरमगुरवे नमः, परम्पराचार्यगुरवे नमः ॥

सकलकलुषविध्वंसकं, श्रेयसां परिवर्धकं, धर्मसम्बन्धकं, भव्यजीवमनःप्रतिबोधकारकं, पुण्यप्रकाशकं, पापप्रणाशकमिदं शास्त्रं श्रीरत्नकरण्डक श्रावकाचारनामधेयं, अस्य मूलग्रन्थकर्तारः श्रीसर्वज्ञदेवास्तदुत्तरग्रन्थकर्तारः श्रीगणधरदेवाः प्रतिगणधरदेवास्तेषां वचनानुसारमासाद्य आचार्यश्रीसमंतभद्रस्वामिविरचितं, श्रोतारः सावधानतया शृणवन्तु॥

मङ्गलं भगवान् वीरो मङ्गलं गौतमो गणी।
मङ्गलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मङ्गलम् ॥१॥

सर्वमङ्गलमाङ्गल्यं सर्वकल्याणकारकं।
प्रधानं सर्वधर्माणां जैनं जयतु शासनम् ॥२॥

❀

ૐ

श्रीवीतरागाय नमः।

શ્રીસમન્તભદ્રસ્વામીવિરચિત

શ્રી

# રત્નકરંડક શ્રાવકાચાર

શ્રીપ્રભાચંદ્રાચાર્યવિનિર્મિત સંસ્કૃતટીકા

(मङ्गलाचरण)

समन्तभद्रं निखिलात्मबोधनं
जिनं प्रणम्याखिलकर्मशोधनम्[१]।
निबन्धनं रत्नकरण्डके[२] परं
करोमि [३]भव्यप्रतिबोधनाकरम् ॥१॥

---

મૂળ શ્લોક અને સંસ્કૃત ટીકાનો

## ગુજરાતી અનુવાદ

ટીકાકાર આચાર્ય પ્રભાકર ટીકાની શરૂઆતમાં મંગલાચરણ પૂર્વક ટીકા કરવાની પ્રતિજ્ઞા પૂર્વક કહે છે કે :—

**અન્વયાર્થ :—**[निखिलात्मबोधनम्] જેઓ સમસ્ત પદાર્થોના સ્વરૂપના જાણનાર છે એવા, [अखिलकर्मशोधनम्] જેઓ સમસ્ત કર્મનો નાશ કરનારા છે એવા, [भव्यप्रतिबोधनाकरम्] જેઓ ભવ્ય જીવોને પ્રતિબોધ કરનારા છે એવા, [समन्तभद्र परं जिनम्] સમંતભદ્ર જિનેશ્વરદેવને (સમસ્ત પ્રકારે કલ્યાણથી યુક્ત એવા બહારથી અને

१. कर्मसाधनम् घ०। २. रत्नकरण्डकं ग०। ३. भक्त्या ख०।

श्रीसमन्तभद्रस्वामी रत्नानां रक्षणोपायभूतरत्नकरण्डकप्रख्यं सम्यग्दर्शनादिरत्नानां पालनोपायभूतं रत्नकरण्डकाख्यं शास्त्रं कर्तुकामो निर्विघ्नतः शास्त्रपरिसमाप्त्यादिकं फलमभिलषन्निष्टदेवताविशेषं नमस्कुर्वन्नाह—

**नमः श्रीवर्द्धमानाय निर्धूतकलिलात्मने।**
**सालोकानां त्रिलोकानां यद्विद्या दर्पणायते।।१।।**

'नमो' नमस्कारोऽस्तु। कस्मै ? 'श्रीवर्धमानाय' अन्तिमतीर्थंकराय तीर्थंकरसमुदायाय

અંદરથી બધી તરફથી ભદ્રરૂપ છે એવા જિનેશ્વરદેવને) [प्रणम्य] નમસ્કાર કરીને [रत्नकरण्डके] રત્નકરંડક શ્રાવકાચારની ઉપર [निबंधनम्] નિબંધન (ટીકા, વિવરણ) [करोमि] હું (શ્રી પ્રભાચંદ્રાચાર્ય) કરું છું.

રત્નોના રક્ષણના ઉપાયભૂત 'રત્નકરંડક' રૂપ સમ્યગ્દર્શનાદિ રત્નોના પાલનના ઉપાયભૂત 'રત્નકરંડક' નામના શાસ્ત્રની રચના કરવાના ઇચ્છુક શ્રી સમન્તભદ્રસ્વામી નિર્વિઘ્ને શાસ્ત્રની પરિસમાપ્તિ આદિરૂપ ફળની અભિલાષા રાખીને ઇષ્ટ દેવતા વિશેષને નમસ્કાર કરીને કહે છે :—

## (મંગલાચરણ)

### શ્લોક ૧

**અન્વયાર્થ** :—★[निर्धूतकलिलात्मने] જેમના આત્માએ જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પાપનો નાશ કર્યો છે અથવા જેમના આત્માએ (હિતોપદેશ આપીને) અન્ય જીવોના જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પાપનો નાશ કર્યો છે. એવા અને [यद्विद्या] જેમની વિદ્યા (અર્થાત્ કેવળજ્ઞાન) [सालोकानाम्] અલોકાકાશ સહિત [त्रिलोकानाम्] ત્રણે લોકના વિષયમાં [दर्पणायते] દર્પણની સમાન વર્તે છે, (અર્થાત્ દર્પણની જેમ તેમના કેવળજ્ઞાનમાં અલોક સહિત ત્રણે લોક—ત્રણે લોકના સમસ્ત પદાર્થો પ્રતિબિંબિત થાય છે, [तस्मै] એવા [श्रीवर्धमानाय] શ્રી વર્ધમાન સ્વામીને [नमः] નમસ્કાર હો.

**ટીકા** :—'नमः' નમસ્કાર હો. કોને? 'श्रीवर्धमानाय' અંતિમ તીર્થંકર શ્રી

---

★ નોંધ—આ ગ્રંથમાં બધે [ ] આવું ચિહ્ન મૂળ શ્લોકના પદને સૂચવે છે, અને ( ) આવું ચિહ્ન આગળ–પાછળની સંધિ માટે સમજવું.

**वा। कथं? अव–समन्तादृद्धं परमातिशयप्राप्तं मानं केवलज्ञानं यस्यासौ वर्धमानः। 'अवाप्योरल्लोपः' इत्यवशब्दाकारलोपः। श्रिया बहिरंगयाऽन्तरंगया च समवसरणानन्त-चतुष्टयलक्षणयोपलक्षितो वर्धमानः श्रीवर्धमान इति व्युत्पत्तेः, तस्मै। कथंभूताय? 'निर्धूतकलिलात्मने' निर्धूतं [1]स्फोटितं कलिलं ज्ञानावरणादिरूपं पापमात्मन आत्मनां वा भव्यजीवानां येनासौ निर्धूतकलिलात्मा तस्मै। 'यस्य विद्या' केवलज्ञानलक्षणा। किं करोति? 'दर्पणायते' दर्पण इवात्मानमाचरति। केषां? 'त्रिलोकानां' त्रिभुवनानां। कथंभूतानां? 'सालोकानां' अलोकाकाशसहितानां। अयमर्थः—यथा दर्पणो निजेन्द्रियागोचरस्य मुखादेः प्रकाशकस्तथा सालोकत्रिलोकानां तथाविधानां तद्विद्या प्रकाशिकेति। अत्र च पूर्वार्द्धेन भगवतः सर्वज्ञतोपायः, [2]उत्तरार्धेन च सर्वज्ञतोक्ता॥१॥**

---

વર્ધમાન સ્વામીને અથવા તીર્થંકરોના સમુદાયને; વર્ધમાન સ્વામીનો વ્યુત્પત્તિઅર્થ કેવી રીતે થાય છે? 'अव' એટલે સમસ્ત પ્રકારે 'ऋद्धं' પરમ અતિશયને પ્રાપ્ત થયું છે, 'मानं' જેમનું કેવળજ્ઞાન તે વર્ધમાન (अव + ऋद्ध + मान) છે. 'अवाप्योरल्लोपः' એ વ્યાકરણ સૂત્રના આધારે 'अव' શબ્દના 'अ'નો લોપ થયો છે. 'श्रीवर्धमानः' શ્રી એટલે લક્ષ્મીથી અર્થાત્ બહિરંગ અને અંતરંગ લક્ષ્મીથી—સમવસરણાદિરૂપ બહિરંગ લક્ષ્મી અને અનંત દર્શન, અનંત જ્ઞાનાદિ, અનંત ચતુષ્ટયરૂપ અંતરંગ લક્ષ્મીથી ઉપલક્ષિત, જે વૃદ્ધિ પામે તે શ્રી વર્ધમાન છે એમ વ્યુત્પત્તિ (–અર્થ) છે. તેઓ કેવા છે? 'निर्धूत कलिलात्मने' જેમણે પોતાના આત્માના અથવા ભવ્ય જીવોના આત્માના મલનો–જ્ઞાનાવરણાદિ પાપનો નાશ કર્યો છે. એવા તેમને, જેમની કેવળજ્ઞાનરૂપ વિદ્યા શું કરે છે? 'दर्पणायते' દર્પણની જેમ આત્મામાં પ્રગટ કરે છે, કોને? 'त्रिलोकानां' ત્રણ લોકને. કેવા લોકને? 'सालोकानां' અલોકાકાશ સહિત (લોકને). આનો અર્થ એ છે કે જેમ દર્પણ (દર્શકની–દેખનારની) નિજ ઇન્દ્રિયોને અગોચર (અવિષયભૂત) એવા મુખાદિને પ્રકાશિત કરે છે, (પ્રગટ કરે છે,) તેમ તેવા પ્રકારના અલોક સહિત ત્રણે લોકને તેમનું જ્ઞાન (કેવળજ્ઞાન) પ્રકાશિત કરે છે.

અહીં (શ્લોકના) પૂર્વાર્ધથી ભગવાનની સર્વજ્ઞતાનો ઉપાય અને ઉત્તરાર્ધથી સર્વજ્ઞતા કહેવામાં આવી છે.

**ભાવાર્થ :**—જેઓ સમવસરણાદિરૂપ બહિરંગ લક્ષ્મીથી તથા અનંત દર્શનાદિ

---

१. स्फेटितं घ०। २. उपायकर्म ग०।

**अथ तन्नमस्कारकरणानन्तरं किं [1]कर्तुं लग्नो भवानित्याह—**

અનંત ચતુષ્ટયરૂપ અંતરંગ લક્ષ્મીથી વિભૂષિત છે, જેમણે પોતાના આત્માના અથવા (ઉપદેશ દ્વારા) ભવ્ય જીવોના આત્માનાં જ્ઞાનાવરણાદિ પાપમળનો નાશ કર્યો છે અને જેમના કેવળજ્ઞાનરૂપ દર્પણમાં અલોકાકાશ સહિત છ દ્રવ્યોના સમુદાયરૂપ સમસ્ત લોક પોતાની ભૂત, ભવિષ્ય અને વર્તમાનની સમસ્ત અનંતાનંત પર્યાયો સહિત યુગપત્ પ્રતિબિંબિત થાય છે, તેવા અંતિમ તીર્થંકર શ્રી વર્ધમાન સ્વામીને, ગ્રંથકર્તા શ્રી સમન્તભદ્રાચાર્યે અહીં નમસ્કાર કર્યા છે.

ગાથાના પહેલા અર્ધભાગમાં સર્વજ્ઞતાનો ઉપાય બતાવ્યો છે. તેનો અર્થ એ છે, કે ભગવાન જ્યારે પોતાના આત્મામાં લીન થયા; ત્યારે ભાવકર્મનો નાશ થયો અને નિમિત્તરૂપ જે જ્ઞાનાવરણાદિ પાપકર્મ હતાં તેનો અભાવ થયો, તેથી બંને પ્રકારનાં કર્મોનો—ભાવકર્મો અને દ્રવ્યકર્મોનો—અભાવ થતાં ભગવાનને સર્વજ્ઞપણું પ્રગટ થયું; એમ સમજવું.

આ ચરણાનુયોગનું શ્રાવકાચાર શાસ્ત્ર છે. તેનું પ્રયોજન મોક્ષમાર્ગ પ્રકાશક અધ્યાય ૮માં નીચે મુજબ જણાવ્યું છે—

“જે જીવ તત્ત્વજ્ઞાની થઈ આ ચરણાનુયોગને અભ્યાસે છે તેને એ બધાં આચરણ પોતાના વીતરાગભાવને અનુરૂપ ભાસે છે.”

“એકદેશ વા સર્વદેશ વીતરાગતા થતાં એવી શ્રાવક—મુનિ દશા થાય છે, કારણ કે એ એકદેશ વા સર્વદેશ વીતરાગતા અને આ શ્રાવક—મુનિ દશાને નિમિત્ત-નૈમિત્તિકપણું હોય છે, એમ જાણી શ્રાવક—મુનિધર્મના ભેદોને ઓળખી જેવો પોતાને વીતરાગ ભાવ થયો હોય તેવો પોતાને યોગ્ય ધર્મ સાધે છે. તેમાં પણ જેટલા અંશે વીતરાગતા હોય છે તેને તે કાર્યકારી જાણે છે, જેટલા અંશે રાગ રહે છે તેને હેય જાણે છે તથા સંપૂર્ણ વીતરાગતાને પરમ ધર્મ માને છે. એ પ્રમાણે ચરણાનુયોગનું પ્રયોજન છે.”

ઉપરોક્ત સિદ્ધાંત મુજબ આ શાસ્ત્રમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધનાં કથનો છે, એમ જાણી તે મુજબ નયવિવક્ષા મુજબ સર્વત્ર યથાર્થ ભાવ સમજવો. ભગવાનની સ્તુતિ કરવાની હોય ત્યારે તેમનું નિમિત્તપણું જ બતાવવામાં આવે છે.

(જુઓ, શ્રી પ્રવચનસાર ગાથા ૧ થી ૫ તથા ટીકા) ૧.

હવે તેઓ નમસ્કાર કર્યા પછી તેઓ શું કરવા લાગે છે? તે કહે છે—

૧. करोतिं घ०।

**देशयामि समीचीनं धर्मं कर्मनिबर्हणम्।**
**संसारदुःखतः सत्त्वान् यो धरत्युत्तमे सुखे॥२॥**

'देशयामि' [1]कथयामि। कं? 'धर्मं'। कथंभूतं? 'समीचीनं' अबाधितं तदनुष्ठातॄणामिह परलोके चोपकारकं। कथं तं तथा निश्चितवन्तो भवन्त इत्याह 'कर्मनिबर्हणं' यतो धर्मः संसारदुःखसम्पादककर्मणां निबर्हणो विनाशकस्ततो यथोक्तविशेषणविशिष्टः। अमुमेवार्थं व्युत्पत्तिद्वारेणास्य समर्थयमानः संसारेत्याद्याह संसारे चतुर्गतिके दुःखानि शारीरमानसादीनि तेभ्यः 'सत्त्वान्' प्राणिन् उद्धृत्य 'यो धरति' स्थापयति। क्व? 'उत्तमे सुखे' स्वर्गापवर्गादिप्रभवे सुखे स धर्म इत्युच्यते॥२॥

---

## (પ્રતિજ્ઞા)
### શ્લોક ૨

**અન્વયાર્થ** :—હું (શ્રી સમન્તભદ્રાચાર્ય) [कर्मनिबर्हणम्] કર્મોનો વિનાશ કરનાર એવા [समीचीनं] સમીચીન (સમ્યગ્) [धर्मम्] ધર્મને [देशयामि] કહું છું, [यः] કે જે [सत्त्वान्] જીવોને [संसारदुःखतः] સંસારનાં દુઃખોથી ઉગારીને [उत्तमे सुखे] સ્વર્ગ—મોક્ષાદિકના ઉત્તમ સુખમાં [धरति] ધરે છે—મૂકે છે.

**ટીકા** :—'देशयामि' કહું છું. કોને? 'धर्मम्' ધર્મને. કેવા ધર્મને? 'समीचीनं' અબાધિત અને તેનું આચરણ કરનારાઓને આ લોક તેમ જ પરલોકમાં ઉપકારક એવા ધર્મને. તમે તે (ધર્મ) એવો છે એમ કેવી રીતે નક્કી કર્યું, તે કહે છે. 'कर्मनिबर्हणं' કારણ કે તે (સમ્યગ્) ધર્મ સંસારના દુઃખોને પેદા કરનાર કર્મોનો વિનાશક છે. આ જ અર્થનું વ્યુત્પત્તિ દ્વારા સમર્થન કરી કહે છે. 'संसारेत्यादि' ચતુર્ગતિરૂપ સંસારમાં શારીરિક અને માનસિકાદિ દુઃખો છે, તેમાંથી 'सत्त्वान्' જીવોને—પ્રાણીઓને ઉગારીને 'यो धरति' જે સ્થાપે છે. ક્યાં? 'उत्तमे सुखे' સ્વર્ગ—મોક્ષાદિમાં ઉત્પન્ન થતા સુખમાં, તેને ધર્મ કહેવામાં આવે છે.

**ભાવાર્થ** :—અહીં શ્રી સમન્તભદ્રાચાર્ય પ્રતિજ્ઞા રૂપે કહે છે કે :—

'હું સંસારી જીવોનાં દુઃખોનાં કારણભૂત કર્મોના વિનાશક એવા સમ્યગ્ધર્મને કહું છું, જે ધર્મ ચતુર્ગતિરૂપ સંસારનાં શારીરિક અને માનસિક દુઃખોમાંથી જીવોને છોડાવી—બચાવીને ઉત્તમ સુખમાં—મોક્ષસુખમાં સ્થાપે છે—ધારણ કરે છે.

---

१. प्रतिपादयामि ख० घ०।

अथैवंविधधर्मस्वरूपतां कानि प्रतिपद्यन्त इत्याह—

**सद्दृष्टिज्ञानवृत्तानि धर्मं धर्मेश्वरा विदुः।**
**यदीयप्रत्यनीकानि भवन्ति भवपद्धतिः ।।३।।**

---

## વિશેષ

જે નરક-તિર્યંચાદિક ગતિમાં પરિભ્રમણરૂપ સંસારનાં દુઃખોથી જીવોને છોડાવીને ઉત્તમ અર્થાત્ અવિનાશી અતીન્દ્રિય મોક્ષસુખમાં ધારણ કરે તે ધર્મ. આ સત્ય (નિશ્ચય) ધર્મનું લક્ષણ છે.

ધર્મ તો આત્માનો સ્વભાવ છે. वस्तुस्वभावो धर्मो। તે આત્માની અંદર છે. તીર્થ, મંદિર, મૂર્તિ આદિ તથા દેવ-ગુરુ આદિ પરપદાર્થોમાં નથી.[1] માટે સ્વાશ્રય દ્વારા પરનું અવલંબન છોડી પોતાના જ્ઞાતા-દ્રષ્ટારૂપ સ્વભાવનું શ્રદ્ધાન, અનુભવ તથા જ્ઞાયક સ્વભાવમાં જ પ્રવર્તનરૂપ આચરણ કરવું તે જ સમીચીન નિશ્ચય ધર્મ છે.

પ્રસ્તુત શ્લોકમાં 'समीचीनं' 'कर्मनिबर्हणम्' અને 'धरति उत्तमे सुखे'—આ શબ્દો નિશ્ચયધર્મને જ સૂચવે છે. કારણ કે નિશ્ચયધર્મ જ જીવને ઉત્તમ સુખમાં ધરતો હોવાથી સમીચીન (સત્યાર્થ—અબાધિત) હોઈ શકે, તેનાથી જ કર્મનો નાશ થાય અને તેનાથી જ ઉત્તમ સુખની પ્રાપ્તિ થાય.

વ્યવહારધર્મ શુભભાવરૂપ છે, તે આસ્રવ તત્ત્વ છે; તેનાથી કર્મબંધ થાય પણ કર્મનો નાશ થાય નહિ અને તેનાથી સ્વર્ગાદિનું સુખ પ્રાપ્ત થાય પણ મોક્ષનું સુખ (ઉત્તમ સુખ) પ્રાપ્ત થાય નહિ—એમ ટીકાકારનો ભાવ સમજવો.

આ શ્રાવકાચારનું શાસ્ત્ર છે. શ્રાવકનું ગુણસ્થાન પાંચમું છે. મુનિપદ ધારણ કર્યા વિના અને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા વિના કોઈ મોક્ષ પામે નહિ. ભગવાનના કાળમાં પણ ચરમશરીરી જીવ હોય તે જ મોક્ષ પામે છે.

શ્રાવકને તો સમ્યક્ત્વપૂર્વક શુભોપયોગ હોય છે, તેથી તેવા શુભરાગના પ્રશસ્ત ફળભૂત સ્વર્ગને જ તે પ્રથમ પામે, પછી મનુષ્ય થઈ અલ્પ ભવમાં પોતાનો પુરુષાર્થ વધારી મોક્ષ પામે છે, તેથી ટીકાકાર આચાર્યે સ્વર્ગનું અને મોક્ષનું સુખ ધર્મથી પ્રાપ્ત થાય છે, તેમ કહ્યું છે. ૨.

હવે એવા ધર્મસ્વરૂપે કયા ભાવોને સ્વીકારવામાં આવે છે તે કહે છે :—

૧. જુઓ યોગસાર ગાથા ૪૨ થી ૪૫.

दृष्टिश्च तत्त्वार्थश्रद्धानं, ज्ञानं च तत्त्वार्थप्रतिपत्तिः वृत्तं चारित्रं पापक्रियानिवृत्तिलक्षणं। सन्ति समीचीनानि च तानि दृष्टिज्ञानवृत्तानि च। 'धर्मं' उक्तस्वरूपं। 'विदुः' वदन्ति प्रतिपादयन्ते। के ते? 'धर्मेश्वराः' रत्नत्रयलक्षणधर्मस्य ईश्वरा अनुष्ठातृत्वेन प्रतिपादकत्वेन च स्वामिनो जिननाथाः। कुतस्तान्येव धर्मो न पुनर्मिथ्यादर्शनादीन्यपीत्याह—यदीयेत्यादि। येषां सद्दृष्ट्यादीनां सम्बन्धीनि यदीयानि तानि च तानि प्रत्यनीकानि च प्रतिकूलानि मिथ्यादर्शनादीनि 'भवन्ति' सम्पद्यन्ते। का? 'भवपद्धतिः' संसारमार्गः। अयमर्थः—यतः सम्यग्दर्शनादिप्रतिपक्षभूतानि मिथ्यादर्शनादीनि संसारमार्गभूतानि[१]। अतः सम्यग्दर्शनादीनि

---

## (ધર્મનું લક્ષણ)

### શ્લોક ૩

**અન્વયાર્થ :—**[धर्मेश्वराः] ધર્મના પ્રતિપાદક તીર્થંકરદેવ [सद्दृष्टिज्ञानवृत्तानि] સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રને (ત્રણેયની એકતાને) [धर्मं] ધર્મ [विदुः] કહે છે. [यदीयप्रत्यनीकानि] તેનાથી (સમ્યગ્દર્શનાદિથી) જે વિપરીત મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર છે તે [भवपद्धतिः] સંસાર-પરિભ્રમણનું કારણ [भवन्ति] છે.

**ટીકા :—**'दृष्टि' એટલે તત્ત્વાર્થશ્રદ્ધાન (-તત્ત્વ-સ્વરૂપસહિત અર્થનું—જીવાદિ પદાર્થોનું શ્રદ્ધાન, 'ज्ञानं' એટલે તત્ત્વાર્થપ્રતિપત્તિ—તત્ત્વાર્થની પ્રતિપત્તિ—તત્ત્વાર્થનું જ્ઞાન અને 'वृत्तं' એટલે પાપક્રિયાઓથી નિવૃત્તિરૂપ ચારિત્ર. તે અર્થાત્ દર્શન—જ્ઞાન—ચારિત્ર ત્રણે સમીચીન—સમ્યગ્ છે. 'धर्मं' ઉક્ત સ્વરૂપવાળાં દર્શન—જ્ઞાન—ચારિત્રને ધર્મ 'विदुः' કહે છે. કોણ કહે છે? 'धर्मेश्वराः' રત્નત્રયસ્વરૂપ ધર્મના ઈશ્વર અર્થાત્ તેનું આચરણ કરનાર અને તેનો ઉપદેશ કરનાર સ્વામી જિનનાથ (ભગવાન જિનેન્દ્રદેવ). શા કારણે તે જ (સમ્યગ્દર્શનાદિ જ) ધર્મ છે અને મિથ્યાદર્શનાદિ ધર્મ નથી? તે કહે છે—'यदीयेत्यादि' કારણ કે જે કાંઈ સમ્યગ્દર્શનાદિ છે તેનાથી તે પ્રતિકૂલ (વિપરીત) મિથ્યાદર્શનાદિ 'भवन्ति' છે. 'का' તે શું છે? 'भवपद्धतिः' તે સંસારનો માર્ગ છે. તેનો આ અર્થ છે :—

કારણ કે સમ્યગ્દર્શનાદિનાં પ્રતિપક્ષરૂપ જે મિથ્યાદર્શનાદિ છે તે સંસારના માર્ગભૂત

---

१. प्रमाणैः प्रसिद्धान्यतः कारणात् ख०। प्रसिद्धान्यतः सम्यग्दर्शनादीन्यपवर्गसुख घ०।

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



स्वर्गापवर्गसुखसाधकत्वाद्धर्मरूपाणि सिद्धयन्तीति॥३॥

(કારણભૂત) છે. તેથી સમ્યગ્દર્શનાદિ સ્વર્ગ-મોક્ષના સાધક હોવાથી તે ધર્મરૂપ સિદ્ધ થાય છે.

**ભાવાર્થ** :—જિનેન્દ્રદેવે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને (ત્રણેની એકતાને) ધર્મ અર્થાત્ [૧]મોક્ષમાર્ગ કહ્યો છે અને તેનાથી વિપરીત મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રને સંસારમાર્ગ કહ્યો છે. સમ્યગ્દર્શનાદિરૂપ ધર્મ-રત્નત્રયરૂપ ધર્મ સુખનું કારણ છે અને મિથ્યાદર્શનાદિરૂપ અધર્મ સંસારપરિભ્રમણરૂપ દુઃખનું કારણ છે.

## વિશેષ

વિપરીત (અન્યથા) અભિનિવેશ (અભિપ્રાય) રહિત જીવાદિ તત્ત્વોનું શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન છે. સંશય, વિપર્યય અને અનધ્યવસાય રહિત પોતાના આત્માનું તથા પરનું યથાર્થ જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે અને સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક આત્મામાં સ્થિરતા તે સમ્યક્ચારિત્ર છે.

‘‘......શ્રી પ્રવચનસારમાં પણ એ ત્રણેની એકાગ્રતા થતાં જ મોક્ષમાર્ગ કહ્યો છે, માટે એમ જાણવું કે—તત્ત્વશ્રદ્ધાન-જ્ઞાન વિના તો રાગાદિ ઘટાડવા છતાં, પણ મોક્ષમાર્ગ નથી તથા રાગાદિ ઘટાડ્યા વિના તત્ત્વશ્રદ્ધાન-જ્ઞાનથી પણ મોક્ષમાર્ગ નથી, પણ એ ત્રણે મળતાં જ સાક્ષાત્ મોક્ષમાર્ગ થાય છે........’’[૨]

‘‘અજ્ઞાન દશામાં જીવો દુઃખ ભોગવી રહ્યા છે તેનું કારણ તેમને પોતાના સ્વરૂપની ભ્રમણા છે. આ ભ્રમણાને ‘મિથ્યાદર્શન’ અથવા ખોટી માન્યતા કહે છે. જ્યાં પોતાના સ્વરૂપની ખોટી માન્યતા હોય ત્યાં પોતાના સ્વરૂપનું જ્ઞાન પણ ખોટું હોય; તે ખોટા જ્ઞાનને ‘મિથ્યાજ્ઞાન’ કહે છે. જ્યાં પોતાના સ્વરૂપની ખોટી માન્યતા અને ખોટું જ્ઞાન હોય ત્યાં ચારિત્ર પણ ખોટું જ હોય; આ ખોટા ચારિત્રને ‘મિથ્યાચારિત્ર’ કહે છે. અનાદિથી જીવોને ‘મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર’ ચાલ્યાં આવે છે; તેથી તેઓ સંસારપરિભ્રમણનાં દુઃખ ભોગવી રહ્યા છે.[૩]

૧. सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ॥१॥ મોક્ષશાસ્ત્ર.

૨. ગુજરાતી મોક્ષમાર્ગ પ્રકાશક પૃષ્ઠ ૩૧૯.

૩. ગુજરાતી મોક્ષશાસ્ત્ર પૃષ્ઠ ૯.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

ચરણાનુયોગનું વિધાન શ્રી મોક્ષમાર્ગ પ્રકાશકમાં પૃ. ૨૮૩ પર છે, તેનો ઉપયોગી ભાગ નીચે પ્રમાણે છે :—

"ચરણાનુયોગમાં જેમ જીવોને પોતાના બુદ્ધિગોચર ધર્મનું આચરણ થાય તેવો ઉપદેશ આપ્યો છે. હવે ધર્મ તો નિશ્ચયરૂપ મોક્ષમાર્ગ છે તે જ છે, પરંતુ તેમાં સાધનાદિ છે તે પણ ઉપચારથી ધર્મ છે. ત્યાં વ્યવહારનયની પ્રધાનતાથી નાના પ્રકારરૂપ ઉપચારધર્મના ભેદાદિકનું આમાં નિરૂપણ કરવામાં આવે છે. કારણ કે નિશ્ચય ધર્મમાં તો કાંઈ ગ્રહણ—ત્યાગનો વિકલ્પ જ નથી, તથા નીચલી અવસ્થામાં વિકલ્પ છૂટતો નથી. તેથી આ જીવને ધર્મ વિરોધી કાર્યોને છોડાવવાનો તથા ધર્મસાધનાદિ કાર્યોને ગ્રહણ કરવાનો આમાં ઉપદેશ છે. પૃષ્ઠ ૨૮૩.

"વળી જ્યાં નિશ્ચય સહિત વ્યવહારનો ઉપદેશ હોય ત્યાં સમ્યગ્દર્શનના અર્થે તત્ત્વોનું શ્રદ્ધાન કરાવીએ છીએ. તેનું જે નિશ્ચયરૂપ છે તે તો ભૂતાર્થ છે તથા વ્યવહારરૂપ છે તે ઉપચાર છે. એવા શ્રદ્ધાન સહિત વા સ્વ-પરના ભેદવિજ્ઞાનાદિ વડે પરદ્રવ્યોમાં રાગાદિ છોડવાના પ્રયોજનસહિત તે તત્ત્વોનું શ્રદ્ધાન કરવાનો ઉપદેશ આપીએ છીએ. એવા શ્રદ્ધાનથી અરિહંતાદિક વિના અન્ય દેવાદિ જૂઠા ભાસે ત્યારે તેની માન્યતા સ્વયં છૂટી જાય છે, તેનું પણ નિરૂપણ કરીએ છીએ." પૃષ્ઠ ૨૮૪.

"સમ્યગ્જ્ઞાનના અર્થે સંશયાદિ રહિતપણે એ તત્ત્વોને એ જ પ્રકારથી જાણવાનો ઉપદેશ આપીએ છીએ તે જાણવાના કારણરૂપ જૈનશાસ્ત્રોનો અભ્યાસ છે; તેથી તે પ્રયોજન અર્થે જૈનશાસ્ત્રોનો અભ્યાસ પણ સ્વયં થાય છે, તેનું નિરૂપણ કરીએ છીએ." પૃષ્ઠ ૨૮૪.

"તથા સમ્યક્ચારિત્ર અર્થે રાગાદિ દૂર કરવાનો ઉપદેશ આપીએ છીએ, ત્યાં એકદેશ વા સર્વદેશ પાપક્રિયાથી તે છૂટે છે. વળી મંદ રાગથી શ્રાવક-મુનિઓનાં વ્રતોની પ્રવૃત્તિ થાય છે, તથા મંદ રાગાદિનો પણ અભાવ થતાં શુદ્ધોપયોગની પ્રવૃત્તિ થાય છે, તેનું નિરૂપણ કરીએ છીએ." પૃષ્ઠ ૨૮૪.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતાને મોક્ષમાર્ગ કહો કે તેને સત્યાર્થ ધર્મનું સ્વરૂપ કહો-બંને એક જ છે.

અહીં ટીકાકારે નિશ્ચય સાથેના વ્યવહારધર્મને 'ધર્મ'ના અર્થમાં ઘટાવ્યો છે. કારણ કે તેમણે ટીકામાં સમ્યગ્દર્શનાદિને સ્વર્ગ-મોક્ષસુખનું સાધક કહ્યું છે.

तत्र सम्यग्दर्शनस्वरूपं व्याख्यातुमाह—

**श्रद्धानं परमार्थानामाप्तागमतपोभृताम्।**
**त्रिमूढापोढमष्टाङ्गं सम्यग्दर्शनमस्मयम्।।४।।**

सम्यग्दर्शनं भवति। किं? 'श्रद्धानं' रुचिः। केषां? 'आप्तागमतपोभृतां'

---

શાસ્ત્રોમાં નીચે પ્રમાણે 'ધર્મ'નો અર્થ કરેલો જોવામાં આવે છે—

૧. **નિશ્ચય ધર્મ** :—જે સ્વાશ્રિત છે અને સાક્ષાત્ મોક્ષનું કારણ છે.

૨. **વ્યવહાર ધર્મ** :—રૂઢિથી કહેવાતો શુભરાગરૂપ ધર્મ તે પરાશ્રિત છે અને સંસારનું કારણ છે.

૩. **નિશ્ચય સાથે વ્યવહાર ધર્મ** :—જ્યાં અંશે આત્મિક શુદ્ધિ પ્રગટી હોય છે તેનાથી સંવર-નિર્જરા થાય છે અને અંશે અશુદ્ધિ હોય છે તેનાથી આસ્રવ અને બંધ થાય છે. ચોથા ગુણસ્થાનથી અર્થાત્ અવિરત સમ્યગ્દ્રષ્ટિથી આ ધર્મની શરૂઆત થાય છે. શાસ્ત્રોમાં કેટલાક ઠેકાણે આ ધર્મને જ મોક્ષનું પરંપરા કારણ કહેવામાં આવ્યું છે. એકલા વ્યવહાર ધર્મને નહિ.

ધર્મના અનેક અર્થો થાય છે, માટે પૂર્વાપર જેવો સંબંધ હોય તેવો તેનો અર્થ વિચારવો. કહ્યું છે કે—

"જ્યાં જ્યાં જે જે યોગ્ય છે ત્યાં સમજવું તેહ" ૩.

તેમાં સમ્યગ્દર્શનના સ્વરૂપનું વ્યાખ્યાન કરતાં કહે છે—

## (સમ્યગ્દર્શનનું લક્ષણ)

### શ્લોક ૪

**અન્વયાર્થ** :—[परमार्थानाम्] પરમાર્થભૂત (સાચા) [आप्तागमतपोभृताम्] દેવ-શાસ્ત્ર-તપસ્વીનું [त्रिमूढापोढम्] ત્રણ મૂઢતા રહિત [अष्टाङ्गम्] આઠ અંગ સહિત અને [अस्मयम्] આઠ મદ રહિત [श्रद्धानं] શ્રદ્ધાન કરવું તે [सम्यग्दर्शनम्] સમ્યગ્દર્શન છે.

**ટીકા** :—'आप्तागमतपोभृतां सम्यग्दर्शनम्' આપ્તઆગમ-તપસ્વીનું જે સ્વરૂપ

**वक्ष्यमाणस्वरूपाणां। न चैवं षड्द्रव्यसप्ततत्त्वनवपदार्थानां श्रद्धानमसंगृहीतमित्याशंकनीयं [1]आगमश्रद्धानादेव तच्छ्रद्धानसंग्रहप्रसिद्धेः। अबाधितार्थप्रतिपादकमाप्तवचनं ह्यागमः। तच्छ्रद्धाने तेषां श्रद्धानं सिद्धमेव। किंविशिष्टानां तेषां? 'परमार्थानां' परमार्थभूतानां न पुनर्बौद्धमत[2] इव कल्पितानां। कथंभूतं श्रद्धानं? 'अस्मयं' न विद्यते वक्ष्यमाणो ज्ञानदर्पाद्यष्टप्रकारः स्मयो गर्वो यस्य तत्[3]। पुनरपि किंविशिष्टं[4]? 'त्रिमूढापोढं' त्रिभिर्मूढैर्वक्ष्यमाणलक्षणैरपोढं रहितं यत्। 'अष्टांगं' अष्टौ वक्ष्यमाणानि निःशंकितत्वादीन्यंगानि स्वरूपाणि यस्य।।४।।**

---

કહેવામાં આવ્યું છે એવા સ્વરૂપવાળા આપ્ત-આગમ-તપસ્વીનું શ્રદ્ધાન કરવું તે સમ્યગ્દર્શન છે. કેવા વિશેષતાવાળા આપ્ત-આગમ-તપસ્વીનું શ્રદ્ધાન કરવું તે સમ્યગ્દર્શન છે? 'परमार्थानाम्' પરમાર્થભૂત આપ્ત-આગમ-તપસ્વીનું શ્રદ્ધાન કરવું તે સમ્યગ્દર્શન છે, પરંતુ બૌદ્ધાદિ મતમાં જેવા કલ્પિત આપ્ત-આગમ-તપસ્વી છે તેવાનું શ્રદ્ધાન કરવું તે સમ્યગ્દર્શન નથી. કેવું શ્રદ્ધાન કરવું તે સમ્યગ્દર્શન છે? 'अस्मयं' 'त्रिमूढापोढं' 'अष्टाङ्गं' જેનું જે સ્વરૂપ કહેવામાં આવ્યું છે, એવા સ્વરૂપવાળા જ્ઞાન, દર્પાદિ આઠ પ્રકારના મદથી રહિત, જેનું જે સ્વરૂપ કહેવામાં આવ્યું છે એવા સ્વરૂપવાળી ત્રણ મૂઢતા રહિત અને જેનું જે સ્વરૂપ કહેવામાં આવ્યું છે એવા સ્વરૂપવાળા નિઃશંકિતત્વાદિ આઠ અંગો સહિત શ્રદ્ધાન કરવું, રુચિ કરવી તે સમ્યગ્દર્શન છે.

અહીં કોઈ શંકા કરે કે અન્ય શાસ્ત્રમાં છ દ્રવ્ય, સાત તત્ત્વ અને નવ પદાર્થોના શ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહ્યું છે, પણ અહીં આચાર્યે દેવ-આગમ-તપસ્વીની પ્રતીતિને સમ્યગ્દર્શન કહીને અન્ય શાસ્ત્રમાં પ્રતિપાદિત લક્ષણનો સંગ્રહ કર્યો નથી. તો એવી શંકા કરવી યોગ્ય નથી. કારણ કે આગમના શ્રદ્ધાનથી જ છ દ્રવ્ય, સાત તત્ત્વ અને નવ પદાર્થોના શ્રદ્ધાનરૂપ લક્ષણનો સંગ્રહ થઈ જાય છે. કેમ કે 'अबाधितार्थ प्रतिपादकमाप्त वचनं ह्यागमः' અબાધિત અર્થનું કથન કરનાર આપ્તનું વચન તે જ આગમ છે. તેથી આગમના શ્રદ્ધાનમાં જ છ દ્રવ્યાદિનું શ્રદ્ધાન સંગ્રહિત થઈ જાય છે.

**ભાવાર્થ :—**સાચા દેવ, સાચા આગમ અને સાચા ગુરુ—એ ત્રણેનું ત્રણ મૂઢતા રહિત, અષ્ટઅંગ સહિત અને આઠ મદ રહિત શ્રદ્ધાન કરવું તે સમ્યગ્દર્શન છે.

---

१. आप्तागमश्रद्धानादेव ख०।
२. बौद्धमत इव घ०।
३. न विद्यंते स्मया वक्ष्यमाणा यत्र इत्यादिपाठः ख०।
४. कथंभूतं ख०।

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



तत्र सद्दर्शनविषयतयोक्तस्याप्तस्य स्वरूपं व्याचिख्यासुराह—

## વિશેષ

**પ્રશ્ન :** મોક્ષશાસ્ત્રાદિ ગ્રંથોમાં તત્ત્વોનાં શ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહ્યું છે. જ્યારે અહીં સાચાં દેવ-શાસ્ત્ર અને ગુરુનાં શ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહ્યું છે. તો બંને લક્ષણોમાં વિરોધ આવશે?

**સમાધાન :—**ના, વિરોધ નહિ આવે, કારણ કે પદાર્થોનું પ્રતિપાદન કરનાર સાચા દેવ છે. તેમનાં અબાધિત વચનને જ આગમ કહેવામાં આવે છે. તે આગમના શ્રદ્ધાનથી તેમાં કહેલાં તત્ત્વોનું—પદાર્થોના શ્રદ્ધાનનું ગ્રહણ આપોઆપ આવી જાય છે. આ રીતે જ્યાં પદાર્થોના શ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહ્યું છે ત્યાં તેના પ્રતિપાદક દેવનાં શ્રદ્ધાનનું ગ્રહણ સ્વયં આવી જાય છે.

સત્યાર્થ આપ્ત વિના સત્યાર્થ આગમ કેવી રીતે પ્રગટે? અને બાધારહિત આગમના સાચા ઉપદેશ વિના સાત તત્ત્વાદિનું શ્રદ્ધાન કેવી રીતે થાય? તેથી તત્ત્વાદિનાં શ્રદ્ધાનનું મૂળ કારણ સત્યાર્થ આપ્ત જ છે.

મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહ્યું છે કે—

“અરિહંતનાં જે વિશેષણો છે તેમાં કેટલાક જીવાશ્રિત છે અને કોઈ પુદ્‌ગલાશ્રિત છે, તેમાંથી જીવના યથાવત્ વિશેષણો જાણે તો જીવ મિથ્યાદૃષ્ટિ રહે નહિ.”

*(જુઓ મોક્ષમાર્ગ પ્રકાશક, સાતમો અધિકાર, પૃષ્ઠ ૨૨૬.)*

“સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ મોક્ષમાર્ગ છે. એ જ મુનિનું સાચું લક્ષણ છે. તેને જીવ યથાવત્ ઓળખે તો તે મિથ્યાદૃષ્ટિ રહે જ નહિ. (પૃષ્ઠ ૨૨૭).

“અહીં (આગમમાં તો) અનેકાન્તરૂપ સાચા જીવાદિ તત્ત્વોનું નિરૂપણ છે તથા સાચો રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ દર્શાવ્યો છે, તેથી આ જૈન શાસ્ત્રોની ઉત્કૃષ્ટતા છે. તેને (અજ્ઞાની) ઓળખતો નથી. કેમ કે જો એ ઓળખાણ થઈ જાય તો તે મિથ્યાદૃષ્ટિ રહે નહિ.” (પૃષ્ઠ ૨૨૮)

આ સિદ્ધાંતને અનુસરી આ ગાથામાં નિશ્ચય સમ્યગ્દર્શનની વ્યાખ્યા આપી છે. ૪.

તેમાં સમ્યગ્દર્શનના વિષયરૂપે કહેલા આપ્તનું સ્વરૂપ કહેવાની ઈચ્છાથી કહે છે—

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

आप्तेनोत्सन्नदोषेण[1] सर्वज्ञेनागमेशिना।
भवितव्यं नियोगेन नान्यथा ह्याप्तता भवेत्॥५॥

'आप्तेन, भवितव्यं, 'नियोगेन' निश्चयेन नियमेन वा। किंविशिष्टेन ? 'उत्सन्नदोषेण' नष्टदोषेण। तथा 'सर्वज्ञेन' सर्वत्र विषयेऽशेषविशेषतः परिस्फुटपरिज्ञानधृता नियोगेन भवितव्यं। तथा 'आगमेशिना' भव्यजनानां हेयोपादेयतत्त्वप्रतिप्रतिहेतुभूतागमप्रतिपादकेन [2]नियमेन भवितव्ययं। कुत एतदित्याह—'नान्यथा ह्याप्तता भवेत्'। 'हि' यस्मात् अन्यथा उक्तविपरीतप्रकारेण, आप्तता न भवेत्॥५॥

---

## (આપ્તનું લક્ષણ)
### શ્લોક ૫

**અન્વયાર્થ** :—[आप्तेन] આપ્ત [नियोगेन] નિયમથી [उत्सन्नदोषेण] અઢાર દોષ રહિત વીતરાગ, [सर्वज्ञेन] સર્વજ્ઞ અને [आगमेशिना] આગમના ઈશ અર્થાત્ આગમના ઉપદેશક-હિતોપદેશી [भवितव्यम्] હોવા જોઈએ. [अन्यथा हि] કારણ કે કોઈ બીજી રીતે [आप्तता] આપ્તપણું (સાચું દેવપણું) [न भवेत्] હોઈ શકે નહિ.

**ટીકા** :—'आप्तेन' આપ્ત હોવા જોઈએ, 'नियोगेन' નિશ્ચયથી અથવા નિયમથી. કેવા વિશેષતાવાળા આપ્ત હોવા જોઈએ? 'उत्सन्नदोषेण' જેમના દોષ નાશ પામ્યા છે તેવા હોવા જોઈએ અર્થાત્ દોષ રહિત હોવા જોઈએ તથા 'सर्वज्ञेन' સમસ્ત વિષયોમાં કાંઈપણ બાકી રહ્યા વિના સંપૂર્ણ વિશેષતાઓથી પરિસ્પષ્ટ સંપૂર્ણ જ્ઞાન નિયમથી જેને હોય એવા (અર્થાત્ કાંઈપણ બાકી રહ્યા વિના સંપૂર્ણ દ્રવ્ય-ગુણ-પર્યાયનું પરિસ્પષ્ટ, સંપૂર્ણ જ્ઞાન નિયમથી જેને હોય એવા) હોવા જોઈએ. તથા 'आगमेशिना' ભવ્ય જીવોને હેય—ઉપાદેય તત્ત્વોની પ્રતિપત્તિના (તત્ત્વોના જ્ઞાનના) કારણભૂત જે આગમ છે તેના પ્રતિપાદક (ઉપદેશક) નિયમથી હોવા જોઈએ. શા કારણે એવા હોવા જોઈએ? તે કહે છે—'नान्यथा हि आप्तता भवेत्' કારણ કે અન્યથા અન્ય પ્રકારે કહ્યું તેનાથી વિપરીત પ્રકારે આપ્તપણું હોઈ શકે નહિ. (વીતરાગતા, સર્વજ્ઞતા અને આગમેશિતા—હિતોપદેશકતા આ ત્રણ વિશેષતાઓના અભાવમાં આપ્તપણું હોઈ શકે નહિ.)

---

१. 'च्छि' पाठान्तरं घ०।

२. नियोगेन, ख, ग।

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**ભાવાર્થ :**—જેનામાં વીતરાગતા (નિર્દોષપણું), સર્વજ્ઞતા અને પરમહિતોપદેશકપણું એ ત્રણ ગુણ હોય તેને જ આપ્ત કહે છે, આ ત્રણ લક્ષણ (ગુણ) વિના આપ્તપણું સંભવી શકે નહિ.

આપ્તમાં ક્ષુધા-તૃષાદિક અઢાર દોષો નથી, તેથી તેઓ નિર્દોષ છે-વીતરાગ છે. તેઓ ત્રિકાલવર્તી સમસ્ત ગુણ-પર્યાય સહિત સમસ્ત જીવ-પુદ્ગલ, ધર્મ-અધર્મ, આકાશ, કાલના અનંત પર્યાયોને યુગપત્ પ્રત્યક્ષ જાણે છે, તેથી તેઓ સર્વજ્ઞ છે અને તેઓ દિવ્યધ્વનિ દ્વારા દ્વાદશાંગ આગમના મૂળ ઉપદેશક છે. તેથી તેઓ આગમના ઈશ (સ્વામી) છે.

## વિશેષ

**પ્રશ્ન :**—આપ્તનાં આ ત્રણ લક્ષણો કેમ કહ્યાં? એક નિર્દોષતામાં (વીતરાગતામાં) જ બધાં લક્ષણો ન આવી જાય?

**સમાધાન :**—પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાલાદિમાં ક્ષુધા, તૃષા, રાગ, દ્વેષાદિક દોષો નથી, તેથી તેઓ નિર્દોષ છે. હવે નિર્દોષતા જ આપ્તનું લક્ષણ હોય તો પુદ્ગલ આદિ આપ્ત ઠરે, પણ આપ્ત તો ચેતન છે અને પુદ્ગલાદિક તો જડ છે; તેથી જડ ચેતન ઠરે. એ અતિવ્યાપ્તિ દોષ આવે.[1]

જો નિર્દોષતા (વીતરાગતા) અને સર્વજ્ઞતા એ બે લક્ષણો જેમાં હોય, તેને આપ્ત માનવામાં આવે તો તે બે લક્ષણો તો સિદ્ધમાં પણ છે, તેથી તે પણ આપ્ત ઠરે, પણ તેમનામાં હિતોપદેશીપણાનો અભાવ છે તેથી તેઓ આપ્ત નથી. તેમાં પણ અતિવ્યાપ્તિ દોષ આવે.

માટે વીતરાગતા, સર્વજ્ઞતા અને પરમહિતોપદેશકતા એ ત્રણે ગુણો સહિત દેવાધિદેવ પરમ ઔદારિક શરીરમાં તિષ્ઠતા ભગવાન સર્વજ્ઞ વીતરાગ અરહંતને જ

૧. "જે લક્ષ્ય તથા અલક્ષ્ય બંનેમાં હોય એવું લક્ષણ જ્યાં કહેવામાં આવે, ત્યાં અતિવ્યાપ્તિપણું જાણવું જેમ આત્માનું લક્ષણ 'અમૂર્તત્વ' કહ્યું, ત્યાં અમૂર્તત્વ લક્ષણ, લક્ષ્ય જે આત્મા તેમાં પણ હોય છે, તથા અલક્ષ્ય જે આકાશાદિ તેમાં પણ હોય છે, માટે એ લક્ષણ અતિવ્યાપ્તિ દોષ સહિત લક્ષણ છે, કારણ કે એ વડે આત્માને ઓળખતાં આકાશાદિક પણ આત્મા થઈ જાય, એ દોષ આવે....." (ગુજરાતી મોક્ષમાર્ગ પ્રકાશક—પૃષ્ઠ ૩૧૯.)

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



अथ के पुनस्ते दोषा ये [1]तत्रोत्सन्ना इत्याशंक्याह—

क्षुत्पिपासाजरातङ्कजन्मान्तकभयस्मयाः।
न रागद्वेषमोहाश्च यस्याप्तः स प्रकीर्त्यते।।६।।

क्षुच्च बुभुक्षा। पिपासा च तृषा। जरा च वृद्धत्वं। आतङ्कश्च व्याधिः। जन्म च कर्मवशाच्चतुर्गतिषूत्पतिः। अन्तकश्च मृत्युः। भयं चेहपरलोकात्राणागुप्ति-

આપ્તપણું છે, બીજા કોઈને નહિ—એમ નિશ્ચય કરવો. આ જ આપ્તનું નિર્દોષ લક્ષણ છે.

અહીં આપ્તનું સ્વરૂપ કહ્યું છે. તેને યથાવત્ જીવાશ્રિત અને પુદ્‌ગલાશ્રિત એવાં વિશેષણોના ભેદજ્ઞાનપૂર્વક જાણે તે જીવ મિથ્યાદૃષ્ટિ રહે નહિ. એ હેતુથી શ્લોક ૫ થી ૮ સુધી આપ્તનું સ્વરૂપ આપ્યું છે. ૫.

હવે વળી તે દોષો ક્યા છે? જે તેમનામાં (આપ્તમાં) નાશ પામ્યા છે. એવી આશંકા ઉઠાવીને કહે છે—

અઢાર દોષ રહિત આપ્ત (દેવ)નું લક્ષણ

**(વીતરાગ લક્ષણ)**

**શ્લોક ૬**

**અન્વયાર્થ** :—[यस्य] જેમને [क्षुत्पिपासाजरातङ्कजन्मान्तकभयस्मयाः] ક્ષુધા, તૃષા, ઘડપણ, રોગ, જન્મ, મરણ, ભય, ગર્વ, [रागद्वेषमोहाः] રાગ, દ્વેષ, મોહ, [च] અને (આશ્ચર્ય, અરતિ, ખેદ, મદ અથવા શોક, નિદ્રા, ચિન્તા, સ્વેદ) એ અઢાર દોષો [न] ન (सन्ति) હોય, [सः] તે [आप्तः] આપ્ત (સાચા દેવ) [प्रकीर्त्यते] કહેવાય છે.

**ટીકા** :—'क्षुध'—ખાવાની ઇચ્છા (ભૂખ), 'पिपासा'—તૃષા (તરસ), 'जरा'—વૃદ્ધત્વ (ઘડપણ), 'आतङ्क'—વ્યાધિ (રોગ), 'जन्म'—કર્મવશાત્ ચતુર્ગતિમાં ઉત્પત્તિ, 'अन्तकः'—મૃત્યુ, 'भय'—આ લોકનો, પરલોકનો, અરક્ષાનો, અગુપ્તિનો, મરણનો, વેદનાનો અને અકસ્માતનો એ સાત પ્રકારનો ભય, 'स्मयः'—જાતિ-કુલાદિનો દર્પ-ગર્વ,

१. येत्रोत्सन्ना घ०।

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**मरणवेदनाऽऽकस्मिकलक्षणं। स्मयश्च जातिकुलादिदर्पः। रागद्वेषमोहाः प्रसिद्धाः। चशब्दाच्चिन्ताऽरतिनिद्राविस्मय[1] मदस्वेदखेदा गृह्यन्ते। एतेऽष्टादशदोषा यस्य न सन्ति स आप्तः 'प्रकीर्त्यते' प्रतिपाद्यते। ननु चाप्तस्य भवेत् क्षुत्, क्षुदभावे आहारादौ प्रवृत्त्यभावाद्देहस्थितिर्न स्यात्। अस्ति चासौ, तस्मादाहारसिद्धिः। तथा हि। भगवतो देहस्थितिराहारपूर्विका, देहस्थितित्वादस्मदादिदेहस्थितिवत्। जैनेनोच्यते[2]—अत्र किमाहारमात्रं[3] साध्यते कवलाहारो वा। प्रथमपक्षे सिद्धसाधनता 'आसयोगकेवलिन**

---

**'रागद्वेषमोहाः'**—રાગ, દ્વેષ, મોહ એ દોષો તો પ્રસિદ્ધ છે—**च** શબ્દથી ચિંતા, અરતિ, નિદ્રા, વિસ્મય (આશ્ચર્ય), મદ, અથવા વિષાદ (શોક), સ્વેદ અને ખેદ—એ દોષો લેવા. આ અઢાર દોષો **'यस्य'** જેને **'न'** ન (सन्ति) હોય, **'सः'**—તે **'आप्तः'** આપ્ત (દેવ) **'प्रकीर्त्यते'**—કહેવાય છે.

**પ્રશ્ન :**—આપ્ત (ભગવાન)ને ક્ષુધા હોવી જોઈએ. (કેમ કે) ક્ષુધાદિના અભાવમાં આહારાદિકની પ્રવૃત્તિ નહિ હોય અને આહારાદિકમાં પ્રવૃત્તિ નહિ હોવાથી દેહની સ્થિતિ નહિ બને. (દેહની સ્થિતિ ટકી શકશે નહિ). પરંતુ આપ્ત ભગવાનને દેહની સ્થિતિ તો છે તેથી તેમને આહારની સિદ્ધિ છે. આ પ્રમાણે આપ્તને આહારની સિદ્ધિ થાય છે. અમારા જેવાના દેહની સ્થિતિની માફક આપ્ત ભગવાનને દેહની સ્થિતિ હોવાથી તેમના દેહની સ્થિતિ આહારપૂર્વક હોવી જોઈએ.

**ઉત્તર :**—જૈન તેનો ઉત્તર આપે છે. તે સામા પક્ષવાળાને પૂછે છે—આપ્ત ભગવાનને (દેહસ્થિતિ સંબંધમાં) તમારે માત્ર આહાર સિદ્ધ કરવો છે કે કવલાહાર? પ્રથમ પક્ષ લ્યો તો તેમને માત્ર આહારનું સાધન તો સિદ્ધ થાય છે, કેમ કે **'आसयोगकेवलिन**

---

१. अस्य स्थाने 'विषाद' इति पाठः ख, ग, घ०।

२. जैनेनोच्यते ख–पुस्तके नास्ति। जैनैर्न तदुच्यते घ।

३. णोकम्म कम्महारो कवलाहारो य लेप्पमाहारो।
ओज मणो हि य कमसो आहारो छव्विहो णेओ॥
णोकम्मं तित्थयरे कम्मं णारेय माणसो अमरे।
कवलाहारो णर–पसु ओज्जो पक्खीण लेप्प रुक्खाणं।
विग्गहगइमावण्णा केवलिणो सम्मुहदो अजोगी य।
सिद्धा य अणाहारा सेसा आहारिणो जीवा॥

**आहारिणो जीवा' इत्यागमाभ्युपगमात्। द्वितीयपक्षे तु देवदेहस्थित्या व्यभिचारः। देवानां सर्वदा कवलाहाराभावेऽप्यस्याः संभवात्। अथ[1] मानसाहारात्तेषां तत्स्थितिस्तर्हि[2] केवलिनां कर्मनोकर्माहारात् सास्तु। अथ मनुष्यदेहस्थितित्वादस्मदादिवत्सा तत्पूर्विका इष्यते तर्हि तद्वदेव तद्देहे सर्वदा निःस्वेदत्वाद्यभावः स्यात्। अस्मदादावनुपलब्धस्यापि तदतिशयस्य तत्र संभवे भुक्त्यभावलक्षणोऽप्यतिशयः किं न स्यात्। किं च अस्मदादौ दृष्टस्य धर्मस्य भगवति सम्प्रसाधने तज्ज्ञानस्येन्द्रिय[3] जिनतत्वप्रसंगः। तथा हि—भगवतो ज्ञानमिन्द्रियजं**

---

**आहारिणो जीवाः'** સયોગ કેવલી સુધીના જીવો આહારક છે.—એમ આગમથી જાણવા મળે છે. જો બીજો પક્ષ કવલાહારનો લ્યો તો દેવોના દેહની સ્થિતિ સાથે વ્યભિચાર આવે છે; કારણ કે (સ્વર્ગના) દેવોને સદા કવલાહારનો અભાવ હોવા છતાં પણ દેહની સ્થિતિ તો સંભવે છે. (તેથી કવલાહારથી જ દેહની સ્થિતિ ટકે છે તે માન્યતા ખોટી ઠરે છે.)

હવે (ત્યાં) જો એમ કહેવામાં આવે કે દેવોને માનસિક આહાર છે, તેનાથી તેમના દેહની સ્થિતિ ટકે છે, તો કેવલીઓને કર્મ-નોકર્મના આહારથી દેહની સ્થિતિ ટકે છે; એમ માનો.

હવે જો એમ કહેવામાં આવે કે આપણા જેવાના મનુષ્ય દેહની માફક કેવલી ભગવાનને મનુષ્ય દેહની સ્થિતિ છે, તેથી આપણા દેહની જેમ (તેથી જેમ આપણા દેહની સ્થિતિ આહારપૂર્વક છે તેમ) કેવલી ભગવાનના દેહની સ્થિતિ આહારપૂર્વક માનવી જોઈએ. તો તેનો ઉત્તર એ છે કે જેવી રીતે કેવલી ભગવાનના શરીરમાં સર્વદા પરસેવાદિનો અભાવ છે, તેવી જ રીતે આપણા આદિના શરીરમાં પણ સર્વદા પરસેવાદિનો અભાવ હોવો જોઈએ, (કેમ કે બંનેમાં મનુષ્ય શરીરત્વરૂપ હેતુ વિદ્યમાન છે.) એના ઉત્તરમાં હવે જો એમ કહેવામાં આવે કે આપણા જેવાના શરીરમાં તે અતિશય સંભવતો નથી, (જેથી પરસેવાદિનો અભાવ હોય) પરંતુ કેવલી ભગવાનમાં એ અતિશય સંભવે છે (જેના કારણે તેનામાં શરીરમાં પરસેવો આદિ નથી હોતાં). તો પછી (જ્યારે કેવલી ભગવાનને પરસેવાદિના અભાવનો અતિશય માનવામાં આવે છે ત્યારે) તેમને ભોજનના (કવલાહારના) અભાવરૂપ અતિશય પણ કેમ ન સંભવે?

વળી બીજી વાત એ છે, કે જે ધર્મ આપણા જેવામાં જોવામાં આવે છે તેવો ધર્મ જો અર્હંત ભગવાનમાં પણ સિદ્ધ કરવામાં આવે, તો તેમના જ્ઞાનને ઇન્દ્રિયજનિત હોવાનો

---

१. 'अथ मानसाहारास्तेषां तत्रस्थितिस्तर्हि केवलिनां कर्मनोकर्माहारात्' इति पाठो घ पुस्तके नास्ति।

२. 'तर्हि' इति ख, ग पुस्तकयोर्नास्ति।    ३. तज्ज्ञानस्येन्द्रियजत्व–घ०।

ज्ञानत्वात् अस्मदादिज्ञानवत्। अतो भगवतः केवलज्ञानलक्षणातीन्द्रियज्ञानासंभवात् सर्वज्ञत्वाय दत्तो जलाञ्जलिः। ज्ञानत्वाविशेषेऽपि तज्ज्ञानस्यातीन्द्रियत्वे देहस्थितित्त्वा-विशेषेऽपि तद्देहस्थितेरकवलाहारपूर्वकत्वं किं न स्यात्। वेदनीयसद्भावात्तस्य बुभुक्षोत्पत्तेर्भोजनादौ प्रवृत्तिरित्युक्तिरनुपपन्ना; मोहनीयकर्मसहायस्यैव वेदनीयस्य बुभुक्षोत्पादने सामर्थ्यात्। 'भोक्तुमिच्छा हि बुभुक्षा', सा मोहनीयकर्मकार्यत्वात् कथं प्रक्षीणमोहे भगवति स्यात् ? अन्यथा रिरंसाया अपि तत्र प्रसंगात् कमनीयकामिन्यादिसेवाप्रसक्तेरीश्वरादेस्तस्या-विशेषाद्वीतरागता न स्यात्। विपक्षभावनावशाद्रागादीनां हान्यतिशयदर्शनात् केवलिनि

---

પ્રસંગ આવશે. તે આ પ્રમાણે—ભગવાનનું જ્ઞાન ઇન્દ્રિયજનિત છે, કારણ કે આપણા જેવાના જ્ઞાનની માફક જ ભગવાનનું જ્ઞાન હોવાથી અને ભગવાનનું જ્ઞાન ઇન્દ્રિયજનિત ઠરતાં અર્હંત ભગવાનને કેવલજ્ઞાનરૂપ અતીન્દ્રિય જ્ઞાનનો અસંભવ થવાથી તેમના સર્વજ્ઞપણાને જલાંજલિ અપાઈ ગઈ. (તેમને સર્વજ્ઞતાના અભાવનો પ્રસંગ આવે.) વળી જો એમ કહેવામાં આવે કે આપણા જેવાના અને તેમના જ્ઞાનમાં જ્ઞાનત્વની અપેક્ષાએ સમાનતા હોવા છતાં કેવલી ભગવાનનું જ્ઞાન અતીન્દ્રિય છે, તો તેનો ઉત્તર એ છે કે (આપણા જેવાને જેમ દેહની સ્થિતિ છે તેમ કેવલી ભગવાનને પણ દેહની સ્થિતિ છે એ રીતે) દેહની સ્થિતિની અપેક્ષાએ બંનેમાં સમાનતા હોવા છતાં કેવલી ભગવાનના દેહની સ્થિતિ કવલાહારના અભાવપૂર્વક (કવલાહાર વિના) કેમ ન હોઈ શકે? (જેવો તેમને જ્ઞાનનો અતિશય છે તેવો કવલાહાર વિના તેમના દેહની સ્થિતિનો અતિશય કેમ ન માનો?)

(વળી તમે કહો કે) વેદનીય કર્મના સદ્ભાવથી તેમને (કેવળીને) ભોજનની ઇચ્છાની ઉત્પત્તિ છે અને તેથી ભોજનાદિમાં (તેમની) પ્રવૃત્તિ છે, તો એમ કહેવું યોગ્ય નથી, કારણ કે મોહનીય કર્મ સહિત જ વેદનીય કર્મને ભોજનની ઇચ્છા ઉત્પન્ન કરવાનું સામર્થ્ય છે. ખાવાની (ભોજન કરવાની) ઇચ્છા તે બુભુક્ષા-તે મોહનીય કર્મનું કાર્ય હોવાથી જેમનો મોહ પ્રક્ષીણ થઈ ગયો છે તેવા અર્હન્ત ભગવાનમાં તે કેમ હોઈ શકે? નહિતર (અર્થાત્ મોહના અભાવમાં પણ ઇચ્છાની ઉત્પત્તિ થાય તો) સ્ત્રી સાથે રમવાની ઇચ્છાનો પણ પ્રસંગ આવે અને સુંદર સ્ત્રી આદિની સેવામાં આસક્ત જન અને સર્વજ્ઞ-અર્હંત દેવમાં વિશેષતા ન રહેવાથી તેમને વીતરાગતા કેમ હોઈ શકે? (અર્થાત્ સુંદર શય્યામાં શયન, આભરણ, વસ્ત્રાદિ ભોગોપભોગની ઇચ્છાનો પ્રસંગ આવે તો અર્હન્ત ભગવાનને વીતરાગતાનો અભાવ થયો. એ દોષ આવે; કારણ કે જ્યાં ઇચ્છા હોય ત્યાં વીતરાગતા હોઈ શકે નહિ.)

तत्परमप्रकर्षप्रसिद्धेर्वीतरागतासंभवे भोजनाभावपरमप्रकर्षोऽपि तत्र किं न स्यात्, तद्भावनातो भोजनादावपि हान्यतिशयदर्शनाविशेषात्। तथा हि—एकस्मिन् दिने योऽनेकवारान् भुंक्ते, कदाचित् विपक्षभावनावशात् स एव पुनरेकवारं भुंक्ते। कश्चित् पुनरेकदिनाद्यन्तरित-भोजन; अन्यः पुनः पक्षमाससंवत्सराद्यन्तरितभोजन इति। किं च—बुभुक्षापीडानिवृत्ति-र्भोजनरसास्वादनाद्भवेत् तदास्वादनं चास्य रसनेन्द्रियात् केवलज्ञानाद्वा? रसनेन्द्रियाच्चेत् मतिज्ञानप्रसंगात् केवलज्ञानाभावः स्यात्। केवलज्ञानाच्चेत् किं भोजनेन? दूरस्थस्यापि त्रैलोक्योदरवर्तिनो रसस्य परिस्फुटं तेनानुभवसंभवात्। कथं चास्य

---

જો એમ કહેવામાં આવે કે વિપક્ષ (વિરુદ્ધ—વિપરીત) ભાવનાના વશથી રાગાદિની હીનતાનો અતિશય જોવામાં આવે છે (અર્થાત્ રાગાદિકથી વિરુદ્ધ ભાવના કરવાથી રાગાદિકમાં હ્રાસ જોવામાં આવે છે). કેવલી ભગવાનમાં તેની (રાગાદિકના હ્રાસની) પરમ પ્રકર્ષતા (ચરમ સીમા) સિદ્ધ હોવાથી તેમને વીતરાગતા સંભવે છે. (તેમની વીતરાગતામાં બાધ આવતો નથી.) તેનો ઉત્તર એ છે કે જો એમ છે, તો તેમનામાં ભોજનના અભાવની પરમ પ્રકર્ષતા પણ કેમ ન હોઈ શકે? કારણ કે ભોજનના અભાવની ભાવનાથી ભોજનાદિકમાં પણ (સામાન્ય મનુષ્ય અને ભગવાન બંનેમાં) અવિશેષપણે હ્રાસનો અતિશય જોવામાં આવે છે.

તે આ પ્રમાણે—જે એક દિવસમાં અનેકવાર ભોજન કરે છે તે જ વિપક્ષ ભાવનાથી (રાગના—ઇચ્છાના અભાવસ્વરૂપ ભાવનાથી) કદાચિત્ એકવાર ભોજન કરે છે. કોઈ તો એક દિવસના આંતરે ભોજન કરે છે, તો વળી અન્ય કોઈ પક્ષ, માસ, વર્ષાદિના આંતરે ભોજન કરે છે.

વળી બીજી વાત એ છે કે અરહંત ભગવાનને જો બુભુક્ષા સંબંધી પીડાની નિવૃત્તિ ભોજનના રસાસ્વાદથી થતી હોય તો અમે પૂછીએ છીએ, કે તે રસાસ્વાદન તેમને રસનેન્દ્રિયથી થાય છે કે કેવલજ્ઞાનથી? જો રસનેન્દ્રિયથી થાય છે એમ કહો તો તેમને મતિજ્ઞાનનો પ્રસંગ આવવાથી કેવલજ્ઞાનનો અભાવ થાય. આ દોષથી બચવાને માટે જો કેવલજ્ઞાનથી રસાસ્વાદન થાય છે એમ કહો તો ભોજનની શી જરૂર છે? કારણ કે દૂર રહેવા છતાં પણ ત્રણ લોકની અંદર વર્તતા રસનો પરિસ્પષ્ટ (પ્રત્યક્ષ) અનુભવ કેવલજ્ઞાન દ્વારા થઈ શકે છે.

केवलज्ञानसंभवो भुंजानस्य श्रेणीतः पतितत्वं प्रमत्तगुणस्थानवर्तित्वात्। अप्रमत्तो[१] हि साधुराहारकथामात्रेणापि प्रमत्तो भवति नार्हन्भुजानोऽपीति महच्चित्रं। अस्तु तावज्ज्ञानसंभवः तथाप्यसौ केवलज्ञानेन पिशिताद्यशुद्धद्रव्याणि पश्यन् कथं भुंजीत अन्तरायप्रसंगात्। गृहस्था अप्यल्पसत्वास्तानि पश्यन्तोऽन्तरायं कुर्वन्ति किं पुनर्भगवाननन्तवीर्यस्तन्न कुर्यात्। तदकरणे वा तस्य तेभ्योऽपि हीन[३] सत्त्वप्रसंगात्। क्षुत्पीडासंभवे चास्य कथमनन्तसौख्यं स्यात् यतोऽनन्तचतुष्टयस्वामितास्य। न हि सान्तरायस्यानन्तता युक्ता ज्ञानवत्। न च बुभुक्षा पीडैव न भवतीत्यभिधातव्यं ''क्षुधासमा नास्ति शरीरवेदना'' इत्यभिधानात्। तदलमतिप्रसंगेन प्रमेयकमलामार्तण्डे न्याय-

વળી એક વાત આ પણ છે કે ભોજન કરનાર અર્હંત ભગવાનને કેવલજ્ઞાન કેવી રીતે સંભવી શકે? કારણ કે ભોજન કરવાથી શ્રેણીથી નીચે પડવાથી તે પ્રમત્ત ગુણસ્થાનવર્તી થઈ જશે. જ્યારે અપ્રમત્ત સાધુ આહારની કથા કરવા માત્રથી પણ ખરેખર પ્રમત્ત થાય છે ત્યારે અરહંત ભગવાન ભોજન કરતા થકા પણ પ્રમત્ત ન થાય તે મહાન આશ્ચર્ય છે અથવા ઘડીભર કેવલજ્ઞાન માની પણ લેવામાં આવે તોપણ તેઓ કેવલજ્ઞાન દ્વારા માંસ આદિ અશુદ્ધ દ્રવ્યોને દેખતા થકા અંતરાયનો પ્રસંગ આવવાથી કેવી રીતે ભોજન કરી શકે? અલ્પ શક્તિવાળા ગૃહસ્થો પણ માંસાદિ અશુદ્ધ દ્રવ્યોને દેખતા થકા અંતરાય કરે છે (પામે છે) તો પછી અનંત વીર્યવાન ભગવાન શું અંતરાય ન કરે? (તો અનંત વીર્યવાન ભગવાન શા માટે અંતરાય ન પામે?) વળી જો તે ભગવાન અંતરાય ન કરે તો તેમને તેમનાથી (ગૃહસ્થોથી) પણ હીન શક્તિ હોવાનો પ્રસંગ આવે.

જો તેમને ક્ષુધા સંબંધી પીડા હોય તો તેમને અનંત સૌખ્ય કેવી રીતે હોઈ શકે? (ન જ હોઈ શકે.) કારણ કે તેમને અનંત ચતુષ્ટયનું સ્વામીપણું તો નિયમથી હોય છે. જે અંતરાય સહિત હોય તેની અનંતતા ઘટતી નથી, જ્ઞાનની માફક. (અર્થાત્ જેવી રીતે અંતરાય સહિત જ્ઞાનમાં અનંતતા ઘટી શકતી નથી, તેવી રીતે અંતરાય સહિત સુખમાં અનંતતા ઘટી શકતી નથી.)

વળી 'બુભુક્ષા પીડા જ નથી' એમ કહી શકાશે નહિ, કેમ કે 'क्षुधासमा नास्ति शरीरवेदना' ક્ષુધાની સમાન બીજી કોઈ શરીર વેદના નથી—એવું વચન છે. માટે બહુ વિસ્તારથી બસ થાઓ, કારણ કે પ્રમેયકમલમાર્તણ્ડમાં અને ન્યાયકુમુદચંદ્રોદય

१. अप्रमत्तोऽपि ख। २. सत्त्वानि ख, ग। ३. हीनत्व ख।

कुमुदचन्द्रे च प्रपञ्चतः प्ररूपणात्॥६॥

---

ગ્રંથમાં વિસ્તારથી તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

**ભાવાર્થ :**—આપ્તમાં (સાચા દેવમાં) ક્ષુધા, તૃષાદિ અઢાર દોષો હોતા નથી, તેથી તેઓ વીતરાગ કહેવાય છે. આ દોષોમાં ભય, રાગ, દ્વેષ, મોહ, ચિન્તા, ખેદ, મદ (ગર્વ), રતિ, વિસ્મય (આશ્ચર્ય), ઉદ્વેગ (શોક)—આ દોષો તો મોહનીયકર્મના અભાવમાં નષ્ટ થઈ ગયા છે. નિદ્રા દર્શનાવરણ કર્મના અભાવમાં નષ્ટ થઈ જાય છે. ક્ષુધા, તૃષા, ઘડપણ, રોગ, સ્વેદ (પરસેવો)—એ શરીરની અવસ્થાઓ છે. ભગવાનને પરમ ઔદારિક શરીર હોવાથી આ દોષોનો પણ અભાવ હોય છે. જન્મ તથા મરણ તો કર્મ સહિત જીવોને હોય છે. ભગવાન તો જીવનમુક્ત છે અને સર્વ કર્મોનો નાશ કરી દેહમુક્ત થાય છે, તેથી આ અઢાર દોષો યા તેના સહચરરૂપ આત્મા અથવા શરીર સંબંધી અન્ય કોઈપણ દોષ આપ્તમાં હોતા નથી. આ દોષોમાં ક્યા દોષો જીવાશ્રિત છે અને ક્યા દોષો શરીરાશ્રિત છે, તે જાણી વિવેક કરવો યોગ્ય છે.

## વિશેષ

કેટલાક ભગવાનને કવલાહાર માને છે, કારણ કે તેમની માન્યતા પ્રમાણે કવલાહાર વિના દેહની સ્થિતિ હોઈ શકે નહિ. પરંતુ તે માન્યતા બરાબર નથી, કારણ કે દેવોને કવલાહાર નથી છતાં તેમના દેહની સ્થિતિ સાગરોપર્યન્ત બની રહે છે. તેમની દેહની સ્થિતિનું કારણ માનસિક આહાર છે, તેમ ભગવાનની દેહની સ્થિતિનું કારણ કર્મ-નોકર્મ આહાર છે, નહિ કે કવલાહાર. કહ્યું છે કે—

‘णोकम्मकम्माहारो कवलाहारो य लेपमाहारो।
उज्झमणो वि य कमसो आहारो छब्बिहो भणियो॥४॥
णोकम्मं तित्थयरे कम्मं णिरयेय माणसो अमरे।
कवलाहारो णरपसु उज्झो पक्खी च इगि लेपो॥५॥

**અર્થ :**—નોકર્મ આહાર, કર્મ આહાર, કવલાહાર, લેપાહાર, ઓજ આહાર અને માનસિક આહાર—એમ આહાર છ પ્રકારના કહ્યા છે. ૪.

તીર્થંકર ભગવાનને નોકર્મ વર્ગણાના ગ્રહણરૂપ આહાર હોય છે, નારકીને કર્મ ભોગવવારૂપ આહાર હોય છે, દેવોને માનસિક આહાર હોય છે, (તેમને મનમાં ઈચ્છા થતાંની સાથે કંઠમાંથી અમૃત ઝરે છે, તેનાથી તેમને તૃપ્તિ થાય છે.) મનુષ્ય અને પશુઓને

કવલાહાર હોય છે, પક્ષીઓને ઓજાહાર (માતાના ઉદરની ગરમીઉષ્મારૂપ આહાર) અને પૃથ્વી આદિ એકેન્દ્રિય જીવને લેપાહાર (પૃથ્વી આદિને સ્પર્શરૂપ આહાર) હોય છે. ૫.

શ્રી પ્રવચનસાર ગાથા ૨૦માં અતીન્દ્રિયપણાને લીધે જ શુદ્ધ આત્માને શારીરિક સુખ-દુઃખ નથી, એમ વ્યક્ત કર્યું છે, ત્યાં કેવળી ભગવાનને ઇન્દ્રિય સમૂહ નથી. તેમ શુદ્ધ આત્માને શરીર સંબંધી સુખ-દુઃખ નથી. તથા કેવળી ભગવાનને શરીર સંબંધી ક્ષુધાદિ દુઃખ કે ભોજનાદિ સુખ હોતું નથી, તેથી તેમને કવલાહાર હોતો નથી; એમ કહ્યું છે.

ભગવાનને કવલાહાર હોય એમ માનનારા ભગવાનને પરમ ઉત્કૃષ્ટ અતીન્દ્રિય સુખ માનતા જ નથી—શ્રદ્ધતા નથી, તેથી તે અભવ્ય છે અને ભવ્યો તેનો સ્વીકાર કરે છે; એમ પ્રવચનસાર ગાથા ૬૨માં કહ્યું છે. માટે ભગવાનને કવલાહાર હોઈ શકે નહિ એમ શ્રદ્ધા કરવી.

વળી જેવો આપણામાં ધર્મ છે તેવો જ કેવલી ભગવાનમાં ધર્મ હોવો જોઈએ, તેથી આપણી માફક કેવલી ભગવાનમાં પણ દેહની સ્થિતિ ભોજનથી હોવી જોઈએ—એમ જો કહેવામાં આવે તો જેમ કેવલી ભગવાનના શરીરમાં પરસેવાદિના અભાવરૂપ ધર્મ છે તેમ આપણા શરીરમાં પણ પરસેવાદિનો અભાવ હોવો જોઈએ. એના ઉત્તરમાં જો એમ કહેવામાં આવે કે કેવલી ભગવાનમાં અતિશય હોવાથી તેમના શરીરમાં પરસેવો આદિ થતાં નથી તો પછી કેવલી ભગવાનને કવલાહારના અભાવનો અતિશય કેમ ન સંભવે? માટે કવલાહારથી તેમના દેહની સ્થિતિ માનવી ઉચિત નથી.

વળી કોઈ કહે કે કેવલીને વેદનીય કર્મનો સદ્ભાવ હોવાથી ભોજનની ઇચ્છા અને તે માટે પ્રવૃત્તિ હોય છે, તો તે પણ સત્ય નથી; કારણ કે ઇચ્છા મોહનીય કર્મના ઉદય નિમિત્તે હોય છે, પરંતુ ભગવાનને મોહનીય કર્મનો તો સર્વથા અભાવ હોય છે, તેથી તેમને ભોજનની ઇચ્છા કેમ સંભવે? જો ઇચ્છા હોય તો વીતરાગતા હોઈ શકે નહિ.

જો તેમને ક્ષુધાદિની પીડાનો સંભવ માનવામાં આવે તો તેમને અનંત સૌખ્ય ક્યાં રહ્યું?

વળી કોઈ કહે છે કે અશાતા વેદનીય કર્મના ઉદયથી કેવલી ભગવાનને ક્ષુધા, તૃષા, રોગ, મળ-મૂત્રાદિક હોય છે; પરંતુ તેમનું તે કહેવું પણ અસત્ય છે, કારણ કે

**अथोक्तदोषैर्विवर्जितस्याप्तस्य वाचिकां नाममालां प्ररूपयन्नाह—**

ક્ષુધા-તૃષા તો અશાતાવેદનીય કર્મની ઉદીરણાથી હોય છે, પરંતુ છઠ્ઠા ગુણસ્થાનમાં અશાતાની ઉદીરણાની વ્યુચ્છિત્તિ[૧] છે, તેથી સાતમાદિ ગુણસ્થાનોમાં ક્ષુધાદિ વેદનાઓનો અભાવ છે.

સાતમા ગુણસ્થાનથી એક શાતાવેદનીયનો જ નવીન બંધ હોય છે, પણ અશાતાનો બંધ હોતો નથી. કેવલીને શાતાનો બંધ એક સમય પૂરતો જ હોય છે અને તેનો નિરંતર ઉદય થતો જ રહે છે, તેથી અશાતાનો ઉદય પણ શાતારૂપ પરિણમે છે. તેથી અશાતાના ઉદયજનિત પરીષહ જિનેન્દ્રને હોતા નથી. કેવલી ભગવાનને રાગ-દ્વેષ નષ્ટ થયા છે અને ઇન્દ્રિયજનિત જ્ઞાનનો અભાવ છે તેથી શાતા-અશાતાથી ઉત્પન્ન થયેલું ઇન્દ્રિયજનિત સુખ-દુઃખ કેવલીને હોતું નથી.

“કેવળજ્ઞાનીને શરીર[૨] સંબંધી સુખ—દુઃખ નથી, કારણ કે અતીન્દ્રિયપણું થયું છે તેથી એમ જાણવું.”

“કેવલી ભગવાનને શરીર સંબંધી ક્ષુધાદિ દુઃખ કે ભોજનાદિ સુખ હોતું નથી, તેથી તેમને કવલાહાર હોતો નથી.” (શ્રી પ્રવચનસાર ગાથા ૨૦ અને ભાવાર્થ)

“જેમનાં ઘાતિકર્મો નાશ પામ્યાં તેમનું (કેવલી ભગવન્તોનું) સુખ (સર્વ) સુખોમાં પરમ અર્થાત્ ઉત્કૃષ્ટ છે એવું વચન સાંભળીને જેઓ તેને શ્રદ્ધતા નથી, તેઓ અભવ્ય છે અને ભવ્યો તેનો સ્વીકાર (આદર-શ્રદ્ધા) કરે છે.” (શ્રી પ્રવચનસાર ગાથા ૬૨.)

માટે ભગવાનને કવલાહાર હોઈ શકે નહિ, એમ શ્રદ્ધા કરવી. ૬.

હવે પૂર્વોક્ત દોષોથી રહિત જે આપ્ત તેમનાં વાચક નામમાલાનું પ્રરૂપણ કરીને કહે છે—

---

૧. ‘જે ગુણસ્થાનમાં કર્મ પ્રકૃતિઓનો બંધ, ઉદય અથવા સત્ત્વ (સત્તા)ની વ્યુચ્છિત્તિ કહી હોય તે ગુણસ્થાન સુધી જ તે પ્રકૃતિઓનો બંધ, ઉદય અથવા સત્તા પ્રાપ્ત થાય છે. આગળના કોઈપણ ગુણસ્થાનમાં તે પ્રકૃતિઓનો બંધ, ઉદય અથવા સત્ત્વ (સત્તા) હોતાં નથી, તેને વ્યુચ્છિત્તિ કહે છે. (જૈન સિદ્ધાન્ત પ્રવેશિકા પ્રશ્ન ૬૦૪)

૨. જુઓ ‘શ્રી રત્નકરંડક શ્રાવકાચાર’ની પં. સદાસુખદાસજી કૃત હિન્દી ટીકા પૃષ્ઠ. ૭–૮.

**परमेष्ठी परंज्योतिर्विरागो विमलः कृती।**
**सर्वज्ञोऽनादिमध्यान्तः सार्वः शास्तोपलाल्यते।।७।।**

परमे इन्द्रादीनां वन्द्ये पदे तिष्ठतीति 'परमेष्ठी'। परं निरावरणं परमातिशयप्राप्तं ज्योतिर्ज्ञानं यस्यासौ परंज्योतिः। 'विरागो' विगतो रागो भावकर्म यस्य। 'विमलो' विनष्टो मलो द्रव्यरूपो मूलोत्तरकर्मप्रकृतिप्रपंचो यस्य। 'कृती' निःशेषहेयोपादेयतत्त्वे विवेकसम्पन्नः। 'सर्वज्ञो' यथावन्निखिलार्थसाक्षात्कारी। 'अनादिमध्यान्तः' उक्तस्वरूपप्राप्तप्रवाहापेक्षया आदिमध्यान्तशून्यः। 'सार्वः' इह पर लोकोपकारकमार्गप्रदर्शकत्वेन सर्वेभ्यो हितः। 'शास्ता' पूर्वापरविरोधादिदोषपरिहा-

---

આપ્તવાચક નામો યા હિતોપદેશીનું સ્વરૂપ

**શ્લોક ૭**

**અન્વયાર્થ** :—[परमेष्ठी] પરમેષ્ઠી, [परंज्योतिः] પરમ જ્યોતિ, [विरागः] વિરાગ (વીતરાગ) [विमलः] વિમલ, [कृती] કૃતી (કૃતકૃત્ય), [सर्वज्ञः] સર્વજ્ઞ, [अनादिमध्यान्तः] અનાદિમધ્યાન્ત, (પ્રવાહની અપેક્ષાએ જેને આદિ, મધ્ય અને અંત નથી તેવા. -આદિ-મધ્ય-અંત રહિત), [सार्वं] સાર્વ (સર્વ હિતકર્તા), [शास्ता] શાસ્તા (હિતોપદેશી) [उपलाल्यते] એવાં સાર્થક નામોથી જેમનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે, તે આપ્ત કહેવાય છે.

**ટીકા** :—ઇન્દ્ર વગેરેને વંદનીય એવા પરમ પદમાં જે સ્થિત છે તેથી તે 'परमेष्ठी' પરમેષ્ઠી છે. 'परं' આવરણ રહિત-પરમ અતિશય પ્રાપ્ત, 'ज्योति' જ્ઞાન જેને છે તે 'परंज्योति' પરંજ્યોતિ છે. (નિરાવરણ—કેવલજ્ઞાન સહિત હોવાને કારણે તે પરંજ્યોતિ છે.) 'विरागः' રાગરૂપ ભાવકર્મથી રહિત હોવાને કારણે જે વિરાગ છે, 'विमलः' મૂલ—ઉત્તર કર્મ પ્રકૃતિના વિસ્તારરૂપ, દ્રવ્યકર્મરૂપ મલ જેમને નાશ પામેલ હોવાને કારણે તે વિમલ છે. 'कृती' સમસ્ત હેય-ઉપાદેય તત્ત્વોમાં જે વિવેક સંપન્ન હોવાને કારણે કૃતી છે. 'सर्वज्ञः' સર્વ પદાર્થોને યથાવત્ સાક્ષાત્ કરનાર હોવાને કારણે તે સર્વજ્ઞ છે. 'अनादि मध्यान्तः' પૂર્વોક્ત સ્વરૂપવાળા આપ્તના પ્રવાહની અપેક્ષાએ આદિ—મધ્ય અને અંતથી રહિત હોવાને કારણે તે અનાદિમધ્યાન્ત છે. 'सार्वः' આ લોક અને પરલોકને ઉપકારક એવા માર્ગને બતાવનાર હોવાથી સર્વને હિતકારક—હિતરૂપ હોવાને કારણે તે સાર્વ છે. 'शास्ता' પૂર્વાપર વિરોધાદિ દોષોના પરિહાર દ્વારા સર્વ પદાર્થોના યથાવત્ સ્વરૂપના

रेणाखिलार्थानां यथावत्स्वरूपोपदेशकः। एतैः शब्दैरुक्तस्वरूप आप्त 'उपलाल्यते' प्रतिपाद्यते ।।७।।

सम्यग्दर्शनविषयभूताप्तस्वरूपभिधायेदानीं तद्विषयभूतागमस्वरूपभिधातुमाह—

**अनात्मार्थं विना रागैः शास्ता शास्ति सतो हितम्।**
**ध्वनन् शिल्पिकरस्पर्शान्मुरजः किमपेक्षते ।।८।।**

---

ઉપદેશક હોવાને કારણે તે શાસ્તા છે.—આ શબ્દોથી જેનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે તે આપ્ત 'उपलाल्यते' કહેવાય છે.

**ભાવાર્થ :**—અહીં આચાર્યે આપ્તનાં જુદાં જુદાં નામ દર્શાવી તેમનું વિશેષ સ્વરૂપ દર્શાવ્યું છે.

તેઓ ઈન્દ્રાદિક દ્વારા વંદનીય પરમ પદમાં સ્થિત હોવાથી 'પરમેષ્ઠી', નિરાવરણ કેવળજ્ઞાન સહિત હોવાથી 'પરંજ્યોતિ', રાગ-દ્વેષાદિ ભાવકર્મ રહિત હોવાથી 'વિરાગી', ઘાતિયાંકર્મરૂપ દ્રવ્યકર્મથી રહિત હોવાથી 'વિમલ', સર્વ હેય-ઉપાદેયનું જ્ઞાન હોવાથી 'કૃતી', સર્વ પદાર્થોને યુગપદ્ એક સમયમાં પ્રત્યક્ષ જાણનાર હોવાથી 'સર્વજ્ઞ', સત્યાર્થ દેવના પ્રવાહની અપેક્ષાએ આદિ, મધ્ય અને અંત રહિત હોવાથી 'અનાદિમધ્યાન્ત', સર્વ જીવોના હિતકારક હોવાથી 'સાર્વ' અને દિવ્યધ્વનિ દ્વારા સર્વ પદાર્થોનો યથાવત્ ઉપદેશ આપનાર હોવાથી 'શાસ્તા' છે. આ આપ્તનાં વિશેષણવાચક નામો છે.

જે આપ્તનાં આ વિશેષણો જાણી પોતાના આત્માની સન્મુખ થાય છે તે ખરેખર પોતાના આત્માને જાણે છે, કારણ કે બંનેમાં નિશ્ચયથી તફાવત નથી. શ્રી પ્રવચનસાર ગાથા ૮૦માં કહ્યું છે કે—

"જે અર્હંતને દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે જાણે છે તે (પોતાના) આત્માને જાણે છે. અને તેનો મોહ (દર્શન મોહ) નિરાશ્રયપણાને લીધે અવશ્ય લય પામે છે."

આ શ્લોક આ હેતુથી કહેવામાં આવેલ છે એમ સમજવું. ૭.

સમ્યગ્દર્શનના વિષયભૂત જે આપ્તસ્વરૂપ તે કહીને હવે તેના વિષયભૂત જે આગમનું સ્વરૂપ તે કહેવા માટે કહે છે—

'शास्ता' आप्तः। 'शास्ति' शिक्षयति। कान्? 'सतः' अविपर्यस्तादित्वेन समीचीनान् भव्यान्। किं शास्ति? 'हितं' स्वर्गादितत्साधनं च सम्यग्दर्शनादिकं। किमात्मनः किंचित् फलमभिलषन्नसौ शास्तीत्याह—'अनात्मार्थं' न विद्यते आत्मनोऽर्थः प्रयोजनं यस्मिन् शासनकर्मणि परोपकारार्थमेवासौ तान् शास्ति। ''परोपकाराय सतां हि चेष्टितं'' इत्यभिधानात्। स तथा शास्तीत्येतत् कुतोऽवगतमित्याह—'विना रागैः' यतो लाभपूजाख्यात्यभिलाषलक्षणपरै रागैर्विना शास्ति ततोऽनात्मार्थं शास्तीत्यवसीयते। अस्यैवार्थस्य समर्थनार्थमाह—ध्वनन्नित्यादि। शिल्पिकरस्पर्शाद्वादककराभिघातान्मुरजो मदलो

---

## વીતરાગી દેવને ઉપદેશ દેવાની ઇચ્છા કેમ થાય?

### શ્લોક ૮

**અન્વયાર્થ** :—[शास्ता] હિતોપદેશી આપ્ત ભગવાન [अनात्मार्थं] સ્વ-પ્રયોજન વિના અને [रागैः विना] રાગ-દ્વેષ વિના [सतः] ભવ્ય જીવોને [हितम्] હિતકારક [शास्ति] ઉપદેશ દે છે; [यथा] જેમ કે [शिल्पिकरस्पर्शात्] શિલ્પીના હાથના સ્પર્શથી [ध्वनन्] વાગતું (અવાજ કરતું) [मुरखः] મૃદંગ [किम्] શાની [अपेक्षते] અપેક્ષા રાખે છે? (કાંઈ અપેક્ષા રાખતું નથી.)

**ટીકા** :—'शास्ता' એટલે આપ્ત. 'शास्ति' ઉપદેશે છે, કોને? 'सतः' વિપરીત માન્યતાદિથી રહિત હોવાથી જેઓ સમીચીન (સમ્યગ્દૃષ્ટિ) છે તેવા ભવ્ય જીવોને; શું ઉપદેશે છે? 'हितं' સ્વર્ગાદિના સાધનરૂપ સમ્યગ્દર્શનાદિકને. 'શું પોતાને માટે કાંઈ ફળની ઈચ્છા રાખીને તેઓ ઉપદેશ કરે છે? તે કહે છે? 'अनात्मार्थं' ના, ઉપદેશ દેવાના કાર્યમાં તેમને પોતાનું કાંઈ પ્રયોજન નથી. તેઓ પરોપકારને અર્થે જ તેમને ઉપદેશ દે છે, એવું કથન છે કે—''परोपकाराय सतां हि चेष्टितम्'' સંત પુરુષોની ચેષ્ટા પરોપકાર માટે જ હોય છે. તેઓ તેવી રીતે ઉપદેશે છે એમ કેવી રીતે જાણ્યું? કહે છે—विना रागैः કારણ કે તેઓ પોતાના લાભ, પૂજા, ખ્યાતિ, આદિની અભિલાષા રૂપ રાગ વિના ઉપદેશે છે. તેથી આત્મીય પ્રયોજન વિના તેઓ ઉપદેશે છે, એમ નક્કી થાય છે. આ જ અર્થનું સમર્થન કરવા કહે છે. 'ध्वनन्नित्यादि' શિલ્પીના હાથના સ્પર્શથી—વગાડનારના હાથની થાપથી અવાજ કરતું મૃદંગ શું પોતાને માટે કાંઈ અપેક્ષા રાખે છે? કાંઈ જ અપેક્ષા રાખતું નથી. આ અર્થ છે. જેમ મૃદંગ પરોપકાર માટે જ

**ध्वनन् किमात्मार्थं किंचिदपेक्षते। नैवापेक्षते। अयमर्थः—यथा मुरजः परोपकारार्थमेव विचित्रान् शब्दान् करोति तथा सर्वज्ञः शास्त्रप्रणयनमिति॥८॥**

---

વિચિત્ર શબ્દો કરે છે, તેમ સર્વજ્ઞ શાસ્ત્રનો ઉપદેશ (દિવ્યધ્વનિ દ્વારા) કરે છે.

**ભાવાર્થ** :—જેમ મૃદંગ વગાડનારના હાથના સ્પર્શથી પોતાની ઇચ્છા વિના વાગે છે અને તેના મધુર અવાજથી શ્રોતાઓનાં મન પ્રસન્ન થાય છે, પરંતુ તેના બદલામાં શ્રોતાઓ તરફથી તે કીર્તિ, પ્રશંસા, પૂજા, લાભ, પ્રેમાદિની ઇચ્છા કરતું નથી, તેમ હિતોપદેશી વીતરાગ દેવનો પણ ભવ્ય જીવોના પુણ્યના નિમિત્તે, ઇચ્છા વિના હિતનો ઉપદેશ હોય છે. તોપણ તેઓ પોતાના માટે લાભાદિની ઇચ્છા કરતા નથી, તેમ જ શ્રોતાઓ ઉપર રાગ કરતા નથી.

જેમ મેઘ પોતાના પ્રયોજન વિના—ઇચ્છા વિના જ લોકોના પુણ્યોદયના નિમિત્તે, પુણ્યશાળી જીવોના દેશમાં ગમન, ગર્જના કરીને પુષ્કળ વરસાદ વરસાવે છે, તેમ ભગવાન આપ્તનો, લોકોનાં પુણ્ય નિમિત્તે પુણ્યવાન જીવોના દેશમાં, વિના ઇચ્છાએ વિહાર થાય છે અને ત્યાં ધર્મરૂપ અમૃતની વર્ષા થાય છે.

## વિશેષ

૧. મૃદંગના શબ્દો—એ પુદ્‌ગલનો પર્યાય છે. તે તેના સ્વતંત્ર પરિણમનથી થાય છે, તેમાં શિલ્પીની ઇચ્છા અને હાથ તો ફક્ત નિમિત્ત માત્ર છે. તેથી તે બંનેની વચ્ચે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સમજવો, નહિ કે કર્તા-કર્મ સંબંધ. તેવી જ રીતે દિવ્યધ્વનિ દ્વારા ભગવાનનાં ઉપદેશ-વચનો થાય છે તે પણ ભાષાવર્ગણા પુદ્‌ગલનું સ્વતંત્ર પરિણમન છે, તેમાં ભગવાનની ઇચ્છા પણ નિમિત્ત નથી; કારણ કે તેઓ વીતરાગ છે. ફક્ત તેમની ઉપસ્થિતિ-હયાતી જ નિમિત્ત માત્ર છે. માટે તે બંનેમાં (દિવ્યધ્વનિમાં અને ભગવાનની ઉપસ્થિતિમાં) માત્ર નિમિત્ત-નૈમિત્તિક સંબંધ માનવાને બદલે તેમાં કર્તા-કર્મ સંબંધ માનવો તે ભ્રમ છે.

૨. પં. દોલતરામજી કૃત દર્શનસ્તુતિમાં કહ્યું છે કે—

‘.......ભવિ ભાગન વચ જોગે વશાય,<br>
તુમ ધુનિ હે સુનિ વિભ્રમ નશાય........૩.

હે ભગવાન, ભવ્ય જીવોના ભાગ્યના નિમિત્તે આપની દિવ્યધ્વનિ છે, જે સાંભળીને વિભ્રમનો નાશ થાય છે.

कीदृशं तच्छास्त्रं यत्तेन प्रणीतमित्याह—

[1]आप्तोपज्ञमनुल्लंध्यमदृदृष्टेष्टविरोधकम्।
तत्त्वोपदेशकृत्सार्वं शास्त्रं कापथघट्टनम्।।६।।

---

અહીં પણ ભવ્ય જીવોનું ભાગ્ય (પુણ્યનો ઉદય) અને દિવ્યધ્વનિ એ બે વચ્ચે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સમજવો.

૩. ટીકાકારે સમ્યગ્દર્શનાદિકને સ્વર્ગાદિનું સાધન કહ્યું છે. સમ્યગ્દર્શન તે તો આત્માનો પરિણામ છે. તે નિશ્ચય સમ્યક્ત્વ છે, તે મોક્ષનું સાધન છે. પરંતુ ચતુર્થાદિ ગુણસ્થાનોમાં તેના સહચર તરીકે જે શુભરાગ છે તે જ સ્વર્ગાદિનું સાધન છે. જ્યાં નિશ્ચય સમ્યક્ત્વ અને વ્યવહાર સમ્યક્ત્વ સહચર રૂપે હોય ત્યાં નિશ્ચય સમ્યક્ત્વ તો મોક્ષમાર્ગ રૂપ સંવર-નિર્જરારૂપ છે અને તેની સાથેનું વ્યવહાર સમ્યક્ત્વ જે શુભરાગ રૂપ છે તે પુણ્યબંધનું કારણ છે અને તેના ફળસ્વરૂપ સ્વર્ગાદિનું કારણ (સાધન) છે; એમ અહીં સમજવું.

અર્હંત ભગવંતોને તે કાળે ઊભા રહેવું, બેસવું, વિહાર કરવો અને ધર્મોપદેશ આપવો તે સ્વાભાવિક જ, પ્રયત્ન વિના જ થાય છે—એમ ત્યાં કહ્યું છે અને મોહોદયપૂર્વક નહિ હોવાથી તે ક્રિયાવિશેષો ક્રિયાફળભૂત બંધનાં સાધન થતાં નથી. (જુઓ શ્રી પ્રવચનસાર ગાથા ૪૪ અને તેની ટીકા) ૮.

તે શાસ્ત્ર કેવું છે કે જે આપ્તપુરુષ દ્વારા કહેવાયેલું હોય તે કહે છે—

## સત્યાર્થ આગમનું લક્ષણ
## શ્લોક ૯

**અન્વયાર્થ :**—જે [आप्तोपज्ञम्] આપ્તનું કહેલું હોય [अनुल्लंघ्यम्] ઈન્દ્રાદિક દેવો દ્વારા અનુલંઘનીય હોય અર્થાત્ ગ્રહણ કરવા યોગ્ય હોય અથવા અન્ય વાદીઓ દ્વારા જેનું ખંડન થઈ શકે તેવું ન હોય. [अदृष्टेष्ट विरोधकम्] પ્રત્યક્ષ અને અનુમાનાદિક પ્રમાણોથી વિરોધરહિત હોય, [तत्त्वोपदेशकृत] યથાર્થ સાત તત્ત્વો યા વસ્તુસ્વરૂપનો ઉપદેશ કરવાવાળું હોય, [सार्वं] સર્વ જીવોને હિતકારક હોય અને [कापथघट्टनम्] મિથ્યાત્વાદિ કુમાર્ગનું નિરાકરણ કરવાવાળું હોય, તે [शास्त्रम्] સત્ શાસ્ત્ર છે.

---

१. सिद्धसेनदिवाकरस्य न्यायावतारेपि नवम एवायं श्लोकः।

'आप्तोपज्ञं' सर्वज्ञस्य प्रथमोक्तिः। अनुल्लंघ्यं यस्मात्तदाप्तोपज्ञं तस्मादिन्द्रा[1] दीनामनुल्लंघ्यमादेयं। कस्मात् ? तदुपज्ञत्वेन तेषामनुल्लंध्यं यतः। 'अदृष्टेष्टविरोधकं'—दृष्टं प्रत्यक्षं, इष्टमनुमानादि, न विद्यते दृष्टेष्टाभ्यां विरोधो यस्य। तथाविधमपि कुतस्तत्सिद्धमित्याह—'तत्त्वोपदेशकृत्' यतस्तत्त्वस्य च सप्तविधस्य जीवादिवस्तुनो यथावस्थितस्वरूपस्य वा उपदेशकृत् यथावत्प्रतिदेशकं[2] ततो दृष्टेष्टाविरोधकं। एवंविधमपि कस्मादवगतं ? यतः 'सार्वं' सर्वेभ्यो हितं सार्वमुच्यते तत्कथं यथावत्तत्स्वरूपप्ररूपणमन्तरेण घटेत। एतदप्यस्य कुतो निश्चितमित्याह 'कापथघट्टनं' यतः कापथस्य कुत्सितमार्गस्य मिथ्यादर्शनादेर्घट्टनं निराकारकं'[3] सर्वज्ञप्रणीतं शास्त्रं ततस्तत्सार्वमिति।।६।।

---

**ટીકા :—**(શાસ્ત્ર કેવું છે તે કહે છે)—'आप्तोपज्ञं' સર્વજ્ઞની પ્રથમ ઉક્તિરૂપ છે (અર્થાત્ સર્વ પ્રથમ આપ્ત ભગવાને કહેલું છે.)—'अनुल्लंघ्यं' તે આપ્તનું કહેલું હોવાથી ઈન્દ્રાદિ દ્વારા ઉલ્લંઘન કરી શકાય તેવું નથી, અર્થાત્ તેમના દ્વારા સ્વીકાર્ય છે. શાથી? કારણ કે તે સર્વજ્ઞનું ઉપદેશેલું હોવાથી તેમનાથી ખંડનરહિત છે,—અર્થાત્ તેઓ તેનું ઉલ્લંઘન કરી શકે તેમ નથી. 'अदृष्टेष्टविरोधकं' दृष्टं એટલે પ્રત્યક્ષ અને इष्टम् એટલે અનુમાનાદિ-પ્રત્યક્ષ અને અનુમાનાદિ પ્રમાણોથી વિરોધરહિત છે. તે તેવા જ પ્રકારનું (વિરોધરહિત) શી રીતે સિદ્ધ થાય છે? તે કહે છે—'तत्त्वोपदेशकृत्' કારણ કે સાત પ્રકારનાં તત્ત્વના—જીવાદિ વસ્તુઓના યથાસ્થિત સ્વરૂપનો ઉપદેશ કરે છે. યથાવત્ તેને ઉપદેશે છે તેથી તે પ્રત્યક્ષ, અનુમાનાદિ પ્રમાણોથી વિરોધરહિત છે. તે (શાસ્ત્ર) એવા પ્રકારનું જ છે, (તત્ત્વોનો ઉપદેશ કરનારું છે) એમ શી રીતે જાણ્યું? કારણ કે 'सार्वं' સર્વને જે હિતરૂપ હોય તે સાર્વ કહેવાય છે, યથાવત્ તેના સ્વરૂપના પ્રરૂપણ સિવાય તે કેમ ઘટી શકે? તે શાસ્ત્ર તેવું જ છે. (સાર્વ છે) એમ શી રીતે નક્કી કર્યું? તે કહે છે—'कापथघट्टनम्' કારણ કે તે કુમાર્ગનું (મિથ્યાદર્શનાદિનું) નિરાકરણ કરનાર (ખંડન કરનાર), સર્વજ્ઞનું કહેલું શાસ્ત્ર છે તેથી તે શાસ્ત્ર સર્વને હિતરૂપ છે.

**ભાવાર્થ :—**અહીં આચાર્યે સાચાં આગમનાં—શાસ્ત્રનાં છ લક્ષણો બતાવ્યાં છે. તે નીચે પ્રમાણે છે—

૧. જે આપ્તનું (સાચા દેવનું) કહેલું છે, તેમની દિવ્યધ્વનિ અનુસાર છે.

---

१. तस्मादितरवादिनां ख।

२. प्रतिपादकं ख।          ३. निराकरणकारणं ख।

अथेदानीं श्रद्धानगोचरस्य तपोभृतः स्वरूपं प्ररूपयन्नाह—

**विषयाशावशातीतो निरारम्भोऽपरिग्रहः।**
**[1]ज्ञानध्यानतपोरत्नस्तपस्वी स प्रशस्यते॥१०॥**

---

૨. જેનું ખંડન યા ઉલ્લંઘન કોઈ કરી શકે નહિ તેવું છે. અર્થાત્ ન્યાયયુક્તિથી અકાટ્ય છે.
૩. પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રમાણાદિથી વિરોધરહિત છે.
૪. સાત તત્ત્વાદિનું યથાવત્ પ્રરૂપણ કરે છે.
૫. સર્વ જીવોને હિતરૂપ છે.
૬. કુમાર્ગનું-મિથ્યામાર્ગનું જે ખંડન કરે છે.

પૂર્વ પૂર્વ લક્ષણ આગળ આગળના લક્ષણનું કારણ છે, અર્થાત્ તે આપ્તોપજ્ઞ છે તેથી તે અનુલંઘ્ય છે, તેથી તે દૃષ્ટ (પ્રત્યક્ષ) અને ઈષ્ટ (અનુમાનાદિ)—પ્રમાણોથી વિરોધરહિત છે. તે પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રમાણાદિથી વિરોધરહિત છે, તેથી તે જીવાદિ સાત તત્ત્વોનાં સ્વરૂપનું યથાવત્ નિરૂપણ કરે છે. યથાવત્ તત્ત્વોનું નિરૂપણ કરતું હોવાથી તે સાર્વ-સર્વને હિતરૂપ છે અને સર્વેને હિતરૂપ હોવાથી તે મિથ્યા માર્ગનું ખંડન કરનારું છે.

જૈન આગમની ઉત્કૃષ્ટતાને જે જીવ યથાર્થપણે ઓળખે તે પોતાના શુદ્ધ આત્માની સન્મુખ થઈ સમ્યગ્દૃષ્ટિ થાય અને તે મિથ્યાદૃષ્ટિ રહે નહિ. એ આ શ્લોકનો આશય છે. ૯.

હવે શ્રદ્ધાના વિષયભૂત તપોભૃતનું (ગુરુ)નું સ્વરૂપ પ્રરૂપી કહે છે—

## સત્યાર્થ ગુરુનું લક્ષણ
### શ્લોક ૧૦

**અન્વયાર્થ** :—[यः] જે [विषयाशावशातीतः] પાંચ ઈન્દ્રિયોના વિષયોની ઈચ્છાની પરાધીનતાથી રહિત છે, [निरारंभः] આરંભ રહિત છે, [अपरिग्रहः] પરિગ્રહરહિત છે અને [ज्ञानध्यानतपोरत्नः] જ્ઞાન, ધ્યાન તથા તપરૂપી રત્નોથી સહિત છે, [सः] તે [तपस्वी] તપસ્વી (સાચા ગુરુ) [प्रशस्यते] કહેવાય છે.

---

१. 'ज्ञानध्यानतपोरक्त इत्यपि' प्रसिद्धः।

**विषयेषु स्रग्वनितादिष्वाशा आकांक्षा तस्या वशमधीनता। तदतीतो विषयाकांक्षारहितः। 'निरारम्भः' परित्यक्तकृष्यादिव्यापारः। 'अपरिग्रहो' बाह्याभ्यन्तर-परिग्रहरहितः। 'ज्ञानध्यानतपोरत्नः' ज्ञानध्यानतपांस्येव रत्नानि यस्य एतद्गुणविशिष्टो यः स तपस्वी गुरुः 'प्रशस्यते' श्लाघ्यते॥१०॥**

---

**ટીકા :—**'**विषयाशावशातीतः**' સ્પર્શનાદિ ઇન્દ્રિયોના વિષયભૂત માળા, સ્ત્રી આદિ વિષયોની આકાંક્ષા (આશા)ના વશથી (અધીનતાથી) જે રહિત છે અર્થાત્ વિષયોની આકાંક્ષાથી જે રહિત છે, '**निरारम्भः**' જેણે ખેતી આદિ વ્યાપારનો ત્યાગ કર્યો છે, અર્થાત્ ખેતી આદિ વ્યાપારથી જે રહિત છે, '**अपरिग्रहः**' જે બાહ્ય અને આભ્યંતર પરિગ્રહથી રહિત છે, '**ज्ञानध्यानतपोरत्नः**' જ્ઞાન, ધ્યાન અને તપરૂપી રત્નો જેને છે એવા અર્થાત્ જ્ઞાન, ધ્યાન અને તપરૂપી ગુણોથી જે વિશિષ્ટ છે એવા તપસ્વી ગુરુ '**प्रशस्यते**' પ્રશંસનીય છે.

**ભાવાર્થ :—**જે સંસારના કારણભૂત પાંચ ઇન્દ્રિયોના વિષયોની આશાની પરાધીનતા અને વ્યાપારાદિ અને બાહ્યાભ્યંતર[1] પરિગ્રહો તેનાથી રહિત છે, અને આત્મકલ્યાણના કારણભૂત જે જ્ઞાન, ધ્યાન અને તપ છે તેમાં લવલીન છે અર્થાત્ જ્ઞાન, ધ્યાન અને તપ એ ત્રણે રત્નોથી રહિત છે તે સત્યાર્થ ગુરુ કહેવાય છે. તેવા ગુરુ જ પ્રશંસાપાત્ર છે.

## વિશેષ

આ શ્લોકમાં આચાર્યે તેના પૂર્વાર્ધમાં જેનો અભાવ છે તેનું કથન કર્યું છે, અર્થાત્ સાચા ગુરુમાં પાંચ ઇન્દ્રિયોના વિષયની ઇચ્છાઓ, આરંભ અને પરિગ્રહ—એ ત્રણનો અભાવ દર્શાવ્યો છે અને તેના ઉત્તરાર્ધમાં જેનો સદ્ભાવ છે તેનું કથન કર્યું છે, અર્થાત્ સાચા ગુરુમાં જ્ઞાન, ધ્યાન અને તપ—એ ત્રણનો સદ્ભાવ દર્શાવ્યો છે.

જે ઇચ્છાઓ, આરંભ અને પરિગ્રહનો અભાવ કરી, જ્ઞાન, ધ્યાન અને તપમાં લવલીન રહે છે તે જ 'સત્યાર્થ ગુરુ'ના નામને પાત્ર છે.

અજ્ઞાની જીવો ગુરુના જે ગુણોને વિચારે છે તેમાં કોઈ જીવાશ્રિત છે તથા કોઈ

---

૧. અંતરંગ પરિગ્રહ : મિથ્યાત્વ, ત્રણ વેદ—સ્ત્રી–પુરુષ–નપુંસક ભાવ, રતિ, અરતિ, હાસ્ય, શોક, ભય, જુગુપ્સા, ક્રોધ, માન, માયા અને લોભ.

બાહ્ય પરિગ્રહ : ક્ષેત્ર, વાસ્તુ, હિરણ્ય (સુવર્ણ), ચાંદી, ધન, ધાન્ય, દાસી, દાસ, કુપ્ય (વસ્ત્ર) અને ભાંડ (વાસણ).

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



इदानीमुक्तलक्षणदेवागमगुरुविषयस्य सम्यग्दर्शनस्य निःशंकितत्वगुणस्वरूपं प्ररूपयन्नाह—

इदमेवेदृशमेव तत्त्वं नान्यन्न चान्यथा।
इत्यकम्पायसाम्भोवत्सन्मार्गेऽसंशया रुचिः ॥११॥

'रुचिः' सम्यग्दर्शनं। 'असंज्ञया' निःशंकितत्वधर्मोपेता। किंविशिष्टा सति? 'अकम्पा' निश्चला। किंवत्? 'आयसाम्भोवत्' अयसि भवमायसं तच्च तदम्भश्च पानीयं

---

પુદ્ગલાશ્રિત છે, તેની વિશેષતા નહિ જાણવાથી અસમાન જાતીય મુનિ-પર્યાયમાં એકત્વબુદ્ધિથી તે મિથ્યાદૃષ્ટિ જ રહે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ મોક્ષમાર્ગ એ જ મુનિનું સાચું લક્ષણ છે. તેને તે ઓળખતો નથી. જો એની ઓળખાણ થાય તો તે મિથ્યાદૃષ્ટિ રહે જ નહિ.[1]

આ પ્રમાણે ગુરુનું સ્વરૂપ જાણી આત્મસન્મુખ થઈ, જીવ સત્યાર્થ સમ્યગ્દર્શન પ્રગટ કરે—એ આ શ્લોકનો આશય છે. ૧૦.

હવે ઉક્ત લક્ષણવાળા દેવ, આગમ અને ગુરુ જેનો વિષય છે એવા સમ્યગ્દર્શનના નિઃશંકિતત્વ ગુણના સ્વરૂપનું પ્રરૂપણ કરતાં કહે છે—

## ૧. નિઃશંકિતત્વ અંગ (ગુણ)નું લક્ષણ

### શ્લોક ૧૧

**અન્વયાર્થ :**—[इदम् एव तत्त्वम् ] આ આપ્ત-આગમ-તપસ્વી સ્વરૂપ તત્ત્વ [इद्दशम् एव ] આ પ્રકારે જ છે [न अन्यत् ] અન્ય, (તેનાથી બીજું) નથી, [च ] અને [न अन्यथा ] અન્ય પ્રકારે નથી. [इति ] એ રીતે [सन्मार्गे ] આપ્ત-આગમ અને ગુરુના પ્રવાહરૂપ સન્માર્ગમાં [आयसाम्भोवत् ] લોખંડના (લોખંડની તલવારના) પાણી (તીવ્ર ધાર) સમાન [अकंपा ] નિશ્ચલ (અટલ) [रुचिः ] રુચિ (શ્રદ્ધાન) તે [असंशया ] નિઃશંકિતત્વગુણ છે.

**ટીકા :**—'आयसाम्भोवत्' જેવી રીતે તલવારાદિ પર ચઢાવેલું લોઢાનું પાણી અકંપ—નિશ્ચલ છે તેવી જ રીતે 'सन्मार्गे' સંસારસમુદ્રને પાર ઉતરવા માટે સત્પુરુષો દ્વારા

---

૧. જુઓ મોક્ષમાર્ગ પ્રકાશક, અધિકાર સાતમો, પૃષ્ઠ ૨૨૮.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**तदिव तद्वत् खड्गादिगतपानीयवदित्यर्थः क्व[1] साकम्पेत्याह–'सन्मार्गे' संसारसमुद्रोत्तरणार्थ सद्भिर्मृग्यते अन्वेष्यत इति सन्मार्ग आप्तागमगुरुप्रवाहस्तस्मिन्केनोल्लेखेनेत्याह– 'इदमेवाप्तागमतपस्विलक्षणंः तत्त्वं। 'इदृशमेव' उक्तप्रकारेणैव लक्षणेन लक्षितं। 'नान्यत्' एतस्माद्भिन्नं न। 'न चान्यथा' उक्तलक्षणादन्यथा परपरिकल्पितलक्षणेन लक्षितं, 'न च' नैव तद्घटते इत्येवमुल्लेखेन॥११॥**

---

જેની ખોજ કરવામાં આવે છે–જેનું અન્વેષણ કરવામાં આવે છે એવા સન્માર્ગમાં-આપ્ત-આગમ ગુરુના પ્રવાહરૂપ સન્માર્ગમાં–'इदमेवेत्यादि' આ આપ્ત-આગમ-તપસ્વી સ્વરૂપ તત્ત્વ લક્ષણથી લક્ષિત છે. 'न अन्यत्' એનાથી બીજું (જુદું) નથી. 'न च अन्यथा' કહેલા લક્ષણથી અન્યથા—બીજાઓએ કલ્પેલા લક્ષણથી લક્ષિત હોવું—બિલકુલ ઘટતું નથી એવા પ્રકારથી 'अकम्पा' જે નિશ્ચલ 'रुचि' સમ્યગ્દર્શન છે તે 'असंशया' સમ્યગ્દર્શનનું નિઃશંકિતત્વગુણ અથવા નિઃશંકિત્વ અંગ કહેવાય છે.

**ભાવાર્થ** :—તે તત્ત્વ આ જ છે, અન્ય નથી અને અન્ય પ્રકારે પણ નથી. તેવું તલવારનાં પાણીની (તીક્ષ્ણ ધારની) જેમ નિશ્ચલ–સંશય રહિત શ્રદ્ધાન તે પરમાર્થ સમ્યગ્દર્શનનું પ્રથમ નિઃશંકિત અંગ છે.

## વિશેષ

તત્ત્વાર્થસૂત્રમાં 'तत्त्वार्थश्रद्धानंसम्यग्दर्शनम्' અર્થાત્ તત્ત્વાર્થના શ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહ્યું છે. અહીં ટીકાકારે દેવ, આગમ અને ગુરુ—એ ત્રણેના પરમાર્થસ્વરૂપ તત્ત્વના શ્રદ્ધાનને સમ્યક્ત્વ કહ્યું તે બંને એક જ છે; કારણ કે—

"........અર્હંતાદિકના શ્રદ્ધાન થયા વિના તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વ કદી પણ હોય નહિ, માટે અર્હંતાદિકના શ્રદ્ધાનને અન્વયરૂપ કારણ જાણી કારણમાં કાર્યનો ઉપચાર કરી એ શ્રદ્ધાનને સમ્યક્ત્વ કહ્યું છે......જેને સાચા અર્હંતાદિકના સ્વરૂપનું શ્રદ્ધાન હોય તેને તત્ત્વાર્થશ્રદ્ધાન અવશ્ય હોય જ, કારણ કે અર્હંતાદિકના સ્વરૂપને ઓળખતાં જીવ-અજીવ-આસ્રવાદિની ઓળખાણ થાય છે. એ પ્રમાણે તેને પરસ્પર અવિનાભાવ જાણી કોઈ ઠેકાણે અર્હંતાદિકના શ્રદ્ધાનને સમ્યક્ત્વ કહ્યું છે."[2]

મૂળ શ્લોકમાં 'तत्त्व' છે તેનો અર્થ ટીકામાં 'आप्तागमतपस्वि लक्षणं तत्त्वं' કરેલ

---

१. क्व सा अकम्पेत्याह घ०।

૨. મોક્ષમાર્ગ પ્રકાશક ગુજરાતી આવૃત્તિ પૃષ્ઠ ૩૩૦.

છે. તેમાં છ દ્રવ્ય, સાત તત્ત્વ અને નવ પદાર્થનો સમાવેશ થઈ જાય છે. એમ શ્લોક ૪માં કહ્યું છે, તે અહીં પણ લાગુ પડે છે—એમ સમજવું.

'तत्त्वं' શબ્દ એકવચનમાં છે અને આપ્ત-આગમ-તપસ્વી એ ત્રણ હોવાથી બહુવચન છે. વળી છ દ્રવ્ય, સાત તત્ત્વ અને નવ પદાર્થ એ પણ બહુવચન છે. તેનું તાત્પર્ય એ છે કે જ્યારે જીવ પોતાના ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ જીવતત્ત્વની સન્મુખ થાય છે, ત્યારે જ પરમાર્થ સમ્યગ્દર્શન થાય છે અને ત્યારે જ આપ્ત-આગમ-તપસ્વીની અને છ દ્રવ્ય, સાત તત્ત્વ અને નવ પદાર્થની સાચી શ્રદ્ધા કહેવાય છે; તેથી 'तत्त्वं' શબ્દ અહીં શાસ્ત્રકાર આચાર્યદેવે એકવચનમાં વાપરેલ છે.

શ્રી તત્ત્વાર્થસૂત્રના શ્લોકમાં તત્ત્વાર્થના જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ—એમ સાત નામો આપીને બહુવચનને બદલે એકવચન 'तत्त्वं' લખેલ છે. ત્યાં પણ નિજ ત્રિકાળી જીવ તત્ત્વની સન્મુખ થતાં સમ્યગ્દર્શન પ્રગટે છે એમ બતાવવા એકવચન વાપર્યું છે, તેમ અહીં તે જ આશય બતાવવા 'तत्त्वं' એકવચનમાં વાપર્યું છે.

શ્રી પ્રવચનસારમાં કહ્યું છે કે—

जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।
सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं।।८०।।

જે અર્હંતને દ્રવ્યત્વ, ગુણત્વ અને પર્યાયત્વ વડે જાણે છે; તે આત્માને જાણે છે અને તેનો મોહ નાશ પામે છે.

"......અર્હંતાદિનું સ્વરૂપ તો આત્માશ્રિત ભાવો વડે તત્ત્વશ્રદ્ધાન થતાં જ જણાય છે. માટે જેને અર્હંતાદિકનું સાચું શ્રદ્ધાન હોય તેને તત્ત્વશ્રદ્ધાન અવશ્ય હોય જ એવો નિયમ જાણવો....."૨.

"......તત્ત્વાર્થશ્રદ્ધાનમાં અર્હંતદેવાદિકનું શ્રદ્ધાન પણ ગર્ભિત હોય છે. અથવા જે નિમિત્તથી તેને તત્ત્વશ્રદ્ધાન થાય છે તે જ નિમિત્તથી અર્હંતદેવાદિકનું પણ શ્રદ્ધાન થાય છે. માટે સમ્યગ્દર્શનમાં દેવાદિકના શ્રદ્ધાનનો પણ નિયમ છે......" ૩.

".........સાચી દૃષ્ટિ વડે કોઈ એક લક્ષણ ગ્રહણ કરતાં અન્ય લક્ષણોનું ગ્રહણ થાય છે, તોપણ મુખ્ય પ્રયોજન જુદું જુદું વિચારી અન્ય અન્ય પ્રકારથી એ લક્ષણો કહ્યાં છે. જ્યાં તત્ત્વાર્થશ્રદ્ધાન લક્ષણ કહ્યું છે ત્યાં તો આ પ્રયોજન છે કે—જો એ તત્ત્વોને ઓળખે

તો વસ્તુના યથાર્થ સ્વરૂપનું વા હિત-અહિતનું શ્રદ્ધાન કરી મોક્ષમાર્ગમાં પ્રવર્તે......જ્યાં દેવ-ગુરુ-ધર્મના શ્રદ્ધાનરૂપ લક્ષણ કહ્યું છે ત્યાં બાહ્ય સાધનની પ્રધાનતા કહી છે, કારણ કે અર્હંતદેવાદિકનું શ્રદ્ધાન સાચા તત્ત્વાર્થશ્રદ્ધાનનું કારણ છે.....એ બાહ્ય કારણની પ્રધાનતાથી કુદેવાદિકનું શ્રદ્ધાન છોડાવી, સુદેવાદિકનું શ્રદ્ધાન કરાવવા અર્થે દેવ-ગુરુ-ધર્મના શ્રદ્ધાનને મુખ્ય લક્ષણ કહ્યું છે. એ પ્રમાણે જુદાં જુદાં પ્રયોજનની મુખ્યતા વડે જુદાં જુદાં લક્ષણો કહ્યાં છે.'' ૪.

સમ્યગ્દૃષ્ટિ નિઃશંક હોય છે અર્થાત્ સાત ભયથી રહિત હોય છે, કારણ કે તે આત્મતત્ત્વને સ્વાનુભવગોચર કરી આત્માને આત્માપણે અને દ્રવ્યકર્મ-નોકર્મને પૌદ્ગલિક પરભાવરૂપ તથા ભાવકર્મને આસ્રવરૂપ જાણે છે. પરદ્રવ્યોથી આ જીવને લાભ—હાનિ કે સુખ-દુઃખ માનતો નથી. વળી તે એ વાતમાં નિઃશંક હોય છે કે કોઈ કોઈને મારતું નથી કે જીવાડતું નથી અને કોઈ કોઈને સુખી કરતું નથી કે દુઃખી કરતું નથી. અર્થાત્ એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરતું નથી; વળી તે દૃઢપણે માને છે કે શરીર પુત્રાદિ સંયોગી પદાર્થોનો અવશ્ય વિયોગ થાય છે. કોઈ પર પદાર્થ ઈષ્ટ કે અનિષ્ટ નથી તેમ જ તે સુખ-દુઃખનું કારણ પણ નથી. માત્ર ભાવકર્મરૂપ આસ્રવભાવ છે તે દુઃખ છે. તેનો અભાવ કરવાનો પ્રયત્ન તેને નિરંતર ચાલુ હોય છે. એક સમયમાં પરિપૂર્ણ નિત્ય જ્ઞાયકતત્ત્વના દૃઢ આશ્રયરૂપ આવી નિઃશંક માન્યતા વર્તતી હોય તેને ૧-આલોકનો, ૨-પરલોકનો, ૩-મરણનો, ૪-વેદનાનો, ૫-અરક્ષાનો, ૬-અગુપ્તિનો અને ૭-અકસ્માતનો—એમ સાત પ્રકારનો ભય કેમ હોઈ શકે?-ન જ હોય.[1]

(૧) ''આ ભવમાં જીવનપર્યંત અનુકૂળ સામગ્રી રહેશે કે નહિ? એવી ચિંતા રહે તે આ લોકનો ભય છે. 'પરભવમાં મારું શું થશે?' એવી ચિંતા રહે તે પરલોકનો ભય છે. જ્ઞાની જાણે છે કે—આ ચૈતન્ય જ મારો એક, નિત્ય લોક છે કે જે સર્વ કાળે પ્રગટ છે. આ સિવાયનો બીજો કોઈ લોક મારો નથી. આ મારો ચૈતન્યસ્વરૂપ લોક તો કોઈથી બગાડ્યો બગડતો નથી. આવું જાણતા જ્ઞાનીને આ લોકનો કે પરલોકનો ભય ક્યાંથી હોય? કદી ન હોય. તે તો પોતાને સ્વાભાવિક જ્ઞાનરૂપ જ અનુભવે છે.

૧. સમ્યક્ત્વવંત જીવો નિઃશંકિત, તેથી છે નિર્ભય અને
છે સપ્તભયપ્રવિમુક્ત જેથી, તેથી તે નિઃશંક છે. (શ્રી સમયસાર ગાથા ૨૨૮)

“સુખ-દુઃખને ભોગવવું તે વેદના છે. જ્ઞાનીને પોતાના એક જ્ઞાનમાત્ર સ્વરૂપનો જ ભોગવટો છે. તે પુદ્‌ગલથી થયેલી વેદનાને વેદના જ જાણતો નથી. માટે જ્ઞાનીને વેદના ભય નથી. તે તો સદા નિર્ભય વર્તતો થકો જ્ઞાનને અનુભવે છે.

“સત્તાસ્વરૂપ વસ્તુનો કદી નાશ થતો નથી. જ્ઞાન (આત્મા) પણ પોતે સત્તાસ્વરૂપ વસ્તુ છે, તેથી તે એવું નથી કે જેની બીજાઓ વડે રક્ષા કરવામાં આવે તો રહે, નહિ તો નષ્ટ થઈ જાય. જ્ઞાની આમ જાણતો હોવાથી તેને અરક્ષાનો ભય નથી.

“ગુપ્તિ એટલે જેમાં કોઈ ચોર વગેરે પ્રવેશ ન કરી શકે એવો કિલ્લો, ભોંયરું વગેરે; તેમાં પ્રાણી નિર્ભયપણે વસી શકે છે. એવો ગુપ્ત પ્રદેશ ન હોય પણ ખુલ્લો પ્રદેશ હોય, તો તેમાં રહેનાર પ્રાણીને અગુપ્તપણાને લીધે ભય રહે છે. જ્ઞાની જાણે છે કે—વસ્તુના નિજ સ્વરૂપમાં કોઈ બીજું પ્રવેશ કરી શકતું નથી, માટે વસ્તુનું સ્વરૂપ જ વસ્તુની પરમ ગુપ્તિ અર્થાત્ અભેદ્ય કિલ્લો છે. પુરુષનું અર્થાત્ આત્માનું સ્વરૂપ જ્ઞાન છે; તે જ્ઞાનસ્વરૂપમાં રહેલો આત્મા ગુપ્ત છે, કારણ કે જ્ઞાનસ્વરૂપમાં બીજું કોઈ પ્રવેશી શકતું નથી. આવું જાણતા જ્ઞાનીને અગુપ્તિપણાનો ભય ક્યાંથી હોય?

“ઇન્દ્રિયાદિ પ્રાણો નાશ પામે તેને લોકો મરણ કહે છે, પરંતુ આત્માને પરમાર્થે ઇન્દ્રિયાદિ પ્રાણ નથી, તેને તો જ્ઞાન પ્રાણ છે. જ્ઞાન અવિનાશી છે—તેનો નાશ થતો નથી; તેથી આત્માને મરણ નથી. જ્ઞાની આમ જાણતો હોવાથી તેને મરણનો ભય નથી.

“કોઈ અણધાર્યું અનિષ્ટ એકાએક ઉત્પન્ન થશે તો? એવો ભય રહે તે આકસ્મિક ભય છે. જ્ઞાની જાણે છે કે—આત્માનું જ્ઞાન પોતાથી જ સિદ્ધ, અનાદિ, અનંત, અચળ, એક છે. તેમાં બીજું કાંઈ ઉત્પન્ન થઈ શકતું નથી; માટે તેમાં અણધાર્યું કાંઈ પણ ક્યાંથી થાય? અર્થાત્ અકસ્માત્ ક્યાંથી બને? આવું જાણતા જ્ઞાનીને અકસ્માતનો ભય ક્યાંથી હોય? ન જ હોય.”[૧]

વળી જ્ઞાની જાણે છે કે—

“જે જીવને જે દેશમાં, જે કાળમાં, જે વિધાનથી જન્મ-મરણ ઉપલક્ષણથી દુઃખ-સુખ-રોગ-દરિદ્રતા આદિ થવું સર્વજ્ઞદેવે જાણ્યું છે, તે એ જ પ્રમાણે નિયમથી થવાનું છે અને તે જ પ્રમાણે થવા યોગ્ય છે તે પ્રમાણે તે પ્રાણીને તે જ દેશમાં, તે જ કાળમાં,

૧. સમયસાર ગુજરાતી આવૃત્તિ—કળશ ૧૫૫ થી ૧૬૦નો ભાવાર્થ. વધુ વિસ્તાર માટે જુઓ ‘શ્રી પંચાધ્યાયી’ ઉત્તરાર્ધ ગાથા ૫૦૬ થી ૫૪૬.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



इदानीं निष्कांक्षितत्वगुणं सम्यग्दर्शने दर्शयन्नाह—

**कर्मपरवशे सान्ते दुःखैरन्तरितोदये।**
**पापबीजे सुखेऽनास्था श्रद्धानाकाङ्क्षणा स्मृता॥१२॥**

'अनाकांक्षणा स्मृता' निष्कांक्षितत्वं निश्चितं। कासौ? 'श्रद्धा'। कथंभूता? 'अनास्था' न विद्यते आस्था शाश्वतबुद्धिर्यस्यां। अथवा न आस्था अनास्था। तस्यां तया वा श्रद्धा अनास्थाश्रद्धा सा [1]चाप्यनाकांक्षणेति स्मृता। क्व अनास्थाऽरुचिः?

તે જ વિધાનથી-નિયમથી થાય છે. તેને ઇન્દ્ર કે જિનેન્દ્ર—તીર્થંકરદેવ કોઈ પણ અટકાવી શકતા નથી.''[2]

અહીં નિઃશંકિતત્વાદિને 'ગુણ' કહ્યા છે. તેને ત્રિકાળી ગુણ ન સમજવો, પણ પર્યાયમાં તે પ્રકારની શુદ્ધતાનો લાભ સમજવો, તેને 'અંગ—આચાર—લક્ષણ' વગેરે નામો પણ આપવામાં આવે છે. ૧૧.

હવે સમ્યગ્દર્શનના નિઃકાંક્ષિતગુણને દર્શાવીને કહે છે—

## ૨. નિઃકાંક્ષિતગુણનું લક્ષણ

### શ્લોક ૧૨

**અન્વયાર્થ** :—[कर्मपरवशे] જે કર્મોને આધીન છે એવા [सान्ते] જે નશ્વર-અન્ત સહિત છે એવા, [दुःखैः अन्तरितोदये] જેના ઉદયમાં (ઉદ્‌ભવમાં) આંતરું પડે છે એવા અને [पापबीजे] જે પાપના બીજરૂપ છે—કારણરૂપ છે એવા, [सुखे] ઇન્દ્રિયસંબંધી સુખમાં [अनास्था श्रद्धा] અનાસ્થા સહિતની શ્રદ્ધા (ઇન્દ્રિયસુખ પ્રત્યે ઉપેક્ષાપૂર્વકની શ્રદ્ધા) તે, [अनाकांक्षणा] નિઃકાંક્ષિત અંગ [स्मृता] કહેવાય છે.

**ટીકા** :—'अनाकांक्षणा स्मृता' તે નક્કી નિઃકાંક્ષિતપણું ગણવામાં આવ્યું છે. શું તે 'श्रद्धा' શ્રદ્ધા. કેવી (શ્રદ્ધા)? 'अनास्था' જેમાં આસ્થા અર્થાત્ શાશ્વત બુદ્ધિ ન હોવી તે અનાસ્થા, અથવા આસ્થા નહિ તે અનાસ્થા, અનાસ્થાની અથવા અનાસ્થા સહિતની શ્રદ્ધા તે અનાસ્થા શ્રદ્ધા છે અને તે નિઃકાંક્ષિત અંગ કહેવાય છે. શામાં અનાસ્થા અર્થાત્

૧. सा चानाकाङ्क्षणोति घ०।

૨. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ગાથા ૩૨૧—૩૨૨.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**'सुखे' वैषयिके। कथंभूते? 'कर्मपरवशे' कर्मायत्ते। तथा 'सान्ते' अन्तेन विनाशेन सह वर्तमाने। तथा 'दुःखैरन्तरितोदये' दुःखैर्मानसशारीरैरन्तरित उदयः प्रादुर्भावो यस्य। तथा 'पापबीजे' पापोत्पत्तिकारणे॥१२॥**

---

અરુચિ? **'सुखे'** ઇન્દ્રિય-વિષય સંબંધી સુખમાં. કેવા (સુખમાં)? **'कर्मपरवशे'** જે કર્માધીન છે એવા તથા **'सान्ते'** જે અંત-વિનાશ સહિત છે એવા તથા **'दुःखैरन्तरितोदये'** જેના ઉદયમાં વચ્ચે વચ્ચે માનસિક અને શારીરિક દુઃખો આવે છે એવા તથા **'पापबीजे'** જે પાપની ઉત્પત્તિનું કારણ છે એવા (સુખમાં).

**ભાવાર્થ :—**ઇન્દ્રિયજનિત સુખ (સાંસારિક સુખ) કર્મને આધીન છે, અંતસહિત (નાશવંત) છે, માનસિક અને શારીરિક દુઃખોથી (અર્થાત્ આધિ, વ્યાધિ અને ઉપાધિથી) ખલેલ પામે છે અને પાપનું મૂળ છે, (પાપબંધનું કારણ છે). તેવા સુખમાં ખરેખર (સાચું) સુખ છે, એવી આસ્થાપૂર્વક શ્રદ્ધા ન કરવી તે નિઃકાંક્ષિત અંગ છે.

ઇન્દ્રિયજનિત સુખ કર્મના ઉદયને આધીન છે, કારણ કે ઇન્દ્રિયસુખનાં સાધનો શાતાવેદનીય કર્મના ઉદય નિમિત્તે પ્રાપ્ત થાય છે. તે વિષય-સાધનો ઇન્દ્રધનુષવત્ વીજળીના ચમકારા જેમ ક્ષણભંગુર છે. અશાતા વેદનીય કર્મના ઉદય નિમિત્તે તેનો અલ્પકાળમાં અંત આવે છે, માટે તે અંતસહિત છે.

ઇન્દ્રિયસુખ અખંડ ધારાપ્રવાહરૂપ હોતું નથી. તેથી વારંવાર અનેક દુઃખના ઉદય સહિત હોય છે. કોઈ વખત રોગ થાય, તો કદી સ્ત્રી-પુત્રાદિનો વિયોગ થાય, કદી ધનની હાનિ થાય, તો કદી અનિષ્ટ વસ્તુઓનો સંયોગ થાય. એમ તે અનેક દુઃખોથી અંતરિત હોય છે.

વળી ઇન્દ્રિયસુખમાં એકતાબુદ્ધિ હોવાથી અજ્ઞાની જીવો પોતાનું વાસ્તવિક સ્વરૂપ ભૂલી પાપારંભમાં પ્રવૃત્તિ કરે છે, તેથી તેને પાપનો બંધ થાય છે. આથી ઇન્દ્રિયસુખ પાપનું બીજ છે.

આવા પરાધીન, અંતસહિત અને દુઃખરૂપ ઇન્દ્રિયસુખમાં સમ્યગ્દષ્ટિને વાસ્તવિક સુખ ભાસતું નથી, તેથી તેને તે સાચું સુખ છે એવી આસ્થારૂપ શ્રદ્ધા કેવી રીતે હોય? અને શ્રદ્ધા વિના તેની વાંછા (આકાંક્ષા) પણ કેમ હોય? ઇન્દ્રિયસુખ ભોગવવાના કાળે પણ આકુળતા જ હોય છે, તેથી તે સુખ નથી પણ દુઃખ જ છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



શ્રી પ્રવચનસાર ગાથા ૭૬માં કહ્યું છે કે—

"જે ઇન્દ્રિયોથી પ્રાપ્ત થાય છે તે સુખ પરના સંબંધવાળું, બાધાસહિત, વિચ્છિન્ન, બંધનું કારણ અને વિષમ છે, તે રીતે તે દુઃખ જ છે."[૧]

નિઃકાંક્ષિત અંગ વિષે શ્રી સમયસાર ગાથા ૨૩૦માં કહ્યું છે કે—

"જે ચેતયિતા કર્મોનાં ફળ પ્રત્યે તથા સર્વધર્મો પ્રત્યે કાંક્ષા (વાંછા) કરતો નથી, તે નિષ્કાંક્ષ સમ્યગ્દૃષ્ટિ જાણવો."[૨]

જેને આત્માના સ્વાભાવિક સુખની શ્રદ્ધા હોય છે તે સમ્યગ્દૃષ્ટિ હોય છે. કેવળજ્ઞાનીઓ આત્મિક અનંતસુખને અનુભવે છે. તેવા અનંતસુખને જ જાણે છે, ઉપાદેયરૂપે શ્રદ્ધે છે અને પોતાના આત્મિક સુખને અનુભવે છે, તે ભવ્ય જીવો સમ્યગ્દૃષ્ટિ છે. જે જીવોને વાસ્તવિક સુખામૃતનો અનુભવ હોય તેને પરદ્રવ્યોની અને પરદ્રવ્યોના આશ્રયે થતાં ઇન્દ્રિયસુખની કે અન્ય ધર્મોની આકાંક્ષા કેમ હોઈ શકે? કદી ન હોય.

તેઓ પોતપોતાના ગુણસ્થાન અનુસાર, જો કે હેયબુદ્ધિએ વિષયસુખને અનુભવે છે, તોપણ નિજ શુદ્ધાત્મભાવનાથી ઉત્પન્ન અતીન્દ્રિય સુખને જ ઉપાદેય માને છે અને તેથી તેમને શ્રદ્ધામાં સાંસારિક સુખની જરાપણ આકાંક્ષા નથી. તેથી સમ્યગ્દૃષ્ટિ જીવોને નિઃકાંક્ષિત ગુણ હોય છે.[૩]

## વિશેષ

"જે કોઈ જ્ઞાની, શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન થયેલા પરમાનંદ સુખમાં તૃપ્ત થઈ, પંચેન્દ્રિયના વિષયસુખના કારણભૂત કર્મફળોમાં તેમ જ સર્વ વસ્તુઓના ધર્મોમાં અથવા આ લોક-પરલોકની ઇચ્છાઓ સંબંધી, અન્ય આગમમાં કહેલા સમસ્ત કુધર્મોમાં ઇચ્છા કરતો નથી, તે સમ્યગ્દૃષ્ટિ સાંસારિક સુખમાં નિઃકાંક્ષિત જાણવો."[૪] ૧૨.

---

૧. પરયુક્ત, બાધાસહિત, ખંડિત, બંધકારણ, વિષમ છે;
જે ઇન્દ્રિયોથી લબ્ધ તે સુખ એ રીતે દુઃખ જ ખરે. (શ્રી પ્રવચનસાર ગાથા ૭૬.)

૨. જે કર્મફળ ને સર્વ ધર્મ તણી ન કાંક્ષા રાખતો,
ચિન્મૂર્તિ તે કાંક્ષારહિત સમકિતદૃષ્ટિ જાણવો. (શ્રી સમયસાર ગાથા ૨૩૦.)

૩. જુઓ શ્રી પંચાસ્તિકાય ગાથા ૧૬૩ની શ્રી જયસેનાચાર્ય કૃત ટીકા.

૪. શ્રી સમયસાર ગાથા ૨૩૦ની શ્રી જયસેનાચાર્ય કૃત સંસ્કૃત ટીકા.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

सम्प्रति निर्विचिकित्सागुणं सम्यग्दर्शनस्य प्ररूपयन्नाह—

**स्वभावतोऽशुचौ काये रत्नत्रयपवित्रिते।**
**निर्जुगुप्सा गुणप्रीतिर्मता निर्विचिकित्सता॥१३॥**

'निर्विचिकित्सता मता' अभ्युपगता। कासौ ? 'निर्जुगुप्सा' विचिकित्साभावः। क्व ? काये। किंविशिष्टे ? 'स्वभावतोऽशुचौ' स्वरूपेणापवित्रिते। इत्थंभूतेऽपि काये 'रत्नत्रयपवित्रिते' रत्नत्रयेण पवित्रिते पूज्यतां नीते। कुतस्तथाभूते निर्जुगुप्सा भवतीत्याह— 'गुणप्रीतिः' यतो गुणेन रत्नत्रयाधारभूतमुक्तिसाधकत्वलक्षणेन प्रीतिर्मनुष्यशरीरमेवेदं मोक्षसाधकं नान्यद्देवादिशरीरमित्यनुरागः। ततस्तत्र निर्जुगुप्सेति॥१३॥

---

હવે સમ્યગ્દર્શનના નિર્વિચિકિત્સતા ગુણનું પ્રરૂપણ કરીને કહે છે—

## ૩. નિર્વિચિકિત્સતા ગુણનું લક્ષણ

### શ્લોક ૧૩

**અન્વયાર્થ** :—[स्वभावतः] સ્વરૂપથી [अशुचौ] અપવિત્ર, કિંતુ [रत्नत्रयपवित्रिते] સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રથી પવિત્ર [काये] શરીરમાં [निर्जुगुप्सा] જુગુપ્સારહિત (ગ્લાનિરહિત) [गुणप्रीतिः] (મુક્તિસાધક) ગુણોને લીધે પ્રીતિ કરવી તે [निर्विचिकित्सता] નિર્વિચિકિત્સતા અંગ કહેવાય છે.

**ટીકા** :—'निर्विचिकित्सता मता' નિર્વિચિકિત્સતા માનવામાં આવી છે—સ્વીકારવામાં આવી છે. તે શું? 'निर्जुगुप्सा' નિર્જુગુપ્સા અર્થાત્ વિચિકિત્સા ન હોવી તે. ક્યાં? શરીરમાં. કેવા પ્રકારના શરીરમાં? 'स्वभावतोऽशुचौ' સ્વરૂપથી અપવિત્ર. આવા (અપવિત્ર) શરીરને પણ, 'रत्नत्रयपवित्रिते' રત્નત્રયથી પવિત્ર બનાવવામાં આવે છે—પૂજ્ય બનાવવામાં આવે છે. એવા શરીરમાં નિર્જુગુપ્સા (ગ્લાનિ ન હોવી) શા કારણે હોય? તે કહે છે. 'गुणप्रीतिः' કારણ કે રત્નત્રયના આધારભૂત અને મુક્તિના સાધકસ્વરૂપ ગુણને લીધે (તેમાં) પ્રીતિ હોય છે. મનુષ્યનું આ શરીર જ મોક્ષસાધક છે, નહિ કે અન્ય દેવાદિનું શરીર; એવો અનુરાગ (પ્રીતિ) હોય છે, તેથી તેમાં નિર્જુગુપ્સા હોય છે અર્થાત્ તેમાં ગ્લાનિ હોતી નથી.

**ભાવાર્થ** : આ નિર્વિચિકિત્સા ગુણનું વર્ણન છે. વિચિકિત્સાનો અર્થ ગ્લાનિ છે.

શરીર સ્વભાવે અપવિત્ર છે. મળ-મૂત્રાદિ દુર્ગંધયુક્ત પદાર્થોનું ઘર છે. વળી તે અશુચિ, વિનાશિક અને અનેક રોગોનું રહેઠાણ છે, પણ તે કારણે તે ગ્લાનિ કે દ્વેષ કરવા યોગ્ય નથી.

સમ્યગ્દષ્ટિ કોઈપણ પરદ્રવ્યોને ભલાં-બૂરાં જાણતો નથી. વસ્તુ વિચારતાં કોઈ પરદ્રવ્ય તો ભલાં-બૂરાં છે જ નહિ.[૧]

પર પદાર્થોમાં 'આ સારા અને આ નરસા' એવું દ્વૈત છે જ નહિ. છતાં મોહાચ્છાદિત જીવો તેમાં સારા-નરસાનું દ્વૈત ઊભું કરે છે અને રુચિત વિષયમાં રાગ અને અરુચિત વિષયમાં-પદાર્થમાં દ્વેષ કરે છે.[૨]

સમ્યગ્દષ્ટિ કોઈપણ જીવનાં દુર્ગંધમય શરીરને દેખીને ગ્લાનિ કરતો નથી. ભાવલિંગી મુનિઓ નગ્ન હોય છે. તેમનાં શરીરને દુર્ગંધવાળું દેખીને કે તે શરીરની અપ્રિય (બૂરી) આકૃતિ દેખીને તે પ્રત્યે તે જરાપણ ગ્લાનિ કરતો નથી. તે શરીર તો રત્નત્રયધારી જીવોનું મુક્તિનું સહકારી કારણ છે. એમ જાણી તેને વ્યવહાર અપેક્ષાએ પવિત્ર જાણે છે અને તે પ્રત્યે ગ્લાનિ ઉત્પન્ન થવા દેતો નથી. આ તેનો નિર્વિચિકિત્સા ગુણ છે.

નિશ્ચય અપેક્ષાએ પવિત્ર તો નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા છે. જૈનમતમાં બધી સારી વાતો છે, પણ વસ્ત્રના આવરણ રહિતની જે નગ્નતા તથા જળ-સ્નાનાદિ ક્રિયાનો અભાવ—એ દૂષણ છે, એવા કુત્સિત ભાવોને વિશિષ્ટ વિવેકી જ્ઞાનવાળો સમ્યગ્દષ્ટિ જીવ દૂર કરે છે. તે પણ નિર્વિચિકિત્સા ગુણ છે.[૩]

"સમ્યગ્દષ્ટિ વસ્તુના ધર્મો પ્રત્યે (અર્થાત્ ક્ષુધા, તૃષા, ઉષ્ણાદિ ભાવો પ્રત્યે તથા વિષ્ટા આદિ મલિન દ્રવ્યો પ્રત્યે) જુગુપ્સા (ગ્લાનિ) કરતો નથી. જુગુપ્સા નામની કર્મપ્રકૃતિનો ઉદય આવે છે તોપણ પોતે તેનો કર્તા થતો નથી. તેથી જુગુપ્સાકૃત બંધ તેને થતો નથી, પરંતુ પ્રકૃતિ રસ દઈને ખરી જાય છે તેથી નિર્જરા જ થાય છે."[૪]

---

૧. જુઓ મોક્ષમાર્ગ પ્રકાશક, ગુજરાતી આવૃત્તિ, પૃષ્ઠ ૨૫૦.

૨. જુઓ શ્રી પ્રવચનસાર ગાથા ૮૩ અને તેની ટીકા.

૩. જુઓ દ્રવ્યસંગ્રહ ગાથા ૪૨, પૃષ્ઠ ૧૭૦–૧૭૧ (નિર્વિચિકિત્સા ગુણનું વર્ણન)

૪. શ્રી સમયસાર ગાથા ૨૩૧નો ભાવાર્થ

સૌ કોઈ ધર્મ વિશે જુગુપ્સાભાવ જે નહિ ધારતો,
ચિન્મૂર્તિ નિર્વિચિકિત્સ સમકિતદષ્ટિ નિશ્ચય જાણવો. ૨૩૧.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



अधुना सद्दर्शनस्यामूढदृष्टित्वगुणं प्रकाशयन्नाह—

**कापथे पथि दुःखानां कापथस्थेऽप्यसम्मतिः।**
**असंपृक्तिरनुत्कीर्तिरमूढा दृष्टिरुच्यते ॥१४॥**

अमूढा दृष्टिरमूढत्वगुणविशिष्टं सम्यग्दर्शनं। का? 'असम्मतिः' न विद्यते मनसा सम्मतिः श्रेयःसाधनतया सम्मननं यत्र दृष्टौ। क्व? 'कापथे' कुत्सितमार्गे मिथ्या-दर्शनादौ। कथंभूते? 'पथि' मार्गे। केषां? 'दुःखानां'। न केवलं तत्रैवासम्मतिरपि तु

---

## વિશેષ

શ્રી પરમાત્મપ્રકાશ અધ્યાય ૧ ગાથા ૨૯ તથા તેની ટીકામાં લખ્યું છે કે—

"હે જીવ! તું પરમાત્માને જાણ. અર્થાત્ નિત્યાનંદ વીતરાગ નિર્વિકલ્પ સમાધિમાં રહીને પોતાના આત્માનું ધ્યાન કર. શુદ્ધાત્માથી ભિન્ન દેહ—રાગાદિકોથી તને શું પ્રયોજન છે? કંઈ પ્રયોજન નથી."

તેથી એમ સમજવું કે દેહ જોકે અશુચિ અને વિનાશિક છે, તોપણ તેના પ્રત્યે દ્વેષ—ગ્લાનિ કે જુગુપ્સા કરવી ન્યાયયુક્ત છે—એમ સમ્યગ્દૃષ્ટિ માનતો જ નથી, તો પછી સાચા રત્નત્રયધારી મુનિના શરીર પ્રત્યે જુગુપ્સા તેને કેમ હોઈ શકે? ૧૩.

હવે સમ્યગ્દર્શનના અમૂઢદૃષ્ટિત્વ ગુણને પ્રકાશી કહે છે—

## ૪. અમૂઢદૃષ્ટિત્વ ગુણનું લક્ષણ
### શ્લોક ૧૪

**અન્વયાર્થ** :—[दुःखानां] દુઃખોના [पथि] માર્ગરૂપ (કારણરૂપ) [कापथे] (મિથ્યાદર્શનાદિ રૂપ) કુમાર્ગમાં [अपि] અને [कापथस्थे] કુમાર્ગમાં સ્થિત જીવમાં પણ [असम्मतिः] મનથી સંમત ન હોવું, [असंपृक्ति] કાયાથી સંપર્ક (સહારો) ન કરવો અને [अनुत्कीर्तिः] વચનથી પ્રશંસા ન કરવી, તેને [अमूढा दृष्टिः] અમૂઢદૃષ્ટિત્વ અંગ [उच्यते] કહે છે.

**ટીકા** :—'अमूढा दृष्टिः' તે અમૂઢત્વ ગુણ વિશિષ્ટ સમ્યગ્દર્શન છે. શું? 'असम्मतिः' જ્યાં દૃષ્ટિમાં (અભિપ્રાયમાં) મનથી સંમતિ હોતી નથી અર્થાત્ શ્રેયના સાધન તરીકે માનવાપણું હોતું નથી. ક્યાં? 'कापथे' મિથ્યાદર્શનાદિરૂપ કુમાર્ગમાં. કેવા (કુમાર્ગમાં)? 'दुःखानां पथि' દુઃખોનાં કારણરૂપ એવા (કુમાર્ગમાં). તેમાં જ અસંમતિ

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**'कापथस्थेऽपि' मिथ्यादर्शनाद्याधारेऽपि जीवे। तथा 'असंपृक्तिः' न विद्यते सम्पृक्तिः कायेन नखच्छोटिकादिना[1] अंगुलिचालनेन शिरोधूननेन वा प्रशंसा यत्र। 'अनुत्कीर्तिः' न विद्यते उत्कीर्तिरुत्कीर्तनं वाचा संस्तवनं यत्र। मनोवाक्यायैर्मिथ्यादर्शनादीनां तद्वतां चाप्रशंसाकरणममूढं सम्यग्दर्शनमित्यर्थः ।।१४।।**

---

એટલું જ નહિ 'कापथस्थेऽपि' મિથ્યાદર્શનાદિના આધારભૂત જીવમાં પણ, જ્યાં 'असंपृक्तिः' કાયાથી સંપર્ક ન હોવો, અર્થાત્ નખ વડે, ચપટી આદિથી કે આંગળી હલાવીને કે મસ્તક ધુણાવીને પ્રશંસા ન કરવી તથા જ્યાં 'अनुत्कीर्तिः' વાણીથી કીર્તન કે સ્તવન ન હોવું (તે અમૂઢત્વ ગુણવિશિષ્ટ દૃષ્ટિ છે—સમ્યગ્દર્શન છે.) મન-વચન-કાયાથી મિથ્યાદર્શનાદિની તથા તેના ઉપાસકોની પ્રશંસા ન કરવી, તે અમૂઢ સમ્યગ્દર્શન છે—એવો અર્થ છે.

**ભાવાર્થ** :—નરક, તિર્યંચ, કુમનુષ્યાદિ ગતિનાં ઘોર દુઃખોનાં કારણભૂત મિથ્યાદર્શનાદિરૂપ કુમાર્ગને અને તેને અનુસરતી વ્યક્તિઓને મનથી સંમતિ ન દેવી, કાયાથી સહારો કે સંપર્ક ન કરવો અથવા ચપટી કે માથું હલાવી—ધુણાવી પ્રશંસા ન કરવી અને વચનથી તેમનાં ગુણ-ગાન કે સ્તવન ન કરવાં તે અમૂઢદૃષ્ટિ અંગ છે.

"જે ચેતયિતા સર્વભાવોમાં અમૂઢ છે-યથાર્થ દૃષ્ટિવાળો છે તે ખરેખર અમૂઢદૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિ જાણવો."

"સમ્યગ્દૃષ્ટિ સર્વ પદાર્થોના સ્વરૂપને યથાર્થ જાણે છે, તેને રાગ-દ્વેષ-મોહનો અભાવ હોવાથી તેની કોઈ પદાર્થ પર અયથાર્થ દૃષ્ટિ પડતી નથી. ચારિત્રમોહના ઉદયથી ઈષ્ટાનિષ્ટ ભાવો ઊપજે તોપણ તેને ઉદયનું બળવાનપણું જાણીને તે ભાવોનો પોતે કર્તા થતો નથી."[2]

"જે આત્મા પોતાના શુદ્ધાત્મામાં શ્રદ્ધાન, જ્ઞાન અને આચરણરૂપ નિશ્ચયરત્નત્રય-સ્વરૂપ ભાવનાના બળથી શુભ-અશુભ કર્મજનિત પરિણામરૂપ બાહ્ય પદાર્થોમાં સર્વથા અસંમૂઢ હોય છે (અર્થાત્ કર્મોના ઉદયથી જે દુઃખરૂપ વા બાહ્ય શાતારૂપ પદાર્થોની અવસ્થાઓ થાય છે, તેમાં શોક-હર્ષ નહિ કરતાં તેના યથાર્થ સ્વરૂપને જાણી તેના

---

१. नखच्छोटिकादिना प्रशंसा घ०।

૨. સંમૂઢ નહિ જે સર્વ ભાવે,—સત્યદૃષ્ટિ ધારતો,
તે મૂઢદૃષ્ટિરહિત સમકિતદૃષ્ટિ નિશ્ચય જાણવો. ૨૩૨.
(શ્રી સમયસાર ગાથા ૨૩૨ અને તેનો ભાવાર્થ)

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



अथोपगूहनगुणं तस्य प्रतिपादयन्नाह—

**स्वयं शुद्धस्य मार्गस्य बालाशक्तजनाश्रयाम्।**
**वाच्यतां यत्प्रमार्जन्ति तद्वदन्त्युपगूहनम्॥१५॥**

'तदुपगूहनं वदन्ति' यत्प्रमार्जन्ति निराकुर्वन्ति प्रच्छादयन्तीत्यर्थः। कां? 'वाच्यतां' दोषं। कस्य? 'मार्गस्य' रत्नत्रयलक्षणस्य। किंविशिष्टस्य? 'स्वयं शुद्धस्य' स्वभावतो निर्मलस्य। कथंभूतां? 'बालाशक्तजनाश्रयां' बालोऽज्ञः, अशक्तो व्रताद्यनुष्ठानेऽसमर्थः स चासौ जनश्च स आश्रयो यस्याः। अयमर्थ—हिताहितविवेकविकलं

---

મોહપાશમાં પડી મૂર્ખ બનતો નથી.) તે ખરેખર અમૂઢદૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિ જાણવો.''[1]

આત્મતત્ત્વ અને શરીરાદિક બર્હિતત્ત્વોનો યથાર્થ નિશ્ચય થતાં તેનાં ફળસ્વરૂપ સમસ્ત મિથ્યાત્વ—રાગાદિ શુભાશુભ સંકલ્પ-વિકલ્પોમાં ઈષ્ટબુદ્ધિ, આત્મબુદ્ધિ, ઉપાદેયબુદ્ધિ, હિતબુદ્ધિ અને મમત્વભાવ છોડી વિશુદ્ધ જ્ઞાન-દર્શન સ્વભાવમાં નિશ્ચય રહેવું તેનું નામ સાચો અમૂઢદૃષ્ટિ ગુણ છે.[2] ૧૪.

હવે તેના (સમ્યગ્દર્શનના) ઉપગૂહન ગુણનું પ્રતિપાદન કરી કહે છે—

## ૫. ઉપગૂહન ગુણનું લક્ષણ
### શ્લોક ૧૫

**અન્વયાર્થ** :—[स्वयं] સ્વયં (સ્વરૂપથી) [शुद्धस्य] શુદ્ધ (પવિત્ર) [मार्गस्य] માર્ગની (મોક્ષમાર્ગની) [बालाशक्तजनाश्रयाम्] અજ્ઞાની અને અસમર્થ પુરુષો દ્વારા ઉત્પન્ન થયેલી [वाच्यतां] નિંદાને [यत् प्रमार्जन्ति] જે દૂર કરે છે-છુપાવે છે [तत्] તે પ્રમાર્જનને (દૂર કરવું-છુપાવવું તેને) [उपगूहनम्] ઉપગૂહન અંગ [वदन्ति] કહે છે.

**ટીકા** :—'स्वयं शुद्धस्य मार्गस्य' સ્વભાવથી નિર્મળ એવા રત્નત્રયસ્વરૂપ માર્ગના 'बालाशक्तजनाश्रयां वाच्यतां' અજ્ઞાની અને વ્રતાદિનું આચરણ કરવામાં અસમર્થ એવા જનોના આશ્રયે જે ઉત્પન્ન થયો છે એવા દોષોનું 'यत् प्रमार्जन्ति' જે દૂર કરવું (છુપાવવું) 'तदुपगूहनम्' તેને ઉપગૂહન ગુણ કહે છે. આ અર્થ છે કે હિત અને

---

૧. જુઓ શ્રી સમયસાર ગાથા ૨૩૨ની શ્રી જયસેનાચાર્યકૃત સંસ્કૃત ટીકા.

૨. જુઓ શ્રી દ્રવ્યસંગ્રહ ગાથા ૪૧ અમૂઢદૃષ્ટિ ગુણ સંબંધી ટીકા.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**व्रताद्यनुष्ठानेऽसमर्थजनमाश्रित्यागतस्य रत्नत्रये तद्वर्ति वा दोषस्य यत् प्रच्छादनं तदुपगूहनमिति।।१५।।**

---

અહિતના વિવેકરહિત તથા વ્રતાદિના અનુષ્ઠાનમાં અસમર્થ એવા જનોના આશ્રયે રત્નત્રયમાં અથવા તેના ધારક પુરુષોમાં આવેલા દોષોને જે ઢાંકવું (છુપાવવું) તે ઉપગૂહન છે.

**ભાવાર્થ :—**જેઓ હિતાહિતના વિવેકથી રહિત છે, અજ્ઞાની છે તથા જેઓ વ્રતાદિકનું આચરણ કરવામાં અશક્ત છે—અસમર્થ છે તેવા પુરુષો દ્વારા, રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ સંબંધી યા મોક્ષમાર્ગના ઉપાસકો સંબંધી જે નિંદા થઈ હોય તેને પ્રગટ ન કરવી (છુપાવવી) તે ઉપગૂહન અંગ છે.

એકનો દોષ દેખી સમસ્ત ધર્મ યા સર્વ ધર્માત્માઓ દૂષિત થશે એમ જાણી સમ્યગ્દ્રષ્ટિ કોઈ સાધર્મીના દોષને પ્રગટ કરતો નથી. આમાં દોષને ઉત્તેજન આપવાનો તેનો હેતુ નથી, પરંતુ જે ધર્મ પ્રત્યે તેની પ્રીતિ છે તેની નિંદા ન થાય તે જોવાનો તેનો પ્રધાન હેતુ છે.

“જે ચેતયિતા સિદ્ધની (શુદ્ધાત્માની) ભક્તિ સહિત છે અને પરવસ્તુના સર્વ ધર્મોને ગોપવનાર છે (અર્થાત્ રાગાદિ પરભાવોમાં જોડાતો નથી) તે ઉપગૂહનકારી સમ્યગ્દ્રષ્ટિ જાણવો.”

“સમ્યગ્દ્રષ્ટિ ઉપગૂહન ગુણ સહિત છે. ઉપગૂહન એટલે ગોપવવું તે. અહીં નિશ્ચયનયને પ્રધાન કરીને કહ્યું છે કે સમ્યગ્દ્રષ્ટિએ પોતાનો ઉપયોગ સિદ્ધભક્તિમાં જોડેલો અને જ્યાં ઉપયોગ સિદ્ધભક્તિમાં જોડ્યો ત્યાં અન્ય ધર્મો પર દ્રષ્ટિ જ ન રહી, તેથી તે સર્વ અન્ય ધર્મોનો ગોપવનાર છે અને આત્મશક્તિનો વધારનાર છે.

આ ગુણનું બીજું નામ ‘ઉપબૃંહણ’ પણ છે. ઉપબૃંહણ એટલે વધારવું તે. સમ્યગ્દ્રષ્ટિએ પોતાનો ઉપયોગ સિદ્ધના સ્વરૂપમાં જોડેલો હોવાથી તેના આત્માની સર્વ શક્તિઓ વધે છે, આત્મા પુષ્ટ થાય છે, માટે તે ઉપબૃંહણ ગુણવાળો છે.”[૧] ૧૫.

---

૧. જે સિદ્ધભક્તિસહિત છે, ઉપગૂહક છે સૌ ધર્મનો,
ચિન્મૂર્તિ તે ઉપગૂહનકર સમકિતદ્રષ્ટિ જાણવો. ૨૩૩.

(શ્રી સમયસાર ગાથા ૨૩૩ અને તેનો ભાવાર્થ)

अथ स्थितीकरणगुणं सम्यग्दर्शनस्य दर्शयन्नाह—

दर्शनाच्चरणाद्वापि चलतां धर्मवत्सलैः।
प्रत्यवस्थापनं प्राज्ञैः स्थितीकरणमुच्यते ॥१६॥

'स्थितीकरणं' अस्थितस्य दर्शनादेश्चलितस्य स्थितकरणं[1] स्थितीकरणमुच्यते। कैः ? प्राज्ञैस्तद्विचक्षणैः। किं तत् ? 'प्रत्यवस्थापनं' दर्शनादौ पूर्ववत् पुनरप्यवस्थापनं। केषां ? 'चलतां' कस्मात् ? दर्शनाच्चरणाद्वापि। कैस्तेषां प्रत्यवस्थापनं ? 'धर्मवत्सलैः' धर्मवात्सल्ययुक्तैः ॥१६॥

---

હવે સમ્યગ્દર્શનના સ્થિતિકરણ ગુણને દર્શાવીને કહે છે—

## ૬ સ્થિતિકરણ ગુણનું લક્ષણ

### શ્લોક ૧૬

**અન્વયાર્થ** :—[दर्शनात्] સમ્યગ્દર્શનથી [वा] અથવા [चरणात्] સમ્યક્ચારિત્રથી [अपि] પણ [चलतां] ચલિત થતા-ડગતા જીવોને [धर्मवत्सलैः] ધર્મપ્રેમી જીવો દ્વારા [प्रत्यवस्थापनम्] ફરીથી તેમાં (ધર્મમાં) પૂર્વવત્ સ્થાપવા તેને [प्राज्ञैः] વિદ્વાનો દ્વારા [स्थितीकरण] સ્થિતિકરણ અંગ [उच्यते] કહેવામાં આવ્યું છે.

**ટીકા** :—'स्थितीकरणं'—અસ્થિત-દર્શન આદિથી ચલિત થયેલાને ફરીથી સ્થિર કરવો તે સ્થિતિકરણ છે. 'धर्मवत्सलैः' ધર્મમાં સ્નેહ રાખવાવાળા પુરુષો દ્વારા 'दर्शनाच्चरणाद्वापि चलतां' દર્શન અથવા ચારિત્રથી પણ ચલિત થયેલાઓને પણ 'प्रत्यवस्थापन' દર્શનાદિમાં પૂર્વવત્ ફરીથી સ્થાપન કરવો તેને 'प्राज्ञैः' વિચક્ષણ પુરુષો દ્વારા 'स्थितीकरणमुच्यते' સ્થિતિકરણ ગુણ કહેવાય છે.

**ભાવાર્થ** :—રોગ, દરિદ્રતા, ચમત્કાર, પ્રલોભન, મિથ્યા ઉપદેશાદિ કારણોથી સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રથી ડગતા-ચલિત થતા જીવોને યોગ્ય ઉપદેશ આપી ધર્મપ્રેમીઓ દ્વારા ફરીથી ધર્મમાં લગાડવા (સ્થિર કરવા), તેને વિદ્વાનો સ્થિતિકરણ ગુણ—અંગ કહે છે.

"જે ચેતયિતા ઉન્માર્ગે જતા પોતાના આત્માને પણ માર્ગમાં સ્થાપે છે તે

---

૧. स्थितस्य करणं घ०।

अथ वात्सल्यगुणस्वरूपं दर्शने प्रकटयन्नाह—

**स्वयूथ्यान्प्रति सद्भावसनाथापेतकैतवा।**
**प्रतिपत्तिर्यथायोग्यं वात्सल्यमभिलप्यते ॥१७॥**

'वात्सल्यं' सधर्मिणि स्नेहः। 'अभिलप्यते' प्रतिपाद्यते। कासौ? 'प्रतिपत्तिः' पूजाप्रशंसादिरूपा। कथं? 'यथायोग्यं' योग्यानतिक्रमेण अञ्जलिकरणाभिमुखगमन प्रशंसावचनोपकरणसम्प्रदानादिलक्षणा। कान् प्रति? 'स्वयूथ्यान्' जैनान् प्रति। कथंभूता?

સ્થિતિકરણયુક્ત સમ્યગ્દષ્ટિ જાણવો."[1]

"તે સ્થિતિકરણ, સ્વ અને પરના ભેદથી બે પ્રકારનું છે. તેમાં જે પોતાની ભૂલને પોતાની મેળે પરિણામોની શુદ્ધતા દ્વારા સુધારે છે, તેને નિશ્ચયથી સ્વસ્થિતિકરણ કહે છે. તથા પોતાનાથી ભિન્ન વ્યક્તિને સમ્યગ્દર્શન વા સમ્યક્ચારિત્રથી પતિત થતી જોઈને તેને ધર્મોપદેશ દ્વારા શંકા-સમાધાન પૂર્વક ફરીથી સમ્યગ્દર્શન વા સમ્યક્ચારિત્રમાં સ્થિર કરવાના ભાવને વ્યવહારથી પરસ્થિતિકરણ કહે છે."[2] ૧૬.

હવે સમ્યગ્દર્શનના વાત્સલ્ય ગુણનું સ્વરૂપ પ્રગટ કરી કહે છે—

## ૭. વાત્સલ્ય ગુણનું લક્ષણ

### શ્લોક ૧૭

**અન્વયાર્થ** :—[स्वयूथ्यान् प्रति] પોતાના સહધર્મીઓ પ્રત્યે [सद्भावसनाथा] સદ્‌ભાવ (સરળતા) સહિત. [अपेतकैतवा] માયા રહિત [यथायोग्यम्] યથાયોગ્ય [प्रतिपत्तिः] આદર-સત્કારાદિ કરવો તે [वात्सल्यम्] વાત્સલ્ય અંગ [अभिलप्यते] કહેવાય છે.

**ટીકા** :—'वात्सल्यं' સહધર્મી પ્રત્યે સ્નેહ 'अभिलप्यते' કહેવાય છે. વાત્સલ્ય એટલે શું? 'प्रतिपत्तिः' પૂજા પ્રશંસાદિરૂપ સત્કાર. કેવી રીતે? 'यथायोग्यम्' જે યોગ્ય છે તેનું ઉલ્લંઘન કર્યા સિવાય અર્થાત્ બંને હાથ જોડવા, સામે જવું, પ્રશંસાનાં વચન કહેવાં, ઉપકરણ (સાધનો)નું દાન આપવું—વગેરે રૂપ યથાયોગ્ય (સત્કાર કરવો), કોના પ્રતિ? 'स्वयूथ्यान्' જૈનો પ્રતિ. કેવો (સત્કાર)? 'सद्भावसनाथा' સદ્‌ભાવના અવક્તા—સરળતા

૧. ઉન્માર્ગગમને સ્વાત્મને પણ માર્ગમાં જે સ્થાપતો,
ચિન્મૂર્તિ તે સ્થિતિકરણયુત સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૪. (શ્રી સમયસાર ગાથા ૨૩૪.)
૨. શ્રી પંચાધ્યાયી–ઉત્તરાર્ધ ગાથા ૭૯૨નો ભાવાર્થ.

'सद्भावसनाथा' सद्भावेनावक्रतया सहिता चित्तपूर्विकेत्यर्थः। अत एव 'अपेतकैतवा' अपेतं विनष्टं कैतवं माया यस्याः॥१७॥

अथ प्रभावनागुणस्वरूपं दर्शनस्य निरूपयन्नाह—

**अज्ञानतिमिरव्याप्तिमपाकृत्य यथायथम्।**
**जिनशासनमाहात्म्यप्रकाशः स्यात्प्रभावना॥१८॥**

---

સહિત હૃદયપૂર્વક—એવો અર્થ છે. તેથી જ 'अपेतकैतवा' અપેત એટલે નષ્ટ અને કૈતવ એટલે માયા, જેમાં માયા નાશ પામી છે તેવો અર્થાત્ માયા રહિત (સત્કાર).

**ભાવાર્થ** :—પોતાના સહધર્મી ભાઈઓનો વિનયપૂર્વક, સારા ભાવસહિત, કપટ રહિત-ખરા દિલથી, યથાયોગ્ય નમસ્કાર, વિનય, સ્તુતિ, દાન, પ્રશંસા અને ઉપકરણ આદિ દ્વારા આદર-સત્કાર કરવો તે વાત્સલ્ય અંગ છે.

"જે ચેતયિતા મોક્ષમાર્ગમાં રહેલા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી ત્રણ સાધકો-સાધનો પ્રત્યે (અથવા વ્યવહારે આચાર્ય, ઉપાધ્યાય અને મુનિ—એ ત્રણ સાધુઓ પ્રત્યે) વાત્સલ્ય કરે છે, તે વાત્સલ્યભાવ યુક્ત (વાત્સલ્યભાવ સહિત) સમ્યગ્દષ્ટિ જાણવો."[૧]

સ્થિતિકરણ અંગની જેમ વાત્સલ્ય અંગ પણ સ્વ અને પરના ભેદથી બે પ્રકારનું છે. પરિષહ-ઉપસર્ગાદિ દ્વારા પીડિત થવા છતાં પણ કોઈ શુભ આચરણમાં, જ્ઞાન અને ધ્યાનમાં શિથિલતા ન આવવા દેવી તે સ્વાત્મસંબંધી વાત્સલ્ય છે અને અન્ય સંયમીઓ ઉપર ઘોર પરિષહ ઉપસર્ગાદિક આવી પડતાં તેમની બાધા દૂર કરવાનો ભાવ થવો તે પરવાત્સલ્ય છે."[૨] ૧૭.

હવે સમ્યગ્દર્શનના પ્રભાવના ગુણના સ્વરૂપનું નિરૂપણ કરી કહે છે—

## ૮. પ્રભાવના ગુણનું લક્ષણ
## શ્લોક ૧૮

**અન્વયાર્થ** :—[अज्ञानतिमिरव्याप्तिम्] અજ્ઞાનરૂપી અંધકારના ફેલાવાને

---

૧. જે મોક્ષમાર્ગે 'સાધુ'ત્રયનું વત્સલત્વ કરે અહો!
ચિન્મૂર્તિ તે વાત્સલ્યયુત સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૫. (શ્રી સમયસાર ગાથા ૨૩૫)

૨. જુઓ શ્રી પંચાધ્યાયી ઉત્તરાર્ધ ગાથા ૮૦૬ થી ૮૦૮.

**'प्रभावना' स्यात्। कासौ? 'जिनशासनमाहात्म्यप्रकाशः'। ★जिनशासनस्य माहात्म्यप्रकाशस्तु[1] ★तपोज्ञानाद्यतिशयप्रकटीकरणं। कथं? 'यथायथं' स्नपनदानपूजा-विधानतपोमंत्रतंत्रादिविषये आत्मशक्त्यनतिक्रमेण। किं कृत्वा? 'अपाकृत्य' निराकृत्य। कां? 'अज्ञानतिमिरव्याप्तिं'★ जिनमतात्परेषां यत्स्नपनदानादिविषयेऽज्ञानमेव तिमिरमन्धकारं तस्य व्याप्तिं ★प्रसरम्॥१८॥**

**इदानीमुक्तनिःशंकितत्वाद्याष्टगुणानां मध्ये कः केन गुणेन प्रधानतया प्रकटित इति प्रदर्शयन् श्लोकद्वयमाह—**

---

(વિસ્તારને) [**अपाकृत्य**] દૂર કરીને [**यथायथम्**] ઉચિત રીતે [**जिनशासनमाहात्म्य-प्रकाशः**] જૈનધર્મના મહિમાનો પ્રકાશ કરવો તે [**प्रभावना**] પ્રભાવના ગુણ [**स्यात्**] છે.

**ટીકા :—**'**प्रभावना**' પ્રભાવના ગુણ છે. તે શું છે? '**जिनशासनमाहात्म्यप्रकाशः**' જિનશાસનના મહિમાનો પ્રકાશ કરવો તે—તપ, જ્ઞાનાદિના અતિશયને પ્રગટ કરવો તે. કેવી રીતે? '**यथायथं**' સ્નપન (અભિષેક), દાન, પૂજાવિધાન, તપ, મંત્ર, તંત્રાદિના વિષયમાં પોતાની શક્તિનો અતિક્રમ (ઉલ્લંઘન) કર્યા વિના (અર્થાત્ યથાશક્તિ), શું કરીને? '**अपाकृत्य**' દૂર કરીને, કોને? '**अज्ञानतिमिरव्याप्तिम्**' જિનમતથી અતિરિક્ત અન્ય મતનાં સ્નપન, દાનાદિના વિષયમાં જે અજ્ઞાનરૂપી અંધકાર તેની વ્યાપ્તિને—તેના ફેલાવને.

**ભાવાર્થ :—**જૈનધર્મ સંબંધી ફેલાયેલી અજ્ઞાનતાને પોતાની શક્તિ અનુસાર વિદ્યા, દાન, પૂજાવિધાન, તપ, મંત્ર, તંત્રાદિ દ્વારા દૂર કરીને જૈનધર્મનો મહિમા પ્રગટ કરવો તેને પ્રભાવના અંગ કહે છે.

"જે ચેતયિતા વિદ્યારૂપી રથમાં આરૂઢ થયો થકો મનરૂપી રથ—પંથમાં (અર્થાત્ જ્ઞાનરૂપી જે રથને ચાલવાનો માર્ગ તેમાં) ભ્રમણ કરે છે, તે જિનેશ્વરના જ્ઞાનની પ્રભાવના કરનારો સમ્યગ્દૃષ્ટિ જાણવો."[2] ૧૮.

હવે કહેલા નિઃશંકિતત્ત્વાદિ આઠ ગુણોમાં કોણ કયા ગુણ વડે પ્રધાનતાથી પ્રસિદ્ધ થયેલ છે, તે બતાવતાં બે શ્લોક કહે છે—

---

★. ध पुस्तके 'तु' नास्ति। सम्पादनादिलक्षणा ख। ★ पुष्पमध्यगतः पाठः क—पुस्तके नास्ति।

૨. ચિન્મૂર્તિ મન રથપંથમાં વિદ્યારથારૂઢ ઘૂમતો,
તે જિનજ્ઞાનપ્રભાવકર સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૬. (શ્રી સમયસાર ગાથા ૨૩૬)

तावदञ्जनचौरोऽङ्गे ततोऽनन्तमतिः स्मृता।
उद्दायनस्तृतीयेऽपि तुरीये रेवती मता॥१९॥

ततो जिनेन्द्रभक्तोऽन्यो वारिषेणस्ततः परः।
विष्णुश्च वज्रनामा च शैषयोर्लक्ष्यतां गताः॥२०॥

तावच्छब्दः क्रमवाची, सम्यग्दर्शनस्य हि निःशंकितत्वादीन्यष्टांगान्युक्तानि तेषु मध्ये प्रथमे निःशंकितत्वेंऽगस्वरूपे तावल्लक्ष्यतां दृष्टान्ततां गतोऽञ्जनचोरः स्मृतो निश्चितः। द्वितीयेंऽगे निष्कांक्षितत्वे ततोऽञ्जनचोरादन्यानन्तमतिर्लक्ष्यतां गता मता। तृतीयेंऽगे निर्विचिकित्सत्वे उद्दायनो लक्ष्यतां गतो मतः। तुरीये चतुर्थेऽङ्गे अमूढदृष्टित्वे

---

## આઠ ગુણોમાં પ્રસિદ્ધ વ્યક્તિઓનાં નામ

### શ્લોક ૧૯–૨૦

**અન્વયાર્થ** :—[तावत्] ક્રમથી પહેલા [अङ्गे] નિઃશંકિત અંગમાં [अंजनचौरः] અંજન ચોર (પ્રસિદ્ધ થયો છે.) [ततः] તે પછી—બીજા નિઃકાંક્ષિત અંગમાં [अनन्तमती] રાણી અનંતમતી [स्मृता] પ્રસિદ્ધ થઈ છે. [तृतीयेऽपि] અને ત્રીજા નિર્વિચિકિત્સતા અંગમાં [उद्दायनः] ઉદ્દાયન રાજા (પ્રસિદ્ધ થયો છે.) [तुरीये] ચોથા અમૂઢદૃષ્ટિ અંગમાં [रेवती] રેવતી રાણી [मता] પ્રસિદ્ધ થઈ છે. ૧૯.

[ततः] પછી પાંચમા ઉપગૂહન અંગમાં [जिनेन्द्रभक्तः] જિનેન્દ્રભક્ત શેઠ (પ્રસિદ્ધ થયો છે.) [ततः अन्यः] તે પછી છટ્ઠા સ્થિતિકરણ અંગમાં [वारिषेणः] શ્રેણિક રાજાનો પુત્ર વારિષેણ (પ્રસિદ્ધ થયો છે.) [परः] તે પછી [शेषयोः] શેષ બે અંગોમાં અર્થાત્ વાત્સલ્ય અને પ્રભાવના અંગમાં (અનુક્રમે) [विष्णुः] વિષ્ણુકુમાર મુનિ [च] અને [वज्रनामा] વજ્રકુમાર મુનિ [लक्ष्यताम्] પ્રસિદ્ધિને [गतौ] પ્રાપ્ત થયા છે. ૨૦.

**ટીકા** :—'तावद्' શબ્દ ક્રમવાચી છે. સમ્યગ્દર્શનનાં નિઃશંકિત આદિ આઠ અંગ કહ્યાં છે, તે મધ્યે પ્રથમ નિઃશંકિત અંગના સ્વરૂપમાં અંજન ચોર દૃષ્ટાંતરૂપ (પ્રસિદ્ધ) થયો છે. બીજા નિઃકાંક્ષિત અંગમાં ત્યારપછી અર્થાત્ અંજન ચોરથી બીજી અનંતમતી રાણી પ્રસિદ્ધ થઈ છે. ત્રીજા નિર્વિચિકિત્સતા અંગમાં ઉદ્દાયન રાજા પ્રસિદ્ધ થયો છે. ચોથા અમૂઢદૃષ્ટિ

रेवती लक्ष्यतां गता मता। ततस्तेभ्यश्चतुर्थेभ्योऽन्यो जिनेन्द्रभक्तश्रेष्ठी उपगूहने लक्ष्यतां गतो मतः। ततो जिनेन्द्रभक्तात् परो वारिषेणः स्थितीकरणे लक्ष्यतां गतो मतः। विष्णुश्च विष्णुकुमारो वज्रनामा। च वज्रकुमारः शेषयोर्वात्सल्यप्रभावनयोर्लक्ष्यतां गतौ मतौ। गता इति बहुवचननिर्देशो दृष्टान्तभूतोक्तात्मव्यक्तिबहुत्वापेक्षया[1]।

---

અંગમાં રેવતી રાણી પ્રસિદ્ધ થઈ છે. તે પછી એટલે તે ચાર પછી—એ ચારથી અન્ય જિનેન્દ્રભક્ત શેઠ ઉપગૂહન અંગમાં પ્રસિદ્ધ થયો છે. પછી જિનેન્દ્રભક્તથી અન્ય વારિષેણ સ્થિતીકરણ અંગમાં પ્રસિદ્ધ થયો છે અને વિષ્ણુ અર્થાત્ વિષ્ણુકુમાર મુનિ અને વજ્રનામ અર્થાત્ વજ્રકુમાર મુનિ બાકીનાં વાત્સલ્ય અને પ્રભાવના અંગોમાં પ્રસિદ્ધ થયા છે.

દૃષ્ટાન્તભૂત કહેલી આત્મવ્યક્તિના માનાર્થે 'गताः' એમ બહુવચનનો નિર્દેશ કરેલ છે.

**ભાવાર્થ** :—સામાન્યતઃ સમ્યગ્દૃષ્ટિને અવિનાભાવે આઠે આઠ સમ્યગ્દર્શનનાં અંગ હોય છે, પરંતુ કોઈ કોઈ અંગમાં પોતાના ધાર્મિક જીવનની બાહ્ય વિશેષતાઓને લીધે લોકમાં તે પ્રસિદ્ધિ પામે છે. આવી પ્રસિદ્ધિ પામેલી વ્યક્તિઓનાં નામ નીચે પ્રમાણે છે :—

| | **અંગ** | **પ્રસિદ્ધ વ્યક્તિ** |
|---|---|---|
| ૧. | નિઃશંકિત | અંજન ચોર |
| ૨. | નિઃકાંક્ષિત | અનંતમતી રાણી |
| ૩. | નિર્વિચિકિત્સતા | ઉદ્દાયન રાજા |
| ૪. | અમૂઢદૃષ્ટિ | રેવતી રાણી |
| ૫. | ઉપગૂહન | જિનેન્દ્રભક્ત શેઠ |
| ૬. | સ્થિતીકરણ | વારિષેણ (શ્રેણિક રાજાનો પુત્ર) |
| ૭. | વાત્સલ્ય | વિષ્ણુકુમાર મુનિ |
| ૮. | પ્રભાવના | વજ્રકુમાર મુનિ |

ઉપરોક્ત અંગોમાં પ્રસિદ્ધ થયેલી વ્યક્તિઓની કથાઓ છે તે પ્રથમાનુયોગનો વિષય છે. તેનો અર્થ નીચે પ્રમાણે સમજવો :—

---

१. दृष्टान्तभूतोक्तत्वाद् व्यक्ति घ० ।

**तत्र निःशंकितत्वेऽजनचोरो दृष्टान्ततां गतोऽस्य कथा।**

---

"વળી પ્રથમાનુયોગમાં ઉપચારરૂપ કોઈ ધર્મ-અંગ થતાં ત્યાં સંપૂર્ણ ધર્મ થયો કહીએ છીએ. જેમ જીવોને શંકા-કાંક્ષાદિ ન કરતાં તેને સમ્યક્ત્વ થયું કહીએ છીએ, પણ કોઈ કાર્યમાં શંકા-કાંક્ષા ન કરવા માત્રથી તો સમ્યક્ત્વ ન થાય. સમ્યક્ત્વ તો તત્ત્વશ્રદ્ધાન થતાં જ થાય છે; પરંતુ અહીં નિશ્ચય સમ્યક્ત્વનો તો વ્યવહાર સમ્યક્ત્વમાં ઉપચાર કર્યો તથા વ્યવહારસમ્યક્ત્વના કોઈ એક અંગમાં સંપૂર્ણ વ્યવહારસમ્યક્ત્વનો ઉપચાર કર્યો. એ પ્રમાણે તેને ઉપચારથી સમ્યક્ત્વ પ્રાપ્ત થયું કહીએ છીએ."

જેને પાછળથી સમ્યક્ત્વ થયું હોય તેને જ[1] આ ઉપચાર લાગુ પડે છે, પણ મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી, જે પાછળથી સમ્યગ્દર્શન પ્રગટ કરે નહિ તેને આ ઉપચાર લાગુ પડતો નથી, એમ સમજવું.

## વિશેષ

સમ્યગ્દર્શન, પ્રતીતિ, રુચિ, શ્રદ્ધા અને શ્રદ્ધાન—એ સમ્યક્ત્વના પર્યાયવાચક શબ્દો છે. સમ્યગ્દર્શનને આઠ અંગ છે. અંગ શબ્દનો અર્થ અવયવ છે. સમ્યગ્દર્શન અંગી છે—અવયવી છે અને નિઃશંકિત આદિ તેનાં અંગ—અવયવ છે.

અંગનો અર્થ લક્ષણ—ચિહ્ન પણ થાય છે. જેને સમ્યગ્દર્શન હોય છે તેને નિઃશંકિત આદિ ચિહ્નો અવશ્ય હોય છે.

સમ્યગ્દર્શનનાં આઠ અંગોમાં પ્રથમનાં ચાર અંગો :—નિઃશંકિત, નિઃકાંક્ષિત, નિર્વિચિકિત્સતા અને અમૂઢદૃષ્ટિ—એ નિષેધરૂપ છે અને બાકીનાં ચાર અંગો—ઉપગૂહન, સ્થિતીકરણ, વાત્સલ્ય અને પ્રભાવના—એ વિધેયરૂપ છે.

**સૂચના**—હવે ટીકાકાર આઠે અંગમાં પ્રસિદ્ધ થયેલી વ્યક્તિઓની ક્રમવાર કથા કહેશે.

તેમાં નિઃશંકિતપણામાં અંજનચોર દૃષ્ટાંતપણાને પામેલ છે (તે આઠ અંગમાં નિઃશંકિત અંગમાં અંજનચોરનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે), તેની આ કથા છે.

---

૧. મોક્ષમાર્ગ પ્રકાશક, ગુજરાતી આવૃત્તિ, પૃષ્ઠ ૨૭૬.

यथा—धन्वंतरिविश्वलोमौ [१]सुकृतकर्मवशादमितप्रभविद्युत्प्रभदेवौ संजातौ चान्योन्यस्य धर्मपरीक्षणार्थमत्रायातौ। तो [२]यमदग्निस्ताभ्यां तपसश्चालितः। मगधदेशे राजगृहनगरे जिनदत्तश्रेष्ठी कृतोपवासः कृष्णचतुर्दश्यां रात्रौ स्मशाने कायोत्सर्गेण स्थितो दृष्टः। ततोऽमितप्रभदेवेनोक्तं दूरे तिष्ठंतु मदीया मुनयोऽमुं गृहस्थं ध्यानाच्चालयेति, ततो विद्युत्प्रभदेवेनानेकधा कृतोपसर्गोपि न चलितो ध्यानात्। ततः प्रभाते मायामुपसंहृत्य प्रशस्य चाकाशगामिनी विद्या दत्ता तस्मै,[३] कथितं च तवेयं सिद्धाऽन्यस्य च पंच-नमस्कारार्चनाराधनविधिना सेत्स्यतीति। सोमदत्तपुष्पबटुकेन चैकदा जिनदत्तश्रेष्ठी पृष्टः—क्व भवान् प्रातरेवोत्थाय व्रजतीति। तेनोक्तमकृत्रिमचैत्यालयवंदनाभक्तिं कर्तुं व्रजामि।

## કથા ૧ : અંજનચોર

ધન્વંતરી અને વિશ્વલોમ (બંને) સુકૃત કર્મને લીધે અમિતપ્રભ અને વિદ્યુત્પ્રભ (નામના) બે દેવ થયા. તેઓ એક બીજાના ધર્મની પરીક્ષા કરવા માટે અહીં આવ્યા પછી તે બંનેએ યમદગ્નિને તપથી ચલિત કર્યા.

મગધ દેશમાં રાજગૃહ નગરમાં જિનદત્ત શેઠ ઉપવાસ કરી કૃષ્ણચૌદશની રાત્રે સ્મશાનમાં કાયોત્સર્ગમાં સ્થિત જોવામાં આવ્યા ત્યારે અમિતપ્રભદેવે (વિદ્યુતપ્રભદેવને) કહ્યું : “મારા મુનિઓ તો દૂર રહો, (એમની તો શી વાત!) પરંતુ આ ગૃહસ્થને (જિનદત્તને) તમે ધ્યાનથી ચલિત કરો.”

પછી વિદ્યુત્પ્રભદેવે અનેક પ્રકારે (તેના ઉપર) ઉપસર્ગો કર્યા છતાં તેને ધ્યાનથી ચલિત કરી શક્યા નહિ; પછી તેણે સવારે માયા સંકેલીને તેની—જિનદત્તની પ્રશંસા કરી અને તેને આકાશગામિની વિદ્યા આપી કહ્યું :

“તને આ (વિદ્યા) સિદ્ધ થઈ ચુકી છે અને અન્યને પંચનમસ્કારની અર્ચના અને આરાધનાની વિધિથી તે સિદ્ધ થશે.”

એક દિવસે સોમદત્તપુષ્પના બટુકે જિનદત્ત શેઠને પૂછ્યું : “આપ સવારમાં જ ઊઠીને ક્યાં જાઓ છો?”

તેણે કહ્યું : “અકૃત્રિમ ચૈત્યાલયોની ભક્તિ કરવા માટે જાઉં છું. મને આવી વિદ્યાની પ્રાપ્તિ થઈ છે.”

---

१. स्वकृत घ०। २. जमदग्नि घ०।

३. तस्मै नास्ति ध पुस्तके।

**ममेत्थं विद्यालाभः संजात इति कथिते तेनोक्तं मम विद्यां देहि, येन त्वया सह पुष्पादिकं गृहीत्वा वंदनाभक्तिं करोमीति। ततः श्रेष्ठिना तस्योपदेशो दत्तः। तेन च कृष्णचतुर्दश्यां स्मशाने वटवृक्षपूर्वशाखायामष्टोत्तरशतपादं दर्भशिक्यं बन्धयित्वा तस्य तले तीक्ष्णसर्वशस्त्राण्यूर्ध्वमुखानि धृत्वा गंधपुष्पादिकं दत्वा शिक्यमध्ये प्रविश्य षष्ठोपवासेन पंचनमस्कारानुच्चार्य छुरिकयैकैकं पादं छिंतदाऽधो जाज्वल्यमानप्रहरणसमूहमालोक्य भीतेन तेन संचिंतितं—यदि श्रेष्ठिनो वचनमसत्यं भवति तदा मरणं भवतीति शंकितमना वारंवारं चटनोत्तरणं करोति। एतस्मिन् प्रस्तावे प्रजापालस्य राज्ञः कनकाराज्ञीहारं दृष्ट्वांजनसुंदर्या विलासिन्या रागावागर्तोजनचोरो भणितः। यदि मे कनकाराज्ञ्या हारं ददासि तदा भर्त्ता त्वं नान्यथेति। ततो गत्वा रात्रौ हारं चोरयित्वांऽजनचोर आगच्छन् हारोद्योतेन ज्ञातोंऽगरक्षैः कोट्टपालैश्च [१]ध्रियमाणो हारं त्यक्त्वा प्रणश्य गतः, वटतले बटुकं दृष्ट्वा तस्मान्मंत्रं गृहीत्वा**

શેઠથી એમ કહેવામાં આવતાં, તેણે (—બટુકે) કહ્યું : ‘‘મને પણ આ વિદ્યા આપો જેથી હું તમારી સાથે પુષ્પાદિ લઈને વંદના—ભક્તિ કરું.’’

પછી શેઠે તેને ઉપદેશ આપ્યો. (પછી શેઠે તેને વિદ્યા સિદ્ધ કરવાની વિધિ બતાવી.)

તેણે (—બટુકે) કાળીચૌદશની રાત્રે સ્મશાનમાં વડના વૃક્ષની પૂર્વશાખામાં એકસો આઠ પાદવાળું (દોરીવાળું) દર્ભનું શીકું બાંધીને તેની નીચે બધા પ્રકારનાં તીક્ષ્ણ શસ્ત્રો ઊર્ધ્વમૂખે રાખ્યાં, પછી ગંધ—પુષ્પાદિ લઈને, શીકામધ્યે તેણે પ્રવેશ કર્યો. છટ્ઠા ઉપવાસે પંચ નમસ્કારો ઉચ્ચારીને છરી વડે એક એક પાદને છેદતાં તેણે (નીચે) ચળકતાં હથિયારોના સમૂહને જોઈ ભયભીત થઈ વિચાર્યું :

‘‘જો શેઠનું વચન અસત્ય નીવડે તો મરણ નીપજે.’’

એ પ્રમાણે મનમાં વિચારીને—શંકા લાવીને તે વારંવાર ચઢ-ઊતર કરે છે. તે સમય દરમિયાન પ્રજાપાલ રાજાની કનકરાણીનો હાર જોઈને અંજનની સુંદરી વિલાસિનીએ રાત્રે આવેલા અંજનચોરને કહ્યું :

‘‘જો તું મને કનકરાણીનો હાર આપે તો તું મારો ધણી, નહિ તો નહિ.’’

પછી જઈને રાત્રે હાર ચોરીને અંજનચોર જ્યારે આવતો હતો, ત્યારે હારના પ્રકાશથી અંગરક્ષકોએ અને કોટવાળોએ તેને ઓળખ્યો અને પકડવા જતાં તે (ચોર) હારને

૧. गृहीष्यमाणः इति पाठांतरम्।

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



निःशंकितेन तेन विधिनैकवारेण सर्वशिक्यं छिन्नं शस्त्रोपरि पतितः सिद्धया विद्यया भणितं—ममादेशं देहीति। तेनोक्तं—जिनदत्तश्रेष्ठिपार्श्वे मां नयेति। ततः सुदर्शनमेरुचैत्यालये जिनदत्तस्याग्रे नीत्वा स्थितः[1]। पूर्ववृत्तांतं कथयित्वा तेन भणितं—यथेयं सिद्धा भवदुपदेशेन तथा परलोकसिद्धावप्युपदेहीति। ततश्चारणमुनिसन्निधौ तपो गृहीत्वा कैलासे केवलमुत्पाद्य मोक्षं गतः॥१॥

निःकांक्षितत्त्वेऽनंतमतीदृष्टांतोऽस्याः कथा।

अंगदेशे चंपानगर्यां राजा वसुवर्धनो राज्ञी लक्ष्मीमती। श्रेष्ठी प्रियदत्तस्तद्भार्या अंगवती पुत्र्यनंतमती। नंदीश्वराष्टम्यां श्रेष्ठिना धर्मकीर्त्याचार्यपादमूलेऽष्टदिनानि ब्रह्मचर्यं गृहीतं। क्रीडयाऽनंतमती च ग्राहिता। अन्यदा संप्रदानकालेऽनंतमत्योक्तं—तात! मम त्वया

---

ત્યજીને નાસી ગયો. વડની નીચે બટુકને જોઈને તેની પાસેથી મંત્ર ગ્રહણ કરીને નિઃશંક થઈ તેણે વિધિપૂર્વક એકીવખતે શીકાને છેદી નાખ્યું અને શસ્ત્રો ઉપર પડવા જતાં તે વિદ્યા સિદ્ધ થઈ. સિદ્ધ થયેલી વિદ્યાએ કહ્યું : "મને આદેશ આપો."

તેણે (ચોરે) કહ્યું : "મને જિનદત્ત શેઠની પાસે લઈ જા."

પછી સુદર્શન મેરુના ચૈત્યાલયમાં જિનદત્ત શેઠની બાજુમાં લઈ જઈને તેને ખડો કરવામાં આવ્યો. પૂર્વવૃત્તાંત કહીને તેણે (ચોરે) કહ્યું : 'જેમ આ વિદ્યા તમારા ઉપદેશથી સિદ્ધ થઈ તેમ પરલોકની સિદ્ધિના વિષયમાં ઉપદેશ આપો."

પછી ચારણમુનિની સમીપમાં તપ ગ્રહણ કરી કૈલાસ (પર્વત) ઉપર કેવળજ્ઞાન ઉત્પન્ન કરી તે (ચોર) મોક્ષે ગયો. ૧.

નિઃકાંક્ષિતપણામાં અનંતમતીનું દૃષ્ટાંત છે તેની કથા—

## કથા ૨ : અનંતમતી

અંગ દેશમાં ચંપાનગરીમાં વસુવર્ધન રાજા હતો. તેની રાણીનું નામ લક્ષ્મીવતી હતું. (ત્યાં) પ્રિયદત્ત શેઠ હતો, તેની સ્ત્રીનું નામ અંગવતી અને પુત્રીનું નામ અનંતમતી હતું. નંદીશ્વર અષ્ટાહ્નિકામાં શેઠે ધર્મકીર્તિ આચાર્યના પાદમૂલમાં આઠ દિવસ માટે બ્રહ્મચર્ય ગ્રહણ કર્યું અને શેઠે રમતમાં અનંતમતીને પણ બ્રહ્મચર્યવ્રત લેવડાવ્યું. એક વખતે સંપ્રદાન

---

१. धृत इत्यन्यत्र।

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**ब्रह्मचर्यं दापितमतः किं विवाहेन ? श्रेष्ठिनोक्तं क्रीडया मया ते ब्रह्मचर्यं दापितं। ननु तात! धर्मे व्रते का क्रीडा। ननु पुत्रि! नंदीश्वराष्टदिनान्येव व्रतं तव न सर्वदा दत्तं। सोवाच ननु तात! तथा भट्टारकैरविवक्षितत्वादिति। इह जन्मनि परिणयने मम निवृत्तिरस्तीत्युक्त्वा सकलकलाविज्ञानशिक्षां कुर्वती स्थिता। यौवनभरे चैत्रे निजोद्याने आंदोलयंती विजयार्धदक्षिणश्रेणिकन्नरपुरविद्याधरराजेन कुंडलमंडितनाम्ना सुकेशीनिजभार्यया सह गगनतले गच्छता दृष्टा। किमनया विना जीवितेनेति संचित्य भार्यां गृहे धृत्वा शीघ्रमागत्य विलपंती तेन सा नीता। आकाशे गच्छता भार्यां दृष्ट्वा भीतेन पर्णलघुविद्याः[1] समर्प्य महाटव्यां**

---

કાળે (તેને લગ્નમાં આપવાના સમયે–કન્યાદાન સમયે) અનંતમતીએ કહ્યું : ''પિતાજી! તમે મને બ્રહ્મચર્ય અપાવ્યું છે, તો વિવાહની શી જરૂર છે?''

શેઠે કહ્યું : ''મેં તો રમતમાં તને બ્રહ્મચર્ય અપાવ્યું છે.''

''ખરેખર પિતાજી! ધાર્મિક વ્રતમાં રમત કેવી?'' અનંતમતીએ પૂછ્યું.

શેઠ કહે : ''ખરેખર, પુત્રી! નંદીશ્વરના આઠ દિવસ સુધી જ તારું તે વ્રત હતું, સદા માટે તે આપ્યું નથી.''

તેણે (અનંતમતીએ) કહ્યું : ''પિતાજી! ભટ્ટારકનો (આચાર્યનો) તેમ કહેવાનો હેતુ ન હતો. આ જન્મમાં પરણવાની બાબતમાં મને નિવૃત્તિ છે, (આ જન્મમાં મને પરણવાનો ત્યાગ છે.)''

આમ કહીને તે સર્વ કલા અને વિદ્યાનું શિક્ષણ લેતી રહી.

યૌવનપૂર્ણ ચૈત્રમાસમાં પોતાના બગીચામાં તે હિંચકા ખાતી હતી. વિજ્યાર્ધ પર્વતની દક્ષિણ શ્રેણીના કિન્નરપુરના કુંડલમંડિત નામના વિદ્યાધર રાજાએ પોતાની સ્ત્રી સુકેશી સાથે આકાશમાં જતાં તેને (અનંતમતીને) જોઈ.

''આના વિના જીવવાનું શું પ્રયોજન?'' એમ વિચારીને પોતાની સ્ત્રીને ઘેર મૂકીને જલદી પાછા આવી તે વિદ્યાધર રાજા વિલાપ કરતી તેને (અનંતમતીને) લઈ ગયો. આકાશે જતાં પોતાની સ્ત્રીને જોઈને ભયભીત થઈને તેણે (વિદ્યાધરે) પર્ણલઘુવિદ્યા સમર્પણ કરીને (પાંદડા સમાન હળવી થઈ જાઓ એવી વિદ્યા અજમાવીને) ઉપરથી અનંતમતીને

---

૧. विद्यायाः घ०।

**मुक्ता। तत्र च तां रुदन्तीमालोक्य भीमनाम्ना भिल्लराजेन निजपल्लिकायां नीत्वा प्रधानराज्ञीपदं तव ददामि मामिच्छेति भणित्वा रात्रावनिच्छतीं भोक्तुमारब्धा। व्रतमाहात्म्येन वनदेवतया तस्य ताडनाद्युपसर्गः कृतः। देवता काचिदियमिति भीतेन तेनावासितसार्थ-पुष्पकनाम्नः सार्थवाहस्य समर्पिता। सार्थवाहो लोभं दर्शयित्वा परिणेतुकामो न तया वाञ्छितः। तेन चानीयायोध्यायां कामसेनाकुट्टिन्याः समर्पिता, कथमपि वेश्या न जाता। ततस्तया सिंहराजस्य राज्ञो दर्शिता तेन च रात्रौ हठात् सेवितुमारब्धा। नगरदेवतया तद्व्रतमाहात्म्येन तस्योपवर्गः कृतः। तेन च भीतेन गृहान्निः सारिता। रुदती सखेदं सा कमलश्रीक्षांतिकया[1] श्राविकेति मत्वाऽतिगौरवेण धृता। अथानंतमतीशोकविस्मरणार्थं**

મહાઅરણ્યમાં છોડી દીધી. ત્યાં તેને રડતી જોઈને ભીમ નામનો ભીલોનો રાજા તેને પોતાના સ્થાને લઈ ગયો અને 'તું મને ચાહ (પ્રેમ કર), હું તને મારી પટરાણી બનાવીશ'—એમ કહીને રાત્રે તેની ઈચ્છા ન હોવા છતાં તેને ભોગવવાની ચેષ્ટા શરૂ કરી. વ્રતના પ્રભાવથી—માહાત્મ્યથી વનદેવતાએ તેના (ભીલરાજના) ઉપર તાડનાદિ ઉપસર્ગ કર્યો.

'આ કોઈ દેવતા (દેવી) છે' એમ જાણી ભયભીત થઈને તેણે (તે ભીલ રાજાએ) ત્યાં મુકામ નાખેલા વણજારાઓના કાફલાના પ્રમુખ પુષ્પક નામના સાર્થવાહને અનંતમતી સોંપી દીધી.

સાર્થવાહે લોભ—લાલચ બતાવીને તેની સાથે પરણવાની ઈચ્છા કરી; પરંતુ તેણે (અનંતમતીએ) તેની ઈચ્છા સ્વીકારી નહિ. આથી તેણે તેને અયોધ્યામાં લાવીને કામસેના નામની કુટણી (વેશ્યા)ને સોંપી. કામસેનાએ તેને વેશ્યા બનાવવા માંગી, પરંતુ તે કોઈપણ રીતે વેશ્યા બની નહિ, પછી તેણે (કામસેનાએ) અનંતમતીને સિંહરાજ નામના રાજાને બતાવી. રાત્રે તે રાજાએ બળજબરીથી તેનું સેવન કરવા પ્રારંભ કર્યો, પણ નગરદેવતાએ તેના વ્રતના માહાત્મ્યથી તેના (રાજા) ઉપર ઉપસર્ગ કર્યો. તેથી તે (રાજા) ભયભીત થયો અને તેને ઘરમાંથી બહાર કાઢી મૂકી. સખેદ રડતી એવી તેને જોઈને કમલશ્રી નામની ક્ષાન્તિકા (ક્ષુલ્લિકા)એ ''આ (કોઈ) શ્રાવિકા છે'', એમ માનીને અતિ ગૌરવથી (ઘણા માનભેર) પોતાની પાસે રાખી.

પછી અનંતમતીનો શોક ભુલાવવા માટે બહુ સાથીઓ સાથે પ્રિયદત્ત શેઠ વંદના—

१. कंतिका घ०।

**प्रियदत्तश्रेष्ठी बहुसहायो वंदनाभक्तिं कुर्वन्नयोध्यायां गतो निजश्यालकजिनदत्तश्रेष्ठिनो गृहे संध्यासमये प्रविष्टो रात्रौ पुत्रीहरणवार्तां कथितवान्। प्रभाते तस्मिन् वंदनाभक्तिं कर्तुं गते अतिगौरवितप्राधूर्णकनिमित्तं रसवतीं कर्तुं गृहे चतुष्कं दातुं कुशला कमलश्रीक्षांतिका[1] श्राविका जिनदत्तभार्या आकारिता। सा च सर्वं कृत्वा वसतिकां गता। वंदनाभक्तिं कृत्वा आगतेन प्रियदत्तश्रेष्ठिना चतुष्कमालोक्यानंतमतीं स्मृत्वा गह्वरितहृदयेन गद्गदितवचनेनाश्रुपातं कुर्वता भणितं—यया गृहमंडनं कृतं तां मे दर्शयेति। ततः सा आनीता तयोश्च मेलापके जाते जिनदत्तश्रेष्ठिना च महोत्सवः कृतः। अनंतमत्या चोक्तं तात! इदानीं मे तपो दापय, दृष्टमेकस्मिन्नेव भवे संसारवैचित्र्यमिति। ततः कमलश्रीक्षांतिकापार्श्वे[2] तपो गृहीत्वा बहुना कालेन विधिना मृत्वा तदात्मा सहस्रारकल्पे देवो जातः ॥२॥**

---

ભક્તિ કરતો કરતો અયોધ્યામાં આવ્યો અને પોતાના સાળા જિનદત્ત શેઠના ઘરમાં સંધ્યા સમયે પ્રવેશ કર્યો. રાત્રે તેણે (પ્રિયદત્ત શેઠે) પુત્રીના હરણની વાત કહી, જ્યારે તે સવારે વંદના–ભક્તિ કરવા ગયો ત્યારે બહુમાનીતા મહેમાનના નિમિત્તે (ઘરની) શોભા કરવા માટે ઘેર સાથિયો કરવા માટે કુશળ એવી કમલશ્રી ક્ષાન્તિકાની શ્રાવિકાને જિનદત્ત શેઠની સ્ત્રીએ બોલાવી. તે (શ્રાવિકા) સાથિયા પૂરીને પોતાને આવાસે પાછી ગઈ.

વંદના–ભક્તિ કરીને આવેલા પ્રિયદત્ત શેઠને સાથિયા જોઈને અનંતમતી યાદ આવી અને ઊંડા હૃદયે (પીડિત હૃદયે) ગદ્‌ગદિત વચન સાથે રડતાં રડતાં તેણે કહ્યું :

"જેણે આ ઘરની શોભા કરી છે, (સાથિયા પૂર્યા છે) તેને મને બતાવો."

પછી તેને (અનંતમતીને) લાવવામાં આવી. તે બંનેનો મેળાપ થતાં જિનદત્ત શેઠે મહોત્સવ કર્યો.

અનંતમતીએ કહ્યું : "પિતાજી! હવે મને તપ અપાવો, કારણ કે આ જ ભવમાં મેં સંસારની વિચિત્રતા જોઈ છે."

પછી કમલશ્રી ક્ષાન્તિકા–ક્ષુલ્લક–અર્જિકા પાસે તપ–દીક્ષા ગ્રહણ કરી લાંબા કાળે વિધિપૂર્વક મરીને તેનો આત્મા સહસ્રાર સ્વર્ગમાં દેવ થયો. ૨.

---

१–२ कंतिका घ०।

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



निर्विचिकित्सिते उद्दायनो दृष्टांतोऽस्य कथा।

एकदा सौधर्मेन्द्रेण जिनसभायां सम्यक्त्वगुणं व्यावर्णयता भरते [१]वत्सदेशे रौरकपुरे उद्दायनमहाराजस्य निर्विचिकित्सितगुणः प्रशंस्तिस्तं परीक्षितुं वासवदेव उदुंबरकुष्ठकुथितं मुनिरूपं विकृत्य तस्यैव हस्तेन विधिना स्थित्वा सर्वमाहारं जलं च मायया भक्षयित्वातिदुर्गंधं बहुवमनं कृतवान्। दुर्गंधभयान्नष्टे परिजने प्रतीच्छतो राज्ञस्तद्देव्याश्च प्रभावत्या उपरि छर्दितं, हाहा! विरुद्ध आहारो दत्तो मयेत्यात्मानं निंदयतस्तं च प्रक्षालयतो मायां परिहृत्य प्रकटीकृत्य पूर्ववृत्तान्तं कथयित्वा प्रशस्य च तं, स्वर्गं गतः। उद्दायनमहाराजो वर्धमानस्वामिपादमूले तपोगृहीत्वा मुक्तिं गतः। प्रभावती च तपसा ब्रह्मस्वर्गे देवो बभूव॥३॥

अमूढदृष्टित्वे रेवती दृष्टान्तोऽस्य कथा।

---

નિર્વિચિકિત્સિત અંગમાં ઉદ્દાયન રાજાનું દૃષ્ટાંત છે. તેની કથા—

## કથા ૩ : ઉદ્દાયન

એક દિવસ સૌધર્મ ઇન્દ્રે પોતાની સભામાં સમ્યક્ત્વ ગુણનું વર્ણન કરતાં ભરતમાં વત્સ દેશમાં રૌરકપુરમાં (રહેતા) ઉદ્દાયન મહારાજના નિર્વિચિકિત્સિત ગુણની પ્રશંસા કરી, તેની પરીક્ષા કરવા માટે વાસવદેવે વિક્રિયાથી ઉદુમ્બર કોઢથી પીડાતું મુનિરૂપ ધારણ કરી તેના જ મહેલમાં વિધિપૂર્વક રહીને માયાથી સર્વ આહાર–પાણીનું ભક્ષણ કરી, અતિ દુર્ગંધભરી બહુ ઊલટી કરી (વમન કર્યું), દુર્ગંધના ભયથી જ્યારે સેવકવર્ગ ભાગી ગયો ત્યારે રાજા ઉદ્દાયન પોતાની રાણી પ્રભાવતી સાથે મુનિની પરિચર્યા કરતો રહ્યો. તે વખતે મુનિએ તે બંને ઉપર ઊલટી કરી.

ત્યારે પણ 'હાય હાય! મારા દ્વારા વિરુદ્ધ આહાર લેવાઈ ગયો' એમ જ્યારે તે રાજા પોતાની નિન્દા કરતો હતો અને મુનિનું પ્રક્ષાલન કરતો હતો, ત્યારે દેવ પોતાની માયાને અળગી કરીને અસલી રૂપમાં પ્રગટ થયા અને પૂર્વવૃત્તાંત કહીને તેની પ્રશંસા કરીને સ્વર્ગે ચાલ્યા ગયા.

ઉદ્દાયન મહારાજ વર્ધમાન સ્વામીના પાદમૂલમાં તપ ગ્રહણ કરીને મુક્તિ પામ્યા અને પ્રભાવતીનો આત્મા તપથી બ્રહ્મસ્વર્ગમાં દેવ થયો. ૩.

---

१. कच्छदेशे क, ग, घ०।

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

विजयार्धदक्षिणश्रेण्यां मेघकूटे नगरे राजा चन्द्रप्रभः। चन्द्रशेखरपुत्राय राज्यं दत्वा परोपकारार्थं वन्दनाभक्त्यर्थं च कियतीर्विद्या दधानो दक्षिणमथुरायां गत्वा गुप्ताचार्यसमीपे क्षुल्लको जातः। तेनैकदा वन्दनाभक्त्यर्थमुत्तरमथुरायां चलितेन गुप्ताचार्यः पृष्टः किं कस्य कथ्यते[1] ? भगवतोक्तं सुव्रतमुनेर्वन्दना वरुणराजमहाराज्ञीरेवत्या आशीर्वादश्च कथनीयः। त्रिपृष्टेनापि[2] तेन एतावदेवोक्तं। ततः क्षुल्लकेनोक्तं। भव्यसेनाचार्यस्यैकादशांगधारिणोऽन्येषां च नामापि भगवान् न गृह्णाति तत्र किंचित्कारणं भविष्यतीति सम्प्रधार्य तत्र गत्वा सुव्रतमुनेर्भट्टारकीयां वन्दनां कथयित्वा तदीयं च विशिष्टं वात्सल्यं दृष्ट्वा भव्यसेनवसतिकां गतः। तत्र गतस्य च[3] भव्यसेनेन संभाषणमपि न कृतं। कुण्डिकां गृहीत्वा, भव्यसेनेन सह बहिर्भूमिं गत्वा विकुर्वणया हरितकोमलतृणांकुरच्छन्नो मार्गोऽग्रे दर्शितः। तं दृष्ट्वा ''आगमे

---

અમૂઢદૃષ્ટિપણામાં રેવતીરાણીનું દૃષ્ટાંત છે તેની કથા—

## કથા ૪ : રેવતીરાણી

વિજયાર્ધ પર્વતની દક્ષિણ શ્રેણીમાં મેઘકૂટ નગરમાં ચંદ્રપ્રભ રાજાએ પુત્ર ચંદ્રશેખરને રાજ્ય આપીને પરોપકાર માટે તથા વંદના–ભક્તિ માટે કેટલીક વિદ્યાઓ ધારણ કરતો થકો, દક્ષિણ મથુરામાં ગયો ત્યાં ગુપ્તાચાર્યની સમીપે ક્ષુલ્લક થયો. તેણે એક દિવસ વંદના–ભક્તિ માટે ઉત્તર મથુરા જતાં ગુપ્તાચાર્યને પૂછ્યું : ''શું કોઈને કાંઈ કહેવાનું છે?''

ભગવાન ગુપ્તાચાર્યે કહ્યું : ''સુવ્રત મુનિને વંદના અને વરુણ રાજાની મહારાણી રેવતીને આશીર્વાદ કહેવા યોગ્ય છે.''

ત્રણ વખત પૂછવા જતાં તેમણે એટલું જ કહ્યું, પછી તે ક્ષુલ્લકે કહ્યું : ''અગિયાર અંગધારી ભવ્યસેનાચાર્ય અને બીજાઓનું નામ પણ તેઓ લેતા નથી, તો ત્યાં કાંઈ કારણ હશે.''

આમ વિચારી (ક્ષુલ્લક) ત્યાં જઈને સુવ્રત મુનિને મુનિરાજ ભટ્ટારકની વંદના કહીને અને તેમનું વિશિષ્ટ વાત્સલ્ય જોઈને ભવ્યસેનના રહેઠાણે ગયો. ત્યાં ગયો ત્યારે તેની સાથે ભવ્યસેને સંભાષણ પણ ન કર્યું.

કમંડળ લઈને ભવ્યસેન સાથે બહારભૂમિએ (જંગલ) જઈ વિક્રિયાથી, લીલા કોમળ

---

१. कथते ख। २. त्रिःपृष्टेनाप्येतावदेनोक्तं ध०। ३. 'च' नास्ति घ पुस्तके।

किलैते जीवाः कथ्यन्ते'' इति भणित्वा तत्रारुचिं[1] कृत्वा तृणोपरि गतः शौचसमये कुण्डिकायां जलं नास्ति तथा विकृतिश्च क्वापि न दृश्यतेऽतोऽत्र स्वच्छसरोवरे प्रशस्तमृत्तिकया शौचं कृतवान्। ततस्तं मिथ्यादृष्टिं ज्ञात्वा भव्यसेनस्याभव्यसेननाम कृतं। ततोऽन्यस्मिन् दिने पूर्वस्यां दिशि पद्मासनस्थं चतुर्मुखं यज्ञोपवीताद्युपेतं देवासुरवन्द्यमानं ब्रह्मरूपं दर्शितं। तत्र राजादयो भव्यसेनादयश्च जना गताः। रेवती तु कोऽयं ब्रह्मनाम देवः इति भणित्वा लोकैः प्रेर्यमाणापि न गता। एवं दक्षिणस्यां दिशि गरुडारूढं चतुर्भुजं च गदाशंखादिधारकं वासुदेवरूपं। पश्चिमायां दिशि वृषभारूढं सार्धचंद्रजटाजूटगौरीगणोपेतं शंकररूपं। उत्तरस्यां दिशि समवसरणमध्ये प्रातिहार्याष्टकोपेतं सुरनरविद्याधरमुनिवृन्दवन्द्यमानं पर्यंकस्थितं तीर्थंकरदेवरूपं दर्शितं। तत्र च सर्वलोका गताः। रेवती तु लोकैः प्रेर्यमाणापि न गता नवैव वासुदेवाः, एकादशैव रुद्राः, चतुर्विंशतिरेव तीर्थंकरा जिनागमे कथिताः। ते

---

તૃણાંકુર વડે આચ્છાદિ માર્ગ બતાવ્યો. તે જોઈને "આગમમાં ખરેખર તેને જીવ કહ્યા છે." એમ કહીને તેમાં (આગમમાં) અરુચિ બતાવી તે (ભવ્યસેન) ઘાસ ઉપર ગયો. ક્ષુલ્લકે વિક્રિયાથી કમંડળનું પાણી સુકવી નાખ્યું, શૌચના સમયે કમંડળમાં જળ નહિ અને વિકૃતિ પણ કોઈ ઠેકાણે દેખાઈ નહિ, તેથી તેણે (ભવ્યસેને) સ્વચ્છ સરોવરમાં સારી માટીથી શૌચ કર્યું. (જિન–મતની ઉપેક્ષા કરે છે.) તેથી તેને મિથ્યાદષ્ટિ જાણીને (ક્ષુલ્લકે) ભવ્યસેનનું અભવ્યસેન એવું નામ રાખ્યું.

પછી બીજે દિવસે પૂર્વ દિશામાં, પદ્માસને બિરાજમાન ચાર મુખવાળા યજ્ઞોપવિત આદિથી મુક્ત, દેવ–અસુરોથી વંદિત બ્રહ્માનું રૂપ (માયા વિદ્યા વડે) બતાવ્યું. રાજાઓ આદિ અને તે ભવ્યસેનાદિ લોકો ત્યાં ગયા, પરંતુ "આ બ્રહ્મા નામનો દેવ કોણ છે?" એમ કહીને રેવતી લોકો દ્વારા પ્રેરાતી હોવા છતાં ગઈ નહિ. એ રીતે દક્ષિણ દિશામાં ગરુડ પર આરુઢ થયેલા ચાર ભુજાવાળા અને ગદા–શંખાદિ ધારણ કરનાર વાસુદેવનું રૂપ બતાવ્યું અને પછી પશ્ચિમ દિશામાં બળદ–નંદી ઉપર બેઠેલા, જટાજૂથમાં અર્ધચંદ્ર ધારણ કરેલ અને ગૌરી તથા ગણ સહિત શંકરનું રૂપ અને ઉત્તર દિશામાં સમવસરણ મધ્યે આઠ પ્રાતિહાર્ય સહિત સુર, નર, વિદ્યાધર, મુનિવૃન્દ દ્વારા વંદિત, પર્યંક આસને સ્થિત, તીર્થંકર દેવનું રૂપ બતાવ્યું. ત્યાં પણ બધા લોકો ગયા, પરંતુ લોકો દ્વારા પ્રેરાતી હોવા છતાં રેવતી ગઈ નહિ.

"જિન–આગમમાં નવ જ વાસુદેવ, અગિયાર જ રુદ્ર અને ચોવીસ જ તીર્થંકર કહ્યા

---

૧. आगमे।

चातीताः कोऽप्ययं मायावीत्युक्त्वा स्थिता। अन्यदिने चर्यावेलायां व्याधिक्षीणशरीर-क्षुल्लकरूपेण रेवतीगृहप्रतोलीसमीपमार्गे मायामूर्च्छया पतितः। रेवत्या तमाकर्ण्य भक्त्योत्थाप्य नीत्वोपचारं कृत्वा पथ्यं कारयितुमारब्धः। तेन च सर्वमाहारं भुक्त्वा दुर्गन्धवमनं कृतं। तदपनीय हा! विरूपकं मयाऽपथ्यं दत्तमिति रेवत्या वचनमाकर्ण्य तोषान्मायामुपसंहृत्य तां देवीं वन्दयित्वा गुरोराशीर्वादं पूर्ववृत्तान्तं कथयित्वा लोकमध्ये तु अमूढदृष्टित्वं तस्या उच्चैः प्रशस्य स्वस्थाने गतः। वरुणो राजा शिवकीर्तीपुत्राय राज्यं दत्वा तपो गृहीत्वा माहेन्द्रस्वर्गे देवो जातः। रेवत्यपि तपः कृत्वा ब्रह्मस्वर्गे देवो बभूव।

उपगूहने जिनेन्द्रभक्तो दृष्टान्तोऽस्य कथा

सुराष्ट्रदेशे पाटलिपुत्रनगरे राजा यशोधरो[1] राज्ञी सुसीमा पुत्रः सुवीरः

---

છે, તે તો થઈ ગયા છે. આ તો કોઈ માયાવી છે.'' એમ કહીને રેવતી ઊભી રહી.

બીજા દિવસે ચર્યાના સમયે તે ક્ષુલ્લક વ્યાધિથી ક્ષીણ થયેલા શરીરવાળા ક્ષુલ્લકના રૂપમાં, રેવતીના ઘરની ખડકી સમીપે માર્ગમાં માયાવી મૂર્ચ્છા ખાઈ પડ્યો. રેવતી (તેના પડવાનો અવાજ) સાંભળીને તેને ભક્તિથી ઊઠાડીને લઈ આવી તથા જરૂરી ઉપચાર કરી તેને માફક આવે તેવો (પથ્ય) ખોરાક આપવાનું શરૂ કર્યું. તેણે (ક્ષુલ્લકે) બધો આહાર ખાઈ જઈને દુર્ગંધ ભર્યું વમન (ઊલટી) કર્યું. તે દૂર કરીને, ''અરેરે, (ક્ષુલ્લકજીને) મેં અપથ્ય આહાર આપ્યો'' એમ કહ્યું.

રેવતીનાં આવાં વચનો સાંભળીને, તેમની માયા સંકેલીને, ક્ષુલ્લકે તે દેવીને ગુરુને (પરોક્ષ) વંદન કરાવીને, તેમના આશીર્વાદ તથા પૂર્વવૃત્તાંત કહીને, લોકમાં તેના અમૂઢદષ્ટિપણાની ખૂબ પ્રશંસા કરી, પોતાના સ્થાને ગયો. વરુણરાજા પોતાના પુત્ર શિવકીર્તિને રાજ્ય આપીને, તપ ગ્રહણ કરીને, માહેન્દ્ર સ્વર્ગમાં દેવ થયો. રેવતીનો આત્મા પણ તપ કરીને બ્રહ્મસ્વર્ગમાં દેવ થયો. ૪.

ઉપગૂહન અંગમાં જિનેન્દ્રભક્તનું દષ્ટાંત છે તેની કથા—

## કથા ૫ : જિનેન્દ્રભક્ત

સૌરાષ્ટ્ર દેશમાં પાટલીપુત્ર નગરમાં યશોધર રાજા હતો. તેની રાણીનું નામ સુસીમા

---

१. यशोध्वजो घ०।

सप्तव्यसनाभिभूतस्तथाभूततस्करपुरुषसेवितः। पूर्वदेशे गौडविषये ताम्रलिप्तनगर्यां जिनेन्द्रभक्तश्रेष्ठिनः सप्ततलप्रासादोपरि बहुरक्षकोपयुक्तपार्श्वनाथप्रतिमाछत्रत्रयोपरि विशिष्टतरानर्घ्यवैडूर्यमणिं पारंपर्येणाकर्ण्य लोभात्तेन सुवीरेण निजपुरुषाः पृष्टाः तं मणिं किं कोऽप्यानेतुं शक्तोऽस्तीति। इन्द्रमुकुटमणिमप्यहमानयामीति गलगर्जितं कृत्वा सूर्यनामा चौरः कपटेन क्षुल्लको भूत्वा अतिकायक्लेशेन ग्रामनगरक्षोभं कुर्वाणाः क्रमेण ताम्रलिप्तनगरीं गतः तमाकर्ण्य गत्वाऽलोक्य बन्दित्वा संभाष्य प्रशस्य च क्षुभितेन जिनेन्द्रभक्तश्रेष्ठिना नीत्वा पार्श्वनाथदेवं दर्शयित्वा मायया अनिच्छन्नपि स तत्र मणिरक्षको धृतः। एकदा क्षुल्लकं पृष्ट्वा श्रेष्ठी समुद्रयात्रायां चलितो नगराद्बहिर्निर्गत्य स्थितः। स चौरक्षुल्लको गृहजनमुपकरणनयनव्यग्रं ज्ञात्वा अर्धरात्रे तं मणिं गृहीत्वा चलितः। मणितेजसा मार्गे कोट्टपालैर्दृष्टो धर्तुमारब्धः। तेभ्यः पलायितुमसमर्थः श्रेष्ठिन एव शरणं प्रविष्टो मां रक्ष रक्षेति चोक्तवान्।

---

હતું. તેમને સુવીર નામનો પુત્ર હતો. તે સાત વ્યસનોમાં ચકચૂર હતો અને તેવા (વ્યસની) ચોર લોકો તેને સેવતા હતા.

પૂર્વદેશમાં ગૌડદેશ વિભાગમાં તામ્રલિપ્ત નગરીમાં જિનેન્દ્રભક્ત શેઠના સાતમાળના મહેલની ઉપર બહુ રક્ષકોથી ઉપયુક્ત (રક્ષિત) પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાનાં ત્રણ છત્રો ઉપર વિશિષ્ટતર અમૂલ્ય વૈડૂર્યમણિ જડેલા છે. એ સંબંધી કર્ણોપકર્ણ (પરંપરાથી) સાંભળીને, લોભથી તે સુવીરે પોતાના માણસોને પૂછ્યું :

"શું તે મણિ લાવવાને કોઈ સમર્થ છે?"

"ઈન્દ્રના મુગટના મણિને પણ હું લાવી આપું." એમ ગળું ખોંખારી સૂર્ય નામનો ચોર કપટથી ક્ષુલ્લક બની અતિશય કાયકલેશથી ગામડાં અને નગરોમાં ક્ષોભઆનંદમય (ખળભળાટ) મચાવતો ક્રમથી તામ્રલિપ્ત નગરીમાં ગયો. તેના વિષે સાંભળીને, (ત્યાં) જઈને, જોઈને, (તેને) વંદન કરીને, તેની સાથે જિનેન્દ્રશેઠે વાતચીત કરી, તેની પ્રશંસા કરી. તથા ક્ષોભ પામી તેને લઈ જઈને પાર્શ્વનાથ દેવને દેખાડીને માયાથી ન ઈચ્છવા છતાં પણ (માયાથી ના પાડવા છતાં પણ) તેને ત્યાં મણિના રક્ષક તરીકે રાખ્યો.

એક દિવસ ક્ષુલ્લકને કહીને શેઠ સમુદ્રની યાત્રાએ ચાલ્યો અને નગરની બહાર જઈને રહ્યો. તે ચોર ક્ષુલ્લક ઘરના માણસોને રાચરચીલું લઈ જવામાં રોકાયેલા જાણીને, મધરાતે મણિ લઈને ચાલતો થયો. મણિના તેજથી રસ્તામાં કોટવાળોએ તેને જોયો અને પકડવા પ્રયત્ન કર્યો. તેમની પાસેથી છટકવાને અસમર્થ એવા તેણે શેઠનું જ શરણું ગ્રહ્યું અને 'મારી રક્ષા કરો, રક્ષા કરો' એમ કહ્યું.

कोट्टपालानां कलकलामाकर्ण्य पर्यालोच्य तं चौरं ज्ञात्वा दर्शनोपहासप्रच्छादनार्थं भणितं श्रेष्ठिना मद्वचनेन रत्नमनेनानीतमिति विरूपकं भवद्भिः कृतं यदस्य महातपस्विनश्चौरोद्घोषणा कृता। ततस्ते तस्य वचनं [1]प्रमाणं कृत्वा गताः। स च श्रेष्ठिना रात्रौ निर्धाटितः। एवमन्येनापि सम्यग्दृष्टिना असमर्थाज्ञानपुरुषादागतदर्शनदोषस्य प्रच्छादनं कर्तव्यं।

### स्थितीकरणे वारिषेणो दृष्टान्तोऽस्य कथा

मगधदेशे राजगृहनगरे राजा श्रेणिको राज्ञी चेलिनी पुत्रो वारिषेणः उत्तमश्रावकः चतुर्दश्यां रात्रौ कृतोपवासः स्मशाने कायोत्सर्गेण स्थितः। तस्मिन्नेव दिने उद्यानिकायां गतया मगधसुन्दरीविलासिन्या श्रीकीर्तिश्रेष्ठिन्या[2] परिहितो दिव्यो हारो दृष्टः। ततस्तं दृष्ट्वा किमनेनालङ्कारेण विना जीवितेनेति संचिन्त्य शय्यायां पतित्वा सा स्थिता। रात्रौ समागतेन

---

કોટવાળોનો કલકલ અવાજ સાંભળીને અને પૂર્વાપર વિચાર કરીને 'તે ચોર છે', એમ જાણીને સમ્યગ્દર્શનના ઉપહાસને ઢાંકવા માટે શેઠે કહ્યું :

"મારા કહેવાથી જ તે એ રત્ન લાવ્યો છે. તેથી આ મહા તપસ્વીને તમે ચોર તરીકે જાહેર કર્યો, તે તમે ખોટું કર્યું."

પછી તેઓ (કોટવાળો) તે (શેઠનાં) વચનને સત્ય માનીને ચાલ્યા ગયા અને શેઠે તેને (ચોરને) રાત્રે કાઢી મૂક્યો. એ પ્રમાણે અન્ય સમ્યગ્દષ્ટિએ પણ અસમર્થ અને અજ્ઞાન પુરુષથી થયેલા સમ્યગ્દર્શનના દોષને ઢાંકવા જોઈએ. ૫.

સ્થિતીકરણ અંગમાં વારિષેણનું દૃષ્ટાંત છે તેની કથા—

## કથા ૬ : વારિષેણ

મગધ દેશમાં રાજગૃહ નગરમાં રાજા શ્રેણિક, રાણી ચેલના તથા તેમનો પુત્ર વારિષેણ હતાં. તે ઉત્તમ શ્રાવક ચૌદશની રાત્રે ઉપવાસ કરીને સ્મશાનમાં કાયોત્સર્ગથી ઊભો રહ્યો, તે જ દિવસે બગીચામાં ગયેલી મગધસુંદરી વિલાસિનીએ શ્રીકીર્તિ શેઠાણીએ પહેરેલો દિવ્ય હાર જોયો. પછી તેને જોઈને 'આ અલંકાર વિના જીવીને શું કરવું છે?' એમ વિચારીને તે પથારીમાં પડી રહી. રાત્રે આવેલા, તેનામાં આસક્ત વિદ્યુત્ ચોરે તેને કહ્યું :

---

१. तस्य प्रणामं कृत्वा घ०। २. ज्येष्ठिना घ०।

**तदासक्तेन विद्युच्चोरेणोक्तं प्रिये! किमेवं स्थितासीति। तयोक्तं श्रीकीर्तिश्रेष्ठिन्या[१] हारं यदि मे ददासि तदा जीवामि त्वं च मे भर्ता नान्यथेति श्रुत्वा तां समुदीर्य अर्धरात्रे गत्वा निजकौशलेन तं हारं चोरयित्वा निर्गतः। तदुद्योतेन चौरोऽयमिति ज्ञात्वा गृहरक्षकैः कोट्टपालैश्च ध्रियमाणो पलायितुमसमर्थो वारिषेणकुमारस्याग्रे तं हारं धृत्वाऽदृश्यो भूत्वा स्थितः। कोट्टपालैश्च तं तथालोक्य श्रेणिकस्य कथितं देव! वारिषेणश्चौर इति। तं श्रुत्वा तेनोक्तं मूर्खस्यास्य मस्तकं गृह्यतामिति। मातंगेन योऽसिः शिरोग्रहणार्थं वाहितः स कण्ठे तस्य पुष्पमाला बभूव। तमतिशयमाकर्ण्य श्रेणिकेन गत्वा वारिषेणः क्षमां कारितः। लब्ध्वाभयप्रदानेन विद्युच्चौरेण राज्ञो निजवृत्तान्ते कथिते वारिषेणो गृहे नेतुमारब्धः। तेन चोक्तं मया पाणिपात्रे भोक्तव्यमिति। ततोऽसौ सूरसेन[१] मुनिसमीपे मुनिरभूत्। एकदा**

---

"પ્રિયે! આમ કેમ પડી રહી છે?"

તેણે કહ્યું : "શ્રીકીર્તિ શેઠાણીનો હાર જો તું મને આપે તો હું જીવીશ અને તો જ તું મારા ભર્તા, નહિતર નહિ."

એ સાંભળીને તેને આશ્વાસન આપી, તે અર્ધ રાત્રે જઈને પોતાના કૌશલ્યથી તે હાર ચોરીને બહાર નીકળ્યો. તેના (હારના) પ્રકાશથી 'આ ચોર છે' એમ જાણીને ગૃહરક્ષકો અને કોટવાળોએ તેને પકડવા ઘેર્યો. તે નાસી જવા અસમર્થ હોઈ વારિષેણકુમારની આગળ તે હાર મૂકીને અદૃશ્ય થઈને રહ્યો. (સંતાઈ ગયો.)

કોટવાળોએ તેને (વારિષેણને) તેવો (ચોર) જોઈને શ્રેણિકને કહ્યું : "દેવ! વારિષેણ ચોર છે."

તે સાંભળીને તેણે (શ્રેણિકે) કહ્યું : "તે મૂર્ખનું મસ્તક લાવો."

ચંડાળે જે તલવાર શિર લેવા માટે ચલાવી તે તેના ગળામાં ફૂલમાળા બની ગઈ. તે ચમત્કાર સાંભળી શ્રેણિકે જઈને વારિષેણની ક્ષમા માગી. અભયદાન પ્રાપ્ત કરીને જ્યારે વિદ્યુત્ ચોરે રાજાને પોતાનું વૃત્તાન્ત કહ્યું ત્યારે રાજાએ વારિષેણને ઘેર લઈ જવા કર્યું, પણ તેણે કહ્યું :

"મારે તો હસ્તરૂપી પાત્રમાં જ ભોજન કરવું છે (અર્થાત્ મુનિ થવું છે.)

પછી તે સૂરસેન મુનિ પાસે મુનિ થયો.

---

१. श्रेष्ठिनो हारं घ०। १. सूरदेवमुनि घ०।

राजगृहसमीपे पलाशकूटग्रामे चर्यायां स प्रविष्टः। तत्र श्रेणिकस्य, योऽग्निभूतिमंत्री तत्पुत्रेण पुष्पडालेन स्थापितं, चर्यां कारयित्वा स सोमिल्लां निजभार्यां पृष्ट्वा[1] प्रभुपुत्रत्वाद्बालसखित्वाच्च स्तोकं मार्गानुव्रजनं कर्तुं वारिषेणेन सह निर्गतः। आत्मनो व्याघुटनार्थं क्षीरवृक्षादिकं दर्शयन् मुहुर्मुहुर्वन्दनां कुर्वन् हस्ते धृत्वा नीतो विशिष्टधर्मश्रवणं कृत्वा वैराग्यं नीत्वा तपो ग्राहितोऽपि सोमिल्लां न विस्मरति। तौ द्वावपि द्वादशवर्षाणि तीर्थयात्रां कृत्वा वर्धमानस्वामिसमवसरणं गतौ। तत्र वर्धमानस्वामिनः पृथिव्याश्च सम्बन्धगीतं देवैर्गीयमानं पुष्पडालेन[2] श्रुतं। यथा

''मइलकुचेली दुम्मनी नहिं[3] पविसियएण।
कह जीवेसइ धणिय, घर [4]उज्झंते हियएण॥''

एतदात्मनः सोमिल्लायाश्च संयोज्य उत्कण्ठितश्चलितः। स वारिषेणेन ज्ञात्वा स्थिरीकरणार्थं निजनगरं नीतः। चेलिन्या तौ दृष्ट्वा वारिषेणः किं चारित्राच्चलितः

---

એક દિવસે તે મુનિએ રાજગૃહની નજીકમાં પલાશકૂટ ગામમાં ચર્યા માટે પ્રવેશ કર્યો. ત્યાં શ્રેણિકનો જે અગ્નિભૂત મંત્રી હતો તેનો પુત્ર પુષ્પડાલ ચર્યા કરાવીને પોતાની સ્ત્રી સોમિલ્લાને કહીને તે માલિકનો પુત્ર તથા બાલસખા હોવાથી થોડે દૂર સુધી તેને સાથ આપવા તે વારિષેણ સાથે ગયો. મુનિ પોતે ફરીથી પધારે તે માટે ક્ષીર વૃક્ષો વગેરે બતાવતો, વારંવાર વંદના કરતો, હાથે પકડીને તેને લઈ જવામાં આવ્યા અને વિશિષ્ટ ધર્મનું શ્રવણ કરીને તે વૈરાગ્યને પ્રાપ્ત થયો. તેને તપ ગ્રહણ કરાવ્યાં છતાં તે સોમિલ્લાને વિસરતો નહિ. આમ તે બંને બાર વર્ષ સુધી તીર્થયાત્રા કરીને, વર્ધમાન સ્વામીના સમવસરણમાં ગયા. ત્યાં વર્ધમાનસ્વામી અને પૃથ્વી સંબંધી દેવો દ્વારા ગવાયેલું ગીત પુષ્પડાલે સાંભળ્યું. તે આ પ્રમાણે :—

''मइलकुचेली दुम्मनी नहिं पविसियएण।
कह जीवेसइ घणिय, घर उज्झंते हियएण॥''

**અર્થ** :—જ્યારે પતિ પ્રવાસે જાય છે ત્યારે સ્ત્રી ખિન્ન ચિત્ત થઈને મેલી કુચૈલી (ગંદી) રહે છે, પરંતુ જ્યારે તે ઘર છોડી ચાલ્યો જાય છે ત્યારે તે શી રીતે જીવિત રહી શકે?

આ (ગીતને) પોતાને અને સોમિલ્લાને લાગુ પાડી ઉત્કંઠિત થઈ તે ચલિત થયો. તે જાણીને તેને સ્થિર કરવા માટે વારિષેણ તેને પોતાના નગરે લઈ ગયો. ચેલનીએ તે

---

१. दृष्ट्वा घ०। २. पुष्प लाडेन ख। ३. नाहेर वसियएण ख। ४. डज्झंगी घ०।

आगच्छतीति संचिन्त्य परीक्षणार्थं सरागवीतरागे द्वे आसने दत्ते। वीतरागासने वारिषेणेनोपविश्योक्तं मदीयमन्तःपुरमानीयतां। ततश्चेलिन्या महादेव्या द्वात्रिंशद्भार्याः सालङ्कारा आनीता। ततः पुष्पडालो वारिषेणेन भणितः स्त्रियो मदीयं युवराजपदं च त्वं गृहाण। तच्छ्रुत्वा पुष्पडालो अतीव लज्जितः परं वैराग्यं गतः। परमार्थेन तपः कर्तुं लग्न इति।[१]

## वात्सल्ये विष्णुकुमारो दृष्टान्तोऽस्य कथा

अवन्तिदेशे उज्जयिन्यां [२]श्रीवर्मा राजा, तस्य[३] बलिर्बृहस्पतिः प्रल्हादो नमुचिश्चेति चत्वारो मंत्रिणः। तत्रैंकदा समस्तश्रुताधारो दिव्यज्ञानी सप्तशतमुनिसमन्वितोऽ[४]कम्पनाचार्य[५]

---

બંનેને જોઈને 'શું વારિષેણ ચારિત્રથી ચલિત થઈને આવે છે?' એમ વિચારી (તેની) પરીક્ષા કરવા માટે સરાગી અને વીતરાગી એવાં બે આસનો આપ્યાં. વીતરાગ આસન પર બેસી વારિષેણે કહ્યું :

"મારા જનાનાની સ્ત્રીઓને લાવો (બોલાવો)."

પછી ચેલની રાણી અલંકાર સહિત તેની બત્રીસ સ્ત્રીઓને લઈ આવી. વારિષેણે પુષ્પડાલને કહ્યું :

"મારી આ સ્ત્રીઓ અને રાજ્યને તું ગ્રહણ કર."

તે સાંભળીને પુષ્પડાલ ઘણો શરમાયો અને પરમ વૈરાગ્યને પ્રાપ્ત થઈ પરમાર્થથી તપ કરવા (નિર્ગ્રંથ મુનિત્વ સાધવા) લાગ્યો. ૬.

વાત્સલ્ય અંગમાં વિષ્ણુકુમારનું દૃષ્ટાન્ત છે, તેની કથા—

## કથા ૭ : વિષ્ણુકુમાર

અવન્તી દેશમાં ઉજ્જયિનીમાં શ્રીવર્મા રાજા હતો. તેને બલિ, બૃહસ્પતિ, પ્રહ્‌લાદ અને નમુચિ એ ચાર મંત્રીઓ હતા. ત્યાં એક દિવસ સમસ્ત શ્રુતના ધારી દિવ્યજ્ઞાની

---

१. इतोग्रे 'घ' पुस्तके अधिकः पाठः 'ततो वारिषेणमुनिः मुक्तिं गतः पुष्पडालश्च स्वर्गे देवो जातः।'

२. श्रीधर्मो घ०। ३. तस्य राज्ञी श्रीमतिः घ०।

४. समन्विता घ०। ५. अकम्पनामार्याः घ०।

आगत्योद्यानके स्थितः[1]। समस्तसंघश्च वारितः [2]राजादिकेऽप्यायते केनापि जल्पनं न कर्तव्यमन्यथा समस्तसंघस्य नाशो भविष्यतीति। राज्ञा च [3]धवलगृहास्थितेन पूजाहस्तं नगरीजनं गच्छन्तं दृष्ट्वा मंत्रिणः पृष्टाः क्वायं लोकोऽकालयात्रायां गच्छतीति। तैरुक्तं क्षपणका बहवो बहिरुद्याने आयातास्तत्रायं जनो याति। वयमपि तान् द्रष्टुं गच्छाम इति भणित्वा राजापि तत्र मंत्रिसमन्वितो गतः। प्रत्येके सर्वे वन्दिताः। न च केनापि आशीर्वादो दत्तः। दिव्यानुष्ठानेनातिनिस्पृहास्तिष्ठन्तीति संचिन्त्य व्याघुटिते राज्ञि मंत्रिभिर्दुष्टाभिप्रायैरुपहासः कृतः बलीवर्दा एते न किंचिदपि जानन्ति मूर्खा दम्भमौनेन स्थिताः। एवं ब्रुवाणैर्गच्छद्भिरग्रे चर्यां कृत्वा श्रुतसागरमुनिमागच्छन्तमालोक्योक्तं ''अयं तरुणबलीवर्दः पूर्णकुक्षिरागच्छति।'' एतदाकर्ण्य तेन ते राजाग्रेऽनेकान्तवादेन जिताः। अकम्पनाचार्यस्य

---

અકમ્પનાચાર્ય સાતસો મુનિઓ સહિત આવીને બગીચામાં રહ્યા.

''રાજાદિ પણ આવે તોપણ કોઈની સાથે બોલવું નહિ, નહિ તો સમસ્ત સંઘનો નાશ થશે.'' એમ સઘળા સંઘને તેઓએ મનાઈ કરી.

ધવલગૃહમાં રહેલા રાજાએ, હાથમાં પૂજાની સામગ્રી લઈને નગરના લોકોને જતા જોઈને મંત્રીઓને પૂછ્યું : ''આ લોકો અકાલયાત્રાએ ક્યાં જાય છે?''

તેમણે કહ્યું : ''બહાર બગીચામાં બહુ મુનિઓ આવ્યા છે ત્યાં આ લોકો જાય છે.''

''આપણે પણ તેમનાં દર્શન કરવા જઈએ,'' એમ કહી રાજા પણ મંત્રીઓ સાથે ત્યાં ગયો. એક એક કરી સર્વેને વંદના કરી, પણ કોઈએ આશીર્વાદ આપ્યો નહિ.

''દિવ્ય અનુષ્ઠાનને લીધે તેઓ અતિ નિઃસ્પૃહ છે'' એમ માની જ્યારે રાજા પાછો ફર્યો, ત્યારે દુષ્ટ અભિપ્રાયવાળા મંત્રીઓએ ઉપહાસ (મશ્કરી) કરી કહ્યું કે—

''એ મૂર્ખ બળદો કાંઈ જાણતા નથી, દંભથી મૌન ધરીને બેઠા છે.''

આમ બોલતા બોલતા જતાં તેઓએ શ્રુતસાગર મુનિને ચર્યા કરીને આવતા જોઈને જ કહ્યું :

''આ તરુણ બળદ પૂરી રીતે પેટ ભરીને આવે છે.'' આ સાંભળીને તેમણે (મુનિએ) રાજાની સામે અનેકાન્તવાદથી તેમને (મંત્રીઓને) જીતી લીધા, અને આવીને

---

१. स्थिताः घ०। २. राजन्यकेऽप्यायाते घ०।

३. धवलगृहस्थितेन घ०।

चागत्य वार्ता कथिता। तेनोक्तं सर्वसंघस्त्वया मारितः। यदि वादस्थाने गत्वा रात्रौ त्वमेकाकी तिष्ठसि तदा संघस्य जीवितव्यं तव शुद्धिश्च भवति। ततोऽसौ तत्र गत्वा कायोत्सर्गेण स्थितः। मंत्रिभिश्चातिलज्जितैः क्रुद्धै रात्रौ संघं मारयितुं गच्छद्भिस्तमेकं मुनिमालोक्य येन परिभवः कृतः स एव हंतव्य इति पर्यालोच्य तद्वधार्थं युगपच्चतुर्भिः खड्गा उद्गूर्णाः। कंपितनगरदेवतया तथैव ते कीलिताः। प्रभाते तथैव ते सर्वलोकैर्दृष्टाः। रुष्टेन राज्ञा क्रमागता इति न मारिता गर्दभारोहणादिकं कारयित्वा देशान्निर्घाटिताः। अथ कुरुजांगलदेशे हस्ति नागपुरे राजा महापद्मो राज्ञी लक्ष्मीमती पुत्रौ पद्मो विष्णुश्च। स एकदा पद्माय राज्य दत्वा महापद्मो विष्णुना सह श्रुतसागरचंद्राचार्यस्य समीपे मुनिर्जातः। ते च बलिप्रभृतय आगत्य पद्मराजस्य मंत्रिणो जाताः। कुम्भपुरदुर्गे च सिंहबलो राजा दुर्गबलात् पद्ममण्डलस्योपद्रवं करोति। तद्ग्रहणचिन्तया पद्मं दुर्बलमालोक्य बलिनोक्तं किं देव! दौर्बल्ये

---

તેમણે અકમ્પનાચાર્યને વાત કહી.

અકમ્પનાચાર્યે કહ્યું : ‘‘તમે સર્વ સંઘને મારી નાખ્યો. (હવે) જો વાદના સ્થળે જઈને રાત્રે તમે એકલા રહો તો સંઘ જીવશે અને તમારી શુદ્ધિ પણ થશે.’’

તેથી તેઓ ત્યાં જઈને કાયોત્સર્ગથી ઊભા રહ્યા. અતિ લજ્જિત થયેલા, ક્રોધે ભરાયેલા અને તેથી રાત્રે સંઘને મારવા જતા તે મંત્રીઓએ તે જ એકલા મુનિને જોઈને ‘જેણે આપણો પરાભવ કર્યો છે તેને હણવો જ જોઈએ,’’ એમ વિચારીને તેનો વધ કરવા માટે એકીસાથે તે ચારેયે હાથ ઉગામ્યા. કંપિત થયેલા નગરદેવતાએ તેમને તેવા જ (તેવી જ સ્થિતિમાં) સ્તંભિત કર્યા. સવારે બધા માણસોએ તેમને તેવી જ સ્થિતિમાં (સ્તંભિત) જોયા. ક્રોધે ભરાયેલા રાજાએ ‘ક્રમે (વંશપરંપરાએ) આવેલા છે’ એમ જાણી તેઓને માર્યા નહિ, પણ ગધેડા ઉપર બેસાડીને તેમને દેશ બહાર કાઢી મૂક્યા.

પછી કુરુજાંગલ દેશમાં હસ્તિનાપુરમાં મહાપદ્મ રાજા અને રાણી લક્ષ્મીવતી હતાં. તેમને પદ્મ અને વિષ્ણુ નામને બે પુત્રો હતા. એક દિવસ મહાપદ્મ રાજા પદ્મને રાજ્ય આપી વિષ્ણુ સાથે શ્રુતસાગરચંદ્ર આચાર્યની સમીપમાં મુનિ થયો અને ત્યારે તે બલિ આદિ આવીને પદ્મરાજના મંત્રીઓ થયા.

તે વખતે કુંતાપુર દુર્ગમાં સિંહબલ રાજા દુર્ગના (કિલ્લાના) બળથી પદ્મમંડળને ઉપદ્રવ કરતો હતો. તેને પકડવાની ચિંતાથી દુર્બળ થયેલા રાજાને જોઈને બલિએ કહ્યું :

‘‘દેવ! દુર્બળતાનું શું કારણ છે?’’

कारणमिति। कथितं च राज्ञा। तच्छ्रुत्वा आदेशं याचायित्वा तत्र गत्वा बुद्धिमाहात्म्येन दुर्गं भंक्त्त्वा सिंहबलं गृहीत्वा व्याघुट्याागतः। तेन पद्मस्यासौ समर्पितः। देव! सोऽयं सिंहबल इति। तुष्टेन तेनोक्तं वांछितं वरं प्रार्थयेति। बलिनोक्तं यदा प्रार्थयिष्यामि तदा दीयतामिति। अथ कतिपयदिनेषु विहरन्तस्तेऽकम्पनाचार्यादयः सप्तशतयतस्तत्रागताः। पुरक्षोभाद्बलिप्रभृतिभिस्तान् परिज्ञाय राजा एतद्भक्त इति पर्यालोच्य भयात्तन्मारणार्थं पद्मः पूर्वपरं प्रार्थितः सप्तदिनान्यस्माकं राज्यं देहीति। ततोऽसौ सप्तदिनानि राज्यं दत्वाऽन्तः पुरे प्रविश्य स्थितः। बलिना च आतपनगिरौ कायोत्सर्गेण स्थितान् मुनीन् वृत्यावेष्ट्य मण्डपं कृत्वा यज्ञः कर्तुमारब्धः। उच्छिष्टसरावच्छागादिजीवकलेवरैर्धूमैश्च मुनीनां मारणार्थमुपसर्गः कृतः। मुनियश्च द्विविधसंन्यासेन स्थिताः। अथ मिथिलानगर्यामर्धरात्रे बहिर्विनिर्गतश्रुतसागरचन्द्राचार्येण आकाशे श्रवणनक्षत्रं कम्पमानमालोक्यावधिज्ञानेन ज्ञात्वा भणितं महामुनीनां महानुपसर्गो वर्तते। तच्छ्रुत्वा पुष्पधरनाम्ना विद्याधरश्रुल्लकेन पृष्टं भगवन्! क्व

---

રાજાએ જે કહ્યું તે સાંભળીને, આજ્ઞા માગીને તે (બલિ) ત્યાં ગયો અને પોતાની બુદ્ધિના પ્રભાવે દુર્ગને તોડીને સિંહબલને પકડીને પાછો આવ્યો અને પદ્મને સોંપીને કહ્યું :

“દેવ! એ આ સિંહબલ.”

સંતુષ્ટ થઈને તેણે (રાજાએ) કહ્યું : “તમે વાંછિત વર માગો.”

બલિએ કહ્યું : “જ્યારે માંગુ ત્યારે આપજો.”

પછી થોડા દિવસોમાં વિહાર કરતા કરતા તે અકમ્પનાચાર્ય આદિ સાતસો મુનિઓ ત્યાં આવ્યા. શહેરમાં આનંદમય ખળભળાટ થવાથી બલિ આદિએ તેમને ઓળખ્યા. ‘રાજા તેમનો ભક્ત છે’ એમ વિચારીને ભયને લીધે તેમને મારવા માટે પદ્મ પાસે પૂર્વનું વરદાન માગ્યું કે “સાત દિવસ સુધી અમને રાજ્ય આપો.” પછી તે (રાજા પદ્મ) સાત દિવસ માટે રાજ્ય આપીને (પોતાના) અંતઃપુરમાં જઈને રહ્યો.

અહીં બલિએ આતપન પર્વત ઉપર કાયોત્સર્ગથી ઊભેલા મુનિઓને વાડથી ઘેરી મંડપ બનાવી યજ્ઞ કરવો શરૂ કર્યો. એઠાં વાસણ, બકરાં આદિ જીવોનાં શરીરો અને ધૂમાડાથી મુનિઓને મારવા માટે ઉપસર્ગ કર્યો. મુનિઓ બે પ્રકારનો સંન્યાસ કરીને ઊભા રહ્યા.

પછી મિથિલા નગરીમાં અર્ધરાત્રે બહાર નીકળેલા શ્રુતસાગરચંદ્રાચાર્યે આકાશમાં શ્રવણ નક્ષત્રને કંપાયમાન જોઈને અવધિજ્ઞાનથી જાણીને કહ્યું :

“મહામુનિઓને મોટો ઉપસર્ગ થઈ રહ્યો છે.”

केषां मुनीनां महानुपसर्गो वर्तते? हस्तिनापुरे अकम्पनाचार्यादीनां सप्तशतयतीनां। उपसर्गः कथं नश्यति? धरणिभूषणगिरौ विष्णुकुमारमुनिर्विक्रियर्द्धिसम्पन्नस्तिष्ठति स नाशयति। एतदाकर्ण्य तत्समीपे गत्वा क्षुल्लकेन विष्णुकुमारस्य सर्वस्मिन् वृत्तान्ते कथिते मम किं विक्रिया ऋद्धिरस्तीति संचिन्त्य तत्परीक्षार्थं हस्तः प्रसारितः। स गिरिं भित्त्वा दूरे गतः। ततस्तां निर्णीय तत्र गत्वा पद्मराजो भणितः। किं त्वया मुनीनामुपसर्गः कारितः। भवत्कुले केनापीदृशं न कृतं। तेनोक्तं किं करोमि मया पूर्वमस्य वरो दत्त इति। तत विष्णुकुमारमुनिना वामनब्राह्मणरूपं धृत्वा दिव्यध्वनिना प्राध्ययनं कृतं। बलिनोक्तं किं तुभ्यं दीयते। तेनोक्तं भूमेः पादत्रयं देहि। ग्रहिलब्राह्मण बहुतरमन्यत् प्रार्थयेति वारं वारं लोकैर्भण्यमानोऽपि तावदेव याचते। ततो हस्तोदकादिविधिना भूमिपादत्रये दत्ते तेनैकपादो

---

તે સાંભળી પુષ્પધર નામના વિદ્યાધર ક્ષુલ્લકે પૂછ્યું : "ભગવન્! ક્યાં ક્યા ક્યા મુનિઓને મોટો ઉપસર્ગ થઈ રહ્યો છે?"

તેમણે કહ્યું : "હસ્તિનાપુરમાં અકંપનાચાર્યાદિ સાતસો મુનિઓને ઉપસર્ગ છે."

"તે કેવી રીતે નાશ પામે?" એમ ક્ષુલ્લક દ્વારા પૂછવામાં આવતાં તેમણે કહ્યું :

"ધરણિભૂષણ પર્વત ઉપર વિષ્ણુકુમાર મુનિ છે. તેમને વિક્રિયા ઋદ્ધિ પ્રાપ્ત થઈ છે. તેઓ (આ ઉપસર્ગને) દૂર કરી શકે."

એ સાંભળીને તેમની પાસે જઈ ક્ષુલ્લકે મુનિ શ્રી વિષ્ણુકુમારને સર્વ વૃત્તાન્ત કહ્યું. ત્યારે તેમણે કહ્યું કે : "શું મને વિક્રિયા ઋદ્ધિ પ્રાપ્ત થઈ છે?"

એમ વિચારી તેની પરીક્ષા કરવા માટે પોતાનો હાથ લંબાવ્યો, તે (હાથ) પર્વત ભેદીને દૂર ગયો. પછી તેનો નિર્ણય કરી, ત્યાં જઈ પદ્મરાજને તેણે કહ્યું : "તમે મુનિઓને કેમ ઉપસર્ગ કરાવ્યો? આપના કુળમાં કોઈએ એવું કદી કર્યું નથી."

તેણે (રાજાએ) કહ્યું : "હું શું કરું? પૂર્વે મેં વરદાન આપ્યું હતું."

પછી વિષ્ણુકુમારે વામન (ઠીંગણા) બ્રાહ્મણનું રૂપ બનાવીને દિવ્યધ્વનિથી (ઉત્તમ શબ્દો દ્વારા) વેદ મંત્રોનું ઉચ્ચારણ શરૂ કર્યું. બલિએ કહ્યું "તમને શું આપું?"

તેણે કહ્યું : "ભૂમિનાં ત્રણ પગલાં આપો."

"હે ગ્રહિલ (જક્કી) બ્રાહ્મણ! બીજું બધું માગ." એમ વારંવાર લોકોએ તેને કહ્યું છતાં તેણે એટલું જ માગ્યું. પછી હાથમાં પાણી લઈ વિધિપૂર્વક જમીનનાં ત્રણ પગલાં આપ્યાં.

मेरौ दत्तो द्वितीयो मानुषोत्तरगिरौ तृतीयपादेन देवविमानादीनां क्षोभं कृत्वा बलिपृष्ठे तं पादं दत्वा बलिं वद्ध्वा मुनीनामुपसर्गो निवारितः। ततस्ते चत्वारोऽपि[१] मंत्रिणः पद्मस्य भयादागत्य विष्णुकुमारमुनेरकम्पनाचार्यादीनां च पादेषु लग्नाः। ते मंत्रिणः श्रावकाश्च जाता इति।[२]

## प्रभावनायां वज्रकुमारो दृष्टान्तोऽस्य कथा

हस्तिनागपुरे बलराजस्य पुरोहितो गरुडस्तत्पुत्रः सोमदत्तः तेन सकलशास्त्राणि पठित्वा अहिच्छत्रपुरे निजमामसुभूतिपार्श्वे गत्वा भणितं। माम! मां दुर्मुखराजस्य दर्शयेत्[३]। न[४] च गर्वितेन तेन दर्शितः। ततो ग्रहिलो भूत्वा सभायां स्वयमेव तं दृष्ट्वा आशीर्वादं दत्वा सर्वशास्त्रकुशलत्वं प्रकाश्य मंत्रिपदं लब्धवान्। तं तथाभूतमालोक्य सुभूतिमामो यज्ञदत्तां

---

તેણે એક પગલું મેરુ પર્વત ઉપર મૂક્યું અને બીજું પગલું માનુષોત્તર પર્વત પર મૂક્યું અને ત્રીજા પગલાંથી દેવોના વિમાનો આદિમાં ક્ષોભ (ખળભળાટ) કરીને બલિને પીઠ પર તે પગલું દઈને બલિને બાંધીને મુનિઓનો ઉપસર્ગ નિવાર્યો.

પછી તે ચારે મંત્રીઓ પદ્મના ભયથી આવીને વિષ્ણુકુમાર મુનિ અને અકમ્પનાચાર્ય આદિના પગે પડ્યા અને શ્રાવક બન્યા. ૭.

પ્રભાવના અંગમાં વજ્રકુમારનું દૃષ્ટાંત છે તેની કથા—

## કથા ૮ : વજ્રકુમાર

હસ્તિનાપુરમાં બળરાજને ગરુડ નામનો પુરોહિત હતો. તેનો પુત્ર સોમદત્ત હતો. બધાં શાસ્ત્રો ભણીને અહિચ્છત્રપુરમાં પોતાના મામા સુભૂતિ પાસે જઈને તેણે કહ્યું : ‘‘મામા! મને દુર્મુખરાજની મુલાકાત કરાવો.’’ પણ તે અભિમાનીએ મુલાકાત ન કરાવી. તેથી તે ગ્રહિલ (જક્કી) બનીને પોતે જ સભામાં જઈને તેની મુલાકાત લીધી. તેને આશીર્વાદ આપી, સર્વ શાસ્ત્રોમાં નિપુણતા બતાવી અને મંત્રીપદ પ્રાપ્ત કર્યું. તેને આવો જોઈને સુભૂતિ મામાએ (પોતાની) પુત્રી યજ્ઞદત્તા તેની સાથે પરણાવી.

---

१. चत्वारो मंत्रिणः पद्मश्च।

२. ध पुस्तके इतोऽग्रेधिकः पाठः 'व्यन्तरदैवेः सुघोषवीणात्रयं दत्तं विष्णुकुमारपादपूजार्थं।

३. दर्शमते ख, ग, दर्शय घ०। ४ न, ख, ग, तेन च गर्वितेन न दर्शितः घ०।

पुत्रीं परिणेतुं दत्तवान्। एकदा तस्या गर्भिण्या[1] वर्षाकाले आम्रफलभक्षणे दोहलको जातः। ततः सोमदत्तेन तान्युद्यानवने अन्वेषयता यत्राम्रवृक्षे सुमित्राचार्यो योगं गृहीतवांस्तं नानाफलैः फलितं दृष्ट्वा तस्मात्तान्यादाय पुरुषहस्ते प्रेषितवान्। स्वयं च धर्मं श्रुत्वा निर्विण्णस्तपो गृहीत्वा आगममधीत्य परिणतो भूत्वा नाभिगिरौ आतपनेन स्थितः। यज्ञदत्ता च पुत्रं प्रसूता तं वृत्तान्तं[2] श्रुत्वा बंधुसमीपं गता। तस्य शुद्धिं ज्ञात्वा बन्धुभिः सह नाभिगिरिं गत्वा तमातपनस्थमालोक्यातिकोपात्तत्पादोपरि बालकं धृत्वा दुर्वचनानि दत्वा गृहं गता। अत्र प्रस्तावे दिवाकरदेवनामा विद्याधरोऽमरावतीपुर्याः पुरन्दरनाम्ना लघुभ्रात्रा राज्यान्निर्घाटितः। सकलत्रो मुनि वन्दितुमायातः। तं बालं गृहीत्वा निजभार्यायाः समर्प्य व्रजकुमार इति नाम कृत्वा गतः। स च व्रजकुमारः कनकनगरे[3] विमलवाहननिजमैथुनिकसमीपे सर्वविद्यापारगो युवा च क्रमेण जातः। अथ गरुडवेगाङ्गवत्योः पुत्री पवनवेगा हेमन्तपर्वते प्रज्ञप्तिं विद्यां

---

એક દિવસ તેની ગર્ભવતી સ્ત્રીને વર્ષાકાલમાં (ચોમાસામાં) કેરી ખાવાનો દોહદ થયો. પછી સોમદત્તે ઉદ્યાન વનની અંદર ફળોની તપાસ કરતાં જે આમ્રવૃક્ષની નીચે સુમિત્રાચાર્યે યોગ ધારણ કર્યો હતો, તેને વિવિધ ફળોથી ચલિત જોઈ તેમાંથી (તે વૃક્ષ ઉપરથી) તે (ફળો) લઈને (કોઈ) પુરુષ સાથે મોકલી આપ્યાં અને પોતે ધર્મશ્રવણ કરીને ઉદાસીન થયો અને તપ ગ્રહણ કરીને, આગમનો અભ્યાસ કરીને બહુ પરિપક્વ બની નાભિ પર્વત ઉપર આતપન આદરીને રહ્યો.

યજ્ઞદત્તાએ પુત્રને જન્મ આપ્યો. પતિ મુનિ થવાના સમાચાર સાંભળીને તે તેના ભાઈઓ પાસે ચાલી ગઈ. તેની (પુત્રની) શુદ્ધિ જાણીને તે ભાઈઓ સાથે નાભિ પર્વત પર ગઈ અને ત્યાં તેને આતપન યોગમાં બેઠેલો જોઈ, ઘણા કોપથી તેના પગ ઉપર બાળકને રાખીને તથા દુર્વચનો કહીને તે ઘેર ગઈ.

આ દરમિયાન દિવાકરદેવ નામના વિદ્યાધરે અમરાવતી પુરીના પુરંદર નામના નાનાભાઈને રાજ્યમાંથી કાઢી મૂક્યો. તે તેની સ્ત્રી સાથે મુનિને વંદના કરવા આવ્યો. તે બાળકને લઈને પોતાની સ્ત્રીને સોંપી તેનું વજ્રકુમાર નામ પાડીને ગયો. તે વજ્રકુમાર કનકનગરમાં પોતાના મૈથુનિક (જોડિયા) ભાઈ વિમલવાહન પાસે સર્વ વિદ્યાઓમાં પારંગત થયો અને ક્રમે ક્રમે યુવાન થયો.

પછી ગરુડવેગ અને અંગવતીની પુત્રી પવનવેગા હેમન્ત પર્વત ઉપર મહાશ્રમથી

---

१. गुर्विण्याः मूलपाठः। २. तं ख, ग,। ३. गिरौ, ख, ग कनकगिरे घ०।

**महाश्रमेण साधयन्ती पवनाकम्पितबदरीवज्रकंटकेन लोचने विद्धा। ततस्तत्पीडया चलचित्ताया विद्या न सिद्धयति। ततो वज्रकुमारेण च तां तथा दृष्ट्वा विज्ञानेन कण्टक उद्धृतः। ततः स्थिरचित्तायास्तस्या विद्या सिद्धा। उक्तं च तथा भवत्प्रसादेन एषा विद्या सिद्धा, त्वमेव मे भर्त्तेत्युक्त्वा परिणीतः। व्रजकुमारेणोक्तं तात! अहं कस्य पुत्र इति सत्यं कथय, तस्मिन् कथिते मे भोजनादौ प्रवृत्तिरिति। ततस्तेन पूर्ववृत्तान्तः सर्वः सत्य एव कथितः। तमाकर्ण्य निजगुरुं द्रष्टुं बन्धुभिः सह मथुरायां क्षत्रियगुहायां गतः। तत्र च सोमदत्तगुरोर्दिवाकरदेवेन बंदनां कृत्वा वृत्तान्तः कथितः। समस्तबन्धून् महता कष्टेन विसृज्य वज्रकुमारो मुनिर्जातः। अत्रान्तरे मथुरायामन्या कथा—राजा पूतिगन्धो राज्ञी उर्विला[१]। सा च सम्यग्दृष्टिरतीव जिनधर्मप्रभावनायां रता। नन्दीश्वराष्टदिनानि प्रतिवर्षं जिनेन्द्ररथयात्रां त्रीन् वारान् कारयति। तत्रैव नगर्यां श्रेष्ठी सागरदत्तः श्रेष्ठिनी समुद्रदत्ता पुत्री दरिद्रा। मृते सागरदत्ते दरिद्र परगृहे**

---

પ્રજ્ઞપ્તિ વિદ્યા સાધતી હતી. પવનથી કંપિત થયેલી બદરી (બોરડી)ના વજ્રકંટકથી તેની આંખ વિંધાઈ ગઈ. તેથી તેની પીડાથી ચલિત થયેલા ચિત્તવાળી (પવનવેગા)ને વિદ્યા સિદ્ધ થઈ નહિ. પછી વજ્રકુમારે તેને તેવી જોઈને વિજ્ઞાનથી કાંટો કાઢ્યો, પછી સ્થિર ચિત્તવાળી તેને (પવનવેગાને) વિદ્યા સિદ્ધ થઈ અને તેણે કહ્યું : "આપની કૃપાથી આ વિદ્યા સિદ્ધ થઈ છે, તેથી તમે જ મારા પતિ છો." એમ કહીને તે તેની સાથે પરણી.

વજ્રકુમારે કહ્યું : "તાત! હું કોનો પુત્ર છું? સાચું કહો. તે કહેશો તો જ ભોજનાદિમાં મારી પ્રવૃત્તિ થશે."

પછી તેણે બધું પૂર્વવૃત્તાંત સાચેસાચું કહ્યું. તે સાંભળીને પોતાના ગુરુનાં (પોતાના પિતાનાં) દર્શન કરવા માટે બંધુઓ સાથે મથુરામાં ક્ષત્રિય ગુફામાં ગયો. ત્યાં સોમદત્તના ગુરુને વંદના કરી, દિવાકરદેવે તેમને હકીકત કહી. મહાકષ્ટથી સમસ્ત બંધુવર્ગનું વિસર્જન કરી વજ્રકુમાર મુનિ થયો.

આ દરમિયાન મથુરામાં એક બીજી કથા (ઘટના) થઈ—

ત્યાં પૂતિગંધ રાજા હતો, તેને ઉર્વિલા રાણી હતી, તે સમ્યગ્દૃષ્ટિ હતી અને જિનધર્મની પ્રભાવનામાં ઘણી રત રહેતી હતી. તે દર વર્ષે નંદીશ્વરના આઠ દિવસ જિનેન્દ્રની રથયાત્રા ત્રણવાર કરાવતી. તે જ નગરીમાં સાગરદત્ત શેઠ હતો, તેની શેઠાણીનું નામ સમુદ્રદત્તા હતું અને પુત્રીનું નામ દરિદ્રા હતું. સાગરદત્ત મરી ગયો ત્યારે દરિદ્રા એક

---

१. ऊर्वी, ग।

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**निक्षिप्तसिक्थानि भक्षयन्ती चर्यां प्रविष्टेन मुनिद्वयेन दृष्टां ततो लघुमुनिनोक्तं हा! वराकी महता कष्टेन जीवतीति। तदाकर्ण्य ज्येष्ठमुनिनोक्तं अत्रैवास्य राज्ञः पट्टराज्ञी वल्लभा भविष्यतीति। भिक्षां भ्रमता धर्मश्रीवंदकेन तद्वचनमाकर्ण्य नान्यथा मुनिभाषितमिति संचिन्त्य स्वविहारे तां नीत्वा मृष्टाहारैः[1] पोषिता। एकदा यौवनभरे चैत्रमासे आन्दोलयन्तीं तां राजा दृष्ट्वा अतीव विरहावस्थां गतः। ततो मंत्रिभिस्तां तदर्थं वंदको याचितः। तेनोक्तं यदि मदीयं धर्मं राजा गृह्णाति तदा ददामीति। तत्सर्वं कृत्वा परिणीता। पट्टमहादेवी तस्य सातिवल्लभा जाता। फाल्गुननन्दीश्वरयात्रायामुर्विला रथयात्रामहारोपं दृष्ट्वा तया भणितं देव! मदीयो बुद्धरथोऽधुना पुर्यां प्रथमं भ्रमतु। राज्ञा चोक्तमेवं भवत्विति। तत उर्विला वदति मदीयो रथो यदि प्रथमं भ्रमति तदाहारे मम प्रवृत्तिरन्यथा निवृत्तिरिति प्रतिज्ञां गृहीत्वा**

---

દિવસ પારકે ઘેર નાખી દીધેલા (રાંધેલા) ભાત તે ખાતી હતી. ચર્યા માટે પ્રવેશેલા બે મુનિઓ દ્વારા તે જોવામાં આવી. તેથી નાના મુનિએ કહ્યું : ‘‘અરે! બિચારી મહાકષ્ટથી જીવી રહી છે.’’

તે સાંભળી મોટા મુનિએ કહ્યું : ‘‘અહીંના રાજાની તે માનીતી પટરાણી થશે.’’

ભિક્ષા માટે ભ્રમણ કરતાં ધર્મશ્રીવંદકે તેમનું વચન સાંભળી ‘મુનિએ ભાખેલું અન્યથા હોય નહિ’ એમ વિચારી તેને પોતાના વિહારમાં લઈ જઈ પુષ્ટ (સારો) આહાર આપી પોષણ કર્યું.

એક દિવસ યૌવનભર ચૈત્ર માસમાં (ભર ચૈત્ર માસમાં) રાજાએ તેને આનંદમાં હિલોરા લેતી (હિચકતી) જોઈ અને બહુ વિરહ અવસ્થાને પ્રાપ્ત થયો, તેથી મંત્રીઓએ તેના માટે વંદક (બૌદ્ધ સાધુ) પાસે જઈ તેની માગણી કરી.

તેણે કહ્યું : ‘‘જો રાજા મારો ધર્મ સ્વીકારે તો હું તેને દઉં.’’

તે બધાનો સ્વીકાર કરતાં તેણે તેને પરણાવી અને તેની (રાજાની) અતિપ્રિય પટ્ટમહાદેવી બની. ફાગણ માસની નંદીશ્વરની યાત્રામાં મહારાણી ઉર્વિલાની રથયાત્રાનો મોટો ઠાઠ જોઈ, તેણે કહ્યું : ‘‘દેવ! મારો બુદ્ધનો રથ હવે નગરીમાં પ્રથમ ફરે.’’

રાજાએ કહ્યું : ‘‘તેમ થશે.’’

આથી ઉર્વિલાએ કહ્યું : ‘‘મારો રથ જો પ્રથમ ફરશે તો જ મારી આહારાદિમાં

---

१. मिष्टाहारैः घ०।

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**क्षत्रियगुहायां सोमदत्ताचार्यपार्श्वे गता। तस्मिन् प्रस्तावे वज्रकुमारमुनेर्वन्दनाभक्त्यर्थमायाता दिवाकरदेवादयो विद्याधरास्तदीयवृत्तान्तं च श्रुत्वा वज्रकुमारमुनिना ते भणिताः। उर्विलयाः प्रतिज्ञारूढाया रथयात्रा भवद्भिः कर्तव्येति। ततस्तैर्बुद्धदासी रथं भङ्क्त्वा नानाविभूत्या उर्विलाया रथयात्रा कारिता। तमतिशयं दृष्ट्वा प्रतिबुद्धा बुद्धदासी अन्ये च जना जिनधर्मरता जाता इति॥२०॥**

---

પ્રવૃત્તિ થશે, નહિતર તેમાં નિવૃત્તિ છે.'' આવી પ્રતિજ્ઞા લઈને ક્ષત્રિય ગુફામાં રહેલા સોમદત્ત આચાર્ય પાસે ગઈ.

તે દરમિયાન વજ્રકુમાર મુનિની વંદના—ભક્તિ માટે આવેલા દિવાકર દેવાદિ વિદ્યાધરોને, તેનું વૃત્તાંત સાંભળીને, વજ્રકુમાર મુનિએ કહ્યું : ''પ્રતિજ્ઞારૂઢ ઉર્વિલાની રથયાત્રા તમારે કરાવવી જોઈએ.''

તેથી તેઓએ બુદ્ધદાસીનો રથ ભાંગીને અનેક વિભૂતિથી ઉર્વિલાની રથયાત્રા કરાવી.

તેનો અતિશય દેખીને બુદ્ધની દાસી પ્રતિબોધને પામેલી અને અન્ય જનો જિનધર્મમાં રત થયા. ૮.

## વિશેષ

સમ્યગ્દર્શનનાં નિઃશંકિતાદિ આઠ અંગ છે. અંગનો અર્થ અવયવ, સાધન, કરણ અને લક્ષણ યા ચિહ્ન થાય છે. સમ્યગ્દર્શન અંગી છે અને નિઃશંકિતાદિ આઠ અંગ છે. સમ્યગ્દર્શન સાધ્ય છે અને નિઃશંકિતાદિ સાધન છે. જે સમ્યગ્દૃષ્ટિ હોય છે તેને નિઃશંકિતાદિ આઠ ચિહ્નો જરૂર હોય છે.

આ આઠ અંગમાં પ્રથમ નિઃશંકિતાદિ ચાર અંગ નિષેધરૂપ છે અને બાકીનાં ઉપગૂહનાદિ ચાર અંગ વિધેયરૂપ છે.

''.......કોઈ કાર્યમાં શંકા—કાંક્ષા ન કરવા માત્રથી તો સમ્યક્ત્વ ન થાય. સમ્યક્ત્વ તો તત્ત્વશ્રદ્ધાન થતાં જ થાય છે, પરંતુ અહીં નિશ્ચય સમ્યક્ત્વનો તો વ્યવહારસમ્યક્ત્વમાં ઉપચાર કર્યો છે. તથા વ્યવહાર સમ્યક્ત્વના કોઈ એક અંગમાં સંપૂર્ણ વ્યવહારસમ્યક્ત્વનો ઉપચાર કર્યો, એ પ્રમાણે તેને ઉપચારથી સમ્યક્ત્વ થયું કહીએ છીએ......''૧

જેણે સમ્યક્ત્વ પ્રગટ કર્યું હોય તેને આ ઉપચાર લાગુ પડે છે. મિથ્યાદૃષ્ટિ

---

૧. ગુજરાતી મોક્ષમાર્ગ પ્રકાશક પૃષ્ઠ ૨૭૬.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ननु सम्यग्दर्शनस्याष्टभिरङ्गैः प्ररूपितैः किं प्रयोजनं? तद्विलस्याप्यस्य संसारोच्छेदनसामर्थ्यसंभवादित्याशंक्याह—

नांगहीनमलं छेत्तुं दर्शनं जन्मसन्ततिम्।
न हि मन्त्रोऽक्षरन्यूनो निहन्ति विषवेदनां।।२१।।

'दर्शनं' कर्तृ। 'जन्मसन्ततिं' संसारप्रबन्धं। 'छेत्तुं' उच्छेदयितुं 'नालं' न समर्थं। कथंभूतं सत्, 'अंगहीनं' अंगैर्निःशंकितत्वादिस्वरूपैर्हीनं विकलं। अस्यैवार्थस्य समर्थनार्थं दृष्टान्तमाह—'न ही'त्यादि। सर्पादिदष्टस्य प्रसृतसर्वांगविषवेदनस्य तदपहरणार्थं प्रयुक्तो मंत्रोऽक्षरेणापि न्यूनो हीनो 'न हि' नैव 'निहन्ति' स्फोटयति[1] विषवेदनां ततः

---

દ્રવ્યલિંગીને આ ઉપચાર લાગુ પડતો નથી, કેમ કે તેને સમ્યક્ત્વ થયું નથી.

સમ્યક્ત્વનાં અંગો સંબંધી જે આઠ દૃષ્ટાંતો (કથારૂપે) આપ્યાં છે તે આ દૃષ્ટિએ સમજવાં. ૧૯–૨૦.

સમ્યગ્દર્શનનાં આઠ અંગોનું પ્રરૂપણ કરવાનું શું પ્રયોજન? કારણ કે તેના વિના પણ તેને (સમ્યગ્દર્શનને) સંસારનો નાશ કરવાનું સામર્થ્ય સંભવે છે. એવી આશંકા કરીને કહે છે—

## અંગસહિત સમ્યગ્દર્શનનું સામર્થ્ય

### શ્લોક ૨૧

**અન્વયાર્થ** :—[अंगहीनं] અંગ રહિત [दर्शनं] સમ્યગ્દર્શન [जन्मसंततिम्] જન્મ–મરણની પરંપરાનો [छेत्तुं] નાશ કરવાને [न अलं] સમર્થ નથી. જેમ [अक्षरन्यूनः] અક્ષરહીન [मंत्रः] મંત્ર [विषवेदनां] વિષવેદનાને [न हि निहन्ति] નાશ કરી શકતો જ નથી.

**ટીકા** :—'अङ्गहीनं दर्शनं जन्मसंततिं छेत्तुं न अलं' નિઃશંકિતત્વાદિ સ્વરૂપ અંગોથી રહિત હોય, એવું સમ્યગ્દર્શન સંસારના પ્રબંધનો (સંસારની સંતતિનો) ઉચ્છેદ કરવાને સમર્થ નથી. આ જ અર્થના સમર્થનને માટે દૃષ્ટાંત કહે છે. 'न हि इत्यादि' સર્પાદિથી ડસાયેલા અને સર્વ અંગોમાં પ્રસરેલા વિષની વેદનાવાળા મનુષ્યની વિષવેદનાને

---

१. स्फेटयति घ०।

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

सम्यग्दर्शनस्य संसारोच्छेदसाधनेऽष्टाङ्गोपेतत्वं युक्तमेव, त्रिमूढापोढत्ववत्।

कानि पुनस्तानि त्रीणि मूढानि यदमूढत्वं तस्य संसारोच्छेदसाधनं स्यादिति चेदुच्यते, लोकदेवतापाखंडिमूढभेदात् त्रीणि मूढानि भवन्ति। तत्र लोकमूढं तावद्दर्शयन्नाह—

आपगासागरस्नानमुच्चयः सिकताश्मनाम्।
गिरिपातोऽग्निपातश्च लोकमूढं निगद्यते।।२२।।

'लोकमूढं' लोकमूढत्वं। किं ? 'आपगासागरस्नानं' आपगा नदी सागरः समुद्रः तत्र

---

દૂર કરવાને યોજેલો એક પણ ઓછા અક્ષરવાળો મંત્ર વિષની વેદનાને દૂર કરી શકતો જ નથી. તેથી સમ્યગ્દર્શનને સંસારઉચ્છેદના સાધનભૂત થવામાં અષ્ટાંગસહિતપણું યોગ્ય જ છે. તેના ત્રિમૂઢતારહિતપણાની માફક.

**ભાવાર્થ** :—જેમ એક પણ અક્ષરહીન મંત્ર વિષની વેદનાને દૂર કરી શકતો નથી, તેમ આઠ અંગ રહિત સમ્યગ્દર્શન જન્મ–મરણની પરંપરાનો નાશ કરી શકતું નથી. અર્થાત્ અંગરહિત સમ્યગ્દર્શનથી સંસારનો નાશ થઈ શકતો નથી; આઠ અંગ સહિત સમ્યગ્દર્શન જ તેનો નાશ કરી શકે છે. ૨૧.

પ્રશ્ન :—કઈ તે ત્રણ મૂઢતા છે કે જેના રહિતપણાથી સમ્યગ્દર્શન સંસારઉચ્છેદનું સાધન થાય છે?

ઉત્તર :—ત્રણ મૂઢતા આ પ્રમાણે છે—લોકમૂઢતા, દેવમૂઢતા અને પાખંડીમૂઢતા. ત્યાં પ્રથમ લોકમૂઢતા દર્શાવતાં કહે છે :—

## લોકમૂઢતા
## શ્લોક ૨૨

**અન્વયાર્થ** :—[आपगासागरस्नानं] (ધર્મ સમજીને) નદી–સમુદ્રમાં સ્નાન કરવું, [सिकताश्मनाम्] રેતી અને પથ્થરોનો [उच्चयः] ઢગલો કરવો (મિનારો બનાવવો), [गिरिपातः] પર્વત ઉપરથી પડવું [च] અને [अग्निपातः] અગ્નિમાં પડવું (સતી થવું)—તે [लोकमूढं] લોકમૂઢતા [निगद्यते] કહેવાય છે.

**ટીકા** :—'लोकमूढं' તે લોકમૂઢતા છે. તે શું છે? 'आपगासागरस्नानं' आपगा–

श्रेयःसाधनाभिप्रायेण यत्स्नानं न पुनः शरीरप्रक्षालनाभिप्रायेण। तथा 'उच्चयः' स्तूपविधानं। केषां ? 'सिकताश्मनां' सिकता वालुका, अश्मानः पाषाणास्तेषां। तथा 'गिरिपातो' भृगुपातादिः। 'अग्निपातश्च' अग्निप्रवेशः। एवमादि सर्वं लोकमूढं 'निगद्यते' प्रतिपाद्यते ॥२२॥

देवतामूढं व्याख्यातुमाह—

**वरोपलिप्सयाशावान् रागद्वेषमलीमसाः।**
**देवता यदुपासीत देवतामूढमुच्यते ॥२३॥**

---

નદી અને सागर—સમુદ્ર, તેમાં 'કલ્યાણનું સાધન છે' એવા અભિપ્રાયથી, નહિ કે શરીરનું પ્રક્ષાલન કરવાના અભિપ્રાયથી સ્નાન કરવું, તથા 'उच्चयः' સ્તૂપ મિનારો કરવો. કોનો? 'सिकताश्मनां' सिकता—રેતી, अश्मानः—પથ્થર—તેમનો (ઢગલો કરવો) તથા 'गिरिपातः' ભૃગુપ્રપાતાદિ (પર્વત પરથી પડવું વગેરે), 'अग्निपातश्च' અગ્નિમાં પ્રવેશ કરવો—એ આદિ સર્વ લોકમૂઢતા 'निगद्यते' કહેવાય છે.

**ભાવાર્થ** :—ધર્મ સમજીને નદી અને સમુદ્રમાં સ્નાન કરવું, રેતી અને પથ્થરોનો ઢગલો કરી તેને દેવ માનીને પૂજવું, સ્વર્ગ મળશે એમ માની પર્વત પરથી પડવું અને સતી થવાના અભિપ્રાયથી અગ્નિમાં ઝંપલાવવું વગેરે—એ બધું ધર્મ સમજીને કરવું તેને લોકમૂઢતા કહે છે. ૨૨.

દેવમૂઢતાનું વ્યાખ્યાન કરવા માટે કહે છે—

## દેવમૂઢતા
## શ્લોક ૨૩

**અન્વયાર્થ** :—[वरोपलिप्सया] વરદાન પ્રાપ્ત કરવાની ઇચ્છાથી (ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિની ઇચ્છાથી) [आशावान्] (ઐહિક સુખની) આશાવાળો પુરુષ [यद्] જે [रागद्वेषमलीमसाः] રાગ-દ્વેષથી મલિન [देवताः] દેવતાઓની [उपासीत] ઉપાસના કરે છે, તેને [देवतामूढं] દેવમૂઢતા [उच्यते] કહે છે.

## વિશેષ

જેનામાં સાચા દેવનાં લક્ષણો—વીતરાગતા, સર્વજ્ઞતા અને હિતોપદેશીપણું—એ ત્રણે

★—

લક્ષણો ન હોય તે અદેવ છે–કુદેવ છે. તે કોઈ પણ રીતે જીવને હિતકર્તા નથી, છતાં તેને ભ્રમથી હિતકર્તા માની તેનું સેવન કરવું, તે મિથ્યાત્વ છે.

[1]મિથ્યાદ્રષ્ટિ જીવ ત્રણ પ્રકારના પ્રયોજનથી તેની ઉપાસના કરે છે. કોઈ તેની ઉપાસનાને મોક્ષનું કારણ જાણીને તેને સેવે છે, પણ તેથી મોક્ષ થતો નથી, કારણ કે મિથ્યાભાવયુક્ત ઉપાસના મોક્ષનું કારણ કેમ હોઈ શકે?

કેટલાક જીવો પરલોકમાં 'સુખ થાય–દુઃખ ન થાય' એવા પ્રયોજનથી કુદેવને સેવે છે, પણ તેની સિદ્ધિ તો પુણ્ય ઉપજાવતાં અને પાપ ન ઉપજાવતાં થાય છે. પણ પોતે તો પાપ ઉપજાવે અને કહે કે—"ઈશ્વર મારું ભલું કરશે." પણ એ તો એનો ભ્રમ છે, કારણ કે જીવ જેવો પરિણામ કરશે તેવું જ ફળ પામશે. માટે કોઈનું ભલું–બૂરું કરવાવાળો ઈશ્વર કોઈ છે જ નહિ; તેથી કુદેવોના સેવનથી પરલોકમાં ભલુ–બૂરું થતું નથી.

"વળી ઘણા જીવો શત્રુનાશાદિક, રોગાદિ નાશ, ધનાદિની પ્રાપ્તિ તથા પુત્રાદિકની પ્રાપ્તિ ઈત્યાદિક આ પર્યાય સંબંધી દુઃખ મટાડવા યા સુખ પામવાના અનેક પ્રયોજન પૂર્વક એ કુદેવાદિકનું સેવન કરે છે. હનુમાનાદિક, ભૈરવ, દેવીઓ......શીતળા, દહાડી, ભૂત, પિતૃ, વ્યંતરાદિક, સૂર્ય–ચંદ્ર, શનિશ્ચરાદિ, જ્યોતિષીઓને, પીર–પેગંબરાદિકોને, ગાય–ઘોડાદિ તિર્યંચોને, અગ્નિ–જલાદિકને તથા શસ્ત્રાદિકને પૂજે છે. ઘણું શું કહીએ? રોડાં ઈત્યાદિકને પણ પૂજે છે; પરંતુ એવા કુદેવોનું સેવન મિથ્યાદ્રષ્ટિથી જ થાય છે, કારણ કે પ્રથમ તો તે જેનું સેવન કરે છે તેમાંથી કેટલાક તો કલ્પના માત્ર જ દેવ છે, એટલે તેમનું સેવન કેવી રીતે કાર્યકારી થાય? વળી કોઈ વ્યંતરાદિક છે પણ તે કોઈનું ભલું–બૂરું કરવા સમર્થ નથી. જો તેઓ સમર્થ હોય તો તેઓ પોતે જ કર્તા ઠરે, પણ તેમનું કર્યું થતું કાંઈ દેખાતું નથી; તેઓ પ્રસન્ન થઈ ધનાદિક આપી શકતા નથી, તથા દ્વેષી થઈ બૂરું કરી શકતા નથી....." પણ જીવના પુણ્ય–પાપથી સુખ–દુઃખ થાય છે, એટલે તેમને માનવા–પૂજવાથી તો ઊલટો રાગ થાય છે, પણ કાંઈ કાર્યસિદ્ધિ થતી નથી.......

★ આ શ્લોક નીચેની સંસ્કૃત ટીકા આગમયુક્ત નથી, એમ શેઠ માણિકચંદજી ગ્રંથમાળા પુષ્પ નં. ૨૪ પ્રસ્તાવના પાના નં. ૬૯માં સ્પષ્ટ લખ્યું છે. તેનું તે કથન યોગ્ય છે માટે તે લીધી નથી. (શ્રી રામજીભાઈ માણેકચંદ વકીલ, સોનગઢ.)

૧. જુઓ મોક્ષમાર્ગ પ્રકાશક અધ્યાય ૬, પૃષ્ઠ ૧૭૧ થી ૧૭૮.

"પોતાને જો પાપનો ઉદય હોય તો તેઓ (વ્યંતરાદિક) સુખ આપી શકે નહિ તથા પુણ્યનો ઉદય હોય તો દુઃખ આપી શકે નહિ. વળી તેમને પૂજવાથી કોઈ પુણ્યબંધ નથી, પણ રાગાદિક વૃદ્ધિ થઈ ઊલટો પાપબંધ જ થાય છે; તેથી તેમને માનવા–પૂજવા કાર્યકારી નથી, પણ બૂરું કરવાવાળા છે....."

પ્રશ્ન :—ક્ષેત્રપાલ, દહાડી અને પદ્માવતી આદિ દેવી તથા યક્ષ–યક્ષિણી આદિ કે જે જૈનમતને અનુસરે છે, તેમનું પૂજનાદિ કરવામાં તો દોષ નથી?

ઉત્તર :—જૈનમતમાં તો સંયમ ધારવાથી પૂજ્યપણું હોય છે. હવે દેવોને સંયમ હોતો જ નથી. વળી તેમને સમ્યક્ત્વી માની પૂજીએ તો ભવનત્રિક દેવોમાં સમ્યક્ત્વની પણ મુખ્યતા નથી; તથા જો સમ્યક્ત્વ વડે જ પૂજીએ તો સર્વાર્થસિદ્ધિ અને લૌકાંતિક દેવોને જ કેમ ન પૂજીએ? તમે કહેશો કે 'આમને જિનભક્તિ વિશેષ છે,' પણ ભક્તિની વિશેષતા તો સૌધર્મ ઈન્દ્રને પણ છે તથા તે સમ્યગ્દૃષ્ટિ પણ છે, તો તેને છોડી આમને શા માટે પૂજો છો?......તીવ્ર મિથ્યાત્વભાવથી જૈનમતમાં પણ એવી વિપરીત પ્રવૃત્તિરૂપ માન્યતા હોય છે. એ પ્રમાણે ક્ષેત્રપાલાદિકને પણ પૂજવા યોગ્ય નથી."

"વળી ગાય–સર્પાદિક તિર્યંચ કે જે પોતાનાથી પ્રત્યક્ષ હીન ભાસે છે, તેમનો તિરસ્કારાદિક પણ કરી શકીએ છીએ તથા તેમની નિંદ્ય દશા પ્રત્યક્ષ જોઈએ છીએ. વૃક્ષ, અગ્નિ, જલાદિક સ્થાવર છે, તે તો તિર્યંચોથી પણ અત્યંત હીન અવસ્થાને પ્રાપ્ત જોઈએ છીએ તથા શસ્ત્ર, ખડિયો વગેરે તો અચેતન જ છે, સર્વ શક્તિથી હીન પ્રત્યક્ષ જ જોઈએ છીએ. તેમાં પૂજ્યપણાનો ઉપચાર પણ સંભવતો નથી; તેથી તેમને પૂજવા એ મહામિથ્યાભાવ છે. તેમને પૂજવાથી પ્રત્યક્ષ વા અનુમાનથી પણ કાંઈ ફળપ્રાપ્તિ ભાસતી નથી, તેથી તેમને પૂજવા તે યોગ્ય નથી."

"જો ઈષ્ટ–અનિષ્ટ કરવું તેમના (વ્યંતરાદિ દેવના) આધીન હોય તો જે તેમને પૂજે તેને ઈષ્ટ જ થવું જોઈએ તથા કોઈ ન પૂજે તેને અનિષ્ટ જ થવું જોઈએ, પણ તેવું તો દેખાતું નથી, કારણ કે શીતળાને ઘણી માનવા છતાં પણ કોઈને ત્યાં પુત્રાદિ મરતા જોઈએ છીએ, તથા કોઈને ન માનવા છતાં પણ જીવતા જોઈએ છીએ. માટે શીતળાને માનવી કાંઈપણ કાર્યકારી નથી. એ જ પ્રમાણે સર્વ કુદેવોને માનવા કાંઈ પણ કાર્યકારી નથી."[૧] ૨૩.

૧. જુઓ મોક્ષમાર્ગ પ્રકાશક, પૃષ્ઠ ૧૭૧ થી ૧૭૮.

इदानीं सद्दर्शनस्वरूपे पाषण्डिमूढस्वरूपं दर्शयन्नाह—

**सग्रन्थारम्भहिंसानां संसारावर्तवर्त्तनाम्।**
**पाषण्डिनां पुरस्कारो ज्ञेयं पाषण्डिमोहनम्॥२४॥**

'पाषण्डिमोहनं'। 'ज्ञेयं' ज्ञातव्यं। कोऽसौ ? 'पुरस्कारः' प्रशंसा। केषां ? 'पाषण्डिनां' मिथ्यादृष्टिलिंगिनां। किंविशिष्टानां ? 'सग्रन्थारंभहिंसानां' ग्रन्थाश्च दासीदासादयः, आरंभाञ्च कृष्यादयः हिंसाश्च अनेकविधाः प्राणिवधाः सह ताभिर्वर्तन्त इत्येवं ये तेषां। तथा 'संसारावर्तवर्तिनां' संसारे आवर्तो भ्रमणं येभ्यो विवाहादिकर्मभ्यस्तेषु वर्तते इत्येवं शीलास्तेषां। एतैस्त्रिभिर्मूढैरपोढत्वसम्पन्नं सम्यग्दर्शनं संसारोच्छित्तिकारणं अस्मयत्वसम्पन्नवत्॥२४॥

---

હવે સમ્યગ્દર્શન સ્વરૂપમાં પાખંડીમૂઢતાનું સ્વરૂપ દર્શાવતાં કહે છે—

## પાખંડીમૂઢતા (ગુરુમૂઢતા)
### શ્લોક ૨૪

**અન્વયાર્થ** :—[सग्रन्थारम्भहिंसानां] જેઓ પરિગ્રહ, આરંભ અને હિંસાથી યુક્ત છે તથા [संसारावर्त्तवर्तिनाम्] જેઓ સંસારના ચક્રમાં પડેલા છે એવા પાખંડીઓના (સંસારભ્રમણ કરવાના કારણભૂત કાર્યોમાં વર્તનારા પાખંડીઓના) મિથ્યાદ્રષ્ટિ વેશધારી પાખંડી ગુરુઓના [पुरस्कारः] આદર—સત્કારને—પ્રશંસાને [पाषण्डिमोहनम्] પાખંડી-મૂઢતા [ज्ञेयम्] જાણવી.

**ટીકા** :—'पाषण्डिमोहनम्' પાખંડીમૂઢતા 'ज्ञेयम्' જાણવી. તે શું છે? 'पुरस्कारः' પ્રશંસા કોની? 'पाषण्डिनाम्' મિથ્યાદ્રષ્ટિ લિંગધારીઓની, કેવા (પાખંડીઓની)? 'सग्रन्थारम्भहिंसानाम्' દાસી—દાસાદિ પરિગ્રહ, કૃષિ આદિ આરંભ અને અનેક પ્રકારની પ્રાણીઓની હિંસા—તેમના સહિત જેઓ છે તેવા (પાખંડીઓની) તથા 'संसारावर्त्तवर्तिनाम्' संसारे—સંસારમાં 'आवर्त्तः' જે વિવાહાદિક કાર્યોનાં કારણે સંસારમાં ભ્રમણ થાય છે તેવાં કાર્યોમાં વર્તવાનો જેનો સ્વભાવ છે તેવા (પાખંડીઓની) આવી ત્રણ મૂઢતાઓ રહિત સમ્યગ્દર્શન, મદ રહિતપણાની જેમ સંસાર છેદનું કારણ છે.

**ભાવાર્થ** :—આરંભ, પરિગ્રહ અને હિંસા સહિત કુલિંગધારી પાખંડી ગુરુઓ

–જેઓ વિવાહાદિ સંસારી કાર્યોમાં રચ્યાપચ્યા રહે છે, તેમનો આદર–સત્કાર કરવો, તેમની પ્રશંસા કરવી–તેને પાખંડીમૂઢતા અર્થાત્ ગુરુમૂઢતા કહે છે.

આ ગ્રંથના શ્લોક ૧૦માં દર્શાવેલા સાચા ગુરુનાં લક્ષણોથી વિપરીત લક્ષણવાળા બધા ગુરુઓ છે, તે પાખંડી–કુગુરુઓ છે. તેઓ સત્કાર–પ્રશંસાને પાત્ર નથી.

"જે જીવ વિષય–કષાયાદિક અધર્મરૂપ તો પરિણમે છે અને માનાદિકથી પોતાને ધર્માત્મા કહાવે છે–મનાવે છે, ધર્માત્મા યોગ્ય નમસ્કારાદિ ક્રિયા કરાવે છે, કિંચિત્ ધર્મનું કોઈ અંગ ધારી મહાન ધર્માત્મા કહેવડાવે છે તથા મહાન ધર્માત્મા યોગ્ય ક્રિયા કરાવે છે–એ પ્રમાણે ધર્મના આશ્રય વડે પોતાને મહાન મનાવે છે, તે બધા કુગુરુ જાણવા, કારણ કે ધર્મપદ્ધતિમાં તો વિષય–કષાયાદિ છૂટતાં જેવો ધર્મ ધારે તેવું જ પોતાનું પદ માનવું યોગ્ય છે."

"વળી કોઈ શાસ્ત્રોમાં નિરૂપણ કરેલો કઠણ માર્ગ તો પોતાનાથી સધાય નહિ અને પોતાનું ઉચ્ચ નામ ધરાવ્યા વિના લોક માને પણ નહિ. એ અભિપ્રાયથી યતિ, મુનિ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, ભટ્ટારક, સંન્યાસી, યોગી, તપસ્વી અને નગ્ન ઈત્યાદિ નામ તો ઉચ્ચ ધરાવે છે, પણ તેવાં આચરણોને સાધી શકતા નથી, તેથી ઈચ્છાનુસાર નાના પ્રકારના વેષ બનાવે છે, તથા કેટલાક તો પોતાની ઈચ્છાનુસાર જ નવીન નામ ધારણ કરે છે અને ઈચ્છાનુસાર વેષ બનાવે છે અને એવા અનેક વેષ ધરવાથી પોતાનામાં ગુરુપણું માને છે; પણ એ મિથ્યા છે."

"......ઉચ્ચ ધર્માત્મા નામ ધરાવી નીચી ક્રિયા કરતાં તો મહાપાપી જ થાય છે." શ્રી કુંદકુંદાચાર્યે ષટ્પાહુડમાં ગાથા ૧૮માં કહ્યું છે કે—

"મુનિપદ છે તે યથાજાત રૂપ સદ્દશ છે, જેવો જન્મ થયો હતો તેવું નગ્ન છે. એ મુનિ, અર્થ જે ધનવસ્ત્રાદિ વસ્તુને તિલતુષમાત્ર પણ ગ્રહણ કરે નહિ. કદાચ તેને થોડી ઘણી પણ ગ્રહણ કરે, તો તેથી તે નિગોદમાં જાય."[૧]

"જુઓ, ગૃહસ્થપણામાં ઘણો પરિગ્રહ રાખી કંઈક પ્રમાણ કરે, તોપણ તે સ્વર્ગ–મોક્ષનો અધિકારી થાય છે, ત્યારે મુનિપણામાં કિંચિત્ પરિગ્રહ અંગીકાર કરતાં પણ તે નિગોદગામી થાય છે, માટે ઉચ્ચ નામ ધરાવી નીચી પ્રવૃત્તિ કરવી યોગ્ય નથી."

"મુનિનું સ્વરૂપ તો એવું છે કે બાહ્યાભ્યંતર પરિગ્રહનો જ્યાં સંબંધ નથી; કેવળ પોતાના

१. जह जायरूव सरिसो तिलतुसमेत्तं ण गिह्णादि इत्थेसु।
जइ लेइ अप्प बहुयं, तत्तो पुण जह णिगोयं॥१८॥ (सूत्र पाहुड)

कः पुनरयं स्मयः कतिप्रकारश्चेत्याह—

**ज्ञानं पूजां कुलं जातिं बलमृद्धिं तपो वपुः।**
**अष्टावाश्रित्य मानित्वं स्मयमाहुर्गतस्मयाः।।२५।।**

આત્માને જ પોતારૂપ અનુભવતા, શુભાશુભ ભાવોથી પણ જે ઉદાસીન હોય છે......"[1]

શ્રી કુંદકુંદાચાર્યે ષટ્પાહુડમાં[2] (દર્શનપાહુડમાં) કહ્યું છે કે—

"સમ્યગ્દર્શન છે મૂળ જેનું, એવો જિનવર દ્વારા ઉપદેશેલો ધર્મ સાંભળી, હે પુરુષો! તમે એમ માનો કે સમ્યક્ત્વ રહિત જીવ વંદન યોગ્ય નથી. જે પોતે કુગુરુ છે અને કુગુરુના શ્રદ્ધાન સહિત છે તે સમ્યગ્દષ્ટિ ક્યાંથી હોય? તેવા સમ્યક્ત્વ વિના અન્ય ધર્મ પણ ન હોય તો તે ધર્મ વિના વંદન યોગ્ય ક્યાંથી હોય?"

વળી લિંગપાહુડમાં કહ્યું છે કે—

"જેઓ મુનિલિંગધારી હિંસા, આરંભ, યંત્ર–મંત્રાદિ કરે છે તેનો ઘણો નિષેધ કર્યો છે." (મોક્ષમાર્ગ પ્રકાશક, પૃષ્ઠ ૧૮૫.)

કહ્યું છે કે—

"હે જીવ! જે મુનિલિંગધારી ઈષ્ટ પરિષહને ગ્રહણ કરે છે તે ઊલટી કરીને તે જ ઊલટીને પાછો ગ્રહણ કરે છે, અર્થાત્ તે નિંદનીય છે."[3] ૨૪.

વળી આ મદ શું છે? તેના કેટલા પ્રકાર છે? તે કહે છે—

## આઠ મદ
## શ્લોક ૨૫

**અન્વયાર્થ** :—[ज्ञानं] જ્ઞાન, [पूजां] પૂજા–પ્રતિષ્ઠા, [कुलं] કુળ, [जातिं]

---

૧. જુઓ મોક્ષમાર્ગ પ્રકાશક, ગુજરાતી આવૃત્તિ, પૃષ્ઠ ૧૭૮ થી ૧૮૧.

૨. दंसणमूलो धम्मो, उवइट्ठो जिणवरेहिं सिस्साणं।
तं सोउण सकण्णे, दंसणहीणो ण वंदिव्वो।।२।।

३. जो जिणलिंगु धरेदि मुणि, इट्ठपरिग्गह लिंति।
छद्दि करेवणु ते जि जिय सा पुणु छद्दि गिलंति।।६१।। (अध्याय २)

'आहु'र्ब्रुवन्ति[1]। कं ? 'स्मयं'। के ते ? 'गतस्मयाः' नष्टमदाः[2] जिनाः। किं तत् ? 'मानित्वं' गर्वित्वं। किं कृत्वा ? 'अष्टावाश्रित्य'। तथा[3] हि। ज्ञानमाश्रित्य ज्ञानमदो भवति। एवं पूजां कुलं जातिं बलं ऋद्धिमैश्वर्यं तपो वपुः शरीरसौन्दर्यमाश्रित्य पूजादिमदो भवति। ननु शिल्पमदस्य नवमस्य प्रसक्तेरष्टाविति संख्यानुपपन्ना[4] इत्यप्ययुक्तं तस्य ज्ञाने एवान्तर्भावात् ।।२५।।

---

જાતિ, [बलं] બળ–શક્તિ, [ऋद्धिं] ઋદ્ધિ–સંપદા–રાજ્યની વિભૂતિ, [तपः] તપ અને [वपुः] શરીર [अष्टौ]—એ આઠનો [आश्रित्य] આશ્રય કરીને [मानित्वं] અભિમાન કરવું તેને [गतस्मयाः] મદ રહિત આચાર્યોએ–જિનોએ [स्मयं] મદ [आहुः] કહ્યો છે.

**ટીકા** :—'आहुः' કહે છે. શું? 'स्मयं' મદ. તેઓ કોણ (કહે છે)? 'गतस्मयाः' મદ રહિત જિનો; કોને (મદ કહે છે)? 'मानित्वं' અભિમાન કરવું તેને. શું કરીને? 'अष्टौ आश्रित्य' આઠનો આશ્રય કરીને, જેમ કે જ્ઞાનનો આશ્રય કરી અભિમાન કરવું તે જ્ઞાનમદ છે; (તેવી રીતે પ્રતિષ્ઠામદ, કુળમદ, જાતિમદ, બળમદ, ઋદ્ધિમદ, તપમદ અને શરીરની સુંદરતાનો મદ–એમ આઠ પ્રકારના મદ છે.)

શંકા :—નવમો શિલ્પમદ પણ છે, તેથી મદની આઠ સંખ્યા કહેવી તે બની શકતી નથી.

સમાધાન :—તેમ કહેવું યોગ્ય નથી, કારણ કે જ્ઞાનમાં તેનો સમાવેશ થાય છે.

**ભાવાર્થ** :—જ્ઞાન, પ્રતિષ્ઠા, કુળ, જાતિ, બળ, ઋદ્ધિ, તપ અને શરીર—એ આઠના આશ્રયે અભિમાન કરવું તેને મદ કહે છે. તેના આઠ પ્રકાર છે :—

જ્ઞાનમદ, પૂજામદ, કુળમદ (પિતા પક્ષે), જાતિમદ (માતા પક્ષે), બળમદ, ઋદ્ધિમદ, તપમદ અને શરીરની સુંદરતાનો મદ. જ્ઞાનમદમાં શિલ્પમદ (કારીગરીનો મદ) ગર્ભિત છે. ૨૫.

---

१. वदन्ति घ०।

२. नष्टमोहा घ०।

३. तथा विज्ञानमाश्रित्य घ०।

४. नुत्पत्तिरित्यप्युक्तं घ०।

अनेनाष्टविधमदेन चेष्टमानस्य दोषं दर्शयन्नाह—

**स्मयेन योऽन्यानत्येति धर्मस्थान् गर्विताशयः।**
**सोऽत्येति धर्ममात्मीयं न धर्मो धार्मिकैर्विना।।२६।।**

'स्मयेन' उक्तप्रकारेण। 'गर्विताशयो' दर्पितचित्तः[1]। 'यो' जीवः। 'धर्मस्थान' रत्नत्रयोपेतानन्यान्। 'अत्येति' अवधीरयति अवज्ञयातिक्रामतीत्यर्थः। 'सोऽत्येति' अवधीरयति। कं? 'धर्मं' रत्नत्रयं। कथंभूतं? आत्मीयं' जिनपतिप्रणीतं। यतो धर्मो 'धार्मिकैः' रत्नत्रयानुष्ठायिभिर्विना न विद्यते।।२६।।

---

આ આઠ પ્રકારના મદથી પ્રવૃત્તિ કરનારનો દોષ બતાવતાં કહે છે—

## મદ કરનારનો દોષ

### શ્લોક ૨૬

**અન્વયાર્થ** :—[गर्विताशयः] જેનો અભિપ્રાય ગર્વથી ભરેલો છે એવો જે જીવ [स्मयेन] મદથી [अन्यान्] અન્ય [धर्मस्थान्] ધર્માત્મા પુરુષોને [अत्येति] તિરસ્કારે છે, [तः] તે [आत्मीयं धर्मम्] જિનેન્દ્ર દ્વારા પ્રણીત ધર્મનો [अत्येति] તિરસ્કાર કરે છે, (કારણ કે) [धर्मः] ધર્મ [धार्मिकैः बिना] ધર્મી વિના [न] હોતો નથી. (કારણ કે ધર્મ રત્નત્રયનું આચરણ કરનાર ધાર્મિક પુરુષો વિના હોતો નથી.)

**ટીકા** :—'स्मयेन' ઉપરોક્ત પ્રકારના મદથી 'गर्विताशयः' ગર્વિષ્ટ ચિત્તવાળો 'यः' જે જીવ 'धर्मस्थान्' રત્નત્રય યુક્ત 'अन्यान्' અન્ય જીવોની અવધીરણા (તિરસ્કાર) કરે છે—તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે, 'सः अत्येति' તે તિરસ્કાર કરે છે. કોનો? 'धर्मम्' રત્નત્રય ધર્મનો. કેવા (ધર્મનો)? 'आत्मीयं' જિનેન્દ્ર દ્વારા પ્રણીત (ધર્મનો); કારણ કે 'धर्मः' ધર્મ, 'धार्मिकैः' રત્નત્રયનું આચરણ કરનાર ધાર્મિક પુરુષો 'बिना' વિના 'न' હોતો નથી.

**ભાવાર્થ** :—જે ગર્વિત પુરુષ, ગર્વને લીધે અન્ય ધાર્મિક પુરુષોની અવગણના કરે છે, તે પોતાના રત્નત્રયરૂપ ધર્મની અવગણના કરે છે, કારણ કે ધાર્મિક પુરુષો વિના ધર્મ

---

१. दर्पिष्ठचित्तः घ०।

[1]ननु कुलैश्वर्यादिसम्पन्नैः स्मयः कथं निषेद्धुं शक्य इत्याह—

**यदि पापनिरोधोऽन्यसम्पदा किं प्रयोजनम्।**
**अथ पापास्रवोऽस्त्यन्यसम्पदा किं प्रयोजनम्॥२७॥**

'पापं' ज्ञानावरणाद्यशुभं कर्म निरुद्ध्यते येनासौ 'पापनिरोधो' रत्नत्रयसद्भावः स यद्यस्ति तदा 'अन्यसम्पदा' अन्यस्य कुलैश्वर्यादिः सम्पदा सम्पत्त्या किं प्रयोजनं? न किमपि प्रयोजनं तन्निरोधेऽतोऽप्यधिकाया विशिष्टतरायास्तत्सम्पदः सद्भावमवबुद्ध्यमानस्य तन्निबन्धनस्मयस्यानुत्पत्तेः। 'अथ पापास्रवोऽस्ति' पापस्याशुभकर्मणः आस्रवो मिथ्या-

---

હોતો નથી. (તેથી ધાર્મિક પુરુષોનો તિરસ્કાર કરતાં પોતાના ધર્મનો તિરસ્કાર થાય છે. ધર્મ અને ધર્મીને અવિનાભાવ સંબંધ છે.) ૨૬.

કુળ—ઐશ્વર્યાદિ યુક્ત પુરુષો દ્વારા ગર્વનો નિષેધ કરવો શી રીતે શક્ય છે? તે કહે છે—

## ધાર્મિક પુરુષોનો તિરસ્કાર ઉચિત નથી.

### શ્લોક ૨૭

**અન્વયાર્થ** :—[यदि] જો [पापनिरोधः] પાપનો (મિથ્યાત્વનો) નિરોધ હોય તો [अन्य सम्पदा] અન્ય વિભૂતિનું [किं प्रयोजनम्] શું પ્રયોજન? અથવા જો [पापास्त्रव अस्ति] પાપનો આસ્રવ હોય તો [अन्य सम्पदा] અન્ય વિભૂતિથી [किं प्रयोजनम्] શું પ્રયોજન?

**ટીકા** :—'पाप निरोधः' પાપં—જ્ઞાનાવરણાદિ અશુભ કર્મ જેનાથી (જે ભાવથી) નિરોધ થાય એવા પાપનો નિરોધ અર્થાત્ મિથ્યાત્વનો અભાવ હોય અર્થાત્ જો રત્નત્રયનો સદ્ભાવ હોય તો 'अन्य सम्पदा' અન્ય (કુળ-ઐશ્વર્યાદિની) સંપદાથી—વિભૂતિથી 'किं प्रयोजनम्' શો લાભ—શું પ્રયોજન? કાંઈ પણ પ્રયોજન નથી; કારણ કે તેનો (પાપનો) નિરોધ થતાં આથી (આ સંપદાથી) પણ અધિક વિશિષ્ટતર રત્નત્રયની એ સંપદાનો સદ્ભાવ માનનારને તે સંબંધી ગર્વની અનુત્પત્તિ (ગર્વનો અભાવ) છે. 'अथ पापास्त्रवः अस्ति' અગર જો પાપનો—અશુભ કર્મનો આસ્રવ મિથ્યાત્વ, અવિરતિ આદિ હોય તો પછી

---

૧. ननु कुलबलैश्वर्यसम्पत्तौ घ०।

त्वाविरत्यादिरस्ति तथाप्यन्यसंपदा किं प्रयोजनं। अग्रे दुर्गतिगमनादिकं अवबुद्धयमानस्य तत्सम्पदा प्रयोजनाभावतस्तत्स्मयस्य कर्तुमनुचितत्वात्॥२७॥

अमुमेवार्थं प्रदर्शयन्नाह—

**सम्यग्दर्शनसम्पन्नामपि मातङ्गदेहजम्।**
**देवा देवं विदुर्भस्मगूढांगारान्तरौजसम्॥२८॥**

'देवं' आराध्यं। 'विदु'र्मन्यन्ते। के ते? 'देवा' ''देवा[1] वि तस्स णमंति जस्स धम्मे सया मणो'' इत्याभिधानात्। कमपि? 'मातंगदेहजमपि' चांडालमपि। कथंभूतं?

'अन्य सम्पदा किं प्रयोजनम्' (ક્ષણસ્થાયી) ઐશ્વર્યાદિ સંપદા જ આગળ દુર્ગતિ ગમનાદિનું કારણ છે—એવું સમજનારને તે ઐશ્વર્યાદિ સંપદાથી પ્રયોજનનો અભાવ હોય છે. (તેનાથી તે કાંઈ લાભ માનતો નથી.) તેથી તેને ગર્વ કરવો અનુચિત લાગે છે.

**ભાવાર્થ** :—મિથ્યાત્વના અભાવમાં સમ્યગ્દૃષ્ટિ અન્ય ક્ષણસ્થાયી વિભૂતિઓથી લાભ માનતો નથી, તેથી તેનો તે ગર્વ કરતો નથી. મિથ્યાદૃષ્ટિને પૂર્વોપાર્જિત પુણ્યને લીધે અન્ય વિભૂતિઓ મળી આવે પણ તે મિથ્યાત્વને લીધે તેનો ગર્વ કરી તેમાં રચ્યોપચ્યો રહે છે; તેથી તે વિભૂતિઓ તેને લાભદાયક નહિ થતાં દુર્ગતિ–ગમનના કારણભૂત થઈ પડે છે. ૨૭.

આ જ અર્થને દર્શાવતાં કહે છે—

## શ્લોક ૨૮

**અન્વયાર્થ** :—[देवाः] ગણધરાદિ દેવો [सम्यग्दर्शन संपन्नम्] સમ્યગ્દર્શનથી યુક્ત [मातङ्गदेहजम् अपि] ચંડાલકુળમાં ઉત્પન્ન થયેલા જીવને પણ [भस्मगूढांगारान्तरौजसम्] કે જે ભસ્મથી ઢંકાયેલા અંગારાની માફક અંદરમાં તેજવાળું છે, તેને [देवम्] દેવ [विदुः] કહે છે.

**ટીકા** :—'देवम्' આરાધ્ય (આરાધવા યોગ્ય) દેવ 'विदुः' માને છે. કોણ તેઓ? 'देवाः' દેવો. ''देवा वि तस्स णमंति जस्स धम्मे सया मणो'' જેનું મન સદા ધર્મમાં છે તેને દેવો પણ નમે છે. એવા કથનાનુસાર (માને છે.) કોને પણ? 'मातङ्गदेहजम् अपि'

१. धम्मो मंगलमुद्दिट्ठं अहिंसा संयमो तवो।
देवा वि तस्स पणमंति जस्स धम्मे सया मणो॥ —श्रावक-प्रतिक्रमण।

'सम्यग्दर्शनसम्पन्नं' सम्यग्दर्शनेन सम्पन्नं युक्तं। अतएव 'भस्मगूढाङ्गारान्तरौजसं' भस्मना गूढः प्रच्छादितः स चासावङ्गारश्च तस्य अन्तरं मध्यं तत्रैव ओजः प्रकाशो निर्मलता यस्य॥२८॥

एकस्य धर्मस्य विविधं फलं प्रकाश्येदानीमुभयोर्धर्माधर्मयोर्यथाक्रमं फलं दर्शयन्नाह—

**श्वापि देवोऽपि देवः श्वा जायते धर्मकिल्विषात्।**
**कापि नाम भवेदन्या सम्पद्धर्माच्छरीरिणाम्॥२९॥**

'श्वापि' कुक्करोऽपि 'देवो' जायते। 'देवोऽपि' देवः 'श्वा' जायते। कस्मात्?

---

ચાંડાલને પણ. કેવા (ચાંડાલને)? 'सम्यग्दर्शनसंपन्नम्' સમ્યગ્દર્શનથી યુક્ત એવા, તેથી જ 'भस्मगूढांगारान्तरौजसम्' જે ભસ્મથી ઢંકાયેલા અંગારાની માફક અંદરમાં પ્રકાશવાળો અર્થાત્ નિર્મળતાવાળો છે એવા.

**ભાવાર્થ** :—અહીં ઉપમા–ઉપમેય ભાવથી કથન છે. ભસ્મસમાન ચાંડાલનું શરીર છે, અંગાર (અગ્નિ) સમાન જીવ છે અને પ્રકાશ સમાન સમ્યગ્દર્શન છે. ભસ્મ, અંગાર અને પ્રકાશ તે ઉપમા છે અને શરીર, જીવ અને સમ્યગ્દર્શન–તે ઉપમેય છે. ભસ્મથી આચ્છાદિત અગ્નિના તેજ સમાન સમ્યગ્દર્શનયુક્ત ચાંડાલના દેહધારી જીવને પણ 'દેવ' કહે છે; કેમ કે તેને સાચા સમ્યગ્દર્શનરૂપ દિવ્યશક્તિ પ્રગટ થઈ છે. ૨૮.

(અત્યાર સુધી સમ્યગ્દૃષ્ટિના) એક ધર્મનું (શુભ ભાવનું) વિવિધ ફળ પ્રકાશીને હવે ધર્મ અને અધર્મ બંનેનું યથાક્રમે ફળ દર્શાવતાં કહે છે—

## ધર્મ–અધર્મનું ફળ

### શ્લોક ૨૯

**અન્વયાર્થ** :—[धर्मकिल्विषात्] ધર્મથી અને પાપથી (અનુક્રમે) [श्वापि] કૂતરો પણ [देवः] દેવ અને [देवः] દેવ પણ [श्वा] કૂતરો [जायते] થાય છે; [नाम] ખરેખર [धर्मात्] ધર્મથી [शरीरिणाम्] પ્રાણીઓને–સંસારી જીવોને, [कापि अन्या] કોઈક અદ્વિતીય [सम्पद्] સંપત્તિ [भवेत्] પ્રાપ્ત થાય છે.

**ટીકા** :—'श्वापि' કૂતરો પણ 'देवः' દેવ 'जायते' થાય છે. 'देवोऽपि' દેવ પણ

'धर्मकिल्विषात्' धर्ममाहात्म्यात् खलु श्वापि देवो भवति। किल्विषात् पापोदयात् पुनर्देवोऽपि श्वा भवति यत एवं, ततः 'कापि' वाचामगोचरा। 'नाम' स्फुटं। 'अन्या' अपूर्वाऽद्वितीया। 'सम्पद्' विभूतिविशेषो। 'भवेत्'। कस्मात्? धर्मात्। केषां? 'शरीरिणां' संसारिणां। यत एवं, ततो धर्म एव प्रेक्षावतानुष्ठातव्यः ॥२६॥

तथानुतिष्ठता दर्शनम्लानता मूलतोऽपि न कर्तव्येत्याह—

---

'श्वा' કૂતરો 'जायते' થાય છે. શા કારણે? 'धर्मकिल्विषात्' ધર્મના માહાત્મ્યથી ખરેખર કૂતરો પણ દેવ થાય છે અને किल्विषात् પાપના ઉદયથી દેવ પણ કૂતરો થાય છે. એ પ્રમાણે છે તેથી, 'कापि' કોઈ (વચન અગોચર) 'नाम' ખરેખર 'अन्या' અપૂર્વ—અદ્વિતીય 'सम्पद्' વિભૂતિ વિશેષ પ્રાપ્ત થાય છે. શાથી? 'धर्मात्' ધર્મથી. કોને? 'शरीरिणां' સંસારીઓને. એમ છે તેથી આત્મહિત ઇચ્છનારે નિશ્ચય ધર્મનું અનુષ્ઠાન કરવું.

**ભાવાર્થ :**—સમ્યગ્દ્રષ્ટિ જીવને અંશે શુદ્ધતા હોય છે, તેનાથી સંવર—નિર્જરા થાય છે અને સહચરરૂપે જેટલી અશુદ્ધતા છે, તેનાથી આસ્રવ—બંધ થાય છે.

સમ્યગ્દ્રષ્ટિ તો શુભભાવ અને તેના ફળમાં રાચતો નથી પણ તેનો અભાવ કરી, શુદ્ધભાવમાં રમવાની ઝંખના જ કરે છે.

મિથ્યાદ્રષ્ટિનો શુભભાવ ઉત્તરોત્તર અધોગતિનું કારણ છે, કારણ કે શુભભાવ અને તેના ફળમાં તે એટલો બધો રચ્યોપચ્યો—આસક્ત રહે છે કે તેને તીવ્ર પાપબંધ અવશ્ય થાય છે. જેના ફળસ્વરૂપ તેને નીચ ગતિ જ પ્રાપ્ત થાય છે.

સમ્યગ્દ્રષ્ટિને શુભભાવ આવે છે, પણ તેનો તેને આદર નથી; તેમાં તેની હેયબુદ્ધિ છે. તેને પોતાના ચારિત્રમાં એક કલંક સમાન ગણે છે. અશુભવંચનાર્થે હેયબુદ્ધિએ આવો શુભભાવ સમ્યગ્દ્રષ્ટિને તેની સાધકદશામાં આવે છે અને તેનાથી અલ્પબંધ પણ થાય છે, પરંતુ મિથ્યાદ્રષ્ટિને જેવો તીવ્રબંધ થાય છે તેવો બંધ જ્ઞાનીને થતો નથી. ૨૯.

સમ્યગ્દર્શનનું પાલન કરનાર જીવે પ્રારંભથી જ સમ્યગ્દર્શનમાં મલિનતા લાવવી જોઈએ નહિ તે કહે છે—

**भयाशास्नेहलोभाच्च　कुदेवागमलिंगिनाम्।**
**प्रणामं विनयं चैव न कुर्य्युः शुद्धदृष्टयः॥३०॥**

'शुद्धदृष्टयो' निर्मलसम्यक्त्वाः न कुर्युः। कं? 'प्रणामं' उत्तमाङ्गेनोपनतिं। 'विनयं चैव' करमुकुलप्रशंसादिलक्षणं। केषां? कुदेवागमलिंगिनां। कस्मादपि? 'भयाशास्नेह-लोभाच्च' भयं राजादिजनितं, आशा च भाविनोऽर्थस्य प्राप्याकांक्षा, स्नेहश्च मित्रानुरागः, लोभश्च वर्तमानकालेऽर्थप्राप्तिगृद्धिः, भयाशास्नेहलोभं तस्मादपि। च शब्दोऽप्यर्थः॥३०॥

---

## કુદેવાદિ સમ્યગ્દષ્ટિથી કોઈ રીતે વંદનીય નથી

### શ્લોક ૩૦

**અન્વયાર્થ** :—[शुद्धदृष्टयः] શુદ્ધ સમ્યગ્દષ્ટિ જીવોએ, [भयाशास्नेहलोभात् च] ભય, આશા, સ્નેહ અને લોભથી પણ [कुदेवागमलिंगिनाम्] કુદેવ, કુશાસ્ત્ર અને કુલિંગીઓને (કુગુરુઓને) [प्रणामं विनयं चैव] પ્રણામ અને તેમનો વિનય પણ [न कुर्युः] ન કરવાં જોઈએ.

**ટીકા** :—'शुद्धदृष्टयः' નિર્મળ સમ્યગ્દષ્ટિ જીવોએ 'भयाशास्नेहलोभात् च' રાજાદિ જનિત ભયથી, ભાવિ અર્થની પ્રાપ્તિની આકાંક્ષાથી, મિત્ર પ્રત્યેના અનુરાગરૂપ સ્નેહથી અને વર્તમાનકાળમાં અર્થપ્રાપ્તિની ગૃદ્ધિથી (અતિ લાલસાથી)—ભય, આશા, સ્નેહ અને લોભથી પણ 'कुदेवागमलिंगिनाम्' કુદેવ, કુશાસ્ત્ર અને કુગુરુને 'प्रणामं' ઉત્તમ અંગથી—મસ્તકથી નમસ્કાર 'विनयं चैव' અને હસ્તાંજલિ, પ્રશંસાદિરૂપ (હાથ જોડીને નમસ્કાર કરવારૂપ, પ્રશંસાદિનાં વચના કહેવારૂપ) તેમનો વિનય 'न कुर्युः' કરવાં જોઈએ નહિ. અહીં 'च' શબ્દ 'अपि'ના અર્થમાં છે.

**ભાવાર્થ** :—શુદ્ધ (નિર્મળ), પચીસ દોષ રહિત, સમ્યગ્દષ્ટિ જીવે રાજાદિના ભયના કારણે, કોઈ આર્થિક આશાના કારણે, મિત્રાદિ પ્રત્યેના સ્નેહને કારણે, યા પૈસાના અતિ લોભના કારણે પણ કુદેવ, કુશાસ્ત્ર અને કુલિંગીઓને (ખોટા વેશધારી ગુરુઓને) પ્રણામ કરવા જોઈએ નહિ; તેમનો વિનય—સત્કાર કરવો જોઈએ નહિ.

### વિશેષ

મોક્ષપાહુડ ગાથા ૯૨માં કહ્યું છે કે—

"જે કોઈ લજ્જા, ભય અને મોટાઈથી પણ કુત્સિક દેવ–ધર્મ–લિંગને વંદન કરે છે, તે મિથ્યાદૃષ્ટિ છે."[૧]

".....માટે જે મિથ્યાત્વનો ત્યાગ કરવા ઇચ્છે છે, તે પ્રથમથી જ કુદેવ–કુધર્મ અને કુગુરુનો ત્યાગી થાય. સમ્યક્ત્વના પચીસ મળદોષોના ત્યાગમાં પણ મૂઢદૃષ્ટિ વા છ અનાયતનમાં પણ તેનો જ ત્યાગ કરાવ્યો છે. માટે તેનો અવશ્ય ત્યાગ કરવો."

"વળી કુદેવાદિના સેવનથી જે મિથ્યાત્વભાવ થાય છે, તે હિંસાદિ પાપોથી પણ મહાન પાપ છે, કારણ કે એના ફળમાં નિગોદ–નરકાદિ પર્યાય પ્રાપ્ત થાય છે. ત્યાં અનંત કાળ સુધી મહા સંકટ પામે છે તથા સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ પણ મહાદુર્લભ થઈ જાય છે."

"માટે હે ભવ્ય! કિંચિત્ માત્ર લોભ વા ભયથી પણ એ કુદેવાદિનું સેવન ન કર, કારણ કે તેનાથી અનંત કાળ સુધી મહા દુઃખ સહન કરવું પડે છે, માટે એવો મિથ્યાત્વભાવ કરવો યોગ્ય નથી. જૈન ધર્મમાં તો એવી આમ્નાય છે કે પહેલાં મોટું પાપ છોડાવી, પછી નાનું પાપ છોડાવવામાં આવે છે. તેથી તે મિથ્યાત્વને સાત વ્યસનાદિથી પણ મહાન પાપ જાણી પહેલાં છોડાવ્યું છે."

"માટે જે પાપના ફળથી ડરતો હોય તથા પોતાના આત્માને દુઃખ–સમુદ્રમાં ડુબાડવા ન ઇચ્છતો હોય, તે જીવ આ મિથ્યાત્વ પાપને અવશ્ય છોડો. નિંદા–પ્રશંસાદિના વિચારથી શિથિલ થવું યોગ્ય નથી."[૨]

પ્રશ્ન :—કોઈ તત્ત્વશ્રદ્ધાનીને એ કુગુરુ–સેવનથી કેવી રીતે મિથ્યાત્વ થયું?

ઉત્તર :—જેમ શીલવતી સ્ત્રી પોતાના ભર્તારની માફક પરપુરુષની સાથે રમણક્રિયા સર્વથા કરે નહિ, તેમ તત્ત્વશ્રદ્ધાની પુરુષ સુગુરુની માફક કુગુરુને નમસ્કારાદિ ક્રિયા સર્વથા કરે નહિ, કારણ કે તે જીવાદિ તત્ત્વોનો શ્રદ્ધાની થયો છે, તેથી ત્યાં રાગાદિનો નિષેધ કરવાની શ્રદ્ધા કરે છે. વીતરાગભાવને શ્રેષ્ઠ માને છે; તેથી જેનામાં વીતરાગતા હોય એવા ગુરુને જ ઉત્તમ જાણી નમસ્કારાદિ કરે છે પણ જેનામાં

---

१. कुच्छियदेवं धम्मं कुच्छियलिंगं य वंदए जोदु।
लज्जाभयगारवदो, मिच्छादिट्ठी हवे सो हु॥९२॥

૨. મોક્ષમાર્ગ પ્રકાશક ગુજરાતી આવૃત્તિ પૃષ્ઠ ૧૯૧, અધ્યાય ૬.

ननु मोक्षमार्गस्य रत्नत्रयरूपत्वात् कस्माद्दर्शनस्यैव प्रथमतः स्वरूपाभिधानं कृतमित्याह—

दर्शनं ज्ञानचारित्रात्साधिमानमुपाश्नुते।
दर्शनं कर्णधारं तन्मोक्षमार्गे प्रचक्षते।।३१।।

---

રાગાદિક હોય તેને નિષેધ્ય જાણી નમસ્કાર કદી પણ કરે નહિ.''[1]

**ભાવાર્થ** :—મિથ્યાત્વ તે મૂળ પાપ છે. મિથ્યાત્વના પ્રભાવથી બીજા સ્વર્ગ સુધીના દેવો એકેન્દ્રિયમાં ઊપજે છે. અનંતાનંતકાળ ત્રસ—સ્થાવરોમાં પરિભ્રમણ કરતા ફરે છે.

બારમા સ્વર્ગ સુધીના દેવો પણ મિથ્યાત્વના પ્રભાવથી પંચેન્દ્રિય તિર્યંચોમાં ઊપજે છે.

માટે મિથ્યાત્વભાવ મહા અનર્થકારી જાણી, સમ્યક્ત્વમાં જ યત્ન કરવો યોગ્ય છે.

(સદાસુખદાસજી કૃત ટીકા, પાનું—૫૮ સસ્તી ગ્રંથમાળા.)

ગાથા ૨૮ સમ્યગ્દર્શનના માહાત્મ્યની છે, તેના અનુસંધાનમાં ગાથા ૯ સમ્યગ્દ્રષ્ટિના શુભભાવની છે અને ત્યાર પછીની ગાથા ૩૦ થી ૪૧ સુધીની બધી ગાથાઓ સમ્યગ્દર્શનનો મહિમા બતાવે છે. સમ્યગ્દ્રષ્ટિને તેની ભૂમિકા પ્રમાણે શુદ્ધિ સાથે અશુદ્ધિ હોય છે અને તે અશુદ્ધિમાં શુભભાવની મુખ્યતા હોય છે. ૩૦.

મોક્ષમાર્ગ તો રત્નત્રયસ્વરૂપ છે, તો પછી સૌથી પ્રથમ સમ્યગ્દર્શનના જ સ્વરૂપનું કથન કેમ કર્યું તે કહે છે—

## મોક્ષમાર્ગમાં સમ્યગ્દર્શનની મુખ્યતા

### શ્લોક ૩૧

**અન્વયાર્થ** :—[दर्शनम्] સમ્યગ્દર્શન [ज्ञानचारित्रात्] જ્ઞાન અને ચારિત્ર કરતાં [साधिमानम् उपाश्नुते] અધિક છે, (ઉત્તમ છે, ઉત્કૃષ્ટ છે) [ततः] તેથી [दर्शनम्] સમ્યગ્દર્શન [मोक्षमार्गे] મોક્ષમાર્ગમાં [कर्णधारम्] કર્ણધાર (ખેવટિયો) [प्रचक्षते] કહેવાય છે.

---

૧. મોક્ષમાર્ગ પ્રકાશક ગુજરાતી આવૃત્તિ પૃષ્ઠ ૧૯૮, અધ્યાય ૬.

'दर्शनं' कर्तु 'उपाश्नुते' प्राप्नोति। कं ? 'साधिमानं' साधुत्वमुत्कृष्टत्वं वा। कस्मात् ? ज्ञानचारित्रात्। यतश्च साधिमानं तस्माद्दर्शनमुपाश्नुते। 'तत्' तस्मात्। 'मोक्षमार्गे' रत्नत्रयात्मके 'दर्शनं कर्णधारं' प्रधानं प्रचक्षते। यथैव हि कर्णधारस्य नौखेवटकस्य कैवर्तकस्याधीना समुद्रपरतीरगमने नावः प्रवृत्तिः तथा संसारसमुद्रपर्यंतगमने सम्यग्दर्शनकर्णधाराधीना मोक्षमार्गनावः प्रवृत्तिः॥३१॥

---

**ટીકા** :—'दर्शनं' સમ્યગ્દર્શન (કર્તા) 'उपाश्नुते' પ્રાપ્ત છે. કોને? 'साधिमानं'—સમીચીનપણાને—ઉત્કૃષ્ટપણાને. કોનાથી? 'ज्ञानचारित्रात्'—જ્ઞાન અને ચારિત્રથી (અર્થાત્ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર કરતાં ઉત્કૃષ્ટતાને પ્રાપ્ત છે.) 'तत्'—તેથી 'मोक्षमार्गे' રત્નત્રયાત્મક મોક્ષમાર્ગમાં 'दर्शनं कर्णधारं' સમ્યગ્દર્શન કર્ણધાર અથવા પ્રધાન 'प्रचक्षते' કહેવાય છે. કર્ણધાર (ખેવટિયા)ની નૌકાની જેમ; અર્થાત્ જેમ સમુદ્રમાં બીજે કાંઠે જવામાં નૌકાની (નાવની) પ્રવૃત્તિ તેના ચલાવનાર ખેવટિયાને આધીન છે, તેમ સંસાર-સમુદ્રને પાર કરવામાં મોક્ષમાર્ગરૂપ નાવની પ્રવૃત્તિ સમ્યગ્દર્શનરૂપ કર્ણધારને (ખેવટિયાને) આધીન છે.

**ભાવાર્થ** :—જેમ નાવની પ્રવૃત્તિ તેના ચલાવનાર ખેવટિયાને આધીન છે, અર્થાત્ નાવને સમુદ્રના અન્ય તટે લઈ જવામાં ખેવટિયો જ મુખ્ય છે, તેમ સંસાર-સમુદ્રને પાર કરવામાં મોક્ષમાર્ગરૂપી નૌકાની (નાવની) પ્રવૃત્તિ સમ્યગ્દર્શનરૂપી ખેવટિયાને આધીન હોય છે. તેથી મોક્ષમાર્ગમાં સમ્યગ્દર્શન જ મુખ્ય (ઉત્કૃષ્ટ) છે, અર્થાત્ જ્ઞાન અને ચારિત્રથી સમ્યક્ત્વની ઉત્તમતા છે.

## વિશેષ

પં. દોલતરામજીએ 'છઢાળા'માં કહ્યું છે કે—

**मोक्षमहलकी परथम सीढी, या बिन ज्ञान चरित्रा।**
**सम्यक्ता न लहै, सो दर्शन धारो भव्य पवित्रा॥** (ढाळ ३—१७.)

"સમ્યગ્દર્શન જ મોક્ષ-મહેલની પ્રથમ સીડી છે. તે વિના જ્ઞાન અને ચારિત્ર મિથ્યા હોય છે. તે સમ્યક્ (સાચાં) મનાતાં નથી, માટે હે ભવ્ય! પવિત્ર સમ્યગ્દર્શનને ધારણ કરો."

વળી કહ્યું છે કે—

**तीनलोक तिहुंकाल मांहि नहिं, दर्शन सौ सुखकारी।**
**सकल धरमको मूल यही, इस बिन करनी दुखकारी॥** (३—१६)

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ત્રણ લોક, ત્રણ કાળમાં સમ્યગ્દર્શન જેવી સુખકારી બીજી કોઈ વસ્તુ નથી; તે સર્વ ધર્મોનું મૂળ છે. એના વિના ધર્મના નામે થતી બધી ક્રિયા દુઃખકારી છે.

પ્રસ્તુત શ્લોક ૩૧ દર્શાવે છે કે શ્રાવકને પાંચમા ગુણસ્થાનકે અંશે નિશ્ચય મોક્ષમાર્ગ હોય છે, કેમ કે તેને જઘન્ય રત્નત્રય મોક્ષમાર્ગ ન હોય તો તેને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર હોઈ શકે નહિ.

વળી તે ત્રણેમાં સમ્યગ્દર્શનની ઉત્કૃષ્ટતા બતાવવા માટે આચાર્યે મૂળ શ્લોકમાં **'साधिमान'** અને **'कर्णधार'** શબ્દો વાપર્યા છે અને ટીકાકારે તેને માટે 'ઉત્કૃષ્ટ' અને 'પ્રધાન' શબ્દોનો ઉપયોગ કર્યો છે.

ભગવાન કુંદકુંદાચાર્યે પણ શ્રી પ્રવચનસાર ગાથા ૬માં સમ્યગ્દર્શનને મોક્ષમાર્ગમાં 'પ્રધાન' કહ્યું છે.

પ્રધાન કહેવાનું કારણ એ છે કે સંસારસમુદ્રને પાર કરવા માટે સમ્યગ્દર્શનરૂપી કર્ણધારને આધીન મોક્ષમાર્ગરૂપી નૌકાની (નાવની) પ્રવૃત્તિ થઈ શકે છે. તેથી સમ્યગ્દર્શનરૂપી કર્ણધાર વિના મોક્ષમાર્ગરૂપી નૌકા કેમ ચાલી શકે? ન જ ચાલી શકે.

વળી શ્રાવકને પોતાને સમ્યગ્દર્શન થયું છે એવી જાણ ન હોય તો તે મોક્ષમાર્ગી કેવી રીતે હોઈ શકે? માટે સિદ્ધ થયું કે સમ્યગ્દર્શનની જાણ શ્રાવકને અવશ્ય હોય જ છે.

કરણાનુયોગના શાસ્ત્રમાં પણ કહ્યું છે કે સમ્યગ્દર્શન વિના સાચો સંયમ હોઈ શકે નહિ.

શ્રી ધવલ પુસ્તક ૧, પૃષ્ઠ ૧૪૪, શ્લોક ૪ની ટીકામાં લખ્યું છે કે—

''સંયમન કરવાને સંયમ કહે છે. સંયમનું આ પ્રકારનું લક્ષણ કરવાથી દ્રવ્ય–યમ અર્થાત્ ભાવચારિત્રશૂન્ય દ્રવ્યચારિત્ર, સંયમ હોઈ શકતો નથી. કારણ કે સંયમ શબ્દમાં ગ્રહણ કરવામાં આવેલા 'સં' શબ્દથી તેનું નિરાકરણ કરી દીધું છે.''

''પૃષ્ઠ ૩૬૯માં પણ અભેદની અપેક્ષાએ પર્યાયનું પર્યાયીરૂપથી કથન કર્યું છે. **'सम्'** ઉપસર્ગ સમ્યક્ અર્થનો વાચી છે, તેથી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનપૂર્વક **'यताः'** અર્થાત્ જેઓ બહિરંગ અને અંતરંગ આસ્રવોથી વિરત છે તેમને સંયત કહે છે.''

(શ્રી ધવલ પુસ્તક ૧, પૃષ્ઠ ૩૬૯ શ્લોક ૧૨૩ની ટીકા)

વળી ધવલ પુસ્તક ૧૩ પૃષ્ઠ ૨૮૮માં શંકા–સમાધાન દ્વારા કહ્યું છે કે—

શંકા :—ચારિત્રથી શ્રુતજ્ઞાનની પ્રધાનતા કયા કારણથી છે?

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

ननु चास्योत्कृष्टत्वे सिद्धे कर्णधारत्वं सिद्ध्यति तच्च कुतः सिद्धमित्याह—

**विद्यावृत्तस्य संभूतिस्थितिवृद्धिफलोदयाः।**
**न सन्त्यसति सम्यक्त्वे बीजाभावे तरोरिव॥३२॥**

'सम्यक्त्वेऽसति' अविद्यमाने। 'न सन्ति'। के ते? संभूतिस्थितिवृद्धिफलोदयाः। कस्य? विद्यावृत्तस्य। अयमर्थः—विद्याया मतिज्ञानादिरूपायाः वृत्तस्य च सामायिकादिचारित्रस्य या संभूतिः प्रादुर्भावः, स्थितिर्यथावत्पदार्थपरिच्छेदकत्वेन कर्मनिर्जरादि-

---

સમાધાન :—કારણ કે શ્રુતજ્ઞાન વિના ચારિત્રની ઉત્પત્તિ હોતી નથી, તેથી ચારિત્રની અપેક્ષાએ શ્રુતજ્ઞાનની પ્રધાનતા છે.

આથી સ્પષ્ટ છે કે જેમ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રમાં સમ્યગ્દર્શનની પ્રધાનતા છે, તેમ ચારિત્રથી શ્રુતજ્ઞાનની પ્રધાનતા છે. ૩૧.

તેનું (સમ્યગ્દર્શનનું) ઉત્કૃષ્ટપણું સિદ્ધ થતાં તેનું કર્ણધારપણું (ખેવટિયાપણું) સિદ્ધ થાય છે, તો તે (ઉત્કૃષ્ટતા) કેવી રીતે સિદ્ધ છે તે કહે છે—

## મોક્ષમાર્ગમાં સમ્યગ્દર્શનના ઉત્કૃષ્ટપણાનું કારણ

### શ્લોક ૩૨

**અન્વયાર્થ** :—[बीजाभावे] બીજ વિના [तरोः] વૃક્ષની [संभूतिस्थिति-वृद्धिफलोदयाः इव] ઉત્પત્તિ, સ્થિતિ, વૃદ્ધિ અને ફલોત્પત્તિ જેમ [न सन्ति] હોતાં નથી તેમ, [सम्यक्त्वे असति] સમ્યક્ત્વ વિના [विद्यावृत्तस्य] સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની (ઉત્પત્તિ, સ્થિતિ, વૃદ્ધિ અને ફલોત્પત્તિ) [न सन्ति] હોઈ શકતી નથી.[1].

**ટીકા** :—'सम्यक्त्वे असति' સમ્યક્ત્વ વિના 'न सन्ति' હોતાં નથી. શું તે? 'संभूतिस्थितिवृद्धिफलोदयाः' ઉત્પત્તિ, સ્થિતિ, વૃદ્ધિ અને ફળની ઉત્પત્તિ. કોની? 'विद्यावृत्तस्य' વિદ્યા (જ્ઞાન) અને ચારિત્રની. તેનો અર્થ આ છે—મતિજ્ઞાનાદિરૂપ વિદ્યાની (જ્ઞાનની) અને ચારિત્રની અર્થાત્ સામાયિકાદિ ચારિત્રની જે ઉત્પત્તિ (પ્રાદુર્ભાવ), સ્થિતિ અર્થાત્ યથાર્થપણે પદાર્થના પરિચ્છેદકપણાથી અને કર્મનિર્જરાના હેતુપણાથી અવસ્થાન–ટકવું

---

૧. જુઓ દર્શનપાહુડ ગાથા ૧૦ અને ૧૧.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**हेतुत्वेन चावस्थानं, वृद्धिरुत्पन्नस्य परतर उत्कर्षः फलोदयो देवादिपूजायाः स्वर्गापवर्गादेश्च फलस्योत्पत्तिः। कस्याभावे कस्येव ते न स्युरित्याह—बीजाभावे तरोरिव बीजस्य मूलकारणस्याभावे यथा तरोस्ते न सन्ति तथा सम्यक्त्वस्यापि मूलकारण-**

---

તે, વૃદ્ધિ અર્થાત્ ઉત્પન્ન થયેલાનો અધિકતર ઉત્કર્ષ, ફળની ઉત્પત્તિ અર્થાત્ દેવાદિની પૂજા દ્વારા સ્વર્ગ–મોક્ષાદિરૂપ ફળની ઉત્પત્તિ, કોના અભાવમાં, કોની જેમ તે ન હોઈ શકે? તે કહે છે.

'**बीजाभावे तरोरिव**' બીજના–મૂળકારણના અભાવમાં જેમ વૃક્ષનાં તે (ઉત્પત્તિ, સ્થિતિ, વૃદ્ધિ અને ફલોદય) હોતાં નથી, તેમ મૂળ કારણભૂત સમ્યક્ત્વના અભાવમાં પણ સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનાં તે (ઉત્પત્તિ, સ્થિતિ, વૃદ્ધિ અને ફળની પ્રાપ્તિ) હોતાં નથી.

**ભાવાર્થ** :—જેમ મૂળકારણ બીજ વિના વૃક્ષની ઉત્પત્તિ, સ્થિતિ, વૃદ્ધિ અને ફલોત્પત્તિ હોતી નથી, તેમ મોક્ષમાર્ગમાં મૂળકારણ સમ્યગ્દર્શન વિના સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની ઉત્પત્તિ, સ્થિતિ (અર્થાત્ પદાર્થનું યથાર્થ જ્ઞાન અને કર્મનિર્જરા આદિનું કારણપણું), વૃદ્ધિ અને ફલોત્પત્તિ (અર્થાત્ દેવોની પૂજ્યતાથી સ્વર્ગ–મોક્ષાદિની પ્રાપ્તિ) હોઈ શકતાં નથી. સમ્યગ્દર્શનથી જ જ્ઞાન અને ચારિત્ર સમ્યક્પણાને પામે છે, તેથી તે ત્રણેમાં સમ્યગ્દર્શન જ ઉત્કૃષ્ટ છે, સૌથી ઉત્તમ છે.

## વિશેષ

મોક્ષમાર્ગમાં સમ્યગ્દર્શનની પ્રધાનતા સંબંધી શ્રી અમૃતચંદ્રાચાર્યે 'શ્રી પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'માં કહ્યું છે કે—

"એ ત્રણેમાં (સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રમાં) પ્રથમ સઘળા પ્રયત્નથી સમ્યગ્દર્શનનો સારી રીતે આશ્રય કરવો જોઈએ (તેનો અંગીકાર કરવો જોઈએ), કારણ કે તે હોતાં જ જ્ઞાન સમ્યગ્જ્ઞાન અને ચારિત્ર સમ્યક્ચારિત્ર થાય છે."[1]

"સમ્યક્ત્વ વિના અગિયાર અંગ સુધી ભણે તોપણ તે અજ્ઞાન નામ પામે. વળી મહાવ્રતાદિકનું સાધન કરી, અંતિમ ગ્રૈવેયક સુધીના બંધયોગ્ય વિશુદ્ધ પરિણામ કરે તોપણ અસંયમ નામ પામે. પણ સમ્યક્ત્વ સહિત જે કાંઈપણ જાણપણું હોય તે બધું સમ્યગ્જ્ઞાન

---

૧. तत्रादौ सम्यक्त्वं समुपाश्रयणीयमखिलयत्नेन।
तस्मिन् सत्येव यतो भवति ज्ञानं चारित्रं च॥२१॥ (પુરુષાર્થસિદ્ધિ-ઉપાય શ્લોક ૨૧)

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**भूतस्याभावे विद्यावृत्तस्यापि ते न सन्तीति॥३२॥**

---

નામ પામે અને જો થોડા પણ ત્યાગરૂપ પ્રવર્તે તો સમ્યક્ચારિત્ર નામ પામે. જેમ અંક સહિત શૂન્ય હોય તો પ્રમાણમાં આવે (સંખ્યાની ગણતરીમાં આવે), એક વિના શૂન્ય શૂન્ય જ રહે; તેમ સમ્યક્ત્વ વિના જ્ઞાન અને ચારિત્ર વ્યર્થ જ છે. માટે પહેલાં સમ્યક્ત્વ અંગીકાર કરી, પછી બીજું સાધન કરવું.''[૧]

વળી શ્રી ગુણભદ્રાચાર્યે 'આત્માનુશાસન'માં કહ્યું છે કે—

''(સમ્યક્ત્વ વિના) શમ (કષાયની મંદતા), બોધ (જ્ઞાન), વૃત્ત (તેર પ્રકારનું દુર્ધર ચારિત્ર) અને તપ (ઘોર તપ)—એ પુરુષને પાષાણની જેમ ભારરૂપ છે, પરંતુ તે જ (શમાદિ) સમ્યક્ત્વ સહિત હોય તો મહામણિ (ચિન્તામણિ)ની જેમ પૂજ્યતાને પ્રાપ્ત થાય છે.''

''સમ્યક્ત્વસહિત અલ્પ શમભાવ, અલ્પ જ્ઞાન, અલ્પ ચારિત્ર અને અલ્પ તપભાવથી જીવ કલ્પવાસી ઈન્દ્રાદિકોમાં ઊપજી જન્મ–મરણ રહિત પરમાત્મપદને પામે છે (પ્રાપ્ત કરે છે). અને સમ્યક્ત્વ વિના બહુ શમભાવ, અગિયાર અંગ સુધીનું બહુ જ્ઞાન, બહુ ઉજ્જ્વળ ચારિત્ર અને ઘોર તપક્રિયા—જો કષાયની મંદતા હોય તો–ભવનવાસી, વ્યન્તર, જ્યોતિષી તથા અલ્પ ઋદ્ધિધારી કલ્પવાસી દેવમાં ઊપજી ફરીથી ચતુર્ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરે છે. તેથી સમ્યક્ત્વ સહિત જ શમ, જ્ઞાન, ચારિત્ર અને તપ જીવને આત્મકલ્યાણરૂપ છે.''[૨]

**दंसणमूलो धम्मो**—સમ્યગ્દર્શન એ ધર્મનું મૂળ છે. (દર્શનપાહુડ ગાથા–૨) અને **चारित्रं खलु धम्मो**—સમ્યક્ચારિત્ર એ ખરેખર ધર્મ છે. (પ્રવચનસાર ગાથા–૭) સમ્યગ્દર્શનરૂપી મૂળ વિના સમ્યક્ચારિત્રરૂપી વૃક્ષ ફાલીફળી શકે જ નહિ, કારણ કે **मूलं नास्ति कुतः शाखा**—મૂળ જ ન હોય તો થડ, શાખા વગેરે ક્યાંથી હોય? ન જ હોય.

''જે દર્શનથી ભ્રષ્ટ છે તે ભ્રષ્ટ છે, દર્શનથી ભ્રષ્ટ થયેલાને નિર્વાણની પ્રાપ્તિ થતી નથી. જે ચારિત્રથી ભ્રષ્ટ છે તે સિદ્ધિને પ્રાપ્ત કરે છે, પરંતુ જે દર્શનથી ભ્રષ્ટ થયેલો છે

---

૧. શ્રી પુરુષાર્થસિદ્ધિ–ઉપાય ગુજરાતી અનુવાદ શ્લોક ૨૧નો ભાવાર્થ.
જુઓ, દર્શનપાહુડ ગાથા ૪–૫.

૨. शमबोधवृत्ततपस पाषाणस्यैव गौरवं पुंसः।
पूज्यं महामणेरिव तदेव सम्यक्त्व संयुक्तम्॥१५॥ (આત્માનુશાસન શ્લોક ૧૫ અને ભાવાર્થ)

**यतश्च सम्यग्दर्शनसम्पन्नो गृहस्थोऽपि तदसम्पन्नान्मुनेरुत्कृष्टतरस्ततोऽपि सम्यग्दर्शनमेवोत्कृष्टमित्याह—**

---

તે સિદ્ધિ પ્રાપ્ત કરી શકતો નથી.''[1]

જો વૃક્ષનાં મૂળનો નાશ કરવામાં આવે તો વૃક્ષનાં થડ, ડાળાં, પાંદડાં વગેરે થોડા સમય પછી સૂકાઈને નાશ પામે છે, તેમ સમ્યગ્દર્શનના અભાવમાં સંયમ પાળવા છતાં તે નિષ્ફળ જાય છે.[2] પણ મૂળને સુરક્ષિત રાખી થડ, ડાળાં વગેરે કાપી નાખવામાં આવે તો તે વૃક્ષ ફરીથી વૃદ્ધિ પામી પલ્લવિત આદિ થાય છે, તેમ જો સમ્યગ્દર્શનરૂપી મૂળ સુરક્ષિત હોય તો ચારિત્રથી ભ્રષ્ટ થયેલો પુરુષ ફરીથી ચારિત્ર ગ્રહણ કરી સિદ્ધિ પ્રાપ્ત કરે છે.

સમ્યગ્દર્શન ઉત્કૃષ્ટ અને કર્ણધાર હોવાથી તે પ્રથમ ધારણ કરવું જોઈએ. તે ચોથા ગુણસ્થાને પ્રાપ્ત થાય છે અને શ્રાવકનું ચારિત્ર પાંચમા ગુણસ્થાને ધારણ કરી શકાય છે, તેથી પાંચમા ગુણસ્થાન યોગ્ય ચારિત્ર–ક્રિયા પહેલી અને સમ્યગ્દર્શન ભવિષ્યમાં પ્રાપ્ત થાય તેવી સમજણ અને માન્યતા જૈનતત્ત્વથી વિરુદ્ધ છે.

''......કોઈ જીવ એવું માને છે કે–જાણવામાં શું છે, કંઈક કરીશું તો ફળ પ્રાપ્ત થશે. એવું વિચારીને તેઓ વ્રત–તપાદિ ક્રિયાના જ ઉદ્યમી રહે છે, પણ તત્ત્વજ્ઞાનનો ઉપાય કરતા નથી. હવે તત્ત્વજ્ઞાન વિના મહાવ્રતાદિકનું આચરણ પણ મિથ્યાચારિત્ર નામ જ પામે છે તથા તત્ત્વજ્ઞાન થતાં કાંઈ પણ વ્રતાદિક ન હોય તોપણ તે અસંયત સમ્યગ્દ્રષ્ટિ નામ પામે છે, માટે પહેલાં તત્ત્વજ્ઞાનનો ઉપાય કરવો, પછી કષાય ઘટાડવા અર્થે બાહ્ય સાધન કરવાં.''

શ્રી યોગેન્દ્રદેવ કૃત શ્રાવકાચારમાં કહ્યું છે કે—

**दंसणभूमिह बाहिरा जिय वयरुक्ख ण होंति ।**

અર્થ :—હે જીવ! આ સમ્યગ્દર્શન ભૂમિ વિના વ્રતરૂપ વૃક્ષ ન થાય, માટે સમ્યગ્દર્શન પ્રથમ પ્રાપ્ત કરવું જોઈએ.[3] ૩૨.

કારણ કે સમ્યગ્દર્શનયુક્ત ગૃહસ્થ પણ તેનાથી (સમ્યગ્દર્શનથી) અસંપન્નરહિત મુનિથી ઉત્કૃષ્ટ છે, તે કારણથી પણ સમ્યગ્દર્શન જ ઉત્કૃષ્ટ છે એમ કહે છે—

---

૧. दंसण भट्टा भट्टा दंसण भट्टस्स णत्थि णिव्वाणं।
सिज्झं ते चरियभट्टा दंसण भट्टा ण सिज्झंते।।३।। (दर्शनपाहुड गाथा ३)

૨. જુઓ चारित्रपाहुड ગાથા ૧૦.

૩. મોક્ષમાર્ગ પ્રકાશક ગુજરાતી આવૃત્તિ, પૃષ્ઠ ૨૪૨, અધ્યાય ૭.

गृहस्थो मोक्षमार्गस्थो निर्मोहो नैव मोहवान्।
अनगारो गृही श्रेयान् निर्मोहो मोहिनो मुनेः॥३३॥

'निर्मोहो' दर्शनप्रतिबन्धकमोहनीयकर्मरहितः सद्दर्शनपरिणत इत्यर्थः इत्थंभूतो गृहस्थ मोक्षमार्गस्थो भवति। 'अनगारो' यतिः। पुनः 'नैव' मोक्षमार्गस्थो भवति। किंविशिष्टः? 'मोहवान्' दर्शनमोहोपेतः। मिथ्यात्वपरिणत इत्यर्थः। यत एवं ततो गृही गृहस्थो। यो निर्मोहः स 'श्रेयान्' उत्कृष्टः। कस्मात्? मुनेः। कथंभूतान्? 'मोहिनो' दर्शनमोह-युक्तात्॥३३॥

---

## સમ્યગ્દર્શનની ઉત્કૃષ્ટતાનું ઉદાહરણ સહિત બીજું કારણ.

## શ્લોક ૩૩

**અન્વયાર્થ** :—[ निर्मोह ] દર્શનમોહ રહિત (સમ્યગ્દૃષ્ટિ) [ गृहस्थः ] ગૃહસ્થ [ मोक्षमार्गस्थः ] મોક્ષમાર્ગમાં સ્થિત છે, કિન્તુ [ मोहवान् ] દર્શનમોહસહિત (મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી) [ अनगारः ] મુનિ [ मोक्षमार्गस्थः ] મોક્ષમાર્ગમાં સ્થિત [ न एव ] નથી જ. તેથી [ मोहितः ] મિથ્યાત્વી (દ્રવ્યલિંગી) [ मुनेः ] મુનિ કરતાં [ निर्मोहः ] મિથ્યાત્વરહિત (સમ્યગ્દૃષ્ટિ) [ गृही ] ગૃહસ્થ [ श्रेयान् ] શ્રેષ્ઠ છે.

**ટીકા** :—'निर्मोहो' દર્શનના (સમ્યગ્દર્શનના) પ્રતિબંધક મોહનીય કર્મથી રહિત, સમ્યગ્દર્શનરૂપ પરિણત એવો ગૃહસ્થ મોક્ષમાર્ગમાં સ્થિત છે, પરંતુ 'अनगारो' યતિ (મુનિ) પણ 'नैव' મોક્ષમાર્ગમાં સ્થિત નથી જ. કેવો મુનિ? 'मोहवान्' દર્શનમોહ યુક્ત—મિથ્યાત્વરૂપ પરિણત એવો. તેથી જે ગૃહસ્થ નિર્મોહ (દર્શનમોહરહિત) છે તે 'श्रेयान्' ઉત્કૃષ્ટ છે. કોનાથી? મુનિથી. કેવા (મુનિથી)? 'मोहिनो' દર્શનમોહ સહિત (મુનિથી).

**ભાવાર્થ** :—દર્શનમોહ વિનાનો—અર્થાત્ સમ્યક્ત્વ સહિત ગૃહસ્થ તો મોક્ષમાર્ગમાં છે, મોક્ષ તરફ જઈ રહ્યો છે, પણ મોહવાન (મિથ્યાદૃષ્ટિ) અણગાર (મુનિ) મોક્ષમાર્ગી નથી, તે તો સંસારના માર્ગે જઈ રહ્યો છે.

જેને મોહ અર્થાત્ મિથ્યાત્વ નથી એવો અસંયત સમ્યગ્દૃષ્ટિ મોક્ષમાર્ગી છે, કારણ કે સાત—આઠ દેવ—મનુષ્યના ભવ ગ્રહણ કરી નિયમથી તે મોક્ષ જશે, પણ મુનિવ્રતધારી મિથ્યાદૃષ્ટિ સાધુ થયો છે તોપણ મરીને ભવનત્રયાદિકમાં ઊપજી સંસારમાં જ પરિભ્રમણ કરશે.

શ્રાવક ગૃહસ્થ પંચમ ગુણસ્થાનવર્તી છે અને સમ્યગ્દર્શન રહિત મુનિ મિથ્યાદષ્ટિ હોવાથી પ્રથમ ગુણસ્થાનવર્તી છે. મિથ્યાદષ્ટિ મુનિથી સમ્યગ્દષ્ટિ ગૃહસ્થ શ્રેષ્ઠ છે.—એ કારણથી પણ સમ્યગ્દર્શન સર્વોત્કૃષ્ટ છે.

## વિશેષ

શ્રી કુંદકુંદાચાર્યે દર્શનપાહુડમાં કહ્યું છે કે—

જે સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ છે તે ભ્રષ્ટ છે, કારણ કે તે સંસારમાં પરિભ્રમણ કર્યા જ કરે છે, અનંતકાળે પણ નિર્વાણને પામતો નથી; પરંતુ જે સમ્યગ્દર્શન યુક્ત છે પણ ચારિત્રથી ભ્રષ્ટ થયો છે, તે દેવ–મનુષ્યના થોડાક ભવ કરી નિયમથી નિર્વાણ પામે છે.

“અસંયત–દેશસંયત સમ્યગ્દષ્ટિને કષાયોની પ્રવૃત્તિ તો છે, પરંતુ શ્રદ્ધાનમાં તેને કોઈ પણ કષાય કરવાનો અભિપ્રાય નથી અને દ્રવ્યલિંગીને શુભ કષાય કરવાનો અભિપ્રાય હોય છે, શ્રદ્ધાનમાં તેને ભલો જાણે છે, માટે શ્રદ્ધાન અપેક્ષાએ અસંયત સમ્યગ્દષ્ટિથી પણ તેને અધિક કષાય છે.

“વળી દ્રવ્યલિંગીને યોગોની પ્રવૃત્તિ શુભરૂપ ઘણી હોય છે અને અઘાતિ કર્મોમાં પુણ્ય-પાપ બંધનો ભેદ શુભ-અશુભ યોગોને અનુસારે છે, માટે તે અંતિમ ગ્રૈવેયક સુધી પહોંચે છે. પણ એ કાંઈ કાર્યકારી નથી, કારણ કે અઘાતિ કર્મ કાંઈ આત્મગુણનાં ઘાતક નથી. તેના ઉદયથી ઊંચા-નીચા પદ પામે તો તેથી શું થયું? એ તો બાહ્ય સંયોગો માત્ર સંસારદશાના સ્વાંગ છે અને પોતે તો આત્મા છે, માટે આત્મગુણના ઘાતક જે ઘાતિકર્મ છે તેનું હીનપણું કાર્યકારી છે. હવે ઘાતિકર્મોનો બંધ બાહ્ય પ્રવૃત્તિ અનુસાર નથી પણ અંતરંગ કષાય અનુસાર છે, તેથી જ દ્રવ્યલિંગીની અપેક્ષાએ અસંયત વા દેશસંયત સમ્યગ્દષ્ટિને ઘતિકર્મોનો બંધ થોડો હોય છે. દ્રવ્યલિંગીને તો સર્વ ઘાતિયાં કર્મોનો બંધ ઘણી સ્થિતિ-અનુભાગ સહિત હોય છે, ત્યારે અસંયત–દેશસંયત સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વ અને અનંતાનુબંધી આદિ કર્મોનો બંધ તો છે જ નહિ, તથા બાકીની પ્રકૃતિઓનો બંધ હોય છે પણ તે અલ્પસ્થિતિ-અનુભાગ સહિત હોય છે.

“દ્રવ્યલિંગીને ગુણશ્રેણિ નિર્જરા કદી પણ થતી નથી, ત્યારે સમ્યગ્દષ્ટિને કોઈ વેળા થાય છે તથા દેશ-સકળ સંયમ થતાં નિરંતર થાય છે, માટે મોક્ષમાર્ગી થયો છે. એટલા માટે દ્રવ્યલિંગી મુનિને શાસ્ત્રમાં અસંયત–દેશસંયત સમ્યગ્દષ્ટિથી હીન કહ્યો છે.[૧]......”૩૩.

૧. મોક્ષમાર્ગ પ્રકાશક ગુજરાતી આવૃત્તિ, અધ્યાય ૭, પૃષ્ઠ ૨૫૨.

यत एवं ततः—

**न सम्यक्त्वसमं किञ्चित्त्रैकाल्ये त्रिजगत्यपि।**
**श्रेयोऽश्रेयश्च मिथ्यात्वसमं नान्यत्तनूभृताम्॥३४॥**

'तनूभृतां' संसारिणां। 'सम्यक्त्वसमं' सम्यक्त्वेन समं तुल्यं। 'श्रेयः' श्रेष्टमुत्तमोपकारकं। 'किंचित्' [1]अन्यवस्तु नास्ति। यतस्तस्मिन् सति गृहस्थोऽपि यतेरप्युत्कृष्टतां प्रतिपद्यते। कदा तन्नास्ति ? 'त्रैकाल्ये' अतीतानागतवर्तमानकालत्रये। तस्मिन् क्व तन्नास्ति ? 'त्रिजगत्यपि' आस्तां तावन्नियतक्षेत्रादौ तन्नास्ति अपितु त्रिजगत्यपि त्रिभुवनेऽपि। तथा 'अश्रेयो' अनुपकारकं। मित्यात्वसमं किंचिदन्यन्नास्ति। यतस्तत्सद्भावे यतिरपि व्रतसंयमसम्पन्नो गृहस्थादपि तद्विपरीतादपकृष्टतां व्रजतीति॥३४॥

---

તેથી—

## સમ્યગ્દર્શનની ઉત્કૃષ્ટતાનું અન્ય કારણ

### શ્લોક ૩૪

**અન્વયાર્થ** :—[त्रैकाल्ये] ત્રણે કાળમાં અને [त्रिजगति] ત્રણ લોકમાં [तनूभृताम्] દેહધારી જીવોને [सम्यक्त्वसमम्] સમ્યક્ત્વ સમાન [किंचित्] કોઈ [अन्यत्] અન્ય [श्रेयः] શ્રેયરૂપ–ઉપકારક [न] નથી, [च] અને [मिथ्यात्वसमम्] મિથ્યાત્વસમાન [किंचित्] કોઈ [अन्यत्] અન્ય [अश्रेयः] અકલ્યાણકારક–અનુપકારક [न] નથી.

**ટીકા** :—'तनूभृतां' સંસારી જીવોને 'सम्यक्त्वसमं' સમ્યક્ત્વસમાન 'श्रेयः' શ્રેષ્ઠ–ઉત્તમ ઉપકારક 'किंचित्' કોઈ અન્ય વસ્તુ નથી, કારણ કે તેની (સમ્યક્ત્વની) હયાતીમાં (સદ્ભાવમાં) ગૃહસ્થ પણ મુનિથી ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરે છે. ક્યારે તે (ઉત્કૃષ્ટ) નથી? 'त्रैकाल्ये' ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળ–એ ત્રણે કાળમાં. તે કાળે તે ક્યાં ઉત્કૃષ્ટ નથી? 'त्रिजगतिअपि' નિયત ક્ષેત્રાદિમાં તે ઉત્કૃષ્ટ નથી. એ વાત તો જવા દો, પરંતુ ત્રણ લોકમાં પણ–ત્રણ ભુવનોમાં પણ (તે ઉત્કૃષ્ટ નથી) અને 'अश्रेयो' મિથ્યાત્વસમાન અનુપકારક કોઈ અન્ય નથી, કારણ કે મિથ્યાત્વના સદ્ભાવમાં વ્રત અને સંયમથી યુક્ત મુનિ પણ, ગૃહસ્થી પણ, દર્શનની વિપરીતતાને લીધે નીચી દશાને પ્રાપ્ત થાય છે.

---

१. अन्यद्वस्तु घ०।

इतोऽपि सद्दर्शनमेव ज्ञानचारित्राभ्यामुत्कृष्टमित्याह—

(आर्यागीतिछन्दः)

**सम्यग्दर्शनशुद्धा नारकतिर्यङ्नपुंसकस्त्रीत्वानि।**
**दुष्कुलविकृताल्पायुर्दरिद्रतां च व्रजन्ति नाप्यव्रतिकाः ॥३५॥**

---

**ભાવાર્થ** :—ત્રણ કાળ અને ત્રણ લોકમાં સમ્યક્ત્વ સમાન કોઈ પદાર્થ સંસારી જીવોને કલ્યાણકારી નથી; અર્થાત્ ઈન્દ્ર, અહમિન્દ્ર, ભુવનેન્દ્ર, ચક્રી, નારાયણ, બલભદ્ર અને તીર્થંકરાદિક સમસ્ત ચેતન પદાર્થો અને મણિ–મંત્ર, ઔષધાદિક સમસ્ત અચેતન પદાર્થો સમ્યક્ત્વ સમાન ઉપકારક નથી, કારણ કે તેના સદ્ભાવમાં અવ્રતી ગૃહસ્થ પણ દ્રવ્યલિંગી મુનિ કરતાં ઉત્તમ ગણાય છે. વળી અવ્રતી સમ્યગ્દૃષ્ટિ દેવ–મનુષ્યના થોડાક ભવ કરી—અર્થાત્ સ્વર્ગાદિકનાં સુખ ભોગવી, નિયમથી મોક્ષ પામે છે; અને મિથ્યાત્વ સમાન કોઈ પદાર્થ જીવને અકલ્યાણકારી નથી, કારણ કે તેના સદ્ભાવમાં મહાવ્રતધારી દ્રવ્યલિંગી મુનિ પણ અવ્રતી સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થથી હીન મનાય છે.

વળી દોલતરામજી કૃત ‘છઢાળા’માં કહ્યું છે કે—

तीनलोक तिहुंकालमांहि नहिं दर्शन सौ सुखकारी ।
सकल धरमको मूल यही इस बिन करनी दुःखकारी ।। (छहढाला ३/१६)

ત્રણ લોક અને ત્રણ કાળમાં સમ્યક્ત્વ સમાન અન્ય કોઈ સુખકારી નથી, તે સર્વ ધર્મોનું મૂળ છે, તેના વિના સર્વ જ્ઞાન, વ્રત, ક્રિયા–બધું વૃથા છે અને દુઃખનું કારણ છે.

તેથી મોક્ષમાર્ગમાં સમ્યક્ત્વની જ ઉત્તમતા છે. ૩૪.

આથી પણ સમ્યગ્દર્શન જ જ્ઞાન અને ચારિત્રથી ઉત્કૃષ્ટ છે એમ કહે છે—

## સમ્યગ્દૃષ્ટિ જીવ ક્યાં ક્યાં ઊપજતો નથી?
## શ્લોક ૩૫

**અન્વયાર્થ** :—[सम्यग्दर्शनशुद्धाः] સમ્યગ્દર્શનથી શુદ્ધ (સમ્યગ્દૃષ્ટિ) જીવો [अव्रतिकाः] વ્રત રહિત હોવા છતાં પણ [नारकतिर्यङ्नपुंसकस्त्रीत्वानि] નારકપણાને, તિર્યંચપણાને, નપુંસકપણાને અને સ્ત્રીપણાને તથા [दुष्कुलविकृताल्पायुर्दरिद्रताम्] નીચ–કુલીનતાને, શરીરની બેડોળતાને, અલ્પાયુતાને અને દરિદ્રતાને [न व्रजन्ति] પ્રાપ્ત

'सम्यग्दर्शनशुद्धा' सम्यग्दर्शनं शुद्धं निर्मलं येषां ते। सम्यग्दर्शनलाभात्पूर्वं बद्धायुष्कान् विहाय अन्ये 'न व्रजन्ति' न प्राप्नुवन्ति। कानि। 'नारकतिर्यङ्नपुंसक-स्त्रीत्वानि'। त्वशब्दः प्रत्येकमभिसम्बध्यते नारकत्वं तिर्यक्त्वं नपुंसकत्वं स्त्रीत्वमिति। न केवलमेतान्येव न व्रजन्ति किन्तु 'दुष्कुलविकृताल्पायुर्दरिद्रतां च'। अत्रापि ताशब्दः प्रत्येकमभिसम्बध्यते ये निर्मलसम्यक्त्वाः ते न भवान्तरे दुष्कुलतां दुष्कुले उत्पत्तिं विकृततां काणकुंठादिरूपविकारं अल्पायुष्कतामन्तर्मुहूर्ताद्यायुष्कोत्पत्तिं, दरिद्रतां दारिद्र्योपेतकुलोत्पत्तिं। कथंभूता अपि एतत्सर्वं न व्रजन्ति। 'अव्रतिका अपि' अणुव्रतरहिता अपि।

---

કરતા નથી. (અર્થાત્ સમ્યગ્દ્રષ્ટિ જીવો વ્રતરહિત હોવા છતાં નારકી, તિર્યંચ, નપુંસક અને સ્ત્રીમાં ઊપજતા નથી, નીચ કુળમાં જન્મતા નથી તથા તેમને શરીરની વિકલાંગતા, અલ્પાયુતા અને દરિદ્રતા પ્રાપ્ત થતી નથી.)

**ટીકા** :—'सम्यग्दर्शनशुद्धाः' જેમનું સમ્યગ્દર્શન શુદ્ધ અર્થાત્ નિર્મળ છે તે (જીવો) અર્થાત્ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પહેલાં જેમનાં આયુનો બંધ થઈ ગયો હોય તે સિવાયના બીજા (જીવો) 'न व्रजन्ति' પ્રાપ્ત કરતા નથી. શું (પ્રાપ્ત કરતા નથી?) 'नारकतिर्यङ्नपुंसकस्त्रीत्वानि'—'त्व' શબ્દનો સંબંધ પ્રત્યેક સાથે છે—જેમ કે 'नारकत्वं' —નારકપણું, 'तिर्यक्त्वं'—તિર્યંચપણું, 'नपुंसकत्वं'—નપુંસકપણું અને 'स्त्रीत्वं'—સ્ત્રીપણું એ (સર્વને પ્રાપ્ત કરતા નથી). ફક્ત તેમને જ પ્રાપ્ત કરતા નથી, એટલું જ નહિ, પરંતુ 'दुष्कुल विकृताल्पायुर्दरिद्रतां च'—અહીં પણ 'ता' શબ્દનો પ્રત્યેક સાથે સંબંધ છે. જે શુદ્ધ—નિર્મળ સમ્યગ્દ્રષ્ટિ જીવો છે તેઓ બીજા ભવમાં 'दुष्कुलतां' ખરાબ કુળમાં—નીચ કુળમાં જન્મવું, 'विकृततां' કાણા—કુબડા આદિ કુરૂપને પામવું, 'अल्पायुष्यतां' અલ્પ આયુષ્યનું—અંતર્મુહૂર્ત આદિ આયુષ્યનું—પામવું, 'दरिद्रतां' ગરીબ કુળમાં જન્મવું—એ સર્વને પણ પ્રાપ્ત કરતા નથી—નીચ કુળમાં જન્મતા નથી, કુબડાં આદિ કુરૂપને પામતાં નથી, અલ્પ આયુષ્યને પામતાં નથી અને ગરીબ કુળમાં જન્મતા નથી.) કેવા હોવા છતાં તે સર્વને પ્રાપ્ત કરતા નથી? 'अव्रतिका अपि' અણુવ્રત રહિત હોવા છતાં તે પ્રાપ્ત કરતા નથી.

**ભાવાર્થ** :—સમ્યગ્દ્રષ્ટિ મર્યા પછી નારકી, તિર્યંચ, નપુંસક, સ્ત્રી, નીચ કુળવાન, વિકલાંગી, અલ્પ આયુષી અને દરિદ્ર—એ આઠ રૂપ થતો નથી; પરંતુ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પહેલાં જો કોઈ આગળની ગતિના આયુનો બંધ થઈ જાય (આ આયુબંધની પૂર્વે જ સમ્યક્ત્વ છૂટી જાય) તો તેમાં પણ ઉત્પન્ન થઈ શકે છે, કિન્તુ સમ્યક્ત્વના પ્રભાવથી

ત્યાં પણ એટલી વિશેષતા થઈ જાય છે, કે સાતમા નરકનો આયુબંધ કર્યો હોય તો તે પ્રથમ નારકનો નારકી થાય, એકેન્દ્રિય નિગોદનો આયુબંધ કર્યો હોય તો તે ઉત્તમ ભોગભૂમિમાં પંચેન્દ્રિય તિર્યંચ થાય, લબ્ધ્યપર્યાપ્તક મનુષ્યનો આયુબંધ કર્યો હોય તો તે ઉત્તમ ભોગભૂમિનો મનુષ્ય થાય, વ્યંતરાદિક નીચ દેવોનો આયુબંધ કર્યો હોય તો તે કલ્પવાસી મહર્દ્ધિક દેવ થાય, અન્ય સ્થાનોમાં ઊપજે નહિ.

'છઢાળા'માં ૩/૧૬માં કહ્યું છે કે—

"પ્રથમ નરક વિન ષટ્ ભૂ જ્યોતિષ, વાન ભવન ષંઢ નારી,
થાવર વિકલત્રય પશુમેં નહિં, ઉપજત સમ્યક્ધારી."

સમ્યગ્દ્રષ્ટિ જીવ પ્રથમ નરક સિવાય (નરકાયુના બંધ પછી સમ્યક્ત્વ પામે તો) બાકીના છ નરકોમાં, જ્યોતિષી, વ્યંતર અને ભવનવાસી દેવોમાં, નપુંસકની પર્યાયમાં, સ્ત્રી પર્યાયમાં, સ્થાવર જીવોમાં, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય અને ચાર ઇન્દ્રિય જીવોમાં તથા પશુની પર્યાયમાં ઉત્પન્ન થતો નથી.

વળી અવ્રતી સમ્યગ્દ્રષ્ટિને એકતાલીસ કર્મપ્રકૃતિઓનો નવીન બંધ થતો નથી. (જુઓ, ગોમ્મટસાર–કર્મકાણ્ડ ગાથા ૯૫–૯૬)

## વિશેષ

આ ગાથામાં સમ્યગ્દર્શન સાથે 'શુદ્ધ' વિશેષણ છે અને તેનો અર્થ ટીકાકારે 'નિર્મળ' કર્યો છે. તેથી તે શ્રદ્ધા ગુણનો શુદ્ધ પર્યાય છે.

અહીં શુદ્ધ નિશ્ચય નયનો વિષય શુદ્ધ પર્યાય છે. સમ્યગ્દર્શન શુદ્ધ કહો, નિર્મળ કહો, પવિત્ર કહો કે નિશ્ચય સમ્યગ્દર્શન કહો—તે એક જ છે.

તેથી સિદ્ધ થાય છે કે ચોથા ગુણસ્થાનમાં અવ્રતી હોવા છતાં તેને નિશ્ચય સમ્યગ્દર્શન હોય છે.

એવા નિશ્ચય સમ્યગ્દર્શન સાથે ચોથા ગુણસ્થાનમાં સાચા દેવ–શાસ્ત્ર–ગુરુની વ્યવહાર શ્રદ્ધા હોય છે, પરંતુ તે શ્રદ્ધાગુણનો પર્યાય નથી; પણ તે ચારિત્રગુણનો શુભ ઉપયોગ રૂપ પર્યાય છે. (જુઓ, શ્રી પ્રવચનસાર ગાથા ૧૫૭ અને તેની ટીકા).[1]

---

૧. જાણે જિનોને જેહ, શ્રદ્ધે સિદ્ધને અણગારને,
જે સાનુકંપ જીવો પ્રતિ, ઉપયોગ છે શુભ તેહને. ૧૫૭.

વ્યવહાર સમ્યગ્દર્શન તે શુભાશુભ હોવાથી બંધનું કારણ છે અને નિશ્ચય સમ્યગ્દર્શન શુદ્ધ પર્યાય હોવાથી સંવર–નિર્જરાનું કારણ છે, તેથી ઉપરોક્ત એકતાલીસ પ્રકૃતિઓનો બંધ થતો નથી, તેનો સંવર થાય છે.

વળી અવ્રતી સમ્યગ્દૃષ્ટિ નરકાદિને પ્રાપ્ત થતો નથી, તેનું કારણ એ છે કે મિથ્યાદૃષ્ટિને જેવા અનન્તાનુબંધી તીવ્ર કષાયો હોય છે, તેવા તીવ્ર કષાયો તેને હોતા નથી. તેને આર્ત્ત અને રૌદ્ર પરિણામ થાય છે, પણ મિથ્યાદૃષ્ટિની જેમ તેઓ તેને તિર્યંચ કે નરકગતિનું કારણ થતા નથી, કારણ કે 'નિજ શુદ્ધાત્મા જ ગ્રહણ કરવા યોગ્ય છે'—એવી ભાવના તેને નિરંતર વર્તે છે.

બૃહદ્ દ્રવ્યસંગ્રહ ગાથા ૪૮ની સંસ્કૃત ટીકામાં કહ્યું છે કે—

"........આર્ત્તધ્યાન તારતમ્યતાથી મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનથી પ્રમત્ત ગુણસ્થાન સુધીના જીવોને હોય છે. આ આર્ત્તધ્યાન, જોકે મિથ્યાદૃષ્ટિ જીવોને, તિર્યંચ ગતિના બંધનું કારણ થાય છે,[૧] તથાપિ જે જીવોને સમ્યક્ત્વ પ્રાપ્તિની પહેલાં તિર્યંચ આયુનો બંધ થઈ ચૂક્યો હોય તે સિવાય અન્ય સમ્યગ્દૃષ્ટિને તે આર્ત્તધ્યાન તિર્યંચગતિનું કારણ થતું નથી.

શંકા :—સમ્યગ્દૃષ્ટિને આર્તધ્યાન તિર્યંચગતિનું કારણ કેમ થતું નથી?

ઉત્તર :—કારણ કે 'નિજ શુદ્ધાત્મા જ ગ્રહણ કરવા યોગ્ય છે'—એવી વિશિષ્ટ ભાવનાના બળથી સમ્યગ્દૃષ્ટિ જીવોને તિર્યંચ ગતિના કારણભૂત સંક્લેશ પરિણામોનો અભાવ હોય છે.

[૨]રૌદ્રધ્યાન મિથ્યાદૃષ્ટિથી પાંચમા ગુણસ્થાન સુધીના જીવોને હોય છે. તે મિથ્યાદૃષ્ટિ જીવોને નરક ગતિનું કારણ છે, છતાં પણ જે જીવે સમ્યક્ત્વની પહેલાં નરકાયુનો બંધ કરી લીધો હોય, તેના સિવાય અન્ય સમ્યગ્દૃષ્ટિઓને એ રૌદ્રધ્યાન નરક ગતિનું કારણ થતું નથી.

પ્રશ્ન :—સમ્યગ્દૃષ્ટિને રૌદ્રધ્યાન નરકગતિનું કારણ કેમ થતું નથી?

ઉત્તર :—કારણ કે સમ્યગ્દૃષ્ટિઓને 'નિજ શુદ્ધાત્મ તત્ત્વ જ ઉપાદેય છે'—એવા

---

૧. तदविरत–देशविरत–प्रमत्तसंयतानाम्। (શ્રી પ્રવચનસાર)
જુઓ—તત્ત્વાર્થસૂત્ર અધ્યાય ૯, સૂત્ર ૩૪.

૨.......रौद्रमविरत देशविरतयोः। (તત્ત્વાર્થસૂત્ર અધ્યાય ૯, સૂત્ર ૩૫)

यद्येतत्सर्वं न व्रजन्ति तर्हि भवान्तरे कीदृशास्ते भवन्तीत्याह—

**ओजस्तेजोविद्यावीर्य्यशोवृद्धिविजयविभवसनाथाः।**
**माहाकुला महार्था मानवतिलका भवन्ति दर्शनपूताः॥३६॥**

'दर्शनपूताः' दर्शनेन पूताः पवित्रिताः। दर्शनं वा पूतं पवित्रं येषां ते। 'भवन्ति'। 'मानवतिलकाः' मानवानां मनुष्याणां तिलका मण्डनीभूता मनुष्यप्रधाना इत्यर्थः। पुनरपि कथंभूता इत्याह 'ओज' इत्यादि ओज उत्साहः तेजः प्रतापः कान्तिर्वा, विद्या सहजा अहार्या च बुद्धिः, वीर्यं विशिष्टं सामर्थ्यं, यशो विशिष्टा ख्यातिः वृद्धिः कलत्रपुत्रपौत्रादिसम्पत्तिः, विजयः पराभिभवेनात्मनो गुणोत्कर्षः, विभवो

---

વિશિષ્ટ ભેદજ્ઞાનના બળથી નરકગતિના કારણભૂત તીવ્ર સંકલેશ પરિણામોનો અભાવ હોય છે.'' ૩૫

જો (સમ્યગ્દૃષ્ટિ જીવો) એ બધાને (નારકી આદિ અવસ્થાને) પ્રાપ્ત કરતા નથી તો અન્ય ભવમાં તેઓ કેવા હોય છે—કેવા થાય છે? તે કહે છે—

## સમ્યગ્દષ્ટિ બીજા ભવમાં મહાપુરુષ બને છે

### શ્લોક ૩૬

**અન્વયાર્થ** :—[दर्शनपूताः] શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ જીવો (સમ્યક્ત્વથી શુદ્ધ—પવિત્ર થયેલા જીવો) [ओजस्तेजोविद्यावीर्ययशोवृद्धिविजयविभवसनाथाः] ઉત્સાહ, પ્રતાપ (કાંતિ), વિદ્યા, બલ, કીર્તિ, ઉન્નતિ, વિજય અને સંપત્તિ સહિત [माहाकुलाः] ઉચ્ચ કુળવાળા [च] અને [महार्थाः] મહાપુરુષાર્થોના સાધક [मानवतिलका] મનુષ્યોમાં શિરોમણિ [भवन्ति] થાય છે.

**ટીકા** :—'दर्शनपूताः' જેઓ સમ્યગ્દર્શનથી પવિત્ર છે એવા અર્થાત્ જેમનું સમ્યગ્દર્શન પવિત્ર (શુદ્ધ) છે એવા શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ જીવો, 'मानवतिलकाः' મનુષ્યોના તિલક—શોભારૂપ થાય છે—મનુષ્યોમાં પ્રધાન (મુખ્ય) થાય છે. વળી શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ જીવો કેવા છે તે કહે છે—'ओज' ઈત્યાદિ, 'ओजस्' ઉત્સાહ, 'तेजः' પ્રતાપ (કાન્તિ), 'विद्या' સહજ અહાર્ય (અતિશયરૂપ) બુદ્ધિ, 'वीर्यं' વિશિષ્ટ બળ—સામર્થ્ય, 'यशो' વિશિષ્ટ ખ્યાતિ, 'वृद्धः' સ્ત્રી—પૌત્રાદિરૂપ સંપત્તિ, 'विजयः' પરના પરાભવથી પોતાના ગુણોનો ઉત્કર્ષ અને

**धनधान्यद्रव्यादिसम्पत्तिः, एतैः सनाथा सहिताः। तथा 'माहाकुला' महच्च तत् कुलं च माहाकुलं तत्र भवाः। 'महार्था' महान्तोऽर्था धर्मार्थकाममोक्षलक्षणा येषाम्॥३६॥**

---

'विभवः' ધન, ધાન્ય, દ્રવ્યાદિ સંપત્તિ—એ સર્વથી યુક્ત છે જેઓ એવા તથા 'माहाकुलाः' જેઓ ઉચ્ચ કુળમાં ઉત્પન્ન થાય છે એવા અને 'महार्थाः' જેમને ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ મહાન અર્થો સાધ્ય છે એવા (અર્થાત્ જેઓ ધર્મ, અર્થ, કામ અને મોક્ષના સાધક છે એવા)—સમ્યગ્દૃષ્ટિ જીવો મનુષ્યના તિલક થાય છે.

**ભાવાર્થ :**—શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ જીવો (મરીને) ઉત્સાહ, પ્રતાપ, કાંતિ, બળ, વિદ્યા, કીર્તિ, ઉન્નતિ, વિજય અને સંપત્તિ સહિત ઉચ્ચ કુળવાન અને ધર્મ—અર્થાદિ પુરુષાર્થોના સાધક મનુષ્યોના શિરોમણિ—રાજા થાય છે.

## વિશેષ

સમ્યગ્દૃષ્ટિને શુદ્ધતાની સાથે સહચરરૂપે શુભભાવ પણ હોય છે. તે શુભભાવને અહીં વ્યવહારધર્મ સમજવો. તેના ફળરૂપે તેને લક્ષ્મી વગેરેનો સંયોગ થાય છે, પરંતુ તેને પુણ્યભાવનું કે તેના ફળરૂપ સંયોગી પદાર્થનું સ્વામિત્વ હોતું નથી, શ્રદ્ધામાં—અભિપ્રાયમાં તેનો સ્વીકાર નથી.

ચારિત્રની નબળાઈના કારણે તેનું સંયોગી પદાર્થ તરફ લક્ષ જાય છે, પરંતુ તે સંયોગી ભાવની સાથે પણ તે એકતા કરતો નથી, તેથી મોક્ષનો પુરુષાર્થ ચાલુ રાખી, તે બધાનો અભાવ કરી મોક્ષ પ્રાપ્ત કરે છે. તેનું નામ ધર્મ—અર્થ—કામ અને મોક્ષનો પુરુષાર્થ છે એમ સમજવું. આ દૃષ્ટિએ જ સમ્યગ્દૃષ્ટિ જીવોને 'माहार्थाः' અર્થાત્ ધર્મ—અર્થ—કામ અને મોક્ષના સાધક કહ્યા છે.

જેમ ખેડૂત અનાજ માટે ખેતી કરે છે, પરંતુ તેને અનાજ સાથે અનાયાસે ખડની (ઘાસની) પણ પ્રાપ્તિ થાય છે, તેમ સમ્યગ્દૃષ્ટિને મોક્ષ માટે પુરુષાર્થ વચ્ચે સહજપણે—અનાયાસે ચક્રવર્તીપદાદિ પુણ્યની સામગ્રી મળ્યા વગર રહેતી નથી. (જુઓ, પરમાત્મપ્રકાશ ગાથા ૬૧, સંસ્કૃત ટીકા, અધ્યાય ૨ અને બૃહદ્ દ્રવ્યસંગ્રહ (હિન્દી) ગાથા ૩૮, પૃષ્ઠ ૧૫૧; (ગુજરાતી) પૃષ્ઠ ૧૮૧.)

આ પ્રકારની મોક્ષમાર્ગની સ્થિતિ ચોથા ગુણસ્થાનથી છઠ્ઠા ગુણસ્થાન સુધી હોય છે, આ દર્શાવવા માટે ટીકાકારે સમ્યગ્દૃષ્ટિ જીવોને 'माहार्थाः' કહ્યા છે.

વળી આ ગાથાથી એ ફલિત થાય છે કે—સમ્યગ્દૃષ્ટિ મોક્ષમાર્ગી છે અને તે

तथा इन्द्रपदमपि सम्यग्दर्शनशुद्धा एव प्राप्नुवन्तीत्याह—

**अष्टगुणपुष्टितुष्टा दृष्टि विशिष्टाः प्रकृष्टशोभाजुष्टाः।**
**अमराप्सरसां परिषदि चिरं रमन्ते जिनेन्द्रभक्ताः स्वर्गे॥३७॥**

ये 'दृष्टिविशिष्टाः' सम्यग्दर्शनोपेता। 'जिनेन्द्रभक्ताः' प्राणिनस्ते 'स्वर्गे'। 'अमराप्सरसां परिषदि'—देवदेवीनां सभायां। 'चिरं' बहुतरं कालं। 'रमन्ते' क्रीडन्ति।

---

મોક્ષમાર્ગની શરૂઆત ચોથા ગુણસ્થાનથી થાય છે. આના સમર્થનમાં પં. શ્રી દૌલતરામજીએ પણ 'છઢાળા'ના ૩/૫માં કહ્યું છે કે—

મધ્યમ અંતર–આતમ હૈં જે, દેશવ્રતી અનગારી,
જઘન કહે અવિરત સમદૃષ્ટિ, તીનોં શિવમગચારી. ૩/૫.

**ભાવાર્થ** :—દેશવ્રતી અર્થાત્ પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવક અને અનગારી અર્થાત્ છઠ્ઠા ગુણસ્થાનવર્તી મુનિ–બંને મધ્યમ અંતરાત્મા છે અને ચોથા ગુણસ્થાનવર્તી અવિરત સમ્યગ્દૃષ્ટિ જઘન્ય અંતરાત્મા છે. આ ત્રણે અંતરાત્માઓ મોક્ષમાર્ગી છે. જો મોક્ષમાર્ગ ચોથા ગુણસ્થાનથી શરૂ થતો ન હોય તો અવિરત સમ્યગ્દૃષ્ટિને પંડિતજી મોક્ષમાર્ગી કેમ કહે? ૩૬.

તથા ઇન્દ્રપદને પણ સમ્યગ્દર્શનથી શુદ્ધ (થયેલા) જીવો જ પ્રાપ્ત કરે છે એમ કહે છે—

## શુદ્ધ સમ્યગ્દૃષ્ટિની ઇન્દ્રપદની પ્રાપ્તિ

### શ્લોક ૩૭

**અન્વયાર્થ** :—[दृष्टिविशिष्टाः] શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ સહિત [जिनेन्द्रभक्ताः] જિનેન્દ્રના ભક્ત જીવો [स्वर्गे] સ્વર્ગમાં [अष्टगुणपुष्टितुष्टाः] આઠ ઋદ્ધિઓની પૂર્ણતાથી સંતુષ્ટ અને [प्रकृष्टशोभाजुष्टाः] વિશેષ શોભા (સુંદરતા)થી યુક્ત થઈને [अमराप्सरसां] દેવો અને અપ્સરાઓની [परिषदि] સભામાં [चिरम्] લાંબાકાળ સુધી [रमन्ते] રમે છે.

**ટીકા** :—[1]જેઓ 'दृष्टिविशिष्टाः' સમ્યગ્દર્શન સહિત 'जिनेन्द्रभक्ताः' જિનેન્દ્રના ભક્તો છે તેઓ 'अमराप्सरसाम् परिषदि' દેવ–દેવીઓની સભામાં 'चिरं' લાંબા કાળ સુધી

---

૧. दृष्टिविशिष्टाः, जिनेन्द्रभक्ताः, स्वर्गे અને अमराप्सरसां–એ શબ્દોની સંસ્કૃત ટીકા રહી ગઈ લાગે છે.

कथंभूताः ? अष्टगुणपुष्टितुष्टाः' अष्टगुणा अणिमा, महिमा, लघिमा, प्राप्ति, प्राकाम्यं, ईशित्वं, वशित्वं, कामरूपित्वमितल्लक्षणास्ते च पुष्टिः स्वशरीरावयवानां सर्वदोषचितत्वं तेषां वा पुष्टिः परिपूर्णत्वं तया तुष्टाः सर्वदा प्रमुदिताः। तथा 'प्रकृष्टशोभाजुष्टा' इतरदेवेभ्यः प्रकृष्टा उत्तमा शोभा तया जुष्टा सेविताः इन्द्राः सन्त इत्यर्थः ॥३७॥

तथा चक्रवर्तीत्वमपि त एव प्राप्नुवन्तीत्याह—

**नवनिधिसप्तद्वयरत्नाधीशाः सर्वभूमिपतयश्चक्रम् ।**
**वर्तयितुं प्रभवन्ति स्पष्टदृशः क्षत्रमौलिशेखरचरणाः ॥३८॥**

---

'रमन्ते' રમે છે—ક્રીડા કરે છે. કેવા થઈને? 'अष्टगुणपुष्टितुष्टाः' આઠ ગુણો—અર્થાત્ અણિમા, મહિમા, લઘિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ, વશિત્વ અને કામરુપિત્વ—એ રૂપ આઠ ૠદ્ધિઓ—તેમની પૂર્ણતાથી સંતુષ્ટ અર્થાત્ સર્વદા પ્રમુદિત (આનંદિત) અથવા તે આઠ ૠદ્ધિઓ રૂપ ગુણોથી તેમના શરીરના અવયવોની સર્વદા પુષ્ટિ—વૃદ્ધિ થાય છે, તેનાથી સદા સંતુષ્ટ તથા 'प्रकृष्टशोभाजुष्टाः' બીજા દેવોના કરતાં ઉત્કૃષ્ટ—ઉત્તમ શોભાયુક્ત થઈને અર્થાત્ અન્ય દેવોથી સેવિત ઈન્દ્રો થઈને.

**ભાવાર્થ** :—સમ્યગ્દ્રષ્ટિ જીવ મૃત્યુ પછી સ્વર્ગમાં ઈન્દ્ર પણ થાય છે. ત્યાં અણિમાદિ આઠ ૠદ્ધિઓની પૂર્ણતાથી આનંદિત થઈ વિશેષ સુંદર વૈક્રિયિક શરીર પ્રાપ્ત કરી, દેવ અને અપ્સરાઓની સભામાં લાંબા સમય સુધી રમે છે અને અન્ય દેવો તેની સેવા કરે છે.

આ ગાથા સૂચવે છે કે સમ્યક્ત્વની ભૂમિકામાં હેયબુદ્ધિએ કરેલા શુભ ભાવોના ફળરૂપે ઉપરોક્ત દર્શાવેલી અણિમાદિ આઠ ૠદ્ધિઓની પ્રાપ્તિ થાય છે. સર્વે સમ્યગ્દ્રષ્ટિઓ જિનેન્દ્રના ભક્તો હોય છે. ૩૭.

તથા ચક્રવર્તી પદને પણ તે (શુદ્ધ સમ્યગ્દ્રષ્ટિઓ) જ પ્રાપ્ત કરે છે—એમ કહે છે—

## સમ્યગ્દ્રષ્ટિ જ ચક્રવર્તીપદને પણ પ્રાપ્ત કરે છે
## શ્લોક ૩૮

**અન્વયાર્થ** :—[स्पष्टदृशः] જેઓ નિર્મળ સમ્યગ્દ્રષ્ટિ જીવો છે તેઓ જ [नवनिधिसप्तद्वयरत्नाधीशाः] નવનિધિ અને ચૌદ રત્નોના સ્વામી થયા થકા તથા

ये 'स्पष्टदृशो' निर्मलसम्यक्त्वाः। त एव 'चक्रं' चक्ररत्नं। 'वर्तयितुं' आत्माधीनतया तत्साध्यनिखिलकार्येषु प्रवर्तयितुं। 'प्रभवन्ति' ते समर्था भवन्ति। कथंभूताः ? सर्वभूमिपतयः सर्वा चासौ भूमिश्च षट्खण्डपृथ्वी तस्याः पतयः चक्रवर्तिनः। पुनरपि कथंभूताः ? 'नवनिधिसप्तद्वयरत्नाधीशा' नवनिधयश्च सप्तद्वयरत्नानि सप्तानां द्वयं तेन संख्यातानि रत्नानि चतुर्दश तेषामधीशाः स्वामिनः। क्षत्रमौलिशेखरचरणाः क्षताद्दोषात् त्रायन्ते रक्षन्ति प्राणिनो ये ते क्षत्रा राजानस्तेषां मौलयो[1] मुकुटानि तेषु शेखरा आपीटास्तेषु चरणानि येषां॥३८॥

---

[क्षत्रमौलिशेखरचरणाः] જેમનાં ચરણોને રાજાઓના મુગટની કલગીઓ સ્પર્શે છે અર્થાત્ જેમના ચરણોમાં રાજાઓનાં મસ્તકો ઝૂકે છે એવા [सर्वभूमिपतयः] સમસ્ત ભૂમિના (છ ખંડના) માલિક થયા થકા (અર્થાત્ ચક્રવર્તી થયા થકા) [चक्रम्] ચક્ર (અર્થાત્ આજ્ઞા) [वर्तयितुम्] વર્તાવવાને (ચલાવવાને) [प्रभवन्ति] સમર્થ થાય છે.

**ટીકા** :—જેઓ 'स्पष्टदृशो' નિર્મળ સમ્યગ્દૃષ્ટિ જીવો છે તેઓ જ 'चक्रं' ચક્રરત્ન 'वर्तयितुम्' તેનાથી (ચક્રથી) સાધ્ય સર્વકાર્યોમાં સ્વાધીનપણે પ્રવર્તાવવાને 'प्रभवन्ति' સમર્થ થાય છે. કેવા છે તેઓ? 'सर्वभूमिपतयः' સર્વભૂમિ અર્થાત્ છ ખંડ પૃથ્વીના પતિ (સ્વામી)—અર્થાત્ ચક્રવર્તી છે એવા. વળી કેવા છે? 'नवनिधिसप्तद्वयरत्नाधीशाः' નવનિધિઓ અને (સંખ્યાએ) ચૌદ રત્નોના સ્વામી છે એવા. 'क्षत्रमौलिशेखरचरणाः' क्षत એટલે દોષથી જે પ્રાણીઓની રક્ષા કરે તે क्षत्रो એટલે રાજાઓ છે, તેમના મુકુટની કલગીઓ જેમનાં ચરણોને સ્પર્શે છે એવા તેઓ છે.

**ભાવાર્થ** :—સમ્યગ્દૃષ્ટિ જીવ નિર્મળ સમ્યક્ત્વના પ્રભાવથી સ્વર્ગથી ચ્યવી મનુષ્ય ભવમાં ચક્રવર્તી પણ થાય છે. તે વીસ હજાર દેશોના સમૂહરૂપ પૃથ્વીના છ ખંડનો સ્વામી હોય છે અને બધા દેશોમાં પોતાની આજ્ઞા (ચક્ર) પ્રવર્તાવવાને સમર્થ હોય છે. વળી તે બત્રીસ હજાર મુકુટબદ્ધ રાજાઓનો અધિપતિ અને [1]નવનિધિ અને [2]ચૌદ રત્નોનો સ્વામી હોય છે. ૩૮.

---

१. मौलयो मस्तकानि तेषु शेखराणि मकुटानि तानि चरणेषु येषां घ०।

૧. નવનિધિ—કાલ, મહાકાલ, પાંડુક, માણવ, શંખ, નૈસર્પ્ય, પદ્મ, પિંગ અને સર્વરત્ન.

૨. ચૌદ રત્ન—ચક્ર, છત્ર, ખડ્ગ, દંડ, ચૂડામણિ, સેનાપતિ, ચર્મરત્ન, શિલ્પકાર, કાકિણી, ગૃહપતિ, પુરોહિત, અશ્વ, ગજ અને સ્ત્રી.

तथा धर्मचक्रिणोऽपि सद्दर्शनमाहात्म्याद् भवन्तीत्याह—

**अमरासुरनरपतिभिर्यमधरपतिभिश्च नूतपादाम्भोजाः।**
**दृष्ट्या सुनिश्चितार्था वृषचक्रधरा भवन्ति लोकशरण्याः॥३६॥**

'दृष्ट्या' सम्यग्दर्शनमाहात्म्येन। 'वृषचक्रधरा भवन्ति' वृषो धर्मः तस्य चक्रं वृषचक्रं तद्धरन्ति ये ते वृषचक्रधरास्तीर्थकराः। किंविशिष्टाः ? 'नूतपादाम्भोजाः' पादावेवाम्भोजे, नूते स्तुते पादाम्भोजे येषां। कैः ? 'अमरासुरनरपतिभिः' अमरपतयः ऊर्ध्वलोकस्वामिनः सौधर्मादयः, असुरपतयोऽधोलोकस्वामिनो धरणेन्द्रादयः, नरपतयः तिर्यग्लोकस्वामिनश्चक्रवर्तिनः। न केवलमेतैरेव नूतपादाम्भोजा, किन्तु 'यमधरपतिभिश्च' यमं व्रतं धरन्ति ये ते यमधरा मुनयस्तेषां पतयो गणधरास्तैश्च। पुनरपि कथंभूतास्ते ? 'सुनिश्चितार्था' शोभनो

---

તથા સમ્યગ્દર્શનના માહાત્મ્યથી ધર્મચક્રી (તીર્થંકર) પણ થાય છે એમ કહે છે—

## સમ્યગ્દષ્ટિ તીર્થંકર પણ થાય છે

### શ્લોક ૩૯

**અન્વયાર્થ** :—[दृष्ट्या] જીવ સમ્યગ્દર્શનના માહાત્મ્યથી [अमरसुरनरपतिभिः] દેવેન્દ્ર, ધરણેન્દ્ર અને ચક્રવર્તી દ્વારા [च] તેમ જ [यमधरपतिभिः] મુનિઓના સ્વામી ગણધરો દ્વારા [नूतपादाम्भोजाः] જેમનાં ચરણકમળોની સ્તુતિ કરવામાં આવે છે એવા, [सुनिश्चितार्थाः] જેમને ધર્માદિ પદાર્થોનો સારી રીતે (સંપૂર્ણપણે) નિશ્ચય થયો છે એવા તથા [लोकशरण्याः] ત્રણ લોકના શરણભૂત એવા [वृषचक्रधराः] ધર્મચક્રના ધારક તીર્થંકરો [भवन्ति] થાય છે.

**ટીકા** :—'दृष्ट्या' સમ્યગ્દર્શનના માહાત્મ્યથી 'वृषचक्रधरा भवन्ति'—वृषः એટલે ધર્મ—તેનું ચક્ર તે વૃષચક્ર—ધર્મચક્ર, તેને જે ધરે તે ધર્મચક્રના ધારકો તીર્થંકરો થાય છે. તે કેવા છે? 'नूतपादाम्भोजाः' પાદ એ જ કમળો—ચરણકમળો જેનાં સ્તવવામાં આવે છે તેવા, કોની દ્વારા (પ્રશંસિત)? 'अमरासुरनरपतिभिः' અમરપતિ એટલે ઊર્ધ્વલોકના સ્વામી—સૌધર્મ આદિ, અસુરપતિ એટલે અધોલોકના સ્વામી—ધરણેન્દ્ર આદિ અને નરપતિ એટલે તિર્યગ્લોકના (મધ્યલોકના) સ્વામી—ચક્રવર્તીઓ દ્વારા—ફક્ત તેમના દ્વારા જ (તેમનાં) ચરણકમળો પ્રશંસિત છે, એટલું જ નહિ કિન્તુ 'यमधरपतिभिश्च' જે યમ એટલે વ્રતને ધારણ કરે છે તે યમધરો—મુનિઓ, તેમના પતિ—ગણધરો, તેમના દ્વારા પણ (પ્રશંસિત છે).

निश्चितः परिसमाप्तिं गतोऽर्थो धर्मादिलक्षणो येषां। तथा 'लोकशरण्याः' अनेकविध-दुःखदायिभिः कर्मारातिभिरुपद्रुतानां लोकानां शरणे साधवः ।।३६।।

तथा मोक्षप्राप्तिरपि सम्यग्दर्शनशुद्धानामेव भवतीत्याह—

**शिवमजरमरुजमक्षयमव्याबाधं विशोकभयशङ्कम् ।**
**काष्ठागतसुखविद्याविभवं विमलं भजन्ति दर्शनशरणाः ।।४०।।**

---

વળી તેઓ કેવા છે? 'सुनिश्चितार्थाः' જેમને ધર્માદિરૂપ અર્થ સારી રીતે નિશ્ચિત થયો છે અર્થાત્ પરિસમાપ્તિએ (પૂર્ણતાએ) પામ્યો છે, (અર્થાત્ જેમને ધર્માદિ પદાર્થોનો સમ્યક્ પ્રકારે સંપૂર્ણપણે નિશ્ચય થયો છે—શ્રદ્ધાન થયું છે) તેવા તથા 'लोकशरण्याः' અનેક પ્રકારના દુઃખદાયી કર્મ—શત્રુઓ દ્વારા ઉપદ્રવ પામેલા લોકોના જેઓ શરણભૂત છે એવા.

**ભાવાર્થ** :—સમ્યગ્દ્રષ્ટિ જીવ મૃત્યુ બાદ સમ્યક્ત્વના માહાત્મ્યથી દેવેન્દ્ર, ધરણેન્દ્ર, ચક્રવર્તી તથા ગણધરો દ્વારા પૂજનીય થાય છે તથા ત્રણ લોકના શરણભૂત, ધર્મચક્રના ધારક તીર્થંકર પણ થાય છે.

તીર્થંકરદેવ ત્રણ લોકના અધિપતિઓ દ્વારા પૂજનીય છે—એ બતાવે છે કે ત્રણ લોકમાં તીર્થંકરદેવનું પુણ્ય—ફળ સૌથી ઉત્કૃષ્ટ છે. વળી જ્ઞાનીઓ અને ત્યાગીઓમાં ગણધર સૌથી મોટા છે, તેઓ પણ શ્રોતાઓની કોટિમાં બેસી ધર્મ શ્રવણ કરે છે, તે બતાવે છે કે ધર્મમાં પણ તીર્થંકરદેવ સૌથી ઉત્તમ છે. વિહારકાળે તેમની મહત્તાસૂચક એક ધર્મચક્ર તીર્થંકર ભગવાનની આગળ ચાલે છે.

આ પ્રમાણે ત્રણ લોકના રાજા—મહારાજાઓ, ઈન્દ્રો, જ્ઞાનીઓ, ત્યાગીઓ, ધર્માત્માઓ—સર્વે જેમને પૂજે છે, જેમનું શરણ લે છે—એવા સામર્થ્યશાળી અલૌકિક પુરુષ—તીર્થંકરદેવ—સમ્યગ્દર્શનના જ માહાત્મ્યથી થાય છે. ૩૯.

તથા મોક્ષની પ્રાપ્તિ પણ શુદ્ધ સમ્યગ્દ્રષ્ટિને જ થાય છે તે કહે છે—

## સમ્યગ્દર્શનથી મોક્ષની પ્રાપ્તિ
### શ્લોક ૪૦

**અન્વયાર્થ** :—[दर्शनशरणाः] સમ્યગ્દર્શન જેમનું શરણ છે એવા જીવો [अजरम्] ઘડપણરહિત, [अरुजम्] રોગરહિત, [अक्षयम्] ક્ષયરહિત, [अव्याबाधम्]

**'दर्शनशरणाः' दर्शनं शरणं[1] संसारापायपरिरक्षकं येषां, दर्शनस्य वा शरणं रक्षणं यत्र ते। 'शिवं' मोक्षं। भजन्त्यनुभवन्ति। कथंभूतं ? 'अजरं' न विद्यते जरा वृद्धत्वं यत्र। 'अरुजं' न विद्यते रुग्व्याधिर्यत्र। 'अक्षयं' न विद्यते लब्धानन्तचतुष्टयक्षयो[2] यत्र। 'अव्याबाधं' न विद्यते दुःखकारणेन केनचिद्विविधा विशेषेण वा अबाधा यत्र। 'विशोकभयशङ्कं' विगता शोकभयशङ्का यत्र। 'काष्ठागतसुखविद्याविभवं' काष्ठां परमप्रकर्षं गतः प्राप्तः सुखविद्ययोर्विभवो विभूतिर्यत्र। 'विमलं' विगतं मलं द्रव्यभावरूपकर्म[3] यत्र ॥४०॥**

---

બાધારહિત, [**विशोकभयशंकम्**] શોક, ભય તથા શંકા રહિત [**काष्ठागतसुखविद्याविभवम्**] જ્યાં સુખ અને જ્ઞાનનો વૈભવ પરાકાષ્ઠાએ પહોંચ્યો છે તેવા—અર્થાત્ સર્વોત્કૃષ્ટ સુખ અને સર્વોત્કૃષ્ટ જ્ઞાનસહિત, [**विमलं**] મલરહિત, અર્થાત્ દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મરૂપ મલરહિત [**शिवम्**] મોક્ષને [**भजन्ति**] પામે છે.

**ટીકા :—**'**दर्शनशरणाः**' જેમને સમ્યગ્દર્શન શરણ છે—અર્થાત્ સમ્યગ્દર્શન જેમનું સંસારનાં દુઃખમાંથી રક્ષણ કરનાર છે—અથવા જેમને સમ્યગ્દર્શનનું શરણ છે—રક્ષણ છે, તેઓ '**शिवं भजन्ति**' મોક્ષ પામે છે—અનુભવે છે. કેવા (મોક્ષને)? '**अजरं**' જ્યાં જરા એટલે ઘડપણ નથી, '**अरुजम्**' જ્યાં રુજ એટલે રોગ—વ્યાધિ નથી, '**अक्षयम्**' જ્યાં પ્રાપ્ત થયેલા અનંત ચતુષ્ટયનો ક્ષય નથી, '**अव्याबाधम्**' જ્યાં કોઈ દુઃખ પડવાથી અથવા વિવિધ પ્રકારથી બાધા નથી, '**विशोकभयशंकम्**' જ્યાં શોક, ભય અને શંકાનો નાશ થઈ ગયો છે, '**काष्ठागतसुखविद्याविभवम्**' જ્યાં સુખ અને જ્ઞાનનો વિભવ—વિભૂતિ પરાકાષ્ઠાએ પહોંચી છે તથા '**विमलं**' જ્યાં દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મરૂપ મળનો નાશ થયો છે તેવા (મોક્ષને પામે છે.)

**ભાવાર્થ :—**સમ્યગ્દૃષ્ટિ જીવ મોક્ષ પણ પ્રાપ્ત કરે છે. જ્યાં ઘડપણ, રોગ, ક્ષય, બાધા, શોક, ભય અને શંકાનો તથા દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મરૂપ મલનો સર્વથા અભાવ હોય છે તથા નવ ક્ષાયિક લબ્ધિઓ તથા અનંતદર્શનાદિ અનંતચતુષ્ટયનો સદા સદ્ભાવ હોય છે. ૪૦.

---

१. शरणं संसारापायपरिरक्षकं येषां, दर्शनस्य वा शरणं रक्षणं यत्र ते शिवं घ०।

२. चतुष्टयस्वरूपस्य घ०।

३. द्रव्यभावस्वरूपं कर्म घ०।

यत्प्राक् प्रत्येकं श्लोकैः सम्यग्दर्शनस्य फलमुक्तं तद्दर्शनाधिकारस्य समाप्तौ संग्रहवृत्तेनोपसंहत्य प्रतिपादयन्नाह—

देवेन्द्रचक्रमहिमानममेयमानम्
राजेन्द्रचक्रमवनीन्द्रशिरोर्चनीयम्।
धर्मेन्द्रचक्रमधरीकृतसर्वलोकम्
लब्ध्वा शिवं च जिनभक्तिरुपैति भव्यः।४१।

'शिवं' मोक्षं। 'उपैति' प्राप्नोति। कोऽसौ? 'भव्यः' सम्यग्दृष्टिः। कथंभूतः? 'जिनभक्तिः' जिने भक्तिर्यस्य। किं कृत्वा? 'लब्ध्वा'। कं? 'देवेन्द्रचक्रमहिमानं' देवानामिन्द्रा देवेन्द्रास्तेषां चक्रं संघातस्तत्र तस्य वा महिमानं विभूतिमाहात्म्यं। कथंभूतं? 'अमेयमानं' अमेयोअपर्यन्तं मानं पूजा ज्ञानं वा यस्य तममेयमानं। तथा 'राजेन्द्रचक्रं'

---

પૂર્વે પ્રત્યેક શ્લોક દ્વારા જે સમ્યગ્દર્શનનું ફળ કહ્યું તે સમ્યગ્દર્શનનો અધિકાર સમાપ્ત કરતાં સંગ્રહ વૃત્તિથી (સંક્ષેપરૂપે) ઉપસંહાર કરી પ્રતિપાદન કરતાં કહે છે—

## સમ્યક્ત્વના મહિમાનો ઉપસંહાર
### શ્લોક ૪૧

**અન્વયાર્થ** :—[जिनभक्तिः] જિનેન્દ્રની ભક્તિવાળો જિનભક્ત [भव्यः] ભવ્ય (સમ્યગ્દષ્ટિ જીવ) [अमेयमानम्] અપરિમિત પ્રતિષ્ઠા અથવા જ્ઞાન સહિત [देवेन्द्रचक्रमहिमानम्] દેવેન્દ્રોના સમૂહના મહિમાને (ઐશ્વર્યને), [अवनीन्द्रशिरोर्चनीयम्] રાજાઓના મસ્તક દ્વારા પૂજનીય [राजेन्द्रचक्रम्] ચક્રવર્તીના ચક્રરત્નને [च] અને [अधरीकृतसर्वलोकम्] સર્વ લોકને જેણે નીચાં કરી દીધાં છે અર્થાત્ સર્વ લોકમાં જે ઉત્તમ છે તેવા [धर्मेन्द्रचक्रम्] ધર્મેન્દ્રના (તીર્થંકરના) ચક્રને (પદને) [लब्ध्वा] પ્રાપ્ત કરી [शिवम्] મોક્ષ [उपैति] પામે છે.

**ટીકા** :—'जिनभक्तिः भव्यः शिवं उपैति' જેને જિનેન્દ્રદેવમાં ભક્તિ છે તેવો સમ્યગ્દષ્ટિ જીવ મોક્ષને પ્રાપ્ત કરે છે. તે શું–શું પ્રાપ્ત કરીને મોક્ષને પ્રાપ્ત કરે છે? देवेन्द्रचक्रमहिमानम्' દેવોના ઇન્દ્રો તે દેવેન્દ્રો, તેના સમૂહના મહિમાને–વિભૂતિના માહાત્મ્યને પ્રાપ્ત કરે છે. 'अमेयमानम्' જેનું માન (જે માહાત્મ્યનો પ્રભાવ)–પૂજા, જ્ઞાન

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**लब्ध्वा राज्ञामिन्द्राश्चक्रवर्तिनस्तेषां चक्रं चक्ररत्नं। किं विशिष्टं? 'अवनीन्द्रशिरोऽर्चनीयं' अवन्यां निजनिजपृथिव्यां इन्द्रा मुकुटबद्धा राजानस्तेषां शिरोभिरर्चनीयं। तथा 'धर्मेन्द्रचक्रं' लब्ध्वा धर्मस्तस्योत्तमक्षमादिलक्षणस्य चारित्रलक्षणस्य वा इन्द्रा अनुष्ठातारः प्रणेतारो वा तीर्थकरादयस्तेषां चक्रं संघातं धर्मेन्द्राणां वा तीर्थकृतां सूचकं चक्रं धर्मचक्रं। कथंभूतं? 'अधरीकृतसर्वलोकं' अधरीकृतो भृत्यतां नीतः सर्वलोकस्त्रिभुवनं येन तत्। एतत्सर्वं[1] लब्ध्वा पश्चाच्छिवं चोपैति भव्य इति॥४१॥**

---

અપરિમિત (અમાપ) હોય છે, તથા 'राजेन्द्रचक्रम्' રાજાઓના ઈન્દ્રો તે રાજેન્દ્રો–ચક્રવર્તીઓ, ચક્રવર્તીઓના ચક્રરત્નને પ્રાપ્ત કરે છે. 'अवनींद्रशिरोऽर्चनीयम्' કે જે પોતપોતાની પૃથ્વીઓના અધિપતિ મુકુટબદ્ધ રાજાઓનાં મસ્તકો દ્વારા પૂજનીય હોય છે, તથા 'धर्मेन्द्रचक्रम्' ધર્મેન્દ્રચક્રને–ઉત્તમ ક્ષમાદિરૂપ અથવા ચારિત્રરૂપ ધર્મના ઈન્દ્રોના અનુષ્ઠાતા અથવા પ્રણેતા–તીર્થંકર આદિના સમૂહને અથવા ધર્મેન્દ્રોના–તીર્થંકરોના સૂચક ધર્મચક્રને પ્રાપ્ત કરે છે. 'अधरीकृतसर्वलोकम्' કે જેણે સર્વ લોકને (ત્રણ ભુવનને) દાસરૂપ બનાવ્યા છે (પોતાના મહિમા આગળ ત્રણ ભુવનને જેણે તુચ્છ (હલકા) કરી દીધા છે–નીચે પાડી દીધા છે)—એ બધું પ્રાપ્ત કરીને પછી સમ્યગ્દ્રષ્ટિ જીવ મોક્ષ પામે છે.

**ભાવાર્થ :**—આ અંતિમ શ્લોકમાં આચાર્ય શ્લોક ૩૬ થી ૪૧ સુધીનો ઉપસંહાર કરતાં કહે છે કે–સમ્યક્ત્વના પ્રભાવે સમ્યગ્દ્રષ્ટિ જીવ ઉત્તમ સાંસારિક સુખ હેયબુદ્ધિએ ભોગવી–અર્થાત્ ઉત્તમ મનુષ્યપણું, ઈન્દ્રની અપરિમિત વિભૂતિ, બત્રીસ હજાર મુકુટબદ્ધ રાજાઓ દ્વારા પૂજનીય ચક્રવર્તીપદ અને ત્રૈલોક્ય પૂજ્ય તીર્થંકરપદ પ્રાપ્ત કરીને અંતે મોક્ષ પામે છે.

સમ્યક્ત્વ આત્માનો શુદ્ધ પરિણામ છે, તેનાથી સંવર–નિર્જરા પૂર્વક મોક્ષની પ્રાપ્તિ થાય છે. અહીં જે સમ્યક્ત્વનું ફળ લૌકિક સુખ બતાવ્યું છે તે ઉપચરિત કથન છે; વાસ્તવમાં તે સમ્યક્ત્વનું ફળ નથી પણ ભૂમિકાનુસાર વર્તતા તેના સહચરરૂપ પ્રશસ્ત શુભ રાગનું તે ફળ છે, એમ સમજવું.

## વિશેષ

સમ્યગ્દ્રષ્ટિને દર્શનમોહનો અભાવ હોવાથી તેમને સત્યાર્થ શ્રદ્ધાન, સત્યાર્થ જ્ઞાન પ્રગટ હોય છે અને મિથ્યાત્વ સાથે અનંતાનુબંધી કષાયનો પણ અભાવ હોવાથી તેને સ્વરૂપાચરણચારિત્ર પણ અંશે હોય છે.

---

१. तत्सर्वं लब्ध्वा पश्चाच्च शिवमुपैति भव्य इति घ०।

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

इति प्रभाचन्द्रविरचितायां समन्तभद्रस्वामिविरचितोपासकाध्ययनटीकायां
प्रथमः परिच्छेदः ॥१॥

---

જોકે અપ્રત્યાખ્યાનાવરણના ઉદયને લીધે તેને દેશચારિત્ર અને પ્રત્યાખ્યાનાવરણના ઉદયને લીધે સકલચારિત્ર પ્રગટ્યું નથી, તોપણ તેને દેહાદિક પરદ્રવ્ય તથા રાગ–દ્વેષાદિ કર્મજનિત પરભાવમાં એવું દ્રઢ ભેદજ્ઞાન થયું છે કે તે પોતાના જ્ઞાન-દર્શનરૂપ જ્ઞાન-સ્વભાવમાં જ આત્મબુદ્ધિ રાખે છે અને પર્યાયમાં આત્મબુદ્ધિ સ્વપ્નમાં પણ રાખતો નથી.

સમ્યગ્દ્રષ્ટિ ચિંતવન કરે છે કે–'ભગવાન અને પરમાગમનું શરણ ગ્રહી, અંતર્મુખ થઈ, જ્ઞાનદ્રષ્ટિથી અવલોકન કર. સ્પર્શ, રસ, ગંધ, વર્ણાદિ–એ તારું સ્વરૂપ નથી, તે પુદ્‌ગલનું સ્વરૂપ છે. ક્રોધાદિ કષાય–ભાવ કર્મજનિત વિકાર છે, તે તારા સ્વરૂપથી ભિન્ન છે. દેવ, મનુષ્યાદિક પર્યાય તથા મનુષ્યાદિક ચાર ગતિ આત્માનું સ્વરૂપ નથી, તે કર્મજનિત છે, વિનાશિક છે.'

વળી તે ચિંતવે છે કે–'હું ગોરો કે શ્યામ નથી, રાજા કે રંક નથી, બળવાન કે નિર્બળ નથી, સ્વામી કે સેવક નથી, રૂપવાન કે કુરૂપ નથી, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય નથી, સ્ત્રી કે પુરુષ નથી, હું દેહ, ઇન્દ્રિયો કે મન નથી; કારણ કે એ સર્વે કર્મના ઉદયજનિત પુદ્‌ગલના વિકાર છે. એ રૂપ આત્માનું નથી, મારું સ્વરૂપ તો જ્ઞાતા–દ્રષ્ટા છે વગેરે.'

સમ્યગ્દ્રષ્ટિને આવું ભેદજ્ઞાન હોવાથી તેને પરમાં આત્મબુદ્ધિ, પર્યાયબુદ્ધિ, નિમિત્તબુદ્ધિ, વ્યવહારબુદ્ધિ અને કર્તાબુદ્ધિ છૂટી જાય છે, તેથી પરભાવોથી વિમુખ થઈ તે સ્વસન્મુખ થાય છે અને સત્ય શ્રદ્ધા–જ્ઞાનના બળથી યા જ્ઞાન–વૈરાગ્ય શક્તિના પ્રભાવથી તે આત્મસ્વરૂપમાં સ્થિર થવાનો નિરંતર અભ્યાસ કરે છે અને નિર્વિકાર–અતીન્દ્રિય આનંદનો અનુભવ કરે છે.

આવો અતીન્દ્રિય આનંદનો અનુભવ કરવો તે પણ સમ્યક્ત્વનો જ મહિમા છે, માટે મોક્ષાર્થીએ પ્રથમ તેને જ ધારણ કરવું જોઈએ. આત્માર્થીને સાંસારિક સુખ તો ધાન્ય સાથે ઘાસની જેમ સહજ પ્રાપ્ય છે. ૪૧.

એ પ્રમાણે શ્રી સમન્તભદ્ર સ્વામી વિરચિત
ઉપાસકાધ્યયનની પ્રભાચંદ્ર વિરચિત ટીકામાં
પહેલો પરિચ્છેદ પૂર્ણ થયો. ૧.

# ૨
# જ્ઞાનાધિકાર

अथ दर्शनरूपं धर्मं व्याख्याय ज्ञानरूपं तं व्याख्यातुमाह—

**अन्यूनमनतिरिक्तं याथातथ्यं विना च विपरीतात्।**
**निःसन्देहं वेद यदाहुस्तज्ज्ञानमागमिनः ।।४२।।**

'वेद' वेत्ति। 'यत्तदाहुर्ब्रुवते। 'ज्ञानं भावश्रुतरूपं। के ते? 'आगमिनः' आगमज्ञाः। कथं वेद? 'निःसन्देहं' निःसंशयं यथा भवति तथा। 'विना च विपरीतात्' विपरीताद्विपर्ययाद्विनैव विपर्ययव्यवच्छेदेनेत्यर्थः। तथा 'अन्यूनं' परिपूर्णं सकलं वस्तुस्वरूपं

---

હવે સમ્યગ્દર્શનરૂપ ધર્મનું વ્યાખ્યાન કરીને જ્ઞાનરૂપ ધર્મનું વ્યાખ્યાન કરવાને કહે છે—

## સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ (લક્ષણ)
### શ્લોક ૪૨

**અન્વયાર્થ** :—[यत्] જે (વસ્તુસ્વરૂપને) [अन्यूनम्] ન્યૂનતા રહિત, [अनतिरिक्तं] અધિકતારહિત, [विपरीतात् विना] વિપરીતતા વિના—વિપરીતતા રહિત, [च] અને [निःसंदेहम्] સંદેહરહિત [याथातथ्यं] જેમ છે તેમ [वेद] જાણે છે, [तत्] તેને [आगमिनः] ગણધરો યા શ્રુતકેવલીઓ [ज्ञानं] સમ્યગ્જ્ઞાન [आहुः] કહે છે.

**ટીકા** :—'यद् वेद तद् आगमिनः ज्ञानं आहुः' જે (નીચેની રીતે) જાણે છે તેને આગમના જાણનારા (ગણધરો અથવા શ્રુતકેવલીઓ) ભાવશ્રુતરૂપ જ્ઞાન કહે છે. કેવી રીતે જાણે છે? 'निःसंदेहं' નિઃસંશયપણે 'विना च विपरीतात्' વિપર્યય રહિત જ—વિપર્યયના વ્યવચ્છેદ પૂર્વક—એવો અર્થ છે. તથા 'अन्यूनं' પરિપૂર્ણ—સકલ વસ્તુસ્વરૂપને નહિ કે ન્યૂન—વિકલ વસ્તુસ્વરૂપને.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**यद्वेद 'तद्ज्ञानं' न[1] न्यूनं विकलं तत्स्वरूपं यद्वेद। तर्हि[2] जीवादिवस्तुस्वरूपेऽविद्यमानमपि सर्वथानित्यत्वक्षणिकत्वाद्वैतादिरूपं कल्पयित्वा यद्वेत्ति तदधिकार्थवेदित्वात्[3] ज्ञानं भविष्यतीत्यहत्राह—'अनतिरिक्तं' वस्तुस्वरूपादनतिरिक्तमनधिकं यद्वेद तज्ज्ञानं न पुनस्तद्वत्स्वरूपादधिकं कल्पनाशिल्पिकल्पितं यद्वेद। एवं चैतद्विशेषणचतुष्टय-सामर्थ्याद्यथाभूतार्थवेदकत्वं तस्य संभवति तद्दर्शयति—'यथातथ्यं' यथावस्थितवस्तुस्वरूपं यद्वेद तद्ज्ञानं भावश्रुतं। तद्रूपस्यैव ज्ञानस्य जीवाद्यशेषार्थानामशेषविशेषतः केवलज्ञानवत् साकल्येन स्वरूपप्रकाशनसामर्थ्यसम्भवात्। तदुक्तं—**

**स्याद्वादकेवलज्ञाने सर्वतत्त्वप्रकाशने।**
**भेदः साक्षादसाक्षाच्च ह्यवस्त्वन्यतमं भवेत्॥१॥ इति॥**

---

પ્રશ્ન :—તો પછી જીવાદિ વસ્તુસ્વરૂપમાં અવિદ્યમાન હોવા છતાં સર્વથા નિત્યત્વ, સર્વથા ક્ષણિકત્વ અને સર્વથા અદ્વૈત ઇત્યાદિરૂપ કલ્પીને જે જાણે તે અધિકાર્થનું જાણનારું હોવાથી જ્ઞાન છે ને?

ઉત્તર :—વસ્તુસ્વરૂપથી અનધિકપણે જે જાણે છે તે જ્ઞાન છે, પરંતુ તે વસ્તુસ્વરૂપથી અધિક કલ્પનારૂપ શિલ્પીથી કલ્પિત કરાયેલું જે જાણે છે તે જ્ઞાન નથી. એ રીતે આ ચાર વિશેષણોના સામર્થ્યથી તે યથાભૂત પદાર્થનું જાણનારું હોય છે, એમ હવે દર્શાવે છે—

**'याथातथ्यम्'** યથાસ્થિત વસ્તુસ્વરૂપને જે જાણે છે તે ભાવશ્રુતરૂપ જ્ઞાન છે; કારણ કે એવા રૂપવાળા જ્ઞાનને જ કેવળજ્ઞાનની માફક જીવાદિ સમસ્ત પદાર્થોના સ્વરૂપને સમસ્ત વિશેષો સહિત પ્રકાશવાનું સામર્થ્ય છે. તેથી (આપ્તમીમાંસામાં) કહ્યું છે કે—

**स्याद्वादकेवलज्ञाने, सर्वतत्त्वप्रकाशने।**
**भेदः साक्षादसाक्षाच्च, ह्यवस्त्वन्यतमं भवेत्॥१॥ इति॥**

---

१. नपुनर्न्यूनं घ०। २. जीवादिवस्तु घ प्रतौ 'तर्हि जीवादिवस्तुस्वरूपेऽविद्यमानमपि सर्वथानित्यत्वक्षणिकत्वाद्वैतादिरूपं कल्पयित्वा यद्वेत्ति तदधिकार्थवेदित्वात् ज्ञानं भविष्यतीत्यत्राह— अनतिरिक्तं वस्तुस्वरूपादनतिरिक्तं' इत्यस्य स्थाने 'जीवादिवस्तुस्वरूपादनधिकं यद्वेद तज्ज्ञानं' इत्येव पाठः। ३. विदितत्वात् ग०।

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**अतस्तदेवात्र धर्मत्वेनाभिप्रेतं तस्यैव मुख्यतो मूलकारणभूततया स्वर्गापवर्गसाधन-सामर्थ्यसंभवात् ॥१॥**

---

સર્વ તત્ત્વોનું પ્રકાશન કરવામાં, સ્યાદ્‌વાદ (શ્રુતજ્ઞાન) અને કેવળજ્ઞાનમાં પરોક્ષ અને પ્રત્યક્ષની અપેક્ષાએ જ ભેદ છે, તેનાથી બીજું (જ્ઞાન) અવસ્તુરૂપ છે. તેથી તે જ (ભાવશ્રુતરૂપ સમ્યગ્જ્ઞાન જ) ધર્મ છે—એવો અભિપ્રાય છે; કારણ કે મુખ્યપણે મૂળ કારણ હોવાથી તેનામાં સ્વર્ગ અને મોક્ષના સાધનનું સામર્થ્ય છે.

**ભાવાર્થ** :—જે વસ્તુના સ્વરૂપને, ન્યૂનતા, અધિકતા, વિપરીતતા અને સંદેહ રહિત જેમ છે તેમ જાણે છે, તેને ગણધરો યા શ્રુતકેવલીઓ 'સમ્યગ્જ્ઞાન' કહે છે; અર્થાત્ જે વસ્તુસ્વરૂપને સંશય (સંદેહ), વિપર્યય અને અનધ્યવસાય રહિત જેમ છે તેમ જાણે છે તેને સમ્યગ્જ્ઞાન કહે છે. આ પ્રમાણ–જ્ઞાનનું લક્ષણ છે. નિત્ય–અનિત્યરૂપ, સામાન્ય–વિશેષરૂપ એવું વસ્તુસ્વરૂપ જેમ છે તેમ જે જ્ઞાન જાણે તેને જ સત્યાર્થજ્ઞાન–પ્રમાણજ્ઞાન–સમ્યગ્જ્ઞાન કહે છે.[1]

## વિશેષ

આ શ્લોકની ટીકામાં સમ્યગ્જ્ઞાનને (૧) ભાવશ્રુતરૂપ જ્ઞાન, (૨) યથાભૂત અને (૩) જીવાદિ સમસ્ત પદાર્થોના સ્વરૂપને કેવળજ્ઞાનવત્ સંપૂર્ણપણે પ્રકાશન કરવાના સામર્થ્યવાળું કહ્યું છે; કારણ કે—

(૧) ભાવશ્રુતજ્ઞાન જેનું સ્વરૂપ છે એવા જ્ઞાનીને, અભેદરૂપ ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્માનું જ્ઞાન હોવાથી, તે પરથી અત્યંત વિરક્ત હોય છે. તેથી તે જ્ઞાની, કર્મના ઉદયના સ્વભાવને સ્વયં જ છોડી દે છે. (શ્રી સમયસાર ગાથા ૩૧૮ની ટીકા)

(૨) યથાભૂત–'**याथातथ्यं**' જે વસ્તુસ્વરૂપ છે તેમ જાણે તે જ્ઞાન ભાવશ્રુતરૂપ છે.

(૩) કેવળજ્ઞાનવત્—ચોથા–પાંચમા ગુણસ્થાનવર્તી જીવો પણ સમ્યગ્જ્ઞાની હોવાથી,

---

૧. **સંશય** (સંદેહ)–'विरुद्धानेककोटिस्पर्शिज्ञानं संशयः'—'આ પ્રમાણે છે કે આ પ્રમાણે છે'–એવું જે પરસ્પર વિરુદ્ધતાપૂર્વક બે પ્રકારરૂપ જ્ઞાન તેને સંશય કહે છે.

**વિપર્યય** (વિભ્રમ) 'विपरीतैककोटी निश्चयो विपर्ययः'–વસ્તુસ્વરૂપથી વિરુદ્ધતાપૂર્વક 'આમ જ છે' એવું એકરૂપ જ્ઞાન તે વિપર્યય છે.

**અનધ્યવસાય** (વિમોહ)–'किमित्यालोचनमात्रमनध्यवसायः'—'કંઈક છે' એવો નિર્ધારરહિત વિચાર તેનું નામ અનધ્યવસાય છે.

તેમને ભાવશ્રુતજ્ઞાન હોય છે અને તે જ્ઞાન સકળ પદાર્થોને પ્રકાશવાને સમર્થ હોવાથી તેને કેવળજ્ઞાનવત્ કહ્યું છે.

આવું જ્ઞાન ભૂતાર્થ–ત્રિકાળી ધ્રુવસ્વાત્માના આશ્રય વિના કોઈને પ્રગટ થઈ શકે નહિ.

જ્યાં સમ્યગ્જ્ઞાન હોય ત્યાં આત્મિક સુખ અભિન્ન હોય છે, કેમ કે જ્ઞાન અને સુખનું અભિન્નપણું છે. (જુઓ શ્રી પ્રવચનસાર ગાથા ૫૩ની શ્રી અમૃતચંદ્રાચાર્યકૃત ભૂમિકા).

‘‘.......પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોમાં સંશય, વિપર્યય અને અનધ્યવસાયરૂપ જે જાણવું થાય છે તેનું નામ મિથ્યાજ્ઞાન છે, પણ અપ્રયોજનભૂત પદાર્થોને યથાર્થ જાણે અથવા અયથાર્થ જાણે તેની અપેક્ષાએ કાંઈ મિથ્યાજ્ઞાન–સમ્યગ્જ્ઞાન નથી; જેમ મિથ્યાદૃષ્ટિ દોરડીને દોરડી જાણે તેથી (તેનું જ્ઞાન) કાંઈ સમ્યગ્જ્ઞાન નામ પામે નહિ તથા સમ્યગ્દૃષ્ટિ દોરડીને સાપ જાણે તેથી (તેનું જ્ઞાન) કાંઈ તે મિથ્યાજ્ઞાન નામ પામે નહિ.

‘‘........અહીં તો સંસાર–મોક્ષના કારણભૂત સત્ય–અસત્ય જાણવાનો નિર્ધાર કરવો છે, એટલે દોરડી–સર્પાદિકનું યથાર્થ વા અન્યથા જ્ઞાન કાંઈ સંસાર–મોક્ષનું કારણ નથી, માટે એની અપેક્ષાએ અહીં મિથ્યાજ્ઞાન–સમ્યગ્જ્ઞાન કહ્યું નથી; પણ પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોને જાણવાની અપેક્ષાએ જ મિથ્યાજ્ઞાન–સમ્યગ્જ્ઞાન કહ્યું છે અને એ જ અભિપ્રાયથી સિદ્ધાન્તમાં મિથ્યાદૃષ્ટિના સર્વ જાણવાને મિથ્યાજ્ઞાન જ કહ્યું તથા સમ્યગ્દૃષ્ટિના સર્વ જાણવાને સમ્યગ્જ્ઞાન કહ્યું.

‘‘કારણ કે મિથ્યાદૃષ્ટિ જાણે છે ત્યાં તેને સત્તા–અસત્તાનો વિશેષ (ભેદ) નથી, તેથી તે કારણ વિપરીતતા, સ્વરૂપ વિપરીતતા વા ભેદાભેદ વિપરીતતા ઉપજાવે છે.......એ પ્રમાણે મિથ્યાદૃષ્ટિના જાણવામાં વિપરીતતા હોય છે.

‘‘જેમ દારૂનો કેફી મનુષ્ય માતાને પોતાની સ્ત્રી માને તથા સ્ત્રીને માતા માને, તેમ મિથ્યાદૃષ્ટિમાં અન્યથા જાણવું હોય છે. વળી જેમ કોઈ કાળમાં એ કેફી મનુષ્ય માતાને માતા વા સ્ત્રીને સ્ત્રી પણ જાણે, તોપણ તેને નિશ્ચયરૂપ નિર્ધાર વડે શ્રદ્ધાનપૂર્વક જાણવું ન હોવાથી તેને યથાર્થ જ્ઞાન કહેતા નથી. તેમ મિથ્યાદૃષ્ટિ કોઈ કાળમાં કોઈ પદાર્થને સત્ય પણ જાણે, તોપણ તેના નિશ્ચયરૂપ નિર્ધારથી શ્રદ્ધાન સહિત જાણતો નથી, તેથી તેને સમ્યગ્જ્ઞાન કહેતા નથી; અથવા સત્ય જાણે છતાં એ વડે પોતાનું અયથાર્થ જ પ્રયોજન

तस्य विषयभेदाद्भेदान् प्ररूपयन्नाह—

**प्रथमानुयोगमर्थाख्यानं चरितं पुराणमपि पुण्यम्।**
**बोधिसमाधिनिधानं बोधति बोधः समीचीनः ॥४३॥**

---

સાધે છે, તેથી તેને સમ્યગ્જ્ઞાન કહેવાતું નથી. એ પ્રમાણે મિથ્યાદૃષ્ટિના જ્ઞાનને મિથ્યાજ્ઞાન કહીએ છીએ.

પ્રશ્ન :—એ મિથ્યાજ્ઞાનનું કારણ શું છે?

ઉત્તર :—મોહના ઉદયથી જે મિથ્યાત્વભાવ થાય છે—સમ્યગ્ભાવ થતો નથી એ જ મિથ્યાજ્ઞાનનું કારણ છે. જેમ વિષના સંયોગથી ભોજનને પણ વિષરૂપ કહેવામાં આવે છે, તેમ મિથ્યાત્વના સંબંધથી જ્ઞાન પણ મિથ્યાજ્ઞાન નામ પામે છે.

એ જ પ્રમાણે જીવને પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વ તથા અપ્રયોજનભૂત અન્ય પદાર્થોને યથાર્થ જાણવાની શક્તિ હોય, પણ ત્યાં જેને મિથ્યાત્વનો ઉદય હોય તે તો અપ્રયોજનભૂત હોય તેને જ વેદે છે—જાણે છે, પણ પ્રયોજનભૂતને જાણતો નથી. જો તે પ્રયોજનભૂતને જાણે તો સમ્યગ્જ્ઞાન બની જાય, પણ મિથ્યાત્વનો ઉદય હોવાથી તેમ બની શકતું નથી. માટે ત્યાં પ્રયોજનભૂત—અપ્રયોજનભૂત પદાર્થો જાણવામાં જ્ઞાનાવરણનું નિમિત્ત નથી, પરંતુ મિથ્યાત્વનો ઉદય—અનુદય જ કારણભૂત છે.''[1] ૪૨.

તેના (સમ્યગ્જ્ઞાનના) વિષય—ભેદથી પ્રથમાનુયોગરૂપ ભેદનું પ્રરૂપણ કરતાં કહે છે—

## પ્રથમાનુયોગનું સ્વરૂપ
## શ્લોક ૪૩

**અન્વયાર્થ** :—[समीचीनः बोधः] સમ્યગ્જ્ઞાન છે તે [अर्थाख्यानम्] જેમાં પરમાર્થરૂપ વિષયનું વ્યાખ્યાન છે એવા, [चरितं] જેમાં કોઈ એક મહાપુરુષના ચરિત્રનું વ્યાખ્યાન આવે છે એવા, [पुराणम् अपि] જેમાં ત્રેસઠ શલાકાપુરુષોની કથા આવે છે એવા, [पुण्यम्] જેને સાંભળવાથી પુણ્ય ઊપજે છે એવા અને [बोधिसमाधिनिधानम्] જે બોધિ અને સમાધિ એ બંને વિષયોનું નિધાન છે એવા (અર્થાત્ તેને સાંભળવાથી બોધિ અને સમાધિ પ્રાપ્ત થાય છે એવા) [प्रथमानुयोगम्] પ્રથમાનુયોગને [बोधति] જાણે છે.

---

૧. જુઓ, મોક્ષમાર્ગ પ્રકાશક, ગુજરાતી આવૃત્તિ, અધ્યાય ૪, પૃષ્ઠ ૮૮ થી ૯૦.

'बोधः समीचीनः' सत्यं श्रुतज्ञानं। 'बोधति' जानाति। कं? प्रथमानुयोगं। किं पुनः प्रथमानुयोगशब्देनाभिधीयते इत्याह—'चरितं पुराणमपि' एकपुरुषाश्रिता कथा चरितं त्रिषष्टिशलाकापुरुषाश्रिता कथा पुराणं तदुभयमपि प्रथमानुयोगशब्दाभिधेयं। तस्य प्रकल्पितत्वव्यवच्छेदार्थमर्थाख्यानमिति विशेषणं, अर्थस्य परमार्थस्य विषयस्याख्यानं प्रतिपादनं यत्र येन वा तं। तथा 'पुण्यं' प्रथमानुयोगं हि श्रृण्वंता पुण्यमुत्पद्यते इति पुण्यहेतुत्वात्पुण्यं तदनुयोगं। तथा 'बोधिसमाधिनिधानं' अप्राप्तानां हि सम्यग्दर्शनादीनां प्राप्तिर्बोधिः, प्राप्तानां तु पर्यन्तप्रापणं समाधिः, ध्यानं वा धर्म्यं शुक्लं च समाधिः तयोर्निधानं। तदनुयोगं हि श्रृण्वतां सद्दर्शनादेः प्राप्त्यादिकं धर्म्यध्यानादिकं च भवति॥४३॥

---

**ટીકા** :—'समीचीनः बोधः प्रथमानुयोगम् बोधति' સત્ય શ્રુતજ્ઞાન પ્રથમાનુયોગને જાણે છે. વળી 'પ્રથમાનુયોગ' શબ્દથી શું કહેવામાં આવે છે? તે કહે છે—'चरितं पुराणमपि'—એક પુરુષને આશ્રિત કથા તે 'ચરિત' અને ત્રેસઠ શલાકા પુરુષોને આશ્રિત કથા તે 'પુરાણ'—તે બંનેને (ચરિત અને પુરાણને) પ્રથમાનુયોગ શબ્દથી કહેવાય છે. તેના (પ્રથમાનુયોગના) પ્રકલ્પિતપણાના વ્યવચ્છેદ (નાશ) માટે 'अर्थाख्यानम्' એવું વિશેષણ છે. અર્થનું અર્થાત્ પરમાર્થરૂપ વિષયનું આખ્યાન[1] એટલે પ્રતિપાદન જેમાં થાય છે અથવા જેનાથી થાય છે એવો (પ્રથમાનુયોગ છે) તથા 'पुण्यम्' પ્રથમાનુયોગને સાંભળનારાઓને પુણ્ય ઊપજે છે એવા પુણ્ય—હેતુપણાને લીધે તે અનુયોગ (પ્રથમાનુયોગ) પુણ્યરૂપ છે; તથા 'बोधिसमाधिनिधानं' ખરેખર નહિ પ્રાપ્ત થયેલાં સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ તે 'બોધિ' અને પ્રાપ્ત થયેલાંનું (સમ્યગ્દર્શનાદિનું) અંતે (પૂર્ણતાએ) પહોંચવું તે 'સમાધિ' અથવા ધર્મધ્યાન અને શુક્લધ્યાન—તે સમાધિ. તે બંનેના (બોધિ અને સમાધિના) નિધાનરૂપ (ખજાનારૂપ) એવા પ્રથમાનુયોગના સાંભળનારાઓને સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ આદિ અને ધર્મધ્યાનાદિક થાય છે.

**ભાવાર્થ** :—કથા, ચરિત્ર અને પુરાણરૂપ ગ્રંથોને પ્રથમાનુયોગ કહે છે. પરમાર્થના અને તેના સાધક પુરુષોનું જેમાં વર્ણન (કથન) હોય તે આખ્યાન ગ્રંથો છે, જેમાં કોઈ એક પુરુષને આશ્રિત વર્ણન હોય તે ચરિત્ર ગ્રંથો છે અને જેમાં [2]ત્રેસઠ શલાકા પુરુષોને આશ્રિત વર્ણન હોય તે પુરાણ ગ્રંથો છે.

---

૧. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ—એ ચાર પુરુષાર્થોનું તથા તેમના સાધક પુરુષોનું કથન તે અર્થાખ્યાન.

૨. ત્રેસઠ શલાકા પુરુષો—૯ નારાયણ, ૯ પ્રતિનારાયણ, ૯ બળભદ્ર, ૧૨ ચક્રવર્તી અને ૨૪ તીર્થંકરો.

આ પ્રથમાનુયોગનાં શાસ્ત્રોનાં શ્રવણ, પઠન, મનન અને ચિંતનાદિથી પુણ્ય, બોધિ (રત્નત્રય) અને સમાધિની પ્રાપ્તિ થાય છે, કારણ કે તેઓ પુણ્યરૂપ તથા પુણ્યનું કારણ છે અને બોધિ તથા સમાધિનો ખજાનો છે; અર્થાત્ જે સમ્યગ્જ્ઞાન, આખ્યાન, ચરિત્ર અને પુરાણોરૂપ શાસ્ત્રોને જાણે છે તે ભાવશ્રુત જ્ઞાનને આચાર્ય પ્રથમાનુયોગ કહે છે. આ અનુયોગ સમ્યગ્જ્ઞાનનો વિષય છે.

## વિશેષ

[૧]''જૈનમતમાં ઉપદેશ ચાર અનુયોગનો આપ્યો છે. પ્રથમાનુયોગ, કરણાનુયોગ, ચરણાનુયોગ અને દ્રવ્યાનુયોગ—એ ચાર અનુયોગ છે. ત્યાં તીર્થંકર—ચક્રવર્તી આદિ મહાન પુરુષોનાં ચરિત્ર જેમાં નિરૂપણ કર્યાં હોય તે 'પ્રથમાનુયોગ' છે, ગુણસ્થાન—માર્ગણાદિરૂપ જીવનું, કર્મોનું વા ત્રિલોકાદિનું જેમાં નિરૂપણ હોય તે 'કરણાનુયોગ' છે, ગૃહસ્થ—મુનિના ધર્મ આચરણ કરવાનું જેમાં નિરૂપણ હોય તે 'ચરણાનુયોગ' છે તથા છ દ્રવ્ય, સાત તત્ત્વાદિક અને સ્વ—પર ભેદવિજ્ઞાનાદિકનું જેમાં નિરૂપણ હોય તે 'દ્રવ્યાનુયોગ' છે.''

''प्रथमानुयोगः प्रथमं मिथ्यादृष्टिमव्रतिकमव्युत्पन्नं वा प्रतिपाद्यमाश्रित्य प्रवृत्तोऽनुयोगोऽधिकारः प्रथमानुयोगः।''[2]

અર્થ :—પ્રથમ અર્થાત્ મિથ્યાદ્રષ્ટિ—અવ્રતી, વિશેષ જ્ઞાન રહિત શિષ્યને ઉદ્દેશી પ્રવૃત્ત થયેલો અનુયોગ અર્થાત્ અધિકાર તે પ્રથમાનુયોગ છે.

## પ્રથમાનુયોગનું પ્રયોજન

''પ્રથમાનુયોગમાં તો સંસારની વિચિત્રતા, પુણ્ય—પાપનાં ફળ તથા મહાપુરુષોની પ્રવૃત્તિ ઇત્યાદિ નિરૂપણથી જીવોને ધર્મમાં લગાવ્યા છે. જે જીવ તુચ્છ બુદ્ધિવાન હોય તે પણ આ અનુયોગથી ધર્મસન્મુખ થાય છે, કારણ કે જીવ સૂક્ષ્મ નિરૂપણને સમજતો નથી, પણ લૌકિક વાર્તાઓને જ જાણે છે તથા ત્યાં તેનો ઉપયોગ પણ લાગે છે. પ્રથમાનુયોગમાં પણ લૌકિક પ્રવૃત્તિરૂપ નિરૂપણ હોવાથી તેને તે બરાબર સમજી શકે છે.

૧. અને ૩. મોક્ષમાર્ગ પ્રકાશક ગુજરાતી આવૃત્તિ પૃષ્ઠ ૨૭૧, ૨૭૨, વધુ માટે જુઓ પૃષ્ઠ ૨૭૪ થી ૨૭૭ તથા ૨૮૯, ૨૯૧.

૨. ગોમ્મટસાર જીવકાંડ ગાથા ૩૬૧—૩૬૨ની ટીકા.

तथा[१]—

लोकालोकविभक्तेर्युगपरिवृत्तेश्चतुर्गतीनां च।
आदर्शमिव तथामतिरवैति करणानुयोगं च॥४४॥

---

“વળી લોકમાં તો રાજાદિકની કથાઓમાં પાપ છોડવાનું વા પુણ્યનું પોષણ છે. ત્યાં રાજાદિક મહાપુરુષોની કથા સાંભળે છે, પરંતુ તેનું પ્રયોજન જ્યાં–ત્યાંથી પાપને છોડી ધર્મમાં લગાવવાનું પ્રગટ કર્યું છે. તેથી તે જીવ કથાઓની લાલચ વડે પણ તેને વાંચે–સાંભળે તો પાછળથી પાપને બૂરું તથા ધર્મને ભલો ગણી ધર્મમાં રુચિવાન થાય છે. એ પ્રમાણે તુચ્છ બુદ્ધિવાનોને સમજાવવા માટે આ અનુયોગ છે......

“વળી જે જીવોને તત્ત્વજ્ઞાન થયું હોય તેઓ આ અનુયોગ વાંચે–સાંભળે તો તેમને આ ઉદાહરણરૂપ ભાસે છે. જેમ કે જીવ અનાદિનિધન છે તથા શરીરાદિ સંયોગી પદાર્થ છે–એમ જાણતો હતો. હવે પુરાણાદિકમાં જીવોનાં ભવાન્તરનું નિરૂપણ કર્યું છે તે એ જાણવામાં ઉદાહરણરૂપ થયું.

“વળી આ શુભ–અશુભ–શુદ્ધોપયોગને જાણતો હતો, વા તેના ફળને જાણતો હતો. હવે પુરાણોમાં તે ઉપયોગોની પ્રવૃત્તિ તથા તેનું ફળ જીવોને જે થયું હોય તેનું નિરૂપણ કર્યું છે. એ જ આ જાણવામાં ઉદાહરણરૂપ થયું,.......

“.......ધર્માત્મા છે તે, ધર્મીઓની પ્રશંસા અને પાપીઓની નિંદા જેમાં હોય એવી કોઈ પુરાણ પુરુષોની કથા સાંભળવાથી ધર્મમાં અતિ ઉત્સાહવાન થાય છે. એ પ્રમાણે આ પ્રથમાનુયોગનું પ્રયોજન જાણવું.” ૪૩.

## ૨. કરણાનુયોગનું સ્વરૂપ
### શ્લોક ૪૪

**અન્વયાર્થ** :—[तथा] તેવી જ રીતે (પ્રથમાનુયોગના પ્રકારે) [मतिः] સમ્યગ્જ્ઞાન (મનનરૂપ શ્રુતજ્ઞાન) [आदर्शम् इव] દર્પણની જેમ [लोकालोकविभक्तेः]

---

१. संपादनार्थमुपलब्धेषु पुस्तकेषु ‘क’ पुस्तके इतोग्रे इयं गाथा समुपलभ्यते ‘अह उड्ढतिरियलोए दिसि विदिसि जं पमाणियं भणियं। करणाणिउगं सिद्धं दीवसमुद्दा जिणग्गेहा’। गाथेयं करणानुयोगस्य लक्षणपरा, केनचित् ‘लोकालोकेति श्लोकस्य टीकायामवतारिता, लेखकप्रमादेन च प्रथमानुयोगलक्षणे संमिलिता भवेदिति प्रतिभाति।

'तथा' तेन प्रथमानुयोगप्रकारेण, 'मति'र्मननं[1] श्रुतज्ञानं। अवैति जानाति। कं? 'करणानुयोगं' लोकालोकविभागं पंचसंग्रहादिलक्षणं। कथंभूतमिव? 'आदर्शमिव' यथा आदर्शो दर्पणो मुखादेर्यथावत्स्वरूपप्रकाशकस्तथा करणानुयोगोऽपि स्वविषयस्यायं प्रकाशकः। 'लोकालोकविभक्तेः' लोक्यन्ते जीवादयः पदार्था यत्रासौ लोकस्त्रिचत्वारिंशदधिकशतत्रयपरिमितरज्जुपरिमाणः, —तद्विपरीतोऽलोकोऽनन्तमानावच्छिन्नशुद्धाकाशस्वरूपः तयोर्विभक्ति-र्विभागो भेदस्तस्याः आदर्शमिव। तथा 'युगपरिवृत्तेः' युगस्य कालस्योत्सर्पिण्यादेः परिवृत्तिः परावर्तनं तस्या आदर्शमिव। तथा 'चतुर्गतीनां च'

---

લોક—અલોકના વિભાગના—સ્વરૂપના [युगपरिवृत्तेः] યુગોના (અર્થાત્ કાલના પરિવર્તનના) સ્વરૂપના [च] અને [चतुर्गतीनाम्] ચાર ગતિઓના સ્વરૂપના પ્રકાશક એવા [करणानुयोगम् च] કરણાનુયોગને પણ [अवैति] જાણે છે.

**ટીકા** :—'तथा' તે પ્રથમાનુયોગના પ્રકારે 'मतिः मनिनं श्रुतज्ञानं' મતિ એટલે મનન—શ્રુતજ્ઞાન, 'अवैति' જાણે છે. કોને (જાણે છે)? 'करणानुयोगं' કરણાનુયોગને અર્થાત્ પંચસંગ્રહાદિરૂપ લોક—અલોકના વિભાગને; કોની માફક? 'आदर्शमिव' જેમ આદર્શ એટલે દર્પણ મુખાદિના યથાવત્ સ્વરૂપને પ્રકાશે છે, તેમ કરણાનુયોગ પણ પોતાના વિષયને પ્રકાશે છે.

'लोकालोकविभक्तेः' જેમાં જીવાદિ પદાર્થો જણાય તે લોક, તે ત્રણસો તેંતાલીશ (૩૪૩)થી અધિક ઘન રાજુ પ્રમાણ છે. તેનાથી વિપરીત સ્વરૂપવાળો અલોક છે, તે અનંત પ્રમાણ અને અવચ્છિન્ન શુદ્ધ આકાશસ્વરૂપ છે. તે બંનેના વિભાગને (ભેદને) આદર્શની જેમ પ્રકાશે છે, તથા 'युगपरिवृत्तेः' યુગના—કાલના—ઉત્સર્પિણી આદિના પરિવર્તનને દર્પણની જેમ પ્રકાશે છે. અને 'चतुर्गतिनाम् च' નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિરૂપ ચાર ગતિઓના (સ્વરૂપને) દર્પણની જેમ પ્રકાશે છે—વર્ણવે છે.

**ભાવાર્થ** :—જેમ દર્પણ મુખાદિ વસ્તુઓને જેમ છે તેમ બતાવે છે, તેમ જે શાસ્ત્ર પાંચ દ્રવ્યોના (જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને કાલના) સમૂહરૂપ લોક અને તેનાથી વિપરીત સ્વરૂપવાળા શુદ્ધ અનંત અલોકના વિભાગને, ઉત્સર્પિણી—અવસર્પિણીરૂપ કલ્પકાલના પરિવર્તનને અને નરકાદિ ચાર ગતિઓના સ્વરૂપને, જેમ છે તેમ બતાવે તેને કરણાનુયોગ કહે છે. આ અનુયોગ પણ સમ્યગ્જ્ઞાનનો વિષય છે, અર્થાત્ કરણાનુયોગ, લોક—અલોકના વિભાગને, યુગના પરિવર્તનને અને ચતુર્ગતિઓના સ્વરૂપને યથાવત્

---

१. मतिज्ञानं न श्रुतज्ञानम् इति ग पुस्तके ।

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**नरकतिर्यग्मनुष्यदेवलक्षणानामादर्शमिव ।।४४।।**

---

જાણવામાં દર્પણ સમાન છે—એમ શ્રુતજ્ઞાન (સમ્યગ્જ્ઞાન) જાણે છે.

## વિશેષ

"........કરણ એટલે ગણિત કાર્યના કારણરૂપ જે સૂત્ર, તેનો જેમાં 'અનુયોગ' અર્થાત્ અધિકાર હોય તે કરણાનુયોગ છે. આ અનુયોગમાં ગણિત—વર્ણનની મુખ્યતા છે."[1]

## કરણાનુયોગનું પ્રયોજન

"કરણાનુયોગમાં જીવોની વા કર્મોની વિશેષતા તથા ત્રિલોકાદિકની રચના નિરૂપણ કરી જીવોને ધર્મમાં લગાવ્યા છે. જે જીવ ધર્મમાં ઉપયોગ લગાવવા ઇચ્છે છે તે જીવોનાં ગુણસ્થાન—માર્ગણાદિ ભેદ તથા ત્રણ લોકમાં નરક—સ્વર્ગાદિનાં ઠેકાણાં ઓળખી પાપથી વિમુખ થઈ ધર્મમાં લાગે છે. વળી જો એવા વિચારોમાં ઉપયોગ રમી જાય તો પાપપ્રવૃત્તિ છૂટી સ્વયં તત્કાળ ધર્મ ઊપજે છે, તથા તેના અભ્યાસથી તત્ત્વજ્ઞાનની પણ પ્રાપ્તિ થાય છે. વળી આવું સૂક્ષ્મ અને યથાર્થ પદાર્થકથન જૈનમતમાં જ છે, અન્ય ઠેકાણે નથી એવો તેનો મહિમા જાણી તે જૈનમતનો શ્રદ્ધાની થાય છે.

"બીજું જે જીવ તત્ત્વજ્ઞાની હોય તે આ કરણાનુયોગનો અભ્યાસ કરે તો તેને આ તેના વિશેષણરૂપ ભાસે છે; જેમ જીવાદિક તત્ત્વોને પોતે જાણે છે, હવે તેના જ વિશેષ (ભેદ) કરણાનુયોગમાં કર્યા છે. તેમાં કોઈ વિશેષણ તો યથાવત્ નિશ્ચયરૂપ છે તથા કોઈ ઉપચાર સહિત વ્યવહારરૂપ છે. કોઈ દ્રવ્ય—ક્ષેત્ર—કાલ—ભાવાદિકનું સ્વરૂપ પ્રમાણાદિકરૂપ છે તથા કોઈ નિમિત્ત—આશ્રયાદિની અપેક્ષા સહિત છે, ઇત્યાદિ અનેક પ્રકારનાં વિશેષણ ત્યાં નિરૂપણ કર્યાં છે. તેને જેમ છે તેમ જાણીને આ કરણાનુયોગને અભ્યાસે તો એ અભ્યાસથી તત્ત્વજ્ઞાન નિર્મળ થાય છે......

"વળી અન્ય ઠેકાણે ઉપયોગને લગાવે તો રાગાદિકની વૃદ્ધિ થાય તથા છદ્મસ્થનો ઉપયોગ નિરંતર એકાગ્ર રહે નહિ, માટે જ્ઞાની પુરુષ આ કરણાનુયોગના અભ્યાસમાં પોતાનો ઉપયોગ લગાવે છે, જે વડે કેવળજ્ઞાન વડે દેખેલા પદાર્થોનું જાણપણું તેને થાય છે. ભેદમાત્ર ત્યાં પ્રત્યક્ષ—અપ્રત્યક્ષનો જ છે, પણ ભાસવામાં વિરુદ્ધતા નથી. એ પ્રમાણે

---

૧. મોક્ષમાર્ગ પ્રકાશક, ગુજરાતી આવૃત્તિ, પૃષ્ઠ ૨૭૬.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

तथा[1]—

**गृहमेध्यनगाराणां चारित्रोत्पत्तिवृद्धिरक्षाङ्गम्।**
**चरणानुयोगसमयं सम्यग्ज्ञानं विजानाति।।४५।।**

'सम्यग्ज्ञानं' भावश्रुतरूपं। 'विजानाति' विशेषेण जानाति। कं? 'चरणानुयोगसमयं'

---

આ કરણાનુયોગનું પ્રયોજન જાણવું."[2]

"પરમેશ્વર તો વીતરાગ છે. ભક્તિ કરવાથી પ્રસન્ન થઈ કાંઈ કરતા નથી પણ ભક્તિ કરતાં જે મંદ કષાય થાય છે તેનું સ્વયં જ ઉત્તમ ફળ થાય છે. હવે કરણાનુયોગના અભ્યાસમાં તેનાથી (ભક્તિથી) પણ અધિક મંદ કષાય થઈ શકે છે, તેથી તેનું ફળ અતિ ઉત્તમ થાય છે. વળી વ્રત–દાનાદિક તો કષાય ઘટાડવાનાં બાહ્ય નિમિત્ત–સાધન છે અને કરણાનુયોગનો અભ્યાસ કરતાં ત્યાં ઉપયોગ જોડાઈ જાય ત્યારે રાગાદિક દૂર થાય છે, તેથી તે અંતરંગ નિમિત્ત સાધન છે; માટે તે વિશેષ કાર્યકારી છે......[3] ૪૪.

## ચરણાનુયોગનું સ્વરૂપ

### શ્લોક ૪૫

**અન્વયાર્થ** :—[सम्यग्ज्ञानम्] સમ્યગ્જ્ઞાન, [गृहमेध्यनागराणाम्] ગૃહસ્થ, (શ્રાવક) અને મુનિઓનાં [चारित्रोत्पत्तिवृद्धिरक्षाङ्गम्] ચારિત્રની ઉત્પત્તિ, વૃદ્ધિ અને રક્ષાના કારણભૂત એવા [चरणानुयोगसमयम्] ચરણાનુયોગ શાસ્ત્રને [विजानाति] જાણે છે.

**ટીકા** :—'सम्यग्ज्ञानं' ભાવશ્રુતરૂપ જ્ઞાન, 'विजानाति' વિશેષ પ્રકારે જાણે છે. કોને? 'चरणानुयोगसमयं' ચારિત્રના પ્રતિપાદક આચારાદિ શાસ્ત્રને. કેવા (શાસ્ત્રને)?

---

૧. इतोग्रे क पुस्तके इयं गाथा समुपलभ्यते–तवचारित्तमुणीणं किरियाणं रिद्धिसहियाणं। उवसग्गं सण्णासं चरणाणिउगं पसंसंति।' गाथेयं चरणानुयोगलक्षणपरा। केनचित् 'गृहमेध्यनगाराणाम्' इति श्लोकस्य टीकायामवतारिता, लेखकप्रमादेन च करणानुयोगलक्षणे संमिलिता भवेत् इति प्रतिभाति।

૨. મોક્ષમાર્ગ પ્રકાશક–ગુજરાતી આવૃત્તિ પૃષ્ઠ ૨૭૨, ૨૭૩.
વધુ માટે જુઓ પૃષ્ઠ ૨૭૭ થી ૨૮૦, ૨૯૨, ૨૯૩.

૩. મોક્ષમાર્ગ પ્રકાશક, ગુજરાતી આવૃત્તિ, પૃષ્ઠ ૨૯૨.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**चारित्रप्रतिपादकं शास्त्रमाचाराङ्गादि। कथंभूतं? 'चारित्रोत्पत्तिवृद्धिरक्षाङ्गं' चारित्रस्योत्पत्तिश्च वृद्धिश्च रक्षा च तासामङ्गं कारणं अंगानि वा कारणानि प्ररूप्यन्ते यत्र। केषां तदङ्गं? 'गृहमेध्यनगाराणां' गृहमेधिनः श्रावकाः अनगारा मुनयस्तेषां॥४५॥**

---

'चारित्रोत्पत्तिवृद्धिरक्षाङ्गम्' ચારિત્રની ઉત્પત્તિ, વૃદ્ધિ અને રક્ષાના અંગની કારણની અથવા કારણોની—જેમાં પ્રરૂપણા કરવામાં આવી છે તેવા (શાસ્ત્રને). કોના ચારિત્રની ઉત્પત્તિ, વૃદ્ધિ અને રક્ષાનાં કારણભૂત? 'गृहमेध्यनगाराणाम्' શ્રાવકો અને મુનિઓનાં (ચારિત્રની ઉત્પત્તિ, વૃદ્ધિ અને રક્ષાના કારણભૂત).

**ભાવાર્થ** :—જે શાસ્ત્રમાં ગૃહસ્થ અને મુનિઓનાં ચારિત્રની ઉત્પત્તિ, વૃદ્ધિ અને રક્ષાનાં કારણોનું વર્ણન હોય તેને ચરણાનુયોગ કહે છે. આ અનુયોગ પણ સમ્યગ્જ્ઞાનનો વિષય છે, અર્થાત્ ગૃહસ્થ અને મુનિઓના ચારિત્રની ઉત્પત્તિ, વૃદ્ધિ અને રક્ષાનાં કારણભૂત ચરણાનુયોગ શાસ્ત્ર છે, એમ સમ્યગ્જ્ઞાન (ભાવશ્રુતજ્ઞાન) જાણે છે.

## વિશેષ
## ચરણાનુયોગનું પ્રયોજન

''ચરણાનુયોગમાં નાના પ્રકારનાં ધર્મસાધન નિરૂપણ કરી જીવોને ધર્મમાં લગાવીએ છીએ. જે જીવ હિત-અહિતને જાણતો નથી અને હિંસાદિ પાપકાર્યોમાં તત્પર થઈ રહ્યો છે, તેને જેમ તે પાપકાર્યોને છોડી ધર્મકાર્યોમાં જોડાય તેમ અહીં ઉપદેશ આપ્યો છે. તેને જાણી જિનધર્માચરણ કરવાને સન્મુખ થતાં તે જીવ ગૃહસ્થ-મુનિધર્મનું વિધાન સાંભળી પોતાનાથી જેવો ધર્મ સધાય તેવો ધર્મસાધનમાં લાગે છે. એવા સાધનથી કષાય પણ મંદ થાય છે અને તેના ફળમાં એટલું તો થાય છે કે તે કુગતિનાં દુઃખ ન પામતાં સુગતિનાં સુખ પામે. વળી એવા સાધનથી જૈનમતનાં નિમિત્ત પણ બન્યાં રહે છે. ત્યાં તેને તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થવાની હોય તો થઈ જાય.

''બીજું જે જીવ તત્ત્વજ્ઞાની થઈ આ ચરણાનુયોગને અભ્યાસે છે તેને એ બધાં આચરણ પોતાના વીતરાગભાવ અનુસાર ભાસે છે. એકદેશ વા સર્વદેશ વીતરાગતા થતાં એવી શ્રાવક-મુનિની દશા થાય છે, કારણ કે એ એકદેશ-સર્વદેશ વીતરાગતા અને શ્રાવક-મુનિ દશાને નિમિત્ત-નૈમિત્તિકપણું હોય છે, એમ જાણી શ્રાવક-મુનિ ધર્મના ભેદોને ઓળખી જેવો પોતાને વીતરાગભાવ થયો હોય તેવો તે પોતાને યોગ્ય ધર્મ હોય તેને સાધે છે. તેમાં પણ જેટલો અંશ વીતરાગતા હોય છે તેને તે કાર્યકારી જાણે છે, જેટલો અંશ રાગ રહે છે તેને હેય જાણે છે તથા સંપૂર્ણ વીતરાગતાને પરમ ધર્મ માને છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**जीवाजीवसुतत्त्वे पुण्यापुण्ये च बन्धमोक्षौ च।**
**द्रव्यानुयोगदीपः श्रुतविद्यालोकमातनुते॥४६॥**

'द्रव्यानुयोगदीपो' [1]'द्रव्यानुयोगसिद्धान्तसूत्रं तत्त्वार्थसूत्रादिस्वरूपो द्रव्यागमः स एव दीपः स। 'आतनुते' विस्तारयति अशेषविशेषतः प्ररूपयति। के? 'जीवाजीवसुतत्त्वे' उपयोगलक्षणो जीवः तद्विपरीतोऽजीवः तावेव शोभने अबाधिते तत्त्वे वस्तुस्वरूपे आतनुते। तथा 'पुण्यापुण्ये' सद्वेद्यशुभायुर्नामगोत्राणि हि पुण्यं ततोऽन्यत्कर्मापुण्यमुच्यते, ते च मूलोत्तरप्रकृतिभेदेनाशेषविशेषतो द्रव्यानुयोगदीप आतमुते। तथा 'बन्धमोक्षौ च'

---

એ પ્રમાણે ચરણાનુયોગનું પ્રયોજન છે."[2]. ૪૫.

## દ્રવ્યાનુયોગનું સ્વરૂપ
### શ્લોક ૪૬

**અન્વયાર્થ** :—[द्रव्यानुयोगदीपः] દ્રવ્યાનુયોગરૂપી દીપક [जीवाजीवसुतत्त्वै] જીવ અને અજીવ સુતત્વોને, [पुण्यापुण्ये] પુણ્ય તથા પાપને [च] અને [बन्धमोक्षौ] બંધ તથા મોક્ષને [श्रुतविद्यालोकं] ભાવશ્રુતજ્ઞાનનો પ્રકાશ થાય તેવી રીતે [आतनुते] વિસ્તારપૂર્વક નિરૂપે છે—પ્રગટ કરે છે.

**ટીકા** :—'द्रव्यानुयोगदीपो' દ્રવ્યાનુયોગ સિદ્ધાન્તસૂત્ર—તત્ત્વાર્થ સૂત્રાદિ સ્વરૂપ દ્રવ્યાગમ—એવો જ દીપક (અર્થાત્ દ્રવ્યાનુયોગરૂપી દીપક) તે 'आतनुते' વિસ્તારે છે અર્થાત્ સંપૂર્ણપણે પ્રરૂપે છે. કોને (પ્રરૂપે છે)? 'जीवाजीवसुतत्त्वे' જેનું લક્ષણ ઉપયોગ છે તે જીવ અને તેનાથી વિપરીત લક્ષણ જેનું છે તે અજીવ છે. તે બંને શોભન (સુંદર)—અબાધિત તત્ત્વોને—વસ્તુ સ્વરૂપને પ્રરૂપે છે. તથા 'पुण्यापुण्ये' શાતાવેદની, શુભઆયુ, શુભનામ અને શુભગોત્ર—એ પુણ્યકર્મ છે. અને તેનાથી અન્ય વિપરીત કર્મ (અર્થાત્ અશાતાવેદની, અશુભઆયુ, અશુભનામ અને અશુભગોત્ર) અપુણ્ય (પાપ) કર્મ કહેવાય છે. તેમને મૂલ પ્રકૃતિ અને ઉત્તર પ્રકૃતિના ભેદથી સમસ્ત વિષયોપૂર્વક દ્રવ્યાનુયોગરૂપી દીપક પ્રગટ કરે છે. તથા 'बन्धमोक्षौ च' મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગરૂપ કારણોથી

---

१. द्रव्यानुयोगः सिद्धान्तः ख

૨. મોક્ષમાર્ગ પ્રકાશક, ગુજરાતી આવૃત્તિ પૃષ્ઠ ૨૭૩.
વધુ માટે જુઓ પૃષ્ઠ ૨૮૦ થી ૨૮૬, ૨૯૩, ૨૯૪.

मिथ्यात्वाविरतिप्रमादकषाययोगलक्षणहेतुवशादुपार्जितेन कर्मणा सहात्मनः संश्लेषो बन्धः बन्धहेत्वभावनिर्जराभ्यां कृत्स्नकर्मविप्रमोक्षलक्षणो मोक्षस्तावप्यशेषतः द्रव्यानुयोगदीप आतनुते। कथं ? श्रुतविद्यालोकं श्रुतविद्या भावश्रुतं सैवालोकः प्रकाशो यत्र[1] कर्मणि तद्यथा भवत्येवं जीवादीनि स प्रकाशयतीति।।४६।।

ઉપાર્જિત કરેલાં કર્મ સાથે આત્માનો સંશ્લેષ (ગાઢ સંબંધ) તે બંધ, બંધ હેતુનો અભાવ (આસ્રવનો અભાવ અર્થાત્ સંવર) અને નિર્જરાથી (સંવર અને નિર્જરા એ બંનેથી) સમસ્ત કર્મનો છૂટકારો થવો તે મોક્ષ છે. તે બંનેને બંધ અને મોક્ષને પણ દ્રવ્યાનુયોગરૂપી દીપક સંપૂર્ણપણે પ્રગટ કરે છે. કેવી રીતે? 'श्रुतविद्यालोकं' શ્રુતજ્ઞાન એટલે ભાવશ્રુતજ્ઞાન—તેનો પ્રકાશ જે રીતે થાય તે રીતે, તે (દ્રવ્યાનુયોગ દીપક) જીવાદિને પ્રકાશે છે.

**ભાવાર્થ** :—દ્રવ્યાનુયોગરૂપી દીપક, જીવ—અજીવ સુતત્ત્વોને, પુણ્ય—પાપને અને બંધ—મોક્ષ તત્ત્વોને, જે રીતે ભાવશ્રુતજ્ઞાનનો પ્રકાશ થાય તે રીતે, પ્રગટ કરે છે—વિસ્તારે છે. આ અનુયોગ પણ સમ્યગ્જ્ઞાનનો વિષય છે, અર્થાત્ જે જ્ઞાન જીવ—અજવ સુતત્ત્વોને, પુણ્ય—પાપ તત્ત્વોને અને બંધ—મોક્ષ તત્ત્વોને પ્રકાશિત કરે છે—જાણે છે તે દ્રવ્યાનુયોગ ભાવશ્રુતજ્ઞાન છે.

## વિશેષ

## દ્રવ્યાનુયોગનું પ્રયોજન

"દ્રવ્યાનુયોગમાં દ્રવ્યોના અને તત્ત્વોના નિરૂપણ વડે જીવોને ધર્મમાં લગાવીએ છીએ. જે જીવ, જીવ—અજીવાદિ દ્રવ્યોને વા તત્ત્વોને ઓળખતો નથી તથા સ્વ—પરને જાણતો નથી, તેને હેતુ—દૃષ્ટાન્ત—યુક્તિ અને પ્રમાણ—નયાદિ વડે તેનું સ્વરૂપ એ પ્રમાણે અહીં બતાવ્યું છે; કે જેથી તેને તેની પ્રતીતિ થઈ જાય અને તેના અભ્યાસથી અનાદિ અજ્ઞાનતા દૂર થઈ અન્ય મતનાં કલ્પિત તત્ત્વાદિક જૂઠાં ભાસે ત્યારે જૈનમતની પ્રતીતિ પણ થાય તથા જો તેના ભાવનો અભ્યાસ રાખે તો તેને તુરત જ તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થઈ જાય.

"વળી જેને તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થઈ હોય—તત્ત્વજ્ઞાન થયું હોય તે જીવ આ દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરે તો તેને પોતાના શ્રદ્ધાન અનુસાર એ બધાં કથન પ્રતિભાસે છે. જેમ કોઈએ, કોઈ વિદ્યા શીખી લીધી હોય પણ જો તે તેનો અભ્યાસ રાખ્યા કરે, તો તે યાદ રહે, ન રાખે તો ભૂલી જાય, તેમ આને તત્ત્વજ્ઞાન તો થયું છે, પરંતુ જો તે

१. तेन कर्मणि ग।

[૧]इति प्रभाचन्द्रविरचितायां समन्तभद्रस्वामिविरचितोपासकाध्ययनटीकायां
द्वितीयः परिच्छेदः ।।२।।

દ્રવ્યાનુયોગનો અભ્યાસ કર્યા કરે તો તે તત્ત્વજ્ઞાન ટકી રહે, ન કરે તો ભૂલી પણ જાય, અથવા સંક્ષેપતાથી તત્ત્વજ્ઞાન થયું હતું તે અહીં નાના યુક્તિ–હેતુ–દ્રષ્ટાન્તાદિ વડે સ્પષ્ટ થઈ જાય તો પછી તેમાં શિથિલતા થઈ શકે નહિ અને તેના અભ્યાસથી રાગાદિક ઘટવાથી અલ્પકાળમાં મોક્ષ સધાય. એ પ્રમાણે દ્રવ્યાનુયોગનું પ્રયોજન જાણવું......''[૨]

''શંકા :—દ્રવ્યાનુયોગરૂપ અધ્યાત્મ ઉપદેશ છે, તે ઉત્કૃષ્ટ છે અને તે ઉચ્ચ દશાને પ્રાપ્ત હોય તેને જ કાર્યકારી છે પણ નીચલી દશાવાળાઓને તો વ્રત–સંયમાદિનો જ ઉપદેશ આપવો યોગ્ય છે.''

''સમાધાન :–જિનમતમાં તો એવી પરિપાટી છે કે પહેલાં સમ્યક્ત્વ હોય, પછી વ્રત હોય; હવે સમ્યક્ત્વ તો સ્વ–પરનું શ્રદ્ધાન થતાં થાય છે તથા તે શ્રદ્ધાન કરી સમ્યગ્દ્રષ્ટિ થાય અને ત્યાર પછી ચરણાનુયોગ અનુસાર વ્રતાદિક ધારણ કરી વ્રતી થાય. એ પ્રમાણે મુખ્યપણે તો નીચલી દશામાં જ દ્રવ્યાનુયોગ કાર્યકાર છે તથા ગૌણપણે જેને મોક્ષમાર્ગની પ્રાપ્તિ થતી ન જણાય તેને પહેલાં કોઈ વ્રતાદિકનો ઉપદેશ આપવામાં આવે છે માટે ઉચ્ચ દશાવાળાઓને અધ્યાત્મ ઉપદેશ અભ્યાસ કરવા યોગ્ય છે—એમ જાણી નીચલી દશાવાળાઓએ ત્યાંથી પરાઙ્મુખ થવું યોગ્ય નથી.''[૩] ૪૬.

ઈતિ શ્રી સમન્તભદ્રસ્વામિ વિરચિત ઉપાસકાધ્યયનની
શ્રી પ્રભાચન્દ્ર વિરચિત ટીકાનો બીજો
પરિચ્છેદ પૂર્ણ થયો. ૨.



૧. प्रशस्तिकेयं ख पुस्तके नास्ति।

૨. મોક્ષમાર્ગ પ્રકાશક–ગુજરાતી આવૃત્તિ–પૃષ્ઠ ૨૭૪,
વધુ માટે જુઓ પૃષ્ઠ ૨૮૬ થી ૨૮૯, ૨૯૪, ૨૯૫.

૩. મોક્ષમાર્ગ પ્રકાશક પૃષ્ઠ ૨૯૪, ૨૯૫.

# ૩
# ચારિત્રાધિકાર

अथ चरित्ररूपं धर्मं व्याचिख्यासुराह—

**मोहतिमिरापहरणे दर्शनलाभादवाप्तसंज्ञानः।**
**रागद्वेषनिवृत्त्यै चरणं प्रतिपद्यते साधुः ॥४७॥**

'चरणं' हिंसादिनिवृत्तिलक्षणं चारित्रं। 'प्रतिपद्यते' स्वीकरोति। कोऽसौ ? 'साधु'- र्भव्यः। कथंभूतः ? 'अवाप्तसंज्ञानः'। कस्मात् ? 'दर्शनलाभात्' तल्लाभोऽपि तस्य कस्मिन् सति संजातः ? 'मोहतिमिरापहरणे' मोहो दर्शनमोहः स एव तिमिरं तस्यापहरणे यथासम्भवमपशमे क्षये क्षयोपशमे वा। अथवा मोहो दर्शनचारित्रमोहस्तिमिरं ज्ञानावरणादि

---

હવે ચારિત્રરૂપ ધર્મનું વ્યાખ્યાન કરવા ઇચ્છનાર કહે છે—

**શ્લોક ૪૭**

**અન્વયાર્થ** :—[मोहतिमिरापहरणे] દર્શનમોહરૂપી અંધકાર દૂર થતાં [दर्शनलाभात्] સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી [अवाप्तसंज्ञानः] જેને સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થયું છે તેવો [साधुः] ભવ્ય જીવ, [रागद्वेषनिवृत्यै] રાગ–દ્વેષની નિવૃતિ માટે (રાગ-દ્વેષને દૂર કરવા માટે) [चरणम्] સમ્યક્ચારિત્ર [प्रतिपद्यते] ધારણ કરે છે.

**ટીકા** :—'चरणं' હિંસાદિથી નિવૃત્તિરૂપ ચારિત્રને 'प्रतिपद्यते' સ્વીકારે છે–ધારણ કરે છે. કોણ તે? 'साधुः' ભવ્ય જીવ, કેવો (ભવ્ય જીવ)? 'अवाप्तसंज्ञानं:' જેને સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થયું છે તેવો. શાથી—(શા કારણથી)? 'दर्शनलाभात्' સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી. તેની પ્રાપ્તિ પણ તેને શું થતાં થઈ? 'मोहतिमिरापहरणे' મોહ એટલે દર્શનમોહ (દર્શનમોહરૂપી)—અંધકાર–તે દૂર થતાં અર્થાત્ યથાસંભવ તેનો ઉપશમ, ક્ષય કે ક્ષયોપશમ થતાં–અથવા મોહ એટલે દર્શન–ચારિત્રમોહ અને તિમિર (અંધકાર) એટલે જ્ઞાનાવરણાદિ–

**तयोरपहरणे। अयमर्थः—दर्शनमोहापहरणे दर्शनलाभः। तिमिरापहरणे सति दर्शनलाभादवाप्तसंज्ञानः भवत्यात्मा। ज्ञानावरणापगमे हि ज्ञानमुत्पद्यमानं सद्दर्शनप्रसादात् सम्यग्व्यपदेशं लभते, तथाभूतश्चात्मा चारित्रमोहापगमे चरणं प्रतिपद्यते। किमर्थं? 'रागद्वेषनिवृत्त्यै' रागद्वेषनिवृत्तिनिमित्तं।।४७।।**

---

તે બંને દૂર થતાં (સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ). આનો અર્થ એ છે કે–દર્શનમોહ દૂર થતાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે અને જ્ઞાનાવરણાદિકરૂપ અંધકારનો નાશ થતાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી આત્મા સમ્યગ્જ્ઞાની થાય છે. જ્ઞાનાવરણનો અભાવ થતાં (ક્ષયોપશમ થતાં) જે જ્ઞાન ઉત્પન્ન (પ્રગટ) થાય છે, તે સમ્યગ્દર્શનના પ્રસાદથી સમ્યક્ નામ પામે છે. (જ્ઞાન સમ્યગ્જ્ઞાનની સંજ્ઞા પ્રાપ્ત કરે છે) અને આવો આત્મા, ચારિત્રમોહનો નાશ થતાં, ચારિત્ર અંગીકાર કરે છે. શા માટે? **'रागद्वेषनिवृत्त्यै'** રાગ–દ્વેષની નિવૃત્તિ માટે (તે ચારિત્ર ગ્રહણ કરે છે.)

**ભાવાર્થ** :—મિથ્યાત્વરૂપ અંધકાર દૂર થતાં–દર્શનમોહનીય અને અનંતાનુબંધી કષાય વેદનીય (ચારિત્રમોહનીય)નો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય થતાં, સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થવાથી જેનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન થયું છે તેવો ભવ્ય આત્મા, રાગ–દ્વેષને દૂર કરવા માટે ચારિત્ર અંગીકાર કરે છે.

આ શ્લોકમાં આચાર્યે મુખ્ય બે બાબતો દર્શાવી છે–(૧) ચારિત્ર ધારણ કરનારની યોગ્યતા અને (૨) ચારિત્ર ધારણ કરવાનો ઉદ્દેશ્ય. જ્યારે જીવને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, ત્યારે જ તે સમ્યક્ચારિત્ર ધારણ કરવાને પાત્ર બને છે; તે સિવાય તેનું ચારિત્ર મિથ્યાચારિત્ર નામ પામે છે. રાગ–દ્વેષાદિનો અભાવ કરવો તે સમ્યક્ચારિત્ર ધારણ કરવાનો ઉદ્દેશ્ય છે.[૧]

જેમ જે સમયે અંધકાર નાશ પામે છે તે જ સમયે પ્રકાશ ઉત્પન્ન થાય છે, (અંધકારનો નાશ અને પ્રકાશનો ઉત્પાદ બંને એક જ સમયે હોય છે.) તેમ જે સમયે દર્શનમોહાદિનો અભાવ થાય છે તે જ સમયે સમ્યક્ત્વની ઉત્પત્તિ થાય છે, અને જે સમયે સમ્યક્ત્વની ઉત્પત્તિ થાય છે તે જ સમયે પૂર્વનું મતિ અજ્ઞાન અને શ્રુત અજ્ઞાન–બંને સમ્યક્રૂપે પરિણમે છે.

જેમ મેઘપટલનો અભાવ થતાંની સાથે જ (યુગપદ્) સૂર્યનો પ્રતાપ અને પ્રકાશ

---

૧. જુઓ પુરુષાર્થસિદ્ધિ–ઉપાય શ્લોક ૩૭, ૩૮.

**तन्निवृत्तावेव हिंसादिनिवृत्तेः संभवादित्याह—**

બંનેનો એકીસાથે આવિર્ભાવ થાય છે તેમ મિથ્યાત્વનો અભાવ થતાં જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની–બંનેની એક સાથે પ્રાપ્તિ થાય છે.[૧]

## વિશેષ

જોકે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એકી સાથે (યુગપદ્) ઉત્પન્ન થાય છે, તોપણ તે બંને અલગ–અલગ છે, કારણ કે બંનેના લક્ષણ ભિન્ન–ભિન્ન છે. સમ્યગ્દર્શનનું લક્ષણ શ્રદ્ધાન કરવું અને સમ્યગ્જ્ઞાનનું લક્ષણ જાણવું તે છે અને તે બંનેમાં કારણ–કાર્ય ભાવનો પણ ભેદ છે. સમ્યગ્દર્શન કારણ છે અને સમ્યગ્જ્ઞાન કાર્ય છે.[૨] જેમ દીપકથી જ્યોતિ અને પ્રકાશ બંને એક સાથે પ્રગટ થાય છે, તોપણ લોકો કહે છે કે દીપકની જ્યોતિથી પ્રકાશ થાય છે, તેમ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પણ જોકે એક સાથે ઉત્પન્ન થાય છે, તોપણ તે બંનેમાં કારણ–કાર્યભાવ છે, અર્થાત્ સમ્યગ્દર્શનના નિમિત્તે સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થાય છે, જ્યાં સુધી સમ્યગ્દર્શન હોતું નથી ત્યાં સુધી સમ્યગ્જ્ઞાન કહેવાતું નથી. સમ્યગ્દર્શન કારણ અને સમ્યગ્જ્ઞાન કાર્ય છે.[૩] ૪૭.

તેમની (રાગ–દ્વેષાદિની) નિવૃત્તિ થતાં જ હિંસાદિની નિવૃત્તિ સંભવે છે–એમ કહે છે—

---

૧. यदाऽस्य दर्शनमोहस्योपशमात्क्षयोपशमाद्वा आत्मा सम्यग्दर्शनपर्यायेणाविर्भवति, तदैव तस्य मत्यज्ञान श्रुताज्ञाननिवृत्तिपूर्वकं मतिज्ञानं श्रुतज्ञानं चाविर्भवति। घनपटल विगमे सवितुः प्रताप-प्रकाशाभिव्यक्तिवत्। (सर्वार्थसिद्धि १–१)

૨. સમ્યક્ સાથૈ જ્ઞાન હોય, પૈ ભિન્ન આરાધૌ,
લક્ષણ શ્રદ્ધા જાન, દુહૂમેં ભેદ અબાધૌ;
સમ્યક્ કારણ જાન, જ્ઞાન કારજ હૈ સોઈ,
યુગપત્ હોતે હૂ, પ્રકાશ દીપકતૈં હોઈ. ૧. (છહઢાળા ૪–૧)

३. सम्यग्ज्ञानं कार्यं सम्यक्त्वं कारणं वदन्ति जनाः।
ज्ञानाराधनमिष्टं सम्यक्त्वानन्तरं तस्मात्॥३३॥
कारणकार्यविधानं समकालं जायमानयोरपि हि।
दीपप्रकाशयोरिव सम्यक्त्वज्ञानयोः सुघटम्॥३४॥
[पुरुषार्थसिद्ध्युपाय–श्री अमृतचंद्राचार्य]

रागद्वेषनिवृत्तेर्हिंसादिनिवर्त्तना कृता भवति।
अनपेक्षितार्थवृत्तिः कः पुरुषः सेवते नृपतीन्॥४८॥

'हिंसादेः निवर्तना' व्यावृत्तिः कृता भवति। कुतः? 'रागद्वेषनिवृत्तेः'। अयमत्र तात्पर्यार्थः—प्रवृत्तरागादिक्षयोपशमादेः हिंसादिनिवृत्तिलक्षणं चारित्रं भवति। ततो भाविरागादिनिवृत्तेरेवं प्रकृष्टतरप्रकृष्टतमत्वाद् हिंसादि निवर्तते। देशसंयतादिगुणस्थाने रागादिहिंसादिनिवृत्तिस्तावद्वर्तते यावन्निःशेषरागादिप्रक्षयः तस्माच्च निःशेषहिंसादिनिवृत्तिलक्षणं परमोदासीनतास्वरूपं परमोत्कृष्टचारित्रं भवतीति। अस्यैवार्थस्य समर्थनार्थमर्थान्तरन्यास-माह—'अनपेक्षितार्थवृत्तिः कः पुरुषः सेवते नृपतीन्' अनपेक्षिताऽनभिलषिता अर्थस्य

---

## રાગ–દ્વેષની નિવૃત્તિથી ચારિત્રની ઉત્પત્તિ

### શ્લોક ૪૮

**અન્વયાર્થ** :—[रागद्वेषनिवृत्तेः] રાગ–દ્વેષની નિવૃત્તિ થવાથી [हिंसादि निवर्त्तना] હિંસા, જૂઠ, ચોરી, કુશીલ અને પરિગ્રહ—એ પાંચ પાપોથી નિવૃત્તિ [कृता भवति] (સ્વયમેવ) થઈ જાય છે, કેમ કે [अनपेक्षितार्थवृत्तिः] જેને કોઈ પ્રયોજનરૂપ ફળની પ્રાપ્તિની અભિલાષા નથી તેવો [कः पुरुषः] કોણ પુરુષ [नृपतीन्] રાજાઓની [सेवते] સેવા કરે? (અર્થાત્ કોઈ નહિ.)

**ટીકા** :—'हिंसादेः निवर्तना कृता भवति' હિંસાદિ પાંચ પાપોથી વ્યાવૃત્તિ (સ્વતઃ) થઈ જાય છે. શાથી? 'रागद्वेषनिवृत्तेः' રાગ–દ્વેષની નિવૃત્તિથી. અહીં તાત્પર્યાર્થ એ છે કે–(વર્તમાન) પ્રવર્તતા રાગાદિના ક્ષયોપશમાદિથી હિંસાદિ પાપોના ત્યાગરૂપ ચારિત્ર થાય છે. ત્યાર પછી આગામી કાળમાં થવાવાળા, રાગાદિભાવોની નિવૃત્તિથી આગળ–આગળ પ્રકૃષ્ટ, પ્રકૃષ્ટતર અને પ્રકૃષ્ટતમ એ રીતે હિંસાદિની નિવૃત્તિ થાય છે. અર્થાત્ દેશસંયતાદિ ગુણસ્થાનોમાં રાગાદિ ભાવની તથા હિંસાદિ પાપોની નિવૃત્તિ ત્યાં સુધી થતી રહે છે કે જ્યાં સુધી સમસ્ત રાગાદિનો ક્ષય અને તેથી થવાવાળું સમસ્ત હિંસાદિ પાપોના ત્યાગરૂપ પરમ ઉદાસીનતા સ્વરૂપ પરમોત્કૃષ્ટ ચારિત્ર થાય છે. આ જ અર્થના સમર્થન માટે 'અર્થાન્તરન્યાસ' કહે છે—

'अनपेक्षार्थवृत्तिः कः पुरुषः सेवते नृपतीन्' અર્થની–પ્રયોજનની–ફળની પ્રાપ્તિની

**प्रयोजनस्य फलस्य वृत्तिः प्राप्तिर्येन स तथाविधः पुरुषः को, न कोऽपि प्रेक्षापूर्वकारी, सेवते नृपतीन् ॥४८॥**

---

જેને અપેક્ષા નથી—અભિલાષા નથી, તેવો કોણ પુરુષ રાજાઓની સેવા કરે? અર્થાત્ કોઈ પણ બુદ્ધિમાન મનુષ્ય ન કરે.

**ભાવાર્થ :**—રાગ–દ્વેષની નિવૃત્તિ થવાથી (અર્થાત્ ભાવહિંસા દૂર થતાં) હિંસાદિક પાંચ પાપના ત્યાગરૂપ ચારિત્રની સ્વયં ઉત્પત્તિ થાય છે. જેને ધન–પ્રાપ્તિની ઇચ્છા ન હોય તે પુરુષ રાજાઓની સેવા કેમ કરે? ન જ કરે; તેમ જે પુરુષને રાગ–દ્વેષનો અભાવ છે તે હિંસાદિ પાપકાર્ય કેમ કરે? ન જ કરે.

## વિશેષ

હિંસાના બે પ્રકાર છે—એક ભાવહિંસા અને બીજી દ્રવ્યહિંસા. પ્રમત્તયોગ અર્થાત્ રાગાદિભાવની ઉત્પત્તિને ભાવહિંસા કહે છે અને પોતાના યા પર જીવના દ્રવ્યપ્રાણોના અભાવને–વિયોગને–ઘાતને દ્રવ્યહિંસા કહે છે.

શ્રી અમૃતચંદ્રાચાર્યે 'પુરુષાર્થસિદ્ધ્યુપાય'માં અહિંસા–હિંસાનું લક્ષણ દર્શાવતાં કહ્યું છે કે—

**अप्रादुर्भावः खलु रागादीनां भवत्यहिंसेति।**
**तेषामेवोत्पत्तिर्हिंसेति जिनागमस्य संक्षेपः ॥४४॥**

વાસ્તવમાં રાગાદિનું પ્રગટ ન થવું તે અહિંસા છે અને રાગાદિ ભાવોની ઉત્પત્તિ હોવી તે હિંસા છે. આ જૈન આગમનું (જૈન સિદ્ધાંતનું) સંક્ષિપ્ત રહસ્ય છે.

વળી આગળ કહે છે કે કેવળ દ્રવ્ય પ્રાણોની હિંસા તે વાસ્તવમાં હિંસા નથી—

**युक्ताचरणस्य सतो रागाद्यावेशमन्तरेणापि।**
**न हि भवति जातु हिंसा प्राणव्यपरोपणादेव॥४५॥**

યોગ્ય આચરણવાળા (સમિતિપૂર્વક આચરણ કરવાવાળા) સત્ પુરુષને (મુનિને), રાગાદિના આવેશ વિના, કેવળ દ્રવ્યપ્રાણોના વિયોગથી જ હિંસા થતી નથી.

આથી સ્પષ્ટ છે કે વાસ્તવમાં ભાવહિંસા જ હિંસા છે. દ્રવ્યહિંસા તે હિંસા નથી, કારણ કે પ્રમત્તયોગવાળા પુરુષને અંતરંગમાં ભાવહિંસા છે, તેથી બાહ્યમાં દ્રવ્યહિંસા નહિ હોવા છતાં તેને હિંસાનું પાપ લાગે છે અને કર્મનો બંધ થાય છે, કિન્તુ સમિતિપૂર્વક આચરણ કરનાર મુનિને ભાવહિંસાનો અભાવ હોવાથી તેના પગ તળે કોઈ જીવ અચાનક

अत्रापरः प्राह—चरणं प्रतिपद्यतं इत्युक्तं तस्य तु लक्षणं नोक्तं तदुच्यतां, इत्याशंक्याह—

**हिंसानृपतचौर्य्येभ्यो मैथुनसेवापरिग्रहाभ्यां च।**
**पापप्रणालिकाभ्यो विरतिः संज्ञस्य चारित्रम्॥४९॥**

'चारित्रं' भवति। कासौ ? 'विरतिः' व्यावृत्तिः। केभ्यः ? 'हिंसानृतचौर्येभ्यः' हिंसादीनां स्वरूपकथनं स्वयमेवाग्रे ग्रन्थकारः करिष्यति। न केवलमेतेभ्य एव विरतिः—

---

આવીને મરી જાય અને દ્રવ્યહિંસા થાય તોપણ તેનાથી તેને રંચમાત્ર પણ બંધ થતો નથી, કારણ કે કર્મબંધનો નિયમ દ્રવ્યહિંસા અનુસાર નથી, પરંતુ ભાવહિંસા અનુસાર છે.

વળી તત્ત્વાર્થસૂત્રમાં શ્રી ઉમાસ્વામીએ કહ્યું છે કે—

प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा ।

પ્રમત્તયોગથી ભાવ તથા દ્રવ્યપ્રાણોનો ઘાત (વિયોગ) તે હિંસા છે, અર્થાત્ એકલા દ્રવ્યપ્રાણોનો ઘાત થવો તે હિંસા નથી, પરંતુ પ્રમત્તયોગથી (સ્વરૂપની અસાવધાનીથી–રાગાદિની ઉત્પત્તિથી) ચૈતન્યપ્રાણોનો ઘાત થવો તે હિંસા છે. પ્રમત્તયોગ એ હિંસાનું વાસ્તવિક કારણ છે. દ્રવ્યપ્રાણોનો ઘાત થવો એ હિંસાનું ખરું કારણ નથી. ૪૮.

અહીં કોઈ કહે છે—'ચારિત્ર અંગીકાર કરે છે' એમ કહ્યું, કિન્તુ તેનું લક્ષણ તો કહ્યું નહિ, તેથી તે કહો—એવી આશંકા કરી કહે છે—

## ચારિત્રનું લક્ષણ

### શ્લોક ૪૯

**અન્વયાર્થ** :—[संज्ञस्य] સમ્યગ્જ્ઞાની જીવનું [पापप्रणालिकाभ्यः] જેઓ પાપના દ્વારરૂપ (કારણરૂપ) છે એવા [हिंसानृतचौर्येभ्यः] હિંસા, જૂઠ અને ચોરીથી [च] અને [मैथुनसेवापरिग्रहाभ्याम्] મૈથુનસેવન (કુશીલ) અને પરિગ્રહથી [विरतिः] વિરક્ત હોવું તે [चारित्रम्] ચારિત્ર છે.

**ટીકા** :—'चारित्रम्' ચારિત્ર છે. શું તે? 'विरतिः' વ્યાવૃત્તિ (પાછા હઠવું તે). કોનાથી? 'हिंसानृतचौर्येभ्यः' હિંસા, જૂઠ અને ચોરીથી. હિંસાદિનું સ્વરૂપકથન ગ્રંથકાર સ્વયં જ આગળ કરશે. કેવળ એનાથી (હિંસાદિથી) જ વિરતિ છે એટલું જ નહિ, પરંતુ

**अपि तु 'मैथुनसेवापरिग्रहाभ्यां'। एतेभ्यः कथंभूतेभ्यः? 'पापप्रणालिकाभ्यः' पापस्य प्रणालिका इव पापप्रणालिका आस्रवणद्वाराणि ताभ्यः। कस्य तेभ्यो विरतिः? 'संज्ञस्य' सम्यग्जानातीति संज्ञः तस्य हेयोपादेयतत्त्वपरिज्ञानवतः॥४६॥**

---

'मैथुनसेवापरिग्रहाभ्याम्' મૈથુનસેવન અને પરિગ્રહથી પણ (વિરતિ છે.) કેવા તેમનાથી? 'पापप्रणालिकाभ्यः' જેઓ પાપરૂપી પ્રણાલિકાઓ—આસ્રવદ્વારો છે—તેમનાથી. વિરતિ કોને હોય છે? 'संज्ञस्य' હેય–ઉપાદેય તત્ત્વોના પરિજ્ઞાનથી યુક્ત સમ્યક્પ્રકારે જાણનાર એવા સંજ્ઞ (સમ્યગ્જ્ઞાની) તેમને (તેમનાથી વિરતિ હોય છે.)

**ભાવાર્થ** :—પાપના કારણભૂત હિંસા, જૂઠ, ચોરી, કુશીલ અને પરિગ્રહ—એ પાંચ પાપોથી (એકદેશ વા સર્વદેશ) વિરક્ત થવું અર્થાત્ તેમનો વીતરાગભાવ વડે ત્યાગ કરવો તે સમ્યગ્જ્ઞાનીનું સમ્યક્ચારિત્ર છે.

જે હિંસાદિ પાપભાવ થાય છે તેનાથી વિરતિ થતાં જ—વિરક્ત ભાવ થતાં જ હિંસાદિ દ્રવ્યક્રિયાઓનો સ્વયં ત્યાગ થઈ જાય છે. તેમનો ત્યાગ કરવો એ વ્યવહારનયનું કથન છે. વાસ્તવમાં જીવ પરદ્રવ્યોના ગ્રહણ–ત્યાગ કરી શકતો નથી. અજ્ઞાન અવસ્થામાં અશુદ્ધ નિશ્ચયનયે તે ગ્રહણ–ત્યાગનો માત્ર ભાવ કરી શકે, જ્ઞાન અવસ્થામાં પર પદાર્થો અને તેમનાં ગ્રહણ–ત્યાગનો વિકલ્પ બંને પોતાના જ્ઞાનમાં જ્ઞેયરૂપે જ પ્રવર્તે છે.

ચારિત્રરૂપ ખરો ત્યાગ ભાવ હેય–ઉપાદેય તત્ત્વોને સમ્યક્પ્રકારે જાણનાર જ્ઞાનીને જ હોય છે. મિથ્યાદ્રષ્ટિ–અજ્ઞાનીને હોતો નથી.

પુરુષાર્થસિદ્ધિ–ઉપાયમાં કહ્યું છે કે—

"અજ્ઞાનપૂર્વક ચારિત્ર સમ્યક્ નામ પામતું નથી, તેથી સમ્યગ્જ્ઞાનની પછી સમ્યક્ચારિત્રની આરાધના કરવી કહી છે."[1]

અર્થાત્ સમ્યગ્દર્શનપૂર્વક સમ્યગ્જ્ઞાન વિના જે બાહ્ય ચારિત્ર પાળે છે તે બધું બાલચારિત્ર યા મિથ્યાચારિત્ર કહેવાય છે.

શ્રાવકને એકદેશ વીતરાગતા થતાં નિમિત્ત–નૈમિત્તિક સંબંધ તરીકે વ્રતનું પાલન હોય છે, તેને વ્યવહારચારિત્ર કહે છે અને તે એકદેશ વીતરાગતા સાથે હેયબુદ્ધિએ હોય છે. ૪૯.

---

१. न हि सम्यग्व्यपदेशं चारित्रमज्ञानपूर्वकं लभते।
ज्ञानान्तरमुक्तं चारित्राराधनं तस्मात्॥३८॥ (पुरुषार्थसिद्धिउपाय–३८)

तच्चेत्थंभूतं चारित्रं द्विधा भिद्यत इत्याह—

सकलं विकलं चरणं तत्सकलं सर्वसंगविरतानाम्।
अनगाराणां विकलं सागाराणां ससंगानाम्।।५०।।

हिंसादिविरतिलक्षणं 'यच्चरणं' प्राक्प्ररूपितं तत् सकलं विकलं च भवति। तत्र 'सकलं' परिपूर्णं महाव्रतरूपं। केषां तद्भवति? 'अनगाराणां' मुनीनां। किंविष्टानां 'सर्वसंगविरतानां' बाह्याभ्यन्तरपरिग्रहरहितानां। 'विकलम' परिपूर्णं अणुव्रतरूपं। केषां तद्भवति 'सागाराणां' गृहस्थानां। कथंभूतानां? 'ससंगानां' सग्रन्थानाम्।।५०।।

---

આવા ચારિત્રના બે પ્રકારે ભેદ પડે છે—એમ કહે છે—

## ચારિત્રના ભેદ
### શ્લોક ૫૦

**અન્વયાર્થ** :—[तत्] તે [चरणं] ચારિત્ર [सकलं विकलं] સકલચારિત્ર અને વિકલચારિત્રના ભેદથી બે પ્રકારનું છે. તેમાંથી [सकलं] સકલચારિત્ર [सर्वसंगविरतानाम्] સર્વ પરિગ્રહોથી રહિત, [अनगाराणाम्] મુનિઓને હોય છે અને [विकलं] વિકલચારિત્ર [ससंगानाम्] પરિગ્રહયુક્ત [सागाराणां] ગૃહસ્થીને હોય છે.

**ટીકા** :—હિંસાદિથી વિરતિરૂપ 'यच्चरणम्' જે ચારિત્ર પહેલાં પ્રરૂપ્યું (કહ્યું) તે 'सकलं विकलं' સકલ અને વિકલ—એમ બે પ્રકારે છે. તેમાં 'सकलं' સકલચારિત્ર પરિપૂર્ણ મહાવ્રતરૂપ છે. કોને તે હોય છે? 'अनागाराणाम्' અનગારોને—મુનિઓને. કેવા (મુનિઓને)? 'सर्वसंगविरतानां' સર્વ પરિગ્રહોથી વિરક્ત—બાહ્ય અને અભ્યન્તર પરિગ્રહોથી રહિત (મુનિઓને). 'विकलं' વિકલચારિત્ર અપરિપૂર્ણ અણુવ્રતરૂપ છે. તે કોને હોય છે? 'सागाराणाम्' સાગારોને—ગૃહસ્થોને. કેવા (ગૃહસ્થોને)? 'ससंगानाम्' સંગ—પરિગ્રહ સહિત (પરિગ્રહ—એકદેશ બાહ્ય—અભ્યંતર પરિગ્રહ સહિત).

**ભાવાર્થ** :—આ અગાઉ હિંસાદિના ત્યાગરૂપ જે ચારિત્ર કહ્યું છે તેના બે પ્રકાર છે—સકલચારિત્ર અને વિકલચારિત્ર. સકલ (સર્વદેશ) ચારિત્ર હિંસાદિના પરિપૂર્ણ ત્યાગરૂપ સર્વ વિરતિરૂપ—મહાવ્રતરૂપ હોય છે અને તે ક્ષેત્ર, વાસ્તુ, હિરણ્યાદિ દશ પ્રકારના બાહ્ય પરિગ્રહો અને મિથ્યાત્વ, કષાયાદિ ચૌદ પ્રકારના અભ્યન્તર પરિગ્રહો—એમ ચોવીસ પરિગ્રહોથી રહિત મુનિઓને હોય છે. વિકલચારિત્ર હિંસાદિના એકદેશ વિરતિરૂપ—

તત્ર[1] વિકલમેવ તાવચ્ચારિત્રં વ્યાચષ્ટે—

**गृहिणां त्रेधा तिष्ठत्यगणु-गुण-शिक्षाव्रतात्मकं चरणम्।**
**पञ्च-त्रि-चतुर्भेद त्रयं यथासङ्ख्यमाख्यातम्।।५१।।**

---

ત્યાગરૂપ—અણુવ્રતરૂપ હોય છે અને તે ગૃહાદિ એકદેશ પરિગ્રહ સહિત ગૃહસ્થોને હોય છે.

### વિશેષ

જો મુનિ અભ્યંતર પરિગ્રહથી રહિત ન હોય અને માત્ર બાહ્ય પરિગ્રહથી જ રહિત હોય તો તેવા મુનિને મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી મુનિ કહ્યા છે.

પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવકના સંબંધમાં પણ એમ જ સમજવું. જો તેને અભ્યંતર પરિગ્રહ અર્થાત્ મિથ્યાત્વ, અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાન સંબંધી ક્રોધ—માન—માયા—લોભ ન છૂટ્યાં હોય અને માત્ર બાહ્ય એકદેશ પરિગ્રહનો જ ત્યાગ હોય તો તે પણ મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી શ્રાવક કહેવાય છે.

શ્રી સમયસાર ગાથા ૪૧૪ની ટીકામાં શ્રી જયસેનાચાર્યે કહ્યું છે કે—

"........શાલિતંદુલને બહિરંગ તુષ વિદ્યમાન હોતાં, અભ્યંતર તુષનો ત્યાગ કરી શકાતો નથી. અભ્યંતર તુષનો ત્યાગ થતાં, બહિરંગ તુષનો ત્યાગ નિયમથી હોય છે જ. આ ન્યાયથી સર્વ સંગના પરિત્યાગરૂપ બહિરંગ દ્રવ્યલિંગ હોતાં, ભાવલિંગ હોય કે ન હોય, નિયમ નથી. પરંતુ અભ્યંતરમાં ભાવલિંગ હોતાં, સર્વ સંગના પરિત્યાગરૂપ દ્રવ્યલિંગ હોય જ છે......"[2] ૫૦.

તેમાં પ્રથમ વિકલચારિત્ર કહે છે—

## વિકલચારિત્રના ભેદ
### શ્લોક ૫૧

**અન્વયાર્થ** :—[ गृहिणाम् ] ગૃહસ્થોનું [ चरणं ] (વિકલ) ચારિત્ર

---

૧. तद इति ग पुस्तके।

૨. "न हि शालितंदुलस्य बहिरंगतुषे विद्यमाने सत्यभ्यंतरतुषस्य त्यागः कर्तुमायाति। अभ्यंतरतुषत्यागे सति बहिरंग तुषत्यागो नियमेन भवत्येव। अनेन न्यायेन सर्वसंगपरित्यागरूपे बहिरंग द्रव्यलिंगे सति भावलिंगं भवति न भवति वा नियमो नास्ति, अभ्यंतरे तु भावलिंगे सति सर्वसंगपरित्यागरूपं द्रव्यलिंगं भवत्येवेति......" (श्री समयसार गाथा ४१४ श्री जयसेनाचार्यकृत टीका पृष्ठ ५३९)

'गृहिणां' सम्बन्धि यत् विकलं चरणं तत् 'त्रेधा' त्रिप्रकारं। 'तिष्ठति' भवति। किं विशिष्टं सत्? 'अणुगुणशिक्षाव्रतात्मकं' सत् अणुव्रतरूपं गुणव्रतरूपं शिक्षाव्रतरूपं सत्। त्रयमेव। तत्प्रत्येकं। 'यथासंख्यं'। 'पंचत्रिचतुर्भेदमाख्यातं' प्रतिपादितं। तथा हि—अणुव्रतं पंचभेदं गुणव्रतं त्रिभेदं शिक्षाव्रतं चतुर्भेदमिति॥५१॥

तत्राणुव्रतस्य तावत्पंचभेदान् प्रतिपादयन्नाह—

**प्राणातिपातवितथव्याहारस्तेयकाममूर्च्छाभ्यः।**
**स्थूलेभ्यः पापेभ्यो व्युपरमणमणुव्रतं भवति॥५२॥**

---

[अणुगुणशिक्षाव्रतात्मकम्] અણુવ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રતરૂપ હોતું થકું [त्रेधा] ત્રણ પ્રકારે [तिष्ठति] છે. તે [त्रयं] ત્રણ પ્રકારનું ચારિત્ર [यथासंख्यम्] અનુક્રમે [पञ्चत्रिचतुर्भेदम्] પાંચ, ત્રણ અને ચાર ભેદરૂપ [आख्यातम्] કહ્યું છે.

**ટીકા** :—'गृहिणाम्' ગૃહસ્થો સંબંધી જે 'विकलं चरणं' વિકલચારિત્ર છે, તે 'त्रेधा तिष्ठति' ત્રણ પ્રકારે છે. કેવા (પ્રકારે) છે? 'अणुगुणशिक्षाव्रतात्मकं सत्' તે અણુવ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રતરૂપ ત્રણ પ્રકારે છે. તે 'त्रयमेव' એ ત્રણેમાં 'यथासंख्यं पञ्चत्रिचतुर्भेदं' પ્રત્યેકના અનુક્રમે પાંચ, ત્રણ અને ચાર ભેદ 'आख्यातम्' કહ્યા છે. તે આ પ્રમાણે—અણુવ્રત પાંચ પ્રકારનાં, ગુણવ્રત ત્રણ પ્રકારનાં અને શિક્ષાવ્રત ચાર પ્રકારનાં છે.

**ભાવાર્થ** :—ગૃહસ્થોનું વિકલ (એકદેશ) ચારિત્ર ત્રણ પ્રકારે છે—અણુવ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રત અને તે દરેકના અનુક્રમે પાંચ, ત્રણ અને ચાર ભેદ છે, અર્થાત્ અણુવ્રતના પાંચ ભેદ, ગુણવ્રતના ત્રણ ભેદ અને શિક્ષાવ્રતના ચાર ભેદ છે.

જે ગૃહવાસ છોડવાને અસમર્થ છે, તે સમ્યગ્દૃષ્ટિ ઘરમાં રહી ઉપરોક્ત બાર પ્રકારનું વ્યવહારચારિત્ર પાળી શકે છે. ૫૧.

તેમાં પ્રથમ અણુવ્રતના પાંચ ભેદોનું પ્રતિપાદન કરીને કહે છે—

## અણુવ્રતનું સ્વરૂપ
## શ્લોક ૫૨

**અન્વયાર્થ** :—[पापेभ्यः] પાપ—આસ્રવના દ્વારરૂપ [स्थूलेभ्यः] સ્થૂળ [प्राणातिपातवितथव्याहारस्तेयकाममूर्च्छाभ्यः] પ્રાણોનું વિયોજન (હિંસા), વિતથવ્યાહાર

'अणुव्रतं' विकलव्रतं। किं तत् ? 'व्युपरमणं' व्यावर्तनं यत्। केभ्यः इत्याह- 'प्राणेत्यादि', प्राणानामिन्द्रियादीनामतिपातश्चातिपतनं वियोगकरणं विनाशनं। 'वितथव्याहारश्च' वितथोऽसत्यः स चासौ व्याहारश्च शब्दः। 'स्तेयं' च चौर्यं। 'कामश्च' मैथुनं। 'मूर्च्छा' च परिग्रहः मूर्च्छा च मूर्च्छ्यते लोभावेशात् परिगृह्यते इति मूर्च्छा इति व्युत्पत्तेः। तेभ्यः। कथंभूतेभ्यः ? 'स्थूलेभ्यः'। अणुव्रतधारिणो हि सर्वसावद्यविरतेरसंभवात् स्थूलेभ्य एव हिंसादिभ्यो व्युपरमणं भवति। स हि त्रसप्राणातिपातान्निवृत्तो न स्थावरप्राणातिपातात्। तथा पापादिभयात् परपीडादिकारणमिति मत्वा स्थूलादसत्यवचन्निवृत्तो न तद्विपरीतात्। तथान्यपीडाकरात् राजादिभयादिना परेण परित्यक्तादप्यदत्तार्थात् स्थूलान्निवृत्तो न तद्विपरीतात्। तथा उपात्ताया अनुपात्ताश्च पराङ्गनायाः पापभयादिना निवृत्तो नान्यथा इति स्थूलरूपाऽब्रह्मनिवृत्तिः। तथा धनधान्यक्षेत्रादेरिच्छावशात् कृतपरिच्छेदा इति

---

(જૂઠ), સ્તેય (ચોરી), કામ (કુશીલ) અને મૂર્ચ્છા (પરિગ્રહ)—એમનાથી [व्युपरमणम् ] જે વિરમવું (વિરક્ત થવું) તે [अणुव्रतं ] અણુવ્રત [भवति ] છે.

**ટીકા** :—'अणुव्रतं' એટલે વિકલ વ્રત. તે શું છે? 'व्युपरमणं' જે વિરામ પામવું, વ્યાવૃત્ત થવું (પાછા હઠવું) તે. કોનાથી (વિરમવું)? તે કહે છે—'प्राणेत्यादि' પ્રાણોનો એટલે ઇન્દ્રિયો આદિનો વિયોગ કરવો–વિનાશ કરવો તે 'प्राणातिपातः' પ્રાણહિંસા, 'वितथव्याहारश्च' वितथ એટલે અસત્ય (જૂઠો) અને વ્યાહાર એટલે શબ્દ–અસત્ય શબ્દવ્યવહાર–અસત્ય વચન બોલવું અર્થાત્ જૂઠ, 'स्तेयं' એટલે ચોરી, 'कामः' એટલે મૈથુન અને 'मूर्च्छा' એટલે પરિગ્રહ–વ્યુત્પત્તિ પ્રમાણે લોભના આવેશમાં જેનાથી મૂર્ચ્છિત થઈ જાય–પરિગ્રહાય તે મૂર્ચ્છા. (હિંસા, જૂઠ, ચોરી, કુશીલ અને પરિગ્રહ–એ પાંચ પાપોથી (વિરમવું). તે કેવા છે? 'स्थूलेभ्यः' સ્થૂળ છે, કારણ કે અણુવ્રતધારીને સર્વ પાપોથી વિરતિ હોતી નથી; તેથી તેને સ્થૂળ હિંસાદિથી જ વિરતિ હોય છે. તે ત્રસપ્રાણના ઘાતથી (હિંસાથી નિવૃત્ત હોય છે, પરંતુ નહિ કે સ્થાવરપ્રાણના ઘાતથી; તથા પાપાદિના ભયથી બીજાને પીડાનું કારણ માની, તે સ્થૂળ અસત્ય વચનથી નિવૃત્ત હોય છે, પરંતુ તેનાથી વિપરીત વચનથી (સૂક્ષ્મ અસત્ય વચનથી) નહિ. તથા અન્યને પીડાકારક અને રાજાદિના ભયાદિથી અન્યે ત્યજી દીધેલ હોવા છતાં પણ નહિ દીધેલા સ્થૂળ અર્થથી (ધનાદિથી) તે નિવૃત્ત હોય છે, પરંતુ તેનાથી વિપરીત અર્થથી (અર્થાત્ સાર્વજનિક માટી, પાણી વગેરે પદાર્થોથી) નહિ. તથા પાપના ભયાદિથી ગૃહિત યા અગૃહિત પરસ્ત્રીથી તે નિવૃત્ત હોય છે, પરંતુ અન્યથા નહિ (પોતાની સ્ત્રીથી નહિ). એમ તેને સ્થૂળરૂપ અબ્રહ્મથી

**स्थूलरूपात् परिग्रहान्निवृत्तिः। कथंभूतेभ्यः प्राणातिपातादिभ्यः ? 'पापेभ्यः' पापास्रवण-द्वारेभ्यः ॥५२॥**

---

(મૈથુનથી) નિવૃત્તિ હોય છે. તથા ધન, ધાન્ય, ક્ષેત્રાદિનું ઇચ્છાવશ પરિમાણ કરવું એવા સ્થૂળરૂપ પરિગ્રહથી નિવૃત્તિ છે. કેવાં પ્રાણહિંસાદિથી (નિવૃત્તિ હોય છે)? 'पापेभ्यः' પાપાસ્રવના દ્વારરૂપ (હિંસાદિથી).

**ભાવાર્થ :**—હિંસા, જૂઠ, ચોરી, કુશીલ અને પરિગ્રહના એકદેશ અર્થાત્ સ્થૂળ ત્યાગને અણુવ્રત કહે છે. તેના પાંચ ભેદ છે—

૧. અહિંસાણુવ્રત, ૨. સત્યાણુવ્રત, ૩. અચૌર્યાણુવ્રત, ૪. બ્રહ્મચર્યાણુવ્રત અને ૫. પરિગ્રહપરિમાણાણુવ્રત.[૧]

અણુવ્રતી ત્રસ જીવોની રક્ષાનો ભાવ કરી શકે, પરંતુ સ્થાવર જીવોની રક્ષા કરી શકે નહિ. તેને [૨]સંકલ્પી હિંસાનો ત્યાગ હોય છે; પરંતુ આરંભી, ઉદ્યોગી અને વિરોધી હિંસાનો ત્યાગ હોતો નથી.

રાજ્ય કે સમાજ દંડે, લોકમાં અપકીર્તિ થાય કે જીવનો ઘાત થાય તેવું અસત્ય વચન બોલે નહિ, પરંતુ હાસ્ય–મશ્કરીમાં કદાચ જૂઠું બોલે તો તેનાથી વ્રતનો ભંગ થતો નથી.

સમાજ કે રાજ્ય તેને ચોર ઠરાવે તેવું ચોરીનું કાર્ય કરે નહિ, કોઈની રસ્તામાં પડેલી ચીજ ઊઠાવે નહિ કે કોઈના આપ્યા સિવાય ચીજ લે નહિ, પરંતુ સર્વના ઉપયોગ માટે જે ચીજો જેમ કે માટી, પાણી, હવા વગેરે ખુલ્લી મૂકી હોય તેને આપ્યા વગર લઈ શકે.

તેને વિવાહિત કે અવિવાહિત પરસ્ત્રીનો ત્યાગ હોય છે, પરંતુ પોતાની સ્ત્રીનો ત્યાગ હોતો નથી.

ધન–ધાન્યાદિ દશ પ્રકારના પરિગ્રહનું પરિમાણ તેણે આવશ્યકતાનુસાર નક્કી કર્યું હોય છે. નક્કી કરેલી મર્યાદાની બહારની ચીજોનો તેને ત્યાગ હોય છે.

આ રીતે અણુવ્રતીને પાંચે પાપોનો સ્થૂળપણે ત્યાગ હોય છે. (અણુવ્રતનું પાલન

---

૧. અમિતગતિ શ્રાવકાચારાદિમાં 'રાત્રિભોજન ત્યાગ'ને પણ છઠ્ઠું અણુવ્રત કહ્યું છે.

૨. જે દેવી–દેવતાઓ માટે, મંત્રસિદ્ધિ માટે. ઔષધિમાં ખાવા માટે, તન્ત્રસિદ્ધિ માટે ત્રેન્દ્રિયાદિ ત્રસ જીવોને મારે છે, મરાવે છે અને અનુમોદના કરે છે તેણે સંકલ્પી હિંસા કરી કહેવાય છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



तत्राद्यव्रतं व्याख्यातुमाह—

**सङ्कल्पात्कृतकारितमननाद्योगत्रयस्य चरसत्त्वान्।**
**न हिनस्ति यत्तदाहुः स्थूलवधाद्विरमणं निपुणाः॥५३॥**

---

કરતાં, તેને રાજ્ય કે સમાજના નીતિ–નિયમોનું સહેજે પાલન થઈ જાય છે, તે રાજ્ય કે સમાજનો કદી ગુન્હેગાર બનતો નથી.)

ત્રસ જીવોની સંકલ્પી હિંસાનો ત્યાગ તે સ્થૂળ હિંસાનો ત્યાગ છે, જે વચન બોલવાથી અન્ય પ્રાણીનો ઘાત થાય, ધર્મ બગડી જાય, અન્યને અપવાદ લાગે, કલહ–સંકલેશ–ભયાદિક પ્રગટે, તેવાં વચનો ક્રોધાદિવશ ન બોલવાં તે સ્થૂળ અસત્યનો ત્યાગ છે; આપ્યા વિના અન્યનું ધન લોભવશ છલ કરીને ગ્રહણ કરવું નહિ તે સ્થૂળ ચોરીનો ત્યાગ છે; પોતાની વિવાહિત સ્ત્રી સિવાય સમસ્ત અન્યની સ્ત્રીઓમાં કામની અભિલાષાનો ત્યાગ તે સ્થૂળ કામ (મૈથુન)નો ત્યાગ છે; ધન–ધાન્યાદિ દશ પ્રકારના પરિગ્રહનું પરિમાણ કરી તેનાથી અધિક પરિગ્રહનો ત્યાગ તે સ્થૂળ પરિગ્રહનો ત્યાગ છે.

“આત્માના શુદ્ધોપયોગરૂપ પરિણામોનો ઘાત થવાના હેતુથી આ બધું (હિંસાદિ પાંચ પાપ) હિંસા જ છે. અનૃત (જૂઠ) વચનાદિકના ભેદ કેવળ શિષ્યોને સમજાવવા માટે ઉદાહરણરૂપ કહ્યા છે.[1] ૫૨.

તેમાં પ્રથમ વ્રતનું (અહિંસાણુવ્રતનું) પ્રત્યાખ્યાન કરવા માટે કહે છે—

## અહિંસાણુવ્રતનું લક્ષણ

### શ્લોક ૫૩

**અન્વયાર્થ** :—[यत्] જે [योगत्रयस्य] મન, વચન અને કાય એ ત્રણ યોગના [कृतकारितानुमननात्] કૃત, કારિત અને અનુમોદનારૂપ [संकल्पात्] સંકલ્પથી [चरसत्त्वान्] ત્રસ જીવોને [न हिनस्ति] ન હણવું, [तत्] તેને (ક્રિયાને) [निपुणाः] વસ્તુસ્વરૂપનો વિચાર કરવામાં નિપુણ આચાર્યાદિક [स्थूलवधात्] સ્થૂળ હિંસાથી [विरमणम्] વિરતિ અર્થાત્ અહિંસાણુવ્રત [आहुः] કહે છે.

---

૧. પુરુષાર્થસિદ્ધિ–ઉપાય શ્લોક ૪૨.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

'चरसत्त्वान्' त्रसजीवान्। 'यन्न हिनस्ति'। तदाहुः 'स्थूलवधाद्विरमणं'। के ते? 'निपुणाः' हिंसादिविरतिव्रतविचारदक्षाः। कस्मान्न हिनस्ति? 'संकल्पात्'[1] संकल्पं हिंसाभिसंधिमाश्रित्य। कथंभूतात् संकल्पात्? 'कृतकारितानुमननात्' कृतकारितानुमनन-रूपात्। कस्य सम्बन्धिनः? 'योगत्रयस्य' मनोवाक्कायत्रयस्य। अत्र कृतवचनं कर्तुः स्वातंत्र्यप्रिपत्त्यर्थं। [2]कारितानुविधानं परप्रयोगापेक्षमनुवचनं। [3]अनुमननवचनं प्रयोजकस्य मानसपरिणामप्रदर्शनार्थं। तथा हि—मनसा चरसत्त्वहिंसां स्वयं न करोमि, चरसत्त्वान् हिनस्मीति मनःसंकल्पं न करोमीत्यर्थः। मनसा चरसत्त्वहिंसामन्यं न कारयामि, चरसत्त्वान् हिंसय हिंसयेति मनसा प्रयोजको न भवामीत्यर्थः। तथा अन्यं चरसत्त्वहिंसां कुर्वन्तं मनसा नानुमन्ये, सुन्दरमनेन कृतमिति मनःसंकल्पं न करोमीत्यर्थः। एवं वचसा स्वयं

---

**ટીકા** :—'चरसत्त्वान्' ત્રસ જીવોને 'यन्नहिनस्ति' જે ન હણવું 'तत्' તેને (તે ક્રિયાને) 'स्थूलवधाद्विरमणम्' સ્થૂળ હિંસાથી વિરમણ (વિરતિ) કહે છે. (અર્થાત્ અહિંસાણુવ્રત કહે છે.) કોણ તે (કહે છે?) 'निपुणाः' હિંસાદિ વિરતિરૂપ વ્રતના (અહિંસાણુવ્રતાદિના) વિચારમાં દક્ષ (કુશલ) આચાર્યાદિક. કેવી રીતે હણતા નથી? 'संकल्पात्' સંકલ્પથી અર્થાત્ 'હું મારું—હું હિંસા કરું' એવા સંકલ્પનો—અભિપ્રાયનો આશ્રય કરીને (હણતા નથી); કેવા સંકલ્પથી? 'कृतकारितानुमननात्'—કૃત, કારિત અને અનુમોદનારૂપ (સંકલ્પથી), કોના સંબંધી? 'योगत्रयस्य' મન, વચન અને કાય એ ત્રણ યોગના (સંબંધી).

અહીં 'કૃત' વચન કર્તાના સ્વાતંત્ર્યની પ્રતિપત્તિ અર્થે છે, 'કારિત'નું વિધાન પરની ક્રિયાની અપેક્ષા સૂચવતું કથન છે, 'અનુમનન'નું વચન ('અનુમોદન'નું વચન) પ્રયોજકના માનસનું પરિણામ દર્શાવવા માટે છે.

તે આ પ્રમાણે ૧. મનથી ત્રસ જીવોની હિંસા હું સ્વયં કરું નહિ—ત્રસ જીવોને હું હણું એવો મનમાં સંકલ્પ ન કરું. એવો અર્થ છે. ૨. મનથી ત્રસ જીવોની હિંસા બીજા પાસે હું ન કરાવું—'ત્રસ જીવોની હિંસા કરો—હિંસા કરો' એમ મનથી હું પ્રેરક—પ્રયોજક ન થાઉં. એવો અર્થ છે. ૩. તથા ત્રસ જીવોની હિંસા કરતા અન્યને હું મનથી અનુમતિ

---

१. संकल्पात्—हिंसाभिसन्धिमाश्रित्य ग घ पुस्तकयोः।

२. कारितानिधानं ग घ पुस्तकयोः।

३. अनुवचनं ख पुस्तके। अनुमननं वचनं ग पुस्तके। अनुमतवचन घ०।

**चरसत्त्वहिंसां न करोमि चरसत्त्वान् हिनस्मीति स्वयं वचनं नोच्चारयामीत्यर्थः। वचसा चरसत्त्वहिंसां न कारयामि चरसत्त्वान् हिंसय हिंसयेति वचनं नोच्चारयामीत्यर्थः। तथा वचसा चरसत्त्वहिंसां कुर्वन्तं नानुमन्ये, साधुकृतं त्वयेति वचनं नोच्चारयामीत्यर्थः। तथा कायेन चरसत्त्वाहिंसां न करोमि, चरसत्त्वहिंसने दृष्टिमुष्टिसन्धाने स्वयं कायव्यापारं न करोमीत्यर्थः। तथा कायेन चरसत्त्वहिंसां न कारयामि, चरसत्त्वहिंसने कायसंज्ञया परं न प्रेरयामीत्यर्थः[1]। तथा चरसत्त्वहिंसां कुर्वन्तमन्यं नखच्छोटिकादिना कायेन नानुमन्ये। इत्युक्तमहिंसाणुव्रतम्।।५३।।**

---

ન આપું—આણે સુંદર કર્યું—એવો મનમાં સંકલ્પ હું ન કરું. એવો અર્થ છે.

૪. એ પ્રમાણે વચનથી હું સ્વયં ત્રસ જીવોની હિંસા ન કરું—ત્રસ જીવોની હિંસા કરું એવું વચન સ્વયં ઉચ્ચારું નહિ—એવો અર્થ છે. ૫. વચનથી ત્રસ જીવોની હિંસા હું (બીજા પાસે) ન કરાવું—ત્રસ જીવોની 'હિંસા કર, હિંસા કર' એવું વચન હું ઉચ્ચારું નહિ. એવો અર્થ છે. ૬. તથા વચનથી ત્રસ જીવોની હિંસા કરનારને હું અનુમતિ આપું નહિ—'તે ઠીક કર્યું'—એવું વચન હું ઉચ્ચારું નહિ. એવો અર્થ છે.

તથા ૭. કાયથી, ત્રસ જીવોની હિંસા હું કરું નહિ—ત્રસ જીવોની હિંસા કરવામાં દૃષ્ટિ અને મુષ્ટિના સંધાનમાં હું સ્વયં કાયનો વ્યાપાર કરું નહિ. એવો અર્થ છે. ૮. તથા કાયથી ત્રસ જીવોની હિંસા હું (કોઈની પાસે) કરાવું નહિ—ત્રસ જીવોની હિંસા કરવામાં કાયની સંજ્ઞાથી (સંકેતથી) બીજાને હું પ્રેરું નહિ. એવો અર્થ છે. ૯. તથા ત્રસ જીવોની હિંસા કરતા અન્યને નખ દ્વારા, ચપટી આદિરૂપ કાયથી હું અનુમતિ આપું નહિ—એમ અહિંસાણુવ્રત કહ્યું.

**ભાવાર્થ** :—મનથી કૃત, કારિત અને અનુમોદનારૂપ, વચનથી કૃત, કારિત અને અનુમોદનારૂપ, તથા કાયથી કૃત, કારિત અને અનુમોદનારૂપ—એવા નવ સંકલ્પોથી ઈરાદાપૂર્વક ત્રસ જીવોની હિંસા કરવાનો ભાવ ન કરવો તેને અહિંસાણુવ્રત કહે છે. આ પ્રમાણે અહિંસાણુવ્રતીને સંકલ્પી હિંસાનો ત્યાગ હોય છે.

નવ સંકલ્પોથી (નવ કોટિથી) ત્રસ જીવોની હિંસાના ભાવનો ત્યાગ તો મુનિ અને શ્રાવક બંનેને હોય છે, પરંતુ સ્થાવર જીવોની હિંસાનો નવ કોટિએ ત્યાગ તો એકલા મુનિને જ હોય છે; શ્રાવકને હોતો નથી.

---

१. करोमीत्यर्थ इति क ख पाठः।

## વિશેષ

## હિંસાદિના ત્યાગનું વિધાન

"હિંસાદિનો ત્યાગ બે પ્રકારે છે—એક ઉત્સર્ગ ત્યાગ અને બીજો અપવાદ ત્યાગ. ઉત્સર્ગ એટલે સામાન્ય. સામાન્યપણે સર્વથા પ્રકારે ત્યાગ કરીએ તેને ઉત્સર્ગ ત્યાગ કહે છે. તેના નવ ભેદ છે–મનથી પોતે કરવાનું ચિંતવે નહિ, બીજા પાસે કરાવવાનું ચિંતવે નહિ, અને કોઈએ કર્યું હોય તેને ભલું જાણે નહિ. વચનથી પોતે કરવાનું કહે નહિ, બીજાને કરાવવા માટે ઉપદેશ આપે નહિ, કોઈએ કર્યું હોય તેને ભલું કહે નહિ. કાયાથી પોતે કરે નહિ, બીજાને હાથ વગેરે દ્વારા પ્રેરણા આપી કરાવે નહિ અને કોઈએ કર્યું હોય તેને હસ્તાદિ વડે પ્રશંસે નહિ. આ નવ ભેદ કહ્યા.

અપવાદ ત્યાગ અનેક પ્રકારનો છે. આ નવ ભંગ કહ્યા તેમાંથી કેટલા ભંગોથી અમુક પ્રકારે ત્યાગ કરે, અમુક પ્રકારે ત્યાગ ન કરે, આ રીતે મારે આ કાર્ય કરવું, આ રીતે ન કરવું—એમ અપવાદ ત્યાગ ભિન્ન-ભિન્ન પ્રકારે છે. માટે શક્ય હોય તે રીતે ત્યાગ કરવો."[૧]

હિંસાના પ્રકાર—દ્રવ્યહિંસા અને ભાવહિંસા.

**यत्खलुकषाययोगात्प्राणानां द्रव्यभावरूपानाम् ।**
**व्यपरोपणस्य करणं सुनिश्चिता भवति सा हिंसा।।४३।।**

"કષાયરૂપે પરિણમેલા મન, વચન અને કાયાના યોગથી જે દ્રવ્યરૂપ અને ભાવરૂપ પ્રાણોનું વ્યપરોપણ કરવું–ઘાત કરવો તે નિશ્ચયથી સારી રીતે નક્કી કરેલી હિંસા છે."[૨]

રાગાદિ ભાવોથી ચૈતન્ય પ્રાણોનો ઘાત થવો તે ભાવહિંસા છે, તેના બે પ્રકાર છે– સ્વભાવ હિંસા અને પરભાવ હિંસા. તેમ જ ઇન્દ્રિય, બળ, આયુ અને શ્વાસોચ્છ્‌વાસરૂપ દ્રવ્ય પ્રાણોનો ઘાત થવો તે દ્રવ્યહિંસા છે. તેના પણ બે પ્રકાર છે. સ્વદ્રવ્ય હિંસા અને પરદ્રવ્ય હિંસા.

"પોતાના મનમાં, વચનમાં કે શરીરમાં ક્રોધ–કષાય પ્રગટ થયો તેનાથી પ્રથમ તો

૧. પુરુષાર્થસિદ્ધિ–ઉપાય, ગુજરાતી આવૃત્તિ શ્લોક ૭૫નો ભાવાર્થ.

૨. પુરુષાર્થસિદ્ધિ–ઉપાય, ગુજરાતી આવૃત્તિ શ્લોક ૪૩.

પોતાના શુદ્ધોપયોગરૂપ ભાવપ્રાણનો ઘાત થયો. આ હિંસા તો પોતાના ભાવપ્રાણની વ્યપરોપણથી થઈ. તે તો (દ્રવ્યહિંસા) પહેલાં જ થઈ, બીજી (દ્રવ્ય) હિંસા થાય કે ન પણ થાય. પાછળથી કદાચિત્ તીવ્ર કષાયરૂપ થાય અને પોતાના દીર્ઘ શ્વાસાદિથી અથવા હાથ -પગ વડે પોતાના અંગને પીડા ઉપજાવી અથવા આપઘાત કરી મરી ગયો, તે પોતાના દ્રવ્યપ્રાણના ઘાતરૂપ હિંસા થઈ.

વળી જે કષાયથી અન્ય જીવને કુવચન કહ્યાં, મર્મભેદી હાસ્ય કર્યું અથવા જે રીતે તેનું અંતરંગ પીડિત થઈ કષાયરૂપે પરિણમે તેવું કાર્ય કર્યું. ત્યાં પરના ભાવપ્રાણના વ્યપરોપણ (ઘાત)થી હિંસા થાય છે. જ્યાં કષાયના વશે પ્રમાદી થયો, બીજા જીવના શરીરને પીડા કરી અથવા પ્રાણનાશ કર્યો ત્યાં પરના દ્રવ્યપ્રાણના ઘાતથી (પરના દ્રવ્યપ્રાણની) હિંસા થઈ.....''[૧]

''મહાપુરુષ ધ્યાનમાં લીન છે અથવા ગમનાદિમાં સાવધાનતાથી યત્નપૂર્વક પ્રવર્તે છે અને કદાચ એના શરીરના સંબંધથી કોઈ જીવના પ્રાણ પીડાયા તોપણ એને હિંસાનો દોષ નથી, કેમ કે એના પરિણામમાં કષાય હતો નહિ, તેથી પર જીવના પ્રાણને પીડા થાય તોપણ હિંસા નામ પામે નહિ.....''[૨]

''જે પ્રમાદી જીવ કષાયને વશ થઈને ગમનાદિ ક્રિયામાં યત્નરૂપ પ્રવર્તતો નથી અથવા બેસતાં–ઊઠતાં ક્રોધાદિ ભાવોમાં પરિણમે છે તો ત્યાં જીવ કદાચ મરે કે ન મરે પણ એને તો કષાયભાવ વડે અવશ્ય હિંસાનો દોષ લાગે છે; એટલે પર જીવના પ્રાણની પીડા ન થવા છતાં પણ પ્રમાદના સદ્‌ભાવથી હિંસા નામ પામે છે......''[૩]

''કારણ કે જીવ કષાયભાવો સહિત હોવાથી પહેલાં પોતા વડે જ પોતાને હણે છે અને પછીથી ભલે બીજા જીવોની હિંસા થાય કે ન થાય.....''[૪]

''પર જીવના ઘાતરૂપ જે હિંસા થાય છે તે બે પ્રકારની છે–એક અવિરમણરૂપ (અવિરતિરૂપ) અને બીજી પરિણમનરૂપ.

---

૧. પુરુષાર્થસિદ્ધિ–ઉપાય, ગુજરાતી આવૃત્તિ શ્લોક ૪૩નો ભાવાર્થ.

૨. પુરુષાર્થસિદ્ધિ–ઉપાય, ગુજરાતી આવૃત્તિ શ્લોક ૪૫નો ભાવાર્થ.

૩. પુરુષાર્થસિદ્ધિ–ઉપાય, ગુજરાતી આવૃત્તિ શ્લોક ૪૬નો ભાવાર્થ.

૪. પુરુષાર્થસિદ્ધિ–ઉપાય, ગુજરાતી આવૃત્તિ શ્લોક ૪૭નો ભાવાર્થ.

૧. અવિરમણરૂપ હિંસા—કોઈ જીવ પર જીવની હિંસાના કાર્યમાં તો પ્રવર્તતો નથી, પરંતુ તેને હિંસાનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ નહિ હોવાથી તેને અંતરંગમાં અવિરતિનો ભાવ ઊભો છે; તેથી તેને અવિરમણરૂપ હિંસાનો દોષ છે, જેમ કે કોઈને કંદમૂળનો ત્યાગ નથી અને તે કોઈ વખતે ખાતો પણ નથી, છતાં અંતરંગમાં કંદમૂળ ખાવાનો ભાવ ઊભો હોવાથી, તે ભાવનો ત્યાગ નહિ હોવાથી તેને અવિરમણરૂપ હિંસાનો દોષ લાગે છે.

"જે કાર્ય કરવાની આશા રહે તેની પ્રતિજ્ઞા લેવાતી નથી અને આશા રહે તેનાથી રાગ પણ રહે છે તથા એ રાગના ભાવથી કાર્ય કર્યા વિના પણ અવિરતિનો બંધ થયા જ કરે છે; માટે પ્રતિજ્ઞા અવશ્ય કરવી યોગ્ય છે. વળી કાર્ય કરવાનું બંધન થયા વિના પરિણામ કેવી રીતે રોકાશે? પ્રયોજન પડતાં તદ્રૂપ પરિણામ અવશ્ય થઈ જાય વા પ્રયોજન વિના પણ તેની આશા રહે છે, માટે પ્રતિજ્ઞા કરવી યોગ્ય છે......"[1]

૨. પરિણમનરૂપ હિંસા—પર જીવના ઘાતમાં, જો જીવ મનથી, વચનથી કે કાયથી પ્રવર્તે તો તેને તે પરિણમનરૂપ હિંસા છે.

આ બંને ભેદોમાં પ્રમાદસહિત યોગનું અસ્તિત્વ છે. **तस्मात्प्रमत्तयोगे नित्यं प्राणव्यपरोपणम् ।** તેથી પ્રમાદના યોગમાં નિરંતર પ્રાણઘાતનો સદ્ભાવ છે. જ્યારે જીવ ક્રોધાદિ ભાવહિંસાનો ત્યાગ કરી પ્રમાદરૂપ પરિણમન ન કરે તો જ તેને (પ્રાણઘાતનો) અભાવ હોઈ શકે. જ્યાં સુધી પ્રમાદ રહે છે ત્યાં સુધી હિંસાનો અભાવ કોઈ રીતે હોઈ શકતો નથી.[2]

પ્રમત્તયોગ એ જ હિંસાનું વાસ્તવિક કારણ છે; કેવળ દ્રવ્યપ્રાણનો ઘાત થવો તે ખરી હિંસા નથી.

શ્રી ઉમાસ્વામીએ પણ 'તત્ત્વાર્થ સૂત્ર'માં હિંસાનું લક્ષણ આપતાં કહ્યું છે કે— **प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा ।** પ્રમાદના યોગથી યથાસંભવ દ્રવ્યપ્રાણ યા ભાવપ્રાણનો ઘાત કરવો તે હિંસા છે.

વળી સમયસાર ગાથા ૨૬૨માં કહ્યું છે કે—

"જીવોને મારો કે ન મારો, કર્મબંધ અધ્યવસાનથી (ઊંધી માન્યતા સાથે પાપભાવથી–પ્રમત્તયોગથી) થાય છે."

---

૧. મોક્ષમાર્ગ પ્રકાશક–ગુજરાતી આવૃત્તિ, અધ્યાય ૭, પૃષ્ઠ ૨૧૦.

૨. જુઓ પુરુષાર્થસિદ્ધિ–ઉપાય, શ્લોક ૪૮ અને તેનો ભાવાર્થ.

એ રીતે અજ્ઞાનથી આ જે હિંસામાં અધ્યવસાય કરવામાં આવે છે, તેમ અસત્ય, અદત્ત (ચોરી), અબ્રહ્મચર્ય અને પરિગ્રહમાં પણ જે (અધ્યવસાય) કરવામાં આવે તે બધોય પાપના બંધનું એકમાત્ર કારણ છે......''

(શ્રી સમયસાર ગાથા ૨૬૩)

આ પ્રમાણે હિંસાદિ પાંચે પાપોનાં જે પ્રમત્તયોગ છે તે જ હિંસા છે, પરંતું પ્રમત્તયોગશૂન્ય કેવળ બાહ્ય ક્રિયા તે હિંસા નથી. શ્રી કલ્યાણમંદિર સ્તોત્રમાં કહ્યું છે કે—

**यस्मात् क्रिया न प्रतिफलन्ति भावशून्याः ।** કારણ કે ભાવશૂન્ય ક્રિયાઓ હિંસા માટે યા કર્મબંધ માટે ફલીભૂત થતી નથી.

વ્રતના પાલનમાં ક્રિયા શરીરને આશ્રયે થાય છે. આ શારીરિક ક્રિયાથી જીવને પુણ્ય—પાપ કે ધર્મ થતો નથી, કારણ કે તે ક્રિયા જીવના અધિકારમાં નથી તથા તે ક્રિયા જીવ કરી શકતો જ નથી. પણ તે ક્રિયા વખતે અહિંસાદિના જે વિકલ્પ ઊઠે છે તે રાગ પણ જીવકૃત અપરાધ હોવાથી અર્થાત્ શુભરાગ હોવાથી બંધનું કારણ છે, તેથી માત્ર બાહ્ય હિંસાદિ (ભાવ) છૂટવાથી પાપની નિર્જરા થાય છે—એમ માનવું તે યોગ્ય નથી. (જુઓ શ્રી નિયમસાર વ્યવહાર પ્રકરણ ગાથા ૫૬ થી ૫૯) પરંતુ તે વખતે સમ્યગ્દૃષ્ટિ શ્રાવકને, જે અંતરંગ મિથ્યાત્વ અને અનંતાનુબંધી તથા અપ્રત્યાખ્યાન સંબંધી ક્રોધ—માન—માયા—લોભનો અભાવ છે, તે સંવરનું કારણ છે અને ત્યાં સ્વાશ્રય અનુસાર નિર્જરા થાય છે.

અંતરંગ શુદ્ધતા છે તે નિશ્ચયવ્રત છે અને સાથે જે શુભભાવ છે તે વ્યવહાર વ્રત છે અને તે નિશ્ચયવ્રતનું નિમિત્ત છે, કેમ કે એકદેશ વીતરાગતા સાથે આવો વ્યવહાર હેયબુદ્ધિએ હોય છે.

મોક્ષમાર્ગપ્રકાશકમાં પૃષ્ઠ ૨૬૦માં કહ્યું છે કે—

''....બાહ્ય વ્રતાદિક છે તે તો શરીરાદિ પરદ્રવ્યાશ્રિત છે, અને પરદ્રવ્યનો પોતે કર્તા નથી, માટે તેમાં કર્તૃત્વબુદ્ધિ પણ ન કરવી તથા તેમાં મમત્વ પણ ન કરવું, એ વ્રતાદિકમાં ગ્રહણ—ત્યાગરૂપ પોતાનો શુભોપયોગ થાય છે તે પોતાના આશ્રયે છે અને તેનો પોતે કર્તા છે, માટે તેમાં કર્તૃત્વબુદ્ધિ પણ માનવી તથા ત્યાં મમત્વ પણ કરવું, પરંતુ એ શુભોપયોગને બંધનું જ કારણ જાણવું પણ મોક્ષનું કારણ ન જાણવું; કારણ કે બંધ અને મોક્ષને તો પ્રતિપક્ષપણું છે, તેથી એક જ ભાવ પુણ્યબંધનું પણ કારણ થાય અને મોક્ષનું પણ કારણ

तस्येदानीमतीचारानाह—

**छेदनबन्धनपीडनमतिभारारोपणं व्यतीचाराः।**
**आहारवारणापि च स्थूलवधाद्व्युपरतेः पञ्च ॥५४॥**

'व्यतीचारा' विविधा विरूपका वा अतीचारा दोषाः। कति? 'पंच'। कस्य?

---

થાય એમ માનવું એ ભ્રમ છે. તેથી વ્રત–અવ્રત એ બંને વિકલ્પ રહિત, જ્યાં પરદ્રવ્યના ગ્રહણ–ત્યાગનું કાંઈ પ્રયોજન નથી એવો ઉદાસીન વીતરાગ શુદ્ધોપયોગ તે જ મોક્ષમાર્ગ છે. નીચલી દશામાં કેટલાક જીવોને શુદ્ધોપયોગ અને શુભોપયોગનું યુક્તપણું હોય છે, તેથી એ વ્રતાદિ શુભોપયોગને ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો છે, પણ વસ્તુવિચારથી જોતાં શુભોપયોગ મોક્ષનો ઘાતક જ છે. આ રીતે જે બંધનું કારણ છે તે જ મોક્ષનું ઘાતક છે– એવું શ્રદ્ધાન કરવું. શુદ્ધોપયોગને જ ઉપાદેય ગણી તેનો ઉપાય કરવો તથા શુભોપયોગ–અશુભોપયોગને હેય જાણી તેના ત્યાગનો ઉપાય કરવો....."

આ શ્લોકની ટીકામાં આચાર્યે કહ્યું છે કે—'अत्र कृतवचनं कर्तुः स्वातंत्र्य प्रतिपत्त्यर्थम्' અહીં 'કૃત વચન' એ કર્તાની સ્વાતંત્ર્યની પ્રતિપત્તિ અર્થે છે. આ બતાવે છે કે જીવ પોતાના ભાવોનો સ્વતંત્રપણે કર્તા છે. કર્મ મંદ પડ્યા એટલે કાર્ય થયું એમ નથી, પણ તે સ્વતંત્રપણે થયું છે, તેનો કર્તા કર્મ નથી. જો કર્મ તેનો કર્તા હોય તો બંને દ્રવ્યોની એકતાનો પ્રસંગ આવે જે સિદ્ધાન્ત વિરુદ્ધ છે. ૫૩.

હવે તેના (અહિંસાણુવ્રતના) અતિચાર કહે છે—

## અહિંસાણુવ્રતના અતિચાર

### શ્લોક ૫૪

**અન્વયાર્થ** :—[छेदनबन्धनपीडनम्] (કાન, નાક આદિનું) છેદન, બંધન (ઇચ્છિત સ્થાને જતાં રોકવું), પીડન (લાકડી, ચાબૂક આદિથી મારવું), [अतिभारारोपणम्] શક્તિથી અધિક ભાર લાદવો, [च] અને [आहारवारणा] સમયસર પૂરતાં આહાર–પાણી ન દેવાં–એ [पञ्च] પાંચ [स्थूलवधात्] સ્થૂળ હિંસાથી [व्युपरतेः] વિરતિના (અર્થાત્ સ્થૂળ હિંસા ત્યાગના અહિંસાણુવ્રતના) [व्यतीचाराः] અતિચારો છે.

**ટીકા** :—'व्यतीचारा' વિવિધ અથવા વ્રતને વિરૂપ વિકૃત કરનારા દોષો કેટલા?

**'स्थूलवधाद् व्युपरतेः'। कथमित्याह 'छेदनेत्यादि' कर्णनासिकादीनामवयवानामपनयनं छेदनं, अभिमतदेशे गतिनिरोधहेतुर्बन्धनं, पीडा दण्डकशाद्यभिघातः, 'अतिभारारोपणं' न्याय्यभारादधिकभारारोपणं। न केवलमेतच्चतुष्टयमेव किन्तु 'आहारवारणापि च' आहारस्य अन्नपानलक्षणस्य वारणा निषेधो धारणा वा निरोधः।।५४।।**

પાંચ. કોના? 'स्थूलवधाद्व्युपरतेः' સ્થૂળ હિંસાથી વિરતિના (અર્થાત્ અહિંસાણુવ્રતના). કેવા? તે કહે છે—'छेदनेत्यादि' કાન, નાક આદિ અવયવોને કાપવા તે છેદન, ઈષ્ટ સ્થાને જતા અટકાવવાનો જે હેતુ થાય છે તે બંધન, લાકડી, ચાબૂક આદિથી મારવું તે પીડન–પીડા, 'अतिभारारोपणं' ઉચિત (વ્યાજબી–ન્યાયી) ભારથી અધિક ભાર લાદવો, કેવલ આ ચાર જ (અતિચાર) છે એટલું જ નહિ, કિન્તુ 'आहारवारणापि च' અન્ન–પાનરૂપ આહારનો નિષેધ–નિરોધ કરવો (કટકે કટકે થોડોક દેવો) એમ પાંચમો અતિચાર પણ છે.

**ભાવાર્થ** :—વ્રતના એકદેશ ભંગને અતિચાર કહે છે અને વ્રત–ભાવ ભંગ કરવામાં નિરર્ગલ (સ્વચ્છન્દ) પ્રવૃત્તિ હોવી તેને અનાચાર કહે છે. અતિચારથી વ્રતનો ભંગ થતો નથી, પણ દોષ લાગે છે અને અનાચારથી વ્રતનો ભંગ થાય છે.[1]

સ્થૂળ હિંસા ત્યાગના અર્થાત્ અહિંસાણુવ્રતના મુખ્ય પાંચ અતિચારો છે.[2]

૧. છેદન—મનુષ્ય વા પશુનાં નાક–કાન છેદવાં,

૨. બંધન—બાંધી રાખવું, ઇચ્છિત સ્થાને જવા ન દેવું,

૩. પીડન—દંડા–ચાબૂક આદિથી મારવું—પીડા કરવી,

૪. અતિભાર લાદવો—ગજા ઉપરાંત અધિક ભાર ભરવો,

૫. અન્ન-પાનનો નિરોધ—સમયસર પૂરતાં આહાર–પાણી આપવાં નહિ.

નોંધ :—આ શ્લોક (૫૪)માં જે પર પદાર્થોની ક્રિયાઓ છે તે જીવ કરી શકતો નથી, પરંતુ તેને અંગે જીવને જે ભાવ થાય છે તે પ્રમાદ ભાવને અતિચાર કહેવામાં આવે છે.

અતિચાર સંબંધી બધી ગાથાઓમાં આ પ્રમાણે સમજવું. ૫૪.

૧. વિષયોમાં પ્રવૃત્તિને અતિચાર અને અતિ આસક્તિને અનાચાર કહે છે.
(જુઓ શ્રી અમિતગતિ આચાર્યકૃત સામાયિક પાઠ, શ્લોક ૯)

૨. बन्धवधच्छेदातिभारारोपणान्नपाननिरोधाः। (તત્ત્વાર્થસૂત્ર અધ્યાય ૭–૨૫)

एवमहिंसाणुव्रतं प्रतिपाद्येदानीमनृतविरत्यणुव्रतं प्रतिपादयन्नाह—

**स्थूलमलीकं न वदति न परान् वादयति सत्यमपि विपदे।**
**यत्तद्वदंन्ति सन्तः स्थूलमृषावादवैरमणम् ॥५५॥**

'स्थूलमृषावादवैरमणं' स्थूलश्चासौ मृषावादश्च तस्माद्वैरमणं विरमणमेव वैरमणं। 'तद्वदन्ति' के ते? 'सन्तः' सत्पुरुषाः गणधरदेवादयः। तत्किं, सन्तो यन्न वदन्ति। 'अलीकमसत्यं'। कथंभूतं? 'स्थूलं' यस्मिन्नुक्ते स्वपरयोर्वधबन्धादिकं राजादिभ्यो भवति तत्स्वयं तावन्न वदति। तथा 'परान'न्यान् तथाविधमलीकं न वादयति। न केवलमलीकं किन्तु 'सत्यमपि' चोरोऽयमित्यादिरूपं न स्वयं वदति न परान् वादयति। किंविशिष्टं यदुक्तं

---

એ પ્રમાણે અહિંસાણુવ્રતનું પ્રતિપાદન કરીને હવે અનૃતવિરતિ અણુવ્રતનું (સત્યાણુવ્રતનું) પ્રતિપાદન કરતા કહે છે—

## સત્યાણુવ્રતનું લક્ષણ

### શ્લોક ૫૫

**અન્વયાર્થ** :—[यत्] પુરુષ જે [स्थूलं] સ્થૂળ [अलीकम्] જૂઠ—અસત્ય [न वदति] ન તો પોતે બોલે છે અને [न] ન [परान्] બીજાંઓની પાસે [वादयति] બોલાવે છે તથા [विपदे] (અન્યની) આપત્તિ માટે (અર્થાત્ અન્યનો ઘાત થાય તેવું) [सत्यम् अपि] સત્ય પણ [न वदति न परान् वादयति] પોતે બોલતો નથી અને બીજાઓને બોલાવતો નથી, [तत्] તેને [सन्तः] ગણધરાદિક મહાપુરુષો [स्थूलमृषावादवैरमणम्] સ્થૂળ જૂઠથી વિરતિરૂપ (અર્થાત્ સત્યાણુવ્રત) [वदन्ति] કહે છે.

**ટીકા** :—'यत् स्थूलमृषावादवैरणम्' જે સ્થૂળ અસત્ય વચન તેનાથી વિરતિ તેને સ્થૂળ સત્યાણુવ્રત કહે છે. કોણ તે? 'सन्तः' ગણધરદેવાદિ સન્ત પુરુષો. તે શું? સંતો કે જે બોલતા નથી. 'अलीकमसत्यम्' અસત્ય (જૂઠ). કેવું (જૂઠ)? 'स्थूलम्' સ્થૂળ જૂઠ અર્થાત્ જે બોલવાથી રાજાદિ તરફથી સ્વ–પરનો વધ–બંધ આદિ થાય તેવું (જૂઠ), 'न वदति' પ્રથમ તો પોતે બોલતો નથી અને 'परान् न वादयति' બીજા પાસે તેવું જૂઠ બોલાવતો નથી; કેવળ જૂઠ નહિ કિન્તુ 'આ ચોર છે' ઈત્યાદિ રૂપ 'सत्यमपि' સત્ય પણ સ્વયં બોલતો નથી અને અન્ય પાસે બોલાવતો નથી. કેવું (સત્ય)? જે બોલેલું વચન સત્ય

**सत्यमपि परस्य 'विपदे'ऽपकाराय भवति।।५५।।**

**साम्प्रतं सत्याणुव्रतस्यातीचारानाह——**

---

હોવા છતાં બીજાને 'विपदे' અપકારરૂપ થાય તેવું (તેવું સત્ય પણ પોતે બોલે નહિ).

**ભાવાર્થ :**—જે બોલવાથી રાજાદિ સ્વ–પરનો વધ–બંધાદિ કરે તેને સ્થૂળ જૂઠ કહે છે. સત્યાણુવ્રતી આવું જૂઠ સ્વયં બોલે નહિ અને બીજા પાસે બોલાવે નહિ. સત્ય પણ જો અન્યને અહિતકર–વિઘાતક હોય તો તેવું સત્ય પણ તે બોલે નહિ. જેમ કે પાસે થઈને હરણ જતું જોયું હોય, છતાં શિકારી તેને (વ્રતીને) તે વિષે પૂછે તો તે સત્ય કહે નહિ, કારણ કે તેવું બોલવાથી શિકારી દ્વારા હરણનો ઘાત થવા સંભવ છે, તેથી અન્યને આપત્તિ આવી પડે તેવું સત્ય વચન પણ પોતે બોલે નહિ, તેમ જ અન્ય પાસે બોલાવે નહિ, આવા સ્થૂળ અસત્ય ત્યાગને ગણધરાદિ મહાપુરુષો સત્યાણુવ્રત કહે છે.

## વિશેષ

"જે કાંઈ પ્રસાદ કષાયના યોગથી સ્વ–પરને હાનિકારક અથવા અન્યથારૂપ વચન કહેવામાં આવે છે, તેને અનૃત (જૂઠું) વચન જાણવું......"

"અસત્ય સામાન્યરૂપે ગર્હિત, પાપ સહિત અને અપ્રિય—એમ ત્રણ પ્રકારનું માનવામાં આવ્યું છે......"[૧]

સત્ય–અણુવ્રતધારી ક્રોધ–માન–માયા–લોભ વશ એવું વચન ન કહે જેથી અન્યનો ઘાત થાય, અન્યને અપવાદ લાગે–કલંક ચઢે, કલહ, વિસંવાદ પેદા થાય, વિષયાનુરાગ વધી જાય, મહા આરંભમાં પ્રવૃત્તિ થાય, અન્યને આર્ત્તધ્યાન થઈ જાય, પરના લાભમાં અન્તરાય આવે, પરની આજીવિકા બગડી જાય, પોતાનો અને પરનો અપયશ થાય, આપદા આવે, અનર્થ પેદા થાય, અન્યનો મર્મચ્છેદ થાય, રાજા દંડ કરે, ધનની હાનિ થાય વગેરે........આવાં સત્ય વચન હોય તોપણ તેને જૂઠાં વચન છે. વળી તે ગાલીનાં વચન, અપમાનનાં વચન, તિરસ્કારનાં વચન, અહંકારનાં વચન વગેરે બોલે નહિ, કારણ કે તે કષાયયુક્ત હોવાથી અસત્ય વચનો છે. વળી તે જિનસૂત્રને અનુકૂળ તથા સ્વ–પરના હિતરૂપ, બહુ પ્રલાપરહિત, પ્રામાણિક, સંતોષ ઉપજાવનાર, ધર્મનો ઉદ્યોત કરનાર વચન કહે–એવાં વચન બોલનાર ગૃહસ્થી સ્થૂળ અસત્યનો ત્યાગી છે.[૨]

---

૧. જુઓ પુરુષાર્થસિદ્ધિ–ઉપાય, શ્લોક ૯૧ અને ૯૫ થી ૧૦૧.

૨. જુઓ, શ્રી રત્નકરંડ શ્રાવકાચાર–પંડિત સદાસુખદાસકૃત હિન્દી ટીકા પૃષ્ઠ ૮૨.

परिवादरहोभ्याख्यापैशुन्यं कूटलेखकरणं च।
न्यासापहारितापि च व्यतिक्रमाः पञ्च सत्यस्य॥५६॥

'परिवादो' मिथ्योपदेशोऽभ्युदयनिःश्रेयसार्थेषु क्रियाविशेषेष्वन्यस्यान्यथाप्रवर्तनमित्यर्थः। 'रहोऽभ्याख्या' रहसि एकान्ते स्त्रीपुंसाभ्यामनुष्ठितस्य क्रियाविशेषस्याभ्याख्या

---

પુરુષાર્થસિદ્ધિ-ઉપાયમાં કહ્યું છે કે—

"....આ બધાં જ વચનોમાં પ્રમત્તયોગ જ એક હેતુ કહેવામાં આવ્યો છે, તેથી અસત્ય વચનમાં પણ (પ્રમત્તયોગનો સદ્‌ભાવ હોવાથી) હિંસા નિશ્ચિત થાય છે." (શ્લોક ૯૯)

"જૂઠ વચનના ત્યાગી મહામુનિ હેય અને ઉપાદેયનો વારંવાર ઉપદેશ કરે છે. ત્યાં પાપની નિંદા કરતાં પાપી જીવને (પોતાના દોષના કારણે) તેમનો ઉપદેશ બૂરો લાગે છે, અથવા કોઈને ધર્મોપદેશ ખરાબ લાગે તે દુઃખ પામે, પણ તે આચાર્યોને (ઉપદેશ સાંભળનારની લાગણી દુઃખાવા છતાં) જૂઠનો દોષ લાગતો નથી. કેમ કે તેમને પ્રમાદ (કષાય) નથી, પ્રમાદપૂર્વક વચનમાં જ હિંસા છે. તેથી જ કહ્યું છે કે પ્રમાદ સહિત યોગથી વચન બોલવાં તે જ જૂઠ જે, અન્યથા નહિ." (શ્લોક ૧૦૦નો ભાવાર્થ). ૫૫

હવે સત્યાણુવ્રતના અતિચારો કહે છે—

## સત્યાણુવ્રતના અતિચારો

### શ્લોક ૫૬

**અન્વયાર્થ** :—[परिवादरहोभ्याख्या] મિથ્યા (ખોટો) ઉપદેશ દેવો, કોઈની ગુપ્ત ક્રિયાને પ્રગટ કરી દેવી, [पैशुन्यम्] અન્યનો અભિપ્રાય જાણી તેને ઈર્ષાથી પ્રગટ કરવો, [कूटलेखकरणम्] ખોટો લેખ (દસ્તાવેજ) લખવો, [च] અને [न्यासापरिहारितापि] ગીરો રાખેલી વસ્તુને પણ અંશે હડપ કરી જવાનાં (પચાવી પાડવાનાં વચનો બોલવાં)— એ [पञ्च] પાંચ [सत्यस्य] સત્યાણુવ્રતના [व्यतिक्रमाः] અતિચારો છે.

**ટીકા** :—'परिवादो' મિથ્યા ઉપદેશ અર્થાત્ સ્વર્ગ અને મોક્ષની પ્રયોજનવાળી ક્રિયાવિશેષોમાં કોઈનું અન્યથા સમાપન કરવું તે પરિવાદ (મિથ્યા ઉપદેશ) છે. 'रहोऽभ्याख्या' એકાંતમાં સ્ત્રી-પુરુષ દ્વારા કરેલી કોઈ વિશિષ્ટ ક્રિયાને પ્રગટ કરવી તે

प्रकाशनं। 'पैशुन्यं' अंगविकारभ्रूविक्षेपादिभिः पराभिप्रायं ज्ञात्वा असूयादिना तत्प्रकटनं साकारमंत्रभेद इत्यर्थः। 'कूटलेखकरणं' च अन्येनानुक्तमननुष्ठितं यत्किंचिदेव तेनोक्त-मनुष्ठितं चेति वंचनानिमित्तं कूटलेखकरणं कूटलेखक्रियेत्यर्थः। 'न्यासापहारिता' द्रव्यनिक्षेप्तु-र्विस्मृतसंख्यस्याल्पसंख्यं द्रव्यमाददानस्य एवमेवेत्यभ्युपगमवचनं। एवं परिवादादयश्चत्वारो न्यासापहारिता पंचमीति सत्यस्याणुव्रतस्य पंच 'व्यतिक्रमाः' अतीचारा भवन्ति॥५६॥

રહોભ્યાખ્યા છે. 'पैशुन्यम्' શરીરની ચેષ્ટાથી અને ભવાંની ક્રિયા આદિથી બીજાનો અભિપ્રાય જાણીને, ઈર્ષાથી તે પ્રગટ કરવો તે સાકાર મંત્રભેદ છે—એવો અર્થ છે. 'कूटलेखकरणम्' બીજા દ્વારા કાંઈપણ નહિ કહેલા અને નહિ કરેલાને 'તેણે કહ્યું છે અને તેણે કર્યું છે' એમ તેને ઠગવાના હેતુથી જૂઠો દસ્તાવેજ (લેખ) લખવો તે કૂટલેખ ક્રિયા છે—એવો અર્થ છે. 'न्यासापहारिता' વસ્તુ ગીરો મૂકનાર **(Depositor)** વસ્તુની સંખ્યા ભૂલી જાય અને ઓછી વસ્તુ માગે તો લેનારને હા, એટલી જ છે, એ જ છે—એવું વચન કહેવું તે (ન્યાસાપહારિતા) છે. એ પ્રમાણે પરિવાદ (મિથ્યોપદેશ). આદિ ચાર અને ન્યાસાપહારિતા પાંચમું–એમ બધા મળી 'सत्यस्य' સત્યાણુવ્રતના પાંચ 'व्यतिक्रमाः' અતિચારો છે.

**ભાવાર્થ** :—સત્યાણુવ્રતના પાંચ અતિચાર છે[૧]—

૧. પરિવાદ—મિથ્યા ઉપદેશ; અભ્યુદય અને કલ્યાણકારક કાર્યોમાં અન્યથા ઉપદેશ દેવો.

૨. રહોભ્યાખ્યા—સ્ત્રી–પુરુષો દ્વારા એકાન્તમાં કરેલી ક્રિયાને પ્રગટ કરવી.

૩. પૈશુન્ય (સાકાર મંત્ર ભેદ)—ચાડી કરવી અથવા શરીરની અને ભવાંની ચેષ્ટાથી બીજાનો અભિપ્રાય જાણી લઈ ઈર્ષાથી તે પ્રગટ કરવો.

૪. કૂટલેખ ક્રિયા—બીજાને ઠગવા માટે ખોટો દસ્તાવેજ કરવો.

૫. ન્યાસાપહાર—ગિરો મૂકેલી વસ્તુને ગિરો મૂકનાર ભૂલથી ઓછી વસ્તુ માગે તો તેને તેટલી જ આપવી.

નોંધ :—ઉપરની ક્રિયાઓમાં નબળાઈને લીધે પ્રવર્તે છે, તેથી તે અતિચાર છે. ૫૬.

---

૧. मिथ्योपदेशरहोभ्याख्यानकूटलेखक्रियान्यासापहारसाकारमंत्रभेदाः। (તત્ત્વાર્થસૂત્ર અધ્યાય ૭/૨૬)

अधुना चौर्यविरत्यणुव्रतस्य स्वरूपं प्ररूपयन्नाह—

**निहितं वा पतितं वा सुविस्मृतं वा परस्वमविसृष्टं।**
**न हरति यन्न च दत्ते तदकृशचौर्य्यादुपारमणम्॥५७॥**

'अकृशचौर्यात्' स्थूलचौर्यात्। 'उपारमणं तत्। 'यत् न हरति' न गृह्णाति। किं तत्? 'परस्वं' परद्रव्यं। कथंभूतं? 'निहितं' वा धृतं। तथा 'पतितं वा'। तथा 'सुविस्मृतं' वा अतिशयेन विस्मृतं। वाशब्दः सर्वत्र परस्परसमुच्चये। इत्थंभूतं परस्वं 'अविसृष्टं' अदत्तं यत्स्वयं न हरति न दत्तेऽन्यस्मै तदकृशचौर्यादुपारमणं प्रतिपत्तव्यम्॥५७॥

---

હવે અચૌર્યાણુવ્રતના સ્વરૂપનું પ્રરૂપણ કરી કહે છે—

## અચૌર્યાણુવ્રતનું લક્ષણ

### શ્લોક ૫૭

**અન્વયાર્થ** :—[निहितं वा] રાખેલી, [पतितं वा] પડેલી અથવા [सुविस्मृतं वा] તદ્દન ભૂલાઈ ગયેલી [परस्वं] એવી પરવસ્તુને [अविसृष्टम्] આપ્યા વિના [यत् न हरति च दत्ते] ન લેવી કે ન કોઈ બીજાને આપવી [तत्] તે [अकृशचौर्य्यात्] સ્થૂળ ચોરીથી [उपारमणम्] વિરક્ત થવું છે. (અર્થાત્ અચૌર્યાણુવ્રત છે).

**ટીકા** :—'अकृशचौर्यात्' સ્થૂળ ચોરીથી 'उपरमणम् तत्' નિવૃત્ત થવું તેને, 'यत् न हरति' ન લેવી, કોને (ન લેવી)? 'परस्वं' પર વસ્તુને, કેવી (પરવસ્તુને)? 'निहितं' રાખેલી (મૂકેલી), 'पतितं वा' કે પડેલી, 'सुविस्मृतं वा' કે બિલકુલ વિસ્મૃત થયેલી, 'वा' શબ્દ બધેય પરસ્પર સમુચ્ચય અર્થમાં છે. આવી પરવસ્તુને 'अविसृष्टम्' આપ્યા વિના સ્વયં ન લેવી અને બીજાને ન દેવી તેને 'अकृशचौर्यादुपारमणम्' સ્થૂળ ચોરીથી નિવૃત્ત થવું કહે છે. (અર્થાત્ તેને અચૌર્યાણુવ્રત કહે છે.)

**ભાવાર્થ** :—કોઈની મૂકેલી, પડેલી કે ભૂલેલી વસ્તુને આપ્યા વિના ન તો પોતે (સ્વયં) લેવી અને ન બીજાને આપવી, તેને અચૌર્યાણુવ્રત કહે છે.

"પ્રમાદના યોગથી આપ્યા વિના સુવર્ણ—વસ્ત્રાદિ પરિગ્રહનું ગ્રહણ કરવું તેને જ ચોરી કહે છે; તે જ વધનું કારણ હોવાથી હિંસા છે."[1]

૧. પુરુષાર્થસિદ્ધિ—ઉપાય ગુજરાતી આવૃત્તિ શ્લોક ૧૦૨.

પોતાને ચોરી કરવાનો ભાવ થયો તે સ્વ–ભાવહિંસા અને પોતાને ચોર માનવામાં આવતાં, પોતાના પ્રાણનો પોતા વડે વિયોગ કરવામાં આવે તો તે સ્વ–દ્રવ્યહિંસા છે.

જે જીવની વસ્તુ ચોરવામાં આવી તેને અંતરંગમાં પીડા થઈ, તે તેની (પર) ભાવહિંસા છે અને તે વસ્તુના નિમિત્તે તેના જે દ્રવ્યપ્રાણ પુષ્ટ હતા તે પુષ્ટ પ્રાણોનો નાશ થયો, તે તેની (પર) દ્રવ્યહિંસા છે.

આ રીતે ચોરી કરવાથી ચોરી કરનારની તથા જેની ચોરી થઈ તેની દ્રવ્યહિંસા અને ભાવહિંસા—એમ બંને પ્રકારની હિંસા થાય છે.[૧]

ધન–ધાન્યાદિ પદાર્થો મનુષ્યના બાહ્યપ્રાણ છે, તેનું હરણ થતાં યા નાશ થતાં તેને પોતાના પ્રાણઘાત જેટલું દુઃખ થાય છે.

પ્રમાદનું નામ જ હિંસા છે અને ચોરીમાં પ્રમાદ અવશ્ય છે, માટે જ્યાં ચોરી છે ત્યાં અવશ્ય જ હિંસા છે; પરંતુ પ્રમત્તયોગ વિના પર પદાર્થને કોઈના આપ્યા વિના ગ્રહણ કરવામાં ચોરીનો દોષ નથી.

અરહંત ભગવાનને કર્મ–નોકર્મ વર્ગણાઓનું ગ્રહણ હોવા છતાં તેમને ચોરીનો દોષ લાગતો નથી, કારણ કે તેમને પ્રમત્તયોગનો અભાવ છે. માટે જ્યાં હિંસા નથી ત્યાં ચોરી નથી અને જ્યાં ચોરી નથી ત્યાં તે પ્રકારની હિંસા પણ નથી.

શ્રાવક કૂવા–નદીનું પાણી, ખાણની માટી વગેરે કોઈને પૂછ્યા વિના ગ્રહણ કરે તોપણ તે ચોરી નથી, પરંતુ મુનિ જો તે ગ્રહણ કરે તો તેમને ચોરીનો દોષ લાગે, કારણ કે શ્રાવકને એકદેશ ત્યાગ હોય છે અને મુનિને સર્વથા ત્યાગ હોય છે.

**अदत्तादानं स्तेयम् ।** (તત્ત્વાર્થસૂત્ર અધ્યાય ૭/૧૫)

પ્રમાદના યોગથી દીધા વગર કોઈપણ વસ્તુને ગ્રહણ કરવી તે ચોરી છે. જ્યાં લેવા–દેવાનો સંભવ હોય ત્યાં ચોરીનો વ્યવહાર થાય છે; તેથી કર્મવર્ગણા અને નોકર્મવર્ગણાઓનું ગ્રહણ તે ચોરી નથી.

મુનિરાજને ગામ–નગર વગેરેમાં પર્યટન કરતાં, શેરી–દરવાજો વગેરેમાં પ્રવેશ કરવાથી 'અદત્તાદાન'નો દોષ લાગતો નથી, કેમ કે તે સ્થાનો બધાને આવવા–જવા માટે ખૂલ્લાં છે અને સાર્વજનિક શેરી વગેરેમાં પ્રવેશ કરતાં મુનિને પ્રમત્તયોગ હોતો નથી. ૫૭.

૧. જુઓ, પુરુષાર્થસિદ્ધિ–ઉપાય ગુજરાતી આવૃત્તિ, શ્લોક ૧૦૨ થી ૧૦૬ અને તેમનો ભાવાર્થ.

तस्येदानीमतिचारानाह—

**चौरप्रयोगचौरार्थादानविलोपसदृशसन्मिश्राः।**
**हीनाधिकविनिमानं पञ्चास्तेये व्यतीपाताः।।५८।।**

'अस्तेये' चौर्यविरमणे। 'व्यतीपाता' अतीचाराः पंच भवन्ति। तथा हि। चौरप्रयोगः चोरयतः स्वयमेवान्येन वा प्रेरणं प्रेरितस्य वा अन्येनानुमोदनं। चौरार्थादानं च अप्रेरितेनाननुमतेन तच चोरेणानीतस्यार्थस्य ग्रहणं। विलोषश्च उचितन्यायादन्येन प्रकारेणार्थस्यादानं विरुद्धराज्यातिक्रम इत्यर्थः। विरुद्धराज्ये स्वल्पमूल्यानि महार्घाणि द्रव्याणीति कृत्वा स्वल्पतरेणार्थेन गृह्णाति। सदृशन्मिश्रश्च प्रतिरूपकव्यवहार इत्यर्थः सदृशेन तैलादिना

---

હવે તેના (અચૌર્યાણુવ્રતના) અતિચારો કહે છે—

## અચૌર્યાણુવ્રતના અતિચાર

### શ્લોક ૫૮

**અન્વયાર્થ** :—[चौरप्रयोगचौरार्थादानविलोपसदृशसन्मिश्राः] ચૌરપ્રયોગ (ચોરીનો ઉપાય બતાવવો) ચૌરાર્થાદાન (ચોરીની વસ્તુ ખરીદવી), વિલોપ (રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું), સદ્દશસંમિશ્ર (હલકી–ભારે સદ્દશ વસ્તુઓનું મિશ્રણ કરી વેચવું) અને [हीनाधिकविनिमानं] હીનાધિકવિનિમાન (માપ–તોલા ઓછાં–વત્તાં રાખવાં) [पञ्च]—એ પાંચ [अस्तेय] અચૌર્યાણુવ્રતમાં [व्यतीपातः] અતિચારો છે.

**ટીકા** :—'अस्तेय' ચોરીથી વિરમણમાં અર્થાત્ અચૌર્યાણુવ્રતમાં 'व्यतीपाताः' અતિચારો 'पञ्च' પાંચ છે. તે આ પ્રમાણે છે—'चौरप्रयोगः' ચોરી કરનારને સ્વયં પ્રેરણા કરવી યા બીજા દ્વારા પ્રેરણા કરવી યા પ્રેરિતને અન્ય દ્વારા અનુમોદના કરવી, 'चौर्यार्थादानं' અપ્રેરિત અને અનનુમોદિત ચોર દ્વારા લાવેલી ચીજોનું ગ્રહણ કરવું, 'विलोपः' ઉચિત ન્યાયથી અન્ય પ્રકારે (નીતિ વિરુદ્ધ) વસ્તુને ગ્રહણ કરવી, વિરુદ્ધ રાજ્યમાં જઈને નીતિ વિરુદ્ધ વસ્તુ આપવી–લેવી તે વિરુદ્ધ રાજ્યાતિક્રમ છે એવો અર્થ છે. વિરુદ્ધ રાજ્યમાં મહા–વધારે કિંમતની વસ્તુઓને ઓછી કિંમતની વસ્તુઓ કહીને બહુ થોડા ધનથી લાવે છે, 'सदृशसन्मिश्रः' સમાન રૂપ–રંગવાળી વસ્તુઓનું સંમિશ્રણ અથવા પ્રતિરૂપક વ્યવહાર એવો અર્થ છે; સમાન તેલ આદિ સાથે ઘી આદિનું સંમિશ્રણ કરે છે,

**सन्मिश्रं घृतादिकं करोति। कृत्रिमैश्च हिरण्यादिभिर्वचनापूर्वकं व्यवहारं करोति। हीनाधिकविनिमानं विविधं नियमेन मानं विनिमानं मानोन्मानमित्यर्थः। मानं हि प्रस्थादि, उन्मानं तुलादि, तच्च हीनाधिकं, हीनेन अन्यस्मै ददाति, अधिकेन स्वयं गृह्णातीति॥५८॥**

**साम्प्रतमब्रह्मविरत्यणुव्रतस्वरूपं प्रतिपादयन्नाह—**

---

બનાવટી સુવર્ણ આદિથી વંચનાપૂર્વક વ્યવહાર કરે છે. (બનાવટી સુવર્ણાદિ વેચી ઠગાઈ કરે છે.) '**हीनाधिकविनिमानं**' નિયમથી વિવિધ માન તે વિનિમાન, માન અને ઉન્માન એવો અર્થ છે; માન એટલે પ્રસ્થાદિ પાલી, ગજ, તોલા વગેરે માપવાનાં સાધન અને ઉન્માન એટલે ત્રાજવાં, બાટ વગેરે તે તોલવાનાં સાધન–તે હીનાધિક ઓછાં–વત્તાં રાખીને ઓછા માપથી અન્યને આપે છે અને અધિક માપથી સ્વયં લે છે.

**ભાવાર્થ** :—અચૌર્યાણુવ્રતના પાંચ અતિચાર[1]—

૧. ચૌરપ્રયોગ—ચોરીનો ઉપાય બતાવવો–ચોરી કરવાની પ્રેરણા કરવી.

૨. ચૌરાર્થદાન—ચોરીની વસ્તુ ખરીદવી.

૩. વિલોપ (વિરુદ્ધ રાજ્યાતિક્રમ)—રાજ્યના કાયદાથી વિરુદ્ધ વર્તવું.

૪. સદ્દેશસન્મિશ્ર (પ્રતિરૂપક વ્યવહાર)—હલકી–ભારે ચીજોનું સંમિશ્રણ કરી ઊંચી કિંમતે વેચવું.

૫. હીનાધિક વિનિમાન (હીનાધિક માનોન્માન)—માપ–તોલા ઓછાં–વત્તાં રાખવાં; ઓછા માપથી આપવું અને અધિક માપથી લેવું.

આ કાર્યો નબળાઈને લીધે થાય છે પણ આસક્ત ભાવે થતાં નથી. તે દોષ તો છે જ, પરંતુ તેથી વ્રતનો સંપૂર્ણ ભોગ થતો નથી, તેથી તેને અતિચાર કહે છે. ૫૮.

હવે અબ્રહ્મવિરતિ અણુવ્રતના અર્થાત્ (બ્રહ્મચર્યાણુવ્રતના) સ્વરૂપનું પ્રતિપાદન કરી કહે છે—

---

૧. स्तेनप्रयोगतदाहृतादानविरुद्धराज्यातिक्रमहीनाधिकमानोन्मानप्रतिरूपक व्यवहाराः।
(तत्त्वार्थसूत्र अध्याय ७/२७)

**न तु परदारान् गच्छति न परान् गमयति च पापभीतेर्यत्।
सा परदारनिवृत्तिः स्वदारसन्तोषनामापि॥५९॥**

'सा परदारनिवृत्तिः'। यत् 'परदारान्' परिगृहीतानपरिगृहीतांश्च। स्वयं 'न च' नैव। गच्छति। तथा 'परानन्यान्'[1] परदारलम्पटान् न गमयति परदारेषु गच्छतो यत्प्रयोजयति न च*। कुतः ? 'पापभीतेः' पापोपार्जनभयात् न पुनः नृपत्यादिभयात्। न केवलं सा परदारनिवृत्तिरेवोच्यते किन्तु[2] 'स्वदारसन्तोषनामापि' स्वदारेषु सन्तोषः स्वदारसन्तोषस्तन्नाम यस्याः[3] ॥५६॥

## બ્રહ્મચર્યાણુવ્રતનું લક્ષણ

### શ્લોક ૫૯

**અન્વયાર્થ** :—[यत्] જે [पापभीतेः] પાપના ભયથી [न तु] ન તો પોતે [परदारान्] પરસ્ત્રી પાસે [गच्छति] જવું [च] અને [न परान] ન તો બીજાઓને (પરસ્ત્રી પાસે) [गमयति] મોકલવું [सा] તે [परदारनिवृत्तिः] પરસ્ત્રી ત્યાગ અથવા [स्वदारसंतोषनाम् अपि] સ્વદારસંતોષ નામનું અણુવ્રત (બ્રહ્મચર્યાણુવ્રત) કહેવાય છે.

**ટીકા** :—પુરુષ જે 'सा परदारनिवृत्तिः' જે 'परदारान्' પરિગૃહિત (વિવાહિત) અને અપરિગૃહિત (અવિવાહિત) પરસ્ત્રી પાસે સ્વયં જતો નથી (પરસ્ત્રી સાથે સ્વયં રમતો નથી) તથા 'परान्' બીજાઓને પરસ્ત્રી પાસે લંપટ પુરુષોને મોકલતો નથી, પરસ્ત્રી પાસે જવા કોઈને પ્રેરતો નથી. શાથી? 'पापभीतेः'—પાપના ભયથી, (પાપ ઉપાર્જન કરવાના ભયથી), પણ નહિ કે રાજાદિના ભયથી, તેને કેવળ પરસ્ત્રી ત્યાગ કહેતા નથી, કિન્તુ 'स्वदार-संतोषनामापि' સ્વદારસંતોષ નામનું (સ્વસ્ત્રીમાં સંતોષ નામનું) અણુવ્રત પણ કહે છે.

**ભાવાર્થ** :—જે પાપના ભયથી નહિ કે રાજાદિના ભયથી ન તો સ્વયં પરસ્ત્રીને ભોગવે છે અને ન તો લંપટ પુરુષો દ્વારા ભોગવાવે છે, તેની તે ક્રિયા પરદારનિવૃત્તિ યા સ્વદારસંતોષ નામનું બ્રહ્મચર્યાણુવ્રત કહેવાય છે.

જેને સ્વસ્ત્રીથી સંતોષ હોય છે તેને પરસ્ત્રીત્યાગ સ્વયં હોય છે. જેમ પુરુષ સંબંધી બ્રહ્મચર્યાણુવ્રત છે, તેમ સ્ત્રીસંબંધી પણ બ્રહ્મચર્યાણુવ્રત સમજવું અર્થાત્ સ્ત્રીએ સ્વયં પર

१. परदारान् क–ख पाठः।

* पुष्पमध्यगतो पाठः ग पुस्तके नास्ति। २. अपि तु ख-ग पाठः। ३. यस्य क पाठः।

[१]तस्यातीचारानाह—

**अन्यविवाहाकरणानङ्गक्रीडाविटत्वविपुलतृषः।**
**इत्वरिकागमनं चास्मरस्य पञ्च व्यतीचाराः ॥६०॥**

'अस्मरस्या' ब्रह्मनिवृत्त्यगुणव्रतस्य। पंच व्यतीचाराः। कथमित्याह—

- પુરુષ સાથે રમવું નહિ અને અન્ય સ્ત્રીને તેમ કરવા પ્રેરવી નહિ.

## વિશેષ

પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદના પરિણમનરૂપ રાગભાવ (પ્રમાદ) સહિતના યોગથી સ્ત્રી–પુરુષ મળીને કામસેવનનો ભાવ કરવો તે કુશીલ છે. તેમાં પ્રાણીવધનો સર્વત્ર સદ્‌ભાવ હોવાથી હિંસા થાય છે.

સ્ત્રીની યોનિ, નાભિ, કુચ (સ્તન) અને કાખમાં મનુષ્યાકારના અસંખ્ય પંચેન્દ્રિય જીવ ઉત્પન્ન થાય છે; તેથી સ્ત્રી સાથે કામસેવન કરવાથી આ જીવોની દ્રવ્યહિંસા થાય છે. અને સ્ત્રી–પુરુષ બંનેને કામરૂપ પરિણામ થાય છે, તેનાથી તે બંનેને ભાવહિંસા થાય છે.[૨] ૫૯.

તેના (બ્રહ્મચર્યાણુવ્રતના) અતિચાર કહે છે—

## બ્રહ્મચર્યાણુવ્રતના અતિચાર
### શ્લોક ૬૦

**અન્વયાર્થ** :—[अन्यविवाहाकरणानङ्गक्रीडाविटत्वविपुलतृषः] અન્ય વિવાહકરણ (બીજાનો વિવાહ કરવો), અનંગક્રીડા (કામસેવનના અંગો છોડી અન્ય અંગોથી વિષયસેવન કરવું), વિટત્વ (ગાળો બોલવી, અશ્લિલ વચન બોલવાં), વિપુલ તૃષા (વિષય સેવનમાં બહુ ઇચ્છા રાખવી) [च] અને [इत्वरिकागमन] ઇત્વરિકાગમન (વ્યભિચારિણી સ્ત્રીને ત્યાં આવ–જા કરવી)—એ [पञ्च] પાંચ [अस्मरस्य] બ્રહ્મચર્યાણુવ્રતના [व्यतीचाराः] અતિચારો છે.

**ટીકા** :—'अस्मरस्य' અબ્રહ્મત્યાગ અણુવ્રતના (બ્રહ્મચર્યાણુવ્રતના) પાંચ અતિચારો

१. अस्य ग पाठः।

૨. જુઓ પુરુષાર્થસિદ્ધિ–ઉપાય ગુજરાતી આવૃત્તિ, શ્લોક ૧૦૭ અને તેનો ભાવાર્થ તથા શ્લોક ૧૦૮ થી ૧૧૦.

'अन्येत्यादि'—कन्यादानं विवाहोऽन्यस्य विवाहोऽन्यविवाहः तस्य आ 'समन्तात्' करणं, तच्च अनङ्गक्रीडा च अंगं लिंगं योनिश्च तयोरन्यत्र मुखादिप्रदेशे क्रीडा अनङ्गक्रीडा। 'विटत्वं' भण्डिमाप्रधानकायवाक्यप्रयोगः। विपुलतृट् च कामतीव्राभिनिवेशः। 'इत्वरिकागमनं' च परपुरुषानेति गच्छतीत्येवं शीला इत्वरी पुंश्चली कुत्सायां के कृते 'इत्वरिका' भवति तत्र गमनं चेति॥६०॥

अथेदानीं परिग्रहविरत्यणुव्रतस्य स्वरूपं दर्शयन्नाह—

**धनधान्यादिग्रन्थं परिमाय ततोऽधिकेषु निःस्पृहता।**
**परिमितपरिग्रहः स्यादिच्छापरिमाणनामापि॥६१॥**

---

છે. કેવા? તે કહે છે. 'अन्येत्यादि' કન્યાદાન તે વિવાહ, 'समन्तात्' પૂરી રીતેથી આ અન્યનો વિવાહ કરવો, 'अनंगक्रीडा' અનંગક્રીડા, 'विटत्वं' બીભત્સ પ્રધાનક્રિયામાં કાયવચનનો પ્રયોગ કરવો, 'विपुलतृष्' કામસેવનમાં તીવ્ર ઇચ્છા રાખવી, 'इत्वरिकागमनं' પરપુરુષો પાસે જવાનો જેનો સ્વભાવ છે તે ઇત્વરી એટલી વ્યભિચારિણી સ્ત્રી તેને ત્યાં જવું. 'इत्वरिका' શબ્દમાં 'क' પ્રત્યય ખરાબ અર્થમાં છે.

**ભાવાર્થ** :—બ્રહ્મચર્યાણુવ્રતના પાંચ અતિચાર[૧]—

૧. પરવિવાહકરણ—બીજાનો વિવાહ કરવો.

૨. અનંગક્રીડા—કામસેવનનાં અંગો છોડી, મુખહસ્તાદિક અંગોથી કામસેવન કરવું.

૩. વિટત્વ—બીભત્સ વચન બોલવાં.

૪. અતિતૃષા—વિષયસેવનમાં તીવ્ર ઇચ્છા રાખવી.

૫. ઇત્વરિકાગમન—વ્યભિચારિણી સ્ત્રીને ત્યાં આવ—જા કરવી. ૬૦

હવે (એકદેશ) પરિગ્રહવિરતિ અણુવ્રતનું સ્વરૂપ બતાવી કહે છે—

## પરિગ્રહપરિમાણ અણુવ્રતનું લક્ષણ

### શ્લોક ૬૧

**અન્વયાર્થ** :—[धनधान्यादिग्रन्थं] ધન—ધાન્યાદિ દશ પરિગ્રહોનું [परिमाण]

---

૧. परविवाहकरणेत्वरिकापरिगृहीतापरिगृहीतागमनानंगक्रीडाकामतीव्राभिनिवेशाः।
(तत्त्वार्थसूत्र—अध्याय ७/२८)

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



'परिमितपरिग्रहो' देशतः परिग्रहविरतिरणुव्रतं स्यात्। कासौ? या 'ततोऽधिकेषु निस्पृहता' ततस्तेभ्य इच्छावशात् कृतपरिसंख्यातेभ्योऽर्थोभ्योऽधिकेष्वर्थेषु या निस्पृहता वाञ्छाव्यावृत्तिः। कि कृत्वा? 'परिमाय' देवगुरुपादाग्रे परिमितं कृत्वा। कं? 'धनधान्यादिग्रन्थं' धनं गवादि, धान्यं ब्रीह्यादि। आदिशब्दाद्दासीदासभार्यागृहक्षेत्रद्रव्य-सुवर्णरूप्याभरणवस्त्रादिसंग्रहः। स चाखौ ग्रन्थश्च तं परिमाय। स च परिमित परिग्रहः 'इच्छापरिमाणनामापि' स्यात्, इच्छायाः परिमाणं यस्य स इच्छापरिमाणस्तन्नाम यस्य स तथोक्तः ॥६१॥

---

પરિમાણ કરીને [ततः] તેનાથી [अधिकेषु] વધારે [निस्पृहता] ઇચ્છા ન રાખવી તે [परिमितपरिग्रहः] પરિગ્રહ પરિમાણવ્રત [अपि] અથવા [इच्छापरिमाणनामा] ઇચ્છાપરિમાણ નામનું વ્રત [स्यात्] છે.

**ટીકા** :—'धनधान्यादिग्रंथम्' ગાય, ભેંસાદિ ધન, ચોખાદિ અનાજ અને દાસ, દાસી, ભાર્યા, ગૃહ, ક્ષેત્ર, દ્રવ્ય, સુવર્ણ, ચાંદી, આભરણ, વસ્ત્રાદિનો સંગ્રહ—એવા સંગ્રહરૂપ પરિગ્રહનું 'परिमाय' દેવ–ગુરુના પાદ આગળ (દેવ–ગુરુની સમક્ષ) પરિમાણ કરીને 'न तोऽधिकेषु निस्पृहता' તેનાથી–ઇચ્છા પ્રમાણે સંખ્યાથી મર્યાદિત કરેલી વસ્તુઓથી અધિક વસ્તુઓમાં ઇચ્છા રહિત થવું–વાંછા રહિત થવું તે 'परिमितपरिग्रहः' એકદેશ પરિગ્રહવિરતિરૂપ અણુવ્રત છે. 'इच्छापरिमाणनाम अपि' તે પરિમિત પરિગ્રહમાં પોતાની ઇચ્છાનુસાર પરિગ્રહનું પરિમાણ કરવામાં આવે છે તેથી તેનું બીજું નામ 'ઇચ્છાપરિમાણ' પણ છે.

**ભાવાર્થ** :—ક્ષેત્ર (ખેતર), વાસ્તુ (મકાન આદિ), હિરણ્ય (રૂપિયા–ચાંદી આદિ), સ્વર્ણ (સોનું યા સુવર્ણનાં ઘરેણાં), ધન (ગાય આદિ), ધાન્ય (અનાજ), દાસી, દાસ, કુપ્ય (વસ્ત્રાદિ) અને ભાણ્ડ (વાસણ આદિ)—એ દશ પ્રકારના પરિગ્રહનું પરિમાણ કરીને તેનાથી અધિકમાં વાંછા (ઇચ્છા) ન કરવી તેને પરિગ્રહપરિમાણ અણુવ્રત કહે છે. તેને ઇચ્છાપરિમાણ અણુવ્રત પણ કહે છે.

### વિશેષ

પુરુષાર્થસિદ્ધિ–ઉપાયમાં કહ્યું છે કે—

મોહના ઉદયનિમિત્તે ઉત્પન્ન થયેલ મમત્વરૂપ પરિણામ જ મૂર્ચ્છા છે, અને જે મૂર્ચ્છા છે તે જ પરિગ્રહ છે. (શ્લોક ૧૧૧)

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**तस्यातिचारानाह—**

---

તત્ત્વાર્થસૂત્રમાં શ્રી ઉમાસ્વામીએ પણ મૂર્ચ્છાને જ પરિગ્રહ કહ્યો છે—

''**मूर्च्छा परिग्रहः।**'' અધ્યાય ૭/૧૭ બાહ્ય ધન–ધાન્યાદિ પદાર્થોમાં તથા અંતરંગ ક્રોધાદિ કષાયોમાં મમત્વભાવ રાખવો તે મૂર્ચ્છા છે.''

જ્યાં જ્યાં મૂર્ચ્છા છે ત્યાં ત્યાં અવશ્ય પરિગ્રહ છે અને જ્યાં મૂર્ચ્છા નથી ત્યાં પરિગ્રહ પણ નથી. મૂર્ચ્છાની પરિગ્રહ સાથે વ્યાપ્તિ છે.

કોઈ જીવ નગ્ન છે, બાહ્ય પરિગ્રહથી રહિત છે, પણ જો તેને અંતરંગમાં મૂર્ચ્છા અર્થાત્ મમત્વપરિણામ હોય તો તે પરિગ્રહવાન જ છે; અને એક મમત્વના ત્યાગી દિગંબર મુનિને ઉપકરણરૂપ પીછી, કમંડળ હોવા છતાં પણ અંતરંગમાં મમત્વ નહિ હોવાથી તે વાસ્તવિક પરિગ્રહથી રહિત જ છે. (શ્લોક ૧૧૨નો ભાવાર્થ)

ધન–ધાન્યાદિ બાહ્ય વસ્તુ મૂર્ચ્છા ઊપજાવવામાં નિમિત્તમાત્ર છે; તેથી તેમાં કારણમાં કાર્યનો ઉપચાર કરીને તેને ઉપચારથી પરિગ્રહ કહ્યો છે. વાસ્તવમાં પરિગ્રહનું લક્ષણ મૂર્ચ્છા જ છે.

[1]અંતરંગ ૧૪ પ્રકારના પરિગ્રહો હિંસાના પર્યાય હોવાથી તેમાં હિંસા સિદ્ધ જ છે અને દશ પ્રકારના બહિરંહ પરિગ્રહોમાં મમત્વપરિણામ જ હિંસાભાવને નિશ્ચયથી પ્રાપ્ત થાય છે. (શ્લોક ૧૧૯).

કેવળીને સમવસરણાદિ વિભૂતિ હોય છે. પણ મમત્વપરિણામ વિના તે પરિગ્રહ નથી.

જે કોઈ પરિગ્રહને અંગીકાર કરીને કહે કે મારે તો તેમાં મમત્વપરિણામ નથી, તો તે અસત્ય છે, કારણ કે મમત્વ વિના તે અંગીકાર થાય નહિ.

જ્યાં પ્રમાદ–યોગ છે ત્યાં જ નિશ્ચયથી પરિગ્રહ છે અને જ્યાં પ્રમાદ–યોગ (મમત્વ) નથી, ત્યાં પરિગ્રહ નથી—એમ સમજવું. ૬૧.

તેના (પરિગ્રહપરિમાણ અણુવ્રતના) અતિચાર કહે છે—

---

૧. અંતરંગ ચૌદ પરિગ્રહ :—૧. મિથ્યાત્વ, ૨. હાસ્ય, ૩. રતિ, ૪. અરતિ, ૫. શોક, ૬. ભય, ૭. જુગુપ્સા, ૮. પુરુષવેદ, ૯. સ્ત્રીવેદ, ૧૦. નપુંસકવેદ, ૧૧. ક્રોધ, ૧૨. માન, ૧૩. માયા અને ૧૪. લોભ.

**अतिवाहनातिसंग्रहविस्मयलोभातिभारवहनानि।**
**परिमितपरिग्रहस्य च विक्षेपाः पञ्च लक्ष्यन्ते।।६२।।**

'विक्षेपाः' अतिचाराः। पंच 'लक्ष्यन्ते' निश्चीयन्ते। कस्य? 'परिमितपरिग्रहस्य' न केवलमहिंसाद्यणुव्रतस्य पंचातीचारा निश्चीयन्ते अपि तु परिमितपरिग्रहस्यापि। चशब्दोऽत्रापिशब्दार्थे। के तस्यातीचारा इत्याह—अतिवाहनेत्यादि। लोभातिगृद्धिनिवृत्त्यर्थं परिग्रहपरिमाणे कृते पुनर्लोभावेशवशादतिवाहनं करोति। यावन्तं हि मार्गं बलीवर्दादयः सुखेन गच्छन्ति ततोऽप्यतिरेकेण वाहनमतिवाहनं। अतिशब्दः प्रत्येकं लोभान्तानां सम्बध्यते। इदं धान्यादिकमग्रे विशिष्टं लाभं दास्यतीति लोभावेशादतिशयेन तत्संग्रहं करोति।

---

## પરિગ્રહપરિણામ અણુવ્રતના અતિચાર[1]
## શ્લોક ૬૨

**અન્વયાર્થ** :—[अतिवाहनातिसंग्रहविस्मयलोभातिभारवहनानि] અતિવાહન (હાથી, ઘોડા, બળદ વગેરેને તેના ગજા ઉપરાંત ચલાવવું), અતિસંગ્રહ (ધાન્યાદિનો અતિસંગ્રહ કરવો), અતિવિસ્મય (બીજાનો વૈભવ જોઈને અતિવિસ્મય પામવું; અતિખેદ કરવો), અતિલોભ (બહુ લોભ કરવો), અને અતિભારવહન (બહુ ભાર લાદવો) [पञ्च] એ પાંચ [परिमितपरिग्रहस्य च] પરિગ્રહપરિમાણ અણુવ્રતના [विक्षेपः] અતિચાર [लक्ष्यन्ते] કહેવામાં આવ્યા છે.

**ટીકા** :—'विक्षेपाः' અતિચારો 'पञ्च लक्ष्यन्ते' પાંચ નક્કી (નિશ્ચિત) કરવામાં આવ્યા છે. કોના? 'परिमितपरिग्रहस्य' કેવળ અહિંસાદિ અણુવ્રતના પાંચ અતિચાર નક્કી કરવામાં આવ્યા છે એટલું જ નહિ, પરંતુ પરિમિત પરિગ્રહના પણ (પાંચ અતિચારો નિશ્ચિત છે.) અહીં 'च' શબ્દ 'अपि' શબ્દના અર્થમાં છે. તેના ક્યા અતિચારો છે? તે કહે છે—'अतिवाहनेत्यादि' લોભની અતિગૃદ્ધિને (અતિ લોલુપતાને) નિવારવા માટે પરિગ્રહપરિમાણ કરી લીધા પછી પણ, લોભના આવેશમાં અધિક વાહન કરે છે—અર્થાત્ જેટલે રસ્તે બળદ આદિ સુખેથી જઈ શકે તેનાથી પણ અધિક (આગળ) ચલાવવું તે અતિવહન છે. વિસ્મય અને લોભને પણ 'अति' શબ્દનો સંબંધ જોડવો. આ ધાન્યાદિ

---

૧. क्षेत्रवास्तुहिरण्यसुवर्णधनधान्यदासीदासकुप्यभाण्ड प्रमाणातिक्रमाः।
(તત્ત્વાર્થસૂત્ર—અધ્યાય ૭/૨૯)

तत्प्रतिपन्नलाभेन विक्रीते[1] तस्मिन् मूलतोऽप्यसंगृहीत्वादधिकेऽर्थे लब्धे लोभावेशादतिविस्मयं विषादं करोति। विशिष्टेऽर्थे लब्धेऽप्यधिकलाभाकांक्षावशादतिलोभं करोति। लोभावेशादधिक-भारारोपणमतिभारवाहनं। ते विक्षेपाः पंच॥६२॥

एवं प्ररूपितानि पंचाणुव्रतानि निरतिचाराणि किं कुर्वन्तीत्याह—

**पञ्चाणुव्रतनिधयो निरतिक्रमणाः फलन्ति सुरलोकं।**
**यत्रावधिरष्टगुणा दिव्यशरीरं च लभ्यन्ते॥६३॥**

---

આગળ વિશેષ લાભ આપશે એવા લોભના વશથી તેનો અતિશય સંગ્રહ કરવો તે અતિસંગ્રહ નામનો અતિચાર છે. તેના ચાલુ ફાયદાકારક ભાવે તે સંગ્રહ કરેલો મૂળ જથ્થો વેચવાથી અધિક લાભ થવો, તેથી પહેલાંથી જ વધારે સંગ્રહ કર્યો નહિ હોવાથી લોભાવેશથી વિષાદ પામે છે તે વિસ્મય નામનો અતિચાર છે. વિશિષ્ટ ધનની પ્રાપ્તિ થવા છતાં અધિક લાભની આશાથી અતિલોભ કરે છે. લોભને વશ થઈ અધિક ભાર લાદવો તે અતિભારવહન છે. તે વિક્ષેપો (અતિચારો) પાંચ છે.

**ભાવાર્થ** :—પરિગ્રહપરિમાણ–અણુવ્રતના પાંચ અતિચાર–

૧. અતિવાહન—હાથી, ઘોડા, બળદ આદિ અધિક સવારી રાખવી અને અધિક રસ્તે ચલાવવી.

૨. અતિસંગ્રહ—ભવિષ્યમાં લાભ થશે એમ સમજી વસ્તુઓનો અધિક સંગ્રહ કરવો.

૩. અતિવિસ્મય—બીજાનો લાભ જોઈ અત્યંત વિષાદ કરવો.

૪. અતિલોભ—વિશેષ લાભ થવા છતાં અધિક લાભની આશા રાખવી.

૫. અતિભારવહન—મર્યાદાથી અધિક ભાર લાદવો. ૬૨.

એ પ્રમાણે પ્રરૂપેલાં અતિચારરહિત પાંચ અણુવ્રતો શું ફળ આપે છે તે કહે છે—

## પંચાણુવ્રત ધારણ કરવાનું ફળ
### શ્લોક ૬૩

**અન્વયાર્થ** :—[निरतिक्रमणाः] અતિચાર રહિત [पंचाणुव्रतनिधयः] પાંચ

---

१. प्रतिपन्न०

'फलन्ति' फलं प्रयच्छन्ति। के ते? 'पंचाणुव्रतनिधयः' पंचाणुव्रतन्येव निधयो निधानानि। कथंभूतानि? 'निरतिक्रमणा' निरतिचाराः। किं फलन्ति? 'सुरलोकं'। यत्र सुरलोके 'लभ्यन्ते'। कानि? 'अवधिरवधिज्ञानं'। 'अष्टगुणा' अणिमामहिमेत्यादयः। 'दिव्यशरीरं च' सप्तधातुविवर्जितं शरीरं। एतानि सर्वाणि यत्र लभ्यन्ते॥६३॥

इह लोके किं[1] न कस्याप्यहिंसाद्यणुव्रतानुष्ठानफलप्राप्तिर्दृष्टा येन परलोकार्थं तदनुष्ठीयते इत्याशंक्याह—

---

અણુવ્રતરૂપી નિધિઓ [सुरलोकम्] સ્વર્ગલોકનું [फलन्ति] ફળ આપે છે. [यत्र] જ્યાં [अवधिः] અવધિજ્ઞાન, [अष्टगुणाः] આઠ ૠદ્ધિઓ [च] અને [दिव्यशरीरम्] સાત ધાતુઓથી રહિત સુંદર વૈક્રિયિક શરીર [लभ्यन्ते] પ્રાપ્ત થાય છે.

**ટીકા** :—'फलन्ति' ફળ આપે છે. કોણ તે? 'पंचाणुव्रतनिधयाः' પાંચ અણુવ્રતરૂપી નિધિઓ. કેવી (નિધિઓ)? 'निरतिक्रमाः' અતિચારરહિત, શું ફળ આપે છે? 'सुरलोकं' સુરલોકનું (સ્વર્ગલોકનું). જ્યાં એટલે સુરલોકમાં પ્રાપ્ત થાય છે તે શું? 'अवधि' અવધિજ્ઞાન, 'अष्टगुणाः' અણિમા, મહિમા ઈત્યાદિ આઠ ૠદ્ધિઓ અને 'दिव्यशरीरम्' સાત ધાતુથી રહિત દિવ્ય શરીર—એ સર્વે જ્યાં પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થ** :—અતિચારરહિત પાંચ અણુવ્રતનું પાલન કરવાથી સ્વર્ગલોકની પ્રાપ્તિ થાય છે. ત્યાં અવધિજ્ઞાન, અણિમા, મહિમા, ગરીમા, લઘિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ અને વશિત્વ—એ આઠ ૠદ્ધિઓ અને સાત ધાતુઓ રહિત દિવ્ય વૈક્રિયિક શરીર પ્રાપ્ત થાય છે.

આ ગાથા ઉપરથી સિદ્ધ થાય છે કે નિરતિચાર અણુવ્રતનું ફળ સંવર–નિર્જરા નથી, પણ તેનાથી પુણ્યબંધ છે, કેમ કે સ્વર્ગગતિ કાંઈ વીતરાગ ધર્મનું ફળ નથી, પરંતુ તે શુભભાવનું ફળ છે.

ધર્મી જીવને પાંચમા ગુણસ્થાનકે આવા શુભભાવ આવ્યા વગર રહેતા નથી, પરંતુ તે તેમને શ્રદ્ધામાં હેય સમજે છે. ૬૩.

આ લોકમાં શું કોઈને પણ અહિંસાદિ અણુવ્રતનું પાલન કરવાથી ફળ–પ્રાપ્તિ દેખાઈ, જેથી પરલોકને માટે તેનું અનુષ્ઠાન કરવામાં આવે છે? એવી આશંકા કરી કહે છે—

---

૧. किं कस्याप्य घ।

**मातंगो धनदेवश्च वारिषेणस्ततः परः।**
**नीली जयश्च संप्राप्ताः पूजातिशयमुत्तमम्।।६४।।**

हिंसादिविरत्यणुव्रतात् मातंगेन चांडालेन उत्तमः पूजातिशयः प्राप्तः।

अस्य कथा

सुरम्यदेशे पोदनपुरे[१] राज महाबलः[२]। नन्दीश्वराष्टभ्यां राज्ञा[३] अष्टदिनानि [४]जीवामारणघोषणायां कृतायां बलकुमारेण चात्यन्तमांसाक्तेन कंचिदपि पुरुषमपश्यता राजोद्याने[५] राजकीयमेण्ढकः प्रच्छन्नेन[६] मारयित्वा संस्कार्य भक्षितः। राज्ञा च मेण्ढकमारणवार्तामाकर्ण्य रुष्टेन मेण्ढकमारको गवेषयितुं प्रारब्धः। तदुद्यानमालाकारेण च

---

## પાંચ અણુવ્રતધારીઓમાં પ્રસિદ્ધ થયેલાંનાં નામ

### શ્લોક ૬૪

**અન્વયાર્થ** :—[मातङ्ग] યમપાલ નામનો ચાંડાલ, [धनदेवः] ધનદેવ શેઠ, [वारिषेणः] વારિષેણ નામનો રાજકુમાર, [ततः परः] તે પછી [नीली] વણિકપુત્રી નીલી [च] અને [जयः] રાજપુત્ર જયકુમાર [उत्तमम्] ઉત્તમ [पूजातिशयं] આદર—સત્કારને [संप्राप्ताः] પામ્યાં છે.

**ટીકા** :—અહિંસાણુવ્રતના પ્રભાવથી (યમપાલ) ચાંડાલ ઉત્તમ અતિ આદર—સત્કાર પામ્યો.

### ૧. માતંગ (ચાંડાલ)ની કથા

પોદનાપુર નામના સુરમ્ય દેશમાં મહાબલ નામનો રાજા હતો. નન્દીશ્વરવ્રતની અષ્ટમીના દિવસે રાજાએ જ્યારે આઠ દિવસ સુધી જીવ નહિ મારવા માટે ઘોષણા કરી (ઢંઢેરો પીટાવ્યો), ત્યારે માંસ ખાવામાં અત્યંત આસક્ત બલકુમારે, રાજાના બગીચામાં કોઈપણ પુરુષને નહિ જોઈ, રાજાના મેંઢાને છૂપી રીતે મારીને તેને સંસ્કારી (પકાવી) ખાઈ ગયો. મેંઢાને માર્યાની વાત સાંભળીને રાજા રોષે ભરાયો અને તેણે મેંઢાના મારનારને

---

१. पोदनापुरे क—ग पाठः। २. पुत्रो बलः घ। ३. राजाज्ञया घ। ४. जीवामाणे घ। ५. राज्योद्याने ख—ग पाठः। ६. प्रच्छन्नो घ।

वृक्षोपरि चटितेन न तन्मारणं कुर्वाणो दृष्टः। रात्रौ च निजभार्यायाः कथितं। ततः[1] प्रच्छन्नचरपुरुषेणाकर्ण्य राज्ञः कथितं। प्रभाते मालाकारोऽप्याकारितः। तेनैव पुनः कथितं मदीयामाज्ञां मम पुत्रः[2] खण्डयतीति रुष्टेन राज्ञा कोट्टपालो भणितो बलकुमारं नवखण्डं कारयेति। ततस्तं कुमारं मारणस्थानं नीत्वा[3] मातङ्गमानेतुं[4] ये गताः पुरुषास्तान् विलोक्य मातङ्गेनोक्तं प्रिये! मातङ्गो ग्रामं गत इति कथय त्वमेतेषामित्युक्त्वा गृहकोणे प्रच्छन्नो भूत्वा स्थितः। तलारैश्चाकारिते मातङ्गे कथितं मातंग्या [5]सोऽद्य ग्रामं गतः। भणितं च तलारैः स पायोऽपुण्यवानद्य ग्रामं गतः कुमारमारणात्तस्य बहुसुवर्णरत्नादिलाभो भवेत्। तेषां वचनमाकर्ण्य द्रव्यलुब्धया तया[6] हस्तसंज्ञया स दर्शितो ग्रामं गत इति पुनः पुनर्भणन्त्या।

શોધવાનું શરૂ કર્યું. તે બગીચાના માળીએ વૃક્ષ ઉપર લપાઈને તે (મેંઢાને) મારતાં તેને (બલકુમારને) જોયો હતો. રાત્રે તેણે પોતાની સ્ત્રીને તે વાત કહી. પછી ગુપ્તચર પુરુષે તે સાંભળી રાજાને કહ્યું. સવારમાં માળીને પણ બોલાવવામાં આવ્યો, તેણે જ ફરીથી (રાજાને) વાત કહી.

‘મારો પુત્ર મારી આજ્ઞાનો ભંગ કરે છે’ એમ જાણી રોષે ભરાયેલા રાજાએ કોટવાળને કહ્યું :

“બલકુમારના નવ ટૂકડા કરો.”

પછી તે કુમારને વધસ્થાને લઈ જઈને ચાંડાલને બોલાવા જે પુરુષો ગયા હતા તેમને જોઈને ચાંડાલે પોતાની સ્ત્રીને કહ્યું :

“પ્રિયે! ચાંડાલ ગામ ગયો છે—એવું તું તેમને કહેજે.” એમ બોલીને તે ઘરના ખૂણે છૂપાઈ રહ્યો. જ્યારે કોટવાળોએ માતંગને બોલાવ્યો ત્યારે ચાંડાલણીએ કહ્યું : “તે આજે ગામ ગયો છે.”

કોટવાળોએ કહ્યું : “તે પાપી પુણ્યહીન છે કે તે આજે ગામ ગયો, કારણ કે કુમારના વધથી તેને બહુ સુવર્ણ—રત્નાદિના લાભ થાત.”

તેમનું બોલવું સાંભળીને, દ્રવ્યના લોભથી તેણે (ચાંડાલણીએ) ચાંડાલની બીકથી ‘તે ગામ ગયો છે,’ એમ વારંવાર બોલીને, હાથના ઈશારાથી તેને (ચાંડાલને) બતાવ્યો. પછી

१. ततः प्रच्छन्नचरपुरुषेणाकर्ण्य राज्ञः कथितं इति पाठः घ पुस्तके नास्ति। २. पुत्रोऽपि घ। ३. यमपालमातङ्गं घ। ४. मातङ्गं नेतुं घ। ५. सौ अद्य घ। ६. तथा मातङ्गभीतया ग-घ पाठः।

**ततस्तैस्तं गृहान्निःसार्य तस्य मारणार्थं स कुमारः समर्पितः। तेनोक्तं नाहमद्य चतुर्दशीदिने जीवघातं करोमि। ततस्तलारैः स नीत्वा राज्ञः कथितः, देव! अयं राजकुमारं न मारयति। तेन च राज्ञः कथितं सर्पदृष्टो मृतः श्मशाने निक्षिप्तः सर्वोषधिमुनिशरीरस्य[१] वायुना पुनर्जीवितोऽहं तत्पार्श्वे चतुर्दशीदिवसे मया जीवाहिंसाव्रतं गृहीतमतोऽद्य न मारयामि देवो यज्जानाति तत्करोतु। अस्पृश्यचाण्डालस्य[२] व्रतमिति संचिन्त्य रुष्टेन राज्ञा द्वावपि गाढं बन्धयित्वा सुमारद्रहे[३] निक्षेपितौ। तत्र मातङ्गस्य प्राणात्ययेऽप्यहिंसाव्रतपरित्यजतो व्रतमाहात्म्याज्जलदेवतया जलमध्ये [४]सिंहासनमणिमण्डपिकादुन्दभिसाधुकारादिप्रातिहार्यादिकं-कांदिसंग्रहः कृतं। महाबलराजेन चैतदाकर्ण्य भीतेन पूजयित्वा निजच्छत्रतले स्नापयित्वा[५] स स्पृश्यो विविष्ट[६] कृत इति प्रथमाणुव्रतस्य।**

---

તેમણે (કોટવાળોએ) તેને ઘર બહાર કાઢીને, મારવા માટે તે કુમારને તેને સોંપ્યો.

તેણે (માતંગે) કહ્યું : "આજે ચૌદશના દિવસે હું જીવનો ઘાત કરીશ નહિ."

પછી કોટવાલોએ તેને રાજા પાસે લઈ જઈને કહ્યું : "દેવ! આ રાજકુમારને મારતો નથી."

તેણે (ચાંડાળે) રાજાને કહ્યું : "સર્પદંશથી મરેલો સમજી મને સ્મશાનમાં નાખવામાં આવ્યો હતો, ત્યાં સર્વ ઔષધિમય મુનિના શરીરના વાયુથી હું ફરી જીવતો થયો અને તેમની (મુનિની) પાસે ચતુર્દશીના દિવસે જીવને નહિ મારવાનું મેં અહિંસાવ્રત ગ્રહણ કર્યું છે. તેથી આજે હું રાજકુમારને મારીશ નહિ. દેવને જે સૂઝ પડે તે કરે."

'અસ્પૃશ્ય ચાંડાલને વળી વ્રત'! એમ વિચારીને ક્રોધે ભરાયેલા રાજાએ બંનેય (ચાંડાલ અને કુમાર બંનેને) મજબૂત બંધાવીને બાળકો મારવાના તળાવમાં ફેંકાવ્યા. તે બંનેમાં માતંગે પ્રાણનો નાશ થવાને વખતે પણ અહિંસાવ્રત છોડ્યું નહિ. તેથી વ્રતના માહાત્મ્યથી જળદેવતાએ જળની અંદર સિંહાસન, મણિમય મંડપ, દુન્દુભિ, સાધુકારાદિ પ્રાતિહાર્યાદિ કર્યાં. મહાબલિ રાજા તે સાંભળીને ભય પામ્યો અને તેનો સત્કાર કરીને તેને પોતાના છત્રની નીચે સ્નાન કરાવીને તેને સ્પૃશ્ય બનાવ્યો. આ પ્રમાણે પ્રથમ અણુવ્રતની કથા છે. ૧.

---

१. शरीरस्पर्शि घ। २. चाण्डालस्यापि घ। ३. शिशुमारह्रदे पाठः ग-घ पुस्तके।

४. सिंहासनमणिमण्डपिकादेवदुंदुभि-साधुकारादिप्रातिहार्यकृतं घ।

५. स्थापयित्वा ग। ६. स स्पृश्यो विशिष्टः कृतः इति घ।

अनृतविरत्यणुव्रताद्धनदेवश्रेष्ठिना पूजातिशयः प्राप्तः।

अस्य कथा

जम्बूद्वीपे पूर्वविदेहे पुष्कलावतीविषये पुण्डरीकिण्यां पुर्यां वणिजौ जिनदेवधनदेवौ स्वल्पद्रव्यौ। तत्र धनदेवः सत्यवादी। द्रव्यस्य लाभं द्वावप्यर्धमर्धं ग्रहीष्याव इति निःसाक्षिकां व्यवस्थां कृत्वा दूरदेशं गतौ बहुद्रव्यमुपार्ज्य व्याघुट्य कुशलेन पुण्डरीकिण्यामायातौ। तत्र जिनदेवो लाभार्धं धनदेवाय न ददाति। स्तोकद्रव्यमौचित्येन ददाति ततो झकटके[1] न्याये[2] च सति स्वजनमहाजनराजाग्रतो निःसाक्षिकव्यवहारबलाज्जिनदेवो वदति न मयाऽस्य लाभार्धं भणितमुचितमेव भणितं। धनदेवश्च सत्यमेव वदति द्वयोरर्धमेव। ततो राजनियमात्तयोर्दिव्यं दत्तं धनदेवः शुद्धो नेतरः। ततः सर्वं द्रव्यं धनदेवस्य समर्पितं तथा सर्वैः पूजित

---

સત્યાણુવ્રતના પ્રભાવથી ધનદેવ શેઠ અતિ સત્કાર પામ્યો.

## ૨. ધનદેવ શેઠની કથા

જમ્બુદ્વીપમાં પૂર્વ વિદેહમાં પુષ્કલાવતી દેશમાં પુંડરીકિણી નામની નગરીમાં જિનદેવ અને ધનદેવ નામના બે નિર્ધન વણિકો હતા. તે બન્નેમાં ધનદેવ સત્યવાદી હતો. 'દ્રવ્યનો જે લાભ થશે તેનો અર્ધોઅર્ધ આપણે બે વહેંચી લઈશું' એમ કોઈની સાક્ષી વિના વ્યવસ્થા કરીને બન્ને દૂર દેશ ગયા. બહુ ધન કમાઈને તેઓ પાછા ફર્યા અને કુશળપૂર્વક પુંડરીકિણી નગરીમાં આવ્યા. તેમાં જિનદેવ ધનદેવને લાભનો અર્ધોભાગ આપતો નથી, તે તેને થોડુંક દ્રવ્ય ઉચિત ગણીને આપે છે. તેથી પહેલાં પોતાના કુટુંબ (કુટુંબીજનો) આગળ, પછી મહાજન આગળ અને છેવટે રાજા આગળ ન્યાય કરાવવામાં આવતાં સાક્ષી વિનાનો વ્યવહાર હોવાથી, જિનદેવ કહે છે કે, "મેં એને અર્ધોભાગ આપવાનો કહ્યો નથી, ઉચિત ભાગ જ આપવાનો કહ્યો છે."

"બન્નેને (દરેકને) અર્ધું–અર્ધું જ (આપવાનું ઠરાવવામાં આવ્યું છે)—એમ ધનદેવ સાચેસાચું જ કહે છે. (એમ રાજાએ માન્યું).

પછી રાજકીય નિયમાનુસાર તે બન્નેને દિવ્ય ન્યાય આપ્યો. (અર્થાત્ બન્નેની હથેળીમાં સળગતો અંગારો રાખવામાં આવ્યો.) આ દિવ્ય ન્યાયથી ધનદેવ સાચો ઠર્યો પણ બીજો (જિનદેવ) નહિં. તેથી બધું દ્રવ્ય ધનદેવને આપવામાં આવ્યું અને સર્વ લોકોથી તે

---

૧. कटकेति पाठः। २. न्यायस्य च घ।

साधुकारितश्चेति द्वितीयाणुव्रतस्य।

चौर्यविरत्यणुव्रताद्वारिषेणेन पूजातिशयः प्राप्तः। अस्य कथा स्थितीकरणगुण-व्याख्यानप्रघट्टके कथितेह द्रष्टव्येति तृतीयाणुव्रतस्य।

ततः परं नीली जयश्च। ततस्तेभ्यः परं यथा भवत्येवं पूजातिशयं प्राप्तौ। तत्राब्रह्मविरत्यणुव्रतान्नीली वणिक्पुत्री पूजातिशयं प्राप्ता।

अस्याः कथा

लाटदेशे[1] भृगुकच्छपत्तने राजा वसुपालः। वणिग्जिनदत्तो भार्या जिनदत्ता पुत्री नीली अतिशयेन रूपवती। तत्रैवापरः श्रेष्ठी समुद्रदत्तो भार्या सागरदत्ता पुत्रः सागरदत्तः। एकदा महापूजायां वसन्तौ कायोत्सर्गेण[2] संस्थितां सर्वाभरणविभूषितां नीलीमालोक्य सागरदत्तेनोक्तं

---

પૂજિત બન્યો તથા ધન્યવાદને પ્રાપ્ત થયો.

આ પ્રમાણે દ્વિતીય અણુવ્રતની કથા છે. ૨.

અચૌર્યાણુવ્રતના પ્રભાવે વારિષેણ પ્રસિદ્ધિ પામ્યો, તેની કથા સ્થિતિકરણગુણના વ્યાખ્યાનમાં કહી છે. તે અહીં પણ જોઈ લેવી.

આ તૃતીય અણુવ્રતની કથા છે. ૩.

તે પછી નીલી અને જય અતિશય પૂજા–સત્કાર પામ્યાં. તેમાં બ્રહ્મચર્યાણુવ્રતના લીધે નીલી નામની વણિકપુત્રી આદર–સત્કાર પામી.

## ૪. નીલી કથા

લલાટ દેશમાં ભૃગુકચ્છ (ભરૂચ) નગરમાં વસુપાલ રાજા હતો અને જિનદત્ત નામનો વણિક હતો. તેની સ્ત્રીનું નામ જિનદત્તા હતું અને તેમની પુત્રીનું નામ નીલી હતું. તે અતિશય રૂપાળી હતી. ત્યાં જ સમુદ્રદત્ત નામનો બીજો શેઠ હતો, તેની સ્ત્રીનું નામ સાગરદત્તા અને પુત્રનું નામ સાગરદત્ત હતું.

એક દિવસ વસંતઋતુમાં મહાપૂજાને વખતે કાયોત્સર્ગમાં બેઠેલી સર્વ આભૂષણોથી વિભૂષિત નીલીને જોઈને સાગરદત્ત બોલ્યો :

---

१. लाटदेशे ग।

२. कान्योत्सर्गस्थिता घ।

किमेषापि[1] देवता काचिदेतदाकर्ण्य तन्मित्रेण प्रियदत्तेन भणितं—जिनदत्तश्रेष्ठिन इयं पुत्री नीली। तद्रूपालोकनादतीवासक्तो भूत्वा कथमियं प्राप्यत इति तत्परिणयनचिन्तया दुर्बलो जातः। समुद्रदत्तेन चैतदाकर्ण्य भणितः—हे पुत्र! जैनं मुक्त्वा नान्यस्य जिनदत्तो ददातीमां पुत्रिकां परिणेतुं। ततस्तौ कपटश्रावको जातौ परिणीता च सा, ततः पुनस्तौ बुद्धभक्तौ जातौ, नील्याश्च पितृगृहे गमनमपि निषिद्धं, एवं वंचने जाते भणितं जिनदत्तेन—इयं मम न जाता कूपादौ वा पतिता यमेन वा नीता इति। नीली च श्वसुरगृहे भर्तुः वल्लभा भिन्नगृहे[2] जिनधर्ममनुतिष्ठन्ती तिष्ठति। दर्शनात् संसर्गाद्वचनधर्मदेवाकर्णनाद्वा कालेनेयं बुद्धभक्ता भविष्यतीति पर्यालोच्य समुद्रदत्तेन भणिता—नीली–पुत्रि! ज्ञानिनां वन्दकानामस्मदर्थं भोजनं देहि। ततस्तया वन्दकानामामंत्र्याहूय च तेषामेकैका

"શું આ પણ કોઈ દેવી છે?" તે સાંભળીને તેના મિત્ર પ્રિયદત્તે કહ્યું :

"જિનદત્ત શેઠની આ પુત્રી નીલી છે."

તેનું રૂપ જોઈને તે (સાગરદત્ત) ઘણો આસક્ત થયો અને 'કેવી રીતે આ પ્રાપ્ત થાય', એમ તેને પરણવાની ચિંતાથી તે દૂબળો થઈ ગયો. સમુદ્રદત્ત તે સાંભળીને બોલ્યો :

"હે પુત્ર! જૈન સિવાય બીજા કોઈને જિનદત્ત આ (પોતાની) વહાલી પુત્રીને પરણાવતો નથી. પછી તે બંને (પિતા–પુત્ર) કપટી શ્રાવકો થયા અને તેને પરણાવવામાં આવી. પછી તેઓ બંને (સમુદ્રદત્ત અને તેનો પુત્ર) ફરી બુદ્ધના ભક્તો થયા. નીલીને તેના પિતાના ઘેર જવાની પણ મનાઈ કરવામાં આવી. આ રીતે ઠગાઈ થતાં જિનદત્તે કહ્યું :

"આ મારી પુત્રી જ નથી અથવા કૂવાદિમાં પડી છે અથવા યમ તેને ઉપાડી ગયો છે. (મરી ગઈ છે.)"

નીલી પોતાના પતિને વહાલી હતી, તેથી સસરાને ઘેર જુદા ઘરમાં જિનધર્મનું આચરણ કરતી હતી.

બૌદ્ધ સાધુઓના દર્શનથી, સમાગમથી, તેમનાં વચન, ધર્મ અને દેવનાં નામ સાંભળવાથી કોઈ કાલે આ બુદ્ધની ભક્ત થશે એમ વિચાર કરીને સમુદ્રદત્તે નીલીને કહ્યું :

"પુત્રી, જ્ઞાની બૌદ્ધ સાધુઓને આપણી વતી ભોજન આપો."

પછી તેણે બૌદ્ધ સાધુઓને આમંત્રી બોલાવ્યા અને તેમની એક એક જૂતીને બારીક

१. किमेषा घ। २. विभिन्न घ।

प्राणहितातिपिष्टा[१] संस्कार्य तेषामेव भोक्तुं दत्ता। तैर्भोजनं भुक्त्वा गच्छद्भिः पृष्टं—क्व प्राणहिताः ? तयोक्तं भवन्त एव ज्ञानेन जानन्तु यत्र तास्तिष्ठन्ति, यदि पुनर्ज्ञानं नास्ति तदा वमनं कुर्वन्तु भवतामुदरे प्राणहितास्तिष्ठन्तीति। एवं वमने कृते दृष्टानि प्राणहिताखण्डानि। ततो रुष्टश्च श्वसुरपक्षजनः। ततः सागरदत्तभगिन्या कोपात्तस्या असत्यपरपुरुष दोषोद्भावना कृता। तस्मिन् प्रसिद्धिं गते सा नीली देवाग्रे संन्यासं गृहीत्वा कायोत्सर्गेण स्थिता, दोषोत्तारे भोजनादौ प्रवृत्तिर्मम नान्यथेति। ततः क्षुभितनगरदेवतया आगत्य रात्रौ सा भणिता—हे महासति! मा प्राणत्यागमेवं कुरु, अहं राज्ञः प्रधानानां पुरजनस्य स्वप्नं ददामि। लग्ना यथा नगरप्रतोल्यः कीलिता महासतीवामचरणेन संस्पृश्य उद्घटिष्यन्यतीति। ताश्च प्रभाते भवच्चरणं स्पृष्ट्वा एवं वा उद्घटिष्यन्तीति[२] पादेन प्रतोलीस्पर्शं कुर्यास्त्वमिति भणित्वा राजादीनां तथा स्वप्नं दर्शयित्वा पत्तनप्रतोलीः कीलित्वा स्थिता सा नगरदेवता। प्रभाते कीलिताः प्रतोलीर्दृष्ट्वा राजादिभिस्तं स्वप्नं स्मृत्वा[३] नगरस्त्रीचरणताडनं

---

પીસીને અને સંસ્કારીને (વઘારીને) તેમને જ ખાવા આપી. ભોજન કરીને જ્યારે તેઓ જવા લાગ્યા ત્યારે તેમણે પૂછ્યું : (“અમારી) જૂતીઓ ક્યાં છે?”

તેણે નીલીએ કહ્યું : “આપ જ જ્ઞાનથી જાણી લો કે તે ક્યાં છે? જો જ્ઞાન ન હોય તો આપ વમન (ઊલટી) કરો, આપની જૂતીઓ આપના પેટમાં છે.”

એ રીતે વમન કરવામાં આવ્યું અને તેમાં જૂતીઓના કકડા જોવામાં આવ્યા. તેથી શ્વસુરપક્ષનાં માણસો રોષે ભરાયા.

પછી સાગરદત્તની બહેને કોપને લીધે તેના ઉપર પરપુરુષ સાથેના દોષનો (વ્યભિચારનો) જૂઠો આરોપ મૂક્યો, તે જાહેર થતાં તે નીલી જિનેન્દ્રદેવની આગળ “દોષ દૂર થશે તો હું ભોજનાદિમાં પ્રવૃત્તિ કરીશ, નહિ તો નહિ” એમ બોલીને (પ્રતિજ્ઞા કરીને) કાયોત્સર્ગે બેઠી. પછી ક્ષોભ પામેલા નગરદેવતાએ રાત્રે આવીને તેને કહ્યું : “હે મહાસતી, આ રીતે પ્રાણત્યાગ ન કર. હું રાજાને, પ્રધાનોને અને પુરજનોને સ્વપ્નું દઉં છું કે બંધ થઈ ગયેલા નગરના દરવાજા મહાસતીના ડાબા ચરણસ્પર્શથી ખૂલશે, અને તે (દરવાજા) પ્રભાતમાં તમારા ચરણના સ્પર્શથી ખૂલશે, માટે તમે પાદથી દરવાજાનો સ્પર્શ કરજો.”

એમ કહીને રાજા વગેરેને તેવું સ્વપ્નું દઈને તે નગરદેવતાએ નગરના દરવાજા બંધ કરી દીધા. પ્રભાતમાં બંધ થઈ ગયેલા દરવાજા જોઈને રાજા વગેરેને તે સ્વપ્નું યાદ આવ્યું

१. मृष्टा ग घ। नगर सर्वस्त्री। २. 'ताश्च प्रभाते। ३. भवच्चरणं स्पृष्ट्वा एवं व उद्घटिष्यन्तीति' इति पङ्क्तिः घ पुस्तके नास्ति।

प्रतोलीनां कारितं। न चैकापि प्रतोली कयाचिदप्युद्घटिता। सर्वासां पश्चान्नीली तत्रोत्क्षिप्य नीता। तच्चरणस्पर्शात् सर्वा अप्युद्घटिताः प्रतोल्यः, निर्दोषा राजादिपूजिता च नीली जाता चतुर्थाणुव्रतस्य।

परिग्रहविरत्यणुव्रताज्जयः पूजातिशयं प्राप्तः।

अस्य कथा

कुरुजांगलदेशे हस्तिनागपुरे कुरुवंशे राजा सोमप्रभः, पुत्रो जयः परिमितपरिग्रहो भार्यासुलोचनायामेव प्रवृत्तिः। एकदा पूर्वविद्याधर [1]भवकथानानन्तरं समायातपूर्वजन्मविद्यौ[2] [3]हिरण्यधर्मप्रभावतीविद्याधररूपमादाय च मेर्वादौ वन्दनाभक्तिं कृत्वा कैलासगिरौ भरतप्रतिष्ठापितचतुर्विंशतिजिनालयान् वन्दितुमायातौ सुलोचनाजयौ। तत्प्रस्तावे च सौधर्मेन्द्रेण जयस्य स्वर्गे परिग्रहपरिमाणव्रतप्रशंसा कृता। तां परीक्षितुं रतिप्रभदेवः समायातः। ततः

---

અને નગરની સ્ત્રીઓના ચરણથી દરવાજાઓનું તાડન કરાવરાવ્યું, પરંતુ કોઈ પણ દરવાજો કોઈથી ઊઘડ્યો નહિ. બધાની પછી નીલીને ઊંચકીને ત્યાં લાવ્યા, તેના ચરણસ્પર્શથી બધા દરવાજા ખૂલી ગયા અને નિર્દોષ નીલીનો રાજાદિએ પૂજાસત્કાર કર્યો.

ચતુર્થ અણુવ્રતની આ કથા છે. ૪.

પરિગ્રહવિરતિ અણુવ્રતના પ્રભાવથી જયકુમાર અતિશય સત્કાર પામ્યો.

## ૫. જયકુમારની કથા

કુરુજાંગલ દેશમાં હસ્તિનાપુરમાં કુરુવંશમાં સોમપ્રભ રાજા હતો. તેના પુત્ર જયને પરિગ્રહપરિમાણ અણુવ્રત હતું. તેને પોતાની ભાર્યા સુલોચનામાં જ પ્રવૃત્તિ હતી. એક દિવસ પૂર્વેના વિદ્યાધરના ભવના કથન પછી પૂર્વ જન્મની વિદ્યા જેમને પ્રગટ થઈ હતી તેવા જયકુમાર અને સુલોચના હિરણ્યધર્મા અને પ્રભાવતી વિદ્યાધરનું રૂપ ધારણ કરીને મેરુ આદિ ઉપર વંદના–ભક્તિ કરીને કૈલાસગિરિ ઉપર ભરત દ્વારા પ્રતિષ્ઠાપિત ચોવીસ જિનાલયોની વંદના કરવા આવ્યાં, તે દરમિયાન સૌધર્મ ઇન્દ્રે સ્વર્ગમાં જયકુમારના પરિગ્રહપરિમાણ વ્રતની પ્રશંસા કરી. તેની પરીક્ષા કરવા માટે રતિપ્રભા નામનો દેવ આવ્યો. પછી સ્ત્રીનું રૂપ લઈ

---

१. 'भवकथनानन्तरं समायातपूर्वजन्मविद्यो हिरण्यधर्मप्रभावती' इत्यंशो घ० पुस्तके नास्ति।

२. जन्माद्यः ग-घ।

३. वर्म ग-घ।

स्त्रीरूपमादाय चतसृभिर्विलासिनीभिः सह जयसमीपं गत्वा भणितो जयः। सुलोचनास्वयंवरे येन त्वया सह संग्रामः कृतः तस्यं नमिविद्याधरपते[1] राज्ञीं सुरूपामभिनवयौवनां सर्वविद्याधारिणीं तद्विरक्तचित्तामिच्छ, यदि तस्य राज्यमात्मजीवितं च वाञ्छसीति। एतदाकर्ण्य जयेनोक्तं—हे सुन्दरि! मैवं ब्रूहि, परस्त्री मम जननीसमानेति। ततस्तया जयस्योपसर्गे महति कृतेऽपि चित्तं न चलितं। ततो मायामुपसंहृत्य पूर्ववृत्तं कथयित्वा प्रशस्य वस्त्रादिभिः पूजयित्वा स्वर्गं गत इति पंचमाणुव्रतस्य।।१८।।

एवं पंचानामहिंसादिव्रतानां प्रत्येकं गुणं प्रतिपाद्येदानीं तद्विपक्षभूतानां हिंसाद्यव्रतानां दोषं दर्शयन्नाह—

---

ચાર વિલાસિનીઓ (દેવાંગનાઓ) સાથે જયકુમારની પાસે આવી બોલ્યો :

"જય! સુલોચનાના સ્વયંવરમાં જેણે તમારી સાથે લડાઈ કરી હતી તે નમિ વિદ્યાધરની હું રાણી છું. હું અત્યંત રૂપવતી છું, નવ યૌવનવતી છું, બધી વિદ્યાઓને ધારણ કરું છું અને મારું ચિત્ત તેનાથી (નમિ વિદ્યાધર રાજાથી) વિરક્ત થયું છે. જો તેના રાજ્યની અને પોતાના જીવનની ઇચ્છા હોય તો મને સ્વીકારો."

એ સાંભળીને જયકુમારે કહ્યું : "હે સુંદરી! એમ બોલ મા. પરસ્ત્રી મને માતા સમાન છે."

પછી તેણે (રતિપ્રભદેવે) જય ઉપર મહાન ઉપસર્ગ કર્યો, છતાં તેનું (જયનું) ચિત્ત ચલિત થયું નહિ. પછી માયા સંકેલીને તેણે (દેવ) પૂર્વ વૃત્તાન્ત કહ્યું અને પ્રશંસા કરી તથા તેનો વસ્ત્રો આદિ દ્વારા સત્કાર કરી સ્વર્ગે ગયો.

એ પ્રમાણે પાંચમા અણુવ્રતની કથા સમાપ્ત. ૫.

**ભાવાર્થ :**—(શ્લોક ૬૪)—૧. અહિંસાણુવ્રતમાં યમપાલ ચાંડાલ, ૨. સત્યાણુ-વ્રતમાં ધનદેવ શેઠ, ૩. અચૌર્યાણુવ્રતમાં શ્રેણિકનો પુત્ર વારિષેણ, ૪. બ્રહ્મચર્યાણુવ્રતમાં એક વૈશ્યની પુત્રી નીલી અને ૫. પરિગ્રહપરિમાણ અણુવ્રતમાં રાજપુત્ર જયકુમાર વિશેષરૂપથી પ્રસિદ્ધિ પામ્યાં છે. ૬૪.

એ પ્રમાણે પાંચ અહિંસાદિક વ્રતો પૈકી દરેકના ફળનું પ્રતિપાદન કરી હવે તેનાં પ્રતિપક્ષી ભૂત હિંસાદિ અવ્રતોના દોષ દર્શાવી કહે છે—

---

१. नमिविद्याधराधिपते घ।

धनश्रीसत्यघोषौ च तापसारक्षकावपि।
उपाख्येयास्तथा श्मश्रुनवनीतो यथाक्रमम्॥६५॥

धनश्रीश्रेष्ठिन्या हिंसातो बहुप्रकारं दुःखफलमनुभूतं। सत्यघोषपुरोहितेनानृतात्। तापसेन चौर्यात्। आरक्षकेन कोट्टपालेन ब्रह्माणि वृत्यभावात्। ततोऽव्रतप्रभवदुःखानुभवने उपाख्येया दृष्टान्तत्वेन प्रतिपाद्याः। के ते। धनश्रीसत्यघोषौ च। न केवलं एतौ एवं किन्तु तापसारक्षकावपि। तथा तेनैव प्रकारेण श्मश्रुनवनीतो वणिक्, यतस्तेनापि परिग्रहनिवृत्यभावतो बहुतरदुःखमनुभूतं। यथाक्रमं उक्तक्रमानतिक्रमेण हिंसादिविरत्यभावे एते उपाख्येयाः प्रतिपाद्याः। तत्र धनश्री हिंसातो बहुदुःखं प्राप्ता।

---

## હિંસાદિ પાંચ અવ્રતોમાં (પાપોમાં) પ્રસિદ્ધ થયેલાનાં નામ

### શ્લોક ૬૫

**અન્વયાર્થ** :—[धनश्रीसत्यघोषौ च] ધનશ્રી (શેઠાણી) અને સત્યઘોષ (પુરોહિત) [तापसारक्षकौ अपि] એક તાપસી અને કોટવાલ (યમદંડ) [तथा] અને [श्मश्रुनवनीतः] શ્મશ્રુનવનીત (વણિક) [यथाक्रमम्] અનુક્રમે હિંસાદિ પાંચ પાપમાં [उपाख्येयाः] ઉપાખ્યાન કરવા યોગ્ય છે—દૃષ્ટાંત દેવા યોગ્ય છે.

**ટીકા** :—ધનશ્રી શેઠાણીએ હિંસાને લીધે બહુ પ્રકારનું દુઃખફળ અનુભવ્યું. સત્યઘોષ પુરોહિતે અસત્યને લીધે, તાપસે ચોરીના કારણે, આરક્ષક કોટવાલે બ્રહ્મમાં વૃત્તિના અભાવને લીધે (અર્થાત્ અબ્રહ્મભાવ–કુશીલના લીધે) અને લુબ્ધદત્ત શ્મશ્રુનવનીતે પરિગ્રહની તૃષ્ણાને લીધે બહુ દુઃખ અનુભવ્યું. તેથી અવ્રત (પાપ) જનિત દુઃખ અનુભવવામાં (પ્રસિદ્ધ થયેલી વ્યક્તિઓનાં નામ) દૃષ્ટાંત તરીકે કહેવા યોગ્ય છે. તે કોણ? ધનશ્રી અને સત્યઘોષ કેવળ એ બે જ નહિ, કિન્તુ તાપસ અને આરક્ષક (કોટવાળ) પણ, તથા તે જ પ્રકારે પ્રસિદ્ધ શ્મશ્રુનવનીત વણિક પણ, કારણ કે તેણે પણ પરિગ્રહત્યાગના અભાવે અધિક દુઃખ ભોગવ્યું. ક્રમનું ઉલ્લંઘન કર્યા વિના–ક્રમાનુસાર હિંસાદિના ત્યાગના અભાવમાં (હિંસાદિ પાપોમાં) તેમને (દૃષ્ટાન્તરૂપે) કહેવાં યોગ્ય છે. તેમાં ધનશ્રી હિંસાથી બહુ દુઃખ પામી.

अस्याः कथा

लाटदेशे भृगुकच्छपत्तने राजा लोकपालः। वणिग्धनपालो भार्या धनश्री मनागपि[1] जीववधेऽविरता। तत्पुत्री सुन्दरी पुत्रो गुणपालः। अपुत्रकाले धनश्रिया यः पुत्रबुद्ध्या कुण्डलो नाम बालकः पोषितः, धनपाले मृते तेन सह धनश्रीः कुकर्मरता जाता। गुणपाले च गुणदोषपरिज्ञानके[2] जाते धनश्रिया तच्छंकितया[3] भणितः कुण्डलः प्रसरे गोधनं चारयितुमटव्यां गुणपालं प्रेषयामि, [4]लग्नस्त्वं तत्र तं मारय येनावयोर्निरंकुशमवस्थानं भवतीति ब्रुवाणां मातरमाकर्ण्य सुन्दर्या गुणपालस्य कथितं—अद्य[5] रात्रौ गोधनं गृहीत्वा प्रसरे त्वामटव्यां प्रेषयित्वा कुण्डलहस्तेन माता मारयिष्यत्यतः सावधानो भवेस्त्वमिति। धनश्रिया च रात्रिपश्चिमप्रहरे गुणपालो भणितो—हे पुत्र कुंडलस्य शरीरं विरूपकं वर्तते अतः प्रसरे गोधनं गृहीत्वाद्य त्वं व्रजेति। स च गोधनमटव्यां नीत्वा काष्ठं [6]च वस्त्रेण पिधाय

## ૧. ધનશ્રીની કથા

લલાટદેશમાં ભૃગુકચ્છ (ભરૂચ) નગરમાં લોકપાલ રાજા હતો અને ધનપાલ વણિક હતો. તેને ધનશ્રી નામની સ્ત્રી હતી. ધનશ્રી જીવનો વધ કરવામાં જરા પણ અટકતી નહિ. તેને સુંદરી નામની પુત્રી અને ગુણપાલ નામનો પુત્ર હતો. જ્યારે ધનશ્રીને પુત્ર ન હતો થયો ત્યારે તેણે કુંડલ નામના બાળકને પુત્રબુદ્ધિથી ઉછેર્યો હતો. વખત જતાં જ્યારે ધનપાલ મરી ગયો ત્યારે ધનશ્રી તે કુંડલની સાથે કુકર્મ કરવા લાગી. અહીં ગુણપાલ જ્યારે ગુણ–દોષ સમજતો થયો, ત્યારે તેના વિષે શંકાશીલ બની ધનશ્રીએ (કુંડલને) કહ્યું : 'સવારે ગોધન (પશુધન) ચારવા માટે હું ગુણપાલને જંગલમાં મોકલીશ, ત્યાં તું તેની પાછળ પડીને મારજે, જેથી આપણે બે નિરંકુશ (સ્વચ્છંદપણે) રહી શકીએ.''

પોતાની માતાને આવું બોલતી સાંભળી સુંદરીએ ગુણપાલને કહ્યું : ''આજે રાત્રે ગોધન એકઠું કરીને સવારમાં તને જંગલમાં મોકલી માતા કુંડલના હાથે તને મરાવશે (કુંડલ પાસે મરાવશે), તું સાવધાન રહેજે.''

રાત્રિના છેલ્લા પહોરે ધનશ્રીએ ગુણપાલને કહ્યું : ''હે પુત્ર! કુંડલના શરીરે ઠીક નથી, તેથી સવારે ગોધન લઈને આજે તું જા.''

તે ગોધન લઈને જંગલમાં ગયો અને લાકડાને વસ્ત્રથી ઢાંકી છૂપાઈ રહ્યો. કુંડલે

१. मनागपि न जोववधविरता घ। २. परिज्ञायके घ। ३. तत्सक्ततया।
४. प्रेषयामो लग्नास्त्वं घ। ५. अत्र घ। ६. 'च' शब्दो नास्ति घ।

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**तिरोहितो भूत्वा स्थितः। कुण्डलेन चागत्य गुणपालोऽयमिति मत्वा वस्त्रप्रच्छादितकाष्ठे घातः कृतो गुणपालेन च स खड्गेन हत्वा मारितः। गृहे आगतो गुणपालो धनश्रिया पृष्टः क्व रे कुण्डलः। तेनोक्तं कुण्डलवार्तामयं खड्गोऽभिजानाति। ततो रक्तलिप्तं बाहुमालोक्य स तेनैव खड्गेन मारितः। तं च मारयन्तीं धनश्रियं दृष्ट्वा सुन्दर्या मुशलेन सा हता। कोलाहले जाते कोट्टपालैर्धनश्रीर्धृत्वा राज्ञोऽग्रे नीता। राज्ञा च गर्दभारोहणे[1] कर्णनासिकाछेदनादिनिग्रहे कारिते मृत्वा दुर्गतिं गतेति प्रथमाव्रतस्य।**

**सत्यघोषोऽनृताद्बहुदुःखं प्राप्तः।**

**इत्यस्य कथा**

**जंबूद्वीपे भरतक्षेत्रे सिंहपुरे राजा सिंहसेनो राज्ञी रामदत्ता, पुरोहितः श्रीभूतिः। स ब्रह्मसूत्रे कर्तिकां बध्वा भ्रमति। वदति च यद्यसत्यं ब्रवीमि तदाऽनया कर्तिकया निजजिह्वाच्छेदं करोमि। एवं कपटेन वर्तमानस्य तस्य सत्यघोष इति द्वितीयं नाम संजातम्।**

---

આવીને 'આ ગુણપાલ છે' એમ માની વસ્ત્રથી ઢાંકેલા કાષ્ઠ (લાકડા) ઉપર ઘા કર્યો અને ગુણપાલે તેને તલવારથી મારી નાખ્યો. જ્યારે ગુણપાલ ઘેર આવ્યો ત્યારે ધનશ્રીએ પૂછ્યું, "અરે, કુંડલ ક્યાં છે?"

તેણે કહ્યું, "કુંડલની વાત તો તલવાર જાણે છે." પછી લોહીથી ખરડાયેલા બાહુને જોઈને, તેણે (ગુણપાલે) જ તલવારથી તેને માર્યો છે. (એમ માની) તેને મારતી ધનશ્રીને જોઈને, સુન્દરીએ તેને (ધનશ્રીને) મુશલથી (સાંબેલાથી) મારવા લાગી. (તેનાથી) કોલાહલ થતાં કોટવાળોએ ધનશ્રીને પકડી અને રાજા પાસે લઈ ગયા. રાજાએ તેને કાન–નાકના છેદનાદિરૂપ શિક્ષા કરાવી ગધેડા ઉપર બેસાડી. તે મરીને દુર્ગતિએ ગઈ.

એ પ્રમાણે પ્રથમ હિંસા–પાપની કથા છે. ૧.

સત્યઘોષ અસત્યથી બહુ દુઃખ પામ્યો.

## ૨. સત્યઘોષની કથા

જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં સિંહપુર નગરમાં સિંહસેન રાજા હતો. તેને રામદત્તા નામની રાણી હતી અને શ્રીભૂતિ નામનો પુરોહિત હતો. તે (પુરોહિત) પોતાની જનોઈએ નાનું ચપ્પુ બાંધીને ફરતો હતો અને કહેતો હતો કે, "જો હું અસત્ય બોલું તો આ ચપ્પા

---

१. रोहणं घ।

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

लोकाश्च विश्वस्तास्तत्पार्श्वे द्रव्यं धरन्ति च। तद्द्रव्यं किंचितेषां समर्प्य स्वयं गृह्णाति। पूत्कर्तुं बिभेति लोकः। न च पूत्कृतं राजा शृणोति। अथैकदा पद्मखण्डपुरादागत्य समुद्रदत्तो वणिक्पुत्रस्तत्र सत्यघोषपार्श्वेऽनर्घाणि[1] पंच माणिक्यानि धृत्वा परतीरे द्रव्यमुपार्जयितुं गतः। तत्र च तदुपार्ज्य व्याघुटितः स्फुटितप्रवहण एकफलकेनोत्तीर्य समुद्रं धृतमाणिक्यवांछया सिंहपुरे सत्यघोषसमीपमायातः। तं च रंकसमानमागच्छन्तमालोक्य तन्माणिक्यहरणार्थिना सत्यघोषेण प्रत्ययपूरणार्थं समीपोपविष्टपुरुषाणां कथितं। अयं पुरुषः स्फुटितप्रवहणः ततो ग्रहिलो जातोऽत्रागत्य[2] माणिक्यानि याचिष्यतीति। तेनागत्य प्रणम्य चोक्तं भो सत्यघोषपुरोहित! ममार्थोपार्जनार्थं गतस्योपार्जितार्थस्य[3] महाननर्थो जात इति मत्वा यानि मया तव रत्नानि धर्तुं समर्पितानि तानीदानीं प्रसादं कृत्वा देहि, येनात्मानंस्फुटितप्रवहणात्

---

વડે હું મારી જીભ કાપી નાખું.''

એ રીતે કપટથી વર્તતાં તેનું સત્યઘોષ એવું બીજું નામ પડ્યું. લોકો તેના ઉપર વિશ્વાસ રાખી તેની પાસે પોતાનું ધન મૂકી જતાં. તે દ્રવ્યમાંથી કંઈક તેમને (રાખવાવાળાને) પાછું આપી, બાકીનું સ્વયં લઈ લેતો. લોકો તેનો બૂમાટ કરતાં ડરતા હતા. રાજા પણ તે બૂમાટ સાંભળતો નહિ.

હવે એક દિવસ પદ્મખંડનગરથી આવીને સમુદ્રદત્ત નામના વણિકપુત્રે ત્યાં સત્યઘોષની પાસે પાંચ અમૂલ્ય માણેક રાખી બીજે કાંઠે (દેશે) ધન કમાવા ગયો. ત્યાં તે કમાઈને પાછો ફરતો હતો ત્યારે (રસ્તામાં) તેનું વહાણ ભાંગ્યું. તે લાકડાના એક પાટિયાની મદદથી સમુદ્ર તરી ગયો અને રાખેલા માણિક્ય લેવાની ઇચ્છાથી સિંહપુરમાં સત્યઘોષ પાસે આવ્યો. તેને એક ગરીબ જેવો આવતો જોઈને, તે માણિક્યને લઈ લેવાની (હડપ કરવાની) ઇચ્છા કરતા સત્યઘોષે, વિશ્વાસ બેસાડવા માટે પોતાની પાસે બેઠેલા પુરુષોને કહ્યું, ''આ પુરુષનું વહાણ તૂટી જવાથી તે પાગલ થઈ ગયો છે, તે અહીં આવીને માણેક (રત્નો) માગશે.''

તે આવ્યો અને પ્રણામ કરીને બોલ્યો, ''રે સત્યઘોષ પુરોહિત! હું ધન કમાવા સારું ગયેલો, પરંતુ ધન કમાઈને આવતાં મારા પર ઘણું સંકટ આવી પડ્યું, એમ જાણીને મેં તમને જે રત્નો સાચવવા સોપ્યાં હતાં તે હવે મહેરબાની કરીને મને આપો; જેથી વહાણ ભાંગવાથી દ્રવ્યહીન થયેલી મારી જાતનો હું ઉદ્ધાર કરું.''

---

૧. ऽनर्घ्याणि घ। २. ऽत्रागत्या मां रत्नानि घ। ३. गतस्योपार्जितार्थस्यापि घ।

गतद्रव्यं समुद्धरामि। तद्वचनमाकर्ण्य कपटेन[1] सत्यघोषेण समीपोपविष्टा जना भणिता मया प्रथमं यद् भणितं तद् भवतां सत्यं जातं। तैरुक्तं भवन्त एव जानन्त्ययं ग्रहिलोऽस्मात् स्थानान्निःसार्यतामित्युक्त्वा तैः समुद्रदत्तो गृहान्निःसारितः ग्रहिल इति भण्यमानः। पत्तने पूत्कारं कुर्वन् ममानर्घ्यपंचमाणिक्यानि सत्यघोषेण गृहीतानि। तथा राजगृहसमीपे चिंचावृक्षमारुह्य पश्चिमरात्रे पूत्कारं कुर्वन् षण्मासान् स्थितः। तां पूत्कृतिमाकर्ण्य रामदत्तया भणितः सिंहसेनः—देव! नावं पुरुषः ग्रहिलः। राज्ञापि भणितं किं सत्यघोषस्य चौर्यं संभाव्यते? पुनरुक्तं राज्या देव! संभाव्यते तस्य चोर्यं यतोऽयमेतचादृशमेव सर्वदा वचनं ब्रवीति। एतदाकर्ण्य भणितं राज्ञा यदि सत्यघोषस्यैतत् संभाव्यते तदा त्वं परीक्षयेति। लब्धादेशया रामदत्तया सत्यघोषो राजसेवार्थमागच्छनाकार्य पृष्टः—किं बृहद्वेलायामागतोऽसि? तेनोक्तं—मम ब्राह्मणीभ्राताद्य प्राघूर्णकः समायातस्तं भोजयतो बृहद्वेला लग्नेति। पुनरप्युक्तं तया—क्षणमेकमत्रयोपविश! ममातिकौतुकं जातं। अक्षक्रीडां

તે વચન સાંભળીને કપટથી સત્યઘોષે સમીપ બેઠેલા લોકોને કહ્યું, ''જુઓ, મેં તમને પહેલાં જે વાત કહી હતી તે સત્ય નીકળી.''

તેમણે કહ્યું, ''આ પાગલ છે તે આપ જાણો છો. આ સ્થાનેથી તેને કાઢી મૂકો.''

એમ બોલીને સમુદ્રદત્તને તેઓએ પાગલ કહી કાઢી મૂક્યો. નગરમાં પોકારીને તે (સમુદ્રદત્ત) કહેવા લાગ્યો, કે ''સત્યઘોષે મારાં પાંચ અમૂલ્ય રત્નો લઈ લીધાં છે'' અને રાજગૃહની નજીકમાં એક આમલીના વૃક્ષ ઉપર ચડીને છ મહિના સુધી પાછલી રાત્રે તેમ પોકારતો રહ્યો. તેના પોકાર સાંભળીને રામદત્તાએ સિંહસેનને કહ્યું, દેવ! આ માણસ પાગલ નથી.''

રાજાએ પણ કહ્યું, ''શું સત્યઘોષને ચોરી સંભવે છે?'' રાણીએ ફરીથી કહ્યું, ''દેવ! તેને ચોરી સંભવે છે'' કારણ કે એ (માણસ) સદા આવું જ વચન બોલે છે.''

એ સાંભળી રાજાએ કહ્યું, ''જો સત્યઘોષને ચોરી સંભવતી હોય તો તમે પરીક્ષા કરો.''

આદેશ પ્રાપ્ત કરીને રામદત્તાએ રાજસેવા માટે આવતા સત્યઘોષને બોલાવી પૂછ્યું, ''આટલા બધા મોડા કેમ આવ્યા છો?''

તેણે કહ્યું, ''મારી બ્રાહ્મણીનો ભાઈ આજે મહેમાન તરીકે આવ્યો હતો, તેને જમાડતાં બહુ વખત લાગ્યો.''

---

१. कपटोपेतसत्य घ।

कुर्मः। राजापि तत्रैवागतस्तेनाप्येवं कुर्वित्युक्तं। ततोऽक्षद्यूते क्रीडया संजाते रामदत्तया निपुणमतिविलासिनी कर्णे लगित्वा भणिता सत्यघोषः पुरोहितो राज्ञीपार्श्वे तिष्ठति तेनाहं ग्रहिलमाणिक्यानि याचितुं प्रेषितेति तद्ब्राह्मण्यग्रे भणित्वा तानि याचयित्वा च शीघ्रमागच्छेति। ततस्तया गत्वा याचितानि। तद्ब्राह्मण्या च पूर्वं सुतरां निषिद्धया न दत्तानि। तद्विलासिन्या चागत्य देवीकर्णे कथितं सा न ददातीति। ततो जितमुद्रिकां तस्य साभिज्ञानं दत्त्वा पुनः प्रेषिता तथापि तया न दत्तानि। ततस्तस्य कर्तिकायज्ञोपवीतं जितं साभिज्ञानं दत्तं दर्शितं च तया। ब्राह्मण्या तद्दर्शनात्तुष्टया[1] भीतया च समर्पितानि माणिक्यानि तद्विलासिन्याः। तया च रामदत्तायाः समर्पितानि। तया च राज्ञो दर्शितानि। तेन च बहुमणिक्यमध्ये निक्षेप्याकार्य च ग्रहिलो भणितः रे निजमाणिक्यानि परिज्ञाय गृहाण। तेन च तथैव गृहीतेषु तेषु राज्ञा रामदत्तया च वणिक्पुत्रःप्रतिपन्नः। ततो राज्ञा

---

રાણીએ ફરીથી કહ્યું, ‘‘થોડીક વાર અહીં બેસો, મને ઘણું કૌતુક થયું છે. આપણે અક્ષયક્રીડા કરીએ (ચોપાટ ખેલીએ).’’ રાજા પણ ત્યાં આવી ગયો. તેણે પણ ‘એમ કરો’ એમ કહ્યું.

પછી જ્યારે જુગાર રમાતો હતો, ત્યારે રામદત્તા રાણીએ નિપુણમતિ નામની સ્ત્રીને કાને લગાડી (કાનમાં) કહ્યું, ‘‘સત્યઘોષ પુરોહિત રાણી પાસે બેઠો છે, તેણે મને પાગલનાં રત્નો માગવા મોકલી છે,—એમ તેની બ્રાહ્મણીની આગળ કહીને તે (રત્નો) માગીને જલદી આવ.’’

પછી નિપુણમતિએ જઈને તે (રત્નો) માંગ્યાં, પહેલાં તો તે બ્રાહ્મણીએ બહુ નકાર કરી તે આપ્યાં નહિ. તે દાસી સ્ત્રીએ આવીને રાણીના કાનમાં કહ્યું, ‘‘તે આપતી નથી.’’ પછી તેના ઓળખાણ ચિહ્ન તરીકે પુરોહિતની જીતેલી વીંટી આપીને તેને ફરીથી મોકલી. છતાં તેણે ન આપ્યાં. પછી તેનું ચપ્પુ અને જનોઈ જીતી લીધેલાં તે તેના ઓળખાણ–ચિહ્ન તરીકે આપ્યાં અને તે (બ્રાહ્મણી)ને બતાવ્યાં. તે જોઈને તે દુષ્ટ બ્રાહ્મણીએ ‘નહિ આપું તો પુરોહિત ગુસ્સે થશે’ એવા ભયથી તે રત્નો તે વિલાસીની–દાસીને દીધાં અને દાસીએ રામદત્તાને સોંપ્યાં. તેણે રાજાને બતાવ્યાં. રાજાએ તે રત્નોને બહુ રત્નોમાં ભેળવ્યાં અને પાગલને બોલાવી કહ્યું, ‘‘રે, તારાં પોતાનાં રત્નો ઓળખીને લઈ લે.’’

તેણે તે જ (પોતાનાં જ રત્ન) ગ્રહણ કર્યાં, ત્યારે રાજા અને રાણીએ તેને વણિકપુત્ર

---

१. हृष्टया तया घ।

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



सत्यघोषः पृष्टः—इदं कर्म त्वया[१] कृतमिति। तेनोक्तं देव! न करोमि, किं ममेदृशं कर्तुं युज्यते? ततोऽतिरुष्टेन तेन राज्ञा तस्य दण्डत्रयं कृतं। गोमयभृतं भाजनत्रयं भक्षय, मल्लमुष्टिघातत्रयं वा सहस्व, द्रव्यं वा सर्वं देहि। तेन च पर्यालोच्य गोमयं खादितुमारब्धं। तदशक्तेन मुष्टिघातः सहितुमारब्धः। तदशक्तेन द्रव्यं दातुमारब्धं। एवं दण्डत्रयमनुभूय मृत्वातिलोभवशाद्राजकीयभांडागारे[२] अगंधनसर्पो जातः। तत्रापि मृत्वा दीर्घसंसारी जात इति द्वितीयाव्रतस्य।

तापसश्चौर्याद्बहुदुःखं प्राप्तः।

इत्यस्य कथा

वत्सदृश कौशाम्बीपुरे राजा सिंहरथो राज्ञी विजया। तत्रैकश्चौरः कौटिल्येन तापसो

---

શેઠ તરીકે સ્વીકાર્યો. અર્થાત્ ત્યારે તેઓએ જાણ્યું કે તે પાગલ નથી પણ વણિકપુત્ર છે.

પછી રાજાએ સત્યઘોષને પૂછ્યું, "તેં આ કાર્ય કર્યું છે?"

તેણે કહ્યું, "દેવ! મેં કર્યું નથી. શું મને આવું કરવું યોગ્ય છે?" પછી બહુ ગુસ્સે થયેલા રાજાએ તેને ત્રણ શિક્ષાઓ કરી.

"૧. ત્રણ થાળી છાણનું ભ્રમણ કર. ૨. મલ્લના મુક્કાઓનો માર સહન કર, અથવા ૩. સર્વ ધન આપી દે."

તેણે વિચાર કરીને પહેલાં છાણ ખાવાનું શરૂ કર્યું. તે ખાઈ નહિ શકવાથી મુક્કા–માર સહન કરવાનું શરૂ કર્યું. તે સહન નહિ થવાથી દ્રવ્ય આપવું આરંભ્યું. તેમ કરવા અશક્ત હોવાથી તેણે છાણનું ભ્રમણ કર્યું અને વળી મુક્કા–માર પણ ખાધો.

એ રીતે ત્રણ શિક્ષાઓ ભોગવી તે મરણ પામ્યો અને અતિ લોભના લીધે રાજાના ભાંડાગારમાં અંગધન જાતિનો સાપ થયો. ત્યાંથી પણ મરીને દીર્ઘ સંસારી થયો.

એ પ્રમાણે દ્વિતીય અવ્રતની કથા છે. ૨.

તાપસ ચોરીને લીધે બહુ દુઃખ પામ્યો.

## ૩. તાપસની કથા

વત્સદેશમાં કૌશામ્બી પુરીનો રાજા સિંહરથ હતો. તેની રાણીનું નામ વિજયા હતું. ત્યાં

---

१. त्वया कृतं किं न कृतमिति घ। २. अंगध घ।

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

भूत्वा परभूमिमस्पृशदवलम्बमान[१] शिक्यस्थो दिवसे पंचाग्निसाधनं करोति। रात्रौ च कौशांबीं मुषित्वा तिष्ठति। एकदा महाजनान्मुष्टं [२]नगरमाकर्ण्य राज्ञा कोट्टपालो भणितो रे सप्तरात्रमध्ये चौरं निजशिरो वाऽऽनय। ततश्चौरमलभमानश्चिन्तापरः तलारोऽपराह्णे बुभुक्षितब्राह्मणेन केनचिदागत्य भोजनं प्रार्थितः। तेनोक्तं—हे ब्राह्मण! अच्छान्दसोऽसि मम प्राणसन्देहो वर्तते त्वं च भोजनं प्रार्थयसे। एतद्वचनमाकर्ण्य पृष्टं ब्राह्मणेन कुतस्ते प्राणसन्देहः?। कथितं च तेन। तदाकर्ण्य पुनः पृष्टं ब्राह्मणेन—अत्र किं कोऽप्यतिनिस्पृहवृत्तिपुरुषोऽप्यस्ति? उक्तं तलारेण—अस्ति विशिष्टस्तपस्वी, न च तस्यैतत् सम्भाव्यते। भणितं ब्राह्मणेन—स एव चौरो भविष्यति[३] अतिनिस्पृहत्वात्। श्रूयतामत्र मदीया कथा—मम ब्राह्मणी महासती परपुरुषशरीरं न स्पृशतीति निजपुत्रस्याप्यतिकुक्कुटात्

---

એક ચોર કપટથી તાપસ બનીને બીજાની ભૂમિને નહિ સ્પર્શ કરતા એવા લટકતા સીંકા પર બેસી દિવસે પંચાગ્નિ તપ કરતો હતો અને ત્યાં કૌશામ્બીમાં ચોરી કરીને રહેતો હતો.

એક દિવસ મહાજન પાસેથી નગરને લુંટાયેલું સાંભળીને રાજાએ કોટવાળને કહ્યું, ''રે, સાત રાતની અંદર ચોરને લાવ કે તારા મસ્તકને (લાવ).''

પછી ચોર નહિ મળવાથી કોટવાળ ચિંતાતુર થયો. બપોરે કોઈ ભૂખ્યા બ્રાહ્મણે એક દિવસે આવી તેની પાસે ભોજન માગ્યું. તેણે કહ્યું, ''રે, બ્રાહ્મણ! તું સ્વેચ્છાચારી છે. મને મારા પ્રાણની પડી છે અને તું ભોજનની માગણી કરે છે.''

એ વચન સાંભળીને બ્રાહ્મણે પૂછ્યું, ''તમને પ્રાણની કેમ પડી છે?'' અને તેણે (કોટવાળે) કારણ કહ્યું તે સાંભળીને બ્રાહ્મણે ફરીથી પૂછ્યું, ''અહીં શું વળી કોઈ અતિ નિસ્પૃહ પુરુષ રહે છે?''

કોટવાળે કહ્યું, ''વિશિષ્ટ તપસ્વી રહે છે, પણ તેને તે (ચોરી) સંભવતી નથી.''

બ્રાહ્મણે કહ્યું, ''અતિનિઃસ્પૃહ હોવાને લીધે તે જ ચોર હશે. આ બાબતમાં મારી વાત સાંભળો.

૧. મારી બ્રાહ્મણી પોતાને મહાસતી ગણાવીને પરપુરુષના શરીરને સ્પર્શતી નથી, તેથી પોતાના પુત્રને પણ કપટથી બધું શરીર ઢાંકીને ધવડાવે છે; પરંતુ રાત્રે ઘરના પીંડારા

---

१. मस्पृशन् विलम्ब्यमान घ।

२. तन्नगर घ। ३. भविष्यतीति निःस्पृहत्वात् घ।

कर्पटेन सर्व शरीरं प्रच्छाद्य स्तनं ददाति। रात्रौ तु [1]गृहपिण्डारेण सह कुकर्म करोति (?)। तद्दर्शनात् संजातवैराग्योऽहं संवलार्थं[2] सुवर्णशलाकां वंशयष्टिमध्ये निक्षिप्य तीर्थयात्रायां निर्गतः। अग्रे गच्छतश्च ममैकबटुको मिलितो न तस्य विश्वासं गच्छाम्यहं यष्टिरक्षां यत्नतः करोमि। तेनाकलिता सा यष्टिःसगर्भेति। एकदा रात्रौ कुंभकारगृहे निद्रां कृत्वा दूराद्गत्वा तेन निजमस्तके लग्नं कुथितं तृणमालोक्यातिकुक्कुटेन ममाग्रतो, हा हा मया परतृणमदत्तं [3]ग्रसितमित्युक्त्वा व्याघुट्य तृणं तत्रैव कुंभकारगृहे निक्षिप्य दिवसावसाने कृतभोजनस्य ममागत्य मिलितः। भिक्षार्थं गच्छतस्तस्यातिशुचिरयमिति मत्वा विश्वसितेन मया यष्टिः कुक्कुरादिनिवारणार्थं समर्पिता। तां गृहीत्वा स गतः (२)। ततो मया महाटव्यां गच्छतातिवृद्धपक्षिणोऽतिकुर्कुटं दृष्टं। यथा एकस्मिन् महति वृक्षे मिलिताः पक्षिगणो रात्रावेकेनातिवृद्धपक्षिणा निजभाषया भणितो रे रे पुत्राः! अहं अतीव गन्तुं न शक्नोमि।

---

સાથે વ્યભિચાર (કુકર્મ) કરે છે. તે દેખીને મને વૈરાગ્ય થયો અને મુસાફરીના ખર્ચ માટે સુવર્ણની લગડીને વાંસની લાકડીમાં નાખીને હું તીર્થયાત્રાએ નીકળ્યો છું.

૨. આગળ જતાં મને એક બ્રહ્મચારી છોકરો મળ્યો. હું તેનો વિશ્વાસ રાખતો નહિ. હું લાકડીની રક્ષા (તેનાથી) યત્નપૂર્વક કરતો અને લાકડી હું સાથે જ રાખતો. તેથી તે બાળક–છોકરો સમજી ગયો કે આ લાકડીની અંદર કંઈક ધન છે. એક દિવસ રાત્રે કુંભારના ઘેર ઊંઘ લઈ સવારે ત્યાંથી નીકળીને દૂર જતાં પોતાના મસ્તક પર સડેલું તણખલું લાગેલું જોઈને કપટવશ મારી આગળ તે બોલ્યો—

“હાય હાય! પારકાનું તૃણ આપ્યા વિના મેં લીધું એમ કહીને પાછો જઈને કુંભારના ઘર આગળ ત્યાં જ તૃણ નાખીને દિવસના અંતે મને તે મળ્યો. જ્યારે મેં ભોજન કરી લીધું હતું. “આ બહુ પવિત્ર છે” એમ માની વિશ્વાસ લાવી મેં ભિક્ષા માટે જતાં તેને કૂતરાં વગેરે હાંકવા માટે લાકડી આપી. તે લઈને તે ચાલ્યો ગયો.

૩. પછી મહાઅરણ્યમાં થઈને જતાં એક અતિવૃદ્ધ પક્ષીનું મહાકપટ મારા જોવામાં આવ્યું. તે આ પ્રમાણે—

એક મોટા વૃક્ષ ઉપર ઘણા પક્ષીઓનું ટોળું મળ્યું હતું. રાત્રે એક અતિવૃદ્ધ પક્ષીએ પોતાની ભાષામાં કહ્યું : “રે રે પુત્રો! હું બહુ ચાલી શકું તેમ નથી. ભૂખથી પીડિત થઈને

---

१. पिण्डारो महिषी वाले क्षेपक्षेपण शाखि।

२. शान्बलार्थमिति ख, ग। ३. हिसितं घ।

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



बुभुक्षितमनाः कदाचिद्भवत्पुत्राणां भक्षणं करोमि चित्तचापल्यादतो मम मुखं प्रभाते बध्वा सर्वेऽपि गच्छन्तु। तैरुक्तं हा हा जात! पितामहस्त्वं किं तवैतत् संभाव्यते? तेनोक्तं— ''बुभुक्षितः किं न करोति पापं'' इति। एवं प्रभाते तस्य पुनर्वचनात् तन्मुखं बद्ध्वा ते गताः। स च बद्धो गतेषु चरणाभ्यां मुखाद्बन्धनं[1] दूरीकृत्वा तद्बालकान् भक्षयित्वा तेषामागमनसमये पुनः चरणाभ्यां बन्धनं मुखे संयोज्यातिकुर्कुटेन क्षीणोदरो भूत्वा स्थितः (३)। ततो नगरगतेन चतुर्थमतिकुर्कुटं दृष्टं मया। यथा तत्र नगरे एकश्चौरस्तपस्विरूपं धृत्वा बृहच्छिलां च मस्तकस्योपरि हस्ताभ्यामूर्ध्वं गृहीत्वा नगरमध्ये तिष्ठति दिवा रात्रौ चातिकुकुर्टेन 'अपसर जीव पादं ददामि, अपसर जीव पादं ददामीति' भणन् भ्रमति। 'अपसरजीवेति' चासौ भक्तसर्वजनैर्भण्यते। स च गर्तादिविजनस्थाने दिगवलोकनं कृत्वा सुवर्णभूषित-मेकाकिनं प्रणमन्तं तया शिलया मारयित्वा तद्रव्यं गृह्णाति (४)। इत्यतिकुर्कुटचतुष्टयमालोक्य

---

કદાચિત્ ચિત્તની ચંચળતાને લીધે હું તમારાં બચ્ચાંનું ભક્ષણ કરી જાઉં; તેથી સવારે મારું મુખ બાંધીને બધાં જાઓ.''

પક્ષીઓએ કહ્યું : ''હાય હાય! બાપુ, તમે તો દાદા, તમને એ કેમ સંભવે?''

તેણે કહ્યું : ''ભૂખ્યો શું પાપ નથી કરતો?''

એમ સવારે તેના ફરીથી કહેવાથી તેનું મુખ બાંધીને (બધાં) ગયાં. તેઓ જ્યારે ગયાં ત્યારે બંધાયેલો તે બે પગથી મુખનું બંધન દૂર કરીને તેમનાં બચ્ચાં ખાઈ જતો અને તેમના આવવાના સમયે ફરીથી પગ વડે મુખે બંધન બાંધીને અતિકપટથી ભૂખ્યું (ક્ષીણ) પેટ કરીને પડી રહેતો.

૪. પછી એક નગરમાં જતાં ચોથું મહાકપટ મારા જોવામાં આવ્યું. તે આ રીતે :—

ત્યાં નગરમાં એક ચોર તપસ્વીનું રૂપ ધારણ કરીને બે હાથ વડે મસ્તક ઉપર મોટી શિલા ઊંચે પકડી રાખીને રાત–દિવસ અતિકપટથી 'હે જીવ! આઘા ખસો, હું પગ માંડું છું. હે જીવ! આઘા ખસો, હું પગ માંડું છું.' એમ બોલતો બોલતો ભમતો હતો. તેના સર્વ ભક્તજનો તેને 'અપસર જીવ' એવા નામથી કહેવા લાગ્યા. તે ચોર જ્યારે કોઈ તેને ખાડા આદિ નિર્જન સ્થાનમાં મળે તો બધી તરફ નજર નાખીને સુવર્ણથી વિભૂષિત, પ્રણામ કરતા એવા એકલા (માણસ)ને તે શિલાથી મારી નાખી તેનું ધન લઈ લેતો.

---

१. बन्धनमुत्तार्य घ।

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

मया श्लोकोऽयं कृतः—

अबालस्पर्शका नारी ब्राह्मणोऽतृणहिंसकः।
वने काष्ठमुखः पक्षी पुरेऽपसरजीवकः।। इति

इति कथयित्वा तलारं धीरयित्वा सन्ध्यायां ब्राह्मणः शिक्यतपस्विसमीपं गत्वा तपस्विप्रतिचारकैर्निर्घाट्यमानोजोऽपि रात्र्यन्धो भूत्वा तत्र पतित्वैकदेशे स्थितः। ते च प्रतिचारकाः रात्र्यन्धपरीक्षणार्थं तृणकट्टिकांगुल्यादिकं तस्याक्षिसमीपं नयन्ति। स च पश्यन्नपि न पश्यति। बृहद्रात्रौ गुहायामन्धकूपे नगरद्रव्यं ध्रियमाणमालोक्य तेषां खादनपानादिकं वालोक्य[1] प्रभाते राज्ञा मार्यमाणस्तलारो रक्षितः तेन रात्रिदृष्टमावेद्य। स शिक्यस्थस्तपस्वी चौरस्तेन तलारेण बहुकदर्थनादिभिः कदर्थ्यमानो मृत्वा दुर्गतिं गतस्तृतीयाव्रतस्य।

---

એવાં ચાર તીવ્ર કપટ જોઈને મેં આ શ્લોક બનાવ્યો છે—

अबालस्पर्शका नारी ब्राह्मणोऽतृणहिंसकः।
वने काष्ठमुखः पक्षी, पुरेऽपसरजीवकः।। इति

પુત્રને નહિ સ્પર્શતી નારી, તૃણઅહિંસક બ્રાહ્મણ, વનમાં કાષ્ઠમુખ પક્ષી અને નગરમાં અપસરજીવક—એ ચાર મહાકપટ મેં જોયા.

એમ કહી કોટવાળને ધીરજ આપીને સંધ્યાસમયે બ્રાહ્મણ સીંકામાં રહેવાવાળા તપસ્વી પાસે ગયો અને તપસ્વીના નોકરોએ તેને ત્યાંથી હાંકી કાઢવા માંડ્યો, પણ રાત્રિ–અંધ (રતાંધળો) થઈને ત્યાં એક ઠેકાણે પડી રહ્યો. તે નોકરો તે રતાંધળાની પરીક્ષા કરવા માટે તૃણ–કંડુક, આંગળી વગેરે તેની આંખ સમીપ લાવતા, પરંતુ તે દેખવા છતાં ન દેખતો રહ્યો.

પાછલી રાત્રે ગુફારૂપી અંધકૂપમાં રાખેલું નગરનું ધન તેણે જોયું અને તેમનાં ખાન–પાનાદિક પણ જોયાં. સવારે તેણે જે કાંઈ રાત્રે જોયેલું તે કહીને રાજા દ્વારા માર્યા જતા કોટવાળને બચાવ્યો.

કોટવાળે સીંકામાં બેસવાવાળા તપસ્વીને બહુ પ્રકારે દુઃખી કર્યો અને તે મરીને દુર્ગતિએ ગયો.

એ પ્રમાણે તૃતીય અવ્રતની કથા પૂર્ણ થઈ. ૩.

---

૧. खानपानस्त्र्यादिकं चालोक्य घ।

[१]आरक्षिणाऽब्रह्मनिवृत्त्यभावाद्दुःखं प्राप्तम्।

अस्य कथा

[२]आहीरदेशे नासिक्यनगरे राजा कनकरथो राज्ञी कनकमाला, [३]तलारो यमदण्डस्तस्य माता बहुसुन्दरी तरुणरण्डा पुंश्चली। सा एकदा बध्वा धर्तुं समर्पिताभरणं गृहीत्वा रात्रौ संकेतितजारपार्श्वे गच्छन्ती यमदण्डेन दृष्टा सेविता चैकान्ते। तदाभरणं चानीय तेन निजभार्याया दत्तं। तया च दृष्ट्वा भणितं—'[४]मदीयमिदमाभरणं, मया श्वश्रूहस्ते धृतं' तद्वचनमाकर्ण्य तेन चिन्तितं या मया सेविता सा मे जननी भविष्यतीति। ततस्तस्या जारसंकेतगृहं गत्वा तां सेवित्वा तस्यामासक्तो गूढवृत्त्या तया सह कुकर्मरतः स्थितः। एकदा तद्भार्ययाऽसहनादतिरुष्टया रजक्याः कथितं। मम भर्ता निजमात्रा सह तिष्ठति। रजक्या च मालाकारिण्याः कथितं। अतिविश्वस्ता मालाकारिणी च कनकमालाराज्ञीनिमित्तं पुष्पाणि

---

કોટવાળ (યમદંડ) કુશીલ ત્યાગના અભાવે દુઃખ પામ્યો.

## ૪. યમદંડની કથા

આહીરદેશમાં નાસિક નગરમાં રાજા કનકરથ અને રાણી કનકમાળા હતા. યમદંડ તેમનો કોટવાલ હતો. તેની માતા બહુસુંદરી હતી. તે તરુણ અવસ્થામાં રાંડી હતી અને વ્યભિચારિણી હતી.

તે એક દિવસ પોતાની પુત્રવધૂએ રાખવા આપેલું ઘરેણું પહેરીને રાત્રે સંકેત પ્રમાણે પોતાના યાર પાસે જઈ રહી હતી. યમદંડે તેને દેખી અને એકાંતમાં તેનું સેવન કર્યું. તેણે તેનું ઘરેણું લાવીને પોતાની સ્ત્રીને આપ્યું. તેણે જોઈને કહ્યું : "આ ઘરેણું મારું છે, મેં મારી સાસુને તે રાખવા આપ્યું હતું."

તેનું વચન સાંભળીને તેણે (કોટવાળે) વિચાર્યું : "જેને મેં સેવી તે મારી માતા હોવી જોઈએ." પછી તેના યારના સંકેત ગૃહે જઈને તેનામાં આસક્ત થઈ તેને સેવતો અને પોતાનું રૂપ છુપાવી તેની સાથે કુકર્મ (વ્યભિચાર) કરવામાં રત રહેતો.

એક દિવસ તેની સ્ત્રીએ સહન નહિ થવાથી બહુ રોષે ભરાઈને ધોબણને કહ્યું : "મારો પતિ પોતાની માતા સાથે લાગુ છે." ધોબણે આ વાત માલણને કહી. માલણ રાણીની અતિ વિશ્વાસપાત્ર હતી. તે જ્યારે કનકમાળા રાણી માટે પુષ્પો લઈને ગઈ ત્યારે

---

१. आरक्षेण घ। २. अहीरदेशे ख, ग। ३. तलवरो घ। ४. मदीयमाभरणं घ।

गृहीत्वा गता। तया च पृष्टा सा कुतूहलेन, जानासि हे कामप्यपूर्वां[1] वार्तां। तया च तलारद्विष्टतया कथितं राज्ञ्याः, देवि! यमदण्डतलारो[2] निजजनन्या सह तिष्ठति। कनकमालया च राज्ञः कथितं। राज्ञा च गूढपुरुषद्वारेण तस्य कुकर्म निश्चित्य [3]तलारो [4]गृहीतो दुर्गतिं गतश्चतुर्थाव्रतस्य।

परिग्रहनिवृत्यभावात् श्मश्रुनवनीतेन बहुतरं दुःखं प्राप्तं।

अस्य कथा

अस्त्ययोध्यायां श्रेष्ठी भवदत्तो भार्या धनदत्ता पुत्रो लुब्धदत्तः वाणिज्येन दूरं गतः। तत्र [5]स्वमुपार्जितं तस्य चौरेर्नीतं। ततोऽतिनिर्धनेन[6] तेन मार्गे आगच्छता तत्रैकदा गोदुहः[7] तक्रं पातुं याचितं। तक्रे पीते स्तोकं नवनीतं कूर्चे लग्नमालोक्य गृहीत्वा चिन्तितं तेन वाणिज्यं भविष्यत्यनेन मे, एवं च तत्संचिन्वतस्तस्य श्मश्रुनवनीत इति नाम जातं।

---

રાણીએ કુતુહલથી તેને પૂછ્યું : "તમે કોઈ અપૂર્વ વાત જાણો છો?"

માલણ કોટવાળ ઉપર દ્વેષ રાખતી હોવાથી તેણે રાણીને કહી દીધું કે "દેવી! યમદંડ કોટવાળ પોતાની માતા સાથે લાગુ છે."

કનકમાલાએ એ વાત રાજાને કહી. રાજાએ છૂપા માણસો દ્વારા તેનું કુકર્મ નક્કી કરીને કોટવાળને પકડ્યો અને તે દુર્ગતિએ ગયો.

આ ચતુર્થ અવ્રતની કથા છે. ૪.

પરિગ્રહત્યાગના અભાવે શ્મશ્રુનવનીત અધિકતર દુઃખ પામ્યો.

## ૫. શ્મશ્રુનવનીતની કથા

અયોધ્યામાં ભવદત્ત શેઠ અને તેની સ્ત્રી ધનદત્તા હતાં. તેમનો પુત્ર લુબ્ધદત્ત વેપારાર્થે દૂર (દેશ) ગયો. તેનું સ્વયં કમાયેલું (ધન) ચોરોએ લઈ લીધું. પછી બહુ નિર્ધન થઈને ત્યાં માર્ગે જતાં એક દિવસ તેણે ગોવાળિયાઓ પાસે છાશ પીવા માગી. છાશ પીતાં થોડુંક માખણ તેની મૂછ પર લાગ્યું, તેણે તે દેખ્યું અને લઈ લીધું. તેણે વિચાર્યું : "આનાથી મને વેપાર થશે." આ રીતે તે પ્રતિદિન માખણનો સંગ્રહ કરવા લાગ્યો. જેથી તેનું 'શ્મશ્રુનવનીત' એવું નામ પ્રચલિત થઈ ગયું.

---

१. कामष्यपूर्ववार्ता घ। २. तलवरो घ। ३. तलवरो घ। ४. निगृहीतो घ।
५. समुपार्जितं द्रव्यं तत्तस्य घ। ६. ततो निर्धनेन घ। ७. गोकुले ख-ग-घ।

एवमेकदा प्रस्थप्रमाणे घृते जाते घृतस्य[1] भाजनं पादान्ते धृत्वा शीतकाले तृणकुटीरकद्वारे अग्निं च पादान्ते कृत्वा[2] रात्रो संस्तरे पतितः संचिन्तयति, अनेन घृतेन बहुतरमर्थमुपार्ज्य सार्थवाहो भूत्वा [3]सामन्तमहासामन्तराजाधिराजपदं प्राप्य क्रमेण सकलचक्रवर्ती भविष्यामि यदा, तदा च मे सप्ततलप्रासादे शय्यागतस्य पादान्ते[4] समुपविष्टं स्त्रीरत्नं पादौ मुष्ट्या ग्रहीष्यति न जानासि पादमर्दनं कर्तुमिति स्नेहेन भणित्वा स्त्रीरत्नमेवंपादेन ताडयिष्यामि, एवं चिन्तयित्वा[5] तेन चक्रवर्तिरूपाविष्टेन पादेन हत्वा पातितं[6] तद्धृतभाजनं तेन च घृतेन द्वारे संधुक्षितोऽग्निः सुतरां प्रज्वलितः। ततो द्वारे प्रज्वलिते निःसर्तुमशक्तो दग्धो मृतो दुर्गति गतः इच्छाप्रमाणरहितपंचमाव्रतस्य॥६५॥

---

એ પ્રમાણે એક દિવસ પ્રસ્થપ્રમાણ ઘી થતાં, ઘીનું વાસણ પગની આગળ મૂક્યું અને શિયાળામાં ઘાસની ઝૂંપડીનાં બારણે પગની નજીક અગ્નિ સળગાવી બિસ્તરા પર પડી વિચાર કરવા લાગ્યો : ‘‘આ ઘીથી બહુ ધન કમાઈને હું વેપારી થઈશ અને ક્રમે–ક્રમે સામન્ત, મહાસામન્ત અને રાજાધિરાજનું પદ પ્રાપ્ત કરીને બધાનો ચક્રવર્તી થઈશ જ્યારે હું મારા સાત માળના મહેલમાં પલંગમાં પોઢીશ, ત્યારે પગ આગળ બેઠેલી મારી સુંદર સ્ત્રી હાથની મુઠ્ઠીથી મારા બે પગ દાબશે. (તે વખતે) ‘‘તને પગ દાબતાં આવડતું નથી’’—એમ સ્નેહથી કહીને તે સુંદર સ્ત્રીને આવી રીતે પગથી લાત મારીશ.’’

એમ વિચારીને ચક્રવર્તીના રૂપના આવેશમાં પગ વડે લાત મારી; તેથી તે ઘીનું વાસણ પડી ગયું અને બારણા આગળ સળગાવેલો અગ્નિ તે ઘીથી વધુ પ્રજ્વલિત થયો. બારણું સળગતાં તે બહાર નીકળી શક્યો નહિ, તેથી તે બળીને મરી ગયો અને દુર્ગતિ પામ્યો.

આ પ્રમાણે ઈચ્છાપરિમાણરહિત પાંચમા અવ્રતની કથા છે. ૫.

**ભાવાર્થ :**—૧. હિંસામાં ધનશ્રી શેઠ, ૨. અસત્યમાં સત્યઘોષ, ૩. ચોરીમાં એક તપસ્વી, ૪. કુશીલમાં યમદંડ કોટવાળ અને ૫. પરિગ્રહમાં શ્મશ્રુનવનીત (લુબ્ધદત્ત) વૈશ્ય—એ વિશેષપણે પ્રસિદ્ધ થયાં છે.

‘‘........કોઈ રૂડું આચરણ થતાં સમ્યક્ચારિત્ર થયું કહીએ છીએ. ત્યાં જેણે જૈનધર્મ અંગીકાર કર્યો હોય અથવા કોઈ નાની–મોટી પ્રતિજ્ઞા ગ્રહણ કરી હોય તેને શ્રાવક કહીએ

---

१. तस्य घ। २. धृत्वा ग। ३. राज्यपदं। ४. तदुपविष्टं घ। ५. चिन्तयता नेम घ।

६. पतितं घ श्रवणोत्तमाः घ।

यानि चेतानि पंचाणुव्रतान्युक्तानि मद्यादित्रयत्यागसमन्वितान्यष्टौ मूलगुणा भवन्तीत्याह—

**मद्यमांसमधुत्यागैः सहाणुव्रतपञ्चकम् ।**
**अष्टौ मूलगुणानाहुर्गृहिणां [1]श्रमणोत्तमाः ॥६६॥**

'गृहिणामष्टौ मूलगुणानाहुः'। के ते? श्रमणोत्तमा जिनाः। किं तत्? 'अणुव्रतपंचकं'। कैः सह? 'मद्यमांसमधुत्यागैः' मद्यं च मांसं च मधु च तेषां त्यागास्तैः ॥६६॥

---

છીએ. હવે શ્રાવક તો પંચમ ગુણસ્થાનવર્તી થતાં જ થાય છે, પરંતુ પૂર્વવત્ ઉપચારથી તેને શ્રાવક કહ્યો છે......"[2]

જેને પાછળથી પંચમ ગુણસ્થાન પ્રાપ્ત કર્યું હોય તેને જ આ ઉપચાર લાગુ પડે છે, બીજાને તે લાગુ પડતો નથી.

વ્રત સંબંધી જે દૃષ્ટાંતો (કથારૂપે) આવ્યાં છે તે બધાં આ દૃષ્ટિથી સમજવાં. ૬૫.

જે આ પાંચ અણુવ્રત કહ્યાં તે મદ્યાદિ ત્રયના ત્યાગસહિત આઠ મૂલગુણ છે, એમ કહે છે—

## શ્રાવકનાં આઠ મૂલગુણ

### શ્લોક ૬૬

**અન્વયાર્થ** :—[श्रमणोत्तमाः] મુનિઓમાં ઉત્તમ ગણધરાદિક દેવ [मद्यमांसमधुत्यागैः] મદ્યત્યાગ, માંસત્યાગ અને મધુત્યાગ સાથે [अणुव्रतपंचकम्] પાંચ અણુવ્રતોને (અહિંસાણુવ્રત, સત્યાણુવ્રત, અચૌર્યાણુવ્રત, બ્રહ્મચર્યાણુવ્રત અને પરિગ્રહપરિમાણઅણુવ્રતને) [गृहिणां] ગૃહસ્થોનાં [अष्टौ] આઠ [मूलगुणान्] મૂલગુણ [आहुः] કહે છે.

**ટીકા** :—'गृहिणां अष्टौ मूलगुणान् आहुः' ગૃહસ્થોનાં આઠ મૂલગુણ કહે છે. કોણ તે (કહે છે)? 'श्रमणोत्तमा' ઉત્તમ શ્રમણો જિનો. કોને (કહે છે)? 'अणुव्रतपञ्चकम्' પાંચ અણુવ્રતોને, કોની સાથે? 'मद्यमांसमधुत्यागौः' મદ્ય (દારુ), માંસ અને મધુ (મધ) તેમના ત્યાગ સાથે.

---

૧. श्रवणोत्तमाः घ। ૨. ગુજરાતી મોક્ષમાર્ગ પ્રકાશક, અધ્યાય ૮, પૃષ્ઠ ૨૭૬.

**एवं पंचप्रकारमणुव्रतं प्रतिपाद्येदानीं त्रिप्रकारं गुणव्रतं प्रतिपादयन्नाह—**

**ભાવાર્થ :**—૧. મદ્યત્યાગ, ૨. માંસત્યાગ, ૩. મધુત્યાગ સહિત, ૪. અહિંસાણુવ્રત, ૫. સત્યાણુવ્રત, ૬. અચૌર્યાણુવ્રત, ૭. બ્રહ્મચર્યાણુવ્રત અને ૮. પરિગ્રહ-પરિમાણઅણુવ્રત— એ શ્રાવકના આઠ મૂલગુણ છે.

## વિશેષ

આઠ મૂલગુણ સંબંધી કેટલાક આચાર્યોની વિવક્ષામાં ભેદ છે, પણ તેમાં વિરોધ નથી.

શ્રી સમન્તભદ્રાચાર્યે આ ગ્રંથમાં (શ્લોક ૬૬માં) ત્રણ મકાર (મદ્ય, માંસ અને મધુ)ના ત્યાગ સહિત, અહિંસાદિ પાંચ અણુવ્રતના પાલનને આઠ મૂલગુણ કહ્યા છે.

શ્રી અમૃતચંદ્રાચાર્યે પુરુષાર્થસિદ્ધિ–ઉપાયમાં ગાથા ૬૧માં કહ્યું છે કે, “હિંસાનો ત્યાગ કરવાની ઈચ્છા રાખનાર પુરુષે પ્રથમ જ યત્નપૂર્વક મદ્ય, માંસ અને મધુ તથા પાંચ ઉદુમ્બર ફળોનો ત્યાગ કરવો જોઈએ; અને શ્લોક ૪૨માં કહ્યું છે કે, “સમસ્ત હિંસાદિ પાંચ પાપ કહ્યાં છે તે હિંસા જ છે,” તેથી ત્રણ પ્રકારના ત્યાગમાં અહિંસાદિ પાંચ અણુવ્રતોનું પાલન પણ સ્વયં આવી જાય છે.

ચારિત્રપાહુડમાં ગાથા ૨૩, પૃષ્ઠ ૯૫ની હિન્દી ટીકામાં પંડિત જયચંદજી છાબડાએ લખ્યું છે કે—

“પાંચ ઉદુંબર અને મદ્ય, માંસ અને મધુસહિત—આ આઠનો ત્યાગ કરવો તે આઠ મૂલગુણ છે, અથવા કોઈ ગ્રંથમાં એમ કહ્યું છે કે જો પાંચ અણુવ્રત પાળે અને મદ્ય, માંસ તથા મધુનો ત્યાગ કરે–એવા આઠ મૂલગુણ છે. આમાં વિરોધ નથી, વિવક્ષાભેદ છે.

પાંચ ઉદુંબર ફળ અને ત્રણ મકારનો ત્યાગ કરવામાં જે વસ્તુઓમાં સાક્ષાત્ ત્રસ જીવ દેખે તે સર્વને ભક્ષણ કરે નહિ.....તો આમાં તો અહિંસા–અણુવ્રત આવ્યું.......”

આ પ્રમાણે આઠ મૂલગુણ સંબંધી આચાર્યોના કથનોના ભાવમાં ફેર નથી, એમ સમજવું. ૬૬.

એ પ્રમાણે પાંચ પ્રકારનાં અણુવ્રતોનું પ્રતિપાદન કરીને હવે ત્રણ પ્રકારનાં ગુણવ્રતોનું પ્રતિપાદન કરે છે—

**दिग्व्रतमनर्थदण्डव्रतं च भोगोपभोगपरिमाणम्।**
**अनुबृंहणाद्गुणानामाख्यान्ति गुणव्रतान्यार्याः ॥६७॥**

'आख्यान्ति' प्रतिपादयन्ति। कानि? 'गुणव्रतानि'। के ते? 'आर्याः' गुणैर्गुणवद्भिर्वा अर्यन्ते प्राप्यन्त इत्यार्यास्तीर्थकरदेवादयः। किं तद्गुणव्रतं? 'दिग्व्रतं' दिग्विरतिं। न केवलमेतदेव किन्तु 'अनर्थदण्डव्रतं' चानर्थदण्डविरतिं। तथा 'भोगोपभोग-परिमाणं' सकृद्भुज्यत इति भोगोऽशनपानगन्धमाल्यादिः पुनः पुनरुपभुज्यत इत्युपभोगो [1]वस्त्राभरणयानशयनादिस्तयोः परिमाणं कालनियमेन यावज्जीवनं वा। एतानि त्रीणि कस्माद्गुणवतान्युच्यन्ते? 'अनुबृंहणात्' वृद्धिं नयनात्। केषां? 'गुणानाम्' अष्टमूल-गुणानाम् ॥६७॥

---

## ગુણવ્રતોનાં નામ
### શ્લોક ૬૭

**અન્વયાર્થ** :—[आर्याः] તીર્થંકર દેવાદિ [गुणानाम्] આઠ મૂલગુણોની [अनुबृंहणात्] વૃદ્ધિ કરનાર હોવાથી [दिग्व्रतम्] દિગ્વ્રતને, [अनर्थदण्डव्रतम्] અનર્થદંડવ્રતને [च] અને [भोगोपभोगपरिमाणम्] ભોગોપભોગપરિમાણ વ્રતને [गुणव्रतानि] ગુણવ્રત [आख्यान्ति] કહે છે.

**ટીકા** :—'आख्यान्ति' કહે છે. શું? 'गुणव्रतानि' ગુણવ્રતો. કોણ તે (કહે છે)? 'आर्याः' ગુણોથી વા ગુણવાનોથી પ્રાપ્ત થાય તે આર્યો—તીર્થંકર દેવાદિ, તે કયું ગુણવ્રત? 'दिग्व्रतं' દિગ્વિરતિને, કેવલ એ જ નહિ, કિન્તુ 'अनर्थदण्डव्रतम्' અનર્થદંડવિરતિને તથા 'भोगोपभोगपरिमाणम्' એક વખત ભોગવાય તે ભોગ—ભોજન, પાન, ગંધ, માલા આદિ અને વારંવાર ભોગવાય તે ઉપભોગ—વસ્ત્ર, આભૂષણ, વાહન, સ્ત્રીજનનું સેવન આદિ—તે બંનેનું (ભોગ–ઉપભોગનું) કાળના નિયમનથી (મર્યાદાથી) અથવા જીવનપર્યંત પરિમાણ (મર્યાદા) કરવું તેને (ભોગોપભોગપરિમાણને)—એ ત્રણ ગુણવ્રતો કેમ કહેવાય છે? 'अनुबृंहणात्' વૃદ્ધિ કરવાથી. કોની? 'गुणानाम्' આઠ મૂલગુણોની.

**ભાવાર્થ** :—૧. દિગ્વ્રત, ૨. અનર્થદંડવ્રત અને ૩. ભોગોપભોગપરિમાણવ્રત—એ ત્રણ ગુણવ્રત છે. તેઓ આઠ મૂલગુણોની વૃદ્ધિ કરે છે, તેથી તીર્થંકરદેવ તેમને ગુણવ્રત કહે છે.

---

१. स्त्रीजनोपसेवनादि स्त्र जंफनादि घ।

तत्र दिग्व्रतस्वरूपं प्ररूपयन्नाह—

**दिग्वलयं परिगणितं कृत्वातोऽहं बहिर्न यास्यामि।**
**इति सङ्कल्पो दिग्व्रतमामृत्यणुपापविनिवृत्त्यै॥६८॥**

'दिग्व्रतं' भवति। कोऽसौ? 'संकल्पः'। कथंभूतः? 'अतोऽहं बहिर्न यास्यामी'त्येवंरूपः। किं कृत्वा? 'दिग्वलयं परिगणितं कृत्वा' समर्यादं कृत्वा। कथं? 'आमृति' मरणपर्यन्तं यावत्। किमर्थं? 'अणुपापविनिवृत्त्यै' सूक्ष्मस्यापि पापस्य विनिवृत्त्यर्थम्॥६८॥

---

જે એક જ વખત ભોગવવામાં આવે તે ભોગ કહેવાય છે. જેમ કે ભોજન, પાન, ગંધ, પુષ્પ–માળા વગેરે. અને જે વારંવાર ભોગવવામાં આવે તેને ઉપભોગ કહેવાય છે. જેમ કે વસ્ત્ર, આભૂષણ, મકાન, વાદન, સ્ત્રીજન વગેરે. (જુઓ શ્લોક ૮૩).

ભોગ અને ઉપભોગ એ બંને પ્રકારની વસ્તુઓની ત્યાગ–મર્યાદા નિયમપૂર્વક અથવા યમપૂર્વક હોય છે. જે ત્યાગ અમુક કાળની મર્યાદાથી કરવામાં આવે તેને નિયમ કહે છે અને જે ત્યાગ જીવનપર્યંત કરવામાં આવે તેને યમ કહે છે. (જુઓ, શ્લોક ૮૭). ૬૭.

તેમાં દિગ્વ્રતના સ્વરૂપનું પ્રરૂપણ કરીને કહે છે—

## દિગ્વ્રતનું સ્વરૂપ

### શ્લોક ૬૮

**અન્વયાર્થ :**—[अणुपापविनिवृत्त्यै] સૂક્ષ્મ પાપોથી (પણ) નિવૃત્ત (મુક્ત) થવા માટે [दिग्वलयम्] દિશાઓના સમૂહને (દશે દિશાઓને) [परिगणितम्] મર્યાદિત [कृत्वा] કરીને [अतः] એનાથી [बहिः] બહાર [अहम्] હું [आमृति] મરણપર્યન્ત [न यास्यामि] નહિ જાઉં, [इति] એવો [संकल्पः] સંકલ્પ વા પ્રતિજ્ઞા કરવી તે [दिग्व्रतं] દિગ્વ્રત છે.

**ટીકા :**—'दिग्व्रतं' દિગ્વ્રત છે, તે શું છે? 'संकल्पः' સંકલ્પ, કેવો (સંકલ્પ)? 'अतः बहिः न यास्यामि' 'હું આનાથી બહાર નહિ જાઉં'—એવા પ્રકારનો. શું કરીને? 'दिग्वलयं परिगणितं कृत्वा' દિશાઓના સમૂહની (દશે દિશાઓની) સીમા બાંધીને (તેમની મર્યાદા કરીને) શી રીતે? 'आमृति' મરણપર્યન્ત. શા માટે? 'अणुपापविनिवृत्त्यै' સૂક્ષ્મ પાપની (પણ) નિવૃત્તિ માટે.

तत्र दिग्वलयस्य परिगणितत्वे कानि मर्यादा इत्याह—

**मकराकरसरिदटवीगिरिजनपदयोजननानि मर्य्यादाः।**
**प्राहुर्दिशां दशानां प्रतिसंहारे प्रसिद्धानि ॥६६॥**

'प्राहुर्मर्यादाः'। कानीत्याह—'मकराकरेत्यादि'—मकराकरश्च समुद्रः सरितश्च नद्यो

**ભાવાર્થ** :—સૂક્ષ્મ પાપોથી પણ બચવા માટે દશે દિશાઓની મર્યાદા કરીને (પરિમાણ કરીને), 'તેની બહાર હું જીવનપર્યંત જઈશ નહિ' એવા સંકલ્પને–પ્રતિજ્ઞાને દિગ્વ્રત કહે છે.

પાંચ ગુણસ્થાનવર્તી અણુવ્રતધારીને સ્થૂળ પાપોનો તો હંમેશા સર્વત્ર ત્યાગ હોય છે, પરંતુ સૂક્ષ્મ પાપોનો ત્યાગ હોતો નથી. તેને સૂક્ષ્મ પાપ સંબંધી અત્યાગભાવ હોવાથી દ્રવ્યહિંસાના અભાવમાં પણ તેને સૂક્ષ્મ પાપ સંબંધી કર્મબંધ થાય છે. આ નિરર્થક કર્મબંધ અટકાવવા માટે તથા ત્યાગભાવની વૃદ્ધિ માટે તે દશે દિશાઓની મર્યાદા કરી, મર્યાદાની બહાર જીવનપર્યન્ત નહિ જવાની પ્રતિજ્ઞા કરે છે. આ પ્રતિજ્ઞાથી મર્યાદા બહાર પાંચે પાપનો (સ્થૂળ અને સૂક્ષ્મનો) સર્વથા જીવનપર્યન્ત ત્યાગ થઈ જવાથી તેનો તે ત્યાગ મહાવ્રત જેવો હોય છે. (જુઓ ગાથા ૭૦)

દિગ્વ્રતમાં ક્ષેત્ર સીમિત (મર્યાદિત) રહેવાથી ત્યાગભાવમાં વૃદ્ધિ થાય છે— અહિંસાવ્રત પુષ્ટ થાય છે અને લોભવૃત્તિ મર્યાદિત થઈ જાય છે. ૬૮.

ત્યાં દિગ્વ્રતનું પરિમાણ કરવામાં મર્યાદા કેવા પ્રકારની હોય છે તે કહે છે—

## દિગ્વ્રતની મર્યાદાઓ

### શ્લોક ૬૯

**અન્વયાર્થ** :—ગણધરાદિક [दशानाम्] [1]દશે [दिशाम्] દિશાઓનું [प्रतिसंहारे] પરિમાણ કરવામાં (સંકોચ કરવામાં) [प्रसिद्धानि] પ્રસિદ્ધ [मकराकर-सरिदटवीगिरिजनपदयोजनानि] સમુદ્ર, નદી, જંગલ, પર્વત, દેશ અને યોજનને [मर्यादाः] મર્યાદા [प्राहुः] કહે છે.

**ટીકા** :—'प्राहुर्मर्यादाः' મર્યાદા કહે છે. કોને કહે છે? 'मकराकरेत्यादि'

૧. ચાર દિશાઓ—પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ; ચાર વિદિશાઓ–ઈશાન, અગ્નિ, નૈઋત્ય અને વાયવ્ય; ઉપર અને નીચે—એમ દસ દિશાઓ છે.

**गंगाद्याः, अटवी दंडकारण्यादिका, गिरिश्च पर्वतः सह्यविन्ध्यादिः, जनपदो देशो वराट[१]—वापीतटादिः, 'योजनानि' विंशतित्रिंशदादिसंख्यानि। किंविशिष्टान्येतानि? 'प्रसिद्धानि' दिग्विरतिमर्यादानां दातुर्गृहीतुश्च प्रसिद्धानि। कासां मर्यादाः? 'दिशां'। कतिसंख्यावच्छिन्नानां 'दशानां'। कस्मिन् कर्त्तव्ये सति मर्यादाः? 'प्रतिसंहारे' इतः परतो न यास्यामीति व्यावृतौ॥६६॥**

---

**मकराकरः** એટલે સમુદ્ર, **सरितः** ગંગા વગેરે નદીઓ, **अटवी** દંડકારણ્ય આદિ જંગલો, **गिरिः** સહ્યાદ્રિ, વિન્ધ્યાદિ પર્વત, **जनपदः** વિરાટ, વાપીતટ આદિ દેશ અને **'योजनानि'** વીસ, ત્રીસ આદિ સંખ્યામાં યોજનો, તેઓ કેવા પ્રકારનાં છે? **'प्रसिद्धानि'** દિગ્વિરતિની મર્યાદાઓ આપનાર અને ગ્રહણ કરનારને પ્રસિદ્ધ (જાણીતાં) છે. કોની મર્યાદા? **'दिशां'** દિશાઓની. કેટલી સંખ્યાના વિભાગવાળી (દિશાઓની)? **'दशानां'** દશ. ક્યા કર્તવ્યમાં મર્યાદા? **'प्रतिसंहारे'** 'અહીંથી બીજે (આગળ) જઈશ નહિ' એવી મર્યાદારૂપ—વ્યાવૃત્તિરૂપ કાર્યમાં.

**ભાવાર્થ :**—દિગ્વ્રતમાં, લોકમાં સમુદ્ર, નદી, જંગલ, પર્વત, દેશ, યોજન વગેરે જે પ્રસિદ્ધ છે, તેનાથી ચાર દિશા, ચાર વિદિશા અને ઉપર તથા નીચે—એમ દશે દિશામાં જવા—આવવા માટે પ્રતિજ્ઞાપૂર્વક મર્યાદા કરી જિંદગીપર્યંત આ મર્યાદાની બહાર ન જવું—તેને દિગ્વ્રત કહે છે.

અહીં પહાડ વગેરે તથા હવાઈ જહાજથી ઉપર ચડવાની અપેક્ષાએ ઉપરની દિશામાં અને કૂવા કે સમુદ્રાદિમાં નીચે જવાની અપેક્ષાએ નીચેની દિશાનું ગ્રહણ સમજવું. ઉપર—નીચે જવા માટે જે મર્યાદા બાંધી હોય તે મર્યાદાની બહાર ન જવું.

## વિશેષ

દિગ્વ્રતના ધારક પુરુષો એવો નિયમ કરે છે કે હું અમુક દિશામાં અમુક સમુદ્ર સુધી, અમુક નદી સુધી, અમુક અટવી સુધી, અમુક દેશ સુધી કે આટલા યોજન સુધી જઈશ, તેની બહાર નહિ જાઉં.

પરિગ્રહની લાલસાઓ ઓછી થતાં એમ કરવાથી હિંસાદિ પાપ સ્વયમેવ અટકી જાય છે. ૬૯.

---

१. वरतटादिः घ।

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



एवं दिग्विरतिव्रतं धारयतां मर्यादातः परतः किं भवतीत्याह—

**अवधेर्बहिरणुपापंप्रतिविरतेर्दिग्व्रतानि धारयताम्।**
**पञ्चमहाव्रतपरिणतिमणुव्रतानि प्रपद्यन्ते॥७०॥**

'अणुव्रतानि प्रपद्यन्ते'। कां? 'पंचमहाव्रतपरिणतिं'। केषां? 'धारयतां'। कानि? 'दिग्व्रतानि'। कुतस्तत्परिणतिं प्रपद्यन्ते। 'अणुपापप्रतिविरतेः' सूक्ष्ममपि पापं प्रतिविरतेः व्यावृत्तेः। क्व? 'बहिः'। कस्मात्? 'अवधेः' कृतमर्यादायाः॥७०॥

---

એ પ્રમાણે દિગ્વિરતિ વ્રત ધારણ કરનારાઓને મર્યાદાની બહાર શું થાય છે તે કહે છે—

## મર્યાદા બહાર અણુવ્રતને મહાવ્રતનો ભાવ

### શ્લોક ૭૦

**અન્વયાર્થ** :—[अवधेः] કરેલી મર્યાદાની [बहिः] બહાર [अणुपापंप्रतिविरतेः] સૂક્ષ્મ પાપોના ત્યાગથી [दिग्व्रतानि] દિગ્વ્રતો [धारयताम्] ધારણ કરનારાઓનાં [अणुव्रतानि] અણુવ્રત, [पञ्चमहाव्रतपरिणतिम्] પાંચ મહાવ્રતોની પરિણતિને (સદૃશતાને) [प्रपद्यन्ते] પ્રાપ્ત થાય છે.

**ટીકા** :—'अणुव्रतानि प्रपद्यन्ते' અણુવ્રતો પ્રાપ્ત થાય છે. કોને? 'पञ्चमहाव्रतपरिणतिम्' પાંચ મહાવ્રતોની પરિણતિને. કોનાં (અણુવ્રત)? 'धारयताम्' ધારણ કરનારાઓનાં. શું? 'दिग्व्रतानि' દિગ્વ્રતો. શાથી તેમની (મહાવ્રતોની) પરિણતિને પ્રાપ્ત થાય છે? 'अणुपापंप्रतिविरतेः' સૂક્ષ્મ પાપોના (પણ) ત્યાગથી. ક્યાં? 'बहिः' બહાર. કોની (બહાર)? 'अवधेः' કરેલી મર્યાદાની (બહાર).

**ભાવાર્થ** :—કરેલી મર્યાદાની બહાર સૂક્ષ્મ હિંસાદિક પાપોના ત્યાગથી, દિગ્વ્રતધારીઓનાં અણુવ્રત પાંચ મહાવ્રતોના પરિણામને પ્રાપ્ત થાય છે અર્થાત્ ઉપચારથી તેઓ મહાવ્રત કહેવાય છે, પરંતુ અંતરંગમાં મહાવ્રતોના નિમિત્તરૂપ ઘાતક પ્રત્યાખ્યાનાવરણ કષાયની સત્તા રહેવાથી તેઓ પરમાર્થતઃ મહાવ્રત કહી શકાતાં નથી.

દિગ્વ્રતધારીને કરેલી મર્યાદાની બહાર તૃષ્ણા ઘટી જાય છે. બહારના ક્ષેત્ર સંબંધી કોઈ પ્રકારનો વિકલ્પ મનમાં ઉત્પન્ન થતો નથી અને ત્રસ-સ્થાવર જીવોની હિંસાના આસ્રવભાવનો અભાવ થાય છે. આ કારણથી તે મર્યાદા બહારના ક્ષેત્રમાં મહાવ્રતી સમાન આચરણ કરે છે. ૭૦.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

तथा तेषां तत्परिणतावपरमपि हेतुमाह :—

**प्रत्याख्यानतनुत्वान्मन्दतराश्चरणमोहपरिणामाः।**
**सत्त्वेन दुखधारा महाव्रताय प्रकल्प्यन्ते।।७१।।**

'चरणमोहपरिणामा' भावरूपाश्चारित्रमोहपरिणतयः। 'कल्प्यन्ते' उपचर्यन्ते। किमर्थं? महाव्रतनिमित्तं। कथंभूताः सन्तः? 'सत्वेन' 'दुःखधारा' अस्तित्वेन महता कष्टेनावधार्यमाणाः सन्तोऽपि तेऽस्तित्वेन लक्षयितुं न शक्यन्त इत्यर्थः। कुतस्ते दुखधाराः? 'मन्दतरा' अतिशयेनानुत्कटाः। मन्दतरत्वमप्येषां कुतः? 'प्रत्याख्यानतनुत्वात्'। प्रत्याख्यान-शब्देन हि प्रत्याख्यानावरणाः द्रव्यक्रोधमानमायालोभा गृह्यन्ते। नामैकदेशे हि प्रवृत्ताः शब्दा नाम्न्यपि वर्तन्ते भीमादिवत्। प्रत्याख्यानं हि सविकल्पेन हिंसादिविरतिलक्षणः संयमस्तदा-

---

તથા તેમને (અણુવ્રતોને) મહાવ્રતોના પરિણામને પણ પ્રાપ્ત થવામાં બીજું કારણ કહે છે—

## મર્યાદા બહાર અણુવ્રત ઉપચરિત મહાવ્રત છે

### શ્લોક ૭૧

**અન્વયાર્થ** :—[प्रत्याख्यानतनुत्वात्] પ્રત્યાખ્યાનાવરણ કષાયનો મંદ ઉદય હોવાથી [मंदतराः] અત્યંત મંદ અવસ્થાને પ્રાપ્ત થયેલ, [सत्त्वेनदुःखधाराः] અસ્તિત્વપણે (તેઓ છે એવા હયાતી રૂપે) મહામુશ્કેલીથી જાણવામાં આવે તેવા [चरणमोहपरिणामाः] ચારિત્રમોહનીયનાં પરિણામોને [महाव्रताय प्रकल्प्यन्ते] મહાવ્રત જેવા કલ્પવામાં આવે છે.

**ટીકા** :—'चरणमोहपरिणामाः' ભાવરૂપ ચારિત્રમોહના પરિણામો 'प्रकल्प्यन्ते' કલ્પવામાં આવે છે—ઉપચારથી કહેવામાં આવે છે. શા રૂપે? મહાવ્રત તરીકે. કેવાં તે પરિણામો? 'सत्त्वेन दुःखधाराः' 'તેઓનું અસ્તિત્વ છે'—એમ મહામુશ્કેલીએ નિર્ધાર કરી શકાય તેવા—અસ્તિપણે પણ તેઓ લક્ષમાં ન આવી શકે તેવા. શાથી તેઓ મહામુશ્કેલીએ નિર્ધાર કરી શકાય તેવા છે? 'मन्दतराः' અતિશય મંદ છે એવા હોતા થકા. તેઓ અતિમંદ પણ શાથી છે? 'प्रत्याख्यानतनुत्वात्' પ્રત્યાખ્યાન શબ્દથી પ્રત્યાખ્યાનાવરણ દ્રવ્ય ક્રોધ—માન—માયા—લોભ સમજવાં, કારણ કે નામના એકદેશને કહેનારા શબ્દો આખા નામને પણ બતાવે છે, ભીમાદિની માફક. (જેમ ભીમ કહેવાથી ભીમસેન સમજાય છે

वृण्वन्ति ये ते प्रत्याख्यानावरणा द्रव्यक्रोधादयः, यदुदये ह्यात्मा कार्त्स्न्यात्तद्विरतिं कर्तुं न शक्नोति, अतो द्रव्यरूपाणां क्रोधादीनां तनुत्वान्मन्दोदयत्वाद्भावरूपाणामेषां मन्दतरत्वं सिद्धं।

ननु कुतस्ते महाव्रताया कल्प्यन्ते न पुनः साक्षान्महाव्रतरूपा भवन्तीत्याह :—

**पञ्चानां पापानां हिंसादीनां मनोवचःकायैः।**
**कृतकारितानुमोदैस्त्यागस्तु महाव्रतं महताम् ॥७२॥**

---

તેમ) કેમ કે પ્રત્યાખ્યાન શબ્દનો અર્થ વિકલ્પપૂર્વક હિંસાદિ પાપોના ત્યાગરૂપ સંયમ થાય છે; તે સંયમને જે આવરણ કરે તેઓ અર્થાત્ જેમના ઉદયથી આ જીવ હિંસાદિ પાપોનો સંપૂર્ણપણે ત્યાગ કરવા માટે સમર્થ થઈ શકતો નથી તેઓ પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા, લોભ કહેવાય છે. તેથી દ્રવ્યરૂપ ક્રોધાદિના પાતળાપણાના નિમિત્તે—મંદ ઉદયના નિમિત્તે ભાવરૂપ ચારિત્રમોહના પરિણામોનું અત્યંત મંદપણું સિદ્ધ છે.

**ભાવાર્થ** :—'પ્રત્યાખ્યાનાવરણ' કષાયનું મંદ પરિણમન હોવાથી ચારિત્રમોહનીય કર્મના પરિણામ પણ મન્દતર થઈ જાય છે. તેઓ 'છે' વિદ્યમાન છે એવું પણ મહા મુશ્કેલીથી નક્કી કરી શકાય છે, કિન્તુ તે પરિણામો મહાવ્રતોને વિકૃત કરે છે, કારણ કે તેમને પ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય છે અને જ્યાં સુધી કષાય—વેદનીયની ત્રીજી ચોકડી (પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ—માન—માયા—લોભ)નો અભાવ ન કરે, ત્યાં સુધી મહાવ્રત પ્રગટે નહિ—એવો સિદ્ધાન્ત છે.

કરેલી મર્યાદાઓની બહારના ક્ષેત્રોમાં સ્થાવર જીવોની હિંસા, ચોરી આદિ સૂક્ષ્મ પાપોની પ્રવૃત્તિઓનો તથા પોતાના નિમિત્તે થવા સંભવિત વિરોધી, આરંભી અને ઉદ્યમી સ્થૂળ હિંસાનો પરિત્યાગ હોવાથી, ગુણવ્રતી શ્રાવકનાં અણુવ્રત ઉપચારથી મહાવ્રતપણાને પામે છે. ૭૧.

તેમાં (દિગ્વ્રતમાં મર્યાદાની બહાર શ્રાવકનાં અણુવ્રતોમાં) મહાવ્રતની કલ્પના કેમ કરવામાં આવે છે (અર્થાત્ ઉપચારથી તેઓ મહાવ્રત કેમ કહેવાય છે) અને તેઓ સાક્ષાત્ મહાવ્રતરૂપ કેમ નથી? તે કહે છે—

## મહાવ્રતનું લક્ષણ

### શ્લોક ૭૨

**અન્વયાર્થ** :—[हिंसादीनाम्] હિંસા આદિક [पञ्चानाम्] પાંચ [पापानाम्]

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**'त्यागस्तु' पुनर्महाव्रतं भवति। केषां त्यागः 'हिंसादीनां' 'पंचानां'। कथंभूतानां 'पापानां' पापोपार्जनहेतुभूतानां। कैस्तेषां त्यागः 'मनोवचःकायैः'। तैरपि कैः कृत्वा त्यागः ? 'कृतकारितानुमोदैः'। अयमर्थ :—हिंसादीनां मनसा कृतकारितानुमोदैस्त्यागः। तथा वचसा कायेन चेति। केषां तैस्त्यागो महाव्रतं ? 'महतां' प्रमत्तादिगुणस्थानवर्तिनां विशिष्टात्मनाम् ॥७२॥**

---

પાપોનો [मनोवचःकायैः ] મન, વચન અને કાયથી તથા [कृतकारितानुमोदैः ] કૃત, કારિત અને અનુમોદનાથી [त्यागः ] ત્યાગ કરવો તે [महताम् ] (છઠ્ઠા આદિ ગુણસ્થાનવર્તી) મહાપુરુષોનું [महाव्रतम् ] મહાવ્રત છે.

**ટીકા** :—'त्यागस्तु' ત્યાગ મહાવ્રત છે. કોનો ત્યાગ? 'हिंसादीनां पञ्चानाम्' હિંસાદિ પાંચનો. કેવા (પાંચનો)? 'पापानाम्' પાપના ઉપાર્જનમાં કારણભૂત (હિંસાદિ પાપોનો). તેમનો ત્યાગ કોની દ્વારા? 'मनोवचःकायैः' મન, વચન અને કાય દ્વારા. વળી તેથી પણ શી રીતે ત્યાગ? 'कृतकारितानुमोदैस्त्यागः' કૃત, કારિત અને અનુમોદનાથી ત્યાગ. અર્થ એ છે કે—હિંસાદિનો (પાંચ પાપોનો) મનથી કૃત, કારિત અને અનુમોદનાથી ત્યાગ; વચનથી કૃત, કારિત અને અનુમોદનાથી ત્યાગ અને કાયથી કૃત, કારિત અને અનુમોદનાથી ત્યાગ. તેમનાથી (કૃત, કારિત અને અનુમોદનાદિ નવ કોટિથી) ત્યાગરૂપ મહાવ્રત કોને હોય છે? 'महताम्' પ્રમત્તાદિ ગુણસ્થાનવર્તી વિશિષ્ટ મહાત્માઓને. (હિંસાદિ પાંચ પાપોનો કૃત, કારિત અને અનુમોદના આદિ નવ કોટિથી ત્યાગ કરવો—તે મહાવ્રત છે.)

**ભાવાર્થ** :—મન, વચન, કાય તથા કૃત, કારિત, અનુમોદનાના ભાવથી—એ નવ વિકલ્પોથી અર્થાત્ મનથી કૃત, કારિત, અનુમોદના ભાવથી; વચનથી કૃત, કારિત, અનુમોદનાભાવથી અને કાયથી કૃત, કારિત, અનુમોદનાભાવથી—એમ નવ કોટિથી હિંસાદિક પાપોનો પરિત્યાગ કરવો તે મહાવ્રત કહેવાય છે. તે મહાવ્રત પ્રમત્તસંયત નામના છઠ્ઠા ગુણસ્થાનથી જ હોય છે, કેમ કે તેમને કષાયની ત્રણ ચોકડીનો અભાવ હોય છે.

દિગ્વ્રતધારીઓને પણ મર્યાદા બહાર પાંચ પાપોનો નવ કોટિથી ત્યાગ હોય છે; પરંતુ તેમનો તે ત્યાગ સાક્ષાત્ મહાવ્રતરૂપ નથી, કારણ કે તેમના મહાવ્રતને વિકૃત કરે યા ઘાતે તેવો પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ—માન—માયા—લોભનો ઉદય નિમિત્ત હોય છે. તેથી દિગ્વ્રતધારીઓને કરેલી મર્યાદાની બહાર પાંચ પાપોનો ત્યાગ સાક્ષાત્ મહાવ્રતરૂપ હોતો નથી, પરંતુ તે ઉપચરિત મહાવ્રતરૂપ હોય છે. ૭૨.

(વધુ માટે જુઓ, શ્લોક ૭૧નો ભાવાર્થ.)

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

इदानीं दिग्विरतिव्रतस्यातिचारानाह—

**ऊर्ध्वाधस्तात्तिर्यग्व्यतिपाताः क्षेत्रवृद्धिरवधीनाम्।**
**विस्मरणं दिग्विरतेत्याशाः पञ्च मन्यन्ते।।७३।।**

'दिग्विरतेरत्याशा' अतीचाराः 'पंच मन्यन्तेऽ'भ्युपगम्यन्ते। तथा हि। अज्ञानात् प्रमादाद्वा ऊर्ध्वदिशोऽधस्ताद्दिशस्तिर्यग्दिशश्च व्यतीपाता [1]विशेषेणातिक्रमणानि त्रयः। तथाऽज्ञानात् प्रमादाद्वा 'क्षेत्रवृद्धिः' क्षेत्राधिक्यावधारणं। तथाऽ'वधीनां' दिग्विरतेः कृतमर्यादानां 'विस्मरणं' मिति।।७३।।

---

હવે દિગ્વિરતિ વ્રતના અતિચાર કહે છે—

## દિગ્વિરતિ વ્રતના અતિચાર

### શ્લોક ૭૩

**અન્વયાર્થ** :—અજાણતાથી અથવા પ્રમાદથી [ऊर्ध्वाधस्तात्तिर्यग्व्यतिपाताः] ઉપર, નીચે તથા તિર્યક્ દિશાઓની મર્યાદાનું ઉલ્લંઘન કરવું. [क्षेत्रवृद्धिः] ક્ષેત્રની મર્યાદા વધારી લેવી અને [अवधीनाम्] કરેલી મર્યાદાઓની [विस्मरणम्] ભૂલી જવી તે [पञ्च] પાંચ [दिग्विरतेः] દિગ્વ્રતના [अत्याशाः] અતિચારો [मन्यन्ते] માનવામાં આવ્યા છે.

**ટીકા** :—'दिग्विरतेरत्याशाः' દિગ્વ્રતના અતિચારો 'पञ्च मन्यन्ते' પાંચ માનવામાં આવ્યા છે તે આ પ્રમાણે છે—અજ્ઞાનથી (અજાણતાથી) વા પ્રમાદથી, 'ऊर्ध्वाधस्तात्तिर्यग्व्यतिपाताः' નીચેની દિશા, ઉપરની (ઊર્ધ્વ) દિશા તથા તિર્યક્ દિશાઓની મર્યાદાઓનું ઉલ્લંઘન કરવું, તેમનો વિશેષ પ્રકારે અતિક્રમ કરવો—એ ત્રણ (અતિચારો) તથા અજાણતાથી કે પ્રમાદથી 'क्षेत्रवृद्धिः' ક્ષેત્રની વૃદ્ધિ કરવી અને 'अवधीनां' દિગ્વ્રતની કરેલી મર્યાદાઓનું 'विस्मरणं' વિસ્મરણ થવું (—એ પાંચ દિગ્વ્રતના અતિચારો છે.)

**ભાવાર્થ** :—દિગ્વ્રતના પાંચ અતિચારો માનવામાં આવ્યા છે અને તે નીચે પ્રમાણે છે :—

---

१. विशेषातिक्रमणानि घ।

[१]इदानीमनर्थदण्डविरतिलक्षणं द्वितीयं गुणव्रतं व्याख्यातुमाह—

**अभ्यन्तरं दिगवधेरपार्थकेभ्यः सपापयोगेभ्यः।**
**विरमणमनर्थदण्डव्रतं विदुर्व्रतधराग्रण्यः ॥७४॥**

---

અજાણતાથી કે પ્રમાદથી—

૧. ઊર્ધ્વભાગ વ્યતિક્રમ—ઉપરની દિશામાં કરેલી મર્યાદાનું ઉલ્લંઘન કરવું–પર્વત અને વૃક્ષ આદિના શિખર ઉપર કરેલી મર્યાદાની બહાર ચઢવું.

૨. અધોભાગ વ્યતિક્રમ—નીચેની દિશામાં કરેલી મર્યાદાનું ઉલ્લંઘન કરવું–કૂવો, વાવ, સમુદ્ર આદિમાં કરેલી મર્યાદા કરતાં વધુ નીચે ઊતરવું.

૩. તિર્યગ્ભાગ વ્યતિક્રમ—તિર્યગ્ દિશાઓમાં કરેલી મર્યાદાનું ઉલ્લંઘન કરવું.

૪. અવધિ–વિસ્મરણ—કરેલી મર્યાદાઓને ભૂલી જવી.

૫. ક્ષેત્રવૃદ્ધિ—ક્ષેત્રની મર્યાદાને વધારી દેવી.

કરેલી મર્યાદાનું ઉલ્લંઘન જો અજાણતાં યા અસાવધાનીથી કરવામાં આવે તો તેથી અનાચારનો દોષ થતો નથી, પરંતુ અતિચારનો દોષ લાગે છે. જો ઇરાદાપૂર્વક જાણી જોઈને યા લોભવશાત્ મર્યાદાનું ઉલ્લંઘન કરવામાં આવે તો તેથી વ્રતભંગ થાય છે. આ વાત ટીકાકારે ‘अज्ञानात् प्रमादात् वा’ શબ્દો દ્વારા સ્પષ્ટ કરી છે. ૭૩.

હવે અનર્થદંડની વિરતિસ્વરૂપ બીજા ગુણવ્રતનું વ્યાખ્યાન કરતાં કહે છે—

## અનર્થદંડવ્રતનું સ્વરૂપ

### શ્લોક ૭૪

**અન્વયાર્થ** :—[व्रतधराग्रण्य] વ્રતધારીઓમાં પ્રધાન તીર્થંકરદેવ, [दिगवधेः] દિશાઓની (કરેલી) મર્યાદાની [अभ्यन्तरम्] અંદર [अपार्थकेभ्यः] પ્રયોજનરહિત [सपापयोगेभ्यः] પાપસહિત મન, વચન, કાયની પ્રવૃત્તિઓથી [विरमणम्] અટકવું (વિરક્ત થવું) તેને [अनर्थदण्डव्रतम्] અનર્થદંડવ્રત [विदुः] કહે છે.

---

૧. इदानीं द्वितीयमनर्थदण्डव्रतं इति ख।

'अनर्थदण्डव्रतं विदु'र्जानन्ति। के ते? 'व्रतधराग्रण्यः' व्रतधारणां यतीनां मध्येऽग्रण्यः प्रधानभूतास्तीर्थंकरदेवादयः। 'विरमणं व्यावृत्तिः। केभ्यः? 'सपापयोगेभ्यः' पापेन सह योगः सम्बन्धः पापयोगस्तेन सह वर्तमानेभ्यः पापोपदेशाद्यनर्थ-दण्डेभ्यः। किंविशिष्टेभ्यः? 'अपार्थकेभ्यः' निष्प्रयोजनेभ्यः। कथं तेभ्यो विरमणं। 'अभ्यन्तरं दिगवधेः' दिगवधेरभ्यन्तरं यथा भवत्येवं तेभ्यो विरमणं। अतएव दिग्विरतिव्रतादस्य भेदः। तद्व्रते हि मर्यादातो बहिः पापोपदेशादिविरमणं अनर्थदण्डविरतिव्रते तु ततोऽभ्यन्तरे तद्विरमणं॥७४॥

अथ के ते अनर्थदण्डा यतो विरमणं स्यादित्याह—

---

**ટીકા** :—'अनर्थदण्डव्रतं विदुः' અનર્થદંડવ્રત જાણે છે—કહે છે. કોણ તે (કહે છે) 'व्रतधरागण्यः' વ્રતધારી મુનિઓમાં પ્રધાનભૂત તીર્થંકરદેવ આદિ, (કોને કહે છે?) 'विरमणम्' વ્યાવૃત્તિને (વિરક્તિને), કોનાથી (વ્યાવૃત્તિ,) 'सपापयोगेभ्यः' પાપસહિત યોગ એટલે સંબંધ—તે પાપયોગ (યોગ) સહિત વર્તતા પાપોપદેશાદિ અનર્થદંડથી (વ્યાવૃત્તિ). કેવા અનર્થદંડોથી? अपाथकेभ्यः' નિષ્પ્રયોજન (અનર્થદંડથી). તેમનાથી કેવી રીતે વ્યાવૃત્તિ? 'अभ्यंतरंदिगवधेः' દિશાઓની મર્યાદાની અંદર થાય તેમનાથી વ્યાવૃત્તિ. તેથી દિગ્વિરતિવ્રતથી આનો ભેદ છે—આનું જુદાપણું છે. કારણ કે દિગ્વ્રતમાં મર્યાદાની બહાર પાપોપદેશાદિથી વિરતિ (વ્યાવૃત્તિ) હોય છે અને અનર્થદંડવિરતિ વ્રતમાં તો મર્યાદાની અંદર તેનાથી (અર્થાત્ પાપોપદેશાદિથી) વ્યાવૃત્તિ હોય છે.

**ભાવાર્થ** :—દિગ્વ્રતમાં કરેલી મર્યાદાની અંદર નિષ્પ્રયોજન (બેમતલબ) પાપોપદેશાદિરૂપ પાપપૂર્ણ મન—વચન—કાયની પ્રવૃત્તિથી વિરમવું—વિરક્ત થવું, તેને તીર્થંકરદેવાદિ અનર્થદંડવ્રત કહે છે.

દિગ્વ્રતમાં અને અનર્થદંડવ્રતમાં ફેર (તફાવત) એ છે કે—

દિગ્વ્રતમાં કરેલી મર્યાદાની બહાર પાપોપદેશાદિ સંબંધી મન—વચન—કાયની પ્રવૃત્તિથી વ્યાવૃત્તિ (વિરક્તિ) હોય છે, જ્યારે અનર્થદંડવ્રતમાં દિગ્વ્રતથી કરેલી મર્યાદાની અંદર પ્રયોજનરહિત પાપોપદેશાદિની પ્રવૃત્તિથી વ્યાવૃત્તિ હોય છે. ૭૪.

હવે તે અનર્થદંડ કયા છે કે જેનાથી વ્યાવૃત્તિ હોવી જોઈએ? તે કહે છે—

[1]पापोपदेशहिंसादानापध्यानदुःश्रुतीः पञ्च।
प्राहुः प्रमादचर्य्यामनर्थदण्डानदण्डधराः ॥७५॥

दंडा इव दण्डा अशुभमनोवाक्कायाः परपीडाकरत्वात्, तान्न धरन्तीत्यदण्डधरा गणधरदेवादयस्ते प्राहुः। कान् ? 'अनर्थदण्डान्'। कति ? 'पंच'। कथमित्याह 'पापेत्यादि'। पापोपदेशश्च हिंसादानं च अपध्यानं च दुःश्रुतिश्च एताश्चतस्रः 'प्रमादचर्या' चेति पंचामी ॥७५॥

तत्र पापोपदेशस्य तावत् स्वरूपं प्ररूपयन्नाह—

---

## અનર્થદંડના ભેદ
### શ્લોક ૭૫

**અન્વયાર્થ** :—[अदण्डधराः] મન, વચન અને કાયના યોગથી અશુભ પ્રવૃત્તિરૂપ દંડથી રહિત ગણધરાદિક [पापोपदेशहिंसादानापध्यानदुःश्रुतीः] પાપોપદેશ, હિંસાદાન, અપધ્યાન, દુઃશ્રુતિ અને [प्रमादचर्यां] પ્રમાદચર્યા—એ [पञ्च] પાંચને [अनर्थदण्डान्] અનર્થદંડ [प्राहुः] કહે છે.

**ટીકા** :—'अदण्डधराः' મન, વચન, કાયની અશુભ પ્રવૃત્તિ બીજાને પીડાકારક હોવાથી તે દંડ સમાન છે. તે દંડને જે ધારણ કરતા નથી (અર્થાત્ તે અશુભ પ્રવૃત્તિરૂપ દંડથી જે રહિત છે) એવા જે ગણધરદેવાદિ 'प्राहुः' કહે છે. કોને કહે છે? 'अनर्थदण्डान्' અનર્થદંડને. તે કેટલા છે? 'पञ्च' પાંચ. કઈ રીતે? તે કહે છે 'पापेत्यादि' પાપોપદેશ, હિંસાદાન, અપધ્યાન અને દુઃશ્રુતિ—એ ચાર (અનર્થદંડ) અને પાંચમો 'प्रमादचर्या' પ્રમાદચર્યા (અનર્થદંડ).

**ભાવાર્થ** :—પ્રયોજન વિના મન-વચન-કાયરૂપ યોગની પરને પીડાકારક અશુભ પ્રવૃત્તિને અનર્થદંડ કહે છે. તેના પાંચ ભેદ કહ્યા છે—

૧. પાપોપદેશ, ૨. હિંસાદાન, ૩. અપધ્યાન, ૪. દુઃશ્રુતિ અને ૫. પ્રમાદચર્યા.

દરેકનું સ્વરૂપ ગ્રન્થકાર સ્વયં આગળ બતાવશે. ૭૫.

તેમાં (પાંચ અનર્થદંડોમાં) પ્રથમ પાપોપદેશનાં સ્વરૂપનું પ્રરૂપણ કરીને કહે છે—

---

१. अनर्थदण्डः पंचधाऽपध्यानपापोपदेशप्रमादाचरितहिंसाप्रदानाशुभश्रुतिभेदात् ॥

[1]तिर्य्यक्क्लेशवणिज्याहिंसारम्भप्रलम्भनादीनाम् ।
[2]कथाप्रसङ्ग प्रसवः स्मर्त्तव्यः पाप उपदेशः ॥७६॥

'स्मर्तव्यो' ज्ञातव्यः। कः ? 'पापोपदेशः' पापः पापोपार्जनहेतुरुपदेशः। कथंभूतः ? 'कथाप्रसंगः' कथानां तिर्यक्क्लेशादिवार्तानां प्रसंगः पुनः पुनः प्रवृत्तिः। किंविशिष्टः ? 'प्रसवः' प्रसूत इति प्रभवः उत्पादकः। केषामित्याह—'तिर्यगित्यादि', तिर्यक्क्लेशश्च हस्तिदमनादिः, वाणिज्या च वाणिजां कर्म क्रयविक्रयादि, हिंसा च प्राणिवधः, 'आरंभश्च' कृष्यादिः, 'प्रलम्भनं' च वचनं तानि आदिर्येषां मनुष्यक्लेशादीनां तानि तथोक्तानि तेषाम् ॥७६॥

---

## પાપોપદેશ અનર્થદંડનું સ્વરૂપ
### શ્લોક ૭૬

**અન્વયાર્થ** :—[तिर्य्यक्क्लेशवणिज्याहिंसारम्भप्रलम्भनादीनाम् ] તિર્યંચોને ક્લેશ ઉપજાવનારી, વાણિજ્યની (ખરીદવા–વેચવાના વ્યાપારની), હિંસાની, આરંભની તથા ઠગાઈ આદિની [कथाप्रसंग प्रसवः ] (પાપ ઉપજે એવી) કથાઓનો પ્રસંગ ઉત્પન્ન કરવો તેને [पापः उपदेशः ] પાપોપદેશ અનર્થદંડ [स्मर्तव्यः ] જાણવો.

**ટીકા** :—'स्मर्तव्यः' જાણવો જોઈએ. શું? 'पापः उपदेशः' પાપનો ઉપદેશ-પાપ એટલે પાપ ઉપાર્જન કરવામાં કારણભૂત એવો ઉપદેશ. કેવો (ઉપદેશ)? 'कथाप्रसंगः' તિર્યંચ, ક્લેશાદિની વાર્તાઓના પ્રસંગરૂપ (ઉપદેશ) અર્થાત્ તેમની (વાર્તાઓની) વારંવાર પ્રવૃત્તિરૂપ (ઉપદેશ); કેવા પ્રકારનો? 'प्रसवः' ઉત્પન્ન કરે તે પ્રસવ–ઉત્પાદક. કોનો (ઉત્પાદક) તે કહે છે—'तिर्यगित्यादि' तिर्यक्क्लेशः હાથીને દમનાદિ, 'वणिज्या' વાણિજ્યને ખરીદવા–વેચવાની ક્રિયા, 'हिंसा' પ્રાણીનો વધ, 'आरम्भः' ખેતી આદિ, 'प्रलम्भनम्' ઠગવું, વગેરે મનુષ્યને ક્લેશાદિરૂપ ઉક્ત કાર્યોને (ઉત્પન્ન કરે તેવી કથાઓના

---

१. क्लेशतिर्यग्वणिज्यावधकारंभकादिषु पापसंयुतं वचनं पापोपदेशः। तद्यथाअस्मिन् देशे दासा दास्यः सुलभास्तानमुं देशं नीत्वा विक्रये कृते महानर्थलाभो भवतीति क्लेशवणिज्या। गोमहिष्यादीनमुत्र गृहीत्वाऽन्यत्र देशे व्यवहारे कृते भूरिवित्तलाभ इति तिर्यग्वणिज्या। वागुरिकसौकरिकशाकुनिकादिभ्यो मृगवराहशकुन्तप्रभृतयोऽमुष्मिन् देशे सन्तीति वचनं बधकोपदेशः। आरंभकेभ्यः कृषीवलादिभ्यः क्षित्युदकज्वलनपवनवनस्पत्यारंभोऽनेनोपायेना कर्तव्य इत्याख्यानमारंभकोपदेशः इत्येवं प्रकारं पापसंयुक्तं वचनं पापोपदेशः। २. प्रसवः कथाप्रसङ्ग घ।

अथ हिंसादानं किमित्याह—

**परशुकृपाणखनित्रज्वलानायुधशृङ्गिशृंखलादीनाम्।**
**वधहेतूनां दानं [1]हिंसादानं ब्रुवन्ति बुधाः।।७७।।**

'हिंसादानं ब्रुवन्ति'। के ते? 'बुधा' गणधरदेवादयः। किं तत्? 'दानं'। यत्केषां? 'वधहेतूनां' हिंसाकारणानां। केषां तत्कारणानामित्याह—'परश्वित्यादि'। परशुश्च कृपाणश्च खनित्रं च ज्वलनश्चाऽऽयुधानि च क्षुरिकालकुटादीनि श्रृंगि च विषसामान्यं श्रृंखला च ता आदयो येषां ते तथोक्तास्तेषाम्।।७७।।

---

પ્રસંગને પાપોપદેશ અનર્થદંડ કહે છે.)

**ભાવાર્થ** :—તિર્યંચોને ક્લેશ ઉત્પન્ન કરે તેવો ઉપદેશ, વ્યાપાર સંબંધી ઉપદેશ, હિંસા તથા આરંભનો ઉપદેશ, છેતરપિંડીનો ઉપદેશ વગેરે નિષ્પ્રયોજન પાપના ઉપદેશને અર્થાત્ તેવાં પાપ ઉત્પન્ન કરે તેવી વાર્તાઓના પ્રસંગને વારંવાર ઉપસ્થિત કરવા; તેને પાપોપદેશ અનર્થદંડ કહે છે.[2] ૭૬.

હવે હિંસાદાન શું છે તે કહે છે—

## હિંસાદાન અનર્થદંડનું સ્વરૂપ

### શ્લોક ૭૭

**અન્વયાર્થ** :—[बुधाः] ગણધરાદિક બુધ જનો, [वधहेतुनाम्] હિંસાનાં કારણ એવા, [परशुकृपाणखनित्रज्वलनायुधश्रृङ्गिश्रृंखलादीनाम्] ફરસી, તલવાર, કોદાળી—પાવડા, અગ્નિ, અસ્ત્ર—શસ્ત્ર (લડાઈનાં હથિયાર), વિષ, બેડી (સાંકળ) આદિનું [दानम्] દેવું; તેને [हिंसादानं] હિંસાદાન અનર્થદંડ [ब्रुवन्ति] કહે છે.

**ટીકા** :—'हिंसादानं ब्रुवन्ति' હિંસાદાન કહે છે. કોણ તે? 'बुधाः' ગણધરાદેવાદિ; તે શું છે? 'दानं' દાન. કોના કારણરૂપ? 'वधहेतूनाम्' હિંસાનાં કારણોરૂપ. હિંસાના કારણોરૂપ શું—શું છે, તે કહે છે—'परश्वित्यादि' ફરસી, કૃપાણ (તલવાર), કોદાળી—પાવડા, અગ્નિ, આયુધ (લડાઈનાં હથિયારો), છરી, કટારાદિ, કાલકૂટાદિ વિષ,

---

१. विषशस्त्राग्निरज्जुकशादण्डादिहिंसोपकरणप्रदानीनाम्तिभेदात् हिंसाप्रदानमित्युच्यते।

२. क्लेशतिर्यग्वाणिज्यावधकारंभकादिषु पापसंयुतं वचनं पापोपदेशः।

इदानीमपध्यानस्वरूपं व्याख्यातुमाह—

**वधबन्धच्छेदादेर्द्वेषाद्रागाच्च परकलत्रादेः।**
**आध्यानमपध्यानं[1] शासति जिनशासने विशदाः॥७८॥**

'अपध्यानं शासति' प्रतिपादयन्ति। के ते ? 'विशदा' विचक्षणाः। क्व ? 'जिनशासने'। किं तत् ? 'आध्यानं' चिन्तनं। कस्य ? 'वधबंधच्छेदादेः'। कस्मात् ? 'द्वेषात्'। न केवलं द्वेषादपि 'रागाद्वा' ध्यानं। कस्य ? 'परकलत्रादेः'॥७८॥

---

સાંકળ (બેડી) આદિનું દાન દેવું તેને હિંસાદાન કહે છે.

**ભાવાર્થ** :—મનુષ્ય તથા તિર્યંચોની હિંસાના કારણભૂત ફરસી, તલવાર, કોદાળી–પાવડા, અગ્નિ (બંદૂક, તોપ, બોમ્બ વગેરે), આયુધ (અસ્ત્ર–શસ્ત્ર), વિષ, બેડી (સાંકળ) આદિ હિંસાનાં સાધનો બીજાને આપવાં; તેને બુદ્ધિમાન આચાર્ય હિંસાદાન અનર્થદંડ કહે છે.[2] ૭૭.

હવે અપધ્યાનના સ્વરૂપનું વ્યાખ્યાન કરવાને કહે છે—

## અપધ્યાન અનર્થદંડનું સ્વરૂપ

### શ્લોક ૭૮

**અન્વયાર્થ** :—[जिनशासने विशदाः] જિનશાસનમાં–જૈનધર્મમાં વિચક્ષણ પુરુષો [द्वेषात्] દ્વેષના કારણે [वधबन्धच्छेदादेः] વધ, બંધ અને છેદાદિનું [च] અને [रागात्] રાગના કારણે [परकलत्रादेः] પારકી સ્ત્રી આદિનું [आध्यानम्] વારંવાર ચિન્તવન કરવું તેને, [अपध्यानम्] અપધ્યાન નામનો અનર્થદંડ [शासति] કહે છે.

**ટીકા** :—'द्वेषात्' દ્વેષના કારણે 'वधबन्धच्छेदादेः' વધ, બંધ અને છેદાદિનાં 'आध्यानं' ચિન્તનને તેમ જ 'रागाद्वा' રાગના કારણે 'परकलत्रादेः' પરસ્ત્રી આદિના ધ્યાનને 'जिनशासने विशदाः' જિનશાસનમાં વિચક્ષણ પુરુષો 'अपध्यानं शासति' અપધ્યાન નામનો અનર્થદંડ કહે છે.

---

१. परेषां जयपराजयवधाऽङ्गच्छेदस्वहरणादि कथं स्यादिति मनसा चिन्तनमपध्यानं।

२. विषशस्त्राग्निरज्जुकशादण्डादिहिंसोपकरणप्रदानं हिंसाप्रदानमित्युच्यते ।

साम्प्रतं दुःश्रुतिस्वरूपं प्ररूपयन्नाह—

**आरम्भसङ्गसाहसमिथ्यात्वद्वेषरागमदमदनैः।**
**चेतःकलुषयतां श्रुतिरवधीनां [1]दुःश्रुतिर्भवति॥७६॥**

'दुःश्रुतिर्भवति'। कासौ ? 'श्रुतिः' श्रवणं। केषां ? 'अवधीनां' शास्त्राणां। किं कुर्वतां ? 'कलुषयतां मलिनयतां' किं तत् ? चेतः' क्रोधमानमायालोभाद्याविष्टं चित्तं कुर्वतामित्यर्थः। कैः कृत्वेत्याह—'आरंभेत्यादि' आरंभश्च कृष्यादिः संगश्च परिग्रहः तयोः प्रतिपादनं वार्तानीतौ विधीयते। 'कृषिः पशुपाल्यं[2] वाणिज्यं च वार्ता' इत्यमिधानात्, साहसं

---

**ભાવાર્થ** :—રાગથી અન્યની સ્ત્રી તથા દ્વેષથી પરપુત્રાદિકનો વધ, બંધ અને છેદાદિ થાય—એવું ચિંતવન કરવું તેને જિનશાસનમાં કુશળ વિદ્વાનો અપધ્યાન અનર્થદંડ કહે છે.[3] ૭૮.

હવે દુઃશ્રુતિનું સ્વરૂપ પ્રરૂપણ કરી કહે છે—

## દુઃશ્રુતિ અનર્થદંડનું સ્વરૂપ
### શ્લોક ૭૯

**અન્વયાર્થ** :—[आरंभसङ्गसाहसमिथ्यात्वद्वेषरागमदमदनैः] આરંભ, સંગ (પરિગ્રહ), સાહસ, મિથ્યાત્વ, દ્વેષ, રાગ, મદ અને વિષયભોગો દ્વારા [चेतः] ચિત્તને [कलुषयताम्] કલુષિત કરનાર, [अवधीनाम्] શાસ્ત્રોનું [श्रुतिः] શ્રવણ કરવું; તે [दुःश्रुति] દુઃશ્રુતિ નામનો અનર્થદંડ [भवति] છે.

**ટીકા** :—'दुःश्रुतिर्भवति' દુઃશ્રુતિ છે. તે શું છે? 'श्रुतिः' શ્રવણ. કોનું (શ્રવણ)? 'अवधीनाम्' શાસ્ત્રોનું. શું કરતાં (શાસ્ત્રોનું)? 'कलुषयताम्' કલુષિત-મલિન કરતાં. કોને (મલિન કરતાં)? 'चेतः' ચિત્તને. ચિત્તને ક્રોધ, માન, માયા અને લોભથી આવિષ્ટ કરતાં એવો અર્થ છે. શા વડે કરીને? તે કહે છે—'आरंभेत्यादि' આરંભ એટલે કૃષિ આદિ અને સંગ એટલે પરિગ્રહ બંને સંબંધી ધંધાનું પ્રતિપાદન નીતિશાસ્ત્રમાં કરવામાં આવ્યું છે. ''कृषिः पशुपाल्यं वाणिज्यं च वार्ता' કૃષિ, પશુપાલન, વાણિજ્ય સંબંધીનું પ્રતિપાદન તે

---

१. हिंसारागादिप्रवर्धितदुष्टकथाश्रवणशिक्षणव्यावृत्तिरशुभश्रुतिरित्याख्यायते। २. कृषिः पशुपाल्यवाणिज्या च घ। ३. परेषां जयपराजयवधाऽङ्गच्छेदस्वहरणादि कथं स्यादिति मनसा चिन्तनमपध्यानं।

**चात्यद्भुतं कर्म वीरकथायां प्रतिपाद्यते, मिथ्यात्वं चाद्वैतक्षणिकमित्यादि, प्रमाणविरुद्धार्थ-प्रतिपादकशास्त्रेण क्रियते, द्वेषश्च विद्वेषीकरणादिशास्त्रेणाभिधीयते रागश्च वशीकरणादि-शास्त्रेण विधीयते, मदश्च 'वर्णानां ब्राह्मणो गुरु'रित्यादिग्रन्थाज्ज्ञायते, मदनश्च [1]रतिगुण-विलासपताकादिशास्त्रादुत्कटो भवति तैः एतैः कृत्वा चेतः कलुषयतां शास्त्राणां श्रुतिर्दुःश्रुतिर्भवति।।७६।।**

**अधुना प्रमादचर्यास्वरूपं निरूपयन्नाह—**

---

વાર્તા છે એવા વચનથી સાહસ એટલે અતિ અદ્‌ભુત કર્મ—તેનું પ્રતિપાદન વીરકથામાં કરવામાં આવ્યું છે; મિથ્યાત્વનું પ્રતિપાદન—અદ્વૈત અને ક્ષણિક ઇત્યાદિ (અનેકાન્તવાદ)—તેનું વર્ણન પ્રમાણવિરુદ્ધ અર્થપ્રતિપાદક શાસ્ત્રથી કરવામાં આવ્યું છે. દ્વેષનું કથન વિદ્વેષ આદિ ઉત્પન્ન કરે તેવા શાસ્ત્રથી કરવામાં આવ્યું છે, રાગનું કથન વશીકરણાદિ શાસ્ત્રથી કરવામાં આવ્યું છે, 'ચતુર્વર્ણોમાં બ્રાહ્મણ ગુરુ છે'—ઇત્યાદિ ગ્રન્થથી મદનું (અહંકારનું હોવું જાણવામાં આવે છે.) અને રતિગુણવિલાસ પતાકાદિ શાસ્ત્રથી મદન ઉત્કૃષ્ટ (તીવ્ર—ઉગ્ર) બને છે. એ વડે (આરંભ, પરિગ્રહાદિ વડે) કરીને ચિત્તને કલુષિત કરનાર શાસ્ત્રોનું શ્રવણ તે દુઃશ્રુતિ અનર્થદંડવ્રત છે.

**ભાવાર્થ :**—જે આરંભ, પરિગ્રહ, સાહસ, મિથ્યાત્વ, દ્વેષ, રાગ, મદ અને મદન (કામ)નું કથન કરી ચિત્તને કલુષિત (મલિન) કરે તેવાં શાસ્ત્રોનું શ્રવણ કરવું; તેને દુઃશ્રુતિ અનર્થદંડ કહે છે.

કૃષિશાસ્ત્રાદિ આરંભનું, રાજવિદ્યા, વણિગ્વિદ્યાના ગ્રંથાદિ પરિગ્રહનું, વીરકથા—અભિમન્યુ નાટકાદિ સાહસનું, પ્રમાણવિરુદ્ધ અદ્વૈત શાસ્ત્રાદિ મિથ્યાત્વનું, કૌટિલ્યપુરાણાદિ રાગનું, વશીકરણશાસ્ત્રાદિ દ્વેષનું, 'વર્ણોમાં બ્રાહ્મણ ગુરુ છે' ઇત્યાદિ પ્રતિપાદક શાસ્ત્રાદિ મદનું અને રતિરહસ્ય, ભામિનીવિલાસ ગ્રંથાદિ મહાન (વિષયભોગ)નું પ્રતિપાદન કરી ચિત્તને કલુષિત કરે છે. માટે તેવાં શાસ્ત્રોનું (વિકથા) નાટક, ઉપન્યાસ, કહાની આદિનું પઠન, પાઠન, શ્રવણ અને મનન તે દુઃશ્રુતિ અનર્થદંડ છે. ૭૯.

હવે પ્રમાદચર્યા અનર્થદંડના સ્વરૂપનું નિરૂપણ કરી કહે છે—

---

१. रतिविलासगुणपताकादि घ।

**क्षितिसलिलदहनपवनारम्भं विफलं वनस्पतिच्छेदं।**
**सरणं सारणमपि च [1]प्रमादचर्यां प्रभाषन्ते॥८०॥**

'प्रभाषन्ते' प्रतिपादयन्ति। कां ? 'प्रमादचर्यां। किं तदित्याह—'क्षितीत्यादि'। क्षितिश्च सलिलं च दहनश्च पवनश्च तेषामारम्भं क्षितिखननसलिलप्रक्षेपणदहनप्रज्वलन-पवनकरणलक्षणं। किंविशिष्टं ? 'विफलं' निष्प्रयोजनं। तथा 'वनस्पतिच्छेदं' विफलं। न केवलमेतदेव किन्तु 'सरणं सारणमपि च' सरणं स्वयं निष्प्रयोजनं पर्यटनं सारणमन्यस्य निष्प्रयोजनं गमनप्रेरणं॥८०॥

---

## પ્રમાદચર્યા અનર્થદંડનું સ્વરૂપ

### શ્લોક ૮૦

**અન્વયાર્થ** :—[विफलम्] કોઈ મતલબ (પ્રયોજન) વિના [क्षितिसलिलदहनपवनारम्भम्] ક્ષિતિ–આરંભ (જમીન ખોદવી), સલિલ–આરંભ (પાણી વહેવડાવવું–ઢોળવું) દહન–આરંભ (અગ્નિ સળગાવવો), પવન–આરંભ (પવન નાખવો), [वनस्पतिच्छेदम्] વનસ્પતિનો છેદ કરવો, [सरणम्] સ્વયં ઘૂમવું, [सारणम्] બીજાઓને ઘૂમાવવું–તેને [प्रमादचर्याम्] પ્રમાદચર્યા (અનર્થદંડ) [प्रभाषन्ते] કહે છે.

**ટીકા** :—'प्रभाषन्ते' પ્રતિપાદન કરે છે–કહે છે. શું (કહે છે)? 'प्रमादचर्याम्' પ્રમાદચર્યા. તે શું છે? તે કહે છે—'क्षितीत्यादि' જમીન, પાણી, અગ્નિ અને પવન તેમનો આરંભ અર્થાત્ જમીન ખોદવી, પાણીનું પ્રક્ષેપણ કરવું (ઢોળવું), અગ્નિ સળગાવવો અને પવન (ઉત્પન્ન) કરવારૂપ આરંભ. કેવો (આરંભ)? 'विफलं' નિષ્પ્રયોજન તથા 'वनस्पतिच्छेदं' નિષ્પ્રયોજન–વિફળ વનસ્પતિને છેદવી. કેવલ એ જ નહિ, પરંતુ 'सरणं सारणमपि च' સ્વયં નિષ્પ્રયોજન ભટકવું અને બીજાને નિષ્પ્રયોજન ભટકવા પ્રેરણા કરવી (–એ બધી નિષ્પ્રયોજન આરંભજનક ક્રિયાને પ્રમાદચર્યા અનર્થદંડ કહે છે.)

**ભાવાર્થ** :—ક્ષિતિ આરંભ (જમીન ખોદવી), સલિલ આરંભ (પાણી ઢોળવું), દહનારંભ (અગ્નિ સળગાવવો), પવનારંભ (પવન ચલાવવો) તથા વનસ્પતિ તોડવી, નિષ્પ્રયોજન અહીં તહીં ભટકવું અને અન્યને વિના કારણ ભટકવા માટે પ્રેરણા કરવી વગેરે નિષ્પ્રયોજન આરંભજનક ક્રિયાને પ્રમાદચર્યા અનર્થદંડ કહે છે. ૮૦.

---

१. प्रयोजनमन्तरेणापि वृक्षादिच्छेदन–भूमिकुट्टन–सलिलसेचन–वधकर्म प्रमादचरितमिति कथ्यते।

एवमनर्थदण्डविरतिव्रतं प्रतिपाद्येदानीं तस्यातीचारानाह—

**कन्दर्पं कौत्कुच्यं मौखर्यमतिप्रसाघनं पञ्च।**
**असमीक्ष्य चाधिकरणं व्यतीतयोऽनर्थदण्डकृद्विरतेः ॥८१॥**

'व्यतीतयो'ऽतीचारा भवन्ति। कस्य ? 'अनर्थदण्डकृद्विरतेः' अनर्थ निष्प्रयोजनं दण्डं दोषं कुर्वन्तीत्यनर्थदंडकृतः पापोपदेशादयस्तेषां विरतिर्यस्य तस्य। कति ? 'पंच'। कथमित्याह—'कन्दर्पेत्यादि', रागोद्रेकात्प्रहासमिश्रो भण्डिमाप्रधानो वचनप्रयोगः कंदर्पः, प्रहासो भंडिमावचनं भंडिमोपेतकायव्यापारप्रयुक्तं कौत्कुच्यं, धाष्टर्यप्रायं बहुप्रलापित्वं मौखर्यं, यावतार्थेनोपभोगपरिभोगौ भवतस्ततोऽधिकस्य करणमतिप्रसाधनम्, एतानि चत्वारि,

---

એ પ્રમાણે અનર્થદંડવિરતિ વ્રતનું પ્રતિપાદન કરીને હવે તેના અતિચારો કહે છે—

## અનર્થદંડવ્રતના અતિચાર

### શ્લોક ૮૧

**અન્વયાર્થ** :—[कन्दर्पम्] મશ્કરી સાથે અશિષ્ટ વચન કહેવું, [कौत्कुच्यम्] શરીરની કુચેષ્ટા સાથે અશિષ્ટ વચન કહેવું, [मौखर्यम्] વૃથા બહુ બકવાદ કરવો, [अतिप्रसाधनम्] ભોગોપભોગની સામગ્રી આવશ્યકતા કરતાં વધુ એકઠી કરવી, [च] અને [असमीक्ष्य अधिकरणम्] વિના વિચારે કામ કરવું—એ [पञ्च] પાંચ [अनर्थदण्डकृद्विरतेः] અનર્થદંડવિરતિ વ્રતના [व्यतीतयः] અતિચારો છે.

**ટીકા** :—'व्यतीतयः' અતિચારો છે. કોના? 'अनर्थदंडकृद्विरतेः' અનર્થદંડવિરતિ વ્રતના. अनर्थ નિષ્પ્રયોજન, दण्डं દોષ કરે તે, અનર્થદંડકૃત્ પાપોપદેશાદિ—તેમનાથી જેને વિરતિ છે, તેના (અનર્થદંડકૃત વિરતિ વ્રતના). કેટલા (અતિચારો)? પાંચ. 'કેવા' તે કહે છે—'कन्दर्पेत्यादि' कंदर्प અર્થાત્ રાગની પ્રબળતાથી હાસ્યમિશ્રિત અશિષ્ટપ્રધાન વચનપ્રયોગ તે કંદર્પ, 'कौत्कुच्यम्' હાસ્ય અને અશિષ્ટ વચનસહિત કાયની કુત્સિત ચેષ્ટા કરવી તે કૌત્કુચ્ય, 'मौखर्यम्' ધૃષ્ટતાપૂર્વક બહુ બકવાદ કરવો તે મૌખર્ય, 'अतिप्रसाधनम्' જેટલા પ્રયોજનથી ભોગ અને ઉપભોગની (સામગ્રી) બને તેનાથી અધિક સામગ્રી એકત્ર કરવી (અર્થાત્ આવશ્યકતા કરતાં અધિક ભોગોપભોગની સામગ્રી એકત્ર કરવી તે અતિ

असमीक्ष्याधिकरणं पंचमं असमीक्ष्य प्रयोजनमपर्यालोच्य आधिक्येन कार्यस्य करणमसमीक्ष्याधिकरणं ।।८१।।

साम्प्रतं भोगोपभोगपरिमाणलक्षणं गुणव्रतमाख्यातुमाह—

**अक्षार्थानां परिसंख्यानं भोगोपभोगपरिमाणम् ।**
**अर्थवतामप्यवधौ रागरतीनां तनूकृतये ।।८२।।**

'भोगोपभोगपरिमाणं' भवति। किं तत् ? 'यत्परिसंख्यानं' परिगणनं। केषां ?

---

પ્રસાધન એ ચાર અને પાંચમું 'असमीक्ष्यअधिकरणम्' પ્રયોજન વિચાર્યા વિના અધિકતાથી કાર્ય કરવું, તે અસમીક્ષ્ય—અધિકરણ અતિચારો છે.

**ભાવાર્થ** :—અનર્થદંડવ્રતના પાંચ અતિચારો છે તે નીચે પ્રમાણે છે—

૧. કંદર્પ—રાગની પ્રબળતાથી હાસ્યમિશ્રિત અશિષ્ટ (ભૂંડા) વચન બોલવાં.
૨. કૌત્કુચ્ય—હાસ્ય અને ખોટાં વચન સહિત કાયથી કુત્સિત ચેષ્ટા કરવી.
૩. મૌખર્ય—ધૃષ્ટતાથી બહુ બકવાદ કરવો.
૪. અતિપ્રસાધન—આવશ્યકતા કરતાં ભોગોપભોગની સામગ્રી વધુ એકઠી કરવી.
૫. અસમીક્ષ્ય—અધિકરણ—પ્રયોજન વિચાર્યા વિના કાર્ય કરવું અથવા કોઈ વસ્તુ પર અધિકાર કરી લેવો. ૮૧.

હવે ભોગોપભોગપરિમાણરૂપ ગુણવ્રતનું વ્યાખ્યાન કરવાને કહે છે—

## ભોગોપભોગપરિમાણ વ્રતનું સ્વરૂપ

### શ્લોક ૮૨

**અન્વયાર્થ** :—[अवधौ] પરિગ્રહપરિમાણ વ્રતમાં કરેલી પરિગ્રહની મર્યાદા હોતાં [रागरतीनाम्] વિષયોના રાગથી થતી રતિને (આસક્તિને, લાલસાને) [तनुकृतये] ઘટાડવા માટે [अक्षार्थानाम्] ઇન્દ્રિય—વિષયોનું [अर्थवताम् अपि] તેઓ (ઇન્દ્રિયસુખરૂપ) પ્રયોજનના સાધક હોવા છતાં પણ [परिसंख्यानम्] પરિમાણ કરવું તે [भोगोपभोगपरिमाणम्] ભોગોપભોગપરિમાણ નામનું ગુણવ્રત [उच्यते] કહેવાય છે.

**ટીકા** :—'भोगोपभोगपरिमाणम्' ભોગોપભોગપરિમાણ ગુણવ્રત છે. તે શું છે? 'यत् परिसंख्यानम्' પરિમાણ કરવું તે. કોનું (પરિમાણ) છે? 'अक्षार्थानाम्' ઇન્દ્રિયોના

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



'अक्षार्थाना'मिन्द्रियविषयाणां। कथंभूतानामपि तेषां? 'अर्थवतामपि' सुखादिलक्षण-प्रयोजनसंपादकानामपि अथवाऽर्थवतां सग्रन्थानामपि श्रावकाणां। तेषां परिसंख्यानं। किमर्थं? 'तनूकृतये' [1]कृशतरत्वकरणार्थं। कासां? 'रागरतीनां' रागेण विषयेषु रागोद्रेकेण रतयः आसक्तयस्तासां। कस्मिन् सति? 'अवधौ' विषयपरिमाणे॥८२॥

अथ को भोगः कश्चोपभोगो यत्परिमाणं क्रियते इत्याशंक्याह—

**[2]भुक्त्वा परिहातव्यो भोगो भुक्त्वा पुनश्च भोक्तव्यः।**
**उपभोगोऽशनवसनप्रभृतिः पाञ्चेन्द्रियो विषयः॥८३॥**

---

વિષયોનું. તે કેવા હોવા છતાં? 'अर्थवतामपि' સુખાદિરૂપ પ્રયોજનના સંપાદક હોવા છતાં; અથવા પરિગ્રહ સહિત શ્રાવકોને પણ ઇન્દ્રિયોના વિષયોનું પરિમાણ કરવું તે. શા માટે? 'तनूकृतये' વધુ કૃશ કરવા માટે (વધુ ઘટાડવા માટે). કોને (ઘટાડવા માટે)? 'रागरतीनां' વિષયોના રાગની તીવ્રતાથી જે આસક્તિ (રતિ) થાય છે તેને (ઘટાડવા માટે). શું હોતાં? વિષયોનું પરિમાણ હોતાં.

**ભાવાર્થ** :—ઇન્દ્રિયોનાં વિષયોમાં રાગના ઉદ્રેકથી (પ્રબળતાથી) જે આસક્તિ થાય છે તેને ઘટાડવા માટે દિગ્વ્રતની મર્યાદાની અંદર પણ પ્રયોજનભૂત ઇન્દ્રિયોના વિષયોનું પણ પરિમાણ કરવું અર્થાત્ નિત્ય ઉપયોગમાં આવે તેવા ઇન્દ્રિયોના વિષયોનું નિયત સમય સુધી યા જીવનપર્યંત પરિમાણ કરવું—તેને ભોગોપભોગપરિમાણવ્રત કહે છે. ૮૨.

હવે ભોગ શું અને ઉપભોગ શું, જેનું પરિમાણ કરવામાં આવે છે? એવી આશંકા કરીને કહે છે—

## ભોગ અને ઉપભોગનું લક્ષણ

### શ્લોક ૮૩

**અન્વયાર્થ** :—[अशनप्रभृतिः] ભોજન આદિક [पञ्चेन्द्रियः] પાંચ ઇન્દ્રિયોના [विषयः] વિષયો [भुक्त्वा] ભોગવીને જે (વિષયો) [परिहातव्यः] છોડી દેવા યોગ્ય છે તે [भोगः] ભોગ છે અને [वसनप्रभृति] જે વસ્ત્રાદિ વિષયો [भुक्त्वा] ભોગવીને [पुनः] ફરીથી [भोक्तव्यः] ભોગવવા યોગ્ય છે, તે [उपभोगः] ઉપભોગ છે.

---

१. कृशत्वकरणाय घ०।

२. भोगसंख्यानं पंचविधं त्रसघातप्रमादबहुवधानिष्टानुपसेव्यविषयभेदात्। मधु मांसं सदा परिहर्तव्यं त्रसघातं प्रति निवृत्तचेतसा। मद्यमुपसेव्यमानं कार्याकार्यविवेकसंमोहकरमिति तद्वर्जनं प्रमादविरहाय अनुष्ठेयं।

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

पंचेन्द्रियाणामयं 'पाञ्चेन्द्रियो विषयः'। 'भुक्त्वा' 'परिहातव्य' स्त्याज्यः स 'भोगो'ऽशनपुष्पगंधविलेपनप्रभृतिः। यः पूर्वं भुक्त्वा पुनश्च भोक्तव्यः स 'उपभोगो' वसनाभरणप्रभृतिः वसनं वस्त्रम्॥८३॥

[१]मध्वादिर्भोगरूपोऽपि त्रसजन्तुवधहेतुत्वादणुव्रतधारिभिस्त्याज्य इत्याह—

**त्रसहतिपरिहरणार्थं क्षौद्रं पिशितं प्रमादपरिहृतये।**
**मद्यं च वर्जनीयं जिनचरणौ शरणमुपयातैः॥८४॥**

---

**ટીકા** :—'पाञ्चेन्द्रियः विषयः' પાંચ ઇન્દ્રિયો સંબંધી વિષયો, 'भुक्त्वा परिहातव्यस्त्याज्यः' ભોગવીને જે છોડવા યોગ્ય છે, તે 'भोगः' ભોગ છે. જેમ કે 'अशनप्रभृति' ભોજન, પુષ્પ, ગંધ, વિલેપન વગેરે. જે (વિષયો) પહેલાં 'भुक्त्वा' ભોગવીને 'पुनश्च भोक्तव्यः' ફરીથી ભોગવવા યોગ્ય છે તે 'उपभोगः' ઉપભોગ છે, જેમ કે 'वसनप्रभृतिः' (વસ્ત્ર) આભૂષણ વગેરે.

**ભાવાર્થ** :—જે પાંચ ઇન્દ્રિયોનો વિષય (પદાર્થ) એકવાર ભોગવ્યા પછી ફરીથી ભોગવવા યોગ્ય રહે નહિ તેને ભોગ કહે છે; જેમ કે ભોજન, ગંધ, માળા વગેરે અને જે પદાર્થ વારંવાર ભોગવવામાં આવે છે તેને ઉપભોગ કહે છે; જેમ કે વસ્ત્ર, આભૂષણ વગેરે.

જે ભોગ–ઉપભોગની વસ્તુઓને ભોગવવામાં આવતાં દ્રવ્યહિંસા થાય તે તો સર્વથા ત્યાજ્ય છે, પરંતુ જે વસ્તુઓ ભોગવવામાં આવતાં દ્રવ્યહિંસા તો નથી થતી, પણ તેને ભોગવવાની લાલસારૂપ રાગજનિત ભાવહિંસા અવશ્ય થાય છે; માટે તેને ઘટાડવા માટે તેવી વસ્તુઓનું કાળની મર્યાદાથી પરિમાણ કરવું યોગ્ય છે. ૮૩.

દારૂ આદિ પદાર્થ ભોગરૂપ હોવા છતાં, (તેમાં) ત્રસ જીવોનો ઘાત થતો હોવાના કારણે અણુવ્રતધારીઓએ તેનો ત્યાગ કરવો એમ કહે છે—

### જીવનપર્યન્ત ત્યાગ કરવા યોગ્ય ભોગ વસ્તુઓ
### શ્લોક ૮૪

**અન્વયાર્થ** :—[जिनचरणौ] જિનેન્દ્રદેવના ચરણોના [शरणम्] શરણે [उपयातैः] ગયેલા (શ્રાવકોએ) [त्रसहतिपरिहरणार्थम्] ત્રસ જીવોની હિંસા દૂર કરવા માટે [क्षौद्रं] મધુ, [पिशितम्] માંસનો [च] અને [प्रमादपरिहृतये] પ્રમાદનો પરિહાર (ત્યાગ) કરવા માટે [मद्यम्] દારૂનો [वर्जनीयम्] ત્યાગ કરવા યોગ્ય છે.

---

૧. मद्यादिरूपभोगरूपोऽपि घ।

'वर्जनीयं'। किं तत् ? क्षौद्रं' मधु। तथा 'पिशितं'। किमर्थं ? 'त्रसहतिपरिहरणार्थं' त्रसानां द्वीन्द्रियादीनां हतिर्वधस्तत्परिहरणार्थं। तथा 'मद्यं च' वर्जनीयं। किमर्थं ? 'प्रमादपरिहृतये' माता भार्यति विवेकाभावः प्रमादस्तस्य परिहृतये परिहारार्थं। कैरेतद्वर्जनीयं ? 'शरणमुपयातैः' शरणमुपगतैः। कौ ? 'जिनचरणौ' श्रावकैस्तत्त्याज्यमित्यर्थः ॥८४॥

तथैतदपि तैस्त्याज्यमित्याह—

[1]अल्पफलबहुविघातान्मूलकमार्द्राणि श्रृङ्गवेराणि।
नवनीतनिम्बकुसुमं कैतकमित्येवमवहेयम् ॥८५॥

---

**टीका** :—'वर्जनीयं' ત્યાગ કરવા યોગ્ય છે. શું તે? 'क्षौद्रं' મધ તથા 'पिशितं' માંસ શા માટે? 'त्रसहितपरिहारणार्थं' બે ઇન્દ્રિયાદિ ત્રસ જીવોનો ઘાત દૂર કરવા માટે તથા 'मद्यं च' દારૂનો પણ ત્યાગ કરવા યોગ્ય છે. શા માટે? 'प्रमादपरिहृतये' 'આ માતા છે, આ ભાર્યા છે' એવા વિવેકનો અભાવ તે પ્રમાદ, તેનો પરિહાર કરવા માટે. કોના દ્વારા તે ત્યાગવા યોગ્ય છે? 'शरणमुपयातैः' શરણે ગયેલા શ્રાવકો દ્વારા. કોના (શરણે)? 'जिनचरणौ' જિનેન્દ્રદેવના ચરણોના, (જિનના ચરણોના શરણે ગયેલા) શ્રાવકો દ્વારા તે (મધ, માંસ અને દારૂ) ત્યાગવા યોગ્ય છે. એવો અર્થ છે.

**ભાવાર્થ** :—મધ (મધુ) અને માંસ ખાવાથી ત્રસ જીવોની હિંસા થાય છે અને દારૂ (મદિરા) પીવાથી ઉન્મત્તતા–પાગલપણું આવે છે, સત્ અને અસત્‌નો વિવેક રહેતો નથી અર્થાત્ અતિ પ્રમાદની ઉત્પત્તિ થાય છે અને ત્રસહિંસા પણ થાય છે. માટે જિનેન્દ્રદેવના ભક્તોએ ત્રસહિંસા અને પ્રમાદને દૂર કરવા માટે મધ, માંસ અને દારૂનો સર્વથા જીવનપર્યંત ત્યાગ કરવો જોઈએ.

અફીણ, ગાંજો, ચરસ, ભાંગ, તમાકુ વગેરે ચીજો પ્રમાદ વધારનારી તથા આત્માના સ્વભાવને વિકારી કરે છે, માટે તેવી ચીજોનો પણ ત્યાગ કરવો જોઈએ. ૮૪.

તેવી રીતે તેમણે આનો પણ (સર્વથા) ત્યાગ કરવો એમ કહે છે—

## ભોગોપભોગ વ્રતધારીને સર્વથા ત્યાગવા યોગ્ય અન્ય વસ્તુઓ
## શ્લોક ૮૫

**અન્વયાર્થ** :—(ભોગોપભોગપરિમાણ વ્રતમાં) [अल्पफलबहुविघातात् ] ફળ થોડું

---

૧. केतक्यर्जुनपुष्पादीनि बहुजन्तुयोनिस्थानानि श्रृङ्गवेरमूलकहरिद्रानिम्बकुसुमादीन्यनन्तकायव्यपदेशार्हाणि एतेषामुपसेवने बहुघातोऽल्पफलमिति तत्परिहारः श्रेयान्।

'अवहेयं' त्याज्यं। किं तत्? 'मूलकं'। तथा 'श्रृङ्गवेराणि' आर्द्रकाणि। किं विशिष्टानि? 'आर्द्राणि' अशुष्काणि[1]। तथा नवनीतं च। निम्बकुसुममित्युपलक्षणं सकलकुसुमविशेषाणां तेषां। तथा कैतकं केतक्या इदं कैतकं गुधरा इत्येवं, इत्यादि सर्वमवहेयं। कस्मात् 'अल्पफलबहुविघातात्'। अल्पं फलं यस्यासावल्पफलः, बहूनां त्रसजीवानां विघातो विनाशो बहुविघातः अल्पफलश्चासौ बहुविघातश्च तस्मात्॥८५॥

---

અને સ્થાવર જીવોની હિંસા અધિક હોવાથી [आर्द्राणि] સચિત્ત [श्रृंगवेराणि] અદરક, [मूलम्] કંદમૂળ, [नवनीतनिम्बकुसुमम्] માખણ, લીમડાનો કોર, [कैतकम्] કેતકીનાં ફૂલ [इति] અનેક [एवम्] એવા પ્રકારની અન્ય વસ્તુઓનો [अवहेयं] ત્યાગ કરવો જોઈએ.

**ટીકા** :—'अवहेयम्' ત્યાગ કરવો જોઈએ. શું તે? 'मूलकं' કંદમૂળ તથા 'श्रृंगवेराणि' આદુ કેવું? 'आर्द्राणि' સચિત્ત—લીલી—સૂકાયેલી નહિ (અપકવ) તથા 'नवनीतनिम्बकुसुमम्' નવનીત (માખણ) અને લીમડાનો કોર, તેનાં ઉપલક્ષણોથી સર્વ પુષ્પ—વિશેષો તેમનો તથા 'कैतकम्' કેતકીનાં ફૂલ ઈત્યાદિ સર્વનો ત્યાગ કરવો જોઈએ. શા માટે (તેમનો ત્યાગ કરવો જોઈએ)? 'अल्पफलबहुविघातात्' અલ્પ ફળ અને બહુ ત્રસ જીવોને વિઘાત—નાશ થતો હોવાથી (તેમનો ત્યાગ કરવો જોઈએ.)

**ભાવાર્થ** :—જે ખાવાથી ફળ (લાભ) થોડું અને સ્થાવર ત્રસ જીવોની હિંસા અધિક થાય તેવાં સચિત્ત હળદર, કંદમૂળ આદિ સર્વ પ્રકારનાં જમીનકંદ; માખણ, લીમડા અને કેતકી આદિનાં સર્વ પ્રકારનાં ફૂલ તથા એવી બીજી વસ્તુઓનો ભોગોપભોગ વ્રતધારીએ સર્વથા ત્યાગ કરવો જોઈએ. એવી વસ્તુઓનું પરિમાણ હોય નહિ પણ જીવનપર્યંત તેમનો ત્યાગ જ હોય.

સાધારણ વનસ્પતિ અને કંદમૂળાદિમાં અનંત નિગોદિયા જીવ રહે છે. તેમનો ભક્ષ કરવાથી બહુ સ્થાવર જીવોની હિંસા થાય છે, માટે તેમનો સર્વથા ત્યાગ કરવો જોઈએ.

જે વનસ્પતિના પાનમાં રેખા, ગાંઠો, સંધિઓ પ્રત્યક્ષ જોવામાં આવે, જેમાં તંતુઓ હોય અને જે તોડવાથી એક સરખું સમભાગે તૂટે નહિ—વાંકીચુંકી તૂટે તે નિગોદિયા જીવરહિત પ્રત્યેક વનસ્પતિ છે. પરંતુ જેના પાનમાં રેખાઓ, ગાંઠો પ્રગટ ન હોય અને જે તોડવાથી સમભાગે તૂટે તે નિગોદિયા જીવસહિત સાધારણ વનસ્પતિ છે.

પ્રત્યેક વનસ્પતિને આશ્રયે એક જ જીવ રહે છે, જ્યારે સાધારણ વનસ્પતિના

---

૧. अपक्वानि घ।

प्रासुकमपि यदेवंविधं तत्त्याज्यमित्याह—

[1]यदनिष्टं तद्व्रतयेद्यच्चानु[2]पसेव्यमेतदपि जह्यात् ।
अभिसन्धिकृता विरतिर्विषयाद्योग्याद्व्रतं भवति ॥८६॥

'यदनिष्टं' उदरशूलादिहेतुतया प्रकृतिसात्म्यकं यन्न भवति 'तद्व्रतयेत्' व्रतनिवृत्तिं कुर्यात् त्यजेदित्यर्थः। न केवलमेतदेव व्रतयेदपितु 'यच्चानुपसेव्यमेतदपि जह्यात्'। यच्च यदपि गोमूत्र–करभदुग्ध–शंखचूर्ण–ताम्बूलोद्गाललाला–मूत्र–पुरीष–श्लेष्मादिकमनुपसेव्यं

---

આશ્રયે અનંત નિગોદિયા સ્થાવર જીવો રહે છે; માટે અનંત સ્થાવર જીવોની હિંસાથી બચવા માટે તેવી વનસ્પતિનો સર્વથા ત્યાગ કરવો જોઈએ. (પૃથ્વી આદિ એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચતુરિન્દ્રિય અને તિર્યંચ ગતિવાળા જ છે.) વધુ માટે જુઓ પુરુષાર્થસિદ્ધિ–ઉપાય ગુજરાતી આવૃત્તિ શ્લોક ૧૬૨નો ભાવાર્થ. ૮૫.

પ્રાસુક હોવા છતાં જે આવાં પ્રકારનાં (અનિષ્ટ અને અનુપસેવ્ય) હોય, તેમનો પણ ત્યાગ કરવો જોઈએ એમ કહે છે—

## અનિષ્ટ અને અનુપસેવ્ય વસ્તુઓનો ત્યાગ અને વ્રતનું સ્વરૂપ

### શ્લોક ૮૬

**અન્વયાર્થ** :—(આ ભોગોપભોગપરિમાણ વ્રતમાં [यद्] જે વસ્તુ [अनिष्टम्] અનિષ્ટ (અહિતકર) હોય, [तत्] તે [व्रतयेत्] છોડવી જોઈએ [च] અને [यत्] જે [अनुपसेव्यत्] (સારા માણસોને) સેવન કરવા યોગ્ય ન હોય [एतद् अपि] તે પણ [जह्यात्] છોડવું જોઈએ; કારણ કે [योग्यात्] યોગ્ય [विषयात्] વિષયોથી [अभिसन्धिकृत्वा] અભિપ્રાયપૂર્વક કરેલો [विरतिः] ત્યાગ તે [व्रतं] વ્રત [भवति] છે.

**ટીકા** :—'यदनिष्टम्' પેટમાં ચૂંક આદિ આવવાના કારણે જે પ્રકૃતિને માફક ન આવે તેવી વસ્તુ અનિષ્ટ છે, 'तद्व्रतयेत्' તેનાથી (તેવી અનિષ્ટ ચીજથી) નિવૃત્તિ કરવી જોઈએ, તેનો ત્યાગ કરવો જોઈએ તેવો અર્થ છે. ફક્ત તેનો જ ત્યાગ કરવો એટલું જ નહિ, કિન્તુ 'यच्चानुपसेव्यमेतदपि जह्यात्' ગોમૂત્ર (ગાયનું મૂત્ર), ઊંટડીનું દૂધ, શંખચૂર્ણ,

---

१. यानवाहनाभरणादिषु एतावदेवेष्टमतोऽन्यदनिष्टमित्यनिष्टान्निवर्तनं कर्तव्यं। २. न ह्यसति अभिसन्धिनियमे व्रतमितीष्टानामपि चित्रवस्त्रविकृतवेशाभरणादीनामनुपसेव्यानां परित्यागः कार्यः।

**प्रासुकमपि शिष्टलोकानामास्वादनायोग्यं एतदपि जह्यात् व्रतं कुर्यात्। कुत एतदित्याह— [1]अभिसन्धीत्यादि अनिष्टतया अनुपसेव्यतया च व्यावृत्तेर्योग्यद्विषयादभिसन्धिकृताऽभिप्राय-पूर्विका या विरतिः सा यतो व्रतं भवति॥८६॥**

---

પાન ખાઈને બહાર કાઢેલી લાળ, મૂત્ર, વિષ્ટા, લીંટ આદિ પ્રાસુક હોવા છતાં શિષ્ટજનોને (સજ્જનોને) સ્વાદ કરવા યોગ્ય ન હોય—એવી અનુપસેવ્ય (નહિ સેવન કરવા યોગ્ય) વસ્તુઓનો પણ ત્યાગ કરવો જોઈએ—તેનાથી નિવૃત્તિ કરવી જોઈએ. શા માટે? તે કહે છે—'**अभिसन्धीत्यादि**' અનિષ્ટ અને અનુપસેવ્ય હોવાથી છોડવા યોગ્ય વિષયથી અભિપ્રાયપૂર્વક જે વિરતિ (નિવૃત્તિ) થાય છે, તે વ્રત છે.

**ભાવાર્થ** :—જે વસ્તુ શારીરિક પ્રકૃતિને વિરુદ્ધ હોય, રોગાદિકને વધારનારી હોય, પ્રકૃતિને માફક આવતી ન હોય, (જેમ ખાંસીવાળા દરદીને ખાંડ વગેરે માફક ન હોય તેમ) તે અનિષ્ટ છે અને શિષ્ટજનોને જે સેવન કરવા યોગ્ય નથી તેવી ચીજો જેવી કે ગોમૂત્ર, વિષ્ટા, લીંટ આદિ અનુપસેવ્ય છે. તે બંને પ્રકારની અનિષ્ટ અને અનુપસેવ્ય ચીજોનો ત્યાગ કરવો જોઈએ, કારણ કે સેવન કરવા યોગ્ય પાંચ ઇન્દ્રિયોના વિષયોનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ કરવો, તેને જ વ્રત કહે છે.

આવા વ્રતો સમ્યગ્દૃષ્ટિ સહિત પંચમ ગુણસ્થાને હોય છે. એ વ્રતોમાં 'પરવસ્તુને છોડવાનું કથન' તેનો અર્થ એવો નથી કે પરવસ્તુ ગ્રહી યા છોડી શકાય છે; પણ જ્ઞાનીને તે ભૂમિકામાં અકષાયસ્વભાવના આલંબન અનુસાર એ વસ્તુનો રાગ ઉત્પન્ન થતો નથી; તેથી ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી 'પરનો ત્યાગ કર્યો' એમ કહેવામાં આવે છે.

## વિશેષ

જે ચીજો ખાવા યોગ્ય હોય અને તેમાં જીવહિંસાનો પણ અભાવ હોય, પરંતુ કોઈ કારણવશાત્ પોતાને અનુકૂળ ન હોય, હાનિકારક હોય તો તેવી ચીજો અનિષ્ટ છે, જેમ કે ખાંસીના રોગીને ઘી–દૂધ હાનિકારક છે, અનિષ્ટ છે. વાતના દરદીને ભાત, અડદની દાળ વગેરે અનિષ્ટ છે, કફના દરદીને ખાંડની ચીજો અનિષ્ટ છે તથા જે પદાર્થ ખાવાથી પ્રમાદ, આલસ્ય, નિદ્રા વગેરે ઉત્પન્ન થાય; સ્વાધ્યાય, સામાયિક આદિ ધર્મધ્યાનમાં બાધા આવે તે સર્વ પદાર્થો ભક્ષ્ય હોવા છતાં પોતાને માટે અનિષ્ટ છે.

જે ચીજો અનિષ્ટ ન હોય તથા ચિંતાજનક પણ ન હોય, પરંતુ અનંતકાય અને

---

૧. 'अभिसन्धीत्यादिअनिष्टतया अनुपसेव्यतया च व्यावृत्तेर्योग्याद् विषयाद्' इति पंक्तिः घ प्रतौ नास्ति।

અભક્ષ્ય હોવાથી ડુંગળી, લસણ આદિ ચીજોનો ખાવામાં ઉપયોગ કરવામાં આવતો નથી. તો તેવી ચીજો અનુપસેવ્ય છે અર્થાત્ સેવન કરવા યોગ્ય નથી.

આ પ્રમાણે જે પદાર્થો ભક્ષ્ય હોય-ખાવા યોગ્ય હોય અને જીવહિંસાથી રહિત હોય, પરંતુ પોતાને માટે અનિષ્ટ હોય અને ઉચ્ચ કુલીનજનો માટે અનુપસેવ્ય હોય તો વ્રતધારીએ તેવા પદાર્થોનો સર્વથા ત્યાગ કરવો જોઈએ.

## શ્લોક ૮૪-૮૫-૮૬નો સારાંશ

નીચેના પાંચ પ્રકારના પદાર્થોનો વ્રતીએ સર્વથા ત્યાગ કરવો જોઈએ—

૧. ત્રસ જીવોનો ઘાત થાય તેવા પદાર્થ—માંસ, મધુ, દારૂ, પાંચ ઉદુમ્બર ફળ આદિ.

૨. બહુ સ્થાવર જીવોનો ઘાત થાય તેવા પદાર્થો—સાધારણ વનસ્પતિ, કંદમૂળાદિ, નીમ અને કેતકીનાં ફૂલ આદિ.

૩. પ્રમાદને યા નશાને ઉત્પન્ન કરે તેવી ચીજો—દારૂ, અફીણ, ભાંગ, ગાંજો, તમાકુ વગેરે.

૪. પોતાને માફક ન આવે તેવી અનિષ્ટ ચીજો.

૫. અનુપસેવ્ય ચીજો—શિષ્ટજનોમાં સેવન કરવા યોગ્ય ન હોય તેવી ચીજો.

આ ઉપરાંત નીચેની બાવીસ અભક્ષ્ય ચીજો જેમાં ઉપરોક્ત પાંચ પ્રકારની ચીજોનો પણ સમાવેશ થાય છે, તેનો પણ વ્રતીએ ત્યાગ કરવો જોઈએ.

ઓલા, ઘોરવડા, નિશિભોજન, બહુબીજા, રીંગણા, અથાણાં, વડ, પીપળ, ઉમર, અનાનસ (કઠ), અંજીર (પાકરફળ), અજાણ્યા ફળ તથા કંદમૂળ, માટી, વિષ, આમિષ (માંસ-ઈંડા), મધુ, માખણ, મદિરાપાન, અતિ તુચ્છ ફળ, તુષાર, ચલિતરસ—એ જિનમતમાં બાવીસ અભક્ષ્ય કહ્યા છે.

૧. ઓલા (બરફ)—જે વગર ગાળેલા પાણીનો જમાવવાથી થાય છે. તેમાં અસંખ્યાત ત્રસ જીવોનો ઘાત થાય છે.

૨. ઘોરવડા (દહીંવડા)—અડદ કે મગની દાળનાં વડાં દહીં કે છાશમાં નાખી ખાવાથી અસંખ્યાત ત્રસ જીવોની ઉત્પત્તિ થાય છે.

૩. રાત્રિભોજન—તેમાં રાગની ઉત્કૃષ્ટતા અને અસંખ્યાત જીવોની હિંસા રહેલી છે. રાત્રે બરાબર ન દેખાવાથી હિંસાના પાપ સિવાય આરોગ્યતાને પણ નુકશાન થાય છે. માખી ખાવામાં આવે તો ઊલટી થાય, કીડી ખાવામાં આવે તો પેશાબમાં બળતરા થાય, વાળ ખાવામાં આવે તો સ્વરભંગ થાય, જૂ ખાવામાં આવે તો જલોદર થાય અને મકડી (કરોળીયો) ખાવામાં આવે તો કોઢ થાય વગેરે.

૪. બહુબીજા—જેમાં બીજોનું અલગ-અલગ ઘટ ન હોય, જેમ કે અફીણના ડોડા, પપૈયા જેમાં બહુ બી હોય છે તે વગેરે.

૫. રીંગણા—તે ઉન્માદ ઉત્પન્ન કરે છે.

૬. સંધાન (અથાણું)—આચાર, કેરી, લીંબુ વગેરે રાઈ, મીઠું આદિ મસાલા સાથે તેલમાં યા વિના તેલમાં કેટલાક દિવસ રાખવાથી તેમાં ત્રસ જીવોની ઉત્પત્તિ થાય છે. ચોવીસ કલાક પછી અથાણું અભક્ષ્ય છે.

૭ થી ૧૧. વડફળ (ટેટા), પીપળ ફળ (પેપડી), ઉમર ફળ, કઠુમર, અંજીર અથવા પાકર ફળ—એ પાંચ ઉદુમ્બર ફળ સાક્ષાત્ ત્રસ જીવોનું ઘર છે.

૧૨-૧૩. અજાણ ફળ અને કંદમૂળ જે અનંત સ્થાવર જીવોની રાશિ છે.

૧૪. ખાણ કે ખેતની માટી—તેમાં અસંખ્યાત ત્રસ જીવો હોય છે.

૧૫. વિષ, ૧૬. માંસ, ૧૭. મધ, ૧૮. માખણ, ૧૯. મદિરાપાન.

૨૦. અતિતુચ્છ ફળ તે સપ્રતિષ્ઠિત વનસ્પતિ છે, અનંત જીવોની રાશિ છે.

૨૧. તુષાર-બરફ જે અસંખ્ય ત્રસ જીવોની રાશિ છે.

૨૨. ચલિત રસ-જે વસ્તુઓનો સ્વાદ બગડી જાય છે, યા શાસ્ત્રોક્ત મર્યાદાથી અધિક સમયની હોય, તેમાં ત્રસ જીવોની ઉત્પત્તિ થઈ જાય છે.

આ ચીજો ખાવાથી વિશેષ હિંસા થાય છે. આઠ મૂળ ગુણોમાં દોષ આવે છે અને અનેક રોગ ઉત્પન્ન થાય છે; માટે તેઓ વ્રતી માટે સર્વથા ત્યાજ્ય છે.

(નોંધ—અભક્ષ્ય વસ્તુઓ સંબંધી વધુ હકીકત માટે જુઓ, બાલબોધ જૈનધર્મ ભાગ-૪ પાઠ છઠ્ઠો) ૮૬.

तच्च द्विधा भिद्यत इति—

**नियमो यमश्च विहितौ द्वेधा भोगोपभोगसंहारात्।**
**नियमः परिमितकालो यावज्जीवं यमो ध्रियते॥८७॥**

'भोगोपभोगसंहारात्' भोगोपभोगयोः संहारात् परिमाणात् तमाश्रित्य। 'द्वेधा विहितौ' द्वाभ्यां प्रकाराभ्यां द्वेधा व्यवस्थापितौ। कौ? 'नियमो यमश्चे'त्येतौ। तत्र को नियमः कश्च यम इत्याह—'नियमः परिमितकालो वक्ष्यमाणः परिमितः कालो यस्य भोगोपभोगसंहारस्य स नियमः। 'यमश्च यावज्जीवं ध्रियते'॥८७॥

---

તેના (ભોગોપભોગના ત્યાગના) બે પ્રકાર છે—

## નિયમ અને યમનું લક્ષણ

### શ્લોક ૮૭

**અન્વયાર્થ** :—[भोगोपभोगसंहारे] ભોગોપભોગના પરિમાણનો આશ્રય કરીને [नियमः] નિયમ [च] અને [यमः] યમ—એવા [द्वेधा] બે પ્રકારે [विहितौ] કહેવામાં આવ્યા છે; તેમાં [परिमितकालो] નિયત કાળની મર્યાદાપૂર્વક કરેલો ત્યાગ તે [नियमः] નિયમ છે અને જે ત્યાગ [यावज्जीवनम्] જીવનપર્યન્ત [ध्रियते] ધારણ કરવામાં આવે છે તે [यमः] યમ છે.

**ટીકા** :—'भोगोपभोगसंहारात्' ભોગ–ઉપભોગના પરિમાણની અપેક્ષાએ અર્થાત્ ભોગ અને ઉપભોગના પરિમાણનો આશ્રય કરીને 'द्वेधा विहितौ' બે પ્રકારો કહેવામાં આવ્યા છે. કયા? 'नियमो यमश्च' નિયમ અને યમ એવા બે. તેમાં નિયમ શું? અને યમ શું? તે કહે છે—'नियमः परिमितकालो' ધારેલા નિયત કાળ સુધી ભોગોપભોગનું પરિમાણ કરવામાં આવે છે તે નિયમ છે અને જીવનપર્યન્ત ભોગોપભોગનું પરિમાણ ધારણ કરવામાં આવે છે તે યમ છે.

**ભાવાર્થ** :—ભોગોપભોગ પરિમાણ વ્રતમાં નિયમ અને યમ—એમ બે પ્રકારના ત્યાગનું વિધાન કરવામાં આવ્યું છે. તે જે ત્યાગ ઘડી, કલાક આદિ નિયત સમયની મર્યાદાથી કરવામાં આવે છે તે નિયમ કહેવાય છે અને જે ત્યાગ જીવનપર્યંત કરવામાં આવે છે તે યમ કહેવાય છે.

तत्र परिमितकाले तत्संहारलक्षणनियमं दर्शयन्नाह—

**भोजनवाहनशयनस्नानपवित्राङ्गरागकुसुमेषु।**
**ताम्बूलवसनभूषणमन्मथसंगीतगीतेषु ।।८८।।**

**अद्य दिवा रजनी वा पक्षो मासस्तथर्त्तुरयनं वा।**
**इति कालपरिच्छित्त्या प्रत्याख्यानं भवेन्नियमः ।।८९।।**

युगलं। नियमो भवेत्। किं तत् ? प्रत्याख्यानं। कया ? कालपरिच्छित्या। तामेव कालपरिच्छितिं दर्शयन्नाह—अद्येत्यादि, अद्येति प्रवर्तमानघटिकाप्रहरादिलक्षणकालपरिच्छित्या

---

વ્રતીને ભક્ષ્ય વસ્તુઓનો નિયમરૂપ ત્યાગ હોય છે અને અભક્ષ્ય વસ્તુઓનો યમરૂપ ત્યાગ હોય છે. (વધુ માટે જુઓ શ્લોક ૮૮–૮૯નો ભાવાર્થ અને વિશેષ). ૮૭.

તેમાં નિયત કાળના વિષયમાં, તેનો (ભોગોપભોગનો) ત્યાગરૂપ નિયમ દર્શાવીને કહે છે.

## ભોગોપભોગપરિમાણ વ્રતમાં નિયમની વિધિ

### શ્લોક ૮૮–૮૯

**અન્વયાર્થ** :—[भोजनवाहनशयनस्नानपवित्राङ्गरागकुसुमेषु] ભોજન, વાહન, શય્યા (પથારી), સ્નાન, પવિત્ર અંગ વિલેપન, પુષ્પો [ताम्बूलवसनभूषणमन्मथसंगीतगीतेषु] પાન, વસ્ત્ર, અલંકાર, કામભોગ, સંગીત અને ગીતના વિષયમાં, [अद्य] આજ, [दिवा] એક દિવસ, [रजनी] એક રાત, [पक्षः] એક પખવાડિયું, [मासः] એક માસ [ऋतुः] બે માસ [वा] અથવા [अयनं] છ માસ [इति] એ પ્રમાણે [कालपरिच्छित्त्या] કાળ વિભાગથી (કાળની મર્યાદાથી) [प्रत्याख्यानं] ત્યાગ કરવો તે (ભોગોપભોગપરિમાણ વ્રતમાં) [नियमः] નિયમ [भवेत्] છે.

**ટીકા** :—'भोजनेत्यादि' ભોજન, ઘોડા આદિરૂપ વાહન, પલંગ આદિરૂપ શયન, સ્નાન, કેસરાદિના વિલેપનરૂપ પવિત્ર અંગરાગ; આ પવિત્ર અંગરાગ અંજન અને તિલકાદિનું ઉપલક્ષણ છે. અંગરાગ સાથે પવિત્ર વિશેષણ આપવામાં આવ્યું છે તે દોષને દૂર કરવા માટે આપવામાં આવ્યું છે. તેનાથી સદોષ ઔષધ આદિ અંગરાગનું નિરાકરણ

प्रत्याख्यानं। तथा दिवेति। रजनी रात्रिरिति वा। पक्ष इति वा। मास इति वा। ऋतुरिति वा मासद्वयं। अयनमिति वा षण्मासा। इत्येवं कालपरिच्छित्या प्रत्याख्यानं। केष्वित्याह—भोजनेत्यादि भोजनं च, वाहनं च घोटकादि, शयनं च पल्यङ्कादि, स्नानं च, पवित्राङ्गरागश्च पवित्रश्चासावङ्गरागश्च कुंकुमादिविलेपनं। उपलक्षणमेतदञ्जनतिलकादीनां पवित्रविशेषणं दोषापनयनार्थं तेनौषधाद्यङ्गरागो निरस्तः। कुसुमानि च तेषु विषयभूतेषु। तथा ताम्बूलं च वसनं च वस्त्रं भूषणं च कटकादि मन्मथश्च कामसेवा संगीतं च गीतनृत्यवादित्रत्रयं गीतं च केवलं नृत्यवाद्यरहितं तेषु च विषयेषु अद्येत्यादिरूपं कालपरिच्छित्या यत्प्रत्याख्यानं स नियम इति व्याख्यातम्॥८८–८९॥

---

થાય છે અને પુષ્પો—આ વિષયોમાં તથા તામ્બૂલ (પાન), વસન (વસ્ત્ર), કટકાદિ (આભૂષણ), મન્મથ (કામસેવન), જેમાં ગીત, નૃત્ય અને વાજિંત્ર એ ત્રણેય હોય એવું સંગીત અને જેમાં નૃત્ય, વાદિત્ર રહિત એકલું ગીત હોય એવું ગીત—આ બધા વિષયોમાં કાળવિભાગથી જે ત્યાગ કરવામાં આવે છે તે નિયમ છે; એમ કહેવામાં આવ્યું છે. ‘अद्येत्यादि’ ચાલુ દિવસમાં એક ઘડી, એક પ્રહરાદિ કાળનું પરિમાણ કરીને ત્યાગ કરવો તે આજનો ત્યાગ છે. એક દિવસ, એક રાત, એક પક્ષ (પખવાડિયું), એક માસ, બે માસ, છ માસ—એ પ્રમાણે કાળવિભાગથી ભોજનાદિનો ‘प्रत्याख्यानम्’ ત્યાગ કરવો તે ‘नियमः भवेत्’ નિયમ કહેવાય છે.

**ભાવાર્થ :**—ભોજન, વાહન (રથ, ઘોડા, પાલખી, મોટર વગેરે), શયન (ખાટ, પલંગ, ગાદી–તકીયા, રજાઈ વગેરે), સ્નાન (ગરમ જળ, ચોકી આદિ સાધન), પવિત્ર અંગરાગ (સાબુ, તેલ, અત્તર, ફુલેલ આદિ સુગંધિત વસ્તુઓથી વિલેપનાદિ), કુસુમ (પુષ્પમાળા વગેરે), તામ્બૂલ (પાન–સોપારી, ઈલાયચી આદિ મુખવાસની વસ્તુઓ), વસન (વસ્ત્ર, ધોતી, ચાદર, પગરખાં, ટોપી, કોટ, ખમીસ વગેરે), ભૂષણ (બંગડી, બાજૂબંધ, કંકણ, કુંડલ, મુકુટ, હાર, વીંટી વગેરે), મન્મથ (સ્ત્રીભોગ), સંગીત (નૃત્ય, વાદ્ય, ગાયન સહિત રાગોનું સાંભળવું, નાટકાદિનું જોવું), ગીત (સ્ત્રીઓનાં ગીત–વસંત રાગ વગેરે)—એ ભોજનાદિ બાર ભોગ–ઉપભોગની વસ્તુઓનો ઘડી, પ્રહર, દિવસ, રાત્રિ, પક્ષ, માસ, ઋતુ (બે માસ) અને અયન (છ માસ), આદિ કાળની મર્યાદાપૂર્વક ત્યાગ કરવો તે નિયમ છે.

## વિશેષ

અયોગ્ય (અભક્ષ્ય) ભોગોપભોગની ચીજોનો સર્વથા ત્યાગ કરવો જોઈએ અને

યોગ્ય (ભક્ષ્ય) ભોગોપભોગની વસ્તુઓનું પ્રમાણ કરવું જોઈએ. તેના માટે નીચેના ૧૭ નિયમો નિત્ય કરવા જોઈએ—

भोजने षट्रसे पाने कुंकुमादि विलेपने।
पुष्प ताम्बूल गीतेषु नृतादौ ब्रह्मचर्यके ।।
स्नान भूषण वस्त्रादौ वाहने शयनासने।
सचित्तवस्तु संख्यादौ प्रमाणं भज प्रत्यहम् ।।

૧. આજે અમુક વાર ભોજન કરીશ.

૨. છ રસો—દૂધ, ઘી, દહીં, સાકર—ગોળ, મીઠું, તેલમાંથી અમુક રસનો ત્યાગ કરીશ.

૩. શરબત, ચા, જલપાન અમુક વાર કરીશ.

૪. ચંદન, કેશર, તેલ યા કુંકુમાદિનું વિલેપન અમુક વાર કરીશ.

૫. અમુક પ્રકારના પુષ્પોનો અમુક વાર ઉપયોગ કરીશ.

૬. પાન—સોપારી, ઈલાયચી આદિ સ્વાદ ચીજો અમુક વાર ખાઈશ.

૭. આજે ગીત સાંભળીશ કે નહિ.

૮. આજે નાચ દેખીશ કે નહિ.

૯. આજે બ્રહ્મચર્યનું પાલન કરીશ કે નહિ.

૧૦. આજે અમુક વખત સ્નાન કરીશ.

૧૧. અમુક આભૂષણ પહેરીશ.

૧૨. ગાડી, ઘોડા, તાંગા, રેલ, મોટર સાયકલ આદિ અમુક વાહનનો ઉપયોગ કરીશ.

૧૩. અમુક બિસ્તર, પલંગ આદિનો શયન માટે ઉપયોગ કરીશ.

૧૪. ખુરશી, ટેબલ, બેન્ચ, ગાદી, તકિયા આદિ અમુક આસનો ઉપયોગમાં લઈશ.

૧૫. સચિત્ત (લીલું શાક)—આજે અમુક શાક ખાઈશ.

૧૬. અન્ય વસ્તુઓ અમુક રાખીશ.

**भोगोपभोगपरिमाणस्येदानीमतीचारानाह—**

**विषयविषतोऽनुपेक्षानुस्मृतिरतिलौल्यमतितृषाऽनुभवौ।**
**भोगोपभोगपरिमाव्यतिक्रमाः पञ्च कथ्यन्ते॥९०॥**

---

આવી રીતે ભોગ્ય વસ્તુઓનો પણ, તે ભોગવવાની લાલસારૂપ રાગજનિત ભાવહિંસાને ઘટાડવા માટે, કાળની મર્યાદાથી (નિયમરૂપ) ત્યાગ કરવો તે વ્રતી માટે યોગ્ય છે.

વળી પુરુષાર્થસિદ્ધિ–ઉપાયમાં કહ્યું છે કે—

"બુદ્ધિમાન શ્રાવક પોતાની શક્તિનો વિચાર કરીને ખાવા યોગ્ય પદાર્થો પણ છોડે અને જે સર્વથા ન છૂટી શકે તેમાં એક દિવસ, એક રાત, બે દિવસ, એક અઠવાડિયું, પખવાડિયું વગેરેની મર્યાદા કરીને ક્રમે–ક્રમે છોડે." (શ્લોક ૧૬૪ની ટીકા)

"પ્રથમ કરેલી મર્યાદામાં ફરીથી પણ તે સમયની અર્થાત્ વર્તમાન સમયની પોતાની શક્તિનો વિચાર કરીને દરરોજ મર્યાદામાં પણ થોડી મર્યાદા કરવા યોગ્ય છે." (શ્લોક ૧૬૫ની ટીકા)

"જે ગૃહસ્થ આ રીતે મર્યાદારૂપ ભોગોથી સંતુષ્ટ થઈને ઘણા ભોગોને છોડી દે છે, તેને ઘણી હિંસાના ત્યાગથી અહિંસાવ્રત થાય છે." (શ્લોક ૧૬૬ની ટીકા) ૮૮. ૮૯.

હવે ભોગોપભોગપરિમાણ વ્રતના અતિચાર કહે છે—

## ભોગોપભોગપરિમાણવ્રતના અતિચાર
### શ્લોક ૯૦

**અન્વયાર્થ** :—[विषयविषतः] વિષયરૂપી વિષથી [अनुपेक्षा] ઉપેક્ષા કરવી નહિ અર્થાત્ તેનો આદર કરવો, [अनुस्मृतिः] ભોગવેલા વિષયોનું વારંવાર સ્મરણ કરવું, [अतिलौल्यम्] ભોગ ભોગવ્યા છતાં ફરી ફરીને તે ભોગવવાની લોલુપતા–તીવ્ર ઇચ્છા રાખવી, [अतितृषा] ભવિષ્યકાળના ભોગોની પ્રાપ્તિ માટે અત્યંત ઇચ્છા રાખવી અને [अतिअनुभवः] વર્તમાન વિષયની અત્યંત આસક્તિથી ભોગ ભોગવવા–એ [पञ्च] પાંચ [भोगोपभोगपरिमाव्यतिक्रमाः] ભોગોપભોગપરિમાણવ્રતના અતિચાર [कथ्यन्ते] કહેવાય છે.

**भोगोपभोगपरिमाणं तस्य व्यतिक्रमा अतीचाराः पंच कथ्यन्ते। के ते इत्याह विषयेत्यादि—विषय एव विषं प्राणिनां दाहसंतापादिविधायित्वात् तेषु ततोऽनुपेक्षा उपेक्षायास्त्यागस्याभावोऽनुपेक्षा आदर इत्यर्थः। विषयवेदनाप्रतिकारार्थो हि विषयानुभवस्तस्मात्तत्प्रतीकारे जातेऽपि पुनर्यत्संभाषणालिंगनाद्यादरः सोऽत्यासक्ति-जनकत्वादतीचारः। अनुस्मृतिस्तदनुभवात्प्रतीकारे जातेऽपि पुनर्विषयाणां सौंदर्यसुखसाधन-त्वादनुस्मरणमत्यासक्तिहेतुत्वादतीचारः। अतिलौल्यमति-गृद्धिस्तत्प्रतीकारजातेऽपि पुनः पुनस्तदनुभवाकांक्षेत्यर्थः। अतितृषा भाविभोगोपभोगा-देरतिगृद्ध्या प्राप्त्याकांक्षा। अत्यनुभवो नियतकालेऽपि यदा भोगोपभोगावनुभवति तदाऽत्यासक्त्यानुभवति न पुनर्वेदना-प्रतीकारतयाऽतोऽतीचारः ॥६०॥**

---

**ટીકા :**—ભોગોપભોગપરિમાણના પાંચ અતિચારો કહેવામાં આવે છે. તે કયા છે તે કહે છે. '**विषयेत्यादि**' જેવી રીતે વિષ પ્રાણીઓને દાહ અને સંતાપ આદિ ઉત્પન્ન કરે છે, તેવી રીતે વિષય પણ પ્રાણીઓને દાહ અને સંતાપ આદિ ઉત્પન્ન કરે છે; તેથી વિષય વિષની સમાન છે. આ વિષયરૂપ વિષમાં અથવા વિષથી ઉપેક્ષા ન હોવી—ત્યાગ ન હોવો અર્થાત્ તેમના પ્રતિ આદરભાવ બન્યો રહેવો તે અનુપ્રેક્ષા નામનો અતિચાર છે. વિષયોનાં અનુભવ—ઉપભોગ વિષય—વેદનાના પ્રતિકાર માટે કરવામાં આવે છે; વિષયાનુભવથી વેદનાનો પ્રતિકાર થઈ ગયા પછી પણ ફરી—ફરી સંભાષણ તથા આલિંગન આદિમાં જે આદર છે તે અતિ આસક્તિજનક હોવાથી અતિચાર છે. '**अनुस्मृति**' વિષયના અનુભવથી વેદનાનો પ્રતિકાર થઈ ગયા પછી પણ સૌંદર્યસુખનું સાધન હોવાથી વિષયોનું વારંવાર સ્મરણ કરવું તે અનુસ્મૃતિ નામનો અતિચાર છે. અતિ આસક્તિનું કારણ હોવાથી તે અતિચાર છે. '**अतिलौल्यम्**' વિષયોમાં અતિગૃદ્ધિ રાખવી, વિષયાનુભવથી વેદનાનો પ્રતિકાર થઈ ગયા પછી પણ તેને વારંવાર ભોગવવાની આકાંક્ષા રાખવી તે અતિલૌલ્ય નામનો અતિચાર છે. '**अतितृषा**' આગામી ભોગોપભોગાદિની પ્રાપ્તિની અતિગૃદ્ધિપૂર્વક આકાંક્ષા રાખવી તે અતિતૃષા નામનો અતિચાર છે. '**अत्यनुभवो**' નિયતકાળમાં પણ જ્યારે ભોગ અને ઉપભોગને ભોગવે છે ત્યારે તે અતિ—આસક્તિપૂર્વક ભોગવે છે પણ વેદનાના પ્રતિકારરૂપે તે ભોગવતો નથી, તેથી તે અત્યનુભવ નામનો અતિચાર છે.

**ભાવાર્થ :**—ભોગોપભોગપરિમાણ વ્રતના પાંચ અતિચાર—

૧. વિષયવિષાનુપ્રેક્ષા—વિષયરૂપ વિષની ઉપેક્ષા નહિ કરવી અર્થાત્ સંભોગ પછી પણ વાર્તાલાપ અને આલિંગન દ્વારા તેનો આદર કરવો.

इति प्रभावचन्द्रविरचितायां समन्तभद्रस्वामिविरचितोपासकाध्ययनटीकायां
तृतीयः परिच्छेदः ॥३॥

---

૨. અનુસ્મૃતિ—ભોગવેલા વિષયોનું વારંવાર સ્મરણ કરવું.

૩. અતિલૌલ્ય—વર્તમાનમાં ભોગ ભોગવ્યા છતાં વારંવાર તેને ભોગવવાની ઈચ્છા કરવી.

૪. અતિતૃષા—ભાવિ ભોગોની પ્રાપ્તિ માટે અત્યંત ઈચ્છા કરવી.

૫. અતિઅનુભવ—ભોગ ભોગવવા છતાં, વિષય–વેદનાના પ્રતિકારની ઈચ્છા વિના, અત્યંત આસક્તિથી ભોગવવા.

## વિશેષ

ભોગોપભોગપરિમાણ વ્રતનો ધારક સચિત્ત વસ્તુઓના ત્યાગના અભ્યાસ માટે તે વસ્તુઓનો નિયમરૂપ ત્યાગ કરે છે. તે દૃષ્ટિએ શ્રી ઉમાસ્વામીએ તત્ત્વાર્થસૂત્રમાં ઉપભોગપરિમાણ વ્રતના નીચે પ્રમાણે પાંચ અતિચાર આપ્યા છે—

सचित्तसम्बन्धसम्मिश्राभिषवदुःपक्वाहाराः ॥ અ. ૭/૩૫

સચિત્ત, સચિત્તસંબંધ, સચિત્તમિશ્ર, અભિષવ અને દુઃપકવ—એ પાંચ અતિચાર છે.

૧. સચિત્તાહાર—જીવ સહિત પુષ્પ–ફળાદિનો આહાર કરવો.

૨. સચિત્તસંબંધાહાર—સચિત્ત વસ્તુઓથી સ્પર્શેલા પદાર્થોનો આહાર કરવો.

૩. સચિત્તસંમિશ્રાહાર—સચિત્ત પદાર્થો સાથે મિશ્ર થયેલા પદાર્થોનો આહાર કરવો.

૪. આભષવ—પુષ્ટિકારક પદાર્થોનો આહાર કરવો.

૫. દુઃપકવાહાર—સારી રીતે નહિ પકવેલા પદાર્થોનો આહાર કરવો તથા જે પદાર્થો મહા મુશ્કેલીથી લાંબા સમય પછી પચે તેનો આહાર કરવો. ૯૦.

એ પ્રમાણે શ્રી સમન્તભદ્ર સ્વામી વિરચિત ઉપાસકાધ્યયનની
શ્રી પ્રભાચંદ્રવિરચિત ટીકામાં તૃતીય પરિચ્છેદ પૂર્ણ થયો.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



# ૪
# શિક્ષાવ્રતાધિકાર

साम्प्रतं शिक्षाव्रतस्वरूपप्ररूपणार्थमाह—

**देशावकाशिकं वा सामयिकं प्रोषधोपवासो वा।**
**वैयावृत्यं शिक्षाव्रतानि चत्वारि शिष्टानि ॥९१॥**

शिष्टानि प्रतिपादितानि। कानि? शिक्षाव्रतानि। कति? चत्वारि। कस्मात्?

---

હવે શિક્ષાવ્રતના સ્વરૂપની પ્રરૂપણા માટે કહે છે—

## શિક્ષાવ્રતના પ્રકાર[૧]

### શ્લોક ૯૧

**અન્વયાર્થ :**—[देशावकाशिकम्] દેશાવકાશિક, [सामयिकम्] સામાયિક, [प्रोषधोपवासः] પ્રોષધોપવાસ [वा] અને [वैयावृत्यम्] વૈયાવૃત્ય—એ [चत्वारि] ચાર [शिक्षाव्रतानि] શિક્ષાવ્રતો [शिष्टानि] કહેવામાં આવ્યાં છે.

**ટીકા :**—'शिष्टानि' કહેવામાં આવ્યાં છે. શું? 'शिक्षाव्रतानि' શિક્ષાવ્રતો. કેટલાં? ચાર. શા કારણે? કારણ કે દેશાવકાશિક ઇત્યાદિ ચાર પ્રકારે છે.

---

૧. 'તત્ત્વાર્થસૂત્ર' અને 'પુરુષાર્થસિદ્ધિ–ઉપાય' આદિ ગ્રંથોમાં ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત નીચે પ્રમાણે આપેલાં છે—

ગુણવ્રત—૧. દિગ્વ્રત, ૨. દેશવ્રત, ૩. અનર્થદંડવ્રત.

શિક્ષાવ્રત—૧. સામાયિક, ૨. પ્રોષધોપવાસ, ૩. ભોગોપભોગપરિમાણ અને ૪. અતિથિસંવિભાગ-વ્રત (વૈયાવૃત).

રત્નકરણ્ડ શ્રાવકાચારમાં દેશવ્રતને શિક્ષાવ્રતમાં લીધું છે અને ભોગોપભોગપરિમાણને ગુણવ્રતમાં લીધું છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

देशावकाशिकमित्यादिचतुःप्रकारसद्भावात्। वाशब्दोऽत्र [1]परस्परप्रकारसमुच्चये। देशावकाशिकादीनां लक्षणं स्वयमेवाग्रे ग्रन्थकारः करिष्यति॥९१॥

तत्र देशावकाशिकस्य तावल्लक्षणं—

**देशावकाशिकं स्यात्कालपरिच्छेदनेन देशस्य।**
**प्रत्यहमणुव्रतानां प्रतिसंहारो विशालस्य॥९२॥**

देशावकाशिकं देशे मर्यादीकृतदेशमध्येऽपि स्तोकप्रदेशेऽवकाशो नियतकालमवस्थानं सोऽस्यास्तीति देशावकाशिकं शिक्षाव्रतं स्यात्। कोऽसौ? प्रतिसंहारो व्यावृत्तिः। कस्य? देशस्य। कथंभूतस्य? विशालस्य बहोः। केन? कालपरिच्छेदनेन दिवसादिकालमर्यादया।

---

અહીં 'वा' શબ્દ પરસ્પર પ્રકારના સમુચ્ચયના અર્થમાં છે. દેશાવકાશિક આદિનું લક્ષણ ગ્રંથકાર સ્વયં આગળ કરશે.

**ભાવાર્થ** :—જેનાથી મુનિવ્રત પાળવાની શિક્ષા મળે તેને શિક્ષાવ્રત કહે છે. તેના ચાર પ્રકાર છે—

૧. દેશાવકાશિક, ૨. સામાયિક, ૩. પ્રોષધોપવાસ અને ૪. વૈયાવૃત્ય. ૯૧.

તેમાં પ્રથમ દેશાવકાશિક (શિક્ષાવ્રત)નું લક્ષણ કહે છે—

## દેશાવકાશિક શિક્ષાવ્રતનું લક્ષણ
### શ્લોક ૯૨

**અન્વયાર્થ** :—[प्रत्यहम्] દરરોજ [कालपरिच्छेदनेन] કાળના માપથી (અર્થાત્ નિયત કાળસુધી) મર્યાદા કરીને [विशालस्य देशस्य] (દિગ્વ્રતમાં મર્યાદિત કરેલા) વિશાલ ક્ષેત્રનું [प्रतिसंहारः] સંકોચવું–ઘટાડવું તે [देशावकाशिकं] દેશાવકાશિક શિક્ષાવ્રત [स्यात्] છે. [अणुव्रतानाम्] આ વ્રત અણુવ્રતના ધારકોને–શ્રાવકોને હોય છે.

**ટીકા** :—'देशावकाशिकं' (દિગ્વ્રતમાં) મર્યાદિત કરેલા ક્ષેત્રની અંદર પણ (વધારે મર્યાદા કરીને) થોડા ક્ષેત્રમાં નિયત કાળ સુધી રહેવું તે દેશાવકાશ છે; આ દેશાવકાશ જે વ્રતનું પ્રયોજન છે તે દેશાવકાશિક શિક્ષાવ્રત છે. શું તે? 'विशालस्य देशस्य प्रत्यहं कालपरिच्छेदनेन प्रतिसंहारो' દિગ્વ્રત નામના ગુણવ્રતમાં જીવનપર્યન્ત જે વિશાળ ક્ષેત્ર

---

१. परस्परसमुचच्ये घ०।

कथं ? प्रत्यहं प्रतिदिनं। केषां ? अणुव्रतानां अणूनि सूक्ष्माणि व्रतानि येषां तेषां श्रावकाणामित्यर्थः ॥६२॥

अथ देशावकाशिकस्य का मर्यादा इत्याह—

**गृहहारिग्रामाणां क्षेत्रनदीदावयोजनानां च।**
**देशावकाशिकस्य स्मरन्ति सीम्नां तपोवृद्धाः ॥६३॥**

तपोवृद्धाश्चिरन्तनाचार्या गणधरदेवादयः। सीम्नां स्मरन्ति मर्यादाः प्रतिपाद्यन्ते।

---

નક્કી કર્યું હતું તેમાં કાળની મર્યાદા કરીને વધારે સંકોચ કરવો તે દેશાવકાશિક શિક્ષાવ્રત છે. 'अणुव्रतानाम्' આ વ્રત અણુ (સૂક્ષ્મ) વ્રતધારીઓને–શ્રાવકોને હોય છે.

**ભાવાર્થ** :—દિગ્વ્રતમાં જીવનપર્યન્ત કરેલી વિશાળ ક્ષેત્રની મર્યાદાને પ્રતિદિન કાળ વિભાગથી ઘટાડીને, સંકુચિત ક્ષેત્રની મર્યાદાની બહારના ક્ષેત્રમાં ગમનાગમનાદિ વ્યવહારિક પ્રવૃત્તિનો ત્યાગ કરવો તે અણુવ્રતધારી શ્રાવકોનું દેશાવકાશિક શિક્ષાવ્રત છે. તેને દેશવ્રત પણ કહે છે.

દેશવ્રતમાં ઘટાડેલી મર્યાદાની બહાર નિયત કાળ સુધી ગમનાગમનાદિ પ્રવૃત્તિ નહિ હોવાથી તથા ઇચ્છાનો નિરોધ હોવાથી દ્રવ્યહિંસા અને ભાવહિંસાની રક્ષા થાય છે અને ત્યાં ભોગોપભોગની નિવૃત્તિ હોવાથી પાંચ પાપોનો સર્વથા ત્યાગ થઈ જાય છે. આથી દેશવ્રતીને મર્યાદા બહાર અમુક કાળ સુધી ઉપચારથી મહાવ્રત છે. ૯૨.

હવે દેશાવકાશિક (શિક્ષાવ્રત)ની કઈ મર્યાદાઓ છે તે કહે છે—

## દેશાવકાશિક વ્રતમાં ક્ષેત્રની મર્યાદા
### શ્લોક ૯૩

**અન્વયાર્થ** :—[तपोवृद्धाः] ગણધરદેવાદિક ચિરન્તન આચાર્ય [गृहहारिग्रामाणाम्] (પ્રસિદ્ધ), ઘર, છાવણી, ગામ [च] અને [क्षेत्रनदीदावयोजनानां] ક્ષેત્ર, નદી, જંગલ તથા (અમુક) યોજનને [देशावकाशिकस्य] દેશાવકાશિક વ્રતની [सीम्नाम्] મર્યાદા [स्मरन्ति] કહે છે.

**ટીકા** :—'तपोवृद्धाः' લાંબા કાળના આચાર્યો ગણધરદેવાદિ 'सीम्नां स्मरन्ति' મર્યાદા કહે છે. અહીં 'सीम्नाम्' શબ્દ 'स्मृ, अर्थ, दय्, અને 'ईश्'—એ ધાતુઓના

सीम्नामित्यत्र "[1]स्मृत्यर्थदयीशां कर्म" इत्यनेन षष्ठी। केषां सीमाभूतानां? गृहहारिग्रामाणां हारिः कटकं। तथा क्षेत्रनदी दावयोजनानां च दावो वनं। कस्यैतेषां सीमाभूतानां? देशावकाशिकस्य देशनिवृत्तिव्रतस्य ॥६३॥

एवं द्रव्याविधं योजनावधिं चास्य प्रतिपाद्य कालावधिं प्रतिपादयन्नाह—

**संवत्सरमृतुमयनं मासचतुर्मासपक्षमृक्षं च।**
**देशावकाशिकस्य प्राहुः कालावधिं प्राज्ञाः ॥६४॥**

---

કર્માર્થે છટ્ઠી વિભક્તિમાં છે. કઈ મર્યાદાભૂત (વસ્તુઓને)? 'गृहहारिग्रामाणाम्' ઘર, હારિ (કટક—મથક—સેનાની છાવણી) અને ગામને તથા 'क्षेत्रनदी दावयोजनानां च' ક્ષેત્ર, નદી, વન અને યોજનને (આટલા યોજન સુધી). કોની તે મર્યાદાઓ છે? 'देशावकाशिकस्य' દેશાવકાશિક વ્રતની—દેશવિરતી વ્રતની.

**ભાવાર્થ** :—દેશાવકાશિક વ્રતમાં આવાગમનાદિના ક્ષેત્રની મર્યાદા, કાળ વિભાગથી, કોઈ પ્રસિદ્ધ ઘર, ગલી (છાવણી), ગામ, ક્ષેત્ર, નદી, વન અને અમુક યોજન (સુધી) દ્વારા કરવામાં આવે છે—એમ ગણધરદેવાદિ કહે છે. આ મર્યાદાઓ પોતાની આવશ્યકતાનુસાર પ્રતિદિન યથાશક્તિ કરવામાં આવે છે.

દિગ્વ્રતમાં મર્યાદિત ક્ષેત્ર વિશાળ હોય છે અને તે ક્ષેત્રની બહાર મન—વચન—કાયાદિની પ્રવૃત્તિનો ત્યાગ જીવનપર્યન્ત હોય છે, જ્યારે દેશવ્રતમાં મર્યાદિત કરેલું ક્ષેત્ર બહુ નાનું હોય છે અને તે નાના ક્ષેત્રની બહાર આવાગમનાદિ તથા મન—વચન—કાયની પ્રવૃત્તિનો ત્યાગ અમુક દિવસ, મહિનાદિ કાળ—વિભાગથી કરવામાં આવે છે. દિગ્વ્રત કરતાં દેશવ્રતમાં પાપવિરતિનું ક્ષેત્ર બહુ વિશાળ હોય છે. દિગ્વ્રતમાં હિંસાદિ પાપની વિરતિ જીવનપર્યંત હોય છે, જ્યારે દેશવ્રતમાં પાપની વિરતિ (ત્યાગ) અમુક કાળમર્યાદાથી હોય છે, આટલો બંનેમાં તફાવત હોય છે. ૯૩.

એ પ્રમાણે તેની (દેશાવકાશિક વ્રતની) દ્રવ્યાવધિ અને યોજનાવિધિનું પ્રતિપાદન કરીને (હવે) કાળાવધિનું પ્રતિપાદન કરી કહે છે—

## દેશાવકાશિકવ્રતની કાળમર્યાદા
### શ્લોક ૯૪

**અન્વયાર્થ** :—[प्राज्ञाः] ગણધરદેવાદિક બુદ્ધિમાન પુરુષ [संवत्सरम्]

---

૧. 'अधीगर्थदयेशां कर्मणि' पाणिनीय सूत्र।

देशावकाशिकस्य कालावधिं कालमर्यादां प्राहुः। के त? प्राज्ञाः गणधरदेवादयः। किं तदित्याह संवत्सरमित्यादि—संवत्सरं यावदेतावत्येव देशे मयाऽवस्थातव्यं। तथा ऋतुमयनं वा यावत्। तथा मासचतुर्मासपक्षं यावत्। ऋक्षं च चन्द्रभुक्त्या आदित्यभुक्त्या वा इदं नक्षत्रं यावत्॥६४॥

एवं देशावकाशिकव्रते कृते सति ततः परतः किं स्यादित्याह—

**सीमान्तानां परतः स्थूलेतरपञ्चपापसंत्यागात्।**
**देशावकाशिकेन च महाव्रतानि प्रसाध्यन्ते॥६५॥**

---

એક વર્ષ [ऋतुः] બે માસ, [अयनम्] છ માસ, [मासचतुर्मासपक्षम्] એક માસ, ચાર માસ, પક્ષ (પખવાડિયું—પંદર દિવસ) [च] અને [ऋक्षं] એક નક્ષત્ર સુધી—એ રીતે [देशावकाशिकस्य] દેશાવકાશિકવ્રતની [कालावधिं] કાળની મર્યાદા [प्राहुः] કહે છે.

**ટીકા** :—'देशावकाशिकस्य कालावधिं प्राहुः' દેશાવકાશિકવ્રતની કાળમર્યાદા કહે છે. (કોણ કહે છે?) 'प्राज्ञाः' ગણધરદેવાદિ. 'તે શું છે?' તે કહે છે—'संवत्सरमित्यादि' એક વર્ષ સુધી મારે આટલા જ ક્ષેત્રમાં રહેવું, તથા 'ऋतु' એટલે બે માસ, 'अयनं' એટલે છ માસ તથા એક માસ, ચાર માસ, એક પખવાડિયું અને 'ऋक्षं' એટલે ચંદ્રભુક્તિ વા આદિત્યભુક્તિ આ નક્ષત્ર સુધી (મારે એકલા જ ક્ષેત્રમાં રહેવું—એવી સમયની મર્યાદાને દેશાવકાશિકવ્રતની કાળમર્યાદા કહે છે.)

**ભાવાર્થ** :—દેશાવકાશિકવ્રતમાં કાળની મર્યાદા, એક વર્ષ (બે વર્ષ આદિ), બે માસ (વસન્ત, હેમન્ત આદિ છ ઋતુ), છ માસ (અયન—ઉત્તરાયણ અને દક્ષિણાયન), માસ, ચાતુર્માસ (વર્ષાકાળ, શીતકાળ અને ઉષ્ણકાળ), પક્ષ (શુકલ પક્ષ અને કૃષ્ણપક્ષ) અને ઋક્ષ (નક્ષત્ર) સુધી યથાશક્તિ દરરોજ કરવામાં આવે છે. ૯૪.

એ પ્રમાણે દેશાવકાશિક વ્રત કરવામાં આવતાં તેની (મર્યાદાની) બહાર શું થાય છે? તે કહે છે—

## દેશવ્રતીને મર્યાદા બહાર ઉપચારથી મહાવ્રત
## શ્લોક ૯૫

**અન્વયાર્થ** :—[सीमान्तानाम्] (દેશાવકાશિક વ્રતમાં કરેલી) સીમા (મર્યાદા)ની

**प्रसाध्यन्ते व्यवस्थाप्यन्ते। कानि? महाव्रतानि। केन? देशावकाशिकेन च न केवलं दिग्विरत्यापितु देशावकाशिकेनापि। कुतः? स्थूलेतरपंचपापसंत्यागात् स्थूलेतराणि च तानि हिंसादिलक्षणपंचपापानि च तेषां सम्यक् त्यागात्। क्व? सीमान्तानां परतः देशावकाशिकव्रतस्य सीमाभूता ये 'अन्ताधर्मा' गृहादयः संवत्सरादिविशेषाः तेषां वा अन्ताः पर्यन्तास्तेषां परतः परस्मिन् भागे॥९५॥**

---

[परतः] બહાર [स्थूलेतरपञ्चपापसंत्यागात्] સ્થૂળ અને સૂક્ષ્મ–બંને પ્રકારનાં પાપોનો ત્યાગ હોવાથી [देशावकाशिकेन] દેશાવકાશિક વ્રત દ્વારા [महाव्रतानि] મહાવ્રત [प्रसाध्यन्ते] (ઉપચારથી) સિદ્ધ થાય છે.

**ટીકા** :—'प्रसाध्यन्ते' સાધવામાં આવે છે–સ્થાપવામાં આવે છે. શું? 'महाव्रतानि' મહાવ્રત. કોની દ્વારા? 'देशावकाशिकेन च' દેશાવકાશિકવ્રત દ્વારા અર્થાત્ ન કેવલ દિગ્વિરતિવ્રત દ્વારા પરંતુ દેશાવકાશિકવ્રત દ્વારા પણ. શાથી? 'स्थूलेतरपञ्चपापसंत्यागात्' સ્થૂળ અને સૂક્ષ્મ હિંસાદિરૂપ પાંચ પાપોના સમ્યક્ ત્યાગથી. કયા (ત્યાગ)? 'सीमान्तानां परतः' દેશાવકાશિકવ્રતની સીમા (મર્યાદા)રૂપ ગૃહાદિ અંત (અંતિમ હદ–રેખા) સુધી તથા સંવત્સરાદિ કાળ–વિશેષના અંત સુધી, (દેશાવકાશિકવ્રતમાં કરેલી) મર્યાદાની બહારના ભાગમાં (ક્ષેત્રમાં) હિંસાદિ પાપોના ત્યાગથી ઉપચારથી મહાવ્રત સાધિત થાય છે.

**ભાવાર્થ** :—દેશાવકાશિકવ્રતની ક્ષેત્ર–મર્યાદાની બહાર દિગ્વ્રતની જેમ દેશવ્રતીને પણ સ્થૂળ અને સૂક્ષ્મ બંને પ્રકારનાં પાપોનો અભાવ હોવાથી તેનું દેશવ્રત મર્યાદા બહાર મહાવ્રત જેવું થઈ જાય છે–અર્થાત્ તેનું દેશવ્રત મર્યાદા બહાર ઉપચારથી મહાવ્રત છે, પરંતુ સાક્ષાત્ મહાવ્રત નથી, કારણ કે તેને મહાવ્રતના ભાવને ઘાતવામાં નિમિત્તરૂપ પ્રત્યાખ્યાનાવરણ કષાયનો સદ્ભાવ છે.[1]

"જે મનુષ્યે જીવનપર્યન્ત દક્ષિણમાં કન્યાકુમારી અને ઉત્તરમાં હિમાલય સુધીની દિગ્વ્રતની મર્યાદા કરી છે, તે હંમેશા તો હિમાલય કે કન્યાકુમારી જતો નથી, તેથી તે પ્રતિજ્ઞા કરે છે કે 'હું અમુક દિવસ સુધી ભાવનગરમાં જ રહીશ, તેની બહાર જઈશ નહિ.' તો તેટલા સમય સુધી ભાવનગરની હદની બહારના પ્રદેશમાં અહિંસાનું સર્વ પ્રકારે પાલન હોવાથી તેનું દેશાવકાશિકવ્રત ઉપચારથી મહાવ્રત નામ પામે છે. ૯૫.

---

૧. જુઓ, શ્લોક ૭૧નો ભાવાર્થ.

इदानीं तदतिचारान् दर्शयन्नाह—

**प्रेषणशब्दानयनं रूपाभिव्यक्तिपुद्गलक्षेपौ।**
**देशावकाशिकस्य व्यपदिश्यन्तेऽत्ययाः पञ्च ॥९६॥**

अत्यया अतिचाराः। पंच व्यपदिश्यन्ते कथ्यन्ते। के ते? इत्याह— प्रेषणेत्यादिमर्यादीकृते देशे स्वयं स्थितस्य ततो बहिरिदं कुर्विति विनियोगः प्रेषणं। मर्यादीकृतदेशाद्बहिर्व्यापारं कुर्वतः कर्मकरान् प्रति खात्करणादिः शब्दः। तद्देशाद्बहिः प्रयोजनवशादिदमानयेत्याज्ञापनमानयनं। मर्यादीकृतदेशे स्थितस्य बहिर्देशे कर्म कुर्वतां कर्मकरणां स्वविग्रहप्रदर्शनं रूपाभिव्यक्तिः। तेषामेव लोष्टादिनिपातः पुद्गलक्षेपः॥९६॥

---

હવે તેના (દેશાવકાશિક વ્રતના) અતિચારો દર્શાવીને કહે છે—

## દેશાવકાશિક વ્રતના પાંચ અતિચારો
### શ્લોક ૯૬

**અન્વયાર્થ** :—(દેશાવકાશિક વ્રતમાં કહેલી મર્યાદાની બહાર) [प्रेषणशब्दानयनं] પ્રેષણ (મોકલવું), શબ્દ (શબ્દ કરવો), આનયન (મંગાવવું), [रूपाभिव्यक्तिपुद्गलक्षेपौ] રૂપાભિવ્યક્તિ (પોતાનું રૂપ બતાવવું) અને પુદ્‌ગલક્ષેત્ર (પથ્થર આદિ ફેંકવા)—એ [पञ्च] પાંચ [देशावकाशिकस्य] દેશાવકાશિક વ્રતના [अत्ययाः] અતિચારો [व्यपदिश्यन्ते] કહેવામાં આવ્યા છે.

**ટીકા** :—'अत्ययाः' અતિચારો. કોના? 'देशावकाशिकस्य' દેશાવકાશિક વ્રતના–દેશવ્રતના. કેટલાં? 'पञ्च व्यपदिश्यन्ते' પાંચ કહેવામાં આવ્યા છે. 'કયા તે?' તે કહે છે—'प्रेषणेत्यादि' મર્યાદિત ક્ષેત્રમાં પોતે ઊભો હોય ત્યાંથી બહાર 'આ કરો' એવો વિનિયોગ તે 'प्रेषणः' (મોકલવું તે), મર્યાદિકૃત ક્ષેત્રની બહાર કામ કરતા નોકરો પ્રતિ તાલી, ખાંસી આદિનો શબ્દ કરવો તે 'शब्दः', તે ક્ષેત્રની બહાર પ્રયોજનવશ 'આ લાવો' એવી આજ્ઞા કરવી તે 'आनयनं' (મંગાવવું), મર્યાદિકૃત ક્ષેત્રમાં (પોતે) ઊભો હોય ત્યાંથી બહારના ક્ષેત્રમાં કામ કરતા કાર્યકરોને પોતાનું શરીર બતાવવું તે 'रूपाभिव्यक्तिः' અને તેમના પ્રતિ કાંકરા–પથ્થર આદિ ફેંકવા તે 'पुद्गलक्षेपः' છે.

**ભાવાર્થ** :—દેશાવકાશિક વ્રતના પાંચ અતિચાર—

एवं देशावकाशिकरूपं शिक्षाव्रतं व्याख्यायेदानीं सामायिकरूपं तद्व्याख्यातुमाह—

**आसमयमुक्ति मुक्तं पञ्चाघानामशेषभावेन।**
**सर्वत्र च सामायिकाः सामायिकं नाम शंसन्ति॥९७॥**

---

१. પ્રેષણ—'આ કરો' એમ કહીને કોઈને મર્યાદાની બહાર મોકલવો.

૨. શબ્દ—મર્યાદાની બહાર કામ કરતા નોકર વગેરેને તાલી, ખાંસી આદિનો શબ્દ કરી ઈશારો કરવો.

૩. આનયન—'આ લાવો' એમ કહી મર્યાદાની બહારથી કોઈ વસ્તુ મંગાવવી.

૪. રૂપાભિવ્યક્તિ—મર્યાદાની બહાર કામ કરતા માણસોને પોતાનું શરીર આદિ બતાવી સૂચના કરવી.

૫. પુદ્‌ગલક્ષેપ—મર્યાદાની બહાર કામ કરતા માણસોને ઈશારો કરવા માટે કંકર, પથ્થર આદિ ફેંકવા.

પોતે મર્યાદાની અંદર ઊભો રહે, પરંતુ મર્યાદા બહાર કામ કરતા માણસો પ્રતિ આવા ઈશારા કરે તે યા તેમની સાથે આવી રીતે સંબંધ રાખે તે અતિચાર[1] છે, અર્થાત્ વ્રતનો એકદેશ ભંગ છે.

એ પ્રમાણે દેશાવકાશિકરૂપ શિક્ષાવ્રતનું વ્યાખ્યાન કરીને હવે સામાયિકરૂપ શિક્ષાવ્રતનું વ્યાખ્યાન કરવાને કહે છે—

## સામાયિક શિક્ષાવ્રતનું લક્ષણ
### શ્લોક ૯૭

**અન્વયાર્થ** :—[सामायिकाः] આગમના જાણનાર—ગણધરદેવાદિ [अशेषभावेन] સર્વ ભાવથી (અર્થાત્ મન–વચન–કાય અને કૃત–કારિત–અનુમોદનાથી) [सर्वत्र] સર્વત્ર (અર્થાત્ મર્યાદાની બહાર અને અંદર) [आसमयमुक्ति] સામાયિક માટે નિશ્ચિત કરેલા સમય સુધી (અર્થાત્ સામાયિક માટે કરેલી પ્રતિજ્ઞાનો સમય પૂર્ણ થાય ત્યાં સુધી)

---

૧. દેશવ્રતના અતિચાર—आनयनप्रेष्यप्रयोगशब्दरूपानुपातपुद्‌गलक्षेपाः।

(તત્ત્વાર્થસૂત્ર અધ્યાય ૭/૩૧.)

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**सामयिकं नाम स्फुटं शंसन्ति प्रतिपादयन्ति। के ते? सामयिकाः समयमागमं विन्दन्ति ये ते सामायिका गणधरदेवादयः। किं तत्? मुक्तं मोचनं परिहरणं यत् तत् सामयिकं। केषां मोचनं? पंचाघानां हिंसादिपंचपापानां। कथं? आसमयमुक्ति वक्ष्यमाणलक्षणसमयमोचनं आ समन्ताद्व्याप्य गृहीतनियमकालमुक्तिं यावदित्यर्थः। कथं तेषां मोचनं? अशेषभावेन सामस्त्येन न पुनर्देशतः। सर्वत्र च अवधेः परभागे अपरभागे च। अनेन देशावकाशिकादस्य भेदः प्रतिपादितः॥६७॥**

---

[पंचाघानाम्] પાંચ (હિંસાદિ) પાપોના [मुक्तं] ત્યાગને [सामयिकं नाम] સામાયિક નામનું શિક્ષાવ્રત [शंसन्ति] કહે છે.

**ટીકા** :—'सामयिकं नाम शंसन्ति' ખરેખર સામાયિક (શિક્ષાવ્રત) કહે છે—સામાયિકનું પ્રતિપાદન કરે છે. કોણ તે? 'सामयिकाः' સમય એટલે આગમને (શાસ્ત્રને) જે જાણે છે તે સામાયિકો—ગણધરદેવાદિ. શું તે? 'मुक्तं' જે છોડવું તે—ત્યાગવું તે સામાયિક છે. કોનું ત્યાગવું? 'पञ्चाघानाम्' હિંસાદિ પાંચ પાપોનું. કઈ રીતે? 'आसमयमुक्ति' કરવા ધારેલી પ્રતિજ્ઞાનો સમય છૂટે—સર્વ તરફથી વ્યાપ્ત અર્થાત્ પૂરો થાય ત્યાં સુધી—સામાયિક માટે સ્વીકારેલો નિશ્ચિત કાળ છૂટે અર્થાત્ પૂર્ણ થાય ત્યાં સુધી એવો અર્થ છે. તેમનું (પાંચ પાપોનું) કઈ રીતે મોચન—ત્યાગ? 'अशेषभावेन' (તે ત્યાગ) સમસ્ત ભાવથી (સંપૂર્ણરૂપથી), એકદેશથી નહિ; અને 'सर्वत्र' સર્વત્ર અર્થાત્ મર્યાદાની બહાર અને અંદર. આનાથી દેશાવકાશિકના ભેદનું (સામાયિક શિક્ષાવ્રતનું) પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

**ભાવાર્થ** :—સામાયિક વખતે કરેલી મર્યાદાની અંદર અને બહાર—સર્વત્ર (બધી જગ્યાએ) સામાયિક માટે નિશ્ચિત કરેલા સમય સુધી, હિંસાદિ પાંચે પાપોના મન—વચન—કાય અને કૃત—કારિત—અનુમોદનાથી કરેલા ત્યાગને ગણધરદેવાદિ સામાયિક શિક્ષાવ્રત કહે છે.

પોતાની કરેલી મર્યાદામાં પણ સામાયિકના નિશ્ચિત કાળ સુધી ભોગોપભોગનો સર્વથા ત્યાગ કરવાથી, સામાયિક વ્રતધારી શ્રાવક પણ મુનિવત્ પાંચ પાપોથી સર્વથા રહિત થઈ જાય છે.

સામાયિક વ્રતમાં હિંસાદિ પાંચે પાપોનો સર્વથા ત્યાગ હોય છે અને રાગ—દ્વેષના ત્યાગરૂપ સર્વ પ્રાણીઓ પ્રત્યે સામ્યભાવ હોય છે. વળી કહ્યું છે કે—

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

आसमयमुक्तीत्यत्र यः समयशब्दः प्रतिपादितस्तदर्थं व्याख्यातुमाह—

**मूर्धरुहमुष्टिवासोबन्धं पर्य्यङ्कबन्धनं चापि।**
**स्थानमुपवेशनं वा समयं जानन्ति समयज्ञाः ॥९८॥**

समयज्ञा आगमज्ञाः। समयं जानन्ति। किं तत् ? मूर्धरुहमुष्टिवासोबन्धं, बन्धशब्दः प्रत्येकमभिसम्बद्ध्यते मूर्धरूहाणां केशानां बन्धं बन्धकालं समयं जानन्ति। तथा मुष्टिबन्धं

---

समता सर्वभूतेषु संयमे शुभभावना।
आर्त्तरौद्रपरित्यागस्तद्धि सामायिकं व्रतम् ॥

સર્વ પ્રાણીઓ તરફ સમતાભાવ, સંયમ (ઇન્દ્રિય—સંયમ અને પ્રાણી—સંયમ) માટે શુભ ભાવના અને આર્ત્ત તથા રૌદ્ર પરિણામનો ત્યાગ—તે સામાયિક વ્રત છે.

“રાગ—દ્વેષના ત્યાગથી બધા ઇષ્ટ—અનિષ્ટ પદાર્થોમાં સામ્યભાવને અંગીકાર કરીને આત્મતત્ત્વની પ્રાપ્તિનું મૂળકારણ સામાયિક છે તે વારંવાર કરવું, તેને સામાયિક શિક્ષાવ્રત કહે છે.”

“સમ્” એટલે એકરૂપ અને ‘અય’ એટલે આત્માના સ્વરૂપમાં ગમન—તે ‘સમય’ થયું. એવો ‘સમય’ જેનું પ્રયોજન છે તેને સામાયિક કહે છે. આ સામાયિક સમતાભાવ વિના થઈ શકે નહિ.”[૧] ૯૭

‘आसमयमुक्तिः’ અહીં જે સમય શબ્દ કહ્યો છે તેના અર્થનું વ્યાખ્યાન કરવાને કહે છે—

## સમય શબ્દનો અર્થ
## શ્લોક ૯૮

**અન્વયાર્થ :—**[समयज्ञाः] શાસ્ત્રના જાણકાર જ્ઞાની પુરુષ [मूर्धरुहमुष्टि-वासोबन्धं] કેશબંધ, મુષ્ટિબંધ અને વસ્ત્રબંધના (કાળને), [पर्य्यङ्कबन्धनं] પદ્માસનના કાળને [चापि] વળી [स्थानम्] ઊભા રહેવાના કાળને [वा] અથવા [उपवेशनम्] બેસવાના કાળને [समयं] સમય [जानन्ति] જાણે છે—કહે છે.

**ટીકા :—**‘समयज्ञाः’ આગમના જાણનારા—જાણકાર, ‘समयं जानन्ति’ સમય કહે છે. તે શું છે? ‘मूर्धरुहमुष्टिवासोबन्धं’ बन्ध શબ્દ પ્રત્યેક સાથે સંબંધ રાખે છે.

---

૧. પુરુષાર્થસિદ્ધિ—ઉપાય, ગુજરાતી આવૃત્તિ શ્લોક ૧૪૮ ટીકા—ભાવાર્થ.

वासोबन्धं वस्त्रग्रन्थि पर्यङ्कबन्धनं चापि उपविष्टकायोत्सर्गमपि च स्थानमूर्ध्वकायोत्सर्ग उपवेशनं वा सामान्येनोपविष्टावस्थानमपि समयं जानन्ति ॥९८॥

एवंविधे[1] समये भवत् यत्सामायिकं पंचप्रकारपापात् साकल्येन व्यावृत्तिस्वरूपं तस्योत्तरोत्तरा वृद्धिः कर्तव्येत्याह—

**एकान्ते सामयिकं निर्व्याक्षेपे वनेषु वास्तुषु च।**
**चैत्यालयेषु वापि च परिचेतव्यं प्रसन्नधिया ॥९९॥**

परिचेतव्यं वृद्धिं नेतव्यं। किं तत्? सामायिकं। क्व? एकान्ते

---

'मूर्धरुहबंध' કેશોના બંધને–બંધનકાળને સમય કહે છે, તથા 'मुष्टिबन्धं' મૂઠીબંધનના કાળને (અર્થાત્ મૂઠી બંધ રહે ત્યાં સુધીના કાળને), 'वासोबन्धं' વસ્ત્રબંધનના કાળને (અર્થાત્ વસ્ત્રમાં ગાંઠ રહે ત્યાં સુધીના કાળને), 'पर्यंकबन्धनं' પદ્માસનના કાળને અર્થાત્ ઉપવિષ્ટ કાયોત્સર્ગના કાળને, 'स्थानम्' ઊર્ધ્વ કાયોત્સર્ગના કાળને અને 'उपवेशनम्' સામાન્યતઃ ઉપવિષ્ટ આસનના કાળને પણ સમય કહે છે.

**ભાવાર્થ** :—જ્યાં સુધી ચોટલીમાં ગાંઠ (બંધન) રહે, મૂઠી બાંધેલી રહે, વસ્ત્રમાં ગાંઠ રહે, પર્યંકાસન–પદ્માસન રહે અને ખડ્ગાસન રહે ત્યાં સુધીના કાળને જ્ઞાની પુરુષો સામાયિક માટેનો સમય કહે છે. ૯૮.

એવા પ્રકારના સમયમાં, પાંચ પ્રકારનાં પાપોથી સર્વથા વ્યાવૃત્તિરૂપ જે સામાયિક થાય તેની ઉત્તરોત્તર વૃદ્ધિ કરવી જોઈએ, એમ કહે છે—

## સામાયિકની વૃદ્ધિયોગ્ય સ્થાન
### શ્લોક ૯૯

**અન્વયાર્થ** :—[निर्व्याक्षेपे] ઉપદ્રવ રહિત [एकान्ते] એકાંત સ્થળમાં, [वनेषु] વનમાં, [वास्तुषु] એકાંત ઘર યા ધર્મશાળાઓમાં [च] અને [चैत्यालयेषु] ચૈત્યાલયોમાં, [अपि च] તથા પર્વતની ગુફા આદિમાં પણ, [प्रसन्नधिया] પ્રસન્ન ચિત્તથી [सामायिकं] સામાયિકની [परिचेतव्यम्] વૃદ્ધિ કરવી જોઈએ.

**ટીકા** :—'परिचेतव्यम्' વધારવી જોઈએ. શું તે? 'सामायिकम्' સામાયિક. ક્યાં? 'एकान्ते' સ્ત્રી, પશુ અને નપુંસકથી રહિત પ્રદેશમાં. કેવા (પ્રદેશમાં)?

---

१. एवंविधसमये घ।

[1]स्त्रीपशुपाण्डुकिविवर्जिते प्रदेशे। कथंभूते? निर्व्याक्षेपे चित्तव्याकुलतारहिते शीतवातदंशमशकादिबाधावर्जित इत्यर्थः इत्थंभूते एकान्ते। क्व? वनेषु अटवीषु, वास्तुषु च गृहेषु, चैत्यालयेषु च अपिशब्दाद्गिरिगह्वरादिपरिग्रहः। केन चेतव्यं? प्रसन्नधिया प्रसन्ना अविक्षिप्ता धीर्यस्यात्मनस्तेन अथवा प्रसन्नासौ धीश्च तया कृत्वा आत्मना परिचेतव्यमिति॥९९॥

इत्थंभूतेषु स्थानेषु कथं तत्परिचेतव्यमित्याह—

**व्यापारवैमनस्याद्विनिवृत्त्यामन्तरात्मविनिवृत्त्या।**
**सामयिकं बध्नीयादुपवासे [2]चैकभुक्ते वा॥१००॥**

---

'निर्व्याक्षेपे' ચિત્તની વ્યાકુળતા રહિત (પ્રદેશમાં), શીત, વાત, ડાંસ, મચ્છર આદિની બાધા (ઉપદ્રવ) રહિત (પ્રદેશમાં)—એવો અર્થ છે. આવા એકાન્તમાં. ક્યાં? 'वनेषु' વનમાં—જંગલમાં, 'वास्तुषु' (નિર્જન) ઘરોમાં, 'चैत्यालयेषु च' ચૈત્યાલયોમાં 'अपि च' અને 'अपि' શબ્દથી ગિરિગુફા આદિમાં સમજવું. શા વડે વધારવું જોઈએ? 'प्रसन्नधिया' પ્રસન્નચિત્તવાળા આત્માએ અથવા પ્રસન્નચિત્તથી આત્માએ (સામાયિક) વધારવી જોઈએ.

**ભાવાર્થ** :—ડાંસ–મચ્છર આદિ પરિષહના ઉપદ્રવરહિત સ્થાનમાં, સ્ત્રી–પશુ–નપુંસકાદિથી રહિત એકાન્તમાં, વનમાં, એકાન્ત ઘરમાં યા ધર્મશાળામાં, ચૈત્યાલયોમાં અને પર્વતની ગુફા આદિમાં પ્રસન્ન (એકાગ્ર) ચિત્તથી સામાયિક કરવી જોઈએ અને સદા તેની વૃદ્ધિ કરવી જોઈએ. ૯૯.

આવા પ્રકારનાં સ્થાનોમાં સામાયિકને કઈ રીતે વધારવી તે કહે છે—

## સામાયિકની વૃદ્ધિ કરવાની રીત
### શ્લોક ૧૦૦

**અન્વયાર્થ** :—[व्यापारवैमनस्यात्] શરીરાદિની ચેષ્ટા અને મનોવ્યગ્રતાથી [विनिवृत्याम्] નિવૃત્ત થતાં [अन्तरात्माविनिवृत्या] માનસિક વિકલ્પોની નિવૃત્તિ કરીને [उपवासे] ઉપવાસના દિને [च] અને [एकभुक्ते] એકાશનના દિને [सामयिकं] સામાયિક [बध्नीयात्] કરવું (વધારવું) જોઈએ.

---

૧. 'वाय्वग्निदोषाद् वृषणौ तु यस्य नाशं गतौ वातकपाण्डुकिः सः' इति पाण्डुकिलक्षणम्।
२. चैकभक्ते वा घ।

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



बध्नीयादनुतिष्ठेत्। किं तत्? सामयिकं। कस्यां सत्यां? विनिवृत्त्यां। कस्मात्? व्यापारवैमनस्यात् व्यापारः कायादिचेष्टा वैमनस्यं मनोव्यग्रता चित्तकालुष्यं वा तस्माद्विनिवृत्यामपि सत्यां अन्तरात्मविनिवृत्या कृत्वा तद्बध्नीयात् अन्तरात्मनो मनोविकल्पस्य विशेषेण निवृत्या। कस्मिन् सति तस्यां तया तद्बध्नीयात्? उपवासे चैकभुक्ते वा॥१००॥

इत्थंभूतं तत्किं कदाचित्परिचेतव्यमन्यथा चेत्यत्राह—

**सामयिकं प्रतिदिवसं यथावदप्यनलसेन चेतव्यं।**
**व्रतपञ्चकपरिपूरणकारणमवधानयुक्तेन॥१०१॥**

---

**ટીકા** :—'बध्नीयात्' કરવું જોઈએ. શું તે? 'सामयिकं' સામાયિક. શું થતાં? 'विनिवृत्याम्' નિવૃત્ત થતાં. કોનાથી? 'व्यापारवैमनस्यात्' व्यापारः કાયાદિની ચેષ્ટા, 'वैमनस्यं' મનની વ્યગ્રતા—ચિત્તની કલુષતા—તેમનાથી (કાયચેષ્ટા અને મનોવ્યગ્રતાથી) નિવૃત્તિ હોવા છતાં 'अंतरात्मविनिवृत्या' ખાસ કરીને (માનસિક) વિકલ્પોની નિવૃત્તિ કરીને તે (સામાયિક) કરવું જોઈએ. તે નિવૃત્તિ થતાં ક્યારે તે કરવું જોઈએ (વધારવું જોઈએ)? 'उपवासे चैकभुक्ते वा' ઉપવાસના દિવસે અથવા એકાશનના દિવસે.

**ભાવાર્થ** :—મન—વચન—કાયની પ્રવૃત્તિ અને મનની વ્યગ્રતાથી નિવૃત્ત થતાં, મનના વિકલ્પોને રોકી ઉપવાસ યા એકાશનના દિવસે વિશેષ રીતિથી સામાયિક કરવું જોઈએ, જેથી તેની વૃદ્ધિ થાય.

"તે સામાયિક રાત્રિ અને દિવસના અંતે એકાગ્રતાપૂર્વક અવશ્ય કરવું જોઈએ અને જો અન્ય સમયે કરવામાં આવે તો તે સામાયિક કાર્ય દોષનો હેતુ નથી, પણ તે ગુણને માટે જ હોય છે."[1] ૧૦૦.

આવા પ્રકારનું સામાયિક શું ક્યારેક કરવું જોઈએ કે અન્ય રીતે? તે અહીં કહે છે—

## પ્રતિદિન સામાયિક કરવાનો ઉપદેશ
### શ્લોક ૧૦૧

**અન્વયાર્થ** :—[अनलसेन] આલસ્યરહિત અને [अवधानयुक्तेन] ચિત્તની

---

૧. પુરુષાર્થસિદ્ધિ—ઉપાય ગુજરાતી આવૃત્તિ શ્લોક ૧૪૯.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

चेतव्यं वृद्धिं नेतव्यं। किं? सामायिकं। कदा? प्रतिदिवसमपि न पुनः कदाचित् पर्वदिवस एव। कथं? यथावदपि प्रतिपादितस्वरूपानतिक्रमेणैव। कथंभूतेन? अनलसेनाऽऽलस्यरहितेन उद्यतेनेत्यर्थः। तथाऽवधानयुक्तेनैकाग्रचेतसा। कुतस्तदित्थं परिचेतव्यं? व्रतपंचकपरिपूरणकारणं यतः व्रतानां हिंसाविरत्यादीनां पंचकं तस्य परिपूरणत्वं महाव्रतरूपत्वं तस्य कारणं। यथोक्तसामायिकानुष्ठानकाले हि अणुव्रतान्यपि महाव्रतत्वं प्रतिपद्यन्तेऽतस्तत्कारणं॥१०१॥

---

એકાગ્રતાથી યુક્ત શ્રાવકે [व्रतपंचकपरिपूरणकारणं] જે પાંચ વ્રતોની પૂર્તિના કારણ છે, એવું [सामयिकम्] સામાયિક [प्रतिदिवसं अपि] દરરોજ પણ [यथावद् अपि] યોગ્યવિધિ અનુસાર જ [परिचेतव्यम्] કરવું જોઈએ.

**ટીકા** :—'चेतव्यं' વધારવું જોઈએ. કોને? 'सामयिकं' સામાયિકને. ક્યારે 'प्रतिदिवसमपि' કદાચિત્ અર્થાત્ પર્વના દિવસે જ ફક્ત નહિ, પરંતુ દરરોજ (તેની વૃદ્ધિ કરવી જોઈએ). કઈ રીતે? 'यथावदपि' શાસ્ત્રોક્ત સામાયિકના સ્વરૂપનું (વિધિનું) ઉલ્લંઘન કર્યા વગર જ (અર્થાત્ વિધિ પ્રમાણે). કેવાં થઈને? 'अनलसेन' આલસ્ય (આળસ) રહિત—તત્પર થઈને એવો અર્થ છે, તથા 'अवधानयुक्तेन' ચિત્તની એકાગ્રતાથી યુક્ત થઈને. શ્રાવકે શા માટે આવા સામાયિકને વધારવું જોઈએ? 'व्रतपञ्चकपरिपूरणकारणम्' કારણ કે તે સામાયિક હિંસાવિરતિ આદિ પાંચ વ્રતોની પરિપૂર્ણતાનું—મહાવ્રતરૂપતાનું કારણ છે. યથોક્ત સામાયિકના અનુષ્ઠાન (આચરણ) કાળે અણુવ્રતો પણ મહાવ્રતપણાને પામે છે. તેથી તે (સામાયિક) તેનું (મહાવ્રતનું) કારણ છે.

**ભાવાર્થ** :—આળસરહિત એકાગ્રચિત્તથી શ્રાવકે શાસ્ત્રોક્ત વિધિ અનુસાર દરરોજ સામાયિક કરવું જોઈએ, કારણ કે વિધિપૂર્વક કરેલા સામાયિકના કાળે અણુવ્રતો પણ મહાવ્રતપણાને પામે છે—અર્થાત્ અણુવ્રતો પણ ઉપચારથી મહાવ્રત થઈ જાય છે. એમ સામાયિક મહાવ્રતનું કારણ છે.

સામાયિક કાળે અણુવ્રતીને હિંસાદિ પાંચે પાપોનો, મુનિવત્ સર્વથા ત્યાગ હોય છે, તેથી તેનું અણુવ્રત મહાવ્રત સદૃશ છે, પરંતુ સાક્ષાત્ મહાવ્રત નથી, કારણ કે મહાવ્રતનો ઘાતક પ્રત્યાખ્યાનાવરણ કષાય હજુ વિદ્યમાન છે.

## સામાયિક કરવાની સ્થૂળ વિધિ

"......શ્રાવકે બંને સમયે (સવાર–સાંજ) અથવા ત્રણ સમય (સવાર, બપોર અને સાંજ) બે ઘડી, ચાર ઘડી કે છ ઘડી સુધી પાંચે પાપોનો તથા આરંભ–પરિગ્રહનો ત્યાગ

एतदेव समर्थयमानः प्राह—

**सामयिके सारम्भाः परिग्रहा नैव सन्ति सर्वेऽपि।**
**चेलोपसृष्टमुनिरिव गृही तदा याति यतिभावं॥१०२॥**

सामयिके सामायिकावस्थायां। नैव सन्ति न विद्यन्ते। के ? परिग्रहाः सङ्गाः। कथंभूताः। सारम्भाः कृष्याद्यारम्भसहिताः। कति ? सर्वेऽपि बाह्याभ्यन्तराश्चेतनेतरादिरूपा वा। यत एवं ततो याति प्रतिपद्यते। कं ? यतिभावं यतित्वं। कोऽसौ ? गृही श्रावकः।

---

કરીને એકાન્ત સ્થાનમાં શુદ્ધ મન કરીને પહેલાં પૂર્વ દિશામાં નમસ્કાર કરવા; પછી નવ વાર નમસ્કાર મંત્રનો જાપ કરવો, પછી ત્રણ આવર્તન કરવા, એક શિરોનતિ કરવી આ રીતે ચારે દિશાઓમાં કરીને ખડ્ગાસન અથવા પદ્માસન કરીને સામાયિક કરવું અને જ્યારે સામાયિક પૂર્ણ થઈ જાય ત્યારે અંતે પણ શરૂઆતની પેઠે નવ વાર નમસ્કાર મંત્રનો જાપ, ત્રણ–ત્રણ આવર્તન અને એક–એક શિરોનતિ એ જ પ્રમાણે કરવી......''[1]

(સામાયિકની વિધિ માટે જુઓ–શ્લોક ૧૩૯ની ટીકા)

એનું જ (સામાયિક કાળમાં અણુવ્રત મહાવ્રતપણાને પ્રાપ્ત થાય છે એનું જ) સમર્થન કરીને કહે છે—

## સામાયિક વ્રતધારી મુનિ તુલ્ય છે
## શ્લોક ૧૦૨

**અન્વયાર્થ** :—[सामयिके] સામાયિકના સમયમાં [सारम्भाः] કૃષિ આદિ આરંભ સહિત [सर्वेऽपि] બધાય અંતરંગ અને બહિરંગ [परिग्रहाः] પરિગ્રહો [न एव सन्ति] હોતા જ નથી, તેથી [तदा] તે સમયે [गृही] ગૃહસ્થ, [चेलोपसृष्टमुनिः इव] વસ્ત્ર ઓઢેલા (ઉપસર્ગગ્રસ્ત) મુનિ સમાન [यतिभावम्] મુનિભાવને (મુનિપણાને) [याति] પ્રાપ્ત કરે છે.

**ટીકા** :—'सामयिके' સામાયિકની અવસ્થામાં (સામાયિક કાળે) 'नैव सन्ति' હોતા જ નથી. શું (હોતા નથી)? 'परिग्रहाः' પરિગ્રહો. કેવા? 'सारम्भाः' કૃષિ આદિ આરંભ સહિત. કેટલા? 'सर्वेऽपि' બધાય અર્થાત્ ચેતન–અચેતનરૂપ બાહ્ય અને આભ્યન્તર (પરિગ્રહો). તેથી 'याति' પ્રાપ્ત કરે છે. શું? 'यतिभावं' મુનિપણાને. કોણ તે? 'गृही'

---

૧. પુરુષાર્થસિદ્ધિ–ઉપાય ગુજરાતી આવૃત્તિ, શ્લોક ૧૪૯નો ભાવાર્થ.

कदा? सामायिकावस्थायां। क इव? चेलोपसृष्टमुनिरिव चेलेन वस्त्रेण उपसृष्टः उपसर्गवशाद्वेष्टितः स चासौ मुनिश्च स इव तद्वत्॥१०२॥

तथा सामायिकं स्वीकृतवन्तो ये तेऽपरमपि किं कुर्वन्तीत्याह—

**शीतोष्णदंशमशकपरीषहमुपसर्गमपि च मौनधराः।**
**सामयिकं प्रतिपन्ना अधिकुर्वीरन्नचलयोगाः॥१०३॥**

---

શ્રાવક. ક્યારે? 'सामायिके' સામાયિકની અવસ્થામાં. કોની જેમ? 'चेलोपसृष्टमुनिः इव' ઉપસર્ગના કારણે વસ્ત્રથી વેષ્ટિત (ઓઢાડેલા) મુનિની જેમ.

**ભાવાર્થ** :—સામાયિકના સમયે સામાયિક વ્રતધારી શ્રાવકને. સર્વે પ્રકારના આરંભ અને અંતરંગ તથા બહિરંગ પરિગ્રહોનો સર્વથા અભાવ હોવાથી ઉપસર્ગના કારણે વસ્ત્રવેષ્ટિત મુનિ સમાન મુનિપણાને તે પ્રાપ્ત કરે છે.

પરિમિત વસ્ત્રધારી અણુવ્રતી શ્રાવકને, સામાયિક વખતે સર્વ આરંભ અને પરિગ્રહનો ભાવથી ત્યાગ હોય છે. તે સમયે તેનું ચિત્ત ધર્મધ્યાનનાં સાધનોમાં મગ્ન હોય છે. પહેરેલાં વસ્ત્રો ઉપર તેને મૂર્ચ્છા હોતી નથી. આથી ઉપસર્ગ વખતે વસ્ત્ર ઓઢેલા મુનિ સમાન તે છે. કારણ કે બાહ્યમાં બંને વસ્ત્રસહિત છે, પણ મમત્વહીન છે અને અંતરંગમાં બંને આરંભ અને પરિગ્રહ ભાવથી રહિત છે.

"શ્રાવક જે વખતે સામાયિક કરી રહ્યો છે, ત્યારે ખરી રીતે તેની તે વખતની અવસ્થા મુનિ સમાન જ છે. તેના પરિણામોમાં અને મુનિના પરિણામોમાં વિશેષ તફાવત નથી. ભેદ ફક્ત એટલો જ છે કે મુનિ દિગંબર છે અને શ્રાવક વસ્ત્ર સહિત છે. મુનિ મહારાજે પ્રત્યાખ્યાનાવરણ કષાયનો ત્યાગ કરી દીધો છે અને શ્રાવકે હજુ સુધી તે કષાયનો ત્યાગ કર્યો નથી."[1] ૧૦૨.

તથા સામાયિકને સ્વીકૃત કરવાવાળા જે ગૃહસ્થ છે તેઓ બીજું શું કરે છે તે કહે છે—

## સામાયિકમાં પરિષહ અને ઉપસર્ગ સહન કરવાનો ઉપદેશ
### શ્લોક ૧૦૩

**અન્વયાર્થ** :—[सामयिकं] સામાયિકને [प्रतिपन्नाः] ધારણ કરનારાઓએ

---

૧. પુરુષાર્થસિદ્ધિ–ઉપાય ગુજરાતી આવૃત્તિ, શ્લોક ૧૫૦નો ભાવાર્થ.

अधिकुर्वीरन् सहेरन्नित्यर्थः। के ते? सामयिकं प्रतिपन्नाः सामायिकं स्वीकृतवन्तः। किंविशिष्टाः सन्तः? अचलयोगाः स्थिरसमाधयः प्रतिज्ञातानुष्ठानापरित्यागिनो वा। तथा मौनधरास्तत्पीडायां सत्यामपि क्लीवादिवचनानुच्चारकाः दैन्यादिवचनानुच्चारकाः। कमधिकुर्वीरन्नित्याह—शीतेत्यादि—शीतोष्णदंशमशकानां पीडाकारिणां तत्परिसमन्तात् सहनं तत्परीषहस्तं, न केवलं तमेव अपि तु उपसर्गमपि च देवमनुष्यतिर्यक्कृतं।।१०३।।

तं चाधिकुर्वाणाः सामायिके स्थिता एवंविधं संसारमोक्षयोः स्वरूपं चिन्तयेयुरित्याह—

---

[मौनधराः] મૌન ધરીને તથા [अचलयोगाः] યોગોની પ્રવૃત્તિને અચળ (સ્થિર) કરીને [शीतोष्णदंशमशकपरीषहम्] શીત, ઉષ્ણ, ડાંસ, મચ્છર આદિ પરિષહોને [च] અને [उपसर्गम्] ઉપસર્ગને [अपि] પણ [अधिकुर्वीरन्] સહન કરવાં જોઈએ.

**ટીકા** :—'अधिकुर्वीरन्' સહન કરવાં જોઈએ એવો અર્થ છે. કોણે તે? 'सामायिकं प्रतिपन्नाः' સામાયિકનો જેમણે સ્વીકાર કર્યો છે તેઓએ. કેવા પ્રકારના વર્તતા તેઓ? 'अचलयोगाः' સ્થિર સમાધિવાળા આ (સામાયિકના) અનુષ્ઠાનની પ્રતિજ્ઞાનો પરિત્યાગ નહિ કરતા થકા તથા 'मौनधराः' તેની પીડા હોવા છતાં નામર્દ આદિનાં વચનો નહિ બોલતા અર્થાત્ દીન વચનોનું ઉચ્ચારણ નહિ કરતા (તેઓ). શું સહન કરવું જોઈએ? તે કહે છે—'शीतोष्णेत्यादि' પીડાકારી શીત, ઉષ્ણ, ડાંસ, મચ્છર આદિને સર્વ પ્રકારે સહન કરવાં તે પરિષહ—તેને; કેવળ તેને જ નહિ, પરંતુ 'उपसर्गमपि च' દેવ—મનુષ્ય—તિર્યંચ કૃત ઉપસર્ગને પણ (સહન કરવો જોઈએ).

**ભાવાર્થ** :—સામાયિક કરનાર શ્રાવકે મૌન ધારણ કરી તથા મન—વચન—કાયની પ્રવૃત્તિને રોકી—સ્થિર કરી શીત—ઉષ્ણ—ડાંસ—મચ્છરાદિ બાવીસ પરિષહોને તથા દેવ—મનુષ્ય—તિર્યંચ કૃત ઉપસર્ગોને પણ સહન કરવા, અર્થાત્ પરિષહો અને ઉપસર્ગ સંબંધી પીડા હોવા છતાં મૌન સેવી તેને સહન કરવી; પરંતુ સ્વીકારેલી સામાયિકની પ્રતિજ્ઞાને છોડવી નહિ તેમ જ નમાલાં યા દીન વચનો બોલવાં નહિ. ૧૦૩.

તેને (પરિષહ અને ઉપસર્ગને) સહન કરતાં, સામાયિકમાં સ્થિત (શ્રાવકોએ) આ પ્રકારનું સંસાર—મોક્ષનું સ્વરૂપ વિચારવું જોઈએ એમ કહે છે—

अशरणशुभमनित्यं दुःखमनात्मानमावसामि भवम्।
मोक्षस्तद्विपरीतात्मेति ध्यायन्तु सामयिके॥१०४॥

तथा सामायिके स्थिता ध्यायन्तु। कं? भवं स्वोपात्तकर्मवशाच्चतुर्गतिपर्यटनं। कथंभूतं? अशरणं न विद्यते शरणमपायपरिरक्षकं यत्र। अशुभमशुभकारणप्रभवत्वा-दशुभकार्यकारित्वाच्चाशुभं। तथाऽनित्यं चतसृष्वपि गतिषु पर्यटनस्य नियतकालतयाऽनित्यत्वादनित्यं। तथा दुःखहेतुत्वाद्दुःखं। तथानात्मानमात्मस्वरूपं न भवति। एवंविधं भवभावसामि एवंविधे भवे तिष्ठामीत्यर्थः। यद्येवंविधः संसारस्तर्हि मोक्षः कीदृश इत्याह—मोक्षस्तद्विपरीतात्मा तस्मादुक्तभवस्वरूपाद्विपरीतस्वरूपतः शरणशुभादिस्वरूपः

---

## સામાયિક વખતે સંસાર–મોક્ષના સ્વરૂપનું ચિંતવન
### શ્લોક ૧૦૪

**અન્વયાર્થ** :—હું [भवम् आवसामि] એવા પ્રકારના સંસારમાં વસું છું કે જે [अशरणं] અશરણ છે, [अशुभम्] અશુભ છે, [अनित्यम्] અનિત્ય છે, [दुःखम्] દુઃખમય છે અને [अनात्मनम्] અનાત્મરૂપ (પરરૂપ) છે અને [मोक्षः तद्विपरीतात्मा] અને તેનાથી વિપરીત એવું મોક્ષનું સ્વરૂપ છે. (મોક્ષ તેનાથી વિપરીત સ્વરૂપવાળો છે) [इति]—એ રીતે [सामयिके] સામાયિકમાં સ્થિત જીવોએ [ध्यायन्तु] વિચાર કરવો.

**ટીકા** :—'सामायि ध्यायन्तुके' સામાયિકમાં સ્થિત જીવોએ આમ વિચારવું. 'भवम्' સ્વોપાર્જિત કર્મવશાત્ ચતુર્ગતિમાં પરિભ્રમણ કરવું તે ભવ છે—સંસાર છે. કેવો (સંસાર)? 'अशरणम्' જ્યાં મૃત્યુથી બચાવનાર કોઈ નથી તેવો અશરણરૂપ, 'अशुभम्' અશુભ કારણથી ઉત્પન્ન થવાથી તથા અશુભ કાર્ય કરનાર હોવાથી અશુભરૂપ, 'अनित्यं' ચારે ગતિઓમાં પરિભ્રમણનો કાળ નિયત (નિશ્ચિત) હોવાથી અનિત્યપણાને લીધે અનિત્યરૂપ, 'दुःखम्' દુઃખનું કારણ હોવાથી દુઃખરૂપ, તથા 'अनात्मानम्' જે આત્મસ્વરૂપ નથી એવા પ્રકારના સંસારમાં હું વસું છું. એવા પ્રકારના સંસારમાં હું વસું છું—રહું છું. જો એ સંસાર આવા પ્રકારનો હોય તો મોક્ષ કેવા પ્રકારનો છે તે કહે છે—'मोक्षस्तद्विपरीतात्मा' ઉક્ત સંસારના સ્વરૂપથી તેનું સ્વરૂપ વિપરીત હોવાથી તે (મોક્ષ) શરણ, શુભ (સારું, પવિત્ર, શુદ્ધ આદિ) સ્વરૂપ છે. એમ સામાયિકમાં સ્થિત જીવોએ વિચારવું–ચિંતવન કરવું.

इत्येवं ध्यायन्तु चिन्तयन्तु सामायिके स्थिताः ।।१०४।।

साम्प्रतं सामायिकस्यातीचारानाह—

वाक्कायमानसानां दुःप्रणिधानान्यनादरास्मरणे।
सामयिकस्यातिगमा व्यज्यन्ते पञ्च भावेन ।।१०५।।

व्यज्यन्ते कथ्यन्ते। के ते ? अतिगमा अतिचाराः। कस्य ? सामयिकस्य। कति ? पंच। कथं ? भावेन परमार्थेन। तथा हि। वाक्कायमानसानां दुष्प्रणिधानमित्येतानि त्रीणि।

---

**ભાવાર્થ** :—વ્રતી જનોએ સામાયિક કરતી વખતે એવું વિચારવું કે હું જે સંસારમાં રહું છું તે અશરણ, અશુદ્ધ, અનિત્ય (પર્યાય અપેક્ષાએ), દુઃખરૂપ અને પરરૂપ છે અને મોક્ષ તેનાથી વિપરીત સ્વભાવરૂપ છે, અર્થાત્ તે શરણરૂપ, શુદ્ધ, નિત્ય, સુખરૂપ અને આત્મસ્વરૂપ છે—એમ ભેદજ્ઞાન કરવું. ૧૦૪.

હવે સામાયિકના અતિચારો કહે છે—

## સામાયિક શિક્ષાવ્રતના અતિચાર
### શ્લોક ૧૦૫

**અન્વયાર્થ** :—[वाक्कायमानसानाम् ] વચન, કાય અને મનની (યોગની) [दुःप्रणिधानानि ] ખોટી પ્રવૃત્તિ કરવી, (વાગ્દુઃપ્રણિધાન, કાયદુઃપ્રણિધાન, મનોદુઃપ્રણિધાન) [अनादरास्मरणे ] અનાદર કરવા અને સામાયિક—પાઠ ભૂલી જવો—એ [पञ्च ] પાંચ [भावेन ] પરમાર્થથી [सामाधिकस्य ] સામાયિકના [अतिगमाः ] અતિચારો [व्यज्यन्ते ] કહ્યા છે.

**ટીકા** :—'व्यज्यन्ते' કહેવામાં આવ્યા છે. શું તે? 'अतिगमाः' અતિચારો. કોના? 'सामायिकस्य' સામાયિકના. કેટલા? 'पञ्च' પાંચ. કઈ રીતે? 'भावेन' પરમાર્થથી (ખરેખર)—તે આ પ્રમાણે છે 'वाक्कायमानसानां दुःप्रणिधानानि'—वाक्दुःप्रणिधानम् વચનની ખોટી પ્રવૃત્તિ કરવી. (અર્થાત્ શાસ્ત્રવિરુદ્ધ અશુદ્ધ પાઠ કરવો). 'कायदुःप्रणिधानम्' શરીરને સંયમરહિત અસ્થિર રાખવું (અર્થાત્ શરીરથી ખરાબ ચેષ્ટા કરવી). 'मनःदुःप्रणिधानम्' મનને આર્ત્ત—રૌદ્ર ધ્યાનથી ચંચળ કરવું (અર્થાત્ મનમાં ખરાબ વિચાર કરવા).—એ ત્રણ અને 'अनादरास्मरणे' સામાયિકનો અનાદર કરવો એટલે તેમાં ઉત્સાહ કરવો નહિ અને

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



अनादरोऽनुत्साहः। अस्मरणमनैकाग्र्यम्॥१०५॥

अथेदानीं प्रोषधोपवासलक्षणं शिक्षाव्रतं व्याचक्षाणः प्राह—

**पर्वण्यष्टम्यां च ज्ञातव्यः प्रोषधोपवासस्तु[1]।**
**चतुरभ्यवहार्य्याणां प्रत्याख्यानं सदेच्छाभिः॥१०६॥**

---

સામાયિકના પાઠને ભૂલી જવો અર્થાત્ સામાયિકમાં એકાગ્ર ન થવું. (એ બે અતિચાર–આ મળી કુલ પાંચ અતિચાર છે.)

**ભાવાર્થ** :—સામાયિક શિક્ષાવ્રતના પાંચ અતિચાર—

૧. વાક્દુઃપ્રણિધાન–વચનને ચલાયમાન કરવું.

૨. કાયદુઃપ્રણિધાન—કાયને–શરીરને અસ્થિર રાખવું–ચલાયમાન કરવું.

૩. મનદુઃપ્રણિધાન—મનને અન્યથા ચંચળ રાખવું–ચલાયમાન કરવું.

૪. અનાદર—સામાયિકમાં આદર ન કરવો–ઉત્સાહ ન રાખવો.

૫. વિસ્મરણ—એકાગ્રતાના અભાવમાં ચિત્તની વ્યગ્રતાથી સામાયિકનો પાઠ ભૂલી જવો તે સ્મૃત્યનુપસ્થાન અતિચાર છે.[2] ૧૦૫.

હવે પ્રોષધોપવાસરૂપ શિક્ષાવ્રતનું વ્યાખ્યાન કરીને કહે છે—

## પ્રોષધોપવાસ શિક્ષાવ્રતનું લક્ષણ

### શ્લોક ૧૦૬

**અન્વયાર્થ** :—[पर्वणि] ચતુર્દશી [च] અને [अष्टम्याम्] અષ્ટમીના દિવસોએ [सदा] સદાને માટે [इच्छाभिः] વ્રતવિધાનની ઇચ્છાઓથી [चतुरभ्यवहार्य्याणाम्] ચાર આહારોના (ખાદ્ય, સ્વાદ્ય, લેહ્ય અને પેય આહારોના) [प्रत्याख्यानम्] ત્યાગને [प्रोषधोपवासः] પ્રોષધોપવાસ [ज्ञातव्यः] જાણવો જોઈએ,–કહેવો જોઈએ.

---

१. तु शब्दः पादपूर्त्यर्थः।

२. योगदुःप्रणिधानानादरस्मृत्यनुपस्थानानि॥ तत्त्वार्थसूत्र ७/३३

મન, વચન, કાયા તો પુદ્ગલ છે, તેની ક્રિયા જીવ કરી શકતો નથી પણ તે સમયે અતિચારરૂપ દૂષિત ભાવ જીવ કરે છે; તેનું આ વર્ણન છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**प्रोषधोपवासः पुनर्ज्ञातव्यः। कदा? पर्वणि चतुर्दश्यां। न केवलं पर्वणि, अष्टम्यां च। किं पुनः प्रोषधोपवासशब्दाभिधेयं? प्रत्याख्यानं। केषां? चतुरभ्यवहार्याणां चत्वारि अशनपानखाद्यलेह्यलक्षणानि तानि चाभ्यवहार्याणि च भक्षणीयानि तेषां। किं कस्यांचिदेवाष्टम्यां चतुर्दश्यां च तेषां प्रत्याख्यानमित्याह—सदा सर्वकालं। काभिः इच्छाभिर्व्रतविधानवाञ्छाभिस्तेषां प्रत्याख्यानं न [1]पुनर्व्यवहारकृतधरणकादिभिः ॥१०६॥**

**ટીકા** :—'प्रोषधोपवासः ज्ञातव्यः' પ્રોષધોપવાસ જાણવો જોઈએ. ક્યારે? 'पर्वणि' ચતુર્દશીના દિવસે; કેવળ ચતુર્દશીના દિવસે નહિ પરંતુ 'अष्टम्यां च' અષ્ટમીના દિવસોએ પણ; વળી 'પ્રોષધોપવાસ' શબ્દથી શું કહેવા યોગ્ય છે? 'प्रत्याख्यानम्' ત્યાગ. કોનો (ત્યાગ)? 'चतुरभ्यवहार्य्याणाम्'ચાર—અશન, પાન, ખાદ્ય અને લેહ્યરૂપ ખાવા યોગ્ય આહારોનો. શું કોઈ અષ્ટમી ને ચતુર્દશીના દિવસે જ તેમનો ત્યાગ કરવો? તે કહે છે— 'सदा' સર્વકાળ (હંમેશા તેમનો ત્યાગ કરવો). શા વડે? 'इच्छाभिः' વ્રતવિધાનની ભાવનાઓથી તેમનો ત્યાગ કરવો, નહિ કે વ્યવહારે કરેલી ધારણા આદિથી.

**ભાવાર્થ** :—પ્રત્યેક ચતુર્દશી અને અષ્ટમીના દિવસે ખાદ્ય (રોટલી, દાળ, ભાત વગેરે), સ્વાદ્ય (લાડુ, પેંડા, બરફી આદિ), લેહ્ય (રાબડી, કેરીનો રસ આદિ) અને પેય (દૂધ, પાણી, છાશ આદિ)—એ ચાર પ્રકારના આહારોનો, વ્રત ધારણ કરવાની આંતરિક ઈચ્છાથી ત્યાગ કરવો તેને પ્રોષધોપવાસ શિક્ષાવ્રત કહે છે.

આ પ્રોષધોપવાસ આઠમ—ચૌદશ સિવાય અન્ય દિવસોમાં પણ વ્રત—વિધાનમાં ઈચ્છાથી કરવો જોઈએ. સામાયિકના સંસ્કારને સ્થિર કરવા માટે પણ તેની જરૂર છે.

## વિશેષ

પ્રોષધોપવાસ કરવાની વિધિ[2]—

૧. અષ્ટમી કે ચતુર્દશીના પૂર્વ દિવસે બપોરે (બે પહોર બાદ) ભોજન કરી, ૧૬ પ્રહર (૪૮ કલાક)ના ઉપવાસની પ્રતિજ્ઞા કરી. સર્વ આરંભનો ત્યાગ કરી એકાન્તમાં ધર્મધ્યાનપૂર્વક તે દિવસ વ્યતીત કરવો.

૨. પર્વનો (અષ્ટમી—ચતુર્દશીનો) આખો દિવસ અને રાત ધાર્મિક કાર્યોમાં પસાર કરવાં.

---

१. न पुनर्व्यवहारे कृवसाकादिभिः (?) घ।

૨. પ્રોષધોપવાસની વિધિ માટે જુઓ, પુરુષાર્થસિદ્ધિ—ઉપાય શ્લોક ૧૫૨ થી ૧૫૬.

उपवासदिने चोपोषितेन किं कर्तव्यमित्याह—

**पञ्चानां पापानामलंक्रियारम्भगन्धपुष्पाणाम् ।**
**स्नानाञ्जननस्यानामुपवासे परिहृतिं कुर्यात् ।।१०७।।**

उपवासदिने परिहृतिं परित्यागं कुर्यात्। केषां? पंचानां हिंसादीनां। तथा अलंक्रियारंभगंधपुष्पाणां अलंक्रिया मण्डनं आरंभो वाणिज्यादिव्यापारः गन्धपुष्पाणामित्युपलक्षणं रागहेतूनां गीतनृत्यादीनां। तथा स्नानाञ्जननस्यानां स्नानं च

---

૩. પર્વના પછીના દિવસે (નવમી યા પૂનમ કે અમાવાસ્યાના દિવસે) પૂજા, ભક્તિ, સ્વાધ્યાય આદિ આવશ્યક ધાર્મિક કાર્યો કરીને અતિથિજનોને વિધિપૂર્વક યોગ્ય આહાર આપીને એકાશન કરે.

શ્રી અમિતગતિ આચાર્યે અમિતગતિ કૃત શ્રાવકાચાર અધ્યાય ૬ શ્લોક ૯૧માં કહ્યું છે, કે વ્રતપ્રતિમા (બીજી પ્રતિમા) ધારી શ્રાવકને શક્તિ ન હોય તો પર્વના દિવસે એકવાર જળ માત્ર ગ્રહણ કરી અનુપવાસ યા એકવાર અન્ન–જળ ગ્રહણ કરી એકાશન પણ કરી શકે, પરંતુ પ્રોષધોપવાસમાં (ચોથી પ્રતિમામાં) તો ૧૬ પ્રહરનો જ અન્નજળનો ત્યાગ બતાવ્યો છે. ૧૦૬.

ઉપવાસ કરનારે ઉપવાસના દિને શું કરવું જોઈએ, તે કહે છે—

## ઉપવાસના દિને શું કરવું જોઈએ?
### શ્લોક ૧૦૭

**અન્વયાર્થ** :—[उपवासे] ઉપવાસના દિવસે [पंचानां पापानाम्] પાંચ પાપો, [अलंक्रियारम्भगन्धपुष्पाणाम्] અલંકાર ધારણ કરવા, ખેતી આદિનો આરંભ કરવો, ચંદન આદિ સુગંધિત પદાર્થોનો લેપ કરવો, પુષ્પમાળા ધારણ કરવી કે ફૂલ સૂંઘવાં, [स्नानाञ्जननस्यानाम्] સ્નાન કરવું, કાજલ, સુરમાદિ અંજન આંજવું, તથા નાકથી છીંકણી આદિનું સૂંઘવું–એ બધાંનો [परिहृतिम्] પરિત્યાગ [कुर्यात्] કરવો જોઈએ.

**ટીકા** :—'उपवासदिने' ઉપવાસના દિવસે 'परिहृतिं' પરિત્યાગ 'कुर्यात्' કરવો જોઈએ. કોનો? 'पञ्चानां पापानां' હિંસાદિ પાંચ પાપોનો તથા 'अलंक्रियारम्भगन्ध-पुष्पाणाम्' શણગાર, આરંભ અર્થાત્ વાણિજ્યાદિ વ્યાપાર, ગંધ (તેલ–અત્તર વગેરે), પુષ્પોનો અને ઉપલક્ષણથી રાગના કારણરૂપ ગીત, નૃત્યાદિનો તથા 'स्नानाञ्जननस्यानाम्'

**अञ्जनं च नस्यञ्च तेषाम्।।१०७।।**

સ્નાન, અંજન અને નસ્યનો (અર્થાત્ નાકે સૂંઘવાની વસ્તુઓ આદિનો) પરિત્યાગ કરવો જોઈએ.

**ભાવાર્થ** :—ઉપવાસના દિવસે હિંસાદિ પાંચ પાપોનો, શૃંગાર, વ્યાપારાદિ આરંભ, ગંધ, પુષ્પમાલા, ગીત, નૃત્યાદિ, સ્નાન, અંજન અને સૂંઘવાની વસ્તુ આદિનો ત્યાગ કરવો જોઈએ.

'સુભાષિત રત્નસંદોહ'માં ઉપવાસનું લક્ષણ આપતાં કહ્યું છે કે—

कषायविषयाहारत्यागो यत्र विधीयते।
उपवासः स विज्ञेयः शेषं लंघनकं विदुः।।

જ્યાં કષાય, વિષય અને આહારનો ત્યાગ કરવામાં આવે છે તેને ઉપવાસ જાણવો, બાકીનાને લાંઘણ કહે છે.

કેવળ આહારનો ત્યાગ કરે પણ કષાયનો અને ઇન્દ્રિયોના વિષયો તરફના રાગભાવનો ત્યાગ ન કરે; તો તે ઉપવાસ નથી પણ લાંઘણ છે.

પ્રોષધોપવાસધારી શ્રાવકને ઉપચારથી પાંચ મહાવ્રતનું પાલન થાય છે—અહિંસા આદિની પુષ્ટિ થાય છે.

શ્રી પુરુષાર્થસિદ્ધિ–ઉપાય ગુજરાતી આવૃત્તિ શ્લોક ૧૫૮–૧૫૯–૧૬૦ની ટીકા અને ભાવાર્થમાં કહ્યું છે કે—

''નિશ્ચયથી દેશવ્રતી શ્રાવકને ભોગોપભોગના પદાર્થો સંબંધી સ્થાવર હિંસા અર્થાત્ એકેન્દ્રિય જીવોની હિંસા થાય છે, પરંતુ ત્રસ હિંસાનો પૂર્ણ ત્યાગી જ છે. જ્યારે તે ઉપવાસમાં સમસ્ત આરંભ–પરિગ્રહ અને પાંચે પાપનો સંપૂર્ણ ત્યાગ કરી દે છે, ત્યારે તેને ઉપવાસમાં સ્થાવર હિંસા પણ થતી નથી. આ કારણે પણ તેને અહિંસા મહાવ્રતનું પાલન થાય છે.'' (શ્લોક ૧૫૮ ટીકા).

''ઉપવાસધારી પુરુષને વચનગુપ્તિ પાળવાથી સત્ય મહાવ્રતનું પાલન થાય છે, દીધા વિનાની સમસ્ત વસ્તુઓનો ત્યાગ હોવાથી અચૌર્ય મહાવ્રતનું પાલન થાય છે, સંપૂર્ણ મૈથુન કર્મનો ત્યાગ હોવાથી બ્રહ્મચર્ય મહાવ્રતનું પાલન થાય છે અને શરીરમાં જ મમત્વ–પરિણામ ન હોવાથી પરિગ્રહત્યાગ મહાવ્રતનું પાલન થાય છે. એ રીતે ઉપચારથી પાંચે મહાવ્રત તે પાળી શકે છે.'' (શ્લોક ૧૫૯ની ટીકા).

एतेषां परिहारं कृत्वा किं तद्दिनेऽनुष्ठातव्यमित्याह—

**धर्मामृतं सतृष्णः श्रवणाभ्यां पिबतु पाययेद्वान्यान्।**
**ज्ञानध्यानपरो वा भवतूपवसन्नतन्द्रालुः ।।१०८।।**

उपवसन्नुपवासं कुर्वन्। धर्मामृतं पिबतु धर्म एवामृतं सकलप्राणिनामाप्यायकत्वात् तत् पिबतु। काभ्यां? श्रवणाभ्यां। कथंभूतः? सतृष्णः साभिलाषः पिबन् न पुनरुपरोधादिवशात्। पाययेद् वान्यान् स्वयमवगतधर्मस्वरूपस्तु अन्यतो धर्मामृतं पिबतु

---

શ્રાવકના મહાવ્રતમાં અને મુનિઓના મહાવ્રતમાં ફેર છે, કારણ કે—

“વાસ્તવમાં જેને પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ–માન–માયા–લોભનો અભાવ થઈ ગયો છે તે જ મહાવ્રતી સંયમી કહેવાય છે, પણ જેને તે કષાયોનો અભાવ થયો નથી પણ તેને દ્રવ્યરૂપ પાંચે પાપોનો અભાવ થઈ ગયો હોય તો તેને ઉપચારથી મહાવ્રત છે, ખરી રીતે મહાવ્રત નથી. કેમ કે પૂર્ણ સંયમ (છટ્ઠા) પ્રમત્ત ગુણસ્થાનમાં જ શરૂ થાય છે અને પ્રમત્ત ગુણસ્થાન પ્રત્યાખ્યાનાવરણ કષાયના અભાવ વિના થતું નથી........” (શ્લોક ૧૬૦નો ભાવાર્થ).

તેમનો પરિહાર (ત્યાગ) કરીને ઉપવાસના દિવસે શું કરવું જોઈએ તે કહે છે—

## ઉપવાસના દિવસે કર્તવ્ય

### શ્લોક ૧૦૮

**અન્વયાર્થ** :—[उपवसन्] ઉપવાસ કરનાર વ્યક્તિએ [सतृष्णः] અભિલાષપૂર્વક (ઉત્કંઠિત થતા થકા) [श्रवणाभ्याम्] કાન દ્વારા, [धर्मामृतम्] ધર્મરૂપી અમૃતને પીઓ [वा] અને [अतन्द्रालुः] આલસ્ય રહિત થતા થકા [ज्ञानध्यानपरः] જ્ઞાન અને ધ્યાનમાં તત્પર (લવલીન) [भवतु] રહો.

**ટીકા** :—‘उपवसन् धर्मामृतम् पिबतु’ સર્વ પ્રાણીઓને પુષ્ટિ અને તૃપ્તિ આપનાર હોવાથી જ ધર્મ અમૃત છે. તે ધર્મામૃતને ઉપવાસ કરનાર પીઓ. શા વડે? ‘श्रवणाभ्याम्’ કાન વડે. કેવા વર્તતા થકા? ‘सतृष्णः’ અભિલાષાપૂર્વક, નહિ કે કોઈના દબાણથી ‘पाययेत् वा अन्यान्’ પોતે ધર્મનું સ્વરૂપ (વિશેષપણે) ન જાણ્યું હોય, તો તે અન્ય દ્વારા ધર્મામૃત પીઓ અને જો પોતે ધર્મનું સ્વરૂપ (વિશેષપણે) જાણ્યું હોય, તો જેમણે ધર્મનું

अन्यानविदिततत्स्वरूपान् पाययेत् तत्। ज्ञानध्यानपरो भवतु, ज्ञानपरो द्वादशानुप्रेक्षाद्युपयोगनिष्ठः।

अध्रुवाशरणे चैव भव एकत्वमेव च।
अन्यत्वमशुचित्वं च तथैवास्रवसंवरो॥१॥
निर्जरा च तथा लोकबोधदुर्लभधर्मता।
द्वादशैता अनुप्रेक्षा भाषिता जिनपुंगवैः॥२॥

ध्यानपरः आज्ञापायविपाकसंस्थानविचयलक्षणधर्मध्याननिष्ठो वा भवतु। किंविशिष्टः? अतन्द्रालुः निद्रालस्यरहितः॥१०८॥

---

સ્વરૂપ જાણ્યું નથી એવા બીજાઓને ધર્મામૃતનું પાન કરાવો. 'ज्ञानध्यानपरो भवतु' જ્ઞાનપરાયણ એટલે બાર અનુપ્રેક્ષા (ભાવના) આદિના ઉપયોગમાં તત્પર રહો.

બાર [1]અનુપ્રેક્ષાનાં નામ—

૧. અધ્રુવ (અનિત્ય), ૨. અશરણ, ૩. સંસાર, ૪. એકત્વ, ૫. અન્યત્વ, ૬. અશુચિ, ૭. આસ્રવ, ૮. સંવર, ૯. નિર્જરા, ૧૦. લોક, ૧૧. બોધિદુર્લભ અને ૧૨. ધર્મભાવના. જિનેશ્વરે એ બાર અનુપ્રેક્ષાઓ (ભાવનાઓ) કહી છે. (તેમાં તત્પર રહો).

ધ્યાનપરાયણ એટલે કે આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય અને સંસ્થાનવિચય—એ ચાર પ્રકારનાં ધર્મધ્યાનમાં તત્પર રહો[2]. કેવા થઈને? 'अतन्द्रालु' નિદ્રા અને આલસ્ય રહિત થઈને.

**ભાવાર્થ** :—ઉપવાસ કરનાર વ્યક્તિ આલસ્ય રહિત અને ઉત્કંઠા સહિત થઈને ધર્મરૂપી અમૃતનું સ્વયં પાન કરે અને બીજાઓને તેનું પાન કરાવે તથા જ્ઞાન અને ધર્મધ્યાનમાં લવલીન રહે. ૧૦૮.

---

૧. अनित्याशरणसंसारैकत्वान्यत्वाशुच्यास्रवसंवरनिर्जरालोकबोधिदुर्लभधर्मस्वाख्याततत्त्वानुचिन्तनमनुप्रेक्षाः।
(तत्त्वार्थसूत्र अध्याय-९/७)

ધર્મના સ્વરૂપનું વારંવાર ચિંતવન કરવું તેને અનુપ્રેક્ષા કહે છે.

૨. ધર્મધ્યાનના આ ચાર પ્રકાર સંબંધી જુઓ, (તત્ત્વાર્થસૂત્ર અધ્યાય ૯/૩૬.)

अधुना प्रोषधोपवासस्य लक्षणं कुर्वन्नाह—

**चतुराहारविसर्जनमुपवासः प्रोषधः सकृद्भक्तिः।**
**स प्रोषधोपवासो यदुपोष्यारम्भामाचरति॥१०६॥**

चत्वारश्च ते आहाराश्चाशनपानखाद्यलेह्यलक्षणाः। अशनं हि भक्तमुद्गादि, पानं हि पेयमथितादि, खाद्यं मोदकादि, लेह्यं रब्रादि, तेषां विसर्जनं परित्यजनमुपवासोऽभिधीयते। प्रोषधः पुनः सकृद्भुक्तिर्धारणकदिने एकभक्तविधानं। यत्पुनरुपोष्य उपवासं कृत्वा पारणकदिने आरम्भंसकृद्भुक्तिमाचरत्यनुतिष्ठति स प्रोषधोपवासोऽभिधीयते इति॥१०६॥

---

હવે પ્રોષધોપવાસને તેનું લક્ષણ કરીને કહે છે—

## પ્રોષધોપવાસનું લક્ષણ
### શ્લોક ૧૦૯

**અન્વયાર્થ** :—[चतुराहारविसर्जनम्] ચાર પ્રકારના આહારનો (અશન, ખાદ્ય, લેહ્ય અને પેયનો) સર્વથા ત્યાગ કરવો તે [उपवासः] ઉપવાસ છે અને [सकृद्भुक्तिः] એક વાર ભોજન કરવું તે [प्रोषधः] પ્રોષધ છે (એકાશન છે). અને [यद्] જે [उपोष्य] ઉપવાસ કર્યા પછી [आरंभम्] પારણાને દિવસે એકવાર ભોજન [आचरति] કરે છે, [सः] તે [प्रोषधोपवासः] પ્રોષધોપવાસ છે.

**ટીકા** :—'चतुराहारविसर्जनम्' અશન, ખાદ્ય, પાન અને લેહ્યના ભેદથી ચાર પ્રકારનો આહાર છે. અશન એટલે રોટલી, દાળ, ભાત, આદિ ખાદ્ય એટલે લાડુ વગેરે, પાન એટલે દૂધ, પાણી વગેરે અને લેહ્ય એટલે રાબડી વગેરે. તે ચાર પ્રકારના આહારનો ત્યાગ કરવો તેને 'उपवासः' ઉપવાસ કહે છે. 'प्रोषधः' એકવાર ભોજન કરવું તેને પ્રોષધ કહે છે અને ધારણાના દિવસે (ઉપવાસના પહેલાંના દિવસે) એકવાર ભોજન કરીને 'उपोष्य' પર્વના દિવસે ઉપવાસ કરીને જે પારણાને દિવસે 'आरंभम्' એકવાર ભોજન 'आचरति' કરે છે. 'स प्रोषधोपवासः' તેને પ્રોષધોપવાસ કહે છે.

**ભાવાર્થ** :—અશન, ખાદ્ય, લેહ્ય અને પેય—એ ચાર પ્રકારના આહારનો બાર પ્રહર સર્વથા ત્યાગ કરવો તે ઉપવાસ છે અને દિવસે એકવાર ભોજન કરવું તે પ્રોષધ યા એકાશન છે. ધારણા અને પારણાના દિવસે એકાશન અને બંનેના વચ્ચેના દિવસે

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



अथ केऽस्यातीचारा इत्याह—

**ग्रहणविसर्गास्तरणान्यदृष्टमृष्टान्यनादरास्मरणे।**
**यत्प्रोषधोपवासव्यतिलङ्घनपञ्चकं तदिदम् ॥११०॥**

प्रोषधोपवासस्य व्यतिलंघनपंचकमतिविचारपंचकं। तदिदं पूर्वार्धप्रतिपादितप्रकारं। तथा हि। ग्रहणविसर्गास्तरणानि त्रीणि। कथंभूतानि? अदृष्टमृष्टानि दृष्टं दर्शनं जन्तवः सन्ति न सन्तीति वा चक्षुपावलोकनं मृष्टं मदुनोपकरणेन प्रमार्जनं तदुभौ न विद्येते येषु ग्रहणादिषु तानि तथोक्तानि। तत्र बुभुक्षापीडितस्यादृष्टस्यार्हदादिपूजोपकरणस्यात्मपरिधानाद्यर्थस्य च

ઉપવાસ કરવો અર્થાત્ સોળ પ્રહર સુધી ચારે આહારોનો ત્યાગ કરવો તેને પ્રોષધોપવાસ કહે છે. ૧૦૯.

હવે તેના (પ્રોષધોપવાસના) કયા અતિચારો છે તે કહે છે—

## પ્રોષધોપવાસ શિક્ષાવ્રતના અતિચાર
## શ્લોક ૧૧૦

**અન્વયાર્થ** :—[यत्] જે [अदृष्टमृष्टानि] જોયા વિના તથા સંમાર્જન કર્યા વગર (સાફ કર્યા વગર) [ग्रहणविसर्गास्तरणानि] (પૂજાનાં ઉપકરણો) ગ્રહણ કરવાં, મળમૂત્રાદિનો ત્યાગ કરવો અને બિસ્તરો પાથરવો તથા [अनादरास्मरणे] આવશ્યક આદિમાં અનાદર કરવો અને યોગ્ય ક્રિયાઓ ભૂલી જવી [तद् इदम्] તે આ [प्रोषधोपवासव्यतिलङ्घनपंचकम्] પ્રોષધોપવાસ (શિક્ષાવ્રત)ના પાંચ અતિચાર છે.

**ટીકા** :—'प्रोषधोपवास व्यतिलङ्घनपञ्चकम्' પ્રોષધોપવાસના પાંચ અતિચારો-તેના પ્રકારો આ શ્લોકના પૂર્વાર્ધમાં બતાવવામાં આવ્યા છે. તે આ પ્રમાણે છે— 'ग्रहणविसर्गास्तरणानि' ગ્રહણ, ત્યાગ અને આસ્તરણ (પથારી પાથરવી)—એ ત્રણ (અતિચારો). તે કેવા છે? 'अदृष्टमृष्टानि' दृष्टं જોયેલા–જંતુઓ છે કે નહિ તે આંખથી અવલોકવું (બારીકાઈથી તપાસવું) અને 'मृष्टं' સાફ કરેલા–કોમળ ઉપકરણથી (પીંછી આદિથી) સાફ કરવું; જે ગ્રહણાદિમાં તે બંને (દૃષ્ટ અને મૃષ્ટરૂપ ક્રિયાઓ) ન હોય તેને અદૃષ્ટમુષ્ટ કહે છે. (અદૃષ્ટમૃષ્ટનો સંબંધ ગ્રહણ, વિસર્ગ અને આસ્તરણ એ ત્રણેયની સાથે છે તેથી અદૃષ્ટમૃષ્ટગ્રહણ, અદૃષ્ટમૃષ્ટવિસર્ગ અને અદૃષ્ટમૃષ્ટ–આસ્તરણ—એ ત્રણ અતિચાર થાય છે.) તેમાં અદૃષ્ટમૃષ્ટગ્રહણ અતિચારમાં ક્ષુધાથી પીડાતા માણસને અર્હન્તાદિની પૂજાનાં

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**ग्रहणं भवति। तथा अदृष्टमुष्टायां भूमौ मूत्रपुरीषादेरुत्सर्गो भवति। तथा अदृष्टमृष्टे प्रदेशे आस्तरणं संस्तरोपक्रमो भवतीत्येतानि त्रीणि। अनादरास्मरणे च द्वे। तथा आवश्यकादौ हि बुभुक्षापीडितत्वादनादरोऽनैकाग्रतालक्षणमस्मरणं च भवति॥११०॥**

---

ઉપકરણો (સાધનો) તથા પોતાને પહેરવાનાં કપડાં આદિ વસ્તુઓનું દેખ્યા વિના અને સાફ કર્યા વિના ગ્રહણ હોય છે. અદ્રષ્ટમૃષ્ટવિસર્ગ અતિચારમાં ભૂખથી પીડાતા માણસને દેખ્યા વિનાની અને સાફ કર્યા વિનાની ભૂમિ ઉપર મળ મૂત્રાદિનો ત્યાગ હોય છે અને અદ્રષ્ટમૃષ્ટઆસ્તરણ અતિચારમાં ભૂખથી પીડાતા માણસને દેખ્યા વિનાના તથા સાફ કર્યા વિનાના સ્થાનમાં બિસ્તરો પાથરવાનો હોય છે—એવા ત્રણ (અતિચારો હોય છે).

**'अनादरास्मरणे'** અનાદર અને અસ્મરણ (વિસ્મરણ)—એ બે (અતિચારો) ક્ષુધાની પીડાના કારણે (તેને) આવશ્યકાદિ કાર્યોમાં (અવશ્ય કરવા યોગ્ય ધાર્મિક ક્રિયાઓમાં) અનાદર (અનુત્સાહ)—ઉપેક્ષાભાવ હોય છે અને એકાગ્રતા ન હોવારૂપ વિસ્મરણ હોય છે.

**ભાવાર્થ** :—પ્રોષધોપવાસ શિક્ષાવ્રતના પાંચ અતિચાર[૧]—

૧. અદ્રષ્ટમૃષ્ટગ્રહણ—(અપ્રત્યવેક્ષિત અપ્રમાર્જિત આદાન)—જોયા વિના અને સાફ કર્યા વિના અરહંતાદિની પૂજાનાં ઉપકરણો ગ્રહણ કરવાં વા વસ્ત્ર—પાત્રાદિને જોયા વિના—યત્નાચાર વિના ઘસેડીને લેવાં.

૨. અદ્રષ્ટમૃષ્ટવિસર્ગ—(અપ્રત્યવેક્ષિત અપ્રમાર્જિત ઉત્સર્ગ)—જમીન ઉપર જીવ-જંતુઓ છે કે નહિ તે નેત્રો વડે જોયા વગર તથા કોમળ ઉપકરણથી (પીંછી આદિથી) ભૂમિનું સંમાર્જન (સાફ) કર્યા વગર મળમૂત્રાદિનો ત્યાગ કરવો.

૩. અદ્રષ્ટમૃષ્ટઆસ્તરણ—(અપ્રત્યવેક્ષિત અપ્રમાર્જિત સંસ્તરોપક્રમણ)—જોયા વિનાની અને સાફ કર્યા વિનાની જમીન ઉપર શયન કે આસન માટે બિસ્તરો યા વસ્ત્ર પાથરવું.

૪. અનાદર—ક્ષુધા—તૃષાની પીડાથી આવશ્યક ધાર્મિક ક્રિયાઓમાં અનાદર યા નિરુત્સાહથી પ્રવર્તવું.

---

૧. अप्रत्यवेक्षिताप्रमार्जितोत्सर्गादानसंस्तरोपक्रमणानादरस्मृत्यनुपस्थानानि ।।

[તત્ત્વાર્થસૂત્ર—અધ્યાય ૭/૩૪]

इदानीं वैयावृत्यलक्षणशिक्षाव्रतस्य स्वरूपं प्ररूपयन्नाह—

**दानं वैयावृत्यं धर्माय तपोधनाय गुणनिधये।**
**अनपेक्षितोपचारोपक्रियमगृहाय विभवेन॥१११॥**

भोजनादिदानमपि वैयावृत्यमुच्यते। कस्मै दानं? तपोधनाय तप एव धनं यस्य तस्मै। किंविशिष्टाय? गुणनिधये गुणानां सम्यग्दर्शनादीनां निधिराश्रयस्तस्मै। तथाऽगृहाय भावद्रव्यागाररहिताय। किमर्थं? धर्माय धर्मनिमित्तं। किंविशिष्टं तद्दानं?

---

૫. અસ્મરણ—(સ્મૃત્યનુપસ્થાન) પ્રોષધોપવાસના દિવસે કરવા યોગ્ય ધાર્મિક ક્રિયાઓનું વિસ્મરણ થવું–ભૂલી જવું.

ક્ષુધા–તૃષાદિથી પીડાતી વ્યક્તિ પ્રમાદથી જોયા વિના અને સાફસૂફી કર્યા વિના, ભગવાનની પૂજા આદિનાં ઉપકરણો તથા પોતાનાં વસ્ત્રાદિ ગ્રહણ કરે છે, જમીન ઉપર મળ–મૂત્ર ફેંકે છે અને પોતાનો બિસ્તરો વગેરે પાથરે છે; આવશ્યક ધર્મક્રિયાઓમાં આદર કરતો નથી તથા તે ક્રિયાઓ ભૂલી જાય છે. આમ કરવાથી તેના પ્રોષધોપવાસ વ્રતમાં દોષ (અતિચાર) લાગે છે. ૧૧૦.

હવે વૈયાવૃત્યરૂપ શિક્ષાવ્રતના સ્વરૂપનું પ્રરૂપણ કરીને કહે છે—

## વૈયાવૃત્ય (અતિથિસંવિભાગ) શિક્ષાવ્રતનું લક્ષણ

### શ્લોક ૧૧૧

**અન્વયાર્થ** :—[गुणनिधये] સમ્યગ્દર્શનાદિ ગુણના ભંડાર તથા [अगृहाय] ગૃહત્યાગી [तपोधनाय] તપરૂપ ધનથી યુક્ત એવા મુનિને [विभवेन] વિધિ, દ્રવ્ય આદિ સંપત્તિના અનુસારે [अनपेक्षितोपचारोपक्रियं] પ્રતિદાન અને મંત્રલાભ આદિ પ્રત્યુપકારની અપેક્ષા રાખ્યા વિના [धर्माय] રત્નત્રયરૂપ ધર્મની વૃદ્ધિ માટે [दानम्] જે આહારાદિનું દાન દેવામાં આવે છે, તે [वैयावृत्यम्] વૈયાવૃત્ય શિક્ષાવ્રત છે.

**ટીકા** :—'दानं वैयावृत्यं' ભોજનાદિના દાનને પણ વૈયાવૃત્ય કહે છે. કોને દાન? 'तपोधनाय' તપ જેનું ધન છે તેને–મુનિને. કેવા પ્રકારના (મુનિ)? 'गुणनिधये' જેમને સમ્યગ્દર્શનાદિ ગુણોનો નિધિ છે–આશ્રય છે એવા તથા 'अगृहाय' ભાવ અને દ્રવ્ય ગૃહથી જે રહિત છે એવા (અર્થાત્ જે ભાવલિંગી અને દ્રવ્યલિંગી ગૃહત્યાગી છે એવા). શા માટે

**अनपेक्षितोपचारोपक्रियं उपचारः प्रतिदानं उपक्रिया मंत्रतंत्रादिना प्रत्युपकरणं ते न अपेक्षिते येन। कथं तद्दानं? विभवेन विधिद्रव्यादिसम्पदा॥१११॥**

**न केवलं दानमेव वैयावृत्यमुच्यतेऽपि तु—**

---

(દાન આપવું)? 'धर्माय' ધર્મના કારણે. કેવા પ્રકારનું તે દાન? '**अनपेक्षितोपचारोपक्रियम् उपचार**' એટલે પ્રતિદાન (બદલામાં કોઈ વસ્તુનું દાન દેવું) અને **उपक्रिया** એટલે મંત્ર–તંત્રાદિ દ્વારા પ્રત્યુપકાર કરવો–તે બંનેની જેમાં અપેક્ષા નથી તેવું દાન (અર્થાત્ પ્રતિદાન અને પ્રત્યુપકારની અપેક્ષા રાખ્યા વિના દાન દેવું). કઈ રીતે તે દાન (દેવું)? '**विभवेन**' વિધિ અને દ્રવ્યાદિની સમ્પદાપૂર્વક.

**ભાવાર્થ** :—સમ્યગ્દર્શનાદિ ગુણો સહિત ગૃહત્યાગી મુનિને, સ્વ–પરના ધર્મની વૃદ્ધિ માટે કોઈ બદલાની (પ્રતિદાનની) તથા મંત્ર–તંત્રાદિ દ્વારા પ્રત્યુપકારની આશા રાખ્યા વિના પોતાની શક્તિ અનુસાર વિધિપૂર્વક ચાર પ્રકારનું દાન આપવું, તેને વૈયાવૃત્ય શિક્ષાવ્રત કહે છે. તેને અતિથિસંવિભાગ વ્રત પણ કહે છે.

મોક્ષ માટે ઉદ્યમી, સંયમી અને અંતરંગ–બહિરંગમાં જે શુદ્ધ હોય છે તેવા વ્રતી પુરુષોને અતિથિ પુરુષો કહે છે. તેમને શુદ્ધ મનથી આહાર, ઔષધિ, ઉપકરણ અને વસ્તિકાનું (વિશ્રાન્તિસ્થાનનું) દાન કરવું; તે [1]અતિથિસંવિભાગ છે.

શ્રી ઉમાસ્વામીએ તત્ત્વાર્થસૂત્રમાં દાનનું લક્ષણ નીચે પ્રમાણે આપ્યું છે—

**अनुग्रहार्थं स्वस्यातिसर्गो दानम्** ॥ અધ્યાય ૭/૩૮

પોતાના અને પરના ઉપકાર માટે ધનાદિકનો વા સ્વાર્થનો ત્યાગ કરવો તે દાન છે.

દાનથી પુણ્યબંધ થાય તે તો પોતાનો ઉપકાર છે અને જો તેનાથી પાત્રના સમ્યક્ત્વાદિ ગુણોની વૃદ્ધિ થાય તો તે પરનો ઉપકાર છે. ૧૧૧.

કેવળ દાન જ વૈયાવૃત્ય કહેવાય છે એટલું જ નહિ, પણ સંયમી જનોની સેવા પણ વૈયાવૃત્ય કહેવાય છે; એમ કહે છે—

---

૧. પોતાના માટે તૈયાર કરેલા ભોજનમાંથી યા પોતાને માટે રાખેલી વસ્તુઓમાંથી, અતિથિને (ત્યાગી જનને) માટે સંવિભાગ અર્થાત્ ઉચિત આહારાદિનો ભાગ–હિસ્સો આપવો, તે અતિથિસંવિભાગ છે.

व्यापत्तिव्यपनोदः पदयोः संवाहनं च गुणरागात् ।
वैयावृत्यं यावानुपग्रहोऽन्योऽपि संयमिनाम् ॥११२॥

व्यापत्तयो विविधा व्याध्यादिजनिता आपदस्तासां व्यपनोदो विशेषेणापनोदः स्फेटनं यत्तद्वैयावृत्यमेव। तथा पदयोः संवाहनं पादयोर्मर्दनं। कस्मात्? गुणरागात् भक्तिवशादित्यर्थः—न पुनर्व्यवहारात् दृष्टफलापेक्षणाद्वा। न केवलमेतावदेव वैयावृत्यं किन्तु अन्योऽपि संयमिनां [1]देशसकलव्रतानां सम्बन्धी यावान् यत्परिमाण उपग्रह उपकारः स सर्वो वैयावृत्यमेवोच्यते॥११२॥

अथ किं दानमुच्यत इत्यत आह—

---

## વૈયાવૃત્યનું અન્ય સ્વરૂપ
### શ્લોક ૧૧૨

**અન્વયાર્થ** :—[गुणरागात्] ગુણોના અનુરાગને લીધે—ભક્તિના કારણે [संयमिनाम्] વ્રતીઓની [व्यापत्तिव्यपनोदः] આપત્તિ (દુઃખ) દૂર કરવી, [पदयो संवाहनं] તેમનાં ચરણ દાબવા [च] અને [अन्यः अपि] તે સિવાય અન્ય પણ [यावान्] જેટલો [उपग्रह] ઉપકાર કરવો—તે સર્વે [वैयावृत्यं] વૈયાવૃત્ય છે.

**ટીકા** :—'व्यापत्तिव्यपनोदः' વ્યાધિ આદિ જનિત વિવિધ આપદાઓને વિશેષ કરીને દૂર કરવી તે વૈયાવૃત્ય છે, તથા 'पदयोः संवाहनं' ચરણ દાબવા (તે પણ વૈયાવૃત્ય છે). શા કારણથી? 'गुणरागात्' ગુણાનુરાગથી—ભક્તિવશાત્ એવો અર્થ છે, પણ નહિ કે વ્યવહારથી અથવા કોઈ ઈષ્ટ ફળની અપેક્ષાથી (ઈચ્છાથી). કેવળ આટલું જ વૈયાવૃત્ય છે એમ નથી, પરંતુ 'अन्यः अपि' અન્ય પણ 'संयमिनाम्' દેશસંયમી અને સકલસંયમીઓ સંબંધી 'यावान् उपग्रहः' જેટલો ઉપકાર તે સર્વ વૈયાવૃત્ય જ કહેવાય છે.

**ભાવાર્થ** :—ગુણાનુરાગથી વ્રતી જનોનું દુઃખ દૂર કરવું, માર્ગજન્ય થાકને દૂર કરવા માટે તેમના પગ દાબવા અને અન્ય જેટલો તેમનો ઉપકાર કરવો; તે બધું વૈયાવૃત્ય કહેવાય છે. ૧૧૨.

હવે દાન કોને કહે છે તે કહે છે—

---

૧. देशसकलयतीनां घ।

नवपुण्यैः प्रतिपत्तिः सप्तगुणसमाहितेन शुद्धेन।
अपसूनारम्भाणामार्याणामिष्यते दानम्॥११३॥

दानमिष्यते। कासौ? प्रतिपत्तिः गौरवं आदरस्वरूपा। केषां? आर्याणां सद्दर्शनादिगुणोपेतमुनीनां। किंविशिष्टानां? अपसूनारम्भाणां सूनाः पंचजीवघातस्थानानि। तदुक्तम्—

खंडनी पेषणी चुल्ली उदकुम्भः प्रमार्जनी।
पंचसूना गृहस्थस्य तेन मोक्षं न गच्छति॥१३॥

खंडनी उलूखलं, पेषणी घरट्टः, चुल्ली चुलूकः, उदकुम्भः उदकघटः, प्रमार्जनी बोहारिका। सूनाश्चारंभाश्च कृष्यादयस्तेऽपगता येषां तेषां। केन प्रतिपत्तिः कर्तव्या?

---

## દાનનું લક્ષણ
## શ્લોક ૧૧૩

**અન્વયાર્થ** :—[सप्तगुणसमाहितेन] સાત ગુણ સહિત [शुद्धेन] કૌલિક, આચારિક તથા શારીરિક શુદ્ધિ સહિત [दात्रा] શ્રાવક દ્વારા [अपसूनारम्भाणां] પાંચ સૂના અને આરંભ રહિત, [आर्याणाम्] સમ્યગ્દર્શન આદિ ગુણો સહિત મુનિઓના [नवपुण्यैः] નવધા ભક્તિપૂર્વક જે [प्रतिपत्तिः] આહારાદિક દ્વારા ગૌરવ (આદર) કરવામાં આવે છે, તે [दानम्] દાન [इष्यते] કહેવાય છે.

**ટીકા** :—'दानम् इष्यते' દાન કહેવાય છે. શું તે? 'प्रतिपत्तिः' ગૌરવ કરવું-આદરપૂર્વક દાન આપવું. કોને? 'आर्याणाम्' સમ્યગ્દર્શનાદિ ગુણો સહિત મુનિઓને. કેવા (મુનિઓ)? 'अपसूनारम्भाणाम्' પાંચ સૂના અને આરંભ રહિત એવા (મુનિઓ).

સૂના અર્થાત્ પાંચ જીવઘાતનાં સ્થાનો તે નીચે કહ્યાં છે—

### પાંચ સૂના

खंडनी पेषणी चुल्ली, उदकुम्भः प्रमार्जनी।
पंचसूना गृहस्थस्य, तेन मोक्षं न गच्छति॥

ખાંડણિયામાં ખાંડવું, ચક્કીમાં (ઘંટીમાં) દળવું, ચૂલો યા સગડી સળગાવવી, પાણી ભરવું અને ઝાડુ કાઢવું (કચરો વાળવો)—એ પાંચ સૂના છે.

સૂના અને કૃષિ આદિ આરંભથી જે રહિત છે તેમને (મુનિઓને) કોની દ્વારા

सप्तगुणसमाहितेन। तदुक्तं—

[१]श्रद्धा तुष्टिर्भक्तिर्विज्ञानमलुब्धता क्षमा सत्यं।
यस्यैते सप्तगुणास्तं दातारं प्रशंसन्ति॥

इत्येतैः सप्तभिर्गुणैः समाहितेन सहितेन तु दात्रा[२] दानं दातव्यं। कैः कृत्वा? नवपुण्यैः। तदुक्तं—

[३]पडिगहमुच्चट्ठाणं पादोदयमच्चणं च पणमं च।
मणवयणकायसुद्धी एसणसुद्धी य णवविहं पुण्णं॥

---

પ્રતિપત્તિ (દાન) કરવું જોઈએ? 'सप्तगुणसमाहितेन' સાત ગુણ સહિત (દાતાર દ્વારા).

## દાતારના સાત ગુણ[૪]

श्रद्धा तुष्टिर्भक्तिर्विज्ञानमलुब्धता क्षमा सत्त्वम्।
यस्यैते सप्तगुणास्तं दातारं प्रशंसन्ति॥

શ્રદ્ધા, સંતોષ, ભક્તિ, જ્ઞાન, નિર્લોભતા, ક્ષમા અને સત્ત્વ—એ સાત ગુણો જેને હોય, તેને દાતાર કહે છે.

આ સાત ગુણો સહિત દાતારે દાન આપવું જોઈએ. શું કરીને? 'नवपुण्यैः' નવધાભક્તિ કરીને.

## નવધાભક્તિ

पडिगहमुच्चट्ठाणं पादोदयमच्चणं च पणमं च।
मणवयणकायसुद्धी एसणसुद्धी य णवविहं पुण्णं॥

---

१. श्रद्धाशक्तिरलुब्धत्वं भक्तिर्ज्ञानं दया क्षमा।
इति श्रद्धादयः सप्त गुणाः स्युर्गृहमेधिनाम्॥ इति 'घ' पुस्तके पाठः।

२. तदात्र घ०

३. 'घ' पुस्तके अस्य श्लोकस्य स्थाने निम्नांकितः श्लोको वर्तते—
'प्रतिग्रहोच्चस्थानं च पादक्षालनमर्चनम्।
प्रणामो योगशुद्धिश्च भिक्षाशुद्धिश्च तेन वा॥

૪. દાતારના સાત ગુણ, નવધાભક્તિ, દેવા યોગ્ય આહાર અને પાત્રાદિ સંબંધી વિશેષ જ્ઞાન માટે જુઓ 'પુરુષાર્થસિદ્ધિ–ઉપાય' શ્લોક ૧૬૮ થી ૧૭૧.

**एतैर्नवभिः पुण्यैः पुण्योपार्जनहेतुभि॥११३॥**

---

પડગાહવું, ઉચ્ચસ્થાન આપવું, ચરણ–પ્રક્ષાલન, પૂજન, પ્રણામ, મનશુદ્ધિ, વચનશુદ્ધિ, કાયશુદ્ધિ અને એષણા (ભોજન) શુદ્ધિ–એ નવ પ્રકારની ભક્તિ છે.

પુણ્યોપાર્જનના હેતુથી એ નવ પ્રકારની ભક્તિથી (દાતારે પાત્રને દાન આપવું જોઈએ).

**ભાવાર્થ :—**સાત ગુણો સહિત શ્રાવક, ભદ્રપરિણામથી પાંચ સૂના અને આરંભ રહિત મુનિને, નવધાભક્તિપૂર્વક શુદ્ધ આહારાદિ આપે તેને દાન કહે છે.

## વિશેષ

દાનને પાત્ર કોણ?

"મોક્ષના કારણરૂપ ગુણોનો અર્થાત્ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ ગુણોનો સંયોગ જેમાં હોય તેને પાત્ર કહે છે. તેના ત્રણ પ્રકાર છે—

૧. જઘન્ય પાત્ર (વ્રતરહિત સમ્યગ્દષ્ટિ),

૨. મધ્યમ પાત્ર (દેશવ્રતી શ્રાવક) અને

૩. ઉત્તમ પાત્ર (મહાવ્રતી મુનિ)."[૧]

જે જીવ સમ્યગ્દષ્ટિ છે તે જ દાનને પાત્ર છે. ઉપરોક્ત ત્રણ પ્રકારના પાત્રો સુપાત્ર છે. સમ્યક્ત્વરહિત બાહ્યવ્રત પાળનાર તે કુપાત્ર છે અને જેને સમ્યગ્દર્શન નથી, તેમ જ બાહ્યવ્રત–ચારિત્ર પણ નથી તે અપાત્ર છે.

'અપાત્ર જીવોને દુઃખથી પીડિત દેખીને તેમના ઉપર દયાભાવ વડે તેમનું દુઃખ દૂર કરવાની ભાવના ગૃહસ્થ અવશ્ય કરે, પણ તેમના પ્રત્યે ભક્તિભાવ ન કરે, કેમ કે તેના પ્રત્યે ભક્તિભાવ કરવો તે તેમના પાપની અનુમોદના છે. કુપાત્રને યોગ્ય રીતે (કરુણાબુદ્ધિ વડે) આહારાદિ દાન દેવું જોઈએ."[૨]

"ખરેખર જ્યારે આપણો અંતરંગ કષાય જે લોભ છે તેનો ત્યાગ થાય છે, ત્યારે જ આપણા પરિણામ બાહ્ય વસ્તુમાં વિતરણ કરવાના થાય છે. તેથી લોભ કષાયનો ત્યાગ જ ખરું દાન છે અને લોભ કષાય ભાવહિંસાનો એક ભેદ છે; તેથી જે સત્પુરુષ દાન કરે છે તે જ ખરી રીતે અહિંસાવ્રત પાળે છે."

"પોતાને માટે બનાવેલું ભોજન 'હું મુનિમહારાજને આપું છું' એમ ત્યાગભાવનાનો

---

૧. પુરુષાર્થસિદ્ધિ–ઉપાય, શ્લોક ૧૭૧. ૨. ગુજરાતી મોક્ષશાસ્ત્ર, પૃષ્ઠ ૬૨૬.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



इत्थं दीयमानस्य फलं दर्शयन्नाह—

**गृहकर्मणापि निचितं कर्म विमार्ष्टि खलु गृहविमुक्तानाम्।**
**अतिथीनां प्रतिपूजा रुधिरमलं धावते वारि।।११४।।**

विमार्ष्टि स्फेटयति। खलु स्फुटं। किं तत्? कर्म पापरूपं। कथंभूतं? निचितमपि उपार्जितमपि पुष्टमपि वा। केन? गृहकर्मणा सावद्यव्यापारेण। कोऽसौ कर्त्री? प्रतिपूजा दानं। केषां अतिथीनां न विद्यते तिथिर्येषां तेषां। किंविशिष्टानां? गृहविमुक्तानां

---

સ્વીકાર કરી તથા શોક અને વિષાદનો ત્યાગ કરી, જેનો લોભ શિથિલ (મંદ) થયો છે એવા શ્રાવકને અવશ્ય અહિંસા હોય છે.''

''આ અતિથિસંવિભાગ–વૈયાવૃત્ય શિક્ષાવ્રતમાં દ્રવ્યઅહિંસા તો પ્રગટ છે જ, કેમ કે દાન દેવાથી બીજાની ક્ષુધા–તૃષાની પીડા મટે છે તથા દાતા લોભનો ત્યાગ કરે છે, તેથી ભાવઅહિંસા પણ થાય છે અર્થાત્ દાન કરનાર અહિંસા વ્રતનું પાલન કરે છે.''[1] ૧૧૩.

આ પ્રમાણે આપવામાં આવેલા દાનનું ફળ દર્શાવીને કહે છે—

## દાનનું ફળ
## શ્લોક ૧૧૪

**અન્વયાર્થ** :—[खलु] ખરેખર જેમ [वारि] જળ [रुधिरम्] લોહીને [अलम्] સારી રીતે [धावते] ધૂએ છે, (સાફ કરે છે) તેમ [गृहविमुक्तानाम्] ગૃહત્યાગી [अतिथीनाम्] અતિથિજનોને [प्रतिपूजा] આપેલું યથાયોગ્ય આહારાદિ દાન, [गृहकर्मणा] ગૃહકાર્યથી [निचितं] સંચિત કરેલાં [कर्म अपि] પાપોનો પણ [खलु] ખરેખર [विमार्ष्टि] નાશ કરે છે.

**ટીકા** :—'विमार्ष्टि' નાશ કરે છે. 'खलु' ખરેખર–નક્કી. શું તે? 'कर्म' પાપરૂપ કર્મને. કેવાં (કર્મને)? 'निचितं अपि' ઉપાર્જિત–પોષેલાં (કર્મને) પણ. 'केन' શા વડે (ઉપાર્જિત)? 'गृहकर्मणा' પાપયુક્ત વ્યાપાર વડે. કર્તા કોણ? 'प्रतिपूजा' દાન. કોને? 'अतिथीनां' જેમને (આવવા માટે) કોઈ તિથિ (દિવસ) નિશ્ચિત નથી તેવા અતિથિજનોને.

---

૧. જુઓ પુરુષાર્થસિદ્ધિ–ઉપાય ગુજરાતી આવૃત્તિ, શ્લોક ૧૭૩–૧૭૪ ટીકા તથા ભાવાર્થ.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

गृहरहितानां। अस्यैवार्थस्य समर्थनार्थं दृष्टान्तमाह—रुधिरमलं धावते वारि। अलं शब्दो यथार्थे। अयमर्थो रुधिरं यथा मलिनमपवित्रं च वारि कर्तृ निर्मलं पवित्रं च धावते प्रक्षालयति तथा दानं पापं विमार्ष्टि।।११४।।

साम्प्रतं नवप्रकारेषु प्रतिग्रहादिषु क्रियमाणेषु कस्मात् कि फलं सम्पद्यत इत्याह—

**उच्चैर्गोत्रं प्रणतेर्भोगो दानादुपासनात्पूजा।**
**भक्तेः सुन्दररूपं स्तवनात्कीर्तिस्तपोनिधिषु।।११५।।**

तपोनिधिषु यतिषु। प्रणतेः प्रणामकरणादुच्चैर्गोत्रं भवति। तथा

---

કેવા પ્રકારના (અતિથિઓને)? ‘गृहविमुक्तानाम्’ ગૃહરહિત (ગૃહત્યાગી). આ જ અર્થનું સમર્થન કરવા માટે દૃષ્ટાન્ત કહે છે—‘रुधिरमलं धावते वारि’ ‘अलं’ શબ્દ યથાર્થના અર્થમાં છે. અર્થ આ છે—જેમ મલિન–અપવિત્ર રુધિરને નિર્મળ–પવિત્ર પાણી (કર્તા) ધૂએ છે– સારી રીતે સાફ કરે છે (અર્થાત્ જેમ પાણી રુધિરથી મેલને સાફ કરે છે), તેમ દાન પાપને ધોઈ નાખે છે–દૂર કરે છે.

**ભાવાર્થ** :—જેમ જળ રુધિરને (લોહીને) પૂરતી રીતે સાફ કરે છે, તેમ ગૃહત્યાગી અતિથિજનોને આપેલું આહારાદિનું દાન, પાપમય ગૃહકાર્યોથી સંચિત (ઉપાર્જિત) કરેલાં પાપને પણ નક્કી નાશ કરે છે. ૧૧૪.

હવે પડિગાહના આદિ નવ પ્રકારનાં પુણ્યકાર્યો કરતાં શેનાથી શું–શું ફળ પ્રાપ્ત થાય છે? તે કહે છે—

## નવધા ભક્તિનું ફળ
## શ્લોક ૧૧૫

**અન્વયાર્થ** :—[तपोनिधिषु] તપસ્વી મુનિઓને [प्रणतेः] પ્રણામ કરવાથી [उच्चैर्गोत्रं] ઉચ્ચ ગોત્ર, [दानात्] દાન દેવાથી [भोगः] ભોગ, [उपासनात्] (તેમની) ઉપાસનાથી [पूजा] પ્રતિષ્ઠા–માન્યતા, [भक्तेः] (તેમની) ભક્તિથી [सुंदररूपं] સુંદર રૂપ અને [स्तवनात्] (તેમની) સ્તુતિ કરવાથી [कीर्तिः] કીર્તિ (પ્રાપ્ત થાય છે.)

**ટીકા** :—‘तपोनिधिषु’ તપના નિધાનરૂપ યતિઓ પ્રત્યે ‘प्रणतेः’ પ્રણામ કરવાથી ‘उच्चैः गोत्रंः’ ઉચ્ચ ગોત્ર પ્રાપ્ત થાય છે તથા ‘दानात्’ ભોજનશુદ્ધિરૂપ દાનથી ભોગની

दानादशनशुद्धिलक्षणाद्भोगो भवति। उपासनात् प्रतिग्रहणादिरूपात् सर्वत्र पूजा भवति। भक्तेर्गुणानुरागजनितान्तःश्रद्धाविशेषलक्षणायाः सुन्दररूपं भवति। स्तवनात् श्रुतजलधीत्यादिस्तुतिविधानात् सर्वत्र कीर्तिर्भवति।।११५।।

नन्वेवंविधं विशिष्टं फलं स्वल्पं दानं कथं सम्पादयतीत्याशंकाऽपनोदार्थमाह—

---

સામગ્રી પ્રાપ્ત થાય છે. 'उपासनात्' પ્રતિગ્રહાદિરૂપ ઉપાસનાથી 'पूजा' સર્વત્ર પૂજા—સન્માન પ્રાપ્ત થાય છે. 'भक्तेः' ગુણાનુરાગથી ઉત્પન્ન થયેલી શ્રદ્ધા—વિશેષરૂપ ભક્તિથી 'सुन्दररूपं' સુંદર રૂપ પ્રાપ્ત થાય છે. (ગુણોના અનુરાગથી અંતરંગમાં જે શ્રદ્ધા ઉત્પન્ન થાય છે તેને ભક્તિ કહે છે.) મુનિઓની એવી ભક્તિ કરવાથી સુંદર રૂપ પ્રાપ્ત થાય છે અને 'स्तवनात्' સ્તવનથી અર્થાત્ 'આપ શ્રુતસાગર છો' ઇત્યાદિ સ્તુતિ કરવાથી 'कीर्तिः' સર્વત્ર કીર્તિ (યશ) પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થ** :—વીતરાગ મુનિરાજને નમસ્કાર કરવાથી ઇન્દ્રપણું આદિ ઉચ્ચગોત્ર, દાન દેવાથી ભોગોપભોગની સામગ્રી, નવધા ભક્તિથી (ઉપાસનાથી) સર્વમાન્ય ઉચ્ચ પદ, ભક્તિ (શ્રદ્ધા)થી સુંદર રૂપ અને સ્તુતિ કરવાથી સર્વત્ર કીર્તિ પામે છે.

ઉત્તમ પાત્રને દાન દેવાથી ઉત્તમ ભોગભૂમિ, મધ્યમપાત્રને દાન દેવાથી મધ્યમ ભોગભૂમિ અને જઘન્ય પાત્રને દાન દેવાથી જઘન્ય ભોગભૂમિ તથા કુપાત્રને દાન દેવાથી કુભોગભૂમિ મળે છે.

"......આત્માનું જ્ઞાન અને આચરણ નહિ હોવાથી જે પરમાર્થશૂન્ય છે એવા અજ્ઞાની છદ્મસ્થ વિપરીત ગુરુ પ્રત્યે સેવા—ભક્તિથી વૈયાવૃત્ય તથા આહારાદિક ક્રિયાથી જે પુણ્ય પ્રાપ્ત થાય છે, તેનું ફળ નીચ દેવ અને નીચ મનુષ્યપણું છે."[૧] ૧૧૫.

સ્વલ્પ દાન આવા પ્રકારનાં વિશિષ્ટ ફળને કેવી રીતે આપે? એવી આશંકાને દૂર કરવા માટે કહે છે—

---

૧. જુઓ, હિન્દી પ્રવચનસાર પૃષ્ઠ ૩૫૦, તથા
ચર્ચાસમાધાન પૃષ્ઠ ૪૮, મોક્ષશાસ્ત્ર પૃષ્ઠ ૬૦૬.

**क्षितिगतमिव वटबीजं पात्रगतं दानमल्पमपि काले।**
**फलति च्छायाविभवं बहुफलमिष्टं शरीरभृताम्॥११६॥**

अल्पमपि दानमुचितकाले। पात्रगतं सत्पात्रे दत्तं। शरीरभृतां संसारिणां। इष्टं फलं बह्वनेकप्रकारं सुन्दररूपभोगोपभोगादिलक्षणं फलति। कथंभूतं? छायाविभवं छाया माहात्म्यं विभवः सम्पत् तौ विद्येते यत्र। अस्यैवार्थस्य समर्थनार्थं क्षितीत्यादिदृष्टान्तमाह। क्षितिगतं सुक्षेत्रे निक्षिप्तं यथा अल्पमपि वटबीजं बहुफलं फलति। कथं? छायाविभवं छाया आतपनिरोधिनी तस्या विभवः प्राचुर्यं यथा भवत्येवं फलति॥११६॥

---

## અલ્પદાનથી મહાફળની પ્રાપ્તિ
### શ્લોક ૧૧૬

**અન્વયાર્થ** :—જેવી રીતે [काले] ઉચિત કાળે—સમયે [क्षितिगतम्] (ફળદ્રુપ) જમીનમાં વાવેલું [वटबीजं इव] વડલાનું બીજ [छायाविभवं] (મોટી) છાયાના વૈભવને અને [बहुफलम्] બહુ ફળોરૂપે [फलति] ફળ આપે છે—ફળે છે (પ્રાપ્ત કરે છે), તેવી રીતે [काले] ઉચિત સમયે [पात्रगतम्] પાત્રને આપેલું [अल्पंअपि] થોડું પણ [दानं] દાન [शरीरभृतां] જીવોને [छायाविभवं] ઉત્તમ ઐશ્વર્ય અને વિભૂતિયુક્ત [इष्टम्] ઈચ્છિત [बहुफलम्] ભોગોપભોગાદિરૂપ અનેક ફળોરૂપે [फलति] ફળે છે.

**ટીકા** :—'काले' ઉચિત કાળે 'पात्रगतं' સત્પાત્રને આપેલું 'अल्पमपि दानं' થોડું પણ દાન 'शरीरभृताम्' સંસારી જીવોને 'इष्टं' ઈચ્છિત 'बहुफलं' ભોગોપભોગાદિરૂપ અનેક પ્રકારનાં સુંદર ફળરૂપે 'फलति' ફળે છે. કેવાં (ફળરૂપે)? 'छायाविभवं' છાયા એટલે માહાત્મ્ય અને વિભવ એટલે સંપત્—બંને જ્યાં હોય તેવાં (અર્થાત્ મહા ઐશ્વર્ય અને વિભૂતિયુક્ત). આ જ અર્થના સમર્થન માટે 'क्षिति' ઈત્યાદિનું દૃષ્ટાન્ત આપે છે—'क्षितिगतम्' સુક્ષેત્રે વાવેલું 'काले' યોગ્ય સમયે 'अल्पमपि वटबीजमिव' નાનું પણ વડલાનું બીજ જેમ 'बहुफलं फलति' બહુ ફળરૂપે ફળે છે; કેવું (ફળે છે)? 'छायाविभवं' તાપને રોકનારી છાયા—તેના વિભવરૂપે અર્થાત્ વિશાળતારૂપે (પ્રચુરતારૂપે) ફળે છે તેમ.

**ભાવાર્થ** :—જેમ ફળદ્રુપ જમીનમાં વાવેલું નાનું વડલાનું બીજ, યોગ્યકાળે વિશાળ છાયા અને અનેક ફળોરૂપે ફળે છે, તેમ યોગ્ય પાત્રને દીધેલું અલ્પ દાન પણ યોગ્ય સમયે જીવને (દાતારને) વિશાળ ઐશ્વર્ય, સંપત્તિ અને ઈચ્છાનુસાર અનેક ભોગોપભોગાદિ ફળરૂપે ફળે છે.

तच्चैवंविधफलसम्पादकं दानं चतुर्भेदं भवतीत्याह—

आहारौषधयोरप्युपकरणावासयोश्च दानेन।
वैयावृत्यं ब्रुवते चतुरात्मत्वेन चतुरस्राः॥११७॥

---

## વિશેષ

રયણસારમાં કહ્યું છે કે—

सप्पुरिसाणं दाणं कप्पतरुणं फलाण सोहं वा।
लोहीणं दाणं जइ विमाण सोहा सव्वस्स जाणेह॥

સત્પુરુષોને દાન કલ્પતરુઓનાં ફળની શોભા જેવું છે અને લોભી–પાપી પુરુષોને આપેલું દાન મડદાની ઠાઠડીની શોભા જેવું છે—એમ જાણ.

## દાનમાં વિશેષતા

તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે કે—विधिद्रव्यदातृपात्रविशेषात्तद्विशेषः। અધ્યાય ૭/૩૯.

વિધિવિશેષ, દ્રવ્યવિશેષ, દાતૃવિશેષ અને પાત્રવિશેષથી દાનમાં વિશેષતા હોય છે.

૧. વિધિવિશેષ—નવધાભક્તિના ક્રમને વિધિવિશેષ કહે છે.

૨. દ્રવ્યવિશેષ—તપ, સ્વાધ્યાય વગેરેની વૃદ્ધિમાં કારણ એવા આહારાદિને દ્રવ્યવિશેષ કહે છે.

૩. દાતૃવિશેષ—જે દાતાર શ્રદ્ધા વગેરે સાત ગુણો સહિત હોય, તેને દાતૃવિશેષ કહે છે.

૪. પાત્રવિશેષ—જે સમ્યક્ચારિત્ર વગેરે ગુણો સહિત હોય, એવા મુનિ વગેરેને પાત્રવિશેષ કહે છે. ૧૧૬.

આવા પ્રકારનાં ફળને પ્રાપ્ત કરનાર દાનના ચાર ભેદ છે તે કહે છે—

## દાનના ચાર ભેદ
### શ્લોક ૧૧૭

**અન્વયાર્થ** :—[आहारौषधयोः अपि] આહાર તથા ઔષધિ [च] અને [उपकरणावासयोः] જ્ઞાનનાં સાધન શાસ્ત્રાદિ ઉપકરણ તથા આવાસ (વસતિકા, સ્થાન)

वैयावृत्यं दानं ब्रुवते प्रतिपादयंति। कथं? चतुरात्मत्वेन चतुःप्रकारत्वेन। के ते? चतुरस्राः पण्डिताः। तानेव चतुष्प्रकारान् दर्शयन्नाहारेत्याद्याह—आहारश्च भक्तपानादिः औषधं च व्याधिस्फोटकं द्रव्यं तयोर्द्वयोरपि दानेन। न केवल तयोरेव अपि तु उपकरणावासयोश्च उपकरणं ज्ञानोपकरणादिः आवासो वसतिकादिः ॥११७॥

तच्चतुष्प्रकारं दानं किं केन दत्तमित्याह—

**श्रीषेणवृषभसेने कौण्डेशः सूकरश्च दृष्टान्ताः।**
**वैयावृत्यस्यैते चतुर्विकल्पस्य मन्तव्याः ॥११८॥**

चतुर्विकल्पस्य चतुर्विधवैयावृत्यस्य दानस्यैते श्रीषेणादयो दृष्टान्ता मन्तव्याः।

---

[चतुरात्मत्वेन दानेन] એ ચાર પ્રકારનાં દાન કરીને [चतुरस्राः] ચાર જ્ઞાનના ધારક ગણધર દેવો [वैयावृत्यम्] વૈયાવૃત્યને ચાર પ્રકારના ભેદ રૂપે [ब्रुवते] કહે છે.

**ટીકા** :—'चतुरस्राः चतुरात्मत्वेन वैयावृत्यं ब्रुवते' પંડિતો દાનને ચાર પ્રકારે કહે છે. તે જ ચાર પ્રકારો દર્શાવીને કહે છે—'आहारेत्यादि' ભોજન, પાનાદિને આહાર કહે છે. વ્યાધિનાશક દ્રવ્યને ઔષધ કહે છે. તે બંનેના દાનથી, કેવળ તે બંનેના દાનથી નહિ પણ 'उपकरणावासयोश्च' જ્ઞાનનાં ઉપકરણ આદિ અને વસતિકાદિ (—એ બંનેના દાનથી પણ) વૈયાવૃત્ય—દાન ચાર પ્રકારે છે.

**ભાવાર્થ** :—વૈયાવૃત્ય (દાન)ના ચાર પ્રકાર છે—(૧) આહારદાન, (૨) ઔષધદાન, (૩) ઉપકરણદાન, (૪) આવાસદાન. ૧૧૭.

આ ચાર પ્રકારનું કયું દાન કોણે આપ્યું તે કહે છે—

## દાન દેવામાં પ્રસિદ્ધ થયેલાનાં નામ
## શ્લોક ૧૧૮

**અન્વયાર્થ** :—[श्रीषेणवृषभसेने] શ્રીષેણ રાજા, (એક શેઠની સુપુત્રી), વૃષભસેના, [कौण्डेशः] કૌણ્ડેશ (નામનો કોટવાળ) [च] અને [सूकरः] શૂકર [एते] એ (ક્રમથી) [चतुर्विकल्पस्य] ચાર પ્રકારનાં [वैयावृत्यस्य] વૈયાવૃત્યનાં [दृष्टान्ताः] દૃષ્ટાન્તો [मन्तव्याः] માનવા યોગ્ય છે.

**ટીકા** :—'चतुर्विकल्पस्य' ચાર પ્રકારનાં 'वैयावृत्यस्य' વૈયાવૃત્ય—દાનનાં 'एते' એ

तत्राहारदाने श्रीषेणो दृष्टान्तः। अस्य कथा—

मलयदेशे रत्नसंचयपुरे राजा श्रीषेणो राज्ञी सिंहनन्दिता द्वितीया अनिन्दिता च। पुत्रौ क्रमेण तयोरिन्द्रोपेन्द्रौ। तत्रैव ब्राह्मणः सात्यकिनामा, ब्राह्मणी जम्बू, पुत्री सत्यभामा। पाटलिपुत्रनगरे ब्राह्मणो रुद्रभट्टो बटुकान् वेदं पाठयति। तदीयचेटिकापुत्रश्च कपिलनामा तीक्ष्णमतित्वात् [1]छद्मना वेदं श्रृण्वन् तत्पारगो जातो। रुद्रभट्टेन च कुपितेन पाटलिपुत्रान्निर्घाटितः। [2]सोत्तरीयं यज्ञोपवीतं परिधाय ब्राह्मणो भूत्वा रत्नसंचयपुरे गतः। सात्यकिना च तं वेदपारगं सुरूपं च दृष्ट्वा सत्यभामाया योग्योऽयमिति मत्वा सा तस्मै दत्ता। सत्यभामा च रतिसमये बिटचेष्टां तस्य दृष्ट्वा कुलजोऽयं न भविष्यतीति सा सम्प्रधार्य चित्ते विषादं वहन्ती तिष्ठति। एतस्मिन् प्रस्तावे रुद्रभट्टस्तीर्थयात्रां कुर्वाणो रत्नसंचयपुरे

'श्रीषेण' શ્રીષેણ આદિ 'दृष्टान्ताः' દ્રષ્ટાન્તો 'मन्तव्याः' માનવાં. (શ્રીષેણ રાજા આહારદાનનું, વૃષભસેના ઔષધદાનનું, કૌંડેશ ઉપકરણદાનનું અને શૂકર આવાસદાનનું દ્રષ્ટાન્ત છે.)

આહારદાનમાં શ્રીષેણ દ્રષ્ટાંત રૂપે છે.

## શ્રીષેણ રાજાની કથા—૧

મલયદેશમાં રત્નસંચય નગરમાં શ્રીષેણ રાજા હતો. તેને એક સિંહનંદિતા અને બીજી અનિંદિતા નામની રાણીઓ હતી. તે બંનેને અનુક્રમે ઇન્દ્ર અને ઉપેન્દ્ર નામના બે પુત્રો હતા. ત્યાં જ એક સાત્યકી નામનો બ્રાહ્મણ હતો; તેની બ્રાહ્મણીનું નામ જંબુ અને પુત્રીનું નામ સત્યભામા હતું.

પાટલીપુત્ર નગરમાં એક રુદ્રભટ્ટ નામનો બ્રાહ્મણ બટુકોને (બાળકોને) વેદ શીખવતો હતો. તેની ચેટિકાનો (દાસીનો) પુત્ર કપિલ હતો, તે છૂપા વેશે (કપટથી), તીક્ષ્ણ બુદ્ધિના કારણે વેદનું શ્રવણ કરીને તેમાં પારંગત થયો. રુદ્રભટ્ટે ગુસ્સે થઈને તેને પાટલીપુત્રમાંથી કાઢી મૂક્યો. ખેસ નાખી તથા જનોઈ પહેરી તે બ્રાહ્મણ બનીને રત્નસંચય નગરમાં ગયો. સાત્યકીએ તેને વેદમાં પારંગત અને સુંદર રૂપવાળો દેખીને 'આ સત્યભામાને યોગ્ય છે'— એમ માનીને કપિલને સત્યભામા આપી.

રતિ સમયે (કામક્રીડા સમયે) તેની વિટ જેવી (હલકા પુરુષ જેવી) ચેષ્ટા દેખીને, 'આ કુળવાન હશે નહિ' એમ ધારી સત્યભામા મનમાં વિષાદ (ખેદ) કરતી, તે દરમિયાન

१. कर्णलब्ध्या वेदंश्रृण्वान घ। २. सोत्तरीययज्ञोपवीतं घ।

**समायातः। कपिलेन प्रणम्य निजधवलगृहे नीत्वा भोजनपरिधानादिकं कारयित्वा सत्यभामायाः सकललोकानां च मदीयोऽयं पितेति कथितम्। सत्यभामया चैकदा रुद्रभट्टस्य विशिष्टं भोजनं बहुसुवर्णं च दत्वा पादयोर्लगित्वा पृष्टं—तात! तव शीलस्य लेशोऽपि कपिले नास्ति, ततः किमयं तव पुत्रो भवति न वेति सत्यं मे कथय। ततस्तेन कथितं, पुत्री! मदीयचेटिकापुत्र इति। एतदाकर्ण्य तदुपरि विरक्ता सा हठादयं मामभिगमिष्यतीति मत्वा सिंहनन्दिताग्रमहादेव्याः शरणं प्रविष्टा, तया च सा पुत्री ज्ञाता। एवमेकदा श्रीषेणराजेन परमभक्त्या विधिपूर्वकमर्ककीर्त्यामितगतिचारणमुनिभ्यां दानं दत्तम्। तत्फलेन राज्ञा सह भोगभूमावुत्पन्ना। तदनुमोदनात् सत्यभामापि तत्रैवोत्पन्ना। स राजा श्रीषेणो दानप्रथमकारणात् पारंपर्येण शान्तिनाथतीर्थंकरो जातः। आहारदानफलम्।**

**औषधदाने वृषभसेनाया दृष्टान्तः। अस्याः कथा—**

---

રુદ્રભટ્ટ તીર્થયાત્રા કરતો-કરતો રત્નસંચય નગરમાં આવ્યો. કપિલ તેને પ્રણામ કરીને પોતાના ધવલગૃહમાં લઈ ગયો અને ભોજન-વસ્ત્રાદિક કરાવીને (અપાવીને) સત્યભામા અને સર્વ લોકની સામે તેણે કહ્યું કે—"આ મારા પિતા છે."

એક દિવસ સત્યભામાએ રુદ્રભટ્ટને વિશિષ્ટ (ઉત્તમ) ભોજન તથા બહુ સુવર્ણ આપી, તેને પગે લાગીને પૂછ્યું : "તાત! કપિલમાં આપના સ્વભાવનો એક અંશ પણ નથી; તેથી આ તમારો પુત્ર છે કે નહિ તે મને સત્ય કહો."

પછી તેણે કહ્યું, "પુત્રી! એ મારી ચેટિકાનો (રખાતનો) પુત્ર છે."

એ સાંભળીને તે તેના ઉપર વિરક્ત (ઉદાસીન) થઈ. અને "હઠથી આ મારી સાથે સંભોગ કરશે" એમ માનીને પ્રથમ મહાદેવી (પટ્ટરાણી) સિંહનંદિતાને શરણે ગઈ. તેણે પણ તેને પુત્રી તરીકે માનીને રાખી.

એક દિવસ તેણે (રાણીએ) શ્રીષેણ રાજા સાથે પરમ ભક્તિથી વિધિપૂર્વક અર્કકીર્તિ અને અમિતગતિ-બે ચારણ મુનિઓને દાન દીધું. તેના ફળથી તે રાણી રાજા સાથે ભોગભૂમિમાં ઉત્પન્ન થઈ. તેના (દાનના) અનુમોદનથી સત્યભામા પણ ત્યાં જ અવતરી. તે રાજા શ્રીષેણ પ્રથમ (આહારદાનના) દાનના કારણે પરંપરાએ શાંતિનાથ તીર્થંકર થયા. આહારદાનનું આ ફળ છે. ૧.

ઔષધદાનમાં વૃષભસેનાનું દૃષ્ટાન્ત છે.

जनपददेशे कावेरीपत्तने राजोग्रसेनः, श्रेष्ठी धनपतिः, भार्या धनश्रीः, पुत्री वृषभसेना, तस्या धात्री रूपवती नामा। एकदा वृषभसेनास्नानजलगर्तायां रोगगृहीतं कुक्कुरं पतितलुठितोऽत्थितं रोगरहितमालोक्य चिन्तितं धात्र्या—पुत्रीस्नानजलमेवास्यारोग्यत्वे कारणम्। ततस्तया धात्र्या निजजनन्या द्वादशवार्षिकाक्षिरोगगृहीतायाः कथिते तया लोचने तेन जलेन परीक्षार्थमेकदिने धौतेदृष्टी च शोभने जाते। ततः सर्वरोगापनयने सा धात्री प्रसिद्धा तत्र नगरे संजाता। एकदोग्रसेनेन रणपिंगलमंत्री बहुसैन्योपेतो मेघपिंगलोपरि प्रेषितः। स तं देशं प्रविष्टो विषोदकसेवनात् ज्वरेण गृहीतः। स च व्याघुट्यागतः रूपवत्या च तेन जलेन नीरोगीकृतः। उग्रसेनोऽपि कोपात्तत्र गतः तथा ज्वरितो व्याघुट्यायातो रणपिंगलाज्ञलवृत्तान्तमाकर्ण्य तज्ज्ञलं याचितवान्। ततो मंत्र उक्तो धनश्रिया भोः श्रेष्ठिन्! कथं नरपतेः शिरसि पुत्रीस्नानजलं क्षिप्यते? धनपतिनोक्तं यदि पृच्छति राजा जलस्वभावं

---

## વૃષભસેનાની કથા—૨

જનપદદેશમાં કાવેરી શહેરમાં રાજા ઉગ્રસેન, શેઠ ધનપતિ, તેની સ્ત્રી ધનશ્રી, તેની પુત્રી વૃષભસેના અને તેની ધાવમાતા (ધાત્રી) રૂપવતી નામે હતાં.

એક દિવસ વૃષભસેનાના સ્નાનજળના ખાડામાં એક રોગગ્રસ્ત કૂતરું પડ્યું, આળોટ્યું અને નીકળ્યું. તેના રોગરહિત દેખીને ધાત્રીએ વિચાર્યું : "પુત્રીનું સ્નાનજળ જ તેની આરોગ્યતાનું કારણ છે."

પછી તે ધાત્રીએ બાર વર્ષથી આંખના રોગથી પીડાતી પોતાની માતાને આ વાત કરી. એક દિવસ પરીક્ષા માટે તે જળથી પોતાનાં નેત્રો ધોતાં, તેની (ધાત્રીની માતાની) આંખો સારી થઈ ગઈ. આ ઘટનાથી તે ધાત્રી સર્વ રોગો મટાડનારી છે, એમ તે નગરમાં પ્રસિદ્ધ થઈ.

એક દિવસ રાજા ઉગ્રસેને બહુ સૈન્ય સાથે રણપિંગલ મંત્રીને મેઘપિંગલ ઉપર (ચઢાઈ કરવા) મોકલ્યો. મંત્રી જેવો જ તે દેશમાં પ્રવેશ્યો કે તરત જ ઝેરી પાણીના સેવનથી તાવે સપડાયો. તે જલદી પાછો આવ્યો અને રૂપવતી (ધાત્રી)એ તે જળથી (સ્નાનજળથી) તેને નીરોગી (રોગરહિત) કર્યો. રાજા ઉગ્રસેન પણ કોપથી ત્યાં (મેઘપિંગલના દેશમાં) ગયો અને તેવી રીતે તાવમાં સપડાઈ જલદી પાછો આવ્યો. રણપિંગલ પાસેથી જળની હકીકત સાંભળીને તેણે તે જળની યાચના કરી. પછી ધનશ્રીએ મંત્રીને (શેઠને) કહ્યું, "અરે શેઠ! રાજાના મસ્તક ઉપર પુત્રીનું સ્નાનજળ કેવી રીતે નખાય?"

तदा सत्यं कथ्यते न दोषः। एवं भणिते रूपवत्या तेन जलेन नीरोगीकृत उग्रसेनः। ततो नीरोगेण राज्ञा पृष्टा रूपवती जलस्य माहात्म्यम्। तया च सत्यमेव कथितं। ततो राज्ञा व्याहूतः श्रेष्ठी, स च भीतः राज्ञः समीपमायातः। राजा च गौरवं कृत्वा वृषभसेनां परिणेतुं स याचितः। ततः श्रेष्ठिना भणितं देव! यद्यष्टाह्निकां पूजां जिनप्रतिमानां करोषि तथा पंजरस्थान् पक्षिगणान् मुञ्चसि तथा गुप्तिषु सर्वमनुष्यांश्च मुञ्चसि तदा ददामि। उग्रसेनेन च तत् सर्वं कृत्वा परिणीता वृषभसेना पट्टरानी च कृता। अतिवल्लभया तयैव च सह विमुच्यान्यकार्यं क्रीडां करोति। एतस्मिन् प्रस्तावे यो वाराणस्याः पृथिविचन्द्रो नाम राजा धृत आस्ते सोऽतिप्रचण्डत्वात्तद्विवाहकालेऽपि न मुक्तः। ततस्तस्य या राज्ञी नारायणदत्ता तया मंत्रिभिः सह मंत्रयित्वा पृथिवीचन्द्रमोचनार्थं वाराणस्यां सर्वत्रावारितसत्कारा

---

ધનપતિએ કહ્યું, ‘‘જો રાજા જળના સ્વભાવ સંબંધી પૂછે તો સત્ય કહેવું, તેમાં દોષ નથી.’’

એમ કહેવામાં આવતાં રૂપવતીએ તે જળથી ઉગ્રસેન રાજાને નીરોગી કર્યો. પછી નીરોગી થયેલા રાજાએ રૂપવતીને જળના મહિમા વિષે પૂછ્‌યું અને તેણે સાચું જ કહ્યું.

પછી રાજાએ શેઠને બોલાવ્યો અને તે (શેઠ) ડરતાં–ડરતાં રાજાની સમીપે આવ્યો. રાજાએ તેનું બહુમાન કરી, વૃષભસેનાને પરણવાની (તેની પાસે) માગણી કરી. પછી શેઠે કહ્યું, ‘‘દેવ! જો તમે જિનપ્રતિમાઓની અષ્ટાહ્નિકા પૂજા કરો, પાંજરામાં પૂરેલાં સમસ્ત પક્ષીઓને છોડી મૂકો અને જેલમાં રાખેલા સર્વ મનુષ્યોને મુક્ત કરો તો હું તેને (વૃષભસેનાને) આપું.’’

રાજા ઉગ્રસેને તે બધું કર્યું અને વૃષભસેનાને પરણ્યો તથા તેને પટરાણી બનાવી. રાજા અન્ય બધાં કાર્યો છોડીને તે પ્રિય રાણી સાથે ક્રીડા કરવા લાગ્યો.

તે દરમિયાન જે વારાણસીનો પૃથિવીચંદ્ર નામનો રાજા પકડાયો હતો, તે બહુ પ્રચંડ (ઉગ્ર) હોવાથી વિવાહના સમયે પણ તેને છોડવામાં આવ્યો ન હતો. પછી તેની રાણી જે નારાયણદત્તા હતી તેણે મંત્રીઓની સાથે મંત્રણા કરીને પૃથિવીચંદ્રને છોડાવવા માટે વારાણસીમાં વૃષભસેના રાણીના નામે એવું ભોજનગૃહ ખોલાવ્યું કે જેમાં કોઈને માટે પ્રવેશ કરવાનો નિષેધ ન હતો. તેમાં ભોજન કરીને જેઓ કાવેરી નગરે ગયા હતા તે બ્રાહ્મણો આદિ પાસેથી તે વૃત્તાંત સાંભળીને કોપાયમાન થયેલી રૂપવતીએ કહ્યું, ‘‘હે વૃષભસેના! મને પૂછ્‌યા વગર તેં વારાણસીમાં ભોજનગૃહ શા માટે કરાવ્યું છે?’’

वृषभसेनाराज्ञीनाम्ना कारितास्तेषु भोजनं कृत्वा कावेरीपत्तनं ये गतास्तेभ्यो ब्राह्मणादिभ्यस्तं वृत्तान्तमाकर्ण्य रुष्टया रूपवत्या भणिता वृषभसेने! त्वं मामपृच्छन्ती वाराणस्यां कथं सत्कारान् कारयसि? तया भणितमहं न कारयामि किन्तु मम नाम्ना केनचित्कारणेन केनापि कारिताः। तेषां शुद्धिं कुरु त्वमिति चरपुरुषैः कृत्वा यथार्थ ज्ञात्वा तया वृषभसेनायाः सर्वं कथितम्। तया च राजानं विज्ञाप्य मोचितः पृथिवीचन्द्रः। तेन च चित्रफलके वृषभसेनोग्रसेनयो रूपे कारिते। तयोरधो निजरूपं सप्रणामं कारितम्। स फलकस्तयोर्दर्शितः भणिता च वृषभसेना राज्ञी—देवि! त्वं मम मातासि त्वत्प्रसादादिदं जन्म सफलं मे जातं। तत उग्रसेनः सन्मानं दत्वा भणितवान्—त्वया मेघपिंगलस्योपरि गंतव्यमित्युक्त्वा स च ताभ्यां वाराणस्यां प्रेषितः। मेघपिंगलोऽप्येतदाकर्ण्य ममायं

---

તેણે કહ્યું, “મેં ભોજનગૃહ કરાવ્યું નથી, પરંતુ મારા નામે કોઈએ કોઈ કારણથી તે કરાવેલ છે, તમે તેનો પત્તો મેળવો.”

છૂપા પુરુષો દ્વારા યથાર્થ જાણીને જેણે (રૂપવતીએ) વૃષભસેનાને બધું કહ્યું અને તેણે રાજાને વિજ્ઞાપના (વિનતી) કરી પૃથિવીચંદ્રને છોડાવ્યો.

તેણે (પૃથિવીચન્દ્રે) ચિત્રના પાટિયા ઉપર (ચિત્રબોર્ડ ઉપર) વૃષભસેના અને રાજા ઉગ્રસેન બંનેનું રૂપચિત્ર દોરાવ્યું અને તે બંનેની નીચે પ્રણામ કરતા એવા પોતાનું રૂપ (ચિત્ર) દોરાવ્યું. તે ચિત્રબોર્ડ તે બંનેને બતાવ્યું અને વૃષભસેનાને કહ્યું, “દેવી! તમે મારી માતા છો, તમારી કૃપાથી મારો આ જન્મ સફળ થયો.”

પછી રાજા ઉગ્રસેન તેનું સન્માન કરી બોલ્યો, “તારે મેઘપિંગળ ઉપર ચડાઈ કરવી.”

એમ કહીને તેને બંને સાથે વારાણસી મોકલ્યો. મેઘપિંગળ પણ એ સાંભળીને “આ પૃથિવીચંદ્ર મારો મર્મભેદી છે.” એવો વિચાર કરીને આવ્યો અને રાજા ઉગ્રસેનની બહુ મહેરબાનીથી તેનો સામન્ત થયો.

“આ સ્થાને બેઠેલા એવા મારી પાસે જે પ્રાભૃત (ભેટ) આવશે તેનો અર્ધો ભાગ મેઘપિંગળને અને અર્ધો ભાગ હું વૃષભસેનાને આપીશ.” એવી ઉગ્રસેને વ્યવસ્થા કરી.

એક દિવસ બે રત્નકંબલ આવી. નામાંકિત કરીને એક એક કંબલ તે બંનેને આપી. એક દિવસ મેઘપિંગળની વિજ્યા નામની રાણી મેઘપિંગળની કંબલ ઓઢીને પ્રયોજનવશાત્ રૂપવતી પાસે ગઈ, ત્યાં કંબલની અદલાબદલી થઈ ગઈ. એક દિવસ વૃષભસેનાવાળી

पृथिवीचन्द्रो मर्मभेदीति पर्यालोच्यागत्य चोग्रसेनस्यातिप्रसादितः सामन्तो जातः। उग्रसेनेन चास्थानस्थितस्य यन्मे प्राभृतमागच्छति तस्यार्धं मेघपिंगलस्य दास्यामि अर्धं च वृषभसेनाया इति व्यवस्था कृता। एवमेकदा रत्नकंबलद्वयमागतमेकैकं सनामाङ्कं कृत्वा तयोर्दत्तं। एकदा मेघपिंगलस्य राज्ञी विजयाख्या मेघपिंगलकम्बलं प्रावृत्य प्रयोजनेन रूपवतीपार्श्वे गता। तत्र कम्बलपरिवर्तो जातः। एकदा वृषभसेनाकम्बलं प्रावृत्त्य मेघपिंगलः सेवायामुग्रसेनसभायामागतः राजा च तमालोक्यातिकोपाद्रक्ताक्षो बभूव। मेघपिंगलश्च तं तथाभूतमालोक्य ममोपरि कुपितोऽयं राजेति ज्ञात्वा दूरं नष्टः। वृषभसेना च रुष्टेनोग्रसेनेन मारणार्थं समुद्रजले निक्षिप्ता। तया च प्रतिज्ञा गृहीता यदि एतम्मादुपसर्गादुद्धरिष्यामि तदा तपः करिष्यामीति। ततो व्रतमाहात्म्याज्जलदेवतया तस्याः सिंहासनादिप्रातिहार्यं कृतम्। तच्छ्रुत्वा पश्चात्तापं कृत्वा राजा तमानेतुं गतः। आगच्छता वनमध्ये गुणधरनामाऽवधिज्ञानी मुनिर्दृष्टिः। स च वृषभसेनया प्रणम्य निजपूर्वभवचेष्टितं पृष्टः। कथितं च भगवता। यथा—पूर्वभवे त्वमत्रैव ब्राह्मणपुत्री नागश्री नामा जातासि। राजकीयदेवकुले सम्मार्जनं

---

કંબલ ઓઢીને મેઘપિંગળ, રાજા ઉગ્રસેનની સભામાં તેની સેવામાં આવ્યો. તેને જોઈને અતિકોપથી રાજાની આંખો લાલચોળ થઈ ગઈ. મેઘપિંગળ તેને તેવો જોઈને, ''આ રાજા મારા ઉપર ગુસ્સે થયો છે''—એમ જાણીને દૂર ભાગ્યો. ગુસ્સે થયેલા ઉગ્રસેને વૃષભસેનાને મારવા માટે સમુદ્રના પાણીમાં ફેંકી. તેણે (વૃષભસેનાએ) પ્રતિજ્ઞા કરી કે, ''જો હું આ ઉપસર્ગમાંથી બચીશ તો તપ કરીશ.''

પછી વ્રતના માહાત્મ્યથી, જળદેવતાએ તેનું સિંહાસનાદિ પ્રાતિહાર્ય કર્યું. તે સાંભળીને રાજાને પશ્ચાત્તાપ થયો અને તે તેને લેવા ગયો. પાછા આવતાં રાજાએ વનમાં ગણધર નામના અવધિજ્ઞાની મુનિ દીઠા; તેમને પ્રણામ કરી વૃષભસેનાએ પોતાના પૂર્વભવની કરણી પૂછી.

ભગવાને કહ્યું, ''પૂર્વભવમાં તું અહીં જ નાગશ્રી નામની બ્રાહ્મણ પુત્રી તરીકે જન્મી હતી. રાજાના દેવકુળમાં તું કચરો કાઢતી. તે દેવકુળમાં એક દિવસ બપોર પછી કિલ્લાની અંદર પવનરહિત ખાડામાં મુનિદત્ત નામના મુનિ પદ્માસને કાયોત્સર્ગમાં બેઠા હતા. તેણે (બ્રાહ્મણ પુત્રીએ) ગુસ્સે થઈને કહ્યું, ''કટકમાંથી (સેનાની છાવણીમાંથી) રાજા પાછા ફર્યા છે, તેઓ અત્રે આવશે, માટે ઊઠો, ઊઠો. મારે કચરો વાળવો છે.''

એવું તે બોલતી રહી અને મુનિ ત્યાં કાયોત્સર્ગ કરીને મૌનથી સ્થિત રહ્યા. પછી

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



करोषि तत्र देवकुले चैकदाऽपराह्ने प्राकाराभ्यन्तरे निर्वातगर्तायां मुनिःदत्तनामा मुनिः पर्यंककायोत्सर्गेण स्थितः। त्वया च रुष्टया भणितः कटकाद्राजा समायातोऽत्रागमिष्यतीत्युत्तिष्ठोत्तिष्ठ सम्मार्जनं करोमि लग्नेति ब्रुवाणायास्तत्र मुनिः कायोत्सर्गं विधाय मौनेन स्थितः। ततस्त्वय कचवारेण पूरयित्वोपरि सम्मार्जनं कृतम्। प्रभाते तत्रागतेन राज्ञा तत्प्रदेशे क्रीडता उच्छ्वसितनिःश्वसितप्रदेशं दृष्ट्वा उत्खन्य निःसारितश्च स मुनिः। ततस्त्वयात्मनिन्दां कृत्वा धर्मे रुचिः कृता। परमादरेण च तस्य मुनिस्त्वया तत्पीडोपशमनार्थं विशिष्टमौषधदानं वैयावृत्यं च कृतम्। ततो निदानेन मृत्वेह धनपतिधनश्रियोः पुत्री वृषभसेना नाम जातासि। औषधदानफलात् सर्वौषधर्द्धिफलं जातम्। कचवारपूरणात् कलङ्किता च। इति श्रुत्वात्मानं मोचयित्वा वृषभसेना तत्समीपे आर्यिका जाता। औषधदानस्य फलम्।

श्रुतदाने कौण्डेशो दृष्टान्तः। अस्य कथा—

[1]कुरुमणिग्रामे गोपालो गोविन्दनामा। तेन च कोटरादुद्धृत्य चिरन्तनपुस्तकं प्रपूज्य

---

કચરાથી (તે ખાડો) પૂરીને તેણે ઉપર સંમાર્જન (સાફસૂફ) કર્યું.

પ્રભાતમાં ત્યાં આવેલા રાજા તે પ્રદેશમાં ક્રીડા કરતાં–કરતાં તે સ્થાને પહોંચ્યો, ત્યારે ઉચ્છ્વાસ–નિઃશ્વાસના કારણે ઊંચાનીચા થતા તે પ્રદેશને જોઈને (તે પ્રદેશને) ખોદાવીને મુનિને બહાર કાઢ્યા. પછી તેણે (બ્રાહ્મણ પુત્રીએ) આત્મનિંદા કરીને ધર્મમાં રુચિ કરી. તે મુનિની પીડાને શાંત કરવા માટે તેણે પરમ આદરથી વિશિષ્ટ (ઉત્તમ) ઔષધદાન અને વૈયાવૃત્ય કર્યું. પછી નિદાનથી મરીને અહીં તું ધનપતિ અને ધનશ્રીને ત્યાં વૃષભસેના નામની પુત્રી તરીકે જન્મી છે. ઔષધદાનના ફળથી તને સર્વૌષધ–ઋદ્ધિનું ફળ પ્રાપ્ત થયું છે અને કચરો પૂરવાને કારણે તું કલંકિત થઈ છે.''

આમ સાંભળીને પોતાની જાતને રાજાથી છોડાવીને વૃષભસેના તેમના સમીપે આર્જિકા થઈ. આ ઔષધદાનનું ફળ છે. ૨.

શ્રુતના ઉપકરણના દાનમાં કૌંડેશ દૃષ્ટાન્ત છે.

## કૌંડેશની કથા—૩

કુરુમણિ ગામમાં ગોવિન્દ નામનો ગોવાળિયો હતો. તેણે પુરાતન પુસ્તકનો

---

૧. कुरुमरि इति ग, घ० कुमार ख।

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

भक्त्या पद्मनन्दिमुनये दत्तम्। तेन पुस्तकेन तत्राटव्यां पूर्वभट्टारकाः केचित् किल पूजां कृत्वा कारयित्वा च व्याख्यानं कृतवन्तः कोटरे धृत्वा च गतवन्तश्च। गोविन्देन च बाल्यात्प्रभृति तं दृष्ट्वा नित्यमेव पूजा करता वृक्षकोटर[२]स्यापि। एष स गोविन्दो निदानेन मृत्वा तत्रैव ग्रामकूटस्य पुत्रोऽभूत्। तमेव पद्मनन्दिमुनिमालोक्य जातिस्मरो जातः। तपो गृहीत्वा कोण्डेशनामा महामुनिः श्रुतधरोऽभूत्। इति श्रुतदानस्य फलम्।

वसतिदाने सूकरो दृष्टान्तः। अस्य कथा—

मालवदेशे घटग्रामे कुम्भकारो देविलनामा[३] नापितश्च धमिल्लनामा। ताभ्यां पथिकजनानां वसतिनिमित्तं देवकुलं कारितम्। एकदा देविलेन मुनये तत्र प्रथमं वसतिर्दत्ता धमिल्लेन च पश्चात् परिव्राजकस्तत्रानीय धृतः। ताभ्यां च धमिल्लपरिव्राजकाभ्यां निःसारितः

---

કોટરમાંથી (બખોલમાંથી) ઉદ્ધાર કરીને તથા ભક્તિથી તેનું પૂજન કરીને પદ્મનન્દિ મુનિને તે આપ્યું. તે પુસ્તક દ્વારા તે જંગલમાં કોઈ પૂર્વ ભટ્ટારકોએ તેની પૂજા કરી તથા કરાવીને, વ્યાખ્યાન કર્યું હતું અને તેને કોટરમાં (બખોલમાં) મૂકીને ચાલ્યા ગયા હતા. ગોવિન્દ બાળપણથી તે શાસ્ત્ર જોઈને નિત્ય તેની પૂજા કરતો. ફરીથી તેનાં દર્શન થાય તે માટે તેણે તેને વૃક્ષના કોટરમાં સ્થાપિત કર્યું. તે ગોવિન્દ નિદાનથી મરીને તે ગામમાં જ ગ્રામકૂટનો પુત્ર થયો. તે જ પદ્મનંદિ મુનિને જોઈને તેને જાતિસ્મરણ થયું. તપ ધારણ કરીને તે કૌંડેશ નામનો શ્રુતધર મહામુનિ થયો.

એ પ્રમાણે શ્રુતદાનનું—શ્રુતના ઉપકરણના દાનનું ફળ છે. ૩.

વસતિના દાનમાં સૂકર દૃષ્ટાન્ત છે.

## સૂકરની કથા—૪

માલવ દેશમાં ઘટ ગામમાં દેવિલ નામનો કુંભાર અને ધમિલ્લ નામનો હજામ હતો. તે બંનેએ મુસાફરોને રહેવા માટે દેવકુળ કરાવ્યું.

એક દિવસ દેવિલે મુનિને ત્યાં પહેલા રાખ્યા અને પછી ધમિલ્લે ભિક્ષુકને ત્યાં લાવી રાખ્યો. ધમિલ્લ અને ભિક્ષુક બંને દ્વારા કાઢી મૂકાયેલા તે મુનિ વૃક્ષના મૂળમાં રાત્રે ડાંસ—મચ્છર—શીત આદિ સહન કરતા ઠર્યા. પ્રભાતે દેવિલ અને ધમિલ્લ—બંને તે કારણે પરસ્પર યુદ્ધ કરીને મર્યા અને વિન્ધ્યદેશમાં અનુક્રમે મોટો ભૂંડ અને વાઘ તરીકે

---

२. वृक्षस्य इति ग०। पूजां कृत्वा वृक्षकोटरे स्थापितं इति ख०। ३. देवलनामा।

स मुनिर्वृक्षमूले रात्रौ दंशमशकशीतादिकं सहमानः स्थितः। प्रभाते देविलधमिल्लौ तत्कारणेन परस्परं युद्धं कृत्वा मृत्वा विन्ध्ये क्रमेण सूकरव्याघ्रौ प्रौढौ जातौ। यत्र च गुहायां स सूकरस्तिष्ठति तत्रैव च गुहायामेकदा समाधिगुप्तत्रिगुप्तमुनि आगत्य स्थितौ। तौ च दृष्ट्वा जातिस्मरो भूत्वा देविलचरसूकरो धर्ममाकर्ण्य व्रतं गृहीतवान्। तत्प्रस्तावे मनुष्यगन्धमाघ्राय मुनिभक्षणार्थं स व्याघ्रोऽपि तत्रायातः। सूकरश्च तयो रक्षानिमित्तं गुहाद्वारे स्थितः। तत्रापि तौ परस्परं युध्वा मृतौ। सूकरो मुनिरक्षणाभिप्रायेण शुभाभिसन्धित्वात् मृत्वा सौधर्मे महर्द्धिको देवो जातः। व्याघ्रस्तु मुनिभक्षणाभिप्रायेणातिरौद्राभिप्रायत्वान्मृत्वा नरकं गतः। वसतिदानस्य फलम् ॥११८॥

यथा वैयावृत्यं विदधता चतुर्विधं दानं दातव्यं तथा पूजाविधानमपि कर्तव्य-मित्याह—

---

જન્મ્યા અને મોટા થયા.

જે ગુફામાં તે ભૂંડ રહેતો હતો તે જ ગુફામાં એક દિવસ સમાધિગુપ્ત અને ત્રિગુપ્ત નામના બે મુનિ આવીને રહ્યા. તે બંનેને જોઈને શૂકર થયેલા દેવિલને જાતિસ્મરણ થયું અને ધર્મનું શ્રવણ કરીને તેણે વ્રત અંગીકાર કર્યું.

તે દરમિયાન મનુષ્યની ગંધ સૂંઘીને મુનિનું ભક્ષણ કરવા માટે વાઘ પણ ત્યાં આવ્યો. ભૂંડ તે બંનેની રક્ષા નિમિત્તે ગુફાના દ્વારે ઊભો રહ્યો. ત્યાં પણ તેઓ બંને એકબીજા સાથે લડી મરણ પામ્યા. ભૂંડ મુનિની રક્ષાના અભિપ્રાયથી—શુભ ભાવથી મરીને સૌધર્મસ્વર્ગમાં મહાઋદ્ધિવાળો દેવ થયો અને વાઘ મુનિના ભક્ષણના અભિપ્રાયથી અતિરૌદ્ર અભિપ્રાયને લીધે મરીને નરકે ગયો.

વસતિદાનનું આ ફળ છે. ૪.

**ભાવાર્થ :**—(શ્લોક ૧૧૮) આહારદાનમાં શ્રીષેણ રાજા, ઔષધદાનમાં શેઠની પુત્રી વૃષભસેના, શાસ્ત્રદાનમાં કૌંડેશ કોટવાલ અને આવાસદાનમાં શૂકર (ભૂંડ) ખાસ કરીને પ્રસિદ્ધ થયાં છે. ૧૧૮.

જેમ વૈયાવૃત્ય કરનારે ચાર પ્રકારનું દાન કરવું જોઈએ, તેમ પૂજાવિધાન પણ કરવું જોઈએ—એમ કહે છે—

देवाधिदेवचरणे परिचरणं सर्वदुःखनिर्हरणम्।
कामदुहि कामदाहिनि परिचिनुयादादृतो नित्यम्॥११६॥

आदृतः आदरयुक्तः नित्यं परिचिनुयात् पुष्टं कुर्यात्। किं? परिचरणं पूजां। किंविशिष्टं? सर्वदुःखनिर्हरणं निःशेषदुःखविनाशकं। क्व? देवाधिदेवचरणे देवानामिन्द्रादीनामधिको वन्द्यो देवो देवाधिदेवस्तस्य चरणः पादः तस्मिन्। कथंभूते? कामदुहि वाञ्छितप्रदे। तथा कामदाहिनि कामविध्वंसके॥११६॥

पूजामाहात्म्यं किं क्वापि केन प्रकटितमित्याशंक्याह—

---

## અર્હત્પૂજાનું વિધાન

### શ્લોક ૧૧૯

**અન્વયાર્થ :**—[कामदुहि] ઇચ્છિત ફળ દેનાર [कामदाहिनी] અને વિષયવાસનાની ઇચ્છાનો નાશ કરનાર [देवाधिदेवचरणे] દેવોના દેવ—અરહંતદેવનાં ચરણમાં [सर्वदुःखनिर्हरणम्] સર્વ દુઃખોને નાશ કરનારી [परिचरणम्] પૂજા [आदृत] આદરયુક્ત—ભક્તિયુક્ત થઈને [नित्यम्] હંમેશા—પ્રતિદિન [परिचिनुयात्] કરવી જોઈએ.

**ટીકા :**—'आदृत' આદરયુક્ત થઈને, 'नित्यं परिचिनुयात्' નિત્ય પુષ્ટ કરવી જોઈએ. શું? 'परिचरणं' પૂજા. કેવા પ્રકારની (પૂજા)? 'सर्वदुःखनिर्हरणम्' સર્વ દુઃખોનો વિનાશ કરનાર. ક્યાં (પૂજા)? 'देवाधिदेवचरणे' દેવોના ઇન્દ્રોને અધિક વંદ્ય દેવ—તે દેવાધિદેવ, તેમનાં ચરણ—પાદ, તેમાં; કેવાં (ચરણમાં)? 'कामदुहि' વાંચ્છિત (ફળ) દેનાર તથા 'कामदाहिनि' વિષયવાસનાનો વિધ્વંસ (નાશ) કરનાર (ચરણમાં).

**ભાવાર્થ :**—ભગવાનની પૂજા સર્વ દુઃખોનો નાશ કરનારી છે, માટે ભક્તિભાવયુક્ત થઈને શ્રાવકે, અરહંત દેવના વાંચ્છિત ફળ આપનાર તથા વિષયવાસનાને દૂર કરનાર ચરણમાં નિત્ય પૂજા કરવી જોઈએ. ૧૧૯.

શા કારણે, ક્યાં અને કોણે પૂજાનું માહાત્મ્ય પ્રગટ કર્યું—એવી આશંકા કરીને કહે છે—

अर्हच्चरणसपर्यामहानुभावं महात्मनामवदत्।
भेकः प्रमोदमत्तः कुसुमेनैकेन गजगृहे ॥१२०॥

मेको मण्डूकः। प्रमोदमत्तो विशिष्टधर्मानुरागेण हृष्टः। अवदत् कथितवान्। किमित्याह—अर्हदित्यादि। अर्हतश्चरणौ अर्हच्चरणौ तयोः सपर्या पूजा तस्याः महानुभावं विशिष्टं माहात्म्यं। केषामवदत्? महात्मनां भव्यजीवानां। केन कृत्वा? कुसुमेनैकेन। क्व? राजगृहे।

अस्य कथा

मगधदेशे राजगृहनगरे राजा श्रेणिकः, श्रेष्ठी नागदत्तः, श्रेष्ठिनी भवदत्ता। स नागदत्तः श्रेष्ठी सर्वदा मायायुक्तत्वान्मृत्वा निजप्राङ्गणवाप्यां भेको जातः। तत्र चागतामेकदा

## પૂજાનું માહાત્મ્ય
### શ્લોક ૧૨૦

**અન્વયાર્થ** :—[प्रमोदमत्तः] આનંદઘેલા [भेकः] દેડકાએ [राजगृहे] રાજગૃહી નગરીમાં [एकेन कुसुमेन] એક ફૂલથી [महात्मानाम्] ભવ્યજીવોની આગળ [अर्हच्चरणसपर्यामहानुभावम्] અરહન્ત ભગવાનનાં ચરણોની પૂજાનું વિશિષ્ટ માહાત્મ્ય [अवदत्] પ્રગટ કર્યું (બતાવ્યું).

**ટીકા** :—'भेकः' દેડકાએ, 'प्रमोदमत्तः' આનંદઘેલા–વિશિષ્ટ ધર્માનુરાગથી હર્ષ પામેલા (દેડકાએ) 'अवदत्' દર્શાવ્યું. શું? તે કહે છે—'अर्हदित्यादि' અરહંતનાં ચરણો–તેમની 'सपर्या' પૂજા; તેના 'महानुभावम्' વિશિષ્ટ માહાત્મ્યને (પ્રભાવને) દર્શાવ્યું. કોને દર્શાવ્યું? 'महात्मानाम्' ભવ્યજીવોને. કઈ રીતે? 'एकेन कुसुमेन' એક ફૂલ વડે. ક્યાં? 'राजगृहे' રાજગૃહી નગરીમાં.

**ભાવાર્થ** :—રાજગૃહ નગરીમાં આનંદમસ્ત બનેલા એક દેડકાએ એક ફૂલથી અરહંતદેવનાં ચરણોની પૂજાનો મહિમા મહાપુરુષોની વચ્ચે પ્રગટ કર્યો.

## મેડક (દેડકા)ની કથા

મગધદેશમાં રાજગૃહ નગરમાં રાજા શ્રેણિક, શેઠ નાગદત્ત અને શેઠાણી ભવદત્તા હતાં. તે નાગદત્ત શેઠ સર્વદા માયાચારી હોવાથી મરીને પોતાના આંગણાની વાવમાં દેડકો

**भवदत्ताश्रेष्ठिनीमालोक्य जातिस्मरो भूत्वा तस्याः समीपे आगत्य उपर्युत्प्लुत्य चटितः। तया च पुनः पुनर्निर्घाटितो रटति, पुनरागत्य चटति च। ततस्तया कोऽप्ययं मदीयो इष्टो भविष्यतीति सम्प्रधार्यावधिज्ञानी सुव्रतमुनिः पृष्टः। तेन च तद्वृत्तान्ते कथिते गृहे नीत्वा परमगौरवेणासौ धृतः। श्रेणिकमहाराजश्चैकदा वर्धमानस्वामिनं वैभारपर्वते समागतमाकर्ण्य आनन्दभेरीं दापयित्वा महता विभवेन तं वन्दितुं गतः। श्रेष्ठिन्यादौ च गृहजने वन्दनाभक्त्यर्थं गते स भेकः प्रांगणवापीकमलं पूजानिमित्तं गृहीत्वा गच्छन् हस्तिनः पादेन चूर्णयित्वा मृतः। पूजानुरागवशेनोपार्जितपुण्यप्रभावात् सौधर्मे महर्द्धिकदेवो जातः। अवधिज्ञानेन पूर्वभववृत्तान्तं ज्ञात्वा निजमुकुटाग्रे भेकचिह्नं कृत्वा समागत्य वर्धमानस्वामिनं वन्दमानः श्रेणिकेन दृष्टः। ततस्तेन गौतमस्वामी भेकचिह्नेऽस्य किं कारणमिति पृष्टः तेन च पूर्ववृत्तान्तः कथितः। तच्छ्रुत्वा सर्वे [१]जनाः पूजातिशयविधाने उद्यताः संजाता इति॥१२०॥**

---

થયો. ત્યાં એક દિવસ ભવદત્તા શેઠાણીને આવેલી જોઈને તેને જાતિસ્મરણ થયું અને તેની સમીપે આવીને—કૂદીને તેના ઉપર પડ્યો. તે (શેઠાણી) તેને વારંવાર પાછો હઠાવતી અને તે ટર્ર—ટર્ર શબ્દ કરતો ફરીથી આવીને તેને ચાટતો હતો. પછી આ કોઈ મારો પ્રિય હશે એમ ધારીને તેણે અવધિજ્ઞાની સુવ્રતમુનિને પૂછ્યું.

જ્યારે તેણે તેનું વૃત્તાન્ત કહ્યું, ત્યારે તેને ઘેર લઈ જઈને પરમ ગૌરવથી (માનથી) રાખવામાં આવ્યો.

એક દિવસ શ્રેણિક મહારાજ, વર્ધમાનસ્વામીને વૈભાર પર્વત પર આવેલા સાંભળીને આનંદભેરી વગડાવી મહાવૈભવથી (ઠાઠમાઠથી) તેમને વંદના કરવા ગયા. શેઠાણી આદિ ઘરનાં માણસો જ્યારે વંદના—ભક્તિ માટે ગયાં ત્યારે તે દેડકો આંગણાની વાવમાંનું કમળ પૂજાનિમિત્તે ગ્રહણ કરીને (વંદના માટે) જતાં, હાથીના પગ તળે ચગદાઈને મરી ગયો. પૂજાના અનુરાગના કારણે ઉપાર્જિત પુણ્યના પ્રભાવથી તે સૌધર્મ સ્વર્ગમાં મહાઋદ્ધિધારી દેવ થયો.

અવધિજ્ઞાનથી પૂર્વભવનું વૃત્તાન્ત જાણીને પોતાના મુગટના અગ્રભાગમાં દેડકાનું ચિહ્ન કરીને આવ્યો અને શ્રેણિકે તેને વર્ધમાનસ્વામીને વંદના કરતો જોયો. પછી તેણે (શ્રેણિકે) તેને દેડકાનું ચિહ્ન કેમ છે? તેનું કારણ ગૌતમસ્વામીને પૂછ્યું અને તેમણે તેનો પૂર્વવૃત્તાન્ત કહી સંભળાવ્યો. તે સાંભળીને બધા ભવ્યજીવો (જિન) પૂજાતિશયવિધાનમાં ઉદ્યમશીલ (તત્પર) થયા. ૧૨૦.

---

१. भव्यजना इति ख०।

इदानीमुक्तप्रकारस्य वैयावृत्यस्यातीचारानाह—

**हरितपिधाननिधाने ह्यनादरास्मरणमत्सरत्वानि।**
**वैयावृत्त्यस्यैते व्यतिक्रमाः पञ्च कथ्यन्ते॥१२१॥**

पंचैते आर्यापूर्वार्धकथिता। वैयावृत्त्यस्य व्यतिक्रमाः कथ्यन्ते। तथाहि। हरितपिधाननिधाने हरितेन पद्मपत्रादिना पिधानं [1]झंपनमाहारस्य। तथा हरिते तस्मिन् निधानं स्थापनं। तस्य अनादरः प्रयच्छतोऽप्यादराभावः। अस्मरणमाहारादिदानमेतस्यां वेलायामेवंविधपात्राय दातव्यमिति आहार्यवस्तुष्विदं दत्तमदत्तमिति वा स्मृतेरभावः। मत्सरत्वमन्यदातृदानगुणासहिष्णुत्वमिति[2] ॥१२१॥

---

હવે ઉક્ત પ્રકારના વૈયાવૃત્યના અતિચાર કહે છે—

## વૈયાવૃત્યના અતિચાર
### શ્લોક ૧૨૧

**અન્વયાર્થ** :—[हि] ખરેખર [हरितपिधाननिधाने] હરિત (સચેત) વસ્તુથી ઢાંકવું, હરિત વસ્તુમાં રાખવું, [अनादरास्मरणमत्सरत्वानि] આદર ન કરવો, નવધાભક્તિ આદિ ભૂલી જવી ને ઈર્ષા કરવી [एते]—એ [पञ्च] પાંચ [वैयावृत्यस्य] વૈયાવૃત્યના [व्यतिक्रमाः] અતિચારો [कथ्यन्ते] કહેવાય છે.

**ટીકા** :—'पंचैते' શ્લોકના (આર્યાના) પૂર્વાર્ધમાં કહેલા એ પાંચ 'वैयावृत्यस्य व्यतिक्रमाः कथ्यन्ते' વૈયાવૃત્યના અતિચારો કહેવાય છે. તે આ પ્રમાણે છે—'हरितपिधाननिधाने' હરિત (સચિત્ત) કમળના પત્ર આદિથી આહારનું ઢાંકવું તથા સચિત્ત પત્રાદિમાં આહાર 'अनादरास्मरणमत्सरत्वानि' તેનો અનાદર—આપતાં છતાં પણ આદર ન હોવો, અસ્મરણ—આહાર આદિ દાન આ વેળાએ આવા પ્રકારના પાત્રને આપવું જોઈએ તથા ભોજનની વસ્તુમાં આ આપી કે ન આપી—એવી સ્મૃતિનો અભાવ હોવો અને મત્સરત્વ અર્થાત્ અન્ય દાતારના દાન—ગુણોને સહન નહિ કરવા—એ પાંચ વૈયાવૃત્યના અતિચારો છે.

---

१. आच्छादनं इति ख०

२. अन्यदातृगुणोऽसहिष्णुत्वमिति घ०।

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



इति प्रभाचन्द्रविरचितायां समन्तभद्रस्वामिविरचितोपासकाध्ययनटीकायां
चतुर्थः परिच्छेदः।

---

**ભાવાર્થ** :—૧. આપવાની વસ્તુને કમળપત્રાદિ હરિત (સચિત્ત) વસ્તુથી ઢાંકવી. ૨. આપવાની વસ્તુને સચિત્ત વસ્તુમાં મૂકવી; ૩. દાન દેવામાં અનાદર કરવો, ૪. દાન દેવાની વિધિ, સમય અને પાત્રાદિનું ભૂલી જવું અને ૫. બીજાના દાનગુણની ઈર્ષાબુદ્ધિ કરવી—એ પાંચ વૈયાવૃત્યના (અતિથિસંવિભાગના) અતિચાર છે.[1]

એ પ્રમાણે શ્રી સમન્તભદ્રસ્વામી વિરચિત ઉપાસકાધ્યયનની
શ્રી પ્રભાચંદ્રવિરચિત સંસ્કૃત ટીકામાં ચોથો પરિચ્છેદ પૂર્ણ થયો. ૪.

---

૧. सचित्तनिक्षेपाविधानपरव्यपदेशमत्सर्यकालातिक्रमाः ।। (તત્ત્વાર્થસૂત્ર—અધ્યાય ૭/૩૬)

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



# ५
# સંલ્લેખના પ્રતિમાધિકાર

अथ सागारेणाणुव्रतादिवत् संल्लेखनाप्यनुष्ठातव्या। सा च किं स्वरूपा कदा चानुष्ठातव्येत्याह—

**उपसर्गे दुर्भिक्षे जरसि रुजायां च निःप्रतीकारे।**
**धर्माय तनुविमोचनमाहुः संल्लेखनामार्याः ॥१२२॥**

आर्या गणधरदेवादयः। संल्लेखनामाहुः। किं तत्? तनुविमोचनं शरीरत्यागः। कस्मिन् सति? उपसर्गे तिर्यङ्मनुष्यदेवाचेतनकृते। निःप्रतीकारे प्रतीकारागोचरे। एतच्च

---

હવે શ્રાવકોના અણુવ્રતાદિની જેમ સંલ્લેખના પણ કરવી જોઈએ. વળી તેનું શું સ્વરૂપ છે અને ક્યારે કરવી જોઈએ તે કહે છે—

## સંલ્લેખનાનું લક્ષણ
## શ્લોક ૧૨૨

**અન્વયાર્થ :**—[आर्याः] ગણધરાદિક દેવ, [निःप्रतीकारे] પ્રતિકારરહિત એવા (જેને દૂર કરવાનો કોઈ ઈલાજ ન જોવામાં આવે એવા) [उपसर्गे] ઉપસર્ગ આવી પડતાં, [दुर्भिक्षे] દુષ્કાળ પડતાં, [जरसि] ઘડપણ આવતાં [च] અને [रुजायां] રોગ થતાં, [धर्माय] ધર્મ માટે (ધર્મની આરાધના માટે) [तनुविमोचनम्] શરીરનો ત્યાગ કરવો તેને [संल्लेखनाम्] સંલ્લેખના [आहुः] કહે છે.

**ટીકા :**—'आर्याः' ગણધરદેવાદિ 'संल्लेखनामाहुः' સંલ્લેખના કહે છે. શું તે? 'तनुविमोचनम्' શરીરનો ત્યાગ. શું થતાં? 'उपसर्गे' તિર્યંચ, મનુષ્ય, દેવ અને અચેતન દ્વારા કરાયેલો ઉપસર્ગ થતાં. કેવો ઉપસર્ગ? 'निष्प्रतीकारे' ઉપાયરહિત (જેનો ઉપાય થઈ

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

**विशेषणं दुर्भिक्षजरारुजानां प्रत्येकं सम्बन्धनीयं। किमर्थं तद्विमोचनं ? धर्माय रत्नत्रयाराधनार्थं न पुनः परस्य ब्रह्महत्याद्यर्थं॥१२२॥**

શકે નહિ તેવો). આ વિશેષણનો 'दुर्भिक्ष, जरा અને रुजा'—એ પ્રત્યેક સાથે સંબંધ જોડવો. (અર્થાત્ ઉપાયરહિત દુર્ભિક્ષના સમયે, ઉપાયરહિત ઘડપણમાં અને ઉપાયરહિત રોગના સમયે). શા માટે તેનો ત્યાગ કરવો? 'धर्माय' ધર્મ માટે અર્થાત્ રત્નત્રયની આરાધના માટે, પણ નહિ કે બીજાના આત્મઘાતાદિ માટે (સંલ્લેખના કહી છે.)

**ભાવાર્થ :**—બેઈલાજ (નિરુપાય) ઉપસર્ગ આવી પડતાં, દુષ્કાળ પડતાં, ઘડપણ આવતાં અને અસાધ્ય રોગ થતાં, રત્નત્રયસ્વરૂપ ધર્મની આરાધના માટે કષાયને કૃષ કરીને શરીરનો ત્યાગ કરવો તેને સંલ્લેખના કહે છે.

## વિશેષ

સંલ્લેખનાને સમાધિમરણ યા સંન્યાસમરણ પણ કહે છે. સમ્યક્પ્રકારે કષાય અને કાયને કૃષ કરવી તેને સંલ્લેખના કહે છે.

કષાયોને કૃષ કરવા–મંદ કરવા તે નિશ્ચય સંલ્લેખના છે અને કષાય મંદ થતાં આહાર–જળ આદિ પ્રત્યે ઉપેક્ષાભાવ થવો અને તેના કારણે શરીરનું કૃષ થવું તે વ્યવહાર સંલ્લેખના છે.

ચિત્તને શાંત અર્થાત્ રાગ–દ્વેષની મંદતા યુક્ત કરવું તેને સમાધિ કહે છે અને પર પદાર્થો પ્રત્યેના મમત્વભાવનો ત્યાગ કરવો, તેને સંન્યાસ કહે છે.

તેથી કાય–કષાયને કૃષ કરી, સ્વરૂપનું ધ્યાન કરી, શાંત ચિત્તથી શરીરનો ત્યાગ કરવો તે સમાધિમરણ છે. તેના બે ભેદ છે—

૧. અવિચાર સમાધિમરણ અને ૨. સવિચાર સમાધિમરણ.

### ૧. અવિચાર સમાધિમરણ

અચાનક દેવ, મનુષ્ય, તિર્યંચ અથવા અચેતનકૃત ઉપસર્ગ આવી પડે, ઘરમાં લાગેલી આગમાંથી બચવાનો ઉપાય રહે નહિ, દરિયામાં વહાણ ડૂબવાની તૈયારીમાં હોય. એકાએક સર્પ કરડે અને તેના ઉપાય માટે કોઈ સમય રહે નહિ, પ્રાણઘાતક ડાકૂ ઘેરી લે–એવા અચાનક પ્રશ્ન ઉપસ્થિત થતાં પોતાના શરીરને સ્વયમેવ વિનાશ સન્મુખ આવેલું જાણી સંન્યાસ ધારણ કરવો, તે અવિચાર સમાધિમરણ છે.

संल्लेखनायां[1] भव्यैर्नियमेन प्रयत्नः कर्तव्यः, यतः—

**अन्तक्रियाधिकरणं[2] तपःफलं सकलदर्शिनः स्तुवते।**
**तस्माद्यावद्विभवं समाधिमरणे प्रयतितव्यम् ॥१२३॥**

सकलदर्शिनः स्तुवते प्रशंसन्ति। किं तत्? तपःफलं तपसः फलं तपःफलं सफलं तप इत्यर्थः। कथंभूतं सत्? अन्तःक्रियाधिकरणं अन्ते क्रिया संन्यासः तस्या अधिकरणं

---

૨. સવિચાર સમાધિમરણ

સંયમનું પાલન ન થઈ શકે તેવું જીર્ણ શરીર થઈ ગયું હોય, તેવું ઘડપણ આવી જાય, દૃષ્ટિ અતિ મંદ થઈ જાય, પગે ચાલી શકાય નહિ, અસાધ્ય રોગ થઈ જાય, મરણ–કાળ અતિ નિકટ આવે—આવી દશામાં પોતાના શરીરને પાકાં પાન સમાન અથવા તેલરહિત દીપક સમાન સ્વયં વિનાશ સન્મુખ જાણી કાય–કષાયની કૃષતા માટે અંતમાં ચાર પ્રકારના આહારનો ત્યાગ કરી ધર્મધ્યાન સહિત મરણ કરવું, તે સવિચાર સમાધિમરણ છે.

જો મરણમાં કોઈ સંદેહ હોય તો મર્યાદાપૂર્વક એવી પ્રતિજ્ઞા કરવામાં આવે કે "જો આ ઉપસર્ગમાં મારું મરણ થઈ જશે તો મારે આહારાદિકનો સર્વથા ત્યાગ છે અને કદાચિત્ જીવન બાકી રહેશે તો આહારાદિકને ગ્રહણ કરીશ." ૧૨૨.

સંલ્લેખના વિષયમાં ભવ્યોએ નિયમથી પ્રયત્ન કરવો જોઈએ, તેથી કહે છે—

## સંલ્લેખનાની આવશ્યકતા
## શ્લોક ૧૨૩

**અન્વયાર્થ** :—[सकलदर्शिनः] સર્વજ્ઞદેવ [अन्तक्रियाधिकरणम्] અંત સમયે જે સંન્યાસનું ધારણ કરવું તેને [तपःफलम्] તપનું ફળ [स्तुवते] કહે છે. [तस्मात्] તેથી [यावद्विभवम्] યથાશક્તિ [समाधिमरणे] સંન્યાસનો (સમાધિમરણનો) [प्रयतितव्यम्] પ્રયત્ન કરવો જોઈએ.

**ટીકા** :—'सकलदर्शिनः स्तुवते' સર્વજ્ઞદેવ કહે છે. શું કહે છે? 'अन्तक्रियाधिकरणम्' અન્તક્રિયાનો અર્થાત્ મરણ સમયે સંન્યાસનો (સમાધિમરણનો) આશ્રય

---

१. संल्लेखनायां च भव्यः घ०।

२. अन्तक्रियाधिकरणम्, इति पाठान्तरम्।

समाश्रयो यत्तपस्तत्फलं। यत एवं, तस्माद्यावद्विभवं यथाशक्ति। समाधिमरणे प्रयतितव्यं प्रकृष्टो यत्नः कर्तव्यः॥१२३॥

तत्र यत्नं कुर्वाण एवं कृत्वेदं कुर्यादित्याह—

**स्नेहं वैरं सङ्गं परिग्रहं चापहाय शुद्धमनाः।**
**स्वजनं परिजनमपि च क्षान्त्वा क्षमयेत्प्रियैर्वचनैः॥१२४॥**
**आलोच्य सर्वमेनः कृतकारितमनुमतं च निर्व्याजम्।**
**आरोपयेन्महाव्रतमामरणस्थायि निश्शेषम्॥१२५॥ युगलं।**

---

કરવો તે 'तपःफलम्' તપનું ફળ અર્થાત્ સફળ તપ છે, 'तस्मात्' તેથી 'यावद्विभवम्' યથાશક્તિ 'समाधिमरणे' સમાધિમરણનો 'प्रयतितव्यम्' પ્રયત્ન કરવો જોઈએ.

**ભાવાર્થ** :—તપશ્ચરણ કરવાનું ફળ અન્તિમ ક્રિયા ઉપર આધાર રાખે છે, અર્થાત્ મૃત્યુ સમયે સમાધિમરણ કરવાથી જ તપશ્ચરણ ફળીભૂત થાય છે, જો સમાધિમરણ ન થયું તો જીવનભર જે જપ–તપ કર્યું તે બધું વૃથા છે, માટે સમાધિમરણ (સંલ્લેખના)ના વિષયમાં પોતાની પૂર્ણ શક્તિથી પ્રયત્ન કરવો જોઈએ.

"મેં જે જીવનપર્યંત પુણ્યરૂપ કાર્ય કર્યું છે તેમાં ધર્મનું પાલન કર્યું છે, તે ધર્મને મારી સાથે લઈ જવા માટે આ એક સંલ્લેખના જ સમર્થ છે—એવો વિચાર કરી શ્રાવકે અવશ્ય સમાધિમરણ કરવું જોઈએ."

"હું મરણના સમયે અવશ્ય શાસ્ત્રોક્ત વિધિથી સમાધિમરણ કરીશ—એ રીતે ભાવનારૂપ પરિણતિ કરીને મરણકાળ આવે તે પહેલાં જ આ સંલ્લેખનાવ્રત પાળવું જોઈએ અર્થાત્ અંગીકાર કરવું જોઈએ."[1] ૧૨૩.

સમાધિમરણના વિષયમાં યત્ન કરનારે આવું કરીને આ કરવું જોઈએ—એમ કહે છે—

## સંલ્લેખનાની વિધિ
## શ્લોક ૧૨૪–૧૨૫

**અન્વયાર્થ** :—સંલ્લેખનાધારી [स्नेहं] રાગ, [वैरम्] દ્વેષ, [सङ्ग] મોહ [च]

---

૧. જુઓ, પુરુષાર્થસિદ્ધિ–ઉપાય ગુજરાતી આવૃત્તિ શ્લોક ૧૭૫–૧૭૬.

स्वयं क्षान्त्वा। प्रियैर्वचनैः स्वजनं परिजनमपि क्षमयेत्। किं कृत्वा ? अपहाय त्यक्त्वा। कं ? स्नेहमुपकारके वस्तुनि प्रीत्यनुबन्धं। वैरमनुपकारकं द्वैषानुबन्धं। संगं पुत्रस्त्र्यादिकं। ममेदमहमस्येत्यादिसम्बंधं परिग्रहं बाह्याभ्यन्तरं। एतत्सर्वमपहाय शुद्धमना निर्मलचित्तः सन् क्षमयेत्। तथा आरोपयेत् स्थापयेदात्मनि। किं तत् ? महाव्रतम् कथंभूतं ? आमरणस्थायि मरणपर्यन्तं निःशेषं च पंचप्रकारमपि। किं कृत्वा ? आलोच्य। किं तत् ? एनो दोषं। किं तत् ? सर्वं कृतकारितमनुमतं च। स्वयं हि कृतं हिंसादिदोषं, कारितं हेतुभावेन, अनुमतमन्येन क्रियमाणं मनसा श्लाघितं। एतत्सर्वमेनो निर्व्याजं दशालोचनादोषवर्जितं यथा भवत्येवमालोचयेत्। दश हि आलोचनादोषा भवन्ति।

---

અને [परिग्रहम्] પરિગ્રહને [अपहाय] છોડીને [शुद्धमनाः] શુદ્ધ મનવાળો થઈને [प्रियैः वचनैः] પ્રિય વચનોથી [स्वजनम्] પોતાનાં કુટુંબીજનોની [च] અને [परिजनमपि] નોકર—ચાકરોની પણ [क्षान्त्वा] ક્ષમા માગી [क्षमयेत्] સ્વયં ક્ષમા કરે.

સંલ્લેખનાધારી [कृतकारितम] કૃત, કારિત [च] અને [अनुमतम्] અનુમોદિત [सर्वम्] સમસ્ત [एनः] પાપોની [निर्व्याजम्] છલકપટ રહિત નિશ્ચલભાવથી [आलोच्य] આલોચના કરીને [आमरणस्थायि] જીવનપર્યંત ટકી રહે એવા [निःशेषम्] સમસ્ત [महाव्रतं] મહાવ્રતોને [आरोपयेत्] ધારણ કરે.

**ટીકા** :—'प्रियैः वचनैः क्षान्त्वा' પ્રિય વચનોથી સ્વયં ક્ષમા યાચીને 'स्वजनं परिजनमपि क्षमयेत्' પોતાના કુટુંબીજનો અને નોકર—ચાકરોને પણ ક્ષમા કરે. શું કરીને? 'अपहाय' છોડીને. શું (છોડીને)? 'स्नेहं' રાગને અર્થાત્ ઉપકારક વસ્તુ પ્રત્યેના અનુરાગ—સંબંધને, 'वैरं' અનુપકારક (વસ્તુ) પ્રત્યેના દ્વેષરૂપ સંબંધને, 'सङ्गं' મોહને અર્થાત્ આ પુત્ર, સ્ત્રી, આદિક મારાં અને હું તેમનો—ઇત્યાદિ સંબંધને અને 'परिग्रहं' બાહ્ય તથા અભ્યંતર પરિગ્રહને—એ બધાંને છોડીને 'शुद्धमनाः' નિર્મળ ચિત્તવાળા થઈને ક્ષમા કરે.

તથા 'आरोपयेत्' આત્મામાં સ્થાપે—ધારણ કરે. શું તે? 'महाव्रतम्' મહાવ્રતોને કેવાં (મહાવ્રતોને)? 'आमरणस्थायि' મરણપર્યંત ટકી રહે તેવાં 'निःशेषम्' પાંચે પ્રકારનાં (મહાવ્રતોને). શું કરીને? 'आलोच्य' આલોચના કરીને. કોની? 'एनः' દોષોની. કયા તે (દોષો)? 'सर्वं कृतकारितानुमतं' સર્વ કૃત, કારિત અને અનુમોદિત (દોષોની)—સ્વયં કરેલા હિંસાદિક દોષોની, હેતુભાવથી કરાયેલા દોષોની અને મનથી અનુમોદિત અન્યથી કરેલા દોષોની—એ બધા દોષોની 'निर्व्याजम्' છલકપટરહિત—નિશ્ચલભાવથી આલોચનાના દશ દોષો રહિત આલોચના કરે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



तदुक्तं—

आकंपिय अणुमाणिय जं दिट्ठं बादरं च सुहमं च।
छन्नं सद्दाउलयं बहुजणमव्वत्त तस्सेवी॥१॥ इति।

एवंविधामालोचनां कृत्वा महाव्रतमारोप्यैतत् कुर्यादित्याह—

**शोकं भयमवसादं क्लेदं कालुष्यमरतिमपि हित्वा।**
**सत्त्वोत्साहमुदीर्य च मनः प्रसाद्यं श्रुतैरमृतैः॥१२६॥**

---

આલોચનાના દશ દોષો છે. તે આ પ્રમાણે કહ્યા છે—

आकंपिय अणुमाणिय जं दिट्ठं वादरं च सुहमं च।
छन्नं सद्दाउलयं बहुजणमव्वत्त तस्सेवी॥१॥ इति

૧. આકંપિત, ૨. અનુયાચિત, ૩. યદ્દ્દષ્ટ, ૪. બાદર, ૫. સૂક્ષ્મ, ૬. છન્ન, ૭. શબ્દાકુલિત, ૮. બહુજન, ૯. અવ્યક્ત અને ૧૦. તત્સેવી—એ દશ આલોચનાના દોષ છે.

**ભાવાર્થ** :—(શ્લોક ૧૨૪) સમાધિમરણ કરનાર વ્યક્તિ ઉપકારક વસ્તુથી રાગ, અનુપકારક વસ્તુથી દ્વેષ, સ્ત્રી–પુત્રાદિથી મમતાનો સંબંધ અને બાહ્ય–અભ્યંતર પરિગ્રહ—એ બધાંને છોડીને શુદ્ધ મનવાળો થઈને પ્રિયવચનોથી પોતાના કુટુંબીજનોની તથા નોકર–ચાકરોની પણ ક્ષમા માગી, સ્વયં તેમને ક્ષમા કરે.

(શ્લોક ૧૨૫)—તથા મન, વચન, કાય દ્વારા કૃત, કારિત અને અનુમોદિત સમસ્ત પાપોની નિર્દોષ આલોચના કરીને જીવનપર્યન્ત પાંચ મહાવ્રતોને ધારણ કરે.

(અહીં મહાવ્રતો ઉપચારથી કહ્યા છે, નહિ કે મુનિદશાના મહાવ્રત). ૧૨૪–૧૨૫.

આ પ્રકારની આલોચના કરીને અને મહાવ્રત ધારણ કરીને, આ કરવું જોઈએ તે કહે છે—

## શ્લોક ૧૨૬

**અન્વયાર્થ** :—[शोकम्] શોક, [भयम्] ભય, [अवसादम्] વિષાદ–ખેદ, [क्लेदम्] સ્નેહ, [कालुष्यं] રાગ–દ્વેષ અને [अरतिम् अपि] અપ્રેમને પણ [हित्वा]

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

प्रसाद्यं प्रसन्नं कार्यं। किं तत्? मनः। कैः? श्रुतैरागमवाक्यैः। कथंभूतैः? अमृतैः अमृतोपमैः संसारदुःखसन्तापापनोदकैरित्यर्थः। किं कृत्वा? हित्वा। किं तदित्याह—शोकमित्यादि। शोकं—इष्टवियोगे [1]तद्गुणशोचनं, भयं—क्षुत्पिपासादिपीडा-निमित्तमिहलोकादिभयं वा, अवसादं विषादं खेदं वा, क्लेदं स्नेहं, कालुष्यं क्वचि-द्विषये रागद्वेषपरिणतिं। न केवलं प्रागुक्तमेव अपि तु अरतिमपि अप्रसत्तिमपि। न केवलमेतदेव कृत्वा किन्तु उदीर्य च प्रकाश्य च। कं? सत्त्वोत्साहं संल्लेखना-करणेऽकातरत्वं॥१२६॥

इदानीं संल्लेखनां कुर्वाणस्याहारत्यागे क्रमं दर्शयन्नाह—

---

છોડીને [च] અને [सत्त्वोत्साहम्] બળ (ધૈર્ય) તથા ઉત્સાહને [उदीर्य] પ્રગટ કરીને [अमृतैः] અમૃત સમાન [श्रुतैः] શાસ્ત્રોથી [मनः] મન [प्रसाद्यम्] પ્રસન્ન કરવું જોઈએ.

**ટીકા** :—'प्रसाद्यम्' પ્રસન્ન કરવું જોઈએ. શું તે? 'मनः' મન. શા વડે? 'श्रुतैः' શાસ્ત્રવચનો વડે. કેવાં (વચનો)? 'अमृतैः' અમૃત સમાન અર્થાત્ સંસારનાં દુઃખ–સંતાપને દૂર કરનાર (વચનો વડે). શું કરીને? 'हित्वा' છોડીને. શું (છોડીને)? તે કહે છે— 'शोकमित्यादि' शोकं ઈષ્ટના (પ્રિયવસ્તુના) વિયોગમાં તેના ગુણ સંબંધી વારંવાર ચિન્તવન કરવું, भयं–ક્ષુધા–તૃષાદિની પીડા નિમિત્તે આ લોકાદિમાં ભય, 'अवसादं' વિષાદ અથવા ખેદ, क्लेदं સ્નેહ, कालुष्यं કોઈ વખતે વિષયમાં રાગ–દ્વેષરૂપ પરિણતિ, કેવળ પૂર્વે કહ્યાં એટલાં જ નહિ, પરંતુ 'अरतिमपि અરતિ–અપ્રસક્તિ (અપ્રેમ) પણ–એ બધાંને છોડીને. કેવળ એટલું જ કરીને નહિ, પરંતુ उदीर्य પ્રગટ કરીને. શું? 'सत्त्वोत्साहम्' સંલ્લેખના કરવામાં અકાયરતા (નિર્ભયતા).

**ભાવાર્થ** :—શોક, ભય, વિષાદ, સ્નેહ, રાગ–દ્વેષ અને અપ્રેમને છોડીને તથા બળ અને ઉત્સાહ વધારીને અમૃત સમાન સુખકારક તથા સંસારનાં દુઃખ અને સંતાપને દૂર કરનાર શાસ્ત્રવચનો દ્વારા મનને પ્રસન્ન કરવું જોઈએ. તથા સંલ્લેખના કરવામાં કાયરતા લાવવી જોઈએ નહિ. ૧૨૬.

હવે સંલ્લેખના કરનારને આહાર ત્યાગનો ક્રમ દર્શાવીને કહે છે—

---

१. तद्गुणानुशोचनं घ।

**आहारं परिहाप्य क्रमशः स्निग्धं विवर्द्धयेत्पानम्।**
**स्निग्धं च हापयित्वा खरपानं पूरयेत्क्रमशः॥१२७॥**
**खरपानहापनामपि कृत्वा कृत्वोपवासमपि शक्त्या।**
**पञ्चनमस्कारमनास्तनुं त्यजेत्सर्वयत्नेन॥१२८॥**

स्निग्धं दुग्धादिरूपं पानं। विवर्धयेत् परिपूर्णं दापयेत्। किं कृत्वा? परिहाप्य परित्याज्य। कं? आहारं कवलाहाररूपं। कथं? क्रमशः [1]प्रागशनादिक्रमेण पश्चात् खरपानं कंजिकादि, शुद्धपानीयरूपं वा। किं कृत्वा? हापयित्वा। किं? स्निग्धं च स्निग्धमपि पानकं। कथं? क्रमशः। स्निग्धं हि परिहाप्य कंजिकादिरूपं खरपानं पूरयेत् विवर्धयेत्। पश्चात्तदपि परिहाप्य शुद्धपानीयरूपं खरपानं पूरयेदिति॥१२७॥

---

## સંલ્લેખનાધારીને આહારત્યાગનો ક્રમ
## શ્લોક ૧૨૭–૧૨૮

**અન્વયાર્થ** :—[क्रमशः] ક્રમે–ક્રમે (સંલ્લેખનાધારીને) [आहारम्] કવલાહાર [परिहार्य] છોડાવીને [स्निग्धम् पानम्] દૂધ આદિ સ્નિગ્ધપાન [विवर्द्धयेत्] વધારે, [च] પછી [क्रमशः] ક્રમે–ક્રમે [स्निग्धम्] દૂધ આદિ સ્નિગ્ધપાન [हापयित्वा] છોડાવીને [खरपानं] ખરપાન (કાંજી અને ગરમ જળ) [पूरयेत्] વધારે.

પછી [खरपानहापनाम्] ખરપાનનો પણ ત્યાગ [कृत्वा] કરીને [शक्त्या] શક્તિ અનુસાર [उपवासम्] ઉપવાસ [कृत्वा] કરીને [पञ्चनमस्कारमनाः] પંચ નમસ્કાર મંત્રમાં ચિત્ત લગાવતા થકા [सर्वयत्नेन] વ્રત આદિ સર્વ કાર્યોમાં તત્પર રહીને [तनुम् अपि] શરીર પણ [त्यजेत्] છોડે.

**ટીકા** :—(શ્લોક ૧૨૭) 'स्निग्धं' દૂધ આદિ સ્નિગ્ધ પાન 'विवर्धयेत्' પૂરતા પ્રમાણમાં ગ્રહણ કરે. શું કરીને? 'परिहाप्य' છોડાવીને. શું? 'आहारम्' કવલાહાર. કઈ રીતે? 'क्रमशः' ક્રમે–ક્રમે અર્થાત્ પહેલાં ભોજનાદિના ક્રમથી પછી કાંજી આદિ કે શુદ્ધ જળપાનના ક્રમથી. શું કરીને? 'हापयित्वा' છોડાવીને. શું? 'स्निग्धं' સ્નિગ્ધ પાન. કેવી રીતે? 'क्रमशः' ક્રમશઃ સ્નિગ્ધ પેયને છોડાવીને 'खरपानं पूरयेत् क्रमशः' કાંજી આદિ ખરપાનને વધારે, પછી તેને છોડાવીને શુદ્ધ જળરૂપ ખરપાનને વધારે.

---

૧. प्रकाशनादिक्रमेण घ।

**खरपानहापनामपि कृत्वा। कथं? शक्त्या स्वशक्तिमनतिक्रमेण[1] स्तोकस्तोकतरादिरूपं। पश्चादुपवासं कृत्वा तनुमपि त्यजेत्। कथं? सर्वयत्नेन सर्वस्मिन् व्रतसंयमचारित्रध्यानधारणादौ यत्नस्तात्पर्यं तेन। किंविशिष्टः सन्? पंचनमस्कारमनाः पंचनमस्काराहितचित्तः ॥१२८॥**

---

'खरपानहापनामपि कृत्वा' કાંજી અને ગરમજળનો પણ ત્યાગ કર્યા પછી. કેવી રીતે? 'शक्त्या' પોતાની શક્તિ અનુસાર અર્થાત્ થોડો–થોડો વધુ ત્યાગ કરીને; પછી 'उपवासं कृत्वा' ઉપવાસ કરીને 'तनुमपि त्यजेत्' શરીરનો પણ ત્યાગ કરે. કેવી રીતે? 'सर्वयत्नेन' વ્રત, સંયમ, ચારિત્ર, ધ્યાન, ધારણાદિ સર્વ કાર્યોમાં યત્ન કરીને–તત્પર રહીને. કેવા થઈને? 'पंचनमस्कारमनाः' પંચ નમસ્કાર મંત્રની આરાધનામાં ચિત્ત લગાવીને.

**ભાવાર્થ :—**(શ્લોક ૧૨૭) સંલ્લેખના કરતી વખતે અન્નાહારનો ત્યાગ કરીને ક્રમે–ક્રમે દૂધ આદિ સ્નિગ્ધપાન લે અને પછી દૂધ આદિ સ્નિગ્ધપાનનો પણ ત્યાગ કરીને કાંજી અને ગરમ જળ લે.

(શ્લોક ૧૨૮) કાંજી અને ગરમ જળનો પણ ત્યાગ કરીને શક્તિ અનુસાર ઉપવાસ કરીને પાંચ નમસ્કાર મંત્રના સ્વરૂપમાં મન લગાવી, શરીરનો પણ ત્યાગ કરે.

## વિશેષ

સમાધિપૂર્વક દેહનો ત્યાગ થવો તેમાં આત્મઘાતનો દોષ નથી. "નિશ્ચયથી ક્રોધાદિ કષાયોથી ઘેરાયેલો જે પુરુષ શ્વાસનિરોધ, જળ, અગ્નિ, વિષ, શસ્ત્રાદિથી પોતાના પ્રાણનો ઘાત કરે તે ખરેખર આત્મઘાત છે. પરંતુ અવશ્ય થવાવાળું મરણ થતાં, કષાય–સંલ્લેખનાના કૃશ કરવા માત્રના વ્યાપારમાં પ્રવર્તમાન પુરુષને રાગાદિભાવોના અભાવમાં આત્મઘાત નથી."[2]

તેના મરણમાં જો રાગ–દ્વેષ થાય તો જ આત્મઘાત થાય, પણ જે સંલ્લેખના વખતે વિશેષ સ્વસન્મુખ થઈ રાગ–દ્વેષનો ત્યાગ કરી રહ્યો છે તેને આત્મઘાતનો દોષ લાગી શકે નહિ, કારણ કે પ્રમત્તયોગરહિત અને આત્મજ્ઞાનસહિત જે અવશ્ય નાશવંત શરીર સાથે રાગ ઓછો કરે છે, તેને હિંસાદિનો દોષ લાગતો નથી.

---

૧. स्वशक्त्यनतिक्रमेण घ।

૨. પુરુષાર્થસિદ્ધિ–ઉપાય, શ્લોક ૧૭૭–૧૭૮.

સંલ્લેખના પણ અહિંસા છે, કારણ કે—

“આ સંન્યાસ–મરણમાં હિંસાના હેતુભૂત કષાય ક્ષીણતાને પામે છે, તેથી સંન્યાસને (સંલ્લેખનાને) પણ (આચાર્યોએ) અહિંસાની પ્રસિદ્ધિ માટે કહેલ છે[૧].”

## સમાધિમરણની આવશ્યકતા

“રોગાદિક થતાં યથાશક્તિ ઔષધ કરે, પણ જ્યારે અસાધ્ય રોગ થઈ જાય, કોઈ રીતે ઉપચારથી લાભ ન થાય ત્યારે આ શરીર દુષ્ટ સમાન સર્વથા ત્યાગ કરવા યોગ્ય કહ્યું છે અને ઈચ્છિત ફળદાતા ધર્મ વિશેષતાથી પાલન કરવા યોગ્ય કહ્યું છે. મરણ બાદ બીજું શરીર પણ મળે છે, પરંતુ ધર્મપાલન કરવાની યોગ્યતા મળવી અતિશય દુર્લભ છે. આથી વિધિપૂર્વક દેહના ત્યાગમાં દુઃખી ન થતાં સંયમપૂર્વક મન–વચન–કાયનો ઉપયોગ આત્મામાં એકત્રિત કરવો જોઈએ અને “જન્મ, જરા અને મૃત્યુ શરીર સંબંધી છે, મને નથી”—એવું ચિન્તવન કરી, નિર્મમત્વી થઈ વિધિપૂર્વક આહાર ઘટાડી, પોતાના ત્રિકાળી અકષાય જ્ઞાતામાત્ર સ્વરૂપના લક્ષે કાયા કૃષ કરવી જોઈએ અને શાસ્ત્રામૃતના પાનથી કષાયો પાતળા પાડવા જોઈએ. પછી ચાર પ્રકારના સંઘની (મુનિ, આર્જિકા, શ્રાવક, શ્રાવિકાની) સાક્ષી વડે સમાધિમરણમાં સાવધાન–ઉદ્યમવંત થવું.”

“........જે જીવ પોતાની પૂર્વાવસ્થામાં ધર્મથી વિમુખ રહે છે અર્થાત્ જેણે તત્ત્વજ્ઞાનપૂર્વક વ્રત–નિયમાદિ ધર્મારાધના નથી કરી. તે જીવ અંતકાળમાં ધર્મસન્મુખ અર્થાત્ સંન્યાસયુક્ત કદી થઈ શકતો નથી; કેમ કે ચંદ્રપ્રભચરિત્ર પ્રથમ સર્ગમાં કહ્યું છે કે—

“चिरन्तनाभ्यासनिबन्धनेरिता गुणेषु दोषेषु च जायते मतिः।” અર્થાત્ ચિરકાળના અભ્યાસથી પ્રેરિત બુદ્ધિ ગુણોમાં યા દોષોમાં ઉત્પન્ન થાય છે.....માટે સમાધિમરણ તે જ ધારણ કરી શકે છે કે જે પ્રથમ અવસ્થાથી જ ધર્મની આરાધનામાં બરાબર સાવધાન રહેલો હોય.......

સમાધિમરણ વખતે આરાધકને નીચે પ્રમાણે ઉપદેશ આપી તેને આત્મસન્મુખ કરી સ્વરૂપમાં સ્થિર કરવા પ્રયત્ન કરવો—

“હે જિતેન્દ્રિય! તું ભોજન–શયનાદિરૂપ કલ્પિત પુદ્ગલોને હજી પણ ઉપકારી

૧. પુરુષાર્થસિદ્ધિ–ઉપાય, શ્લોક ૧૭૯.

સમજે છે? અને એમ માને છે કે, આમાંથી કોઈ પુદ્‌ગલ એવાં પણ છે કે મેં ભોગવ્યાં નથી.'' એ તો મહાન આશ્ચર્યની વાત છે! ભલા, વિચાર તો કર કે આ મૂર્તિક પુદ્‌ગલ તારા અરૂપીમાં કોઈ પ્રકારે મળી શકે તેમ છે? માત્ર ઇન્દ્રિયોના ગ્રહણપૂર્વક તેને અનુભવીને તેં એમ માની લીધું છે કે, 'હું જ તેનો ભોગ કરું છું.' તો હે દૂરદર્શી! હવે ભ્રાન્તબુદ્ધિને સર્વથા છોડી દે અને નિર્મળ જ્ઞાનાનંદમય આત્મતત્ત્વમાં લવલીન થા. આ તે જ સમય છે કે જેમાં જ્ઞાની જીવ શુદ્ધતામાં સાવધાન રહે છે અને ભેદજ્ઞાનના બળથી ચિન્તવન કરે છે કે, ''હું અન્ય છું અને એ પુદ્‌ગલ દેહાદિ મારાથી સર્વથા ભિન્ન—જુદા જ પદાર્થ છે. માટે હે મહાશય! પરદ્રવ્યોથી મોહ તુરત જ છોડ અને પોતાના આત્મામાં નિશ્ચલ—સ્થિર રહેવાનો પ્રયત્ન કર. જો કોઈ પુદ્‌ગલમાં આસક્ત રહીને મરણ પામીશ તો યાદ રાખજે, કે હલકા—તુચ્છ જંતુ થઈ તારે આ પુદ્‌ગલોનું ભક્ષણ વારંવાર કરવું પડશે. આ ભોજનથી તું શરીરનો ઉપકાર કરવા ચાહે છે તે કોઈ રીતે પણ યોગ્ય નથી, કેમ કે શરીર એવું કૃતઘ્ની છે કે તે કોઈના કરેલા ઉપકારને માને નહિ, માટે ભોજનની ઇચ્છા છોડી કેવળ આત્મહિતમાં ચિત્ત જોડવું તે જ બુદ્ધિમત્તા છે.''

''હે આરાધક! શ્રુતસ્કંધનું 'एगो मे सासदो आदा' ઇત્યાદિ વાક્ય 'णमो अरिहंताणं' ઇત્યાદિ પદ અને 'अर्हं' ઇત્યાદિ અક્ષર—એમાંથી જે તને રુચિકર લાગે તેનો આશ્રય કરીને તારા ચિત્તને તન્મય કર. હે આર્ય! 'હું એક શાશ્વત આત્મા છું' એ શ્રુતજ્ઞાનથી પોતાના આત્માનો નિશ્ચય કર. સમસ્ત ચિંતાઓથી પૃથક્ થઈને પ્રાણવિસર્જન કર અને જો તારું મન ક્ષુધા—પરિષહથી અથવા કોઈ ઉપસર્ગથી વિક્ષિપ્ત (વ્યગ્ર) થઈ ગયું હોય તો નરકાદિ વેદનાઓનું સ્મરણ કરીને જ્ઞાનામૃતરૂપ સરોવરમાં પ્રવેશ કર, કેમ કે અજ્ઞાની જીવ શરીરમાં આત્મબુદ્ધિ અર્થાત્ 'હું દુઃખી છું, હું સુખી છું'—એવા સંકલ્પ કરીને દુઃખી થયા કરે છે, પરંતુ ભેદજ્ઞાની જીવ આત્મા અને દેહને ભિન્ન—ભિન્ન માનીને દેહને કારણે સુખી—દુઃખી થતો નથી, પણ વિચારે છે કે 'મને મરણ જ નથી તો પછી ભય કોનો? મને રોગ નથી પછી વેદના કેવી? હું બાળક, તરુણ વા વૃદ્ધ નથી તો પછી મનોવેદના કેવી?' હે મહાભાગ્ય! આ જરાક જેટલા શારીરિક દુઃખથી કાયર થઈને પ્રતિજ્ઞાથી જરાપણ ચ્યુત ન થઈશ.......શું તું ધીરવીર પાંડવોનું ચરિત્ર ભૂલી ગયો છે? જેમને લોઢાનાં ઘરેણાં અગ્નિથી તપાવીને શત્રુઓએ પહેરાવ્યાં હતાં તોપણ તેઓ તપસ્યાથી કિંચિત્ પણ ચ્યુત ન થતાં આત્મધ્યાનથી મોક્ષ પામ્યા. સુકોમળ કુમારનું શરીર શિયાળે ત્રણ દિવસ સુધી ભક્ષ કર્યા છતાં કિંચિત્ પણ તેઓ માર્ગચ્યુત ન થયા. તેનું તને શું

अधुना संल्लेखनाया अतिचारानाह—

**जीवितमरणाशंसे[1] भयमित्रस्मृतिनिदाननामानः।**
**संल्लेखनातिचाराः पञ्च जिनेन्द्रैः समादिष्टाः॥१२६॥**

जीवितं च मरणं च तयोराशंसे आकांक्षे। भयमिहपरलोकभयं। इहलोकभयं हि क्षुत्पिपासापीडादिविषयं परलोकभयं—एवंविधदुर्धरानुष्ठानाद्विशिष्टं फलं परलोके भविष्यति न वेति। मित्रस्मृतिः बाल्याद्यवस्थायां सहक्रीडितमित्रानुस्मरणं। निदानं भाविभोगाद्याकांक्षणं। एतानि पंचनामानि येषां ते तन्नामानः संल्लेखनायाः पंचातिचाराः। जिनेन्द्रैस्तीर्थकरैः। समादिष्टा आगमे प्रतिपादिताः॥१२६॥

---

સ્મરણ નથી? તેમનું અનુકરણ કરી જીવન–ધન આદિમાં નિર્વાંછક થઈ અંતર–બાહ્ય પરિષહના ત્યાગપૂર્વક સામ્યભાવથી નિરુપાધિમાં સ્થિર થઈ આનંદામૃતનું પાન કર......વગેરે......''[2] ૧૨૭–૧૨૮.

હવે સંલ્લેખનાના અતિચારો કહે છે—

## સંલ્લેખનાના અતિચારો
### શ્લોક ૧૨૯

**અન્વયાર્થ** :—[जीवितमरणाशंसे] જીવવાની તથા મરણની આકાંક્ષા કરવી, [भयमित्रस्मृतिनिदाननामानः] ભય કરવો, મિત્રોને યાદ કરવા અને આગામી ભવમાં ભોગોની ઈચ્છા કરવી—એ [पञ्च] પાંચ [संल्लेखनातिचाराः] સંલ્લેખનાના અતિચારો છે—એમ [जिनेन्द्रैः] જિનેન્દ્ર ભગવાન દ્વારા [समादिष्टाः] કહેવામાં આવ્યું છે.

**ટીકા** :—'जीवितमरणाशंसे' જીવન અને મરણની આકાંક્ષા, 'भयमित्रस्मृतिः' भयं–આ લોક તથા પરલોકનો ભય, ક્ષુધા–તૃષાની પીડાદિ સંબંધી આ લોકનો ભય, અને આવા દુર્ધર અનુષ્ઠાનથી (તપશ્ચરણથી) પરલોકમાં વિશિષ્ટ ફળ મળશે કે નહિ–તે પરલોકનો ભય, 'मित्रस्मृतिः' બાલ્યાદિ અવસ્થામાં જે મિત્રો સાથે ક્રીડા કરી હતી તેનું સ્મરણ, 'निदानं' ભાવિ ભોગો આદિની આકાંક્ષા–તે નામના સંલ્લેખનાના પાંચ અતિચારો છે–એમ 'जिनेन्द्रैः समादिष्टाः' તીર્થંકરોએ કહ્યું છે—આગમમાં પ્રતિપાદન કર્યું છે.

---

૧. मरणशंसाभयमित्रस्मृति घ।

૨. જુઓ, પુરુષાર્થસિદ્ધિ–ઉપાય, ગુજરાતી આવૃત્તિ શ્લોક ૧૭૮નો વિશેષ.

एवंविधैरतिचारै रहितां संल्लेखनां अनुतिष्ठन् कीदृशं फलं प्राप्नोत्याह—

**निःश्रेयसमभ्युदयं निस्तीरं दुस्तरं सुखाम्बुनिधिम् ।**
**निःपिबति पीतधर्मा सर्वैर्दुःखैरनालीढः ॥१३०॥**

निष्पिबति आस्वादयति अनुभवति वा कश्चित् संल्लेखनानुष्ठाता। किं तत् ?

---

**ભાવાર્થ** :—સંલ્લેખનાના પાંચ અતિચારો[૧]—

૧. જીવિતાશંસા—સંલ્લેખના ધારણ કરીને જીવવાની ઇચ્છા કરવી.

૨. મરણશંસા—રોગાદિના ઉપદ્રવોથી ગભરાઈ જઈ મરણની ઇચ્છા કરવી.

૩. ભય[૨]—આ લોક અને પરલોકનો ભય.

૪. મિત્રસ્મૃતિ—(મિત્રાનુરાગ)—મિત્ર આદિની પ્રીતિનું સ્મરણ કરવું.

૫. નિદાન—આગામી ભવમાં સાંસારિક વિષય–ભોગોની ઇચ્છા કરવી. ૧૨૯.

આવા પ્રકારના અતિચારો રહિત સંલ્લેખના કરનારને કેવું ફળ પ્રાપ્ત થાય છે, તે કહે છે—

## સંલ્લેખનાનું ફળ

### શ્લોક ૧૩૦

**અન્વયાર્થ** :—[पीतधर्माः ] ધર્મરૂપી અમૃતનું પાન કરનાર સંલ્લેખનાધારી જીવો [सर्वैः दुःखैः अनालीढः ] સર્વ દુઃખોથી અણસ્પર્શાયેલા રહેતા થકા (સર્વ દુઃખોથી રહિત થતા થકા) [दुस्तरम् ] દુસ્તર (ઘણા કાળે સમાપ્ત થવાવાળા) [अभ्युदयम् ] અભ્યુદયને (સ્વર્ગના અહમિન્દ્રાદિના સુખની પરંપરાને) અને [निस्तीरम् ] અંતરહિત [सुखाम्बुनिधिम् ] સુખના સાગરસ્વરૂપ [निःश्रेयसम् ] મોક્ષને [निःपिबति ] આસ્વાદે છે—અનુભવે છે.

**ટીકા** :—'निष्पिबति' આસ્વાદે છે—અનુભવે છે. કોણ? કોઈ સંલ્લેખના ધારણ

---

૧. जीवीतमरणाशंसामित्रानुरागसुखानुबन्धनिदानानि ॥ [तत्त्वार्थसूत्र-અધ્યાય ૭/૩૭]

૨. આ 'ભય' અતિચારને બદલે 'तत्त्वार्थसूत्र' તથા 'पुरुषार्थसिद्धि–ઉપાય'માં 'सुखानुबन्ध'—પૂર્વકાળમાં ભોગવેલા ભોગોને યાદ કરવા—એ નામનો અતિચાર આપ્યો છે.

निःश्रेयसं निर्वाणं। किंविशिष्टं ? सुखाम्बुनिधिं सुखसमुद्रस्वरूपं। तर्हि सपर्यन्तं तद्भविष्यतीत्याह—निस्तीरं तीरात्पर्यन्तान्निष्क्रान्तं। कश्चित्पुनस्तदनुष्ठाता अभ्युदयमहमिन्द्रादिसुखपरंपरां निष्पिबति। कथंभूतं ? दुस्तरं महता कालेन प्राप्यपर्यन्तं। किंविशिष्टः सन् ? सर्वैर्दुःखैरनालीढः सर्वैः शारीरमानसादिभिर्दुःखैरनालीढोऽसंस्पृष्टः। कीदृशः सन्नेतद्द्वयं निष्पिबति ? पीतधर्मा पीतोऽनुष्ठितो धर्म उत्तमक्षमादिरूपः चारित्रस्वरूपो वा येन॥१३०॥

किं पुनर्निःश्रेयसशब्देनोच्यत इत्याह—

**जन्मजरामयमरणैः शोकैर्दुःखैर्भयैश्च परिमुक्तम्।**
**निर्वाणं शुद्धसुखं निःश्रेयसमिष्यते नित्यम॥१३१॥**

---

કરનાર. શું તે 'निःश्रेयसम्' નિર્વાણને. કેવા પ્રકારના (નિર્વાણને)? 'सुखाम्बुनिधिम्' સુખસમુદ્રસ્વરૂપ. તો તે (સમુદ્ર) શું અંતવાન હશે? તે કહે છે—'निस्तीरम्' તીર (કાંઠા)ને ઉલ્લંઘન કરી ગયેલા—અપાર. વળી કોઈ તેને (સંલ્લેખનાને) ધારણ કરનાર 'अभ्युदयं' અહમિન્દ્રાદિનાં સુખની પરંપરાને 'निष्पिबति' ભોગવે છે. કેવા (અભ્યુદયને)? જેનો અંત ઘણા લાંબા કાળે પ્રાપ્ત થાય એવા (અભ્યુદયને). કેવા પ્રકારના થતા થકા? 'सर्वैः दुःखै अनालीढः' સર્વ શારીરિક અને માનસિક દુઃખોથી અણસ્પર્શાયેલા થતા થકા. કેવો થઈને તે અભ્યુદય અને મોક્ષ બંનેને અનુભવે છે? 'पीतधर्माः' ઉત્તમક્ષમાદિરૂપ વા ચારિત્રસ્વરૂપ ધર્મનું જેણે આચરણ કર્યું છે તેવો થઈને.

**ભાવાર્થ** :—જેણે ઉત્તમક્ષમાદિ ધર્મને યા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રસ્વરૂપ ધર્મને ધારણ કર્યો છે—એવા સંલ્લેખનાધારી શ્રાવક, સમસ્ત શારીરિક અને માનસિક દુઃખોથી રહિત થઈને દુસ્તર અભ્યુદયને (ઈન્દ્રાદિનાં સુખને) અને અપાર (અંતરહિત) સુખના સાગરરૂપ મોક્ષને અનુક્રમે અનુભવે છે. ૧૩૦.

વળી 'નિઃશ્રેયસ' શબ્દથી શું કહેવાય છે તે કહે છે—

## મોક્ષનું લક્ષણ
## શ્લોક ૧૩૧

**અન્વયાર્થ** :—[जन्मजरामयमरणैः ] જન્મ, ઘડપણ, રોગ અને મૃત્યુથી [शोकैः ]

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



निःश्रेयसमिष्यते। किं? निर्वाणं। कथंभूतं? शुद्धसुखं शुद्धं प्रतिद्वन्द्वरहितं सुखं यत्र। तथा नित्यं अविनश्वरस्वरूपं। तथा परिमुक्तं रहितं। कैः? जन्मजरामयमरणैः, जन्म च पर्यायान्तरप्रादुर्भावः जरा च वार्द्धक्यं, आमयाश्च रोगाः, मरणं च शरीरादिप्रच्युतिः। तथा शोकैर्दुःखैर्भयैश्च परिमुक्तं॥१३१॥

इत्थंभूते च निःश्रेयसे कीदृशाः पुरुषाः तिष्ठन्तीत्याह—

**विद्यादर्शनशक्तिस्वास्थ्यप्रह्लादतृप्तिशुद्धियुजः।**
**निरतिशया निरवधयो निःश्रेयसमावसन्ति सुखम्॥१३२॥**

---

શોકથી, [दुःखैः] દુઃખોથી [च] અને [भयैः] સાત ભયોથી [परिमुक्तं] સર્વથા રહિત એવો [शुद्धसुखम्] શુદ્ધ સુખસ્વરૂપ તથા [नित्यम्] નિત્ય-(અવિનાશી) એવો [निर्वाणं] નિર્વાણ (સર્વ કર્મરહિત આત્માની વિશુદ્ધ અવસ્થા) [निःश्रेयसम्] મોક્ષ [इष्यते] કહેવાય છે.

**ટીકા** :—'निःश्रेयसमिष्यते' મોક્ષ કહેવાય છે. શું? 'निर्वाणम्' નિર્વાણ. કેવો (નિર્વાણ)? 'शुद्धसुखम्' પ્રતિપક્ષરહિત જ્યાં સુખ છે તેવો, તથા 'नित्यम्' અવિનશ્વર સ્વરૂપ અને 'परिमुक्तं' સર્વથા રહિત એવો. શાનાથી (રહિત)? 'जन्मजरामयमरणैः' જન્મ બીજી પર્યાયનો ઉત્પાદ, जरा ઘડપણ, आमयाः રોગો, मरणं શરીરાદિનો નાશ-(એ બધાંથી રહિત એવો), તથા 'शोकैर्दुःखैर्भयैश्चपरिमुक्तम्' શોક, દુઃખ અને ભયથી રહિત એવો (નિર્વાણ).

**ભાવાર્થ** :—જન્મ, ઘડપણ, રોગ, મૃત્યુ, શોક, દુઃખ અને ભયથી રહિત અવિનશ્વર, અતીન્દ્રિય સાચા સુખરૂપ અને સર્વ કર્મરહિત આત્માની વિશુદ્ધ અવસ્થા (નિર્વાણ) તે મોક્ષ કહેવાય છે. ૧૩૧.

આવા મોક્ષમાં કેવા પ્રકારના પુરુષો (આત્માઓ) રહે છે, તે કહે છે—

## મુક્ત જીવોનું વર્ણન
### શ્લોક ૧૩૨

**અન્વયાર્થ** :—[विद्यादर्शनशक्तिस्वास्थ्यप्रह्लादतृप्तिशुद्धियुजः] કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતવીર્ય, પરમ વીતરાગતા, અનંતસુખ, તૃપ્તિ, વિષયોની આશાથી રહિતપણું અને વિશુદ્ધિ (કર્મરહિતપણું)—(એ બધાંથી) યુક્ત [निरतिशयाः] ગુણોની ન્યૂનાધિકતા રહિત અને [निरवधयः] કાળાવધિ રહિત જીવો [सुखम्] સુખસ્વરૂપ [निःश्रेयसम्] મોક્ષમાં [आवसन्ति] વસે છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



निःश्रेयसमावसन्ति निःश्रेयसे तिष्ठन्ति। के ते इत्याह—विद्येत्यादि। विद्या केवलज्ञानं, दर्शनं केवलदर्शनं, शक्तिरनन्तवीर्यं, स्वास्थ्यं परमोदासीनता, प्रह्लादोऽनन्तसौख्यं, तृप्तिर्विषयानाकांक्षा, शुद्धिर्द्रव्यभावस्वरूपकर्ममलरहितता, एता युञ्जन्ति आत्मसम्बद्धाः कुर्वन्ति ये ते तथोक्ताः। तथा निरतिशया अतिशयाद्विद्यादिगुणहीनाधिक-भावान्निष्क्रान्ताः। तथा निरवधयो नियतकालावधिरहिताः। इत्थंभूता ये ते निःश्रेयसमावसन्ति। सुखं सुखरूपं निःश्रेयसं। अथवा सुखं यथा भवत्येवं ते तत्रावसन्ति॥१३२॥

अनन्ते काले गच्छति कदाचित् सिद्धानां विद्याद्यन्यथाभावो भविष्यत्यतः कथं निरतिशया निरवधयश्चेत्याशंकायामाह—

**काले कल्पशतेऽपि च गते शिवानां न विक्रिया लक्ष्या।**
**उत्पातोऽपि यदि स्यात् त्रिलोकसंभ्रान्तिकरणपटुः॥१३३॥**

---

**ટીકા** :—‘निःश्रेयसम् आवसन्ति’ મોક્ષમાં વસે છે. કોણ તે મોક્ષમાં વસે છે? તે કહે છે—‘विद्येत्यादि’ विद्या કેવળજ્ઞાન, दर्शनं કેવળદર્શન, शक्तिः અનંતવીર્ય, स्वास्थ्य પરમ ઉદાસીનતા (પરમ વીતરાગતા), प्रह्लादः અનંતસુખ, तृप्तिः વિષયોની આકાંક્ષાનો અભાવ, शुद्धिः દ્રવ્યકર્મ–ભાવકર્મરૂપ મળથી રહિતતા. એ બધાયથી યુક્ત તે તથા ‘निरतिशया’—અતિશય અર્થાત્ વિદ્યાદિ ગુણોની હીનાધિકતાથી રહિત તથા ‘निरवधयः’ નિયતકાળની અવધિરહિત–આવાં પૂર્વોક્ત વિશેષણોથી વિશિષ્ટ જે જીવો છે તે મોક્ષમાં વસે છે, અથવા મોક્ષમાં સુખપૂર્વક વસે છે.

**ભાવાર્થ** :—મુક્ત જીવો અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય, પરમ ઉદાસીનતા અને અનંતસુખથી યુક્ત થઈને તથા વિષયોની આશાથી, દ્રવ્યકર્મ–ભાવકર્મરૂપ મળથી અને અષ્ટગુણોની ન્યૂનાધિકતાથી રહિત થઈને અનંતકાળ સુધી સુખપૂર્વક મોક્ષમાં રહે છે. ૧૩૨.

અનંતકાળ જતાં, કોઈ સમયે સિદ્ધોના જ્ઞાનાદિનો અન્યથા ભાવ થઈ જશે તો તેમને નિરતિશયતા અને નિરવધિપણું કેવી રીતે હોય–એવી આશંકા થતાં કહે છે—

## મુક્ત જીવોના ગુણોમાં વિકારનો અભાવ
## શ્લોક ૧૩૩

**અન્વયાર્થ** :—[यदि ] જો [त्रिलोकसम्भ्रान्तिकरणपटुः ] ત્રણ લોકોમાં

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

न लक्ष्या न प्रमाणपरिच्छेद्या। कासौ ? विक्रिया विकारः स्वरूपान्यथाभावः। केषां ? शिवानां सिद्धानां। कदा ? कल्पशतेऽपि गते काले। तर्हि उत्पातवशात्तेषां विक्रिया स्यादित्याह—उत्पातोऽपि यदि स्यात् तथापि न तेषां विक्रिया लक्ष्या। कथंभूतः उत्पातः ? त्रिलोकसम्भ्रान्तिकरणपटुः त्रिलोकस्य सम्भ्रान्तिरावर्तस्तत्करणे पटुः समर्थः ॥१३३॥

ते तत्राविकृतात्मानः सदा स्थिताः किं कुर्वन्तीत्याह—

**निःश्रेयसमधिपन्नास्त्रैलोक्यशिखामणिश्रियं दधते।**
**निष्किट्टिकालिकाच्छविचामीकरभासुरात्मानः ॥१३४॥**

---

ખળભળાટ ઉત્પન્ન કરવામાં સમર્થ—એવો [उत्पातः] ઉત્પાત [अपिस्यात्] પણ થાય [च] અને [कल्पशते काले] સેંકડો કલ્પકાળો [गते अपि] વીતી જાય, તોપણ [शिवानां] સિદ્ધોમાં [विक्रिया] વિકાર [न लक्ष्या] જોવામાં આવતો નથી.

**ટીકા** :—‘न लक्ष्या’ પ્રમાણજ્ઞાનથી જાણી શકાય તેવો નથી. શું તે? ‘विक्रिया’ વિકાર અર્થાત્ સ્વરૂપથી અન્યથા ભાવ; કોના? ‘शिवानाम्’ સિદ્ધોના. ક્યારે? ‘कल्पशतेऽपि गते काले’ સેંકડો કલ્પ–કાળ વહી જાય તોપણ, તે ઉત્પાતને લીધે તેમને વિક્રિયા હશે? તે કહે છે—‘उत्पातोऽपि यदि स्यात्’ જો ઉત્પાત (ખળભળાટ) થાય તોપણ તેમનામાં વિક્રિયા માલૂમ પડતી નથી. કેવો ઉત્પાત? ‘त्रिलोकसंभ्रान्तिकरणपटुः’ ત્રણ લોકમાં ક્ષોભ કરવામાં સમર્થ એવો.

**ભાવાર્થ** :—ત્રણ લોકમાં ખળભળાટ ઉત્પન્ન કરે તેવો ઉત્પાત (ઉપદ્રવ) થઈ જાય યા સેંકડો કલ્પકાળ[1] પણ વીતી જાય, તોપણ સિદ્ધોના ગુણોમાં યા સ્વભાવ આદિમાં કોઈ વિકાર (પરિવર્તન) થતો નથી અર્થાત્ તેઓ અનંતકાળ સુધી અનંતસુખમાં મગ્ન રહે છે. ૧૩૩.

તે વિકારથી રહિત (શુદ્ધ) આત્માઓ ત્યાં સદા રહીને શું કરે છે, તે કહે છે—

## મુક્ત જીવો શું કરે છે?
## શ્લોક ૧૩૪

**અન્વયાર્થ** :—[निष्किट्टिकालिकाच्छविचामीकरभासुरात्मानः] કીટ અને

---

૧. વીસ કોડાકોડી સાગર વર્ષનો એક કલ્પકાળ થાય છે.

निःश्रेयसमधिपन्नाः प्राप्तास्ते दधते। धरन्ति। कां? त्रैलोक्यशिखामणिश्रियं त्रैलोक्यस्य शिखा चूडाऽग्रभागस्तत्र मणिश्रीः चूडामणिश्रीः तां। किंविशिष्टाः सन्त इत्याह—निष्किट्टेत्यादि। किट्टं च कालिका च ताभ्यां निष्क्रान्ता सा छविर्यस्य तच्चामीकरं च सुवर्णं तस्येव भासुरो निर्मलतया प्रकाशमान आत्मा स्वरूपं येषां।।१३४।।

एवं संल्लेखनामनुतिष्ठतां निःश्रेयसलक्षणं फलं प्रतिपाद्य अभ्युदयलक्षणं फलं प्रतिपादयन्नाह—

**पूजार्थाज्ञैश्वर्यैर्बलपरिजनकामभोगभूयिष्ठैः।**
**अतिशयितभुवनमद्भुतमभ्युदयं फलति सद्धर्मः।।१३५।।**

---

કાલિમાંથી રહિત કાંતિવાળા સુવર્ણ સમાન જેમનું સ્વરૂપ પ્રકાશી રહ્યું છે, એવા [निःश्रेयसम् अधिपन्नाः] મોક્ષ પામેલા સિદ્ધ પરમેષ્ઠી [त्रैलोक्यशिखामणिश्रियं] ત્રણ લોકના અગ્રભાગ પર રહેલા ચૂડામણિની શોભાને [दधते] ધારણ કરે છે.

**ટીકા** :—'निःश्रेयसमधिपन्नाः' મોક્ષ પામેલા તેઓ 'दधते' ધારણ કરે છે. શું (ધારણ કરે છે)? 'त्रैलोक्यशिखामणिश्रियं' ત્રણ લોકની શિખા—ચૂડા—અગ્રભાગ પર રહેલા મણિની શોભાને. કેવા પ્રકારના થઈને? તે કહે છે—'निष्किट्टेत्यादि' કીટ અને કાલિમા—એ બંનેથી રહિત કાંતિવાળા સુવર્ણ સમાન જેનું સ્વરૂપ નિર્મળતાથી પ્રકાશી રહ્યું છે તેવા થઈને.

**ભાવાર્થ** :—મોક્ષ પામેલા પુરુષો કીટ અને કાલિમાથી રહિત જેમની છબી છે, તથા શુદ્ધ (ચોખ્ખા) સુવર્ણસમાન દેદીપ્યમાન જેમનું સ્વરૂપ છે તેવા થઈને ત્રણ લોકની ચૂડામણિની (શિખામણિની) શોભાને ધારણ કરે છે. ૧૩૪.

એ પ્રમાણે સંલ્લેખના કરનારાઓના મોક્ષરૂપી ફળનું પ્રતિપાદન કરીને તેમના અભ્યુદયરૂપ ફળનું પ્રતિપાદન કરતાં કહે છે—

## સંલ્લેખનાધારીઓનું અભ્યુદયરૂપ ફળ
### શ્લોક ૧૩૫

**અન્વયાર્થ** :—[सद्धर्मः] સંલ્લેખનાથી ઉપાર્જિત વિશિષ્ટ પુણ્ય [बलपरिजनकामभोगभूयिष्ठैः] બળ, પરિવાર અને કામભોગથી પરિપૂર્ણ એવા [पूजार्थज्ञैश्वर्यैः] પ્રતિષ્ઠા, ધન અને આજ્ઞાના ઐશ્વર્ય વડે [अतिशयित भुवनम्] જે

अभ्युदयं इन्द्रादिपदावाप्तिलक्षणं। फलति अभ्युदयफलं ददाति। कोऽसौ ? सद्धर्मः संल्लेखनानुष्ठानोपार्जितं विशिष्टं पुण्यं। कथंभूतमभ्युदयं ? अद्भुतं साश्चर्यं। कथंभूतं तदद्भुतं ? अतिशयितभुवनं यतः। कैः कृत्वा ? पूजार्थज्ञैश्वर्यैः ऐश्वर्यशब्दः पूजार्थाज्ञानां प्रत्येकं सम्बध्यते। किंविशिष्टैरेतैरित्याह—बलेत्यादि। बलं सामर्थ्यं परिजनः परिवारः कामभोगौ प्रसिद्धौ। एतद्भूयिष्ठा अतिशयेन बहवो येषु। एतैरुपलक्षितैः पूजादिभिरतिशयितभुवनमित्यर्थः ॥१३५॥

साम्प्रतं योऽसौ संल्लेखनानुष्ठाता श्रावकस्तस्य कति प्रतिमा भवन्तीत्याशंक्याह—

**श्रावकपदानि देवैरेकादश देशितानि येषु खलु।**
**स्वगुणाः पूर्वगुणैः सह संतिष्ठन्ते क्रमविवृद्धाः ॥१३६॥**

---

લોકોત્તમ હોવાથી [अद्भुतम्] આશ્ચર્યજનક છે, એવા [अभ्युदयम्] અભ્યુદયરૂપે (ઇન્દ્રાદિ પદની પ્રાપ્તિરૂપે) [फलति] ફળે છે (પ્રાપ્ત કરે છે).

**ટીકા** :—'अभ्युदयंफलति' ઇન્દ્રાદિ પદની પ્રાપ્તિ જેનું સ્વરૂપ છે—એવા અભ્યુદયરૂપ—ઉત્કર્ષરૂપ ફળ આપે છે. કોણ તે? 'सद्धर्मः' સંલ્લેખના ધારણ કરવાથી ઉપાર્જિત વિશિષ્ટ પુણ્ય. કેવો (અભ્યુદય)? 'अद्भुतम्' આશ્ચર્યજનક. અભ્યુદય કેવો છે? આશ્ચર્યજનક અભ્યુદય લોકમાં સર્વોત્તમ છે. શા વડે કરીને? 'पूजार्थाज्ञैश्वर्यैः' પૂજા—ઐશ્વર્ય વડે, અર્થ—ઐશ્વર્ય વડે અને આજ્ઞા—ઐશ્વર્ય વડે કરીને. આવાં લક્ષણવાળા પૂજા—ઐશ્વર્ય વડે વગેરેથી તે અભ્યુદય લોકમાં સર્વોત્તમ છે—એવો અર્થ છે.

**ભાવાર્થ** :—સંલ્લેખનાદિ ધર્મથી પ્રતિષ્ઠા, ધન અને આજ્ઞાનું ઐશ્વર્ય તથા બળ, નોકર—ચાકર અને કામ—ભોગની અધિકતાથી લોકાતિશાયી આશ્ચર્યકારક ઇન્દ્રાદિપદની પ્રાપ્તિરૂપ અભ્યુદય (ઉત્કર્ષ) પ્રાપ્ત થાય છે. ૧૩૫.

હવે જે સંલ્લેખના કરનાર શ્રાવક છે તેની કેટલી પ્રતિમાઓ હોય છે? એવી આશંકા કરીને કહે છે—

## શ્રાવકની અગિયાર પ્રતિમા (પદ—સ્થાન)
### શ્લોક ૧૩૬

**અન્વયાર્થ** :—[देवैः] સર્વજ્ઞદેવ દ્વારા [श्रावकपदानि] શ્રાવકનાં પદ (સ્થાન—

**देशितानि प्रतिपादितानि। कानि? श्रावकपदानि श्रावकगुणस्थानानि श्रावकप्रतिमा इत्यर्थः। कति? एकादश। कैः? देवैस्तीर्थंकरैः। येषु श्रावकपदेषु। खलु स्फुटं सन्तिष्ठन्तेऽवस्थितिं कुर्वन्ति। के ते? स्वगुणाः स्वकीयगुणस्थानसम्बद्धाः गुणाः। कैः सह? पूर्वगुणैः पूर्वगुणस्थानवर्तिगुणैः सह। कथंभूताः? क्रमविवृद्धाः सम्यग्दर्शनमादिं कृत्वा एकादशपर्यन्तमेकोत्तरवृद्ध्या क्रमेण विशेषेण वर्धमानाः॥१३६॥**

---

પ્રતિમા) [एकादश] અગિયાર [देशितानि] કહેવામાં આવ્યાં છે. [येषु] જેમાં [खलु] નિશ્ચયથી [स्वगुणाः] પોતાના પ્રતિમા સંબંધી ગુણો [पूर्वगुणैः सह] પૂર્વ (પ્રતિમાના) ગુણોસહિત (તેમના ગુણોના પાલન સહિત) [क्रमविवृद्धाः] ક્રમથી વધતાં જતાં [संतिष्ठन्ते] રહે છે.

**ટીકા** :—'देशितानि' પ્રતિપાદન કરવામાં આવ્યાં છે (કહેવામાં આવ્યાં છે). શું? 'श्रावकपदानि' શ્રાવકનાં પદ—શ્રાવકનાં ગુણસ્થાનો—શ્રાવકની પ્રતિમાઓ—એવો અર્થ છે. કેટલી (પ્રતિમાઓ)? 'एकादश' અગિયાર. કોના દ્વારા (કહેવામાં આવી છે)? 'देवैः' તીર્થંકરો દ્વારા. 'येषु' જેમાં અર્થાત્ શ્રાવકનાં પદોમાં (સ્થાનોમાં) 'खलु' નિશ્ચયથી 'संतिष्ठन्ते' રહે છે—સ્થિતિ કરે છે. કોણ તે? 'स्वगुणाः' પોત-પોતાના ગુણસ્થાન સંબંધી ગુણો. કોની સાથે (રહે છે)? 'पूर्वगुणैः सह' પૂર્વ ગુણસ્થાનવર્તી ગુણો સાથે. કેવા (તે ગુણો છે)? 'क्रमविवृद्धाः' ક્રમે—ક્રમે વધતા જતા અર્થાત્ સમ્યગ્દર્શનથી શરૂ કરી અગિયાર પદ સુધી (અગિયારમી પ્રતિમા સુધી) એક—એક ઉત્તર પ્રતિમાના ગુણોની વૃદ્ધિથી—ક્રમથી—વિશેષથી વધતા જતા. (ગુણો રહે છે.)

**ભાવાર્થ** :—સર્વજ્ઞદેવે શ્રાવકનાં અગિયાર સ્થાન (પદ—શ્રેણિ—પ્રતિમા—કક્ષા) કહ્યાં છે. તે નીચે પ્રમાણે છે—

૧. દર્શન પ્રતિમા, ૨. વ્રત પ્રતિમા, ૩. સામાયિક પ્રતિમા, ૪. પ્રોષધ પ્રતિમા, ૫. સચિત્તત્યાગ પ્રતિમા, ૬. રાત્રિભોજનત્યાગ પ્રતિમા, ૭. બ્રહ્મચર્ય પ્રતિમા, ૮. આરંભત્યાગ પ્રતિમા, ૯. પરિગ્રહત્યાગ પ્રતિમા, ૧૦. અનુમતિત્યાગ પ્રતિમા અને ૧૧. ઉદ્દિષ્ટત્યાગ પ્રતિમા.

આગલી (ઉત્તર) પ્રતિમા ધારણ કરનારને પૂર્વેની સર્વ પ્રતિમાઓનું પાલન અવશ્ય હોય છે. આથી આગળની (ઉત્તર) પ્રતિમાનું આચરણ તેની પૂર્વેની સર્વ પ્રતિમાઓના આચરણ સાથે (તેના ગુણોના પાલન સાથે) ક્રમે—ક્રમે વૃદ્ધિ પામે છે; જેમ કે બ્રહ્મચર્ય પ્રતિમાનું પાલન કરનારને તેની પૂર્વેની દર્શનાદિક છ પ્રતિમાઓનું આચરણ નિયમથી હોય છે. ૧૩૬.

एतदेव दर्शयन्नाह—

**सम्यग्दर्शनशुद्धः संसारशरीरभोगनिर्विण्णः।**
**पञ्चगुरुचरणशरणो दर्शनिकस्तत्त्वपथगृह्यः ॥१३७॥**

दर्शनमस्यास्तीति दर्शनिको दर्शनिकश्रावको भवति। किंविशिष्टः ? सम्यग्दर्शनशुद्धः सम्यग्दर्शनं शुद्धं निरतिचारं यस्य असंयतसम्यग्दृष्टेः। कोऽस्य विशेष इत्यत्राह—संसारशरीरभोगनिर्विण्ण इत्यनेनास्य लेशतो व्रतांशसंभवात्ततो विशेषः प्रतिपादितः। एतदेवाह—तत्त्वपथगृह्यः तत्त्वानां व्रतानां पंथानो मार्गा[1] मद्यादिनिवृत्तिलक्षणा अष्टमूलगुणास्ते गृह्याः पक्षा यस्य। पंचगुरुचरणशरणं पंचगुरवः पंचपरमेष्ठिनस्तेषां चरणाः शरणमपायपरिरक्षणोपायो यस्य ॥१३७॥

---

તે જ દર્શાવીને કહે છે—

## દર્શન પ્રતિમાધારીનું લક્ષણ
### શ્લોક ૧૩૭

**અન્વયાર્થ** :—[सम्यग्दर्शनशुद्धः] જેઓ અતિચાર (દોષ) રહિત હોવાથી સમ્યગ્દર્શનથી શુદ્ધ છે, [संसारशरीरभोगनिर्विण्णः] જેઓ સંસાર, શરીર અને ભોગોથી વિરક્ત છે, [पंचगुरुचरणशरणः] જેને પંચ પરમેષ્ઠીના ચરણનું શરણ છે અને [तत्त्वपथगृह्यः] તત્ત્વોના માર્ગરૂપ આઠ મૂળ ગુણોને જેઓ ધારણ કરી રહ્યા છે, તેઓ [दर्शनिकः] દર્શનિક શ્રાવક છે.

**ટીકા** :—જેને સમ્યગ્દર્શન છે તે 'दर्शनिकः' દર્શનિક શ્રાવક છે. તે કેવો છે? 'सम्यग्दर्शनशुद्धः' જેને શુદ્ધ—અતિચારરહિત સમ્યગ્દર્શન છે. અસંયત સમ્યગ્દષ્ટિથી તેને શી વિશેષતા છે, તે અહીં કહે છે—'संसारशरीरभोगनिर्विण्णः' સંસાર, શરીર અને ભોગોથી જે વિરક્ત છે, કારણ કે તેને લેશતઃ વ્રતનો અંશ હોય છે તેથી (સમ્યગ્દષ્ટિથી) તેનાથી વિશેષ કહ્યું છે. તે જ કહે છે—'तत्त्वपथगृह्यः' તત્ત્વોના અર્થાત્ વ્રતોના માર્ગરૂપ—મદ્યાદિના ત્યાગરૂપ આઠ મૂળગુણોને ગ્રહવા યોગ્ય સમજીને જેણે ધારણ કર્યા છે અને 'पंचगुरुचरणशरणः' પાંચ ગુરુઓ અર્થાત્ પંચ પરમેષ્ઠી—તેમનાં ચરણો જેમને શરણ છે—જેમને દુઃખોથી પરિરક્ષણના ઉપાયરૂપ છે—(તે દર્શનિક શ્રાવક છે).

---

૧. पन्था मार्गो घ०।

**ભાવાર્થ :**—જેને નિરતિચાર (શુદ્ધ) સમ્યગ્દર્શન છે, તથા કિંચિત્ વિશેષ પ્રકારે સ્વસન્મુખતા વડે સંસાર, શરીર અને ઇન્દ્રિય ભોગોથી જે વિરક્ત (ઉદાસીન) છે, જેને અધિકતર પંચપરમેષ્ઠીનાં ચરણનું જ શરણ છે અર્થાત્ તેમનું જ ધ્યાન કરે છે અને સર્વજ્ઞભાષિત જીવાદિક તત્ત્વોનું જેને શ્રદ્ધાન છે—તત્ત્વોનો માર્ગ જેણે અંગીકાર કર્યો છે, બાહ્યમાં જેને સાત વ્યસન સહિત પાંચે પાપોની પ્રવૃત્તિ છૂટી ગઈ છે અર્થાત્ મદ્યાદિના ત્યાગરૂપ આઠ મૂળગુણો જેણે ધારણ કર્યા છે, અંશતઃ વ્રતોનો અભ્યાસી છે તે દર્શનિક શ્રાવક છે.

જિનેન્દ્રદેવ, સિદ્ધાંત શાસ્ત્ર અને દિગમ્બર તપસ્વી—એ ત્રણેને ઉપાસકાધ્યયનમાં તત્ત્વ કહ્યાં છે અને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રને માર્ગ કહ્યો છે. તત્ત્વ અને માર્ગનો જેને પક્ષ છે—તે તરફ જેનું વલણ છે તે દર્શનિક શ્રાવક આ પાક્ષિક શ્રાવક કહેવાય છે.૧

## વિશેષ

જે સ્યાદ્વાદરૂપ પરમાગમ દ્વારા નિશ્ચય–વ્યવહારરૂપ બંને નયોથી નિર્ણયપૂર્વક સ્વતત્ત્વ અને પરતત્ત્વને જાણી શ્રદ્ધાન દૃઢ કરે છે, જે જાતિ–કુળાદિ આઠ મદ રહિત છે, જોકે અપ્રત્યાખ્યાનાવરણ કર્મના ઉદયમાં જોડાવારૂપ ચારિત્રદોષની બળજબરીથી તેને વિષયોમાં રાગ વર્તે છે તથા ગૃહારંભની પ્રવૃત્તિ હોય છે, છતાં અભિપ્રાયમાં તેનો જરાયે આદર નથી, તેને ભલો માનતો નથી, તેનું સ્વામીપણું નથી, શ્રદ્ધામાં તેનો નિષેધ વર્તે છે; જેને રત્નત્રયના ધારક ધર્મી જીવો પ્રત્યે અનુરાગ હોય છે, જે ભેદવિજ્ઞાનના બળથી પોતાના જ્ઞાયકસ્વભાવને રાગ–દ્વેષાદિથી ભિન્ન અનુભવે છે ને પોતાના આત્માથી દેહને વસ્ત્રસમાન ભિન્ન જાણે છે, જે અષ્ટાદશ દોષરહિત સર્વજ્ઞ વીતરાગદેવની જ દેવબુદ્ધિથી આરાધના કરે છે, અહિંસામય ધર્મને જ ધર્મ માને છે, આરંભ–પરિગ્રહ રહિત ગુરુને જ ગુરુ માને છે—તે દર્શનિક શ્રાવક છે.

વળી તે માને છે કે કોઈ જીવ કોઈને મારે નહિ કે જીવાડે નહિ, કોઈને સુખી કરે નહિ કે દુઃખી કરે નહિ, પરંતુ પોતાનાં પૂર્વ સંચિત કર્મના ઉદયથી તેની તેવી દશા થાય છે.

વળી સમ્યગ્દષ્ટિને એવો નિશ્ચય હોય છે કે જે જીવને જે દેશમાં, જે કાળમાં,

૧. भयवसणमलविवज्जिय संसारसरीरभोगणिव्वण्णो।
अठ्ठगुणंगसमग्गो दंसणसुद्धो हु पंचगुरुमत्तो॥५॥ (શ્રી રયણસાર–શ્રી કુન્દકુન્દાચાર્ય)

तस्येदानीं परिपूर्णदेशव्रतगुणसम्पन्नत्वमाह—

**निरतिक्रमणमणुव्रतपञ्चकमपि शीलसप्तकं चापि।**
**धारयते निःशल्यो योऽसौ व्रतिनां मतो व्रतिकः ॥१३८॥**

[१]व्रतानि यस्य सन्तीति व्रतिको मतः। केषां? व्रतिनां गणधरदेवादीनां। कोऽसौ? [२]निःशल्यो, माया–मिथ्या–निदानशल्येभ्यो निष्क्रान्तो निःशल्यः सन योऽसौ धारयते। किं तत्? निरतिक्रमणमणुव्रतपंचकमपि पंचाप्यणुव्रतानि निरतिचाराणि धारयते इत्यर्थः। न

જે વિધાનથી જન્મ–મરણ, લાભ–અલાભ યા સુખ–દુઃખ થાય છે, તે જિનેન્દ્ર ભગવાનના દિવ્યજ્ઞાનમાં જણાયું છે અને તે પ્રમાણે તે જીવને તે દેશમાં, તે કાળમાં, તે વિધાનથી જન્મ–મરણ, લાભ–અલાભ આદિ નિયમથી થાય છે. તેને દૂર કરવાને કોઈ ઇન્દ્ર, અહમિન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર સમર્થ નથી.[૩]

આવો સમ્યગ્દ્રષ્ટિ દર્શનિક શ્રાવક પ્રથમ પદનો (પ્રતિમાનો) ધારક હોય છે. ૧૩૭.

હવે શ્રાવક પરિપૂર્ણ દેશવ્રતના ગુણોથી સંપન્ન હોય છે, એમ કહે છે—

## વ્રત પ્રતિમાધારીનું લક્ષણ
### શ્લોક ૧૩૮

**અન્વયાર્થ** :—[यः] જે [निःशल्य] માયા, મિથ્યાત્વ અને નિદાન—એ ત્રણ શલ્યોથી રહિત થઈને [निरतिक्रमणम्] અતિચાર રહિત [अणुव्रतपंचकम्] પાંચ અણુવ્રતોને [चापि] અને [शीलसप्तकम्] સાત શીલવ્રતોને પણ [धारयते] ધારણ કરે છે, [असौ] તે [व्रतीनाम्] વ્રતધારીઓને [व्रतिकः] વ્રત પ્રતિમાધારી [मतः] માનવામાં આવે છે.

**ટીકા** :—'व्रतिकः मतः' જેને વ્રત છે તે વ્રતિક માનવામાં આવ્યો છે. કોનાથી માનવામાં આવ્યો છે? 'व्रतिनाम्' વ્રતીઓથી–ગણધરદેવાદિથી. તે કોણ? 'निःशल्यः' મિથ્યાત્વ, નિદાન અને માયા–એ શલ્યોથી 'यः असौ' જે રહિત થતા થકા 'धारयते' ધારણ કરે છે. કોને (ધારણ કરે છે)? 'निरतिक्रमणमणुपंचकम् अपि' નિરતિચાર પાંચે

૧. व्रतान्यस्यास्तीति व्रती मनः घ०। २. निःशल्यः तन् घ०।

૩. જુઓ, પં. સદાસુખદાસકૃત શ્રી રત્નકરણ્ડ શ્રાવકાચારની હિન્દી ટીકાનો ભાવાર્થ પૃષ્ઠ. ૪૦૨.

केवलमेतदेव धारयते अपि तु शीलसप्तकं चापि त्रिःप्रकारगुणव्रतचतुःप्रकारशिक्षाव्रतलक्षणं शीलम् ॥१३८॥

अधुना सामायिकगुणसम्पन्नत्वं श्रावकस्य प्ररूपयन्नाह—

**चतुरावर्त्तत्रितयश्चतुःप्रणामः स्थितो यथाजातः।**
**सामयिको द्विनिषद्यस्त्रियोगशुद्धस्त्रिसन्ध्यमभिवन्दी ॥१३९॥**

सामयिकः समयेन प्राक्प्रतिपादितप्रकारेण चरतीति सामयिकगुणोपेतः। किंविशिष्टः ? चतुरावर्तत्रितयः चतुरो वारानावर्तत्रितयं यस्य। एकैकस्य हि कायोत्सर्गस्य

---

અણુવ્રતોને (ધારણ કરે છે). કેવળ એ જ ધારણ કરે છે એટલું જ નહિ, પરંતુ ‘शील सप्तकं अपि’ ત્રણ પ્રકારનાં ગુણવ્રત અને ચાર પ્રકારનાં શિક્ષાવ્રતરૂપ શીલ છે—એવા સાત પ્રકારનાં શીલને પણ ધારણ કરે છે (તે વ્રતિક શ્રાવક કહેવાય છે).

**ભાવાર્થ** :—જે મિથ્યાત્વ, નિદાન અને માયા—એ ત્રણ શલ્ય રહિત થઈને, અતિચાર રહિત પાંચ અણુવ્રતોને અને સાત શીલવ્રતોને અર્થાત્ ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતને પણ ધારણ કરે છે, તેને ગણધરાદિ દેવોએ વ્રતિક અર્થાત્ બીજી વ્રત પ્રતિમાધારી શ્રાવક માન્યો છે. ૧૩૮.

હવે શ્રાવક સામાયિક ગુણવ્રતથી સંપન્ન હોય છે, એમ પ્રરૂપણ કરી કહે છે—

## સામાયિક પ્રતિમાધારીનું લક્ષણ
### શ્લોક ૧૩૯

**અન્વયાર્થ** :—[चतुरावर्त्तत्रितयः] ચારે દિશાઓમાં ત્રણ–ત્રણ આવર્ત્ત કરનાર [चतुः प्रणामः] ચાર દિશાઓમાં (એક–એક) પ્રણામ કરનાર, [यथाजातः] અભ્યન્તર અને બાહ્ય પરિગ્રહની ચિંતાથી રહિત [स्थितः] કાયોત્સર્ગથી સ્થિત, [द्विनिषद्यः] બે આસન કરનાર (બે વાર બેસીને નમસ્કાર કરનાર), [त्रियोगशुद्धः] મન–વચન–કાય—એ ત્રણ યોગોને શુદ્ધ રાખીને [त्रिसंध्यम्] સવાર, બપોર અને સાંજ—એ ત્રણ સંધ્યા સમયે [अभिवन्दी] અભિવંદન કરનાર (અર્થાત્ ત્રણ સંધ્યા સમયે સામાયિક કરનાર) [सामयिकः] સામાયિક પ્રતિમાધારી (શ્રાવક) છે.

**ટીકા** :—‘सामयिकः’ સમયથી અર્થાત્ પૂર્વ પ્રતિપાદિત પ્રકારથી જે આચરણ કરે છે તે સામાયિકના ગુણોથી યુક્ત છે. તે કેવો છે? ‘चतुरावर्त्तत्रितयः’ ચાર વખત

विधाने 'णमो अरहंताणस्य थोसामें'श्चाद्यन्तयोः प्रत्येकमावर्तत्रितयमिति एकैकस्य हि कायोत्सर्गविधाने चत्वार आवर्ता तथा तदाद्यन्तयोरेकैकप्रणामकरणाच्चतुःप्रणामः। स्थित ऊर्ध्वकायोत्सर्गोपेतः। यथाजातो बाह्याभ्यन्तरपरिग्रहचिन्ताव्यावृत्तः। द्विनिषद्यो द्वे निषद्ये उपवेशने यस्य। देववन्दनां कुर्वता हि प्रारंभे समाप्तौ चोपविश्य प्रणामः। कर्तव्यः। त्रियोगशुद्धः त्रयो योगा मनोवाक्कायव्यापाराः शुद्धा सावद्यव्यापाररहिता यस्य? अभिवन्दी अभिवन्दत इत्यैवंशीलः। कथं? त्रिसध्यं॥१३६॥

साम्प्रतं प्रोषधोपवासगुणव्रतं श्रावकस्य प्रतिपादयन्नाह—

---

(દરેક દિશામાં) ત્રણ–ત્રણ આવર્ત્ત કરનાર–અર્થાત્ એક–એક દિશામાં કાયોત્સર્ગના વિધાનમાં 'णमो अरहंताणं થી थोस्सामि' આદિ પાઠના અંતે પ્રત્યેક દિશામાં ત્રણ આવર્ત્ત—એમ ચાર વખત આવર્ત્ત કરનાર, चतुः प्रणामः' તથા આદિ અને અંતમાં એક —એક પ્રણામ—એમ ચાર પ્રણામ કરનાર, 'स्थितः' સ્થિત અર્થાત્ ઊભા રહીને- કાયોત્સર્ગમાં સ્થિત, 'यथाजातः' બાહ્ય–અભ્યન્તર પરિગ્રહોની ચિંતાથી નિવૃત્ત, 'द्विनिषद्यः' બે આસનો કરનાર અર્થાત્ દેવ–વંદના કરનારે પ્રારંભમાં અને સમાપ્તિ વખતે બેસીને પ્રણામ કરવા જોઈએ. 'त्रियोगशुद्धः' ત્રણ યોગ અર્થાત્ મન–વચન–કાયના વ્યાપારો શુદ્ધ કરીને અર્થાત્ પાપયુક્ત વ્યાપારથી રહિત થઈને 'अभिवन्दी' અભિવન્દે છે અર્થાત્ અભિવંદન કરવાનો જેનો સ્વભાવ છે–તેવો તે કેવી રીતે (અભિવંદે છે)? 'त्रिसंध्यम्' ત્રણ સંધ્યાઓના સમયે (અભિવંદે છે).

**ભાવાર્થ :**—ચારે દિશાઓમાં દરેકમાં ત્રણ–ત્રણ આવર્ત્ત—એમ કુલ બાર આવર્ત્ત અને એક–એક દિશામાં એક—એમ ચાર પ્રણામ કરી, અભ્યન્તર અને બાહ્ય પરિગ્રહ રહિત મુનિ સમાન ખડ્ગાસન કે પદ્માસન ધારણ કરી, મન–વચન–કાય–એમ ત્રણ યોગ શુદ્ધ કરી; સવાર, બપોર અને સાંજે–સંધ્યાના સમયે સામાયિક કરનાર વ્યક્તિ તૃતીય સામાયિક પ્રતિમાધારી કહેવાય છે.

આ પ્રતિમાધારી શ્લોક ૧૦૫માં દર્શાવ્યા પ્રમાણે સામાયિક શિક્ષાવ્રતના પાંચ અતિચારો ન લાગે તે માટે ખાસ સાવધાન રહે છે. તેને પ્રતિમાનું પાલન નિરતિચાર પૂર્વક જ હોય છે. ૧૩૯.

હવે શ્રાવકના પ્રોષધોપવાસ ગુણવ્રતનું પ્રતિપાદન કરી કહે છે—

**पर्वदिनेषु चतुर्ष्वपि मासे मासे स्वशक्तिमनिगुह्य।**
**प्रोषधनियमविधायी प्रणिधिपरः[1] प्रोषधानशनः ॥१४०॥**

प्रोषधेनानशनमुपवासो यस्यासौ प्रोषधानशनः। किमनियमेनापि यः प्रोषधोपवासकारी सोऽपि प्रोषधानशनव्रतसम्पन्न इत्याह—प्रोषधनियमविधायी प्रोषधस्य नियमोऽवश्यंभावस्तं विदधातीत्येवंशीलः। क्व तन्निमयविधायी ? पर्वदिनेषु चतुर्ष्वपि द्वयोश्चतुर्दश्योर्द्वयोश्चाष्टम्योरिति। किं चातुर्मासस्यादौ तद्विधायीत्याह—मासे मासे। किं कृत्वा ? स्वशक्तिमनिगुह्य तद्विधाने आत्मसामर्थ्यमप्रच्छाद्य। किंविशिष्टः ? प्रणिधिपरः एकाग्रतां गतः शुभध्यानरत इत्यर्थः ॥१४०॥

---

## પ્રોષધ પ્રતિમાધારીનું લક્ષણ
### શ્લોક ૧૪૦

**અન્વયાર્થ** :—[मासे मासे] પ્રત્યેક મહિને, [चतुर्षु अपि] ચારેય [पर्वदिनेषु] પર્વના દિવસોમાં અર્થાત્ બે અષ્ટમી અને બે ચતુર્દશીના દિવસે [स्वशक्तिम्] પોતાની શક્તિ [अनिगुह्य] છૂપાવ્યા વિના, [प्रणिधिपरः] એકાગ્ર થઈ અર્થાત્ ધર્મધ્યાનમાં રત થઈ [प्रोषधनियमविधायी] નિયમપૂર્વક પ્રોષધોપવાસ કરનાર [प्रोषधानशनः] પ્રોષધોપવાસ પ્રતિમાધારી છે.

**ટીકા** :—'प्रोषधानशनः' જેને પ્રોષધપૂર્વક ઉપવાસ છે તે પ્રોષધોપવાસી છે. જે અનિયમથી પ્રોષધોપવાસ કરે છે, તે શું પ્રોષધોપવાસ વ્રતથી યુક્ત છે? તે કહે છે 'प्रोषधनियमविधायी' પ્રોષધનો નિયમ અર્થાત્ અવશ્ય કરવાનો ભાવ—તેને જે ધારણ કરે છે એવા સ્વભાવવાળો તે નિયમનું પાલન ક્યાં (ક્યારે) કરે છે? 'पर्वदिनेषु चतुर्ष्वपि' ચારેય પર્વના દિવસે અર્થાત્ બે ચતુર્દશી અને બે અષ્ટમીના દિવસે. શું તે ચતુર્માસની આદિમાં તે કરે છે, તે કહે છે—'मासे मासे' પ્રત્યેક મહિને (કરે છે). કઈ રીતે? 'स्वशक्तिमनिगुह्य' તે કરવામાં આત્મશક્તિ છૂપાવ્યા વિના. કેવો થઈને? प्रणिधिपरः[1] એકાગ્ર થઈને—શુભ ધ્યાનમાં રત થઈને એવો અર્થ છે.

**ભાવાર્થ** :—જે દર મહિને બે અષ્ટમી અને બે ચતુર્દશીના દિવસે પોતાની શક્તિ છૂપાવ્યા વિના ધર્મધ્યાનમાં લીન થઈ નિયમથી—વિધિપૂર્વક નિરતિચાર[2] પ્રોષધોપવાસ કરે છે, તે પ્રોષધપ્રતિમાધારી કહેવાય છે. ૧૪૦.

---

૧. प्रणधिपरः घ। ૨. પ્રોષધોપવાસના અતિચાર માટે જુઓ શ્લોક ૧૧૦ની ટીકા.

इदानीं श्रावकस्य सचित्तविरतिस्वरूपं प्ररूपयन्नाह—

**मूलफलशाकशाखाकरीरकन्दप्रसूनबीजानि।**
**नामानि योऽपि सोऽयं सचित्तविरतो दयामूर्तिः ॥१४१॥**

सोऽयं श्रावकः सचित्तविरतिगुणसम्पन्नः। यो नात्ति न भक्षयति। कानीत्याह— मूलेत्यादि—मूलं च फलं च शाकश्च शाखाश्च कोपलाः करीराश्च वंशकिरणाः[1] कंदाश्च प्रसूनानि च पुष्पाणि बीजानि च तान्येतानि आमानि अपक्वानि यो नात्ति। कथंभूतः सन्? दयामूर्तिः दयास्वरूपः सकरुणचित्त इत्यर्थः ॥१४१॥

---

હવે શ્રાવકના સચિત્તવિરતિના સ્વરૂપની પ્રરૂપણા કરી કહે છે—

## સચિત્તત્યાગ પ્રતિમાધારીનું લક્ષણ
### શ્લોક ૧૪૧

**અન્વયાર્થ** :—[यः] જે [दयामूर्तिः] દયામૂર્તિ (દયાળુ) થઈને [आमानि] કાચાં [मूलफलशाकशाखाकरीरकन्दप्रसूनबीजानि] મૂળ, ફળ, શાક, શાખા, કરીર[2], કન્દ, ફૂલ અને બીજ [न अत्ति] ખાતો નથી, [सः अर्थ] તે આ [सचित्तविरतः] સચિત્તત્યાગ પ્રતિમાધારી છે.

**ટીકા** :—'सः अयं' તે આ સચિત્તવિરતિગુણસંપન્ન શ્રાવક છે કે જે 'न अत्ति' ખાતો નથી. શું (ખાતો નથી)? તે કહે છે—'मूलेत्यादि' મૂળ, ફળ, શાક, શાખા (કુંપળ), કરીર (વંશકિરણ), કન્દ, ફૂલ અને બીજ—'न आमानि' એ કાચાં યા અપક્વ જે ખાતો નથી. કેવો થઈને? 'दयामूर्ति' દયાસ્વરૂપ થઈને અર્થાત્ કરુણાચિત્તવાળો થઈને.

**ભાવાર્થ** :—જે શ્રાવક કાચાં (અપક્વ, અશુષ્ક, સચિત્ત, અંકુરોત્પત્તિકારક) મૂળ (જડ), ફળ, શાક, ડાળી, કુંપળ, જમીનકંદ, ફૂલ અને બીજ વગેરે ખાતો નથી, તથા સચિત્ત પાણી પણ ગરમ કરીને પીએ છે અને સચિત્ત લવણ (મીઠું) પણ અગ્નિમાં શેકી તેને કૂટી–પીસીને વાપરે છે, તે દયાની મૂર્તિ સચિત્તત્યાગ પ્રતિમાધારી કહેવાય છે.

મૂળ, ફળ, કન્દાદિ—એ વનસ્પતિનાં આઠ અંગ છે. એમાંથી કોઈ વનસ્પતિને ત્રણ–ચાર–પાંચ આદિ અંગ હોય છે. તેને સચિત્તત્યાગી કાચાં–અપક્વ–સચિત્ત અવસ્થામાં

---

૧. वंशकिरला इति ग। ૨. કરીર–કોઈ પણ અંકુર, ગાંઠ, વાંસના અંકુર.

अधुना रात्रिभुक्तिविरतिगुणं श्रावकस्य व्याचक्षाणः प्राह—

**अन्नं पानं खाद्यं लेह्यं नाश्नाति यो विभावर्याम्।**
**स च रात्रिभुक्तिविरतः सत्त्वेष्वनुकम्पमानमनाः॥१४२॥**

स च श्रावको। रात्रिभुक्तिविरतोऽभिधीयते। यो विभावर्यां रात्रौ। नाश्नाति न भुंक्ते। किं तदित्याह—अन्नमित्यादि—अन्नं भक्तमुद्गादि, पानं द्राक्षादिपानकं, खाद्यं मोदकादि, लेह्यं [1]रब्रादि। किंविशिष्टः ? अनुकम्पमानमनाः सकरुणहृदयः। केषु ? सत्त्वेषु प्राणिषु॥१४२॥

---

ખાતો નથી, પરંતુ તેમને અચિત્ત કરીને—અગ્નિ વગેરેમાં પકવીને ખાય છે. ૧૪૧.

હવે શ્રાવકના રાત્રિભુક્તિવિરતિ ગુણનું વર્ણન કરી કહે છે—

## રાત્રિભુક્તિત્યાગ પ્રતિમાધારીનું લક્ષણ
## શ્લોક ૧૪૨

**અન્વયાર્થ** :—[सत्त्वेषु] પ્રાણીઓ પ્રત્યે [अनुकम्पमानमनाः] દયાળુ ચિત્તવાળા થઈને [यः] જે [विभावर्याम्] રાત્રે [अन्नम्] અન્ન, [पानम्] પેય, [खाद्यम्] ખાદ્ય, [लेह्यम्] લેહ્ય પદાર્થો [न अश्नाति] ખાતો નથી; [सः] તે [रात्रिभुक्तिविरतः] રાત્રિભુક્તિત્યાગ પ્રતિમાધારી શ્રાવક છે.

**ટીકા** :—'स च रात्रिभुक्तिविरतः' તે શ્રાવક રાત્રિભોજનનો ત્યાગી કહેવાય છે, 'यः' જે 'विभावर्याम्' રાત્રે 'न अश्नाति' ખાતો નથી. શું (ખાતો નથી)? તે કહે છે—'अन्नमित्यादि' अन्नं—અન્ન અર્થાત્ દાળભાત વગેરે, पानं—દ્રાક્ષાદિ (અર્થાત્ દૂધ, જળ આદિ) પીણું—પીવા યોગ્ય પદાર્થ, खाद्यं—લાડુ આદિ (અર્થાત્ પેંડા, બરફી આદિ ખાદ્ય વસ્તુ), 'लेह्यं'—પ્રવાહી પદાર્થ—રાબડી વગેરે. કેવો થઈને? 'अनुकम्पमानमनाः' કરુણ હૃદયવાળો થઈને. કોની પ્રત્યે? 'सत्त्वेषु' પ્રાણીઓ પ્રત્યે.

**ભાવાર્થ** :—જે શ્રાવક દયાર્દ્રચિત્તવાળો થઈને રાત્રે અન્ન—દાળભાત વગેરે, પાન—દૂધ, જળ આદિ પેય પદાર્થો, ખાદ્ય—લાડુ, પેંડા, બરફી આદિ અને લેહ્ય—રાબડી, ચટણી, આમ્રરસ વગેરે—એ ચાર પ્રકારના આહારનો ત્યાગ કરે છે. (ખાતો નથી)—તે

---

१ द्रवद्रव्यं आम्रादि इति ख।

साम्प्रतमब्रह्मविरतत्वगुणं श्रावकस्य दर्शयन्नाह—

**मलबीजं मलयोनिं गलन्मलं पूतिगन्धि बीभत्सं।**
**पश्यन्नङ्गमनङ्गाद्विरमति यो ब्रह्मचारी सः॥१४३॥**

अनङ्गात् कामाद्यो विरमति व्यावर्तते स ब्रह्मचारी। किं कुर्वन् ? पश्यन्। किं तत् ? अङ्गं शरीरं। कथंभूतमित्याह—मलेत्यादि मलं शुक्रशोणितं बीजं कारणं यस्य। मलयोनिं मलस्य मलिनतायाः अपवित्रत्वस्य योनिः कारणं। गलन्मलं गलन् स्रवन् मलो [1]मूत्रपुरीषस्वेदादिलक्षणो यस्मात्। पूतिगंधि दुर्गन्धोपेतं। बीभत्सं सर्वावयवेषु पश्यतां बीभत्सभावोत्पादकं॥१४३॥

---

રાત્રિભોજનત્યાગ પ્રતિમાધારી છે.

કેટલાક આચાર્યો આ છઠ્ઠી પ્રતિમાધારીને દિવા–મૈથુનત્યાગી પણ કહે છે. તેને દિવસે મૈથુનનો (સ્ત્રી–સંભોગનો) ત્યાગ હોય છે. ૧૪૨.

હવે શ્રાવકના અબ્રહ્મવિરતિ ગુણને દર્શાવીને કહે છે—

## બ્રહ્મચર્ય પ્રતિમાધારીનું લક્ષણ
### શ્લોક ૧૪૩

**અન્વયાર્થ** :—[यः ] જે [अङ्गं ] શરીરને [मलबीजं ] રજોવીર્યરૂપ મળથી ઉત્પન્ન [मलयोनिं ] મલિનતાના કારણરૂપ [गलन्मलं ] મળમૂત્રાદિ વહેવડાવનારું, [पूतिगन्धि ] દુર્ગન્ધવાળું અને [बीभत्सम् ] ગ્લાનિયુક્ત [पश्यन् ] જોઈને [अनङ्गात् ] કામથી (કામસેવનથી) [विरमति ] વિરમે છે, [सः ] તે [ब्रह्मचारी ] બ્રહ્મચારી અર્થાત્ બ્રહ્મચર્ય પ્રતિમાધારી છે.

**ટીકા** :—‘अनङ्गात्’ કામથી (કામસેવનથી) ‘यः विरमति’ જે વિરક્ત થાય છે (વ્યાવર્ત થાય છે–પાછો ફરે છે). ‘सः ब्रह्मचारी’ તે બ્રહ્મચારી છે. શું કરીને? ‘पश्यन्’ જોઈને–દેખીને. કોને (દેખીને)? ‘अङ्गम्’ શરીરને. કેવા (શરીરને)? તે કહે છે—‘मलेत्यादि’ मलबीजं વીર્ય અને લોહી (રજોવીર્યરૂપ મળ) જેની ઉત્પત્તિનું બીજ (કારણ) છે, ‘मलयोनिं’ જે મલિનતા–અપવિત્રતાનું કારણ છે, ‘गलन्मलं’ મળમૂત્ર સ્વેદાદિરૂપ મળ જેમાંથી ઝરે છે–ગળે છે, ‘पूतिगन्धि’ જે દુર્ગંધયુક્ત છે અને ‘बीभत्सं’ સર્વ અવયવોમાં

---

१. प्रस्वेदादि घ०।

इदानीमारम्भविनिवृत्तिगुणं श्रावकस्य प्रतिपादयन्नाह—

सेवाकृषिवाणिज्यप्रमुखादारम्भतो व्युपारमति।
प्राणातिपातहेतोर्योऽसावारम्भविनिवृत्तः ॥१४४॥

यो व्युपारमति विशेषेण उपरतः व्यापारेभ्य आसमन्तात् जायते असावारम्भविनिवृत्तो

---

દેખનારને જે બીભત્સભાવ (ગ્લાનિયુક્ત ભાવ) ઉત્પન્ન કરે છે. (તેવા શરીરને જોઈને).

**ભાવાર્થ** :—જે વ્રતી શ્રાવક શરીરને રજોવીર્યથી ઉત્પન્ન, અપવિત્રતાનું કારણ, નવદ્વારથી મળ ઝરતું, દુર્ગન્ધ અને ગ્લાનિયુક્ત જાણી, કામસેવનનો સર્વથા ત્યાગ કરે છે–તે બ્રહ્મચર્ય પ્રતિમાધારી છે.

આ બ્રહ્મચારી પોતાની વિવાહિતા સ્ત્રીનો પણ સંબંધ કરે નહિ, તેની સાથે નિકટ એક સ્થાનમાં શયન કરે નહિ, પૂર્વે ભોગવેલા ભોગોનું ચિંતવન કરે નહિ, કામોદ્દીપન કરે તેવા પુષ્ટ આહારનો ત્યાગ કરે, રાગ ઉપજાવે તેવાં વસ્ત્ર–આભૂષણ પહેરે નહિ, ગીત, નૃત્ય, વાદિત્રાદિનું શ્રવણ અને અવલોકન કરે નહિ, પુષ્પમાળા, સુગંધવિલેપન, અત્તર–ફુલેલ આદિનો ત્યાગ કરે, શૃંગાર કથા, હાસ્ય કથારૂપ કાવ્ય–નાટકાદિકના પઠન–શ્રવણનો ત્યાગ કરે અને તાંબુલાદિક રાગકારી વસ્તુઓથી દૂર જ રહે.

આ પ્રતિમાધારી શ્લોક ૬૦માં દર્શાવેલા બ્રહ્મચર્યાણુવ્રતના કોઈ અતિચારો લાગે નહિ તે માટે ખાસ સાવધાન રહે છે. તેને નિરતિચાર પ્રતિમાનું પાલન હોય છે. ૧૪૩.

હવે શ્રાવકના આરંભવિરતિ ગુણનું પ્રતિપાદન કરીને કહે છે—

## આરંભત્યાગ પ્રતિમાધારીનું લક્ષણ
## શ્લોક ૧૪૪

**અન્વયાર્થ** :—[प्राणातिपातहेतोः] જે પ્રાણોના વિયોજનના કારણભૂત હોય એવા [सेवाकृषिवाणिज्यप्रमुखात्] નોકરી, ખેતી, વ્યાપાર આદિક [आरम्भतः] આરંભથી (આરંભનાં કાર્યોથી) [यः] જે [व्युपारमति] વિરક્ત થાય છે, [असौ] તે [आरम्भविनिवृत्तः] આરંભવિનિવૃત્ત શ્રાવક છે (અર્થાત્ આરંભત્યાગ–પ્રતિમાધારી છે).

**ટીકા** :—'यः व्युपारमति' જે વ્યાપારથી વિશેષતાપૂર્વક સર્વપ્રકારે નિવૃત્ત થાય છે.

**भवति। कस्मात्? आरम्भतः। कथंभूतात्? सेवाकृषिवाणिज्यप्रमुखात्, सेवाकृषिवाणिज्याः प्रमुखा आद्या यस्य तस्मात्। कथंभूतान्? प्राणातिपातहेतोः प्राणानामतिपातो वियोजनं तस्य हेतोः कारणभूतात्। अनेन स्नपनदानपूजाविधानाद्यारंभादुपरतिर्निराकृता तस्य प्राणातिपातहेतुत्वाभावात् प्राणिपीडापरिहारेणैव तत्संभवात्। वाणिज्याद्यारम्भादपि तथा संभवस्तर्हि विनिवृत्तिर्न स्यादित्यपि नानिष्टं प्राणिपीडाहेतोरेव तदारम्भात् निवृत्तस्य श्रावकस्यारम्भविनिवृत्तत्वगुणसम्पन्नतोपपत्तेः**[1] ॥१४४॥

---

'**असौ आरंभविनिवृत्तः**' તે આરંભવિનિવૃત્ત શ્રાવક છે (આરંભત્યાગ પ્રતિમાના ધારક છે). શાનાથી (નિવૃત્ત થાય છે)? '**आरंभतः**' આરંભથી (નિવૃત્ત થાય છે). કેવા (આરંભથી)? '**सेवाकृषिवाणिज्यप्रमुखात्**' સેવા, ખેતી, વાણિજ્ય જેમાં પ્રમુખ છે એવા (આરંભથી). કેવા (આરંભથી)? '**प्राणातिपातहेतोः**' પ્રાણોનો અતિપાત અર્થાત્ વિયોજન—તેના કારણભૂત હોય તેવા (આરંભથી). આથી તો અભિષેક, દાન, પૂજાવિધાન આદિ આરંભથી નિવૃત્ત થવાનું નિરાકરણ થયું. (અર્થાત્ તેમનો ત્યાગ કરવાનું આ પ્રતિમામાં આવશ્યક નથી), કારણ કે તેમાં પ્રાણાતિપાતરૂપ હેતુનો અભાવ છે. તેનું કારણ એ છે કે પ્રાણીપીડાના પરિહારપૂર્વક જ તે ક્રિયાઓ કરવામાં આવે છે. અહીં શંકા થાય છે :—તો પછી એવી રીતે (પ્રાણીપીડાના પરિહારપૂર્વક) વાણિજ્ય આદિ આરંભથી નિવૃત્તિ કરવાનું (આવશ્યક) નહિ રહે? સમાધાન :—તે પણ અનિષ્ટ નથી. પ્રાણીપીડામાં કારણભૂત હોય એવા આરંભથી જ નિવૃત્ત થયેલા શ્રાવકને આરંભવિરતિરૂપ ગુણ ત્યાં પણ ઘરે છે.

**ભાવાર્થ** :—જે શ્રાવક જીવહિંસાના કારણભૂત નોકરી, ખેતી, વ્યાપાર આદિક આરંભનાં કાર્યોનો ત્યાગ કરે છે; તે આરંભત્યાગ પ્રતિમાધારી કહેવાય છે.

આ પ્રતિમાધારીને અભિષેક, દાન, પૂજા આદિ ધાર્મિક આરંભનાં કાર્યોનો ત્યાગ હોતો નથી, કારણ કે જેવાં નોકરી, ખેતી, વ્યાપાર આદિ આરંભનાં કાર્યો જીવહિંસાના કારણભૂત છે, તેવાં તે ધાર્મિક કાર્યો જીવહિંસાના કારણભૂત નથી. તે કાર્યોમાં અલ્પ જીવહિંસા થાય છે, પણ ધર્મી જીવને તે કરવાના હેતુનો અભાવ હોય છે. તેને અશુભ ભાવથી બચવા માટે આવો શુભભાવ હેયબુદ્ધિએ આવ્યા વિના રહેતો નથી. આવાં ધાર્મિક કાર્યોમાં તેને પુણ્ય બહુ અને પાપ અલ્પ થાય છે, તેથી એકંદરે તેને પુણ્યનો જ સંચય થાય છે. ૧૪૪.

---

१. सम्पन्नत्वोपपत्तेः घ०।

अधुना परिग्रहनिवृत्तिगुणं श्रावकस्य प्ररूपयन्नाह—

**बाह्येषु दशसु वस्तुषु ममत्वमुत्सृज्य निर्ममत्वरतः।**
**स्वस्थः सन्तोषपरः परिचित्तपरिग्रहाद्विरतः॥१४५॥**

परि समन्तात् चित्तस्थः परिग्रहो हि परिचित्तपरिग्रहस्तमाद्विरतः श्रावको भवति। किं विशिष्टः सन्? स्वस्थो मायादिरहितः। तथा सन्तोषपरः परिग्रहाकाक्षांव्यावृत्त्या सन्तुष्टः तथा। निर्ममत्वरतः। किं कृत्वा? उत्सृज्य परित्यज्य। किं तत्? ममत्वं मूर्च्छा। क्व? बाह्येषु दशसु वस्तुषु। एतदेव दशधा परिगणनं बाह्यवस्तूनां दर्श्यन्ते।

क्षेत्रं वास्तु धनं धान्यं द्विपदं च चतुष्पदम्।
शयनासने च यानं कुप्यं भाण्डमिति दश॥

---

હવે શ્રાવકના પરિગ્રહનિવૃત્તિગુણની પ્રરૂપણા કરીને કહે છે—

## પરિગ્રહત્યાગ પ્રતિમાધારીનું લક્ષણ
### શ્લોક ૧૪૫

**અન્વયાર્થ** :—જે [बाह्येषु] બાહ્ય [दशसु] દસ પ્રકારની [वास्तुषु] વસ્તુઓમાં [ममत्वम्] મમતાને [उत्सृज्य] છોડીને [निर्ममत्वरतः] નિર્મમતામાં રત હોતા થકા [स्वस्थः] સ્વમાં (આત્મસ્વરૂપમાં) સ્થિત અને [संतोषपरः] સંતોષમાં તત્પર રહે છે, તે [परिचित्तपरिग्रहात्] સર્વપ્રકારથી મનમાં સ્થિત પરિગ્રહથી [विरतः] વિરક્ત છે—(અર્થાત્ પરિગ્રહત્યાગ પ્રતિમાધારી છે).

**ટીકા** :—'परिचित्तपरिग्रहात् विरतः' परि—સર્વ પ્રકારથી મનમાં રહેલા પરિગ્રહ—તેનાથી વિરક્ત શ્રાવક છે. કેવા પ્રકારનો હોય? 'स्वस्थ' માયાદિરહિત સ્વમાં સ્થિત (આત્મસ્વરૂપમાં સ્થિત) તથા 'संतोषपरः' પરિગ્રહની આકાંક્ષાથી રહિત હોવાને લીધે સંતુષ્ટ (સંતોષમાં તત્પર) તથા 'निर्ममत्वरतः' મમતારહિતપણામાં લીન (મમત્વરહિત) હોય. શું કરીને? 'उत्सृज्य' છોડીને. શું તે? 'ममत्वं' મૂર્છા (મમતાભાવ). શામાં? 'बाह्येषु दशसु वस्तुषु' બાહ્ય દશ પ્રકારની વસ્તુઓમાં. એ દશ પ્રકારની બાહ્ય વસ્તુઓની ગણતરી કરી દર્શાવાય છે—

क्षेत्रं वास्तु धनं धान्यं द्विपदं च चतुष्पदम्।
शयनासने च यानं कुप्यं भाण्डमिति दश॥

क्षेत्रं सस्याधिकरणं च डोहलिकादि। वास्तु गृहादि। धनं सुवर्णादि। धान्यं व्रीह्यादि। द्विपदं दासीदासादि। चतुष्पदं गवादि। शयनं खट्वादि। आसनं विष्टरादि। यानं डोलिकादि। कुप्यं क्षौमकार्पासकौशेयकादि। भाण्डं श्रीखण्डमंजिष्ठाकांस्यताम्रादि।।१४५।।

साम्प्रतमनुमतिविरतिगुणं श्रावकस्य प्ररूपयन्नाह—

**अनुमतिरारम्भे वा परिग्रहे ऐहिकेषु कर्मसु वा।**
**नास्ति खलु यस्य समधीरनुमतिविरतः स मन्तव्यः।।१४६।।**

सोऽनुमतिविरतो मन्तव्यः यस्य खलु स्फुटं नास्ति। का सौ? अनुमतिरभ्युपगमः।

---

क्षेत्रं—ખેતર—જ્યાં અનાજ થાય તે, वास्तु—મકાન આદિ, धनं—સુવર્ણાદિ, धान्यं—ડાંગર આદિ, द्विपदं—દાસી—દાસ આદિ, चतुष्पदम्—ગાય વગેરે, शयनं—ખાટલો વગેરે, आसनं—આસન, यानं—વાહન, कुप्यं—સુતર—રેશમનાં કપડાં વગેરે, भाण्डम्—ચંદન, મંજીષ્ઠ, કાંસા—તાંબા આદિનાં વાસણ—એ દશ પ્રકારના બાહ્ય પરિગ્રહ છે.

**ભાવાર્થ** :—જે શ્રાવક બાહ્ય દશ પ્રકારના પરિગ્રહોમાં મમતાભાવનો ત્યાગ કરીને, નિર્મમતામાં લીન થઈ આત્મામાં સ્થિત અને પરિગ્રહની ઈચ્છાથી રહિત છે (સંતુષ્ટ છે), તે પરિચિત્તપરિગ્રહત્યાગ પ્રતિમાધારી કહેવાય છે.

આ પ્રતિમાધારી શ્લોક ૬૨માં દર્શાવેલા પરિગ્રહપરિમાણ અણુવ્રતના પાંચ અતિચાર રહિત પ્રતિમાનું પાલન કરે છે. ૧૪૫.

હવે શ્રાવકના અનુમતિવિરતિ ગુણનું પ્રરૂપણ કરી કહે છે—

## અનુમતિત્યાગ પ્રતિમાધારીનું લક્ષણ
### શ્લોક ૧૪૬

**અન્વયાર્થ** :—[खलु] નિશ્ચયથી [यस्य] જેને [आरम्भे] આરંભનાં કાર્યોમાં, [परिग्रहे] પરિગ્રહોમાં [वा] અને [ऐहिकेषु] વિવાહાદિ આ લોક સંબંધી [कर्मसु] કાર્યોમાં [अनुमतिः] અનુમોદના [न अस्ति] હોતી નથી, [सः] તે [समधीः] સમાન બુદ્ધિવાળો (મમત્વબુદ્ધિ યા રાગ-દ્વેષ રહિત) શ્રાવક [अनुमतिविरतः] અનુમતિત્યાગ પ્રતિમાધારી [मन्तव्यः] મનાય છે.

**ટીકા** :—'सः अनुमतिविरतः मन्तव्याः' તેને અનુમતિત્યાગવાળો માનવો જોઈએ.

क्व ? आरंभे कृष्यादौ। वा शब्दः सर्वत्र परस्परसमुच्चयार्थः। परिग्रहे वा धान्यदासीदासादौ। ऐहिकेषु कर्मसु वा विवाहादिषु। किंविशिष्टः ? समधीः रागादिरहितबुद्धिः ममत्वरहितबुद्धिर्वा ॥१४६॥

इदानीमुद्दिष्टविरतिलक्षणगुणयुक्तत्वं श्रावकस्य दर्शयन्नाह—

**गृहतो मुनिवनमित्वा गुरूपकण्ठे व्रतान परिगृह्य।**
**[1]भैक्ष्याशनस्तपस्यन्नुत्कृष्टश्चेलखण्डधरः ॥१४७॥**

---

'यस्य खलु' જેને નિશ્ચયથી 'नास्ति' ન હોય. શું તે (ન હોય)? 'अनुमति' અનુમોદના. શામાં? 'आरंभे' કૃષિ આદિ આરંભનાં કાર્યોમાં. 'वा' શબ્દ બધે પરસ્પર સમુચ્ચય અર્થમાં છે. 'परिग्रहे वा' ધાન્ય, દાસી, દાસ આદિ પરિગ્રહોમાં 'ऐहिकेषु कर्मसु वा' અને વિવાહાદિ આ લોકસંબંધી કાર્યોમાં. કેવા પ્રકારનો? 'समधीः' રાગાદિરહિત બુદ્ધિવાળો યા મમત્વબુદ્ધિરહિતવાળો (શ્રાવક અનુમતિત્યાગવાળો મનાય છે).

**ભાવાર્થ** :—જે ખેતી આદિ આરંભના કાર્યોમાં, ધનાદિ પરિગ્રહોમાં અથવા વિવાહાદિક આ લોક સંબંધી કાર્યોમાં અનુમતિ આપતો નથી, તે મમત્વ યા રાગ–દ્વેષરહિત વ્યક્તિને અનુમતિત્યાગ પ્રતિમાધારી માનવો. ૧૪૬.

હવે શ્રાવક ઉદ્દિશ્યવિરતિરૂપ ગુણથી યુક્ત હોય છે–એમ દર્શાવીને કહે છે—

## ઉદ્દિશ્યત્યાગ પ્રતિમાધારીનું લક્ષણ

### શ્લોક ૧૪૭

**અન્વયાર્થ** :—[गृहतः] ઘેરથી [मुनिवनम्] મુનિના વનમાં [इत्वा] જઈને [गुरूपकण्ठे] ગુરુની પાસે [व्रतानि] વ્રતો [परिगृह्य] ગ્રહણ કરીને [तपस्यत्] તપ કરતાં, [भैक्षाशनः] ભિક્ષાથી મળેલું ભોજન કરનાર થતા [चेलखण्डधरः] કૌપીન (લંગોટી) અને ખંડવસ્ત્ર ધારણ કરનાર (વ્યક્તિ) [उत्कृष्टः] ઉત્કૃષ્ટ શ્રાવક (ક્ષુલ્લક યા ઐલક) છે.

---

१. भैक्षाशनम् घ (भिक्षा एवं भैक्षं स्वार्थेसुण् तद् अश्नागिति भैक्षाशनः प्रत्ययः अथवा भिक्षाणां समूहोभैक्षं समूहार्थेऽण् प्रत्ययः)।

उत्कृष्ट उद्दिष्टविरतिलक्षणैकादशगुणस्थानयुक्तः श्रावको भवति। कथंभूतः? चेलखण्डधरः कौपीनमात्रवस्त्रखण्डधारकः आर्यलिंगधारीत्यर्थः। तथा भैक्ष्याशनो भिक्षाणां समूहो भैक्ष्यं तदश्नातीति भैक्ष्याशनः। किं कुर्वन्? तपस्यन् तपः कुर्वन्। किं कृत्वा? परिगृह्य गृहीत्वा। कानि? व्रतानि। क्व? गुरूपकण्ठे गुरुसमीपे। किं कृत्वा? इत्वा गत्वा। किं तत्? मुनिवनं मुन्याश्रमं। कस्मात्? गृहतः॥१४७॥

तपः कुर्वन्नपि यो ह्यागमज्ञः सन्नेवं मन्यते तदा श्रेयोज्ञाता भवतीत्याह—

**पापमरातिर्धर्मो बन्धुर्जीवस्य चेति निश्चिन्वन्।**
**समयं यदि जानीते श्रेयोज्ञाता ध्रुवं भवति॥१४८॥**

---

**ટીકા** :—'उत्कृष्टः' ઉદ્દિષ્ટત્યાગરૂપ અગિયારમી પ્રતિમાધારી શ્રાવક છે. કેવો છે? 'चेलखण्डधरः' કૌપીન અને ખંડવસ્ત્ર ધારણ કરનાર અર્થાત્ આર્યલિંગધારી—એવો અર્થ છે. 'भैक्ष्याशनः' ભિક્ષાનો સમૂહ તે ભૈક્ષ્ય, તેનું ભોજન કરનાર (ભિક્ષાથી ભોજન કરનાર). શું કરતો? 'तपस्यन्' તપ કરતો. શું કરીને? 'परिगृह्य' ગ્રહણ કરીને. શું (ગ્રહણ કરીને)? 'व्रतानि' વ્રતો. ક્યાં (ગ્રહીને)? 'गुरूपकण्ठे' ગુરુની સમીપમાં. શું કરીને? इत्वा જઈને. શું તે? 'मुनिवनं' મુનિના આશ્રમે (જઈને). ક્યાંથી? 'गृहतः' ઘેરથી (જઈને).

**ભાવાર્થ** :—જે ઘર છોડીને મુનિના આશ્રમે જઈને ગુરુની સમીપે વ્રત ધારણ કરીને તપ કરે છે, ભિક્ષાથી ભોજન કરે છે (અર્થાત્ પોતાના માટે બનાવેલું ભોજન લેતા નથી, પરંતુ શ્રાવક પોતાના માટે બનાવેલા ભોજનમાંથી ભક્તિપૂર્વક ભોજન આપે તો તે લઈ શકે છે) અને કૌપીન (લંગોટી) તથા ખંડવસ્ત્ર (એવી ચાદર કે જેનાથી માથું ઢાંકે તો પગ ખુલ્લા રહે અને પગ ઢાંકે તો માથું ખુલ્લું રહે) ધારણ કરે છે, તે ઉત્કૃષ્ટ શ્રાવક—ક્ષુલ્લક યા ઐલક—ઉદ્દિષ્ટત્યાગ પ્રતિમાધારી છે. ૧૪૭.

તપ કરતો થકો અને નિશ્ચયથી આગમને જાણતો થકો જે શ્રાવક આવું માને છે તે ત્યારે શ્રેષ્ઠ જ્ઞાતા થાય છે, એમ કહે છે—

## શ્રેષ્ઠ જ્ઞાતાનું સ્વરૂપ
### શ્લોક ૧૪૮

**અન્વયાર્થ** :—[पापं] પાપ [जीवस्य] જીવનો [अरातिः] શત્રુ છે [च] અને

यदि समयं आगमं जानीते आगमज्ञो यदि भवति तदा ध्रुवं निश्चयेन श्रेयोज्ञाता उत्कृष्टज्ञाता स भवति। किं कुर्वन्? निश्चिन्वन्। कथमित्याह—पापमित्यादि—पापमोधर्मोऽरातिः शत्रुर्जीवस्यानेकापकारकत्वात् धर्मश्च बन्धुर्जीवस्यानेकोपकारकत्वादित्येवं निश्चिन्वन् ।।१४८।।

इदानीं शास्त्रार्थानुष्ठातुः फलं दर्शयन्नाह—

---

[धर्मः ] ધર્મ [बन्धुः ] જીવનો મિત્ર છે, [इति ]—એમ [निश्चिन्वन् ] નિશ્ચય કરતો થકો શ્રાવક [यदि ] જો [समयम् ] શાસ્ત્રને [जानीते ] જાણે છે, તો તે [ध्रुवम् ] નિશ્ચયથી [श्रेयोज्ञाता ] શ્રેષ્ઠ જ્ઞાતા અથવા કલ્યાણનો જ્ઞાતા [भवति ] થાય છે.

**ટીકા** :—'यदि समयं जानीते' જે સમયને એટલે આગમને જાણે છે અર્થાત્ જે આગમનો જ્ઞાતા છે તો 'ध्रुवं' નિશ્ચયથી 'श्रेयोज्ञाता भवति' તે ઉત્કૃષ્ટ જ્ઞાતા છે, શું કરતો થકો? 'निश्चिन्वन्' નિશ્ચય કરતો થકો. કેવી રીતે? તે કહે છે—'पापमित्यादि' પાપ જ અર્થાત્ અધર્મ જ (મિથ્યારત્નત્રય જ) અનેક અપકારનું કારણ હોવાથી જીવનો શત્રુ છે અને ધર્મ જ (સમ્યક્રત્નત્રય જ) અનેક ઉપકારનું કારણ હોવાથી જીવનો મિત્ર છે—આવો નિશ્ચય કરતો થકો.

**ભાવાર્થ** :—જીવનો અપકારક હોવાથી પાપ (અધર્મ) શત્રુ છે અને ઉપકારક હોવાથી ધર્મ (રત્નત્રયધર્મ) મિત્ર છે—એવો નિર્ણય કરીને જે શાસ્ત્રને જાણે છે, તે જ શ્રેષ્ઠ જ્ઞાતા છે.

ઉત્કૃષ્ટ ઉદ્દિશ્યત્યાગી વાનપ્રસ્થ આશ્રમમાં છે. તે તપસ્વી પણ છે, પરંતુ જો તે આત્માના સ્વભાવ—વિભાવ ન જાણે તો તે આત્મશ્રેયનો જ્ઞાતા—ભોક્તા થતો નથી.

સંસારનાં દુઃખોથી બચાવી જે પ્રાણીઓને ઉત્તમ સુખમાં ધારણ કરે તે ધર્મ છે. તે જ ધર્મ જીવને મિત્ર સમાન છે. શુભભાવરૂપ ધર્મ—વ્યવહારધર્મ જીવને સંસારનું કારણ છે, તેથી તેને તે શત્રુ સમાન છે. ૧૪૮.

હવે શાસ્ત્રના અર્થનું આચરણ કરનારને શું ફળ પ્રાપ્ત થાય છે, તે દર્શાવીને કહે છે—

(इन्द्रवज्राच्छन्दः)

**येन स्वयं वीतकलङ्कविद्यादृष्टिक्रियारत्नकरण्डभावं।**
**नीतस्तमायाति पतीच्छयेव सर्वार्थसिद्धिस्त्रिषु विष्टपेषु॥१४६॥**

येन भव्येन स्वयं आत्मा स्वयंशब्दोऽत्रात्मकवाचकः नीतः प्रापितः। कमित्याह—वीतेत्यादि, विशेषेण इतो गतो नष्टः कलंको दोषो यासां ताश्च ता विद्यादृष्टिक्रियाश्च ज्ञानदर्शनचारित्राणि तासां करण्डभावं तं भव्यं आयाति आगच्छति। कासौ ? सर्वार्थसिद्धिः धर्मार्थकाममोक्षलक्षणार्थानां सिद्धिर्निष्पत्तिः कर्त्री। कयेवायाति ? पतीच्छयेव स्वयम्बरविधानेच्छयेव। क्व ? त्रिषु विष्टयेषु त्रिभुवनेषु॥१४६॥

---

## રત્નત્રયધર્મના સેવનનું ફળ
### શ્લોક ૧૪૯

**અન્વયાર્થ** :—[येन] જે ભવ્યે [स्वयम्] પોતાના આત્માને [वीतकलङ्कविद्यादृष्टिक्रियारत्नकरण्डभावं] કલંક રહિત (નિર્દોષ) સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપી રત્નોનો પટારો [नीतः] બતાવ્યો છે, [तम्] તેને [त्रिषु विष्टपेषु] ત્રણ લોકમાં [पतीच्छया इव] સ્વયંવર વિધાનથી પતિ તરીકે વરવાની ઇચ્છા રાખનારી સ્ત્રીની જેમ [सर्वार्थसिद्धिः] સર્વ અર્થોની સિદ્ધિ અર્થાત્ ધર્મ–અર્થાદિ ચાર પુરુષાર્થની સિદ્ધિ [आयाति] પ્રાપ્ત થાય છે.

**ટીકા** :—'येन' જે ભવ્યે 'स्वयम्' પોતાના આત્માને–અહીં स्वयं શબ્દ આત્મા વાચક છે–'नीतः' પ્રાપ્ત કરાવ્યો છે. કોને (પ્રાપ્ત કરાવ્યો છે)? તે કહે છે—'वीतेत्यादि' વિશેષ કરીને જેમનો દોષ (કલંક) નાશ પામ્યો છે–તેવાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર ત્રણેના પટારારૂપ ભાવને (પ્રાપ્ત કરાવ્યો છે) 'तं' તેને (તે ભવ્યને) 'आयाति' આવે છે (પ્રાપ્ત થાય છે). કોણ તે? 'सर्वार्थसिद्धिः' ધર્મ–અર્થ–કામ–મોક્ષરૂપ અર્થોની (પ્રયોજનોની) સિદ્ધિ–પ્રાપ્તિ. કોની જેમ આવે છે? 'पतीच्छया इव' સ્વયંવર–વિધાનથી પતિ તરીકે વરવાની ઇચ્છા રાખનારીની જેમ. ક્યાં? 'त्रिषु विष्टपेषु' ત્રણ ભુવનમાં.

**ભાવાર્થ** :—જેમ જે મનુષ્યની પાસે બહુમૂલ્ય રત્નો હોય છે તેને વરવા કન્યાઓ ઉત્સુક હોય છે, તેમ જે ભવ્ય જીવે પોતાના આત્માને નિર્દોષ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન

रत्नकरण्डकं कुर्वतश्च मम यासौ सम्यक्त्वसम्पत्तिर्वृद्धिंगता सा एतदेव कुर्यादित्याह—

(मालिनीछन्दः)

सुखयतु सुखभूमिः कामिनं कामिनीव,
सुतमिव जननी मां शुद्धशीला भुनक्तु।
कुलमिव गुणभूषा कन्यका संपुनीता-
ज्जिनपतिपदपद्मप्रेक्षिणी दृष्टिलक्ष्मीः ॥१५०॥

---

અને સમ્યક્ચારિત્રરૂપી રત્નોનો પટારો બતાવ્યો છે, ત્રણે લોકમાં તેને જ સર્વોત્તમ પતિ બનાવવાની ઇચ્છાથી ધર્મ–અર્થ–કામ–મોક્ષની સિદ્ધિરૂપી સ્ત્રી અનાયાસે પ્રાપ્ત થાય છે.

જે શ્રાવક અતિચાર રહિત નિશ્ચયના લક્ષ્યે વ્યવહાર રત્નત્રયની સાધના કરે છે, તેને સંપૂર્ણ પ્રયોજનોની સિદ્ધિ અવશ્ય પ્રાપ્ત થાય છે અર્થાત્ તેને સ્વર્ગના સુખપૂર્વક મોક્ષસુખની સિદ્ધિ થાય છે.

પં. દૌલતરામજીએ કહ્યું છે કે—

બારહ વ્રતકે અતિચાર, પન પન ન લગાવૈ,
મરણ–સમય સંન્યાસ ધારિ, તસુ દોષ નશાવૈ;
યોં શ્રાવક–વ્રત પાલ, સ્વર્ગ સોલમ ઉપજાવૈ,
તહંતૈ ચય નરજન્મ પાય, મુનિ હ્વૈ શિવ જાવૈ. ૧૫.

(છઢાળા ૪/૧૫) ૧૪૯.

રત્નકરણ્ડક શ્રાવકાચારની રચના કરતાં મને (શ્રી સમન્તભદ્રસ્વામીને) જ સમ્યક્ત્વરૂપે સમ્પત્તિની વૃદ્ધિ થઈ છે, તે આટલું જ કરે એમ કહે છે—

## શ્રાવકની ઇષ્ટપ્રાર્થના
## શ્લોક ૧૫૦

**અન્વયાર્થ** :—[जिनपतिपद्मप्रेक्षिणी] જિનેન્દ્રભગવાનનાં ચરણકમળોમાં દૃષ્ટિ કરનાર (શ્રદ્ધા કરનાર) [दृष्टिलक्ष्मीः] સમ્યગ્દર્શનરૂપી લક્ષ્મી [सुखभूमिः] સુખની

**मां सुखयतु सुखिनं करोतु। कासौ? दृष्टिलक्ष्मीः सम्यग्दर्शनसम्पत्तीः। किंविशिष्टेत्याह—जिनेत्यादि जिनानां देशतः कर्मोन्मूलकानां गणधरदेवादीनां पतयस्तीर्थंकरास्तेषां पदानि सुबन्ततिङन्तानि पदा वा तान्येव पद्मानि तानि प्रेक्षते श्रद्दधातीत्येवंशीला। अयमर्थः—लक्ष्मीः पद्मावलोकनशीला भवति दृष्टिलक्ष्मीस्तु जिनोक्तपदपदार्थप्रेक्षणशीलेति। कथंभूता सा? सुखभूमिः। सुखोत्पत्तिस्थानं। केव कं? कामिनं कामिनीव यथा कामिनी कामभूमिः कामिनं सुखयति तथा मां दृष्टिलक्ष्मीः सुखयतु। तथा सा मां भुनक्तु रक्षतु। केव? सुतमिव जननी। किंविशिष्टा। शुद्धशीला जननी हि शुद्धशीला सुतं रक्षति नाशुद्धशीला दुश्चारिणी। दृष्टिलक्ष्मीस्तु**

---

ઉત્પત્તિના સ્થાનરૂપ હોતી થકી, [**मां**] મને એવી રીતે [**सुखयतु**] સુખી કરે કે જેવી રીતે [**कामिनं कामिनी इव**] સુખની ભૂમિ કામિની કામી પુરુષને સુખી કરે છે. [**शुद्धशीलाः**] પવિત્ર શીલવાળી હોતી થકી, (અતિચાર રહિત સાત શીલોથી યુક્ત હોતી થકી) [**मां**] મને એવી રીતે [**भुनक्तु**] પાળે કે જેવી રીતે [**जननी सुतम् इव**] પવિત્ર શીલવાળી માતા પોતાના પુત્રને પાળે છે અને [**गुणभूषा**] આઠ મૂળગુણરૂપી અલંકારથી યુક્ત હોતી થકી, [**मां**] મને એવી રીતે [**संपुनीतात्**] પવિત્ર કરે કે જેવી રીતે [**कन्यका कुलम् इव**] ગુણવતી કન્યા કુળને પવિત્ર કરે છે. તેમ તે (સમ્યગ્દર્શનરૂપી લક્ષ્મી) મને પવિત્ર કરે.

**ટીકા** :—'**मां सुखयतु**' મને સુખી કરે. કોણ તે? '**दृष्टिलक्ष्मीः**' સમ્યગ્દર્શનરૂપી લક્ષ્મી–સંપત્તિ. કેવા પ્રકારની (લક્ષ્મી)? તે કહે છે—'**जिनेत्यादि**' જિનોના અર્થાત્ એકદેશ કર્મોનું ઉન્મૂલન (નાશ) કરનાર ગણધરદેવાદિના પતિઓ (સ્વામીઓ) જે તીર્થંકરો–તેમનાં ચરણરૂપી કમળોને જે દેખે છે–શ્રદ્ધે છે, તેવા સ્વભાવવાળી (લક્ષ્મી)– અર્થાત્ જેમ લક્ષ્મી પદ્મને (કમળને) અવલોકન કરવાના સ્વભાવવાળી છે, તેમ સમ્યગ્દર્શનરૂપી લક્ષ્મી જિનપતિ દ્વારા નિરૂપિત પદાર્થો અને વચનોમાં શ્રદ્ધાન કરવાના સ્વભાવવાળી છે. કેવી છે તે? '**सुखभूमिः**' સુખના ઉત્પત્તિસ્થાનરૂપ છે. કોની–કોની જેમ? '**कामिनं कामिनी इव**' જેમ કામિની–કામની ઉત્પત્તિનું સ્થાન (સ્ત્રી) પોતાના કામીને સુખી કરે છે, તેમ સમ્યગ્દર્શનરૂપી લક્ષ્મી મને સુખી કરે, તથા '**सा मां भुनक्तु**' તે મારી રક્ષા કરે. કોની જેમ? '**सुतम् जननी इव**' માતા પુત્રને રક્ષે છે તેમ. કેવા પ્રકારની (જનની)? '**शुद्धशीला**' પવિત્ર શીલવતી માતા જ પોતાના પુત્રની રક્ષા કરે છે, પરંતુ અશુદ્ધ

**गुणव्रतशिक्षाव्रतलक्षणशुद्धसप्तशीलसन्विता मां भुनक्तु। तथा सा मां सम्पुनीतात् सकलदोषकलङ्कं निराकृत्य पवित्रयतु। किमिव ? कुलमिव गुणभूषा कन्यका। अयमर्थ :— कुलं यथा गुणभूषा गुणाऽलङ्कारोपेता कन्या पवित्रयति श्लाध्यतां नयति तथा दृष्टिलक्ष्मीरपि गुणभूषा अष्टमूल गुणैरलंकृता मां सम्यक्पुनीतादिति॥१५०॥**

**येनाज्ञानतमो विनाश्य[1] निखिलं भव्यात्मचेतोगतम्**
**सम्यग्ज्ञानमहांशुभिः प्रकटितः सागारमार्गोऽखिलः।**
**स श्रीरत्नकरण्डकामलरविः संसृत्सरिच्छोषको**
**जीयादेष समन्तभद्रमुनिपः श्रीमान् प्रभेन्दुर्जिनः॥१॥**

---

શીલવતી માતા (દુશ્ચારિણી માતા) નહિ; તેમ ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતરૂપી અર્થાત્ નિરતિચાર સાત શીલથી યુક્ત સમ્યગ્દર્શન–લક્ષ્મી પણ મારી રક્ષા કરે, તથા 'सा मां संपुनीतात्' તે મને પવિત્ર કરે–સર્વ દોષરૂપ કલંકને દૂર કરી મને પવિત્ર કરે. કોની જેમ? 'कुलम् इव गुणभूषा कन्यका' જેમ ગુણવતી કન્યા કુળને (પવિત્ર) કરે છે તેમ. અર્થ એ છે કે–જેમ ગુણરૂપી અલંકારોથી યુક્ત ગુણવતી કન્યા કુળને પવિત્ર કરે છે– પ્રશંસાપાત્ર કરે છે, તેમ અષ્ટ મૂળગુણરૂપી અલંકારોથી ગુણવતી સમ્યગ્દર્શનરૂપી લક્ષ્મી પણ મને સમ્યક્ પ્રકારે પવિત્ર કરે.

**ભાવાર્થ :—**જેમ કોઈ કામિની (સ્ત્રી) પોતાના કામીને સુખી કરે છે તેમ સમ્યગ્દર્શનરૂપી લક્ષ્મી મને સુખી કરે; જેમ કોઈ શીલવતી માતા પોતાના પુત્રનું લાલન–પાલન કરે છે તેમ સપ્તશીલોથી યુક્ત સમ્યગ્દર્શનરૂપી લક્ષ્મી મારી રક્ષા કરે અને જેમ ગુણવતી કન્યા કુળને ઉજ્જ્વળ કરે છે (પવિત્ર કરે છે) તેમ અષ્ટ મૂળગુણયુક્ત સમ્યગ્દર્શનરૂપી લક્ષ્મી મને પવિત્ર કરે.

## ટીકાકારની મંગળકામના

જેમણે ભવ્ય આત્માના ચિત્તમાં વ્યાપ્ત સમસ્ત અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરીને, સમ્યગ્જ્ઞાનરૂપી સૂર્યનાં મહા કિરણો દ્વારા સઘળો શ્રાવકમાર્ગ પ્રકાશિત કર્યો છે, તેઓ સંસારરૂપી નદીના શોષક શ્રી રત્નકરણ્ડકરૂપી તેજસ્વી સૂર્ય સમાન અને ચંદ્રની કાંતિવાળા (प्रभेन्दुः) શ્રીમાન્ જિન સમન્તભદ્રાચાર્ય જય પામો.

---

१. निरस्य इति ख०।

इति प्रभाचन्द्रविरचितायां समन्तभद्रस्वामीविरचितोपासकाध्ययनटीकायां
पंचमः परिच्छेदः।


---

આમાં ટીકાકારે ગ્રન્થકર્તા શ્રીમત્ સમન્તભદ્રાચાર્યનો અને ‘प्रभेन्दुः’ શબ્દથી પોતાના ‘પ્રભાચંદ્ર’ નામનો નિર્દેશ કર્યો છે, ‘શ્રી રત્નકરણ્ડ’ શબ્દથી ગ્રંથના નામનો પણ નિર્દેશ કર્યો છે. ૧૫૦.

એ પ્રમાણે શ્રી સમન્તભદ્રસ્વામીવિરચિત ઉપાસકાધ્યનની
શ્રી પ્રભાચંદ્રવિરચિત ટીકામાં પાંચમો પરિચ્છેદ પૂર્ણ થયો. ૫.

समाप्त

સહજ ચિદાનંદ.


અનુભૂતિ તીર્થ મહાન, સ્વર્ણપુરી સોહે
યહ કહાનગુરુ વરદાન, મંગલ મુક્તિ મિલે.